અનાદિ મહામુક્તરાજ

# શ્રી અબજીબાપાની વાતો



ભાગ-૨

શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર

મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ

## અનાદિ મહામુક્તરાજ

# શ્રી અબજીબાપાની વાતો

## ભાગ - ૨

• સંગ્રહ કરનાર •
અનાદિમુક્ત સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી

શ્રીજીમહારાજ, આચાર્યશ્રી, સાધુ
તથા સત્સંગીની પ્રસન્નતાર્થે

• પ્રકાશક •
શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર
મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ

# શ્રી અબજીબાપાની વાતો


**પ્રકાશક:**
શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર
મુ. બળદિયા, તા. ભુજ, જિ. કચ્છ - ૩૭૦ ૪૨૭
ફોન : (૦૨૮૩૨) ૨૮૨૨૫૩, ૨૮૨૫૫૩
www.AbjibapaniChhatedi.org



© આ પુસ્તકના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન છે



**પ્રકાશન તિથિ:**
સંવત ૨૦૭૬, કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી
તા. ૦૮/૧૧/૨૦૧૯, શુક્રવાર

**આવૃત્તિ:** છઠ્ઠી
**પ્રત:** ૮૦૦૦
**સેવા મૂલ્ય:** અમૂલ્ય


**પ્રાપ્તિ સ્થાન:**

૧) શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર, બળદિયા ભુજ (કચ્છ)

૨) શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, નારણપુરા
અમદાવાદ. ફોન: (૦૭૯) ૨૭૬૮ ૨૧૨૦

૩) શ્રી સ્વામિનારાયણ મંદિર, મુખ્યમાર્ગ
સરસપુર, અમદાવાદ
ફોન: (૦૭૯) ૨૨૯૨ ૩૫૬૭

૪) શ્રી સ્વામિનારાયણ મંદિર કોઝવે રોડ
જોરાવરનગર, સુરેન્દ્રનગર
ફોન: ૯૮૭૯૨ ૩૮૦૩૮

૫) શ્રી રાકેશભાઈ વશરામભાઈ પટેલ
૮૪, સંગના સોસાયટી, રાંદેર રોડ
સુરત. ફોન: ૯૯૨૫૨ ૩૫૭૫૬

૬) Shri Ravjibhai Govindbhai
Varsani, T.P.C. Road
Boma Mbuzi, Moshi, Tanzania


અબજીબાપા શતામૃત મહોત્સવ
175
૩ થી ૯ નવેમ્બર, ૨૦૧૯

તેજ તેજ અંબારમાં, તેજોમય મહારાજ
આવ્યા અવની ઉપર, કરવા જનના કાજ

જયકારી જય જય પ્રભુ, નામ ધર્યું ઘનશ્યામ
પ્રગટ પ્રતાપ જણાવિયો, પોતે પૂરણ કામ

અવતારી અવતારના, સ્વામી સહજાનંદ
નામ અનંત બહુનામીનાં, લેતાં થાય આનંદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

અનંતકોટિ મુક્તના સ્વામી અને
સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા
પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના
ગૂઢ રહસ્ય જ્ઞાનને સરળ રીતે સમજાવનારા,
એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું
સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને
અનાદિમુક્તની સર્વોત્તમ સ્થિતિનો
અનુભવ કરાવનારા તેમજ
આ ગ્રંથના કારણરૂપ
આત્યંતિક કલ્યાણકારક
દિવ્ય વાતો કરનારા
- આ રીતે સમગ્ર સત્સંગ ને
માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા
પરમ કૃપાળુ
**અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા**ના
ચરણકમળમાં કોટિ કોટિ વંદન



રહસ્ય જ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



**‘અબજીબાપાની વાતો’ સંગ્રહ કરનાર**
**અનાદિમુક્ત સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી**

અનેક મુમુક્ષુ ભક્તોને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો સંબંધ કરાવનાર,
શ્રી હરિના મુખકમળથી નિ:સૃત દિવ્ય વાણી ‘વચનામૃત’ ગ્રંથના
અદ્વિતીય અભ્યાસક; સત્સંગ સેવામાં સમગ્ર જીવન સમર્પી દેનાર,
અબજીબાપાશ્રીની નિત્ય સ્મરણીય ને મનનીય વાણીનો
‘વચનામૃત રહસ્યાર્થ’ તથા ‘અબજીબાપાની વાતો’ રૂપે સંગ્રહ કરી
સત્સંગ સેવામાં અર્પણ કરનાર; ભગવાન શ્રી સ્વામિનારાયણના
સંત શિરોમણિ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીના શિષ્ય
સુપ્રસિદ્ધ સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીના અનન્ય શિષ્ય
સદ્‌ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીને
કોટિ કોટિ વંદન

શ્રીજીમહારાજ
તથા અબજીબાપાશ્રીનું
સર્વોપરી તત્ત્વજ્ઞાન
જેમને આત્મસાત છે
તેમજ અબજીબાપાશ્રીએ
પ્રવર્તાવેલ કારણસત્સંગને ઉજાગર
કરનારા બાપાશ્રીના હેતવાળા
સદ્‌ગુરુશ્રીઓ તથા અનાદિમુક્તોને
આ દિવ્યગ્રંથ
અર્પણ કરતાં કૃતાર્થતા
અનુભવીએ છીએ



અનાદિમુક્તની ઉચ્ચતમ સ્થિતિનો સત્સંગમાં
પોતાની અનુભવસિદ્ધ વાતો દ્વારા મૂર્તિનો
રસ રેલાવનાર અનાદિમુક્ત સદ્‌ગુરુ
**શ્રી વૃંદાવનદાસજી સ્વામી**



'પુરુષોત્તમલીલામૃત સુખસાગર'
અને 'અનાદિમુક્ત ચરિત્રામૃત'
ગ્રંથ રચનાર અનાદિમુક્ત બ્રહ્મચારી
**શ્રી નિર્ગુણાનંદજી વર્ણી**




'શિક્ષાપત્રી રહસ્યાર્થ' અને
'અબજીબાપાશ્રીનું જીવનવૃત્તાંત'
ગ્રંથ રચનાર અનાદિમુક્ત
**મુનિ શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી**

## અબજીબાપાની વાતો મોબાઈલ એપ & વેબ એપ




અબજીબાપાની વાતો મોબાઈલ એપ
તથા ઓનલાઈન વેબસાઈટ પર પણ ઉપલબ્ધ

**bit.ly/bapanivato**
**bit.ly/bapanivato_ios**
**bapanivato.abjibapanichhatedi.org**

એપ્લિકેશન ના ફીચર્સ

- અંગ્રેજી તથા ગુજરાતી ભાષામાં
- સર્ચ
- હાઇલાઇટ ટેક્ષ્ટ
- બુકમાર્ક
- ફોન્ટ સાઈજ
- નોંધ ( નોટ્સ )
- શબ્દાર્થ

## Abjibpani Chhatedi Mobile App & Website

અબજીબાપાની છતેડી
મોબાઈલ એપ તથા વેબસાઈટ

**bit.ly/chhatedi**
**bit.ly/chhatedi_ios**
**www.abjibapanichhatedi.org**

મોબાઈલ એપ ના ફીચર્સ

- ડેઇલી સત્સંગ
- ઇ-બુક્સ
- લેટેસ્ટ ન્યુઝ
- ડેઇલી દર્શન
- ગુજરાતી તિથિ કેલેન્ડર



## શબ્દોના અર્થ

હવે બાપાશ્રીની વાતો નવા વાચકોને લાગશે સરળ
**'અબજીબાપાની વાતો' મોબાઇલ અને વેબ એપ્લિકેશન**માં

બાપાશ્રીની વાતો વાંચતા કોઇ શબ્દ ન સમજાય તો
મોબાઇલ અને વેબ એપ્લિકેશન શબ્દોના
અર્થ બતાવશે. દરેક વાતો દીઠ અલગ શબ્દાર્થ સૂચિ.

### તાત્ત્વિક શબ્દોના અર્થ

અમુક તાત્ત્વિક કે શાસ્ત્રીય શબ્દોનું પાયાનું જ્ઞાન
જરૂરી હોવાથી તેમના સચોટ અર્થ અહીં જાણી શકાશે.
જેમ કે: સકામ-નિષ્કામ, ૨૪ તત્ત્વો, અન્વય-વ્યતિરેક,
સગુણ-નિર્ગુણ, ત્રિવિધ તાપ, અષ્ટ આવરણ,
સ્થૂળ-સૂક્ષ્મ-કારણ શરીર, અંતઃકરણ

### અઘરાં શબ્દોના અર્થ

ગુજરાતી સાહિત્ય ઓછું વાંચનારાને તથા અંગ્રેજી માધ્યમમાં
ભણેલાને સામાન્ય શબ્દ પણ અઘરાં લાગતાં હોય છે.
તેઓ માટે પ્રાદેશિક શબ્દો, સામાન્ય શબ્દો, રુઢિપ્રયોગો,
કહેવતો આદિકના અર્થ અહીં આપવામાં આવેલ છે.

### સંક્ષિપ્ત માહિતી

બાપાશ્રીની વાતોમાં આવતાં સંતો, હરિભક્તો,
પૌરાણિક પાત્રો, ગ્રંથો, સ્થાનો, કીર્તનો વિષયક
સંક્ષિપ્ત માહિતી અહીં પ્રાપ્ત થશે.



શ્રીમુખવાણી વચનામૃત પરના પ્રશ્નોના અબજીબાપાશ્રીએ કરેલા ઉત્તર તથા બાપાશ્રીએ સભામાં કરેલી વાતો લખી લેતા સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી. જેના પરથી ‘વચનમૃત પ્રદીપિકા ટીકા’ તથા ‘અબજીબાપાશ્રીની વાતો’ છપાયાં છે.

## છઠ્ઠી આવૃત્તિનું નિવેદન

આ ગ્રંથની પાવનકારી દિવ્ય વાણી જેમના મુખકમળમાંથી વહી છે એવા અનાદિ મહામુક્તરાજ અબજીબાપાશ્રી અલૌકિક દિવ્ય સ્થિતિ ધરાવતા હતા એ હકીકતથી સત્સંગમાં સૌ કોઈ પરિચિત છે. બાપાશ્રીનાં દર્શન-સમાગમે જનાર સૌ કોઈને એમ લાગતું કે તેમની દિવ્ય વાણી સાંભળ્યા જ કરીએ. તેમની પાસે બેસી રહેવાનું જ મન થાય, ઊઠવાનું મન ન થાય એવું દિવ્ય આકર્ષણ થતું.

અબજીબાપાશ્રી પાસે કોઈ વ્યાવહારિક વાતો નહિ, કેવળ મહારાજની મૂર્તિની જ વાતો, કથા, વાર્તા, ધ્યાન, ભજન, ધૂન વગેરે અખંડ બ્રહ્મયજ્ઞ ચાલ્યા જ કરે. મહારાજની મૂર્તિના અલૌકિક પ્રતાપની, અનાદિમુક્તની અગમ્ય દિવ્ય સ્થિતિના સુખની અને શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસનાની સરવાણી બાપાશ્રીની દિવ્ય વાણીમાં વહ્યા કરતી. આ વાતોથી સત્સંગમાં ઘણા સંત-હરિભક્તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે.

અત્યારે પણ બાપાશ્રીની આ અનુભવવાણી તન્મય હૃદયથી વાંચનાર કે સાંભળનાર હરકોઈ ભાવિક હરિભક્ત એકાએક આનંદવિભોર બનીને ધ્યાનમગ્ન થઈ જાય છે અને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો આનંદ અનુભવે છે.

અત્રે પરમ ગૌરવ સહ નોંધ લેતાં અનહદ આનંદ થાય છે કે બાપાશ્રી અંતર્ધાન થયા પછી પણ અનાદિમુક્તની સ્થિતિનો અનુભવ કરાવતી આત્યંતિક મોક્ષના સદાવ્રત સમ આ વાતોનો સંગ્રહ કરનાર અનાદિમુક્ત સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીએ સમગ્ર સત્સંગ ને જગત ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. આ દિવ્ય વાણી અનેક મુમુક્ષુઓના ચૈતન્યને ઊર્ધ્વગતિ આપીને શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર કરવામાં સદાય પ્રેરણારૂપ બની રહેશે.

સંવત ૨૦૨૯ના શ્રાવણ માસમાં અનાદિમુક્ત સદ્. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજીના દર્શને અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ ઠક્કર, પ.ભ. શ્રી વિઠ્ઠલજીભાઈ દવે, લાભચન્દ્રભાઈ આદેશરા, હીરાભાઈ પટેલ, ડો. રતિલાલભાઈ રાઘવાણી આદિ કેટલાક મુક્તો પાટડી ગયેલા. એ વખતે સદ્. મુનિસ્વામીશ્રીએ આ દિવ્ય વિદ્યાદાનને મોટામાં મોટી સેવા ગણાવી, સત્સંગનું સાહિત્ય સસ્તી કિંમતે સૌને મળે એ લક્ષમાં રાખી 'અ.મુ. અબજીબાપાશ્રી સ્મારક ટ્રસ્ટ, ગુજરાત' દ્વારા તેનું પ્રકાશન કરવા ભલામણ કરી. ત્યારપછી પુનઃ સદ્. મુનિસ્વામીશ્રીએ સંવત ૨૦30માં અદશ્ય થવાના આગલા દિવસે અબજીબાપાશ્રીએ ભગવાન સ્વામિનારાયણનું આદર્શ તત્ત્વજ્ઞાન જુદા જુદા ગ્રંથોમાં છપાવ્યું છે તેના પ્રકાશનકાર્યની સેવા અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ 'અ.મુ. અબજીબાપાશ્રી સ્મારક ટ્રસ્ટ, ગુજરાત' દ્વારા કરે અને છત્રીની સેવા ખૂબ કરે તેવી આજ્ઞા પ.ભ. વિઠ્ઠલજીભાઈ દવે દ્વારા કરી.

પૂજ્ય મુનિસ્વામીશ્રીએ દેહોત્સવ પૂર્વે પારાયણનો જે પ્રારંભ કરાવ્યો હતો તેની પૂર્ણાહુતિ સંવત ૨૦30 વૈશાખ વદ અમાસ તા. ૨૧-૫-૧૯૭૪ના રોજ થઈ. એ સભામાં સદ્. મુનિસ્વામીશ્રીના સ્મરણાર્થે 'શ્રી અબજીબાપાની વાતો', 'વચનામૃત રહસ્યાર્થ' તથા 'સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામીની વાતો' છપાવવાની જાહેરાત થતાં સૌએ યથાયોગ્ય સેવા કરી. કેટલાક અગાઉથી ગ્રાહક પણ થયા ને એ કામ અનાદિમુક્ત શ્રી નારાયણભાઈને સોંપ્યું. તદ્નુસાર અનાદિમુક્ત શ્રી નારાયણભાઈએ આ ગ્રંથોના પ્રેરક સદ્. મુનિસ્વામીશ્રીની પુણ્યસ્મૃતિમાં ઉપરોક્ત ગુજરાત ટ્રસ્ટ દ્વારા આ દિવ્ય વાણીના ગ્રંથોની ત્રીજી આવૃત્તિની ત્રણ ત્રણ હજાર નકલ સંવત ૨૦૩૧માં છપાવી પ્રસિદ્ધ કરી હતી.

આ ગ્રંથના મૂળ પ્રસિદ્ધકર્તા અ.મુ. શેઠ શ્રી બળદેવદાસ વલ્લભદાસ પરીખે પ્રકાશનના સર્વ હક્ક 'અ.મુ. અબજીબાપાશ્રી

સ્મારક ટ્રસ્ટ, ગુજરાત' ને આપ્યા હતા અને આ ટ્રસ્ટે આ ગ્રંથના પ્રકાશનના સર્વે હક્કો સુસ્થાપિત 'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થાને અર્પણ કરેલ. એ સંસ્થાની મંજૂરી મેળવી અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપાના આશીર્વાદ સાથે તેમજ અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કરની આજ્ઞાથી 'શ્રી અબજીબાપાશ્રી સાર્ધ શતાબ્દી' નિમિત્તે ચોથી આવૃત્તિ સંવત ૨૦૫૦માં 'શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા' દ્વારા વલ્લભવિદ્યાનગરના પ.ભ. ડૉ. શ્રી બિપિનભાઈ સ્વદાસ તથા ત્યાંના સત્સંગ મંડળની સહાયથી પ્રકાશિત કરવા છપાવી પ્રસિદ્ધ કરેલ. ત્યારબાદ સંવત ૨૦૬૬માં 'શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા' દ્વારા પાંચમી આવૃત્તિનું પુનઃ પ્રકાશન કરેલ.

હવે 'શ્રી અબજીબાપાની વાતો'ની પ્રત પૂરી થઈ જવાથી તેના પુનઃ પ્રકાશનની માંગ ઊભી થઈ. આ પરમ દિવ્ય ગ્રંથની છઠ્ઠી આવૃત્તિ 'શ્રી અબજીબાપા શતામૃત મહોત્સવ' પર્વે અનાદિ મહામુક્તરાજ પ.પૂ. શ્રી અબજીબાપાના પ્રાગટ્ય દિન કાર્તિક સુદ ૧૧, પ્રબોધિની એકાદશીએ 'શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર ટ્રસ્ટ, બળદિયા' દ્વારા પ્રકાશિત કરતાં અત્યંત આનંદ તેમજ ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

સદરહુ પુસ્તકમાં પ્રકાશિત પ્રથમ આવૃત્તિનું ફક્ત પુનઃમુદ્રણ જ છે. આમાં સમાવિષ્ટ લખાણ તથા વિષયવસ્તુ તે વખતના કથનકર્તાઓએ જે રીતે કથેલ તે પ્રમાણે હોવાથી તેમાં રહેલ અર્થ, શબ્દાર્થ, ગર્ભિત અર્થ, વિચાર કે અર્થઘટન તે વખતના પ્રવર્તમાન સ્થિતિ-સંજોગોને અનુસારનું છે.

આ 'શ્રી અબજીબાપાની વાતો'ની છઠ્ઠી આવૃત્તિના પ્રકાશનમાં સહાયરૂપ સર્વે દાતાશ્રીઓ તેમજ પ્રકાશનનાં સંશોધન, સંકલન, ટાઇપીંગ, પ્રૂફ રીડિંગ, મુદ્રણ વગેરે કાર્યમાં પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે

મદદરૂપ થયેલા સેવકો ઉપર શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી, સદ્ગુરુઓ તથા મહામુક્તો અતિ પ્રસન્ન થાઓ એ જ અંતરની અભ્યર્થના.

લિ.

**શ્રી અબજીબાપાની છતેડી અને હનુમાનજી મંદિર,**
**બળદિયા વતી**

ગોવિંદભાઈ કલ્યાણભાઈ વેકરિયા, પ્રમુખશ્રીના
સપ્રેમ જય સ્વામિનારાયણ

સંવત ૨૦૭૬, કાર્તિક સુદિ ૧૧, પ્રબોધિની એકાદશી
ઈ.સ. ૨૦૧૯, ૮ નવેમ્બર, શુક્રવાર

# સંગ્રહકર્તા અ.મુ. સદ્ગુરુ શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામીનું નિવેદન

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ અનંત કોટિ અનાદિ મહામુક્તોએ સહિત આ લોકમાં પોતાનું સાક્ષાત્કાર દર્શન આપી અનેક મુમુક્ષુજનોને ન્યાલ કર્યા. તેમનાં અનંત ચરિત્રો ગ્રંથમાં લખાણાં તથા અનાદિ મહામુક્તોના સામર્થ્ય, ઐશ્વર્ય, પ્રતાપનાં વર્ણનોથી આખા સંપ્રદાયને એ મહાપ્રભુના સ્વરૂપનું સાક્ષાત્કાર જ્ઞાન થતાં અતિ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત કરી મૂર્તિને સુખે સુખિયા થવાનું સુગમપણું થયું.

સંવત ૧૯૦૧ થી ૧૯૮૪ સુધી અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ પણ અનંત પ્રકારે શ્રીજી મહારાજના દિવ્ય સ્વરૂપનું જ્ઞાન પ્રવર્તાવવા જન્મથી અંતર્ધાન થવા સુધી ઘણુંય કર્યું. બાળ સ્વરૂપમાં એવાં ચરિત્રો કરતા કે સહેજે અલૌકિક ભાવ આવે. પછી જેમ જેમ પ્રસિદ્ધ થતા ગયા તેમ તેમ બહુ પ્રકારે શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા. ત્યાર પછી સમાધિ થવા માંડી તેથી અનેક સંત-હરિભક્તો આકર્ષાયા. પછી પોતે શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રસબસભાવે કેવી રીતે સુખ ભોગવી રહ્યા છે તેનું વર્ણન કરવા માંડ્યું તેથી સ્થિતિવાળા મોટા મોટા સંતો-હરિભક્તો મૂર્તિનું સુખ લેવા જોગ-સમાગમ કરતા અને પોતાના સંબંધવાળા હરિભક્તો તથા મુમુક્ષુજનોને બાપાશ્રીની ઓળખાણ કરાવતા. ત્યારે પછી બાપાશ્રીએ મોટા મોટા યજ્ઞ કર્યા તેમાં પોતે એવા સંકલ્પ કરતા જે અમારા યજ્ઞમાં જે કોઈ આવી પ્રસાદી જમશે તેમનો અમે આત્યંતિક મોક્ષ કરી મૂર્તિના સુખે સુખિયા કરશું.

એ જ પ્રમાણે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રાખવાની

વાતોથી અનેક સંત-હરિભક્તો મહામોટી સ્થિતિને પામ્યા. એવી ચમત્કારી વાતોનો સંગ્રહ કરવા મેં (ઈશ્વરચરણદાસે) જ્યારે ઈચ્છા જણાવી અને બાપાશ્રીએ જ્યારથી આજ્ઞા આપી ત્યારથી જે જે વાતો થઈ તેમાં પણ જે જે વખતે અમો સમાગમ કરવા જતા ત્યારે વાતો લખી લેતા; તે સંગ્રહ બાપાશ્રીની બે ભાગની વાતોનાં પુસ્તકમાં પ્રસિદ્ધ થયેલ છે.

તેથી યાવત્ચંદ્રદિવાકરૌ સંપ્રદાયમાં શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા અનાદિ મહામુક્તોની સ્થિતિને જાણી પોતે મૂર્તિના સુખભોક્તાપણે એ સ્થિતિ પ્રાપ્ત કરે એ તેમનો મુખ્ય હેતુ એમનાં કૃપામય વચનોમાં વારે વારે જોવામાં આવે છે. આ ઉપરાંત પોતાના સંબંધમાં આવેલા સંત-હરિભક્તો હેતે સહિત જ્યારે સંભારતા ત્યારે અદ્ભુત પ્રતાપ જણાવી પ્રત્યક્ષ દર્શન આપતા તથા કેટલાકને અંત સમે શ્રીજીમહારાજની સાથે પોતે દર્શન આપી દેહ મુકાવી મૂર્તિના સુખે સુખિયા કરતા.

એવા અનાદિ મુક્તરાજ બાપાશ્રીના ઐશ્વર્ય-પ્રતાપનો પાર પામી શકાય તેમ નથી; તોપણ બાપાશ્રીના અદ્ભુત પ્રતાપની જે કિંચિત્ વાતો જાણવામાં આવી છે તે શ્રીજીમહારાજ તથા બાપાશ્રીની પ્રસન્નતાને અર્થે લખી છે. તે વાંચી મુમુક્ષુજનોને અનાદિ મુક્તરાજ બાપાશ્રીના અલૌકિક પ્રતાપની ખબર પડે અને તેમને વિષે હેત થતાં તેમની કરેલી શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહેવાની વાતોનું શ્રવણ-મનન-નિદિધ્યાસ કરી પોતે અનાદિમુક્ત થઈ મૂર્તિમાં રસબસ રહી મૂર્તિનું સુખ ભોગવે એ જ હેતુ છે.

**લિ. સાધુ ઈશ્વરચરણદાસ**

અનાદિ મહામુક્તરાજ

# શ્રી અબજીબાપાની વાતો

## ભાગ-૨

# વાર્તા ૧

સંવત ૧૯૮૨ના આસો માસમાં બાપાશ્રીએ વૃષપુરમાં અનંત જીવોને દર્શન દેવાનો સંકલ્પ કરીને મંદવાડ ગ્રહણ કર્યો હતો. તે મંદવાડનો કાગળ આવવાથી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, આદિ અમદાવાદના; તથા મુળીના પુરાણી ધર્મકિશોરદાસજી, શ્વેતવૈકુંઠદાસજી, દેવજીવનદાસજી આદિ ઘણાક સંતો; તથા શેઠ બળદેવભાઈ, ડૉ. મણિલાલભાઈ, નાગરદાસભાઈ તથા માસ્તર કેશવલાલભાઈ, આશાભાઈ, શંકરભાઈ, બાલુભાઈ, જેઠાભાઈ, બહેચરભાઈ વગેરે અમદાવાદ દેશના; તથા ઝાલાવાડ, પાટડી, સુરત, કરાંચી આદિ દેશ-દેશાંતરના હરિજનો દર્શને ગયા. એ સર્વે બાપાશ્રીનાં દર્શન કરી સેવામાં રોકાયા. પુરાણી કેશવપ્રિયદાસજી, શ્રીરંગદાસજી તથા મોતીભાઈ તો પ્રથમથી જ સેવામાં હાજર હતા.

તે વખતે બાપાશ્રીએ ચોકમાં ચંદની બંધાવેલી ત્યાં કથા-વાર્તા થતી હતી. જ્યારે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિક સંતો-હરિભક્તો આવ્યા ત્યારે બાપાશ્રીને શરીરે મંદવાડ ઘણો હતો તે જોઈ સૌ ઉદાસ થઈ ગયા. ત્યારે બાપાશ્રીએ હિંમત આપીને કહ્યું કે, "મંદવાડ જતો રહેશે. તમે કોઈ મૂંઝાશો નહિ." એમ કહી શરીરે સુવાણ બતાવી.

આસો વદ-૪ને રોજ સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, "આ મંદવાડ કાઢી મૂકવા દયા કરો."

ત્યારે પોતે દયા કરીને બોલ્યા જે, "આ અમારો મંદવાડ છે તે સર્વેને દર્શન દેવા નિમિત્તનો છે. અમે મંદવાડ ગ્રહણ કર્યો તેથી જેમ સમુદ્રમાં નદીઓ હડેડાટ આવે છે તેમ તમે સર્વે હડેડાટ આવીને ભેગા થઈ ગયા. કોઈને તેમાં સંશય થાય નહિ જે આ વારેવારે કેમ આવે છે,

એટલા સારુ આ મંદવાડ નિમિત્તરૂપ છે. ભુજના સંતો બધા આવી ગયા અને જે ન આવી શક્યા હોય તેને પણ એમ થાય જે આપણે રહી ગયા એમ જાણીને સર્વે દર્શને આવે છે અને છેલ્લીવારે ઓહલો પણ આવી ગયો. આ રીતે હેત-રુચિવાળા સર્વેને દર્શન દેવા આ મંદવાડ છે.''

બીજે દિવસે સવારમાં વૃષપુરના મંદિરમાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ત્રણે અવસ્થામાં મૂર્તિ અખંડ રાખવી. રસના આદિકમાં લેવાવું નહિ; એ તો બીજો જન્મ ધરાવે તેવું પાપ છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! બધાને ખેંચી ખેંચીને મૂર્તિમાં લઈ લેજો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શું મૂંડાવાને આવ્યા છીએ? એ જ કરવા આવ્યા છીએ, પણ જીવ મહારાજને તથા અમને ઓળખતા નથી તેથી સાધનનો ભાર રહે છે. ઓળખ્યા વિના શું થાય? ઓળખાય તો બધુંય થાય. આ બહેચરભાઈના બાપ શંકરભાઈ અમને ઓળખતા નહોતા તે વખતે બહેચરભાઈ અહીં આવતા તેમને તે ઘણું લડતા. અને અમને ઓળખ્યા તો હવે પોતે પણ આવે છે.''

પછી શંકરભાઈ બોલ્યા જે, ''બાપા! મને આગબોટમાં બીક લાગતી હતી, જે આ બહુ ડોલે છે તે ડૂબી જશે કે શું? એવો સંકલ્પ થયો ત્યાં તો આપ આંગડી પહેરેલી, માથે પાઘ ધારણ કરેલી, કેડ બાંધેલી અને હાથમાં લાકડી, એવા આગબોટમાં ફરતાં દેખાયા ને બોલ્યા જે, ''ડોસા! બીશો નહિ. આગબોટ ડૂબવા નહિ દઈએ; અમે તમારા ભેળા છીએ.'' એમ કહીને અદૃશ્ય થઈ ગયા તેથી મને બીક મટી ગઈ. તમે આગબોટમાં એવાં દર્શન આપ્યાં હતાં ને અહીં તો આમ સૂતા છો.''

પછી શંકરભાઈનો હાથ ઝાલીને બાપાશ્રી બોલ્યા જે, ''આ મંદવાડ દેખાવા માત્ર છે. અમે તો અનંત જીવનો મંદવાડ મટાડવા આવ્યા છીએ.'' પછી શંકરભાઈ બોલ્યા જે, ''બાપા! હાથ ઝાલ્યો છે તે મૂકશો નહિ હો!'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સારુ ડોસા! નહિ

મૂકીએ.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને સૂતાં સૂતાં બાઝી પડ્યા ને બોલ્યા જે, 'મારી સંભાળ લીધી, સંભાળ લીધી.' એમ બોલતાં અતિ હેત જણાવ્યું. પછી બોલ્યા જે, ''અમારો આરો કરજો; એટલે આ ને આ ફેરે મહારાજના સ્વરૂપનું જ્ઞાન સમજી લેજો.''

ત્યારે સ્વામી બોલ્યા જે, ''તમારો આરો તો બધાય મૂર્તિમાં આવી રહે ત્યારે જ થાય ને?''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''હા, એ જ. સર્વે મૂર્તિમાં આવે તો અમારો આરો આવે. આજ તો અમે ખંપાળી નાખવા આવ્યા છીએ. લાંપડામાં ઝાકળ આવે અને ખંપાળી નાખીએ તોપણ રહી જાય તેનું શું કરવું! ભટ્ટુ (ડુંગર)માં ને કાંટામાં રખડીએ છીએ પણ જીવને સુખિયા કરવા આવ્યા છીએ એમ જાણતા હોય તે જાણે. આ લોકમાં કાંઈ કામ નહિ આવે; ઓચિંતાનું ચાલવું પડશે. સ્વામિનારાયણ પોતે લેવા આવ્યા હોય તેનો પણ વિશ્વાસ આવે નહિ તેનું શું કરવું? શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા મહા અનાદિને પણ તે દિવસ માનતા નહિ; આજ હવે હાથ ઘસે છે તથા સંભારે છે. સદ્. બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી આદિક રમણ મહારાજનાં છે તે મહારાજની મૂર્તિમાં જોડે છે. અમારે પણ મહારાજની મૂર્તિમાં જોડવા એ જ કામ છે; બીજું નથી, પણ ઓળખાય છે? ત્રણ મહિનાથી માંદા છીએ, દેહમાં કાંઈ રહ્યું નથી, તોપણ આ બાવા ખપે(જોઈએ) છે. 'આ ગામ પધારો, આ ગામ પધારો' એમ સૌ આગ્રહ કરે છે એથી આવા માંદા છીએ તોપણ બધે જીવના કલ્યાણ અર્થે રખડીએ છીએ. માટે હરિભક્તો! સમજજો. અમે કોઈ દિવસ ગળ્યું-ચીકણું, ખાંડ-ગોળ આદિ કાંઈ જમ્યા નથી. અમે તો આનંદઘન અને સુખરૂપ છીએ.'' એમ કહીને બોલ્યા જે, ''જેને ત્રણે અવસ્થામાં શ્રીજીમહારાજની મૂર્તિને વિષે નિષ્ઠા નથી આવતી તેને ઘણી ખોટ આવે છે ને તે મોટી ભૂલ છે.'' ॥૧॥

## વાર્તા ૨

સંવત ૧૯૮૨ના આસો વદ-૬ને રોજ વૃષપુરના મંદિરમાં બાપાશ્રીની પાસે સર્વે સંત-હરિજનો બેઠા હતા. તે વખતે વઢવાણવાળા ડૉ. મણિલાલભાઈને સંકલ્પ થયો જે બાપાશ્રી પ્રશ્ન-ઉત્તર કરે તો સારું. તે દિવસે સાંજ વખતે સભામાં ચોકમાં ચંદની તળે કારિયાણીનું ૧૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં ગોપીઓના પ્રેમની વાત આવી.

ત્યારે બાપાશ્રી તેમનો સંકલ્પ સત્ય કરવા દયા કરીને બોલ્યા જે, “સંતો! ગોપીઓ કોણ? મથુરા ને ગોકુળ કયે ઠેકાણે આવ્યું? તે કહો.”

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે, “જ્યાં મહારાજની મૂર્તિ, ત્યાં અક્ષરધામ; ત્યાં ગોકુળ અને ગોપીઓ છે.”

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “હા, બરાબર. જ્યાં મહારાજની મૂર્તિ, ત્યાં ગોકુળ ને મથુરા છે. અને જે શ્રીકૃષ્ણ તે શ્રીજીમહારાજ પોતે છે; પણ જે શ્રીકૃષ્ણ પરોક્ષ થઈ ગયા એ નહિ.”

એ ઉપર પ્રેમાનંદ સ્વામીના કીર્તનની ટૂંક બોલ્યા જે, “‘ગિરધર નાચ અને ગોપીઓ ગાય, જોઈ પ્રેમાનંદ વારી જાય’. તે પ્રેમાનંદ સ્વામી એ ગોપીઓને ક્યાં જોવા ગયા હતા? એમણે તો આ સંતોને ગોપીઓ કહેલ છે. તેમને એ જોતા હતા. માટે આ સંત તે ગોપીઓ અને જ્યાં મહારાજ ત્યાં ગોકુળ, મથુરા. આ મર્મ સમજવો એ જબરી ઘાંટી છે. એ ઘાંટી ઉલ્લંઘાય તો બધુંય સમજ્યા. આમ ન સમજાય તો રખડવું પડે.” એમ કહીને પાટડીના નાગજીભાઈ સામે હાથ કરીને બોલ્યા જે, “કેમ નાગજીભાઈ! ખરું કે નહિ?” ત્યારે નાગજીભાઈ બોલ્યા જે, “હા બાપા! બરાબર છે.”

એવી રીતે બાપાશ્રીએ કૃપા કરીને મણિલાલભાઈનો સંકલ્પ સત્ય કર્યો. ॥૨॥

## વાર્તા ૩

સંવત ૧૯૮૨ના આસો વદ-૭ને રોજ સવારે વૃષપુરના મંદિરમાં વચનામૃતની કથા વંચાતી હતી.

ત્યારે બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, “મહારાજ અમને ઠેલી ઠેલીને પોતાનો મહિમા કહેવા સારુ મૂકે છે તેથી મહારાજનો મહિમા જેવો છે તેવો કહીએ છીએ, પણ એ મહિમાની વાતો કેટલાક સમજી શકતા નથી તેથી સંશય કરે છે જે, તમે આમ કેમ કહો છો? તેઓ મહારાજનો મહિમા, ઐશ્વર્ય, પ્રતાપ જેવો છે તેવો જાણી શકતા નથી તેથી એમ બોલે છે. આગળ પણ જેને સંશય થતા તે માનતા નહિ.”

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, “બાપા! શ્રીજીમહારાજ સાથે આવેલા મુક્તો તો મહાપ્રતાપી હતા. તે તો જેવા શ્રીજીમહારાજ સર્વોપરી છે તેવા જ વર્ણન કરતા, એવા મોટાના જોગવાળા સર્વોપરી મહિમા કહેવામાં અટકે નહિ. તોય જીવને સંશય કેમ રહેતો હશે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “એ વખતે પણ બધાયને મહિમા એક સરખો ન કહેવાય. શ્રીજીમહારાજ પોતાની સાથે જે મુક્તોને લાવે છે તે તો એ મૂર્તિના સુખભોક્તા હોય તેથી તેમનું કાંઈપણ અજાણ્યું હોય નહિ. પણ કેટલાક બીજાં ધામમાંથી આવેલા હોય તે જેવો છે તેવો મહિમા જાણવામાં અટકે ખરા. જ્યારે મહારાજ મનુષ્યચરિત્ર કરતા હોય, પોતાના પ્રતાપને ઢાંકીને વર્તતા હોય ત્યારે તેમની રીત જુદી જ દેખાય. તે જુઓને! ‘સત્સંગિજીવન’ ગ્રંથ લખાતો હતો ત્યારે સાત દિવસ સુધી સદ્. નિત્યાનંદ સ્વામીએ સૌથી જુદા પડી મહારાજને જેવા છે તેવા લખાવવા તે ગ્રંથ અટકાવ્યો હતો. તે સમયે મહારાજે સદ્. શ્રી નિત્યાનંદ સ્વામીની ખૂબ પરીક્ષા લીધી, પણ સ્વામી લેશમાત્ર ડગ્યા નહિ.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “બાપા!

'સત્સંગિજીવન' ગ્રંથ લખાતો હતો ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીની કેવી રીતે પરીક્ષા લીધી હતી તે વિસ્તારથી સમજાવવા કૃપા કરો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજે 'સત્સંગિજીવન' ગ્રંથ કરવા માંડ્યો ત્યારે મોટા મોટા સંતોને પૂછ્યું જે, 'આ ગ્રંથમાં અમને કેવા લખવા?' ત્યારે કેટલાક સંત કહે કે, 'આપની જેમ ઇચ્છા હોય તે પ્રમાણે લખો.' કેટલાક સંત એમ બોલ્યા જે, 'મહારાજ શાસ્ત્ર પ્રમાણે લખાય તો ઘણા જીવને સમાસ થાય.' કેટલાક સંતોએ કહ્યું કે, 'મહારાજ! આપ જેવા છો તેવા જ લખાવોને!' એવી રીતે જેમ જેને ઠીક લાગ્યું તેમ સર્વે બોલ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, 'તમારો અભિપ્રાય અમે જાણ્યો; હવે અમને ઠીક પડશે તેમ કરીશું.'''

''થોડીવાર પછી નિત્યાનંદ સ્વામી મહારાજ પાસે ગયા ને કહ્યું જે, 'મહારાજ! આવું શું ચરિત્ર આદર્યું છે? મારે સભામાં આપને કહેવું હતું, પણ આપ એમ બોલ્યા જે, 'અમને ઠીક પડશે એમ કરીશું.' તે તમને કેવી રીતે ઠીક પડે છે?' ત્યારે મહારાજ કહે કે, 'અમે શ્રીકૃષ્ણ છીએ એમ લખવા ધાર્યું છે.' ત્યારે સ્વામી કહે, 'મારે એટલું જ જાણવું હતું તેથી હું બોલ્યો ન હતો. જ્યારે બીજા મોટેરા સંતો સદ્. મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા આ વાત જાણશે ત્યારે એ તો હા નહિ જ પાડે; કદાચ એ હા પાડે તોપણ હું તો હા પાડવાનો નથી.'''

''ત્યારે મહારાજ કહે કે, 'અમે કેવી રીતે લખીએ તો તમે હા પાડો?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'મહારાજ! તમે સર્વોપરી, સર્વ-કારણ, સર્વ અવતારના અવતારી, સર્વના નિયંતા, અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ મહારાજાધિરાજ એવા લખો તો હું હા પાડું.' ત્યારે મહારાજ કહે, 'તમે તમારે આસને જાઓ; અમે જેમ ધાર્યું હશે તેમ કરીશું.'''

''તેમના ગયા પછી મહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામી તથા

ગુણાતીતાનંદ સ્વામી એ બન્નેને પોતાની પાસે બોલાવીને આ વાત કરી. તે વખતે સદ્. ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ! આપ અક્ષરધામમાંથી જે સંકલ્પ કરી પધાર્યા છો તેવું જ ગ્રંથમાં લખાય તો ઘણા જીવને સમાસ થાય. બીજા અવતાર જેવા લખવાથી આપનો મહિમા જેવો છે તેવો કોણ જાણી શકે? માટે કૃપા કરી જેમ નિત્યાનંદ સ્વામી કહે છે તેમ લખાય તો આપ જેવા સર્વોપરી છો તેવા એ ગ્રંથમાંથી મુમુક્ષુ જીવો સમજીને સુખિયા થાય. જો આપનું પ્રગટપણું, સર્વોપરીપણું, સર્વાવતારીપણું, નિયંતાપણું, કર્તાપણું, કારણપણું આવા ગ્રંથમાં ન લખાય તો આપની ચોખ્ખી ઉપાસના કેમ સમજાય?'"

"તે વખતે સદ્. ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ! રાજાને ચાકરની ઉપમા ઘટે? ચંદ્રમાને શું તારાની ઉપમા શોભે?' ત્યારે મહારાજ કહે, 'રાખો! તમારા બન્નેનો અભિપ્રાય અમે જાણી લીધો; હવે અમારી મરજી હશે તેમ કરીશું.'"

"બીજે દિવસે મહારાજે સભામાં સર્વે સંતોને બોલાવ્યા અને કહ્યું જે, ''સત્સંગિજીવન' ગ્રંથમાં અમને શ્રીકૃષ્ણ જેવા લખવાની અમારી ઈચ્છા છે.' તે વખતે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'મહારાજ! આપને અવતાર જેવા લખવાની આ સભામાં કોઈપણ હા નહિ પાડે.' ત્યારે મહારાજ કહે, 'સભાની વાત પછી, તમે હા પાડો છો કે ના પાડો છો?' ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'મહારાજ! એ વાત નહિ બને, કેમ કે ચક્રવર્તી રાજાને ખંડિયા રાજાની ઉપમા લખવી શું યોગ્ય છે? જો એમ જ લખાય તો આપનો સર્વોપરી મહિમા જીવ કેવી રીતે સમજી શકે? માટે હું તો બીજા અવતાર જેવા તમને લખવાની ના પાડું છું.'"

"પછી મહારાજે સર્વે સંતોને કહ્યું જે, 'જુઓ! આ નિત્યાનંદ સ્વામી અમારું માનતા નથી ને સામા પડે છે. માટે તમો અમારા પક્ષમાં રહો તો આ ગ્રંથ કરીએ.' તે વખતે કેટલાક સંત એમ બોલ્યા જે,

'મહારાજ! અમે કાંઈ નિત્યાનંદ સ્વામી સારુ મૂંડાવ્યું નથી. અમે તો તમારા જ પક્ષમાં છીએ અને રહીશું. તમે જેમ લખો એમ અમે રાજી છીએ.' ત્યારે મહારાજ કહે કે, 'તો તો ઠીક.'"

"પછી સંતોને મહારાજે આસને આસને ફરીને પૂછ્યું જે, 'આ નિત્યાનંદ સ્વામી અમારા સામા પડ્યા છે, તે તમે અમારા પક્ષમાં રહેશો કે તેમનો પક્ષ રાખશો?' તે વખતે પણ સંતોએ કહ્યું જે, 'મહારાજ! તમારા પક્ષમાં કેમ ન રહીએ? અમે તો તમારા આજ્ઞાધીન છીએ, તમારા વચનમાં અને તમારા રાજીપામાં જ અમે કલ્યાણ માન્યું છે.'"

"પછી મહારાજ આસને પધાર્યા. વળી, અર્ધી રાત્રિએ ડુંગરજી પાર્ષદને મોકલી સદ્. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી એ બન્નેને મહારાજે પોતાની પાસે બોલાવીને સદ્. મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, 'આ નિત્યાનંદ સ્વામી સામા પડ્યા છે તેનું કેમ કરવું?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે, 'મહારાજ! જેમ આપની મરજી હોય તેમ કરો.' તે વખતે સદ્. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, 'સ્વામી! નિત્યાનંદ સ્વામી કહે છે એમ કરવાનું કહોને!' ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામી કહે કે, 'મારાથી એમ ન કહેવાય; તમે કહો.' ત્યારે સદ્. બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, 'મહારાજ મને પૂછે તો હું એમ જ કહું.' ત્યાં તો મહારાજ બોલ્યા કે, 'તમને કોણ પૂછે છે તે તમે બોલ્યા? તમને તો અમારે એટલું જ પૂછવાનું છે કે તમે અમારા પક્ષમાં રહેશો કે નહિ રહો? એ કહો.' ત્યારે સદ્. બ્રહ્માનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ! નિત્યાનંદ સ્વામીનું કહેવું સાચું છે. તેથી મારો આત્મા તો નિત્યાનંદ સ્વામીના પક્ષમાં જ છે અને દેહ તો આપના પક્ષમાં રાખવો જ પડશે.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'અમારે દેહનું જ કામ છે. આત્મા ભલે નિત્યાનંદ સ્વામીના પક્ષમાં રાખો.'"

"પછી બન્ને સદ્ગુરુઓને રજા આપી તેથી તે આસને ગયા. સવારે નિત્યવિધિ કરીને વળી એ જ વાત લીધી કે, 'સભા કરો ને સૌ

સંતોને બોલાવો, અમારે નક્કી કરવું છે.' એમ આજ્ઞા થવાથી સભા મોટી થઈ; સૌ સંતો શ્રીજીમહારાજના મુખકમળ સામું જોઈ રહ્યા હતા. તે વખતે મહારાજ બોલ્યા જે, 'અમારા વચનમાં તત્પર હો અને અમારા પક્ષમાં રહેવા રાજી હો એટલા સંતો અમારી પાસે બેસો અને આ નિત્યાનંદ સ્વામીના પક્ષમાં જેને રહેવું હોય તે તેમના ભેળા બેસે. કોઈ અમારી મહોબતમાં તણાશો નહિ.'"

"પછી સૌ સંતો મહારાજ પાસે બેઠા. સદ્. નિત્યાનંદ સ્વામી તો એકલા જુદા બેસી રહ્યા. તે વખતે મહારાજે એમ કહ્યું જે, 'જુઓ! તમારું હવે શું ચાલવાનું છે? તમે હવે એકલા થઈ રહ્યા. માટે અમારું માનો અને જેમ લખીએ તેમ હા પાડો.' ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'મહારાજ! ભલે હું એકલો રહું, મને તમે ગમે તેમ કરો, પણ હું આપને જેવા છો તેવા જ લખવાની હા પાડીશ. મારે તમારું વચન લોપવું નથી, પણ તમારી મોટપ તથા સામર્થ્ય જાણવા છતાં બીજા અવતાર જેવા લખવાનું કહો તે કેમ માન્યામાં આવે?'"

"પછી મહારાજે કહ્યું કે, 'તમે બધા સંત કરતાં શું મોટા થઈ ગયા? જુઓ! આ બધાય અમારું વચન માને છે ને તમે નથી માનતા, તે એમાંથી ઠીક નહિ થાય.' ત્યારે સ્વામી કહે, 'મહારાજ! હું પણ આપના વચનમાં જ છું. કદાચ આપની મોટપ કહેતાં દુઃખ આવશે તો સહન કરીશ, પણ બીજા અવતાર જેવું આપનું વર્ણન લખવા નહિ દઉં.' ત્યારે મહારાજ કહે, 'તમે માનતા નથી પણ આગળ ખબર પડશે.'"

"બીજે દિવસે દીનાનાથ ભટ્ટ પાસે મહારાજે ગ્રંથ લખાવવા માંડ્યો તે વાત સદ્. નિત્યાનંદ સ્વામીના જાણવામાં આવી તેથી ભટ્ટ પાસે જઈને લખેલાં પાનાં જોવા માગ્યાં અને વાંચીને તરત ફાડી નાખ્યાં. પછી કહ્યું જે, 'મારી આજ્ઞા વિના જો તમે લખશો તો હું તમને કાઢી મૂકીશ ને મહીસાગર ઓળંગીને આ બાજુએ આવવા નહિ દઉં.' ત્યારે ભટ્ટજી કહે, 'સ્વામી! આમાં મારો શો વાંક! મહારાજ શાસ્ત્ર પ્રમાણે

બરાબર લખાવે છે. તમે મારી મહેનત વ્યર્થ કરી તેથી મહારાજ મને ઠપકો આપશે.' ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું જે, 'તમે મહારાજને કહેજો કે નિત્યાનંદ સ્વામી આ રીતે લખવાની ના પાડે છે.' પછી ભટ્ટજીએ શ્રીજીમહારાજ પાસે જઈને આ સર્વ વાત કહી અને કહ્યું જે, 'એમની મરજી વિના હું હવે લખી શકીશ નહિ.'''

''પછી શ્રીજીમહારાજે શુકાનંદ સ્વામીને બોલાવીને કહ્યું જે, 'તમે નિત્યાનંદ સ્વામી પાસે જઈને એમ કહો કે શ્રીજીમહારાજે એમ કહ્યું છે કે અમે ગ્રંથ કરીએ છીએ તેમાં તમે આડા કેમ આવો છો? ને એ ગ્રંથનાં લખેલાં પાનાં કેમ ફાડી નાખ્યાં? ભટ્ટજીને લખવાની ના કેમ પાડી? તમે કાંઈ સત્સંગના ધણી નથી; સત્સંગના ધણી તો અમે છીએ તેથી અમને ગોઠે તેમ કરીએ. અમે જે કરતા હોઈએ તેમાં તમારે સામા ન પડવું. સામા પડશો તો એમાંથી ઠીક નહિ થાય.'''

''પછી સદ્. શુકાનંદ સ્વામીએ સદ્. નિત્યાનંદ સ્વામી પાસે જઈ એવી જ રીતે કહ્યું ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીએ તેમનું અપમાન કરીને કહ્યું કે, 'તમે આવો સંદેશો લઈને શું આવ્યા? જાઓ મહારાજને કહેજો કે હું ધણી છું, હું. તમે જાણતા નહિ કે હું મહારાજને ભૂલીને બોલું છું. મહારાજ તો મારા પ્રાણ સમાન છે, પણ આવા સમાચાર લાવ્યા તેથી તમને કહેવું પડે છે. તમે મહારાજની ભુજારૂપ કહેવાઓ છો, તમે પાસે રહીને મહારાજના કેટલાય પ્રતાપ જોયા છે તોય મહારાજને અવતાર જેવા લખવા તે શું તમને ઠીક લાગે છે? તમે મહારાજને કહેજો કે, 'દયા કરી ભટ્ટને જેવા છે તેવા લખવાની આજ્ઞા કરો. જો મને એ સેવા આપો તો હું તો તૈયાર જ છું.' એમ કહેજો. અને જો એમ નહિ થાય તો હું તમને કહું છું કે ભટ્ટને આવી રીતે તો ગ્રંથ લખવા નહિ દઉં.'''

''પછી સદ્. શુકાનંદ સ્વામીએ શ્રીજીમહારાજ પાસે આ સર્વ વાત કહી. આવી રીતે સાત દિવસ સુધી મહારાજે સ્વામીશ્રીને

સમજાવવાના ઘણા ઉપાય કર્યા, પણ સ્વામીશ્રી તો લેશમાત્ર ડગ્યા નહિ. પછી શ્રીજીમહારાજે ભગુજી આદિક પાર્ષદોને આજ્ઞા કરી કે, 'અમારે નિત્યાનંદ સ્વામીનું સત્સંગમાં કામ નથી, કારણ કે તે અમારા કામમાં આડા આવે છે. અમારું વચન માનતા નથી તેથી તમો તેમને મારે વચને કરીને એવા વિકટ વનમાં મૂકી આવો કે ફરીથી તે પાછા આવી શકે નહિ.'''

''આજ્ઞા થતાં ભગુજી, ડુંગરજી આદિક પાર્ષદોએ સ્વામીશ્રી પાસે આવીને કહ્યું કે, 'સ્વામી! ઊઠો! તમને વનમાં મૂકી આવવાની મહારાજની આજ્ઞા થઈ છે.'''

''તે વખતે લોયાના સુરા ખાચર સભામાં બેઠા હતા. તે ઊભા થઈ મહારાજને કહેવા લાગ્યા જે, 'મહારાજ! આ પાર્ષદ અજાણ્યા છે તે ક્યાં મૂકી આવશે? આ કામ પાર્ષદોથી ન થાય. હું મારી સાથે દશ પસાયતા લાવ્યો છું તે સહુની પાસે ઘોડાઓ છે ને તે આવા કામમાં કસર નહિ રાખે. જો આપની આજ્ઞા હોય તો અહીં મોકલું તે હાલ ને હાલ ઘોડે બેસાડીને લઈ જાય.' ત્યારે મહારાજે રાજી થઈને કહ્યું કે, 'ભલે, એમને અહીં ઝટ મોકલો.'''

''પછી સુરા ખાચરે પોતાના ઉતારે જઈને તે પસાયતાને આ વાત સમજાવીને કહ્યું જે, 'શ્રીજીમહારાજ સદ્. નિત્યાનંદ સ્વામીને દેશવટો દેવાના છે. એ કામ તમારા પાસે કરાવવાનું છે. તો તમે આ ઓરડીમાં પાણીનો ઘડો મૂકી કૂંચી તમારી પાસે રાખીને મહારાજ પાસે જઈને કહો જે, 'મહારાજ! અમને કેમ બોલાવ્યા છે?' ત્યારે મહારાજ તમને એમ કહેશે જે, 'આ નિત્યાનંદ સ્વામીને ફરી પાછા ન આવે એવા વન-પર્વતમાં કે ઘાટી ઝાડીમાં મૂકી આવો.' ત્યારે તમે એમ કહેજો કે, 'અમે આપનું આ કામ કરીએ તે બદલ અમને મોજ શું આપશો?' ત્યારે મહારાજ તમારા ઉપર રાજી થઈ મોક્ષ કરવાનું વરદાન આપશે. પછી તમે સદ્. નિત્યાનંદ સ્વામીને ઘોડા પર બેસારી દસ-બાર ગાઉ ફેરવી

વિસામો કરાવી આ ટીમણ હું તમને આપું છું તે જમાડજો અને જ્યારે ગામ બધુંય જંપી જાય ત્યારે આ ઓરડીમાં લાવીને સુવાડજો. પછી રાત્રિએ મહારાજ પાસે જઈ મહારાજને જગાડીને કહેજો કે, 'મહારાજ! અમે તમારા કીધા પ્રમાણે કરી આવ્યા.' આવી રીતે શિખવાડીને સુરા ખાચરે તે પસાયતાઓને મહારાજ પાસે મોકલ્યા.''

''તે દશેય પસાયતાઓ આવી મહારાજને પગે લાગી બોલ્યા કે, 'મહારાજ! અમને સુરા ખાચરે આપની પાસે મોકલ્યા છે તે અમારું શું કામ છે?' ત્યારે શ્રીજીમહારાજે છેલ્લીવારે સભામાં સર્વને સાંભળતાં સદ્. નિત્યાનંદ સ્વામીને કહ્યું કે, 'સ્વામી! હવે તમારે માટે જ આ બધા તૈયાર ઊભા છે; માટે માનો તો ભલે, નહિ તો થાઓ તૈયાર.' ત્યારે સ્વામીશ્રી કહે, 'મહારાજ! તમે મને વિકટ વનમાં મૂકો કે ઉજ્જડ અરણ્યમાં મૂકો કે પર્વતની ટોચે પહોંચાડો, પણ હું તો તમને સર્વોપરી જેવા છો તેવા લખાવવાનો જ. હવે જેમ આપની મરજી હોય તેમ કરો.' ત્યારે મહારાજે પસાયતાઓને આજ્ઞા કરી કે, 'આ સાધુ કોઈનું માને તેમ નથી માટે તમો તેમને એવે ઠેકાણે મૂકી આવો કે ફરીને તે પાછા આવે નહિ.'''

''ત્યારે તે પસાયતાઓ કહેઃ 'ભલે મહારાજ! એ કામ અમારું; તેમાં કાંઈ કહેવું પડશે નહિ. પણ અમને મોજ શું આપશો?' ત્યારે મહારાજ કહે કે, 'આ અમારા મોટા સંત મુક્તાનંદ સ્વામીની હારે તમારું કલ્યાણ કરીશું.' તેથી પસાયતા રાજી થયા. પછી સ્વામીને કહે જે, 'ઊઠો! ઘોડા પર બેસો; જો નહિ ઊઠો તો બાવડાં ઝાલીને ઉઠાડવા પડશે, માટે ઝટ ઊઠો.'''

''આવાં તે પસાયતાનાં વચન સાંભળી સૌ સંતો તેમજ પાર્ષદો સભામાં બેઠા હતા તે દિલગીર થઈ ગયા ને વિચારવા લાગ્યા જે, 'આવા સર્વોપરી નિશ્ચયવાળા વિદ્વાન સદ્ગુરુને મહારાજ રજા આપે છે તે ઠીક થતું નથી; પણ શું કરવું? આપણાથી તો મહારાજને શું કહેવાય?'

એમ વિચાર કરે છે ત્યાં તો સ્વામીશ્રીને પસાયતાઓએ ઘોડા પર બેસાર્યા તે મહારાજ તથા બીજા સંતો-પાર્ષદો જોઈ રહ્યા.''

''પછી પસાયતાઓ સુરા ખાચરે જે પ્રકારે શીખવ્યું હતું તે પ્રમાણે ઘોડાં આઠ-દશ ગાઉ ફેરવી રાત્રે ઓરડીએ લઈ આવ્યા. પછી મહારાજ પાસે ઉતાવળા ઉતાવળા આવીને કહ્યું જે, 'મહારાજ! નિત્યાનંદ સ્વામીને બહુ જ છેટે વનમાં મૂકી આવ્યા. ત્યાં એવી ઝાડી ને ડુંગરા છે કે કોઈ માણસનો તો પત્તો જ ન લાગે.' એ સાંભળી શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થઈ બોલ્યા જે, 'તમે બહુ સારું કર્યું. જાઓ! તમારું મુક્તાનંદ સ્વામીની હારે કલ્યાણ!' એવું વચન સાંભળી પસાયતાઓ રાજી થઈને પોતાને ઉતારે ગયા.''

''બીજે દિવસે જ્યારે સભા થઈ ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ! આજ આ સભા શોભતી નથી; કેમ જે સભાનું ભૂષણ હતું તે ગયું.' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'ત્યાગીને વળી ભૂષણ શું હોય?' ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, 'મહારાજ! નિત્યાનંદ સ્વામી આ સભાનું ઘરેણું હતું. એવા સાધુ અનંત કોટિ બ્રહ્માંડમાં ગોત્યા જડે નહિ. એવા સદ્ગુરુને વગર વાંકે કાઢી મૂક્યા તે ઠીક તો ન થયું.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'સ્વામી! એ અમારી ભૂલ થઈ ખરી. અમે તમને લોજમાં ગુરુ કર્યા હતા તે ગુરુપણું આજ તમે સાર્થક કર્યું અને અમારી ભૂલ ઓળખાવી. પણ જ્યારે અમે તમને બોલાવીને પૂછ્યું હતું ત્યારે તમે કહ્યું હોત તો આમ થાત નહિ.' ત્યારે સ્વામીશ્રી કહે કે, 'મહારાજ! મને પણ આવી ખબર નહિ કે આપ આવી લીલા કરશો. બ્રહ્માનંદ સ્વામીને તો કહેવાની મરજી હતી, પણ આપે ના પાડેલી તેથી તે પણ બોલ્યા નહોતા.'''

''ત્યારે મહારાજે કહ્યું કે, 'એમ થયું ખરું. અમને ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું હતું, પણ તે વખતે અમે તેમને પણ એમ કહેલું જે અમને ઠીક પડશે તેમ કરીશું. નિત્યાનંદ સ્વામી હવે

ક્યાંથી આવે? અને કોણ લાવે? અમે તો એ સ્વામીનાં દર્શન કર્યા વિના થાળ જમીશું નહિ.' એમ કહી મહારાજ પાર્ષદો પ્રત્યે બોલ્યા કે, 'નિત્યાનંદ સ્વામીને ગમે ત્યાંથી ખોળી લાવો; તેનાં દર્શન વિના અમારાથી જમાશે નહિ.'"

"ત્યારે સુરા ખાચર કહે, 'મહારાજ! એ પાર્ષદો ક્યાંથી ખોળી લાવશે? એ તો જે મૂકી આવ્યા હોય તે જ જાય તો ખબર પડે.' એમ કહી પસાયતાને બોલાવ્યા. તેને મહારાજે આ વાત કરી. ત્યારે તેઓ કહે જે, 'મહારાજ! હવે એ સ્વામી ક્યાંથી જડે? એ તો ક્યાંય જતા રહ્યા હશે; કાં તો કોઈ જનાવરે ઠેકાણે પાડી દીધા હશે. ભગવાને એનું મોઢું જોવાનું લખ્યું હોય તો એ આવે. હવે તમે કહો તો જઈએ ખરા, પણ લાવવા માટે બંધાતા નથી. જો જડશે તો લાવીશું.'"

"એમ કહીને પસાયતા ગયા. પછી પ્રથમની પેઠે ઘોડાં દોડાવી રાત્રે પાછા આવી જ્યાં નિત્યાનંદ સ્વામી હતા ત્યાંથી ઘોડે બેસાડી મહારાજ પાસે લાવ્યા ને કહ્યું જે, 'મહારાજ! સ્વામીને લાવ્યા. એ તો જ્યાં અમે બેસાર્યા હતા ત્યાં બેઠા હતા અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરતા હતા. હવે તમે અમારા ઉપર રાજી થાઓ.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'તમે આ સંતને લાવ્યા તે બહુ ભારે કામ કર્યું.' એમ પ્રસન્નતા જણાવી કલ્યાણ કરવાનું ફરીથી વચન આપ્યું. પછી સદ્. નિત્યાનંદ સ્વામીને મહારાજ બાથમાં ચાંપીને બહુ હેતથી મળ્યા ને પોતે જમીને સ્વામીશ્રીને પ્રસાદી જમાડીને કહ્યું જે, 'જાઓ, અત્યારે આસને સૂઈ જાઓ. અમે તમારા ઉપર બહુ જ રાજી છીએ.'"

"બીજે દિવસે સભા થઈ ત્યારે સદ્. નિત્યાનંદ સ્વામીનો હાથ ઝાલી શ્રીજીમહારાજ સભામાં પધાર્યા. સૌ સંત-પાર્ષદ જોઈ અતિ રાજી થયા. પછી સદ્. નિત્યાનંદ સ્વામીને મહારાજે આગળ બેસાર્યા અને કહ્યું જે, 'સ્વામી! અમે તમારી ઘણી કસોટી કરી. તમે અમારા ડગાવ્યા પણ ડગ્યા નહિ. બીજા સંતોએ તો અમારી હા એ હા કહી, પણ તમે

અમને જીત્યા; માટે આજ તમે અમારી પૂજા કરો.' પછી સદ્. નિત્યાનંદ સ્વામીએ ચંદન-પુષ્પહારથી મહારાજની પૂજા કરી. ત્યારે શ્રીજીમહારાજ ઊભા થઈને સ્વામીશ્રીને બાથમાં ચાંપી ઘણું હેત જણાવીને મળ્યા ને તેમની પૂજા પણ મહારાજે કરી. અને પોતાના કંઠમાંથી હાર ઉતારી સ્વામીશ્રીને પહેરાવ્યો અને મસ્તકે હાથ મૂકી સભા પ્રત્યે બોલ્યા જે, 'સંતો! ઉપાસક તો આવા જ જોઈએ. આ સંત અમારો સંપૂર્ણ મહિમા જાણે છે. કેટલાક તો અમારા ફેરવ્યા ફરી ગયા, પણ આ એક સ્વામી ફર્યા નહિ.'"

"પછી મહારાજે સદ્. નિત્યાનંદ સ્વામીને સમજાવીને કહ્યું જે, 'શાસ્ત્રમાં લખાણ શાસ્ત્રની રીતે થાય અને તમે કહો છો તે પણ ખરું છે. અમે આ 'સત્સંગિજીવન' ગ્રંથ અનંત જીવના હિતને અર્થે લખાવીએ છીએ. તેથી આ ગ્રંથમાં અમારું જે રહસ્ય છે, જેવું અમારું સ્વરૂપ છે, જેવું અમારું સામર્થ્ય છે, જેવો અમારો મહિમા છે, જેવા અમે છીએ, તેમ જ જો લખીએ તો સાધારણ જીવો તથા અન્ય ઉપાસકો એ વાત સમજી શકે નહિ; એટલે સાંભળવા પણ ન આવે અને તમારી પાસે બેસે પણ નહિ. તે સર્વને આ ગ્રંથ ખેંચી લાવશે. પછી તેમને તમો અમારો મહિમા સમજાવજો. આ ગ્રંથમાં તો આમ જ ઠીક. અમારી ઉપાસના માટે અમે જે વચનામૃત ગ્રંથ કરીએ છીએ તેમાં અમારું પૂરેપૂરું રહસ્ય છે અને અમારા સ્વરૂપનું યથાર્થ જ્ઞાન છે. તેને સમજીને તે પ્રમાણે જે વરતશે તેનો આત્યંતિક મોક્ષ થશે. માટે એ ગ્રંથ સર્વોત્તમ છે.' એમ વાત કરી. એવી રીતે શ્રીજીમહારાજે સદ્. નિત્યાનંદ સ્વામીની પરીક્ષા લીધી હતી."

વળી બાપાશ્રીએ બીજી વાત કરી જે, "એક સમે શ્રીજીમહારાજ ગામ તેરે બિરાજતા હતા. ત્યાં પોતાના મહિમાની ઘણીક વાતો કરી. તે સમે મુક્તાનંદ સ્વામીને મહારાજે પૂછ્યું જે, 'સ્વામી! અમને કેવા જાણો છો?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! પૂર્વે થઈ ગયા જે શ્રીકૃષ્ણ તે જ તમે છો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'તમે કાળાતળાવે

રવજીભાઈ પાસે હમણાં જાઓ. ત્યાં તેમને આ પ્રશ્ન પૂછજો.'"

"આજ્ઞા થતાં મુક્તાનંદ સ્વામી કાળાતળાવ જવા માટે નીકળ્યા. મારગમાં ચાલતાં એક સંત મળ્યા. તેમણે કહ્યું જે, 'સાધુરામ! ક્યાં જાઓ છો?' ત્યારે સ્વામીના મનમાં એમ થયું જે, 'આ સંત દેખાય છે તો આપણા સાધુ જેવા, પણ હું ઓળખતો નથી. મને એમણે ક્યાંથી ઓળખ્યો હશે?' એટલામાં તો એ સંત અદૃશ્ય થઈ ગયા. પછી સ્વામી તો આગળ ચાલ્યા. ત્યાં થોડેક છેટે એવા ને એવા બીજા સંત મળ્યા. તેમણે પણ એવી જ રીતે પૂછ્યું જે, 'મુક્તાનંદ સ્વામી! ક્યાં જાઓ છો?' ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, 'કાળાતળાવે રવજીભાઈ પાસે જાઉં છું.' એમ કહે છે ત્યાં તો એ સંત પણ અદૃશ્ય થઈ ગયા. પછી સ્વામી તો આશ્ચર્ય પામતાં થકા આગળ ને આગળ જતા હતા. થોડેક છેટે ત્રીજા સંત મળ્યા. એમણે પણ એવી જ રીતે કહ્યું જે, 'મુક્તાનંદ સ્વામી! ક્યાં જાઓ છો?' ત્યારે સ્વામીએ આશ્ચર્ય પામીને કહ્યું જે, 'કાળાતળાવ રવજીભાઈને પ્રશ્ન પૂછવા જાઉં છું.' 'ત્યારે તે સંત બોલ્યા જે, 'તમારે શું પૂછવું છે? જે પૂછવું હોય તે મને પૂછો.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'શ્રીજીમહારાજે મને પ્રશ્ન પૂછ્યો જે, 'તમે મને કેવો જાણો છો?' ત્યારે મેં કહ્યું જે, 'પૂર્વે થઈ ગયેલા શ્રીકૃષ્ણ તે જ તમે છો.' ત્યારે મને મહારાજે કાળેતળાવ રવજીભાઈ પાસે જવાની આજ્ઞા કરી છે.'"

"આમ મુક્તાનંદ સ્વામીએ કહ્યું એટલાકમાં તો એ સંતે લાંબો હાથ કરીને મુઠ્ઠી વાળીને ઉઘાડી ત્યાં તો કોટાનકોટિ કૃષ્ણ દેખાડ્યાને કહ્યું જે, 'આમાં તમારા સ્વામિનારાયણ શ્રીકૃષ્ણ કયા? તે બતાવો.' એમ કહીને ચપટી વગાડી ત્યારે તે બધાં શ્રીકૃષ્ણરૂપ અદૃશ્ય થઈ ગયાં. પછી એ સંત બોલ્યા જે, 'આવા કોટાનકોટિ શ્રીકૃષ્ણ એક વાસુદેવબ્રહ્મના તાબામાં છે. એવા કોટાનકોટિ વાસુદેવ તે એક મૂર્તિમાન અક્ષરના તાબામાં છે. અને કોટાનકોટિ અક્ષરોથી પર શ્રી સ્વામિનારાયણ ભગવાનના તેજરૂપ અક્ષરધામમાં અનંત પરમ એકાંતિક મુક્ત શ્રીજીમહારાજની સન્મુખ રહ્યા છે તથા શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત

અનાદિમુક્ત રહ્યા છે. તેમાંના અમે અનાદિમુક્ત છીએ અને આપણા સ્વામી શ્રીજીમહારાજ છે તે સર્વના ઉપરી છે; એથી પર કોઈ નથી. એવા શ્રીજીમહારાજને જાણીને પાછા વળો.' એમ કહીને એ મુક્ત અદૃશ્ય થઈ ગયા."

"ત્યારે મુક્તાનંદ સ્વામીએ પાછા તેરે આવીને શ્રીજીમહારાજને આ વાત કહી જે, 'હે મહારાજ! હું અનાદિમુક્ત થકી આપનો સર્વોપરી મહિમા હવે સમજ્યો.' પછી શ્રીજીમહારાજે રાજી થઈને કહ્યું જે, 'અમે એવા જ છીએ એમ અમને સમજજો.' પછી સ્વામી સભામાં બેઠા. આવી રીતે શ્રીજીમહારાજનો મહિમા સમજવો તે બહુ કઠણ છે. બધાયથી પોતાની મેળે સમજી શકાય તેવો નથી."

તે ઉપર વાત કરી જે, "સંવત ૧૯૦૬ની સાલમાં અમદાવાદની હવેલી પૂરી થઈ ત્યારે વડતાલથી ધ. ધુ. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને તેડાવ્યા હતા. તે વખતે અ.મુ. શ્રી ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, શુકાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, પવિત્રાનંદ સ્વામી, અદ્‌ભુતાનંદ સ્વામી, ભોમાનંદ સ્વામી આદિ ઘણા સંતો પાર્ષદોને સાથે લઈને પધાર્યા હતા. ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા શ્રી રઘુવીરજી મહારાજ બંને સભામાં એક પાટ ઉપર બિરાજતા હતા, ત્યાં વારાફરતી મોટા મોટા સદ્‌ગુરુઓ વાતો કરતા."

"એક દિવસ સદ્. ગુણાતીતાનંદ સ્વામીને સભામાં વાતો કરવાની આજ્ઞા આચાર્યજી મહારાજે કરી ત્યારે પ્રથમ થોડીકવાર ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની વાતો કરીને પછી શ્રીજીમહારાજના મહિમાની અને સર્વોપરી ઉપાસનાની વાતો કરવા માંડી તેમાં સર્વે અવતારોથી મહારાજને મોટા કહ્યા. તે વાત કેટલાકને સમજાણી નહિ. પછી શણગાર આરતી થયા કેડે બન્ને આચાર્યજી મહારાજ પાસે કેટલાક સંત-હરિજનોએ જઈને કહ્યું કે, 'સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ આજે સભામાં વાત કરી તેમાં ઘણાંક શાસ્ત્રોને બાધ આવે એવી વાત થઈ. માટે આપ તેમને

બોલાવીને કહો તો ઠીક.'"

"પછી તેમને બોલાવ્યા ને કહ્યું જે, 'સ્વામી! તમારે શાસ્ત્ર વિરૂદ્ધ વાતો સભામાં ન કરવી.' તે વખતે આનંદાનંદ સ્વામીએ આચાર્ય મહારાજ પાસે ઊભેલા કેટલાક ન સમજનારા સંતો તથા હરિભક્તોને કહ્યું જે, 'બેટી કા બાપ! તેરામાં શ્રીજીમહારાજ આવી જ વાતો કરતા. તે શું તમે નથી જાણતા?' ત્યારે કેટલાક સંત બોલ્યા જે, 'સ્વામી! તે દિવસ તો એવું પ્રકરણ હતું.' પછી આનંદાનંદ સ્વામી બોલ્યા જે, 'બેટી કા બાપ! પ્રકરણ તો ક્રિયા કા ફિરતા હે; જ્ઞાન તો મુદ્દા હે. ઉસકા પ્રકરણ નહિ ફિરતા.'"

"ત્યારે કોઈક સંતે પૂછ્યું જે, 'વચનામૃતમાં આવી વાતો છે?' ત્યારે શુકાનંદ સ્વામીએ કહ્યું જે, 'હા, ઘણે ઠેકાણે છે. જુઓને, મધ્ય પ્રકરણના ૩૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'એવા અક્ષરાત્મક બ્રહ્મરૂપ પુરુષ ઘણાક છે અને એ અમારી ઉપાસના કરે છે.' ત્યારે કેટલાક સંતોએ કહ્યું જે, 'વચનામૃતમાં હોય, પણ સભામાં આવી વાત ન કરવી.' તે વખતે અ.મુ. ગોપાળાનંદ સ્વામી બોલ્યા જે, 'ગુણાતીતાનંદ સ્વામીને છૂટી. તમારે શાસ્ત્રવાળાને કરવી હોય તો કરજો ને ન કરવી હોય તો ન કરજો; પણ મહારાજને સર્વોપરી જાણ્યા વિના છૂટકો નથી.'"

"આ રીતે સમજાવનારા દયા કરીને સમજાવે તોપણ સમજવું તે બહુ કઠણ છે." ॥૩॥

## વાર્તા ૪

સંવત ૧૯૮૨ના આસો વદ-૧૧ને રોજ શ્રી વૃષપુરના મંદિરમાં સવારે સભામાં વચનામૃતની કથા થતી હતી.

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, "અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રહ્યા છે તે સાકાર છે કે નિરાકાર છે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સાકાર છે.”

પછી વાત કરી જે, “જીવના સ્વભાવ એવા અવળા હોય છે તે મોટાના સમાગમમાં હોય, પણ જો તેને અધર્મમાં માન-સત્કાર મળે તો મોટાનો સમાગમ મૂકી દે ને અધર્મમાં માને કરીને બંધાઈ જાય છે. તમે ક્યાંય બંધાશો નહિ. તમને ત્રણેને અમે મહંતાઈ મુકાવી છે. આ સ્વામી વૃંદાવનદાસજીને ધોળકાની, આ સ્વામી ઘનશ્યામજીવનદાસજીને અમદાવાદની અને આ સ્વામી ઈશ્વરચરણદાસજીને જેતલપુરની મુકાવી. તમે હવે ભલા થઈને કોઈ દિવસ મહંતાઈ લેશો નહિ.”

પછી બોલ્યા જે, “કેટલાક ગુરુ વૃદ્ધ હોય ત્યારે ‘પોતાનો શિષ્ય પંડિત થાય અને તેને માન સત્કાર મળે તો ઠીક’ એવી ઇચ્છા કરે. માટે ભલા થઈને કોઈ મહંતાઈ લેશો નહિ. ભગવાન ભજજો અને ભજાવજો, એ જ કામ કરજો.” એમ પોતાને વિષે હેત રુચિવાળા સંતોને શિક્ષાનાં વચન કહ્યાં.” પછી બોલ્યા જે, “તમે જડ-ચૈતન્ય માયાને ત્યાગી; હવે તમારે એક માળા ફેરવવાની છે. એ જ કરજો.”

ત્યારે સંતોએ માગ્યું જે, “આપ અમને મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય બંધાવા દેશો નહિ.” પછી અતિ પ્રસન્નતા જણાવી તે વર સંતોને આપ્યો.

બપોરના એક વાગે બાપાશ્રી કૃષ્ણસર (કાળી તલાવડી) નાહવા સારુ ઘોડાગાડીમાં બેસી પધાર્યા. સાથે કેટલાક સંત-હરિજન હતા. ત્યાં છત્રીએ દર્શન કર્યાં પછી તળાવમાં સૌ નાહી સભા કરી બેઠા. થોડીવાર પછી બાપાશ્રી બીજી વાર નાહવા પધાર્યા. તે વખતે અતિ પ્રસન્નતા જણાવી ઊંડા પાણીમાં પોતે તરવા લાગ્યા.

તે જોઈને સ્વામી વૃંદાવનદાસજી કહે જે, “આમને કોણ માંદા કહે? આ તો તરવા મંડ્યા છે.”

એ સાંભળી બાપાશ્રી આદિ સૌ સંત-હરિજન હસ્યા. એ સમયે સાજા માણસની પેઠે બાપાશ્રી ઉતાવળા થકા તરત જ તળાવ બહાર

નીકળ્યા ને સાધુ મુક્તવલ્લભદાસજીનો હાથ ઝાલી ઉપર આવ્યા. ત્યાં સ્વામી વૃંદાવનદાસજીને બહુ હેતે કરી ખભે હાથ નાખી 'યમુનામાં ઝીલે રે સુંદર શ્યામળો રે' એમ બોલી સંત-હરિજનોને આનંદથી મળ્યા. પછી છત્રી ઉપર ચરણારવિંદનો સ્પર્શ કરી આસન ઉપર આવીને બેઠા. તે સમયે સર્વે સંત-હરિજનોએ પ્રાર્થના કરવાથી મૂર્તિમાં રાખવાનો વર આપ્યો.

પછી અતિ પ્રસન્ન થકા પોતે છત્રીએ પધરાવેલા ભીડભંજન હનુમાનજીની પ્રશંસા કરીને કહ્યું જે, "આ હનુમાનજી બહુ ચમત્કારી છે. હમણાં જ ભવાનીપુરના એક છોકરાનો મરિયો (વાઈ) કાઢ્યો. તેની માએ સવા સવા રૂપિયાના પાંચ થાળ કર્યા હતા. એવી જ રીતે કોઈને ભૂત-પ્રેતાદિકનું દુઃખ હશે તો આ હનુમાનજી મહારાજની ઇચ્છાથી નાશ કરશે, પણ એમ સમજજો કે આ સર્વે ચમત્કાર શ્રીજીમહારાજના પ્રતાપથી છે. મહારાજના ખરા ઉપાસકને તો કોઈ દેવની માનતા ન થાય અને આસ્તા પણ ન રખાય. કદાચ સકામ ભક્ત હોય તો તેને પણ શ્રીજીમહારાજ પાસે જ માગવું ઘટે અને જે નિષ્કામ હોય તે તો શ્રીજીમહારાજ પાસે પણ કાંઈ માગે નહિ. આ તો ચમત્કારી સ્થાન, ચમત્કારી સભા, એને લઈને આ હનુમાનજી પણ ચમત્કારી છે. એ સર્વે પ્રતાપ શ્રીજીમહારાજનો છે એમ જાણવું."

પછી બાપાશ્રી તથા સર્વે સંતો મંદિરમાં પધાર્યા. ત્યાં સંતોએ ચંદન ચર્ચી પૂજા કરી. તે સમયે બાપાશ્રીએ પણ સૌને ચંદન ચર્ચી માથે હાથ મૂકી મૂર્તિમાં રાખવાનો વર આપ્યો. ॥૪॥

## વાર્તા ૫

સંવત ૧૯૮૨ના આસો વદ-૧૩ને રોજ સવારે શ્રી વૃષપુરના મંદિરમાં વચનામૃતની કથા વંચાતી હતી. તે વખતે ભુજના વિઠ્ઠલજીભાઈએ પૂછ્યું જે, "બાપા! મૂર્તિમાં રસબસ કોણ રાખે છે?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિ રાખે છે." પછી પૂછ્યું જે, "દાતા

કોણ અને ભોક્તા કોણ?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''મૂર્તિ સર્વેના દાતા અને મુક્ત ભોક્તા.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''મહારાજ સર્વ ભોક્તાને સુખ આપે છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''હા, આપે છે એમ સમજવું; એ જ સત્સંગમાં સત્સંગ. સર્વ ભોક્તા ભોક્તા પ્રત્યે દાતા એક દેખાય છે.'' એમ કહી બાપાશ્રી ઘેર પધાર્યા.

થોડી વારે પાછા મંદિરમાં આવ્યા અને બોલ્યા જે, ''અમારા હરજીને તાવ આવે છે. આજ તો તે રોયો ને કહ્યું જે, 'બાપા! મટાડો.' પછી અમે તેને કહ્યું જે, 'બચ્ચા! મટી જશે.'''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''આપે પંચોતેરની સાલમાં મંદવાડ ગ્રહણ કર્યો હતો, ત્યારે અનંત જીવોનો સોથ વળી ગયો હતો. વળી આ મંદવાડ આપે ગ્રહણ કર્યો છે તે કોણ જાણે કેમ થશે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''નારાયણપુરથી ધનજી ને તેના દીકરા અમને આહીં પૂછવા આવ્યા હતા જે, 'કારખાના લઈએ?' ત્યારે અમે કહ્યું જે, 'કારખાના મ રાખો, આ વર્ષમાં મંદવાડ બહોળો આવવાનો છે.' તે તેમને પૂછી જુઓ.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''બાપા! એમાં શું પૂછવું છે? એ તો જ્યારે આપે મંદવાડ ગ્રહણ કર્યો ત્યારે સર્વત્ર એમ હોય જ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા કે, ''એ તો શ્રીજીમહારાજ ધારે એમ કરે.'' પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજી આવ્યા. તેમને બાપાશ્રીએ કહ્યું જે, ''કેમ છે બાવા! તમારે જાવું છે કે રહેવું છે?'' ત્યારે તે બોલ્યા જે, ''અમારે તો જેમ સ્વામી કહે તેમ કરવાનું છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''મારે આપને મૂકીને

ક્યાંય જવું નથી.''

એ સાંભળી બાપાશ્રી અતિ પ્રસન્નતા જણાવી સ્વામીની દાઢીએ એક હાથ રાખી અને એક હાથ મસ્તક ઉપર રાખ્યો અને હલાવીને કહ્યું જે, ''આવા સાધુ ક્યાંથી મળે! પૂરી, રોટલી, દાળભાતના જમનારા તે અહીં મઠિયા જમે છે.''

એવી જ રીતે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ ત્રણે સંતો ઉપર અતિ હેત જણાવીને બોલ્યા જે, ''આવા સાધુ અક્ષરકોટિ સુધી ક્યાંય નથી. આ સાધુ મઠિયા જમીને મારી સેવા કરે છે. આવા સાધુ મઠ જમે ત્યારે મારે જુવાર જમવી જ પડે.'' એમ સંતોની અતિ પ્રશંસા કરીને આનંદ પમાડ્યો.

પછી બાપાશ્રી કૃપા કરીને એમ બોલ્યા જે, ''આ સભામાં સર્વે છે. મહારાજ, અનાદિમુક્ત, પરમ એકાંતિક, એકાંતિક સર્વે છે; પણ જીવને આમ સમજાય નહિ તેથી બીજી તાણ બહુ રહે. આપણે તો જે જોઈએ તે અહીં છે. મહારાજે એટલા સારુ જ પરમહંસના સમ ખાઈને કહ્યું છે જે, 'તમે દેખો છો, પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી.'''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''આજ મુક્તાનંદ સ્વામી અહીં હશે?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''હા.'' ત્યારે વળી પૂછ્યું કે, ''ક્યાં હશે?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''નામ ન કહેવાય. બધાયને જાણીએ તો તે ભેળા આફૂડા આવી જાય. સ્વામી હરિનારાયણદાસજી કેવડા હતા! તેમને પણ કેટલાક ઓળખતા નહિ.''

પછી સંતો સામું જોઈને અતિ કરુણા કરીને બોલ્યા જે, ''અનંત કોટિ બ્રહ્માંડમાં ફરી આવો; આવા સાધુ બ્રહ્મા, વિષ્ણુ, શિવથી લઈને મહાકાળ, વાસુદેવ તથા ઠેઠ અક્ષર સુધી ક્યાંય નથી; એથી પરના આ સાધુ છે. માટે સમજીને સુખિયા થાવું. બીજાં પદાર્થ બધાંય દુઃખરૂપ છે, પંચવિષય નાશવંત છે, તોપણ એ ધૂળનો વેપાર કરવા સૌ ખબાસાની

પેઠે મંડી જાય છે. કેમ જે ભગવાન ભજ્યા વિના બધોય ધૂળનો વેપાર છે. તે માયિક પદાર્થ સર્વે ધૂળનાં. તે જુઓને! આ ભુજમાં કેટલું અનાજ પાકે છે ને બહારથી પણ આવે છે. આખો ગઢ ભરવો હોય તો ભરાઈ જાય; પણ ગામની ભાગોળે ધૂળ ભેળું ધૂળ થઈ જાય છે. તેમાં કંઈ માલ છે? તે જ્યારે લડાઈ થાય છે ત્યારે કોઈ પાછું વાળીને જોતા નથી. પણ વિચાર કરે તો એક શેર અનાજ જોઈએ, એટલું પોતાને માટે છે તેમાં કેવાં કેવાં દુઃખ વેઠે છે! જુઓને! કોઈ કોઠારી થવા, ભંડારી થવા કે મહંત થવા વલખાં કરે છે. એવી માયા દુઃખરૂપ છે.''

તે સમે લાલજી ઊભો ઊભો ઊંઘતો હતો. તેને કહ્યું જે, ''લાલજી! બેસી જા; પડી જઈશ તો વાગશે.'' પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''એટલે છેટે દેખો છો?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''અમે તો બધેય દેખીએ.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! દેહ પહેલો દેખાડતા તેવો દેખાડો ને!''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમારે સેવા કરવા આવો રાખ્યો છે. તમે ઘણાં ખોખાંની સેવા કરી હશે, પણ આ સેવા મળે એવી છે? આ સેવા બહુ મોંઘી છે. આ તો કીડી-કુંજરનો મેળાપ છે.''

એમ વાતો કરી સંતોને કહ્યું જે, ''તમો ભુજમાં અન્નકૂટનાં દર્શન કરી બીજાં ગામોમાં હરિભક્તોને દર્શન દઈ ભારાસર આવજો, અમે પણ ત્યાં આવીશું.'' ॥૫॥

## વાર્તા ૬

સંવત ૧૯૮૩ના કારતક સુદ-૬ને રોજ સ્વામી ઈશ્વરચરણ-દાસજી આદિ સંતો ભારાસર આવ્યા ને બાપાશ્રી પણ ત્યાં પધાર્યા. બીજે દિવસે સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૧લું વચનામૃત વંચાતું હતું.

ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, ''માયા તે શું? તો આ દેહ છે

તે જ માયા છે. તેમાંથી હેત ટાળવું અને મૂર્તિમાં જોડાવું. મૂર્તિમાંથી તેજ હડડ હડડ નીકળે છે એવી એ મૂર્તિ છે, પણ મહિમા સમજવો જોઈએ. અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામી કેવડા મોટા હતા! અને તેમના શિષ્ય સ્વામી નિર્ગુણદાસજી પણ તેવા જ સમર્થ, તોપણ તેમની કેટલાક નિંદા કરતા; હવે તેમને સંભારે છે. આ સભામાં એવા હોય, પણ ઓળખાય તો કામ થાય.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''જાઓ નાહવા.'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''ભલે.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''મૂર્તિમાં નહાવું એ ખરું છે. કેટલાક સાધનમાં અધિક માલ માને છે અને પ્રત્યક્ષ ભગવાન તથા પ્રત્યક્ષ સંત તેને ઓળખે નહિ ને મૂર્તિમાં જોડાય નહિ; પણ મૂર્તિમાં જોડાવું એ જ ખરું છે. હરિજનો! આ વાત સર્વે સમજી રાખજો, મહારાજને તથા આ સંતને ઓળખજો. અમે આજે જઈશું.'' ત્યારે હરિજનો બોલ્યા જે, ''આજ તો રહેવું જોઈશે; કાલે પધારજો.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''કલ્યાણ કરશો તો કાલે પણ રહીશું. અમને ઓળખજો. અમે અક્ષરધામમાંથી તમને સર્વને ખણવા (લઈ જવા) આવ્યા છીએ. તે ખંપાળી નાખી છે, પણ ખંપાળી નાખતાંય કોઈ પડ્યા રહે તેનું શું કરવું? તે તો રહી જાય. માટે કોઈ રહેશો નહિ.'' ॥૬॥

## વાર્તા ૭

સંવત ૧૯૮૩ના કારતક સુદ-૮ને રોજ શ્રી ભારાસરના મંદિરમાં સવારે સભામાં વચનામૃત વંચાતું હતું.

તે વખતે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ગાય-વાછરડાની પેઠે હીંસોરા કરતાં આવીને ભેળા થાઓ છો તે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને મહિમારૂપી ભાતાં બંધાય છે. આ વખત સારો છે તે જાણી લેજો. 'પરમારથને કારણે પધાર્યા પૂરણકામ.' આજ સ્વામિનારાયણ ભગવાન પધાર્યા છે, તે આપણને મળ્યા છે. અમે

ડુંગરામાં રખડતાં આવીએ છીએ, પણ તમને દેખીએ છીએ ત્યારે શાંતિ થાય છે.''

ત્યારે સંત બોલ્યા જે, ''આપ જે કહો છો તે તો અમારે કરવાનું છે. અમને દયા કરીને મૂર્તિમાં ખેંચી લેજો.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''આપણે મૂર્તિનો આનંદ છે. આવા ભગવાન મળ્યા તે જરૂર ખેંચી લેશે. આપણે ભગવાન ભજી લેવા. આવા ગુરુ ને આવા ભગવાન પ્રત્યક્ષ મળ્યા છે. આ લાભ મોટો છે; તેનો આનંદ સદાય રાખવો.''

બીજે દિવસે ભારાસરના મંદિરમાં બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, ''હરિજનો! આ સંતો બધા અનાદિમુક્ત છે ને ભગવાનરૂપ છે. તે પ્રત્યક્ષ ભગવાનનો અનુભવ કરાવે છે અને અનુભવજ્ઞાન આપી સાક્ષાત્કાર કરાવે એવા છે એમ સમજજો. સત્સંગમાં કેટલાક સમજ્યા વિના સામસામા લડે છે. કોઈક તો અક્ષરથી બહાર નીકળતા જ નથી, એ તો અક્ષરમાં જ રહેવાના. આપણે તો આવા મુક્તનો જોગ રાખવો તો અનાદિમુક્ત થઈને મૂર્તિમાં રહેવાય.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, ''આ બધાને અનાદિ કરજો.'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આવશે તો અમારી નાય નથી.'' પછી હરિભક્ત બોલ્યા જે, ''અમે તો તમારા ચરણમાં છીએ, તો મહારાજનું સુખ અપાવજો.''

પછી સામતરાના ગોપાળ ભક્ત બેઠા હતા તેમને પૂછ્યું જે, ''તમે ક્યાં સુધી પહોંચ્યા છો? ત્યારે તે કહે જે, ''અક્ષર સુધી.''

પછી બાપાશ્રી બોલ્યા જે, '''અક્ષર પર આનંદઘન, પ્રભુ કિયો હે ભૂપર ઠામ' એ અક્ષરની સભા જુદી થઈ. આપણે તો અક્ષરથી પર મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છીએ. અહીં એક મંડળધારી આવ્યા હતા તે માથું કુટાવી કુટાવીને થકવી નાખ્યા, પણ માન્યું નહિ. એ બીજાનો શું ઉદ્ધાર કરીને મહારાજ પાસે લઈ જાય! સાકાર અક્ષરથી પર જે

મહારાજના તેજરૂપ અક્ષરધામ તેમાં રહ્યા જે શ્રીજીમહારાજ તે પોતે પધારે ત્યારે તેમને ઓળખીને તેમનો આશરો કરે તો એ અનુભવજ્ઞાન આપીને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી મૂર્તિમાં જોડી દે. કાં તો એ મૂર્તિમાં રહેનારા આવા અનાદિમુક્ત મળે તો એવી પ્રાપ્તિ કરાવે. તે વિના, સાધને કરીને એ સ્થિતિ પમાય નહિ. એવા મુક્તનો મહિમા તો અપાર છે. તે અ.મુ. સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં કહેલ છે જે, 'તમારા પરમહંસની મોટા મોટા દેવ તથા અક્ષરાદિક મુક્ત અને સર્વે અવતાર પ્રાર્થના કરે છે ને દર્શનને ઇચ્છે છે.' એવી જ રીતે વિધાત્રાનંદ સ્વામીએ કરેલ 'પુરુષોત્તમ નિરૂપણ' તથા 'ગોપાળાનંદ સ્વામીની વાતો'માં પણ મહિમા કહેલ છે."

પછી તે દિવસે રાત્રિએ ગાંગજી પટેલે કહ્યું જે, "બાપજી! અમારા રંક ઉપર બહુ દયા કરીને પધાર્યા અને અમને બહુ સુખિયા કર્યા, બહુ કૃતાર્થ કર્યા."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમે પથરામાં અને ભટુમાં ઊંટની ગાડીમાં પછડાતાં પછડાતાં આવ્યા તે જીવોનો ઉદ્ધાર કરવા આવ્યા છીએ. નહિ તો વૃષપુરના મંદિરમાં ઢોલિયામાં સૂતા હોઈએ નહિ! કોણ અમારો નિયંતા છે જે અહીં લાવે? બ્રહ્મા નથી, વૈરાજ નથી, પ્રકૃતિપુરુષ નથી, મહાકાળ નથી, વાસુદેવબ્રહ્મ નથી, અક્ષર નથી. એક શ્રીજીમહારાજ જ નિયંતા છે. એવડા મોટા અમે છીએ અને એવડા લાંબા અમારા હાથ છે, એ અક્ષરધામમાંથી અમે આવ્યા છીએ."

પછી બોલ્યા જે, "આ મૂર્તિ ને આ સંત તે અનાદિ કરે એવા છે. આજ તો ખંપાળી નાખવા આવ્યા છીએ. તે જેમ લાંપડામાં ઝાકળ પડે તે ભીનું કરે, પછી ખંપાળી ફેરવે તે બધું તણાઈ આવે; તેમ આ સંત ભીના કરે છે. અમે ભેળા કરીએ છીએ એટલે મહારાજની મૂર્તિમાં લઈ જઈને સુખિયા કરીએ છીએ; તેમાં વળી કોઈ તરણું હેઠે પડી જાય તો પડ્યું રહે; તેમ કોઈ ન માને તો પડ્યા રહે છે."

પછી આશાભાઈ પૂજા કરીને આવ્યા ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આશોબાપો પરવાર્યા તે કાંઈક નવા-જૂનું થવું જોઈએ એટલે અહીંથી ચાલવાનું થાય તેમ જણાય છે.” પછી એમ બોલ્યા જે, “આ સાચો સેવક છે.” ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે કે, “આપને જોગે એ પણ મુક્ત થયા છે.” પછી બાપાશ્રી બોલ્યા જે, “શામળભાઈએ આપણે વિષે જીવ જોડ્યો છે તો હેત બહુ રાખે છે.”

એમ કહી બાપાશ્રી સંત-હરિજનો સહિત નાહવા પધાર્યા અને ત્યાંથી નારાયણપુર પધાર્યા. ॥૭॥

## વાર્તા ૮

સંવત ૧૯૮૩ના કારતક સુદ-૧૧ને રોજ શ્રી નારાયણપુરના મંદિરમાં સભામાં પ્રથમ પ્રકરણનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં તીર્થક્ષેત્રની વાત આવી.

ત્યારે બાપાશ્રી ‘अन्य क्षेत्रे कृतं पापं’ એ શ્લોક બોલ્યા અને કહ્યું જે, “આ તીર્થક્ષેત્ર. અહીં આવીને જે મહારાજનો અને અનાદિમુક્તની સભાનો અવગુણ લે તે તીર્થક્ષેત્રનું પાપ છે તે વજ્રલેપ થાય, પછી તેનો ક્યાંય પત્તો લાગે નહિ. જેને આ વાતની ખબર ન હોય તે અવગુણ લે.”

“અ.મુ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી ઠેઠ મૂર્તિમાં ગતિ કરે, કરાવે, અને મૂર્તિમાં રમે; એવા મોટા તેમને મંદવાડ આવ્યો ત્યારે બે સાધુ બાવડાં ઝાલે તે ઉંબરો આવ્યો ત્યારે અટકી રહ્યા. ત્યારે સાધુ કહે, ‘સ્વામી! કેમ પગ ઉપાડતા નથી? વાતો તો ઠેઠ અક્ષરધામ અને તેથી પર મૂર્તિમાં રસબસ રહેવાની કરો છો, કેટલાયને મૂર્તિમાં મૂકી દો છો અને પગ તો ઊપડતો નથી.’ એમ બોલ્યા. પણ મોટા તો હજારો જીવોના આત્યંતિક કલ્યાણ માટે મંદવાડ ગ્રહણ કરે છે. સાજા હોય તો તુંબડી પણ હાથે ભરે, પણ કોઈને ભરવા ન દે. આ તો મંદવાડ ગ્રહણ કરીને સેવા અંગીકાર કરે છે. માટે મોટાના મંદવાડ એવા છે. પણ એ

તો મૂર્તિમાં રસબસ રહેતા હોય તેની ખબર ન હોય, પણ મંદવાડ જણાવે ત્યારે એમ જ હોય. અમારે પણ મંદવાડનું આ વર્ષમાં એવું થયું છે. મોટા મંદવાડ ગ્રહણ ન કરે તો એમની સેવા ક્યાંથી મળે? એટલા સારુ આ મંદવાડ ગ્રહણ કર્યો છે. આ દેહ એવો જ છે, પણ મહિમા સમજાય તો કાંઈનાં કાંઈ કામ થઈ જાય. અમને ધનજીભાઈએ આગ્રહ કર્યો, પણ મંદવાડને લઈને ઘેર જવાણું નહિ.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''આપને ક્યાં દેહ છે?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સમજવાનું તો એમ જ છે. મહારાજ ને મોટા તો સદા દિવ્ય જ છે. શ્રીજીમહારાજે અમદાવાદની ચોરાસી કરી તે પ્રવૃત્તિને ટાળવા ઠેઠ ગણેશધોળકાની રાણ્યોમાં રહ્યા તે અધિક કે ઉત્સવ-સમૈયા કરવા તે અધિક?''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''સમૈયા તો સાધારણ મુમુક્ષુના સમાસને અર્થે છે. મૂર્તિમાં તો અનાદિમુક્ત પહોંચાડે. સમૈયામાં તો વૃત્તિ ફેલાઈ જાય.''

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, ''પામર, વિષયી તથા મુમુક્ષુને મૂર્તિમાં કોણ લઈ જાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અનાદિમુક્ત લઈ જાય. અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીએ ગઢડાના મંદિર ઉપર ચડીને સંકલ્પ કર્યો જે પ્રલય કેમ થાતો હશે! ત્યાં તો ઝાડ અને ઘર ધબોધબ પડવા લાગ્યાં તેથી સ્વામીશ્રીએ તુરત સંકલ્પ બંધ કર્યો, એવા મહાસમર્થ હતા. એવાની સાથે જીવ જોડે તો તે મૂર્તિમાં લઈ જાય.'' ॥૮॥

## વાર્તા ૯

સંવત ૧૯૮૩ના કારતક સુદ-૧૧ને રોજ સાંજના સભામાં પ્રથમ પ્રકરણનું ૨જું વચનામૃત વંચાતું હતું, તેમા વૈરાગ્યની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પ્રકૃતિ પર્યંત સર્વે ખોટું છે તેને ખોટું કરે તે પણ વૈરાગ્ય; અને પ્રકૃતિ પર અક્ષર પર્યંત જે સાચું છે તેને પણ ખોટું કરવું તે વૈરાગ્ય ખરો કહેવાય. તેમ જ જ્ઞાન પણ ઘણાં પ્રકારનાં છે, પણ અનુભવજ્ઞાન થાય તે ખરું. મૂર્તિમાં રસબસ રહેવું તે અનુભવજ્ઞાન કહેવાય. 'રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પયમાંહી ભળી' એમ મૂર્તિમાં જ રહેવું, પણ બહાર નીકળવું જ નહિ. મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ; કાંઈ જોઈએ નહિ. ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક કોઈ સાધનની ખખા રહે નહિ. મૂર્તિ વિના બીજી કાંઈ સ્મૃતિ જ નહિ. કોઈ પ્રકારનો ઠરાવ જ નહિ; એક મૂર્તિ જ રહે. આપણને કોઈ કહે કે, 'આવો ભક્ત!' ત્યારે એમ સમજવું કે આપણે ભક્ત સંજ્ઞામાં નથી, આપણી તો મુક્ત સંજ્ઞા છે; અનાદિમુક્ત છીએ. એ બે સંજ્ઞા આપણી છે. પાર્ષદ ધોળે લૂગડે હોય તેને ભક્ત કહે છે, પણ અંતરમાં આપણે મુક્ત સમજવા. તમે સાધુ છો તે તમને કોઈ ભક્ત કહે તો કેવું લાગે? માટે આપણે તો તેમને મુક્ત સમજવા. એ સાધુ થાશે ત્યારે તેમને સાધુ કહેવાશે, પણ ભક્ત નહિ કહેવાય; માટે સાધુને પણ મુક્ત કહેવા. સાધુ ધામમાં જાય તો 'મુક્ત ધામમાં પહોંચ્યા' એમ કહેવું તે ઉત્તમ છે."

પછી પ્રથમ પ્રકરણનું ૪થું વચનામૃત વાંચ્યું, તેમાં નારદજીની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "નારદજી દ્વારકા કેમ ગયા હશે?"

ત્યારે સંત બોલ્યા જે, "શ્રીકૃષ્ણ મથુરાથી દ્વારકા ગયા, ત્યારે નારદજી પણ સાથે ગયા હતા."

પછી બાપાશ્રી બોલ્યા જે, "અહીં એક સાધુ અમદાવાદથી દ્વારકા જવા આવ્યા હતા. તેમને અમે સમજાવ્યા, પણ માન્યું નહિ ને બોલ્યા જે, 'મહારાજની આજ્ઞા છે.' પછી અમે કહ્યું જે, 'દ્વારકાનો અર્થ શ્રીજીમહારાજે એવો કર્યો છે જે દ્વારકા તો જ્યાં મોક્ષનું દ્વાર ઊઘડે ત્યાં

જાણવું. તે આવા મોટા જ્યાં હોય તેનાં દર્શન-સમાગમ થાય ત્યાં દ્વારકા જાણવું. અને સંત મોક્ષનું દ્વાર ઉઘાડે એટલે મોક્ષ કરે, ત્યાં દર્શને જાવું. આવું મોટાના સમાગમથી સમજાય.''

પછી પ્રથમ પ્રકરણનું ૬૩મું વચનામૃત વંચાતું હતું તેમાં નિશ્ચયમાં કસરની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાન દિવ્ય ચરિત્ર કરે ત્યારે આનંદ થાય, પણ જ્યારે પ્રાકૃત ચરિત્ર કરે ત્યારે અંતરમાં મૂંઝાય અને એમ સંકલ્પ કરે જે ભગવાન હશે કે નહિ હોય!''

પછી પરિપક્વ નિશ્ચયની વાત આવી. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''બાપા! આમાં બાઈઓને સીતા, રુક્મિણી, લક્ષ્મી જેવી કહી; અને ભાઈઓને વૃંદાવનના ગોપ જેવા કહ્યા તે ગોપમાં શ્રીકૃષ્ણ આવી ગયા કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''હા, આવી ગયા.''

પછી ખીમજીભાઈએ પૂછ્યું જે, ''બાપા! મહામુનિ કહે છે તે કોને કહેવાય?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''મોટા હોય તે ઉત્તર કરો.'' પછી ખીમજીભાઈ બોલ્યા જે, ''મોટા તો આપ છો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત તે મહામુનિ કહેવાય છે. તે પ્રેમાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છેઃ 'મહામુક્ત મુનિને સાથે લાવિયા રે લોલ, જેનાં દર્શન કર્યાથી પાપ જાય' તે મહામુનિ આ સંત. 'મહામુક્ત પૂજે જેની પાદુકા રે લોલ' તે આ મહામુનિ મહાપ્રભુજીની પાદુકા પૂજે છે.''

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, ''બાપા! ગરીબ કેને કહેવાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યાઃ ''શ્રીજીમહારાજની આજ્ઞા ને વચન ઉપર નિષ્ઠા હોય એ ગરીબ. લોકમાં તો નિર્ધન જેવાને ગરીબ કહેવાય છે. પણ આપણે તો અજ્ઞાની જીવના ઉપદ્રવને સહન કરનારા ભગવાનના

ભક્ત કે સાધુ હોય, તેને ગરીબ જાણવા.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! આપની જન્મતિથિ નિમિત્તે ભુજમાં આપે રસોઈ બાંધેલી છે તે બ્રહ્મયજ્ઞમાં સંતો ત્યાં જમશે અને અહીં આપના સેવકોને મૂર્તિમાં જોડી દો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આજ કૃપાસાધ્ય ભગવાન છે તે કૃપા અપાર કરે છે, પણ તમારે સર્વેને મૂર્તિમાં જોડાવું પડશે. તમે મહારાજની મૂર્તિમાં જોડાઓ; અમે સુખ અપાવીશું.'' એમ વર આપ્યો.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''સુખ અપાવીશું એમ આપ કહો છો તે અહીં જેને ગુરુ કર્યા હોય તે ત્યાં સુખ અપાવતા હશે કે મહારાજ પોતે આપતા હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ગુરુ મહારાજની મૂર્તિમાં લઈ જાય પછી સુખ મહારાજ આપે, પણ વચમાં અપાવનાર કોઈ નથી. એ તો જેવા ગુરુ હોય તેવો પોતે જ થાય. જેમ ગુરુ મૂર્તિનું સુખ ભોગવે છે તેમ એ પણ ભોગવે.''

પછી બાપાશ્રી ધનજીભાઈને ઘેર જમવા પધાર્યા તે જમીને પાછા મંદિરમાં આવ્યા. પછી સ્વામી શ્વેતવૈકુંઠદાસજીને કહ્યું જે, ''આ અમારા પુરાણી.'' અને સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને કહ્યું જે, ''આ અમારા તાબેદાર.'' અને સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું જે, ''આ અમારા ગુરુ.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીને કહ્યું જે, ''તમારા ગુરુ કોણ?'' ત્યારે તે કહે જે, ''યજ્ઞપુરુષદાસજી.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''એ નહિ. તમારા ગુરુ તો અ.મુ. મહાનુભાવાનંદ સ્વામી. તે તો મહાપ્રતાપી હતા. તમે પણ એમના આશીર્વાદથી ગાદીતકિયે બેસનારા સદ્‌ગુરુ થયા તે તમે છેડો સુધાર્યો છે.'' 'હમ સબ જાનતા હે' એમ રમૂજ કરી.

પછી બાપાશ્રી તથા સર્વે સંત-હરિજનો વૃષપુર પધાર્યા. ત્યાં

રામજી દેવજી સામો આવીને બાપાશ્રીને પગે લાગ્યો.

તેને બાપાશ્રીએ પૂછ્યું કે, "તને તાવ આવે છે?" ત્યારે તે કહે કે, "આવતી કાલે વારો છે; એકાંતરિયો છે." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ગામમાં પણ તાવ બહોળો છે અને ભારાસરમાં પણ બહોળો હતો." પછી સ્વામીએ કહ્યું જે, "આપે ગ્રહણ કર્યો તેથી બ્રહ્માંડમાં સર્વત્ર મંદવાડની પ્રસાદી વહેંચાઈ છે."

પછી બાપાશ્રીએ ડૉ. નાગરદાસભાઈનો વિરમગામથી કાગળ આવેલ હતો જે મારી ઈસ્પિતાલમાં સવાર-સાંજ દરદીનો મેળો ભરાયો રહે છે તે વાત કરી. પછી સ્વામીશ્રી બોલ્યા જે, "હવે આપે મંદવાડ દૂર કર્યો તેથી સર્વત્ર શાંતિ થઈ જશે."

એ સમયે બાપાશ્રીએ નાગરદાસભાઈની પ્રશંસા કરીને કહ્યું જે, "એ બહુ હેતવાળા છે ને મહિમા જાણે છે ને તન-મન-ધનથી સત્સંગની સેવામાં તત્પર છે." ॥૯॥

## વાર્તા ૧૦

સંવત ૧૯૮૩ના કારતક સુદ-૧૪ને રોજ શ્રી વૃષપુર મધ્યે સવારે સભામાં પ્રથમ પ્રકરણનું ૫૮મું વચનામૃત વંચાતું હતું. તેમાં રાંક હોય તે રાજા થાય એમ આવ્યું. ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જેઃ "બાપા! એનો અર્થ કેવી રીતે સમજવો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "વચનામૃતના શબ્દ દ્વિઅર્થી છે. તેમાં પરભાવ તથા અવરભાવ જાણવો જોઈએ. મહારાજની મૂર્તિમાં તથા હજૂરમાં રહે તે રાજા જાણવા. આ પરભાવનો અર્થ છે. બીજો અવરભાવનો અર્થ એ છે જે આ લોકનું રાજ્ય મળે તે પણ રાજા કહેવાય, પણ તે તો રાંક જ છે. જ્યાં સુધી કામ, ક્રોધ, લોભ, માન આદિક દોષનો દોર્યો દોરાય ત્યાં સુધી રાંક અને એ દોષને જીતીને વશ કરે ને એથી રહિત થાય તે રાજા કહેવાય. આ અવરભાવનો અર્થ છે. પરભાવમાં તો કાળ કર્મ, માયા આદિક સર્વેથી રહિત થઈને મૂર્તિનો

સાક્ષાત્કાર કરવો જોઈએ.''

પછી પ્રથમ પ્રકરણનું ૫૯મું વચનામૃત વંચાવ્યું, તેમાં શુભ-અશુભ દેશકાળના હેતુ શુભ અને અશુભ બે પ્રકારના પુરુષ છે એમ આવ્યું.

ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, ''અમદાવાદની સભામાં ખોરજના શંભુજી ગરાસિયા પોક મૂકીને રોવા લાગ્યા ત્યારે અમે પૂછ્યું જે, 'કેમ રુવો છો?' ત્યારે તે બોલ્યા જે, 'આગળ મોટા મોટા સદ્‌ગુરુઓ અને ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ હતા તે જોયું છે અને આજ આવું જોઈને રોઉં છું જે કોઈકને મારે છે, લડે છે, અને ભડાભૂટ કરે છે, એ દહાડા આવ્યા.'''

પછી પ્રથમ પ્રકરણનું ૨૫મું વચનામૃત વંચાતું હતું, તેમાં છક ન રાખવો એમ આવ્યું. ત્યારે સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જેઃ- ''તે છક કેમ જાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''નિશ્ચય હોય તો છક ન આવે.'' ॥૧૦॥

## વાર્તા ૧૧

સંવત ૧૯૮૩ના કારતક સુદ-૧૫ને રોજ શ્રી વૃષપુર મધ્યે સવારે સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જેઃ- ''વ્યતિરેક મૂર્તિમાં અનાદિમુક્ત રહ્યા છે તેમને બોલવા-ચાલવાનું હશે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''દિવ્ય મૂર્તિમાં રહ્યા તેમાં બોલવાનું-જોવાનું છે તે બધું મહારાજનું છે. એકાંતિકને વિષે પણ મહારાજ સર્વે ક્રિયા કરે છે તો અનાદિને તો કાંઈ પણ ક્રિયા હોય જ શાની? એ તો મૂર્તિના સુખમાં લુબ્ધ હોય તેથી બીજું કાંઈ કરતા જ નથી. એવી સ્થિતિ ન થઈ હોય તેનાથી મહારાજની આજ્ઞા પળતી નથી; અને આજ્ઞા પાળ્યા

વિના મહારાજનો રાજીપો થતો નથી. કેટલાક તો વ્યસનમાં અને દ્રવ્યમાં આસક્ત હોય, પણ એ ખોટને ઓળખે નહિ. સત્સંગમા પચાસ-સાઠ વર્ષ થયાં હોય તોય પણ પ્રાયશ્ચિત કરે નહિ તો તેને શું સરવાળો રહે? જે માને તેને કહેવાય, પણ બીજાને ન કહેવાય. જો કહીએ તો મારે ધોકા. પહેલા ઊઠે ત્યારે ચા પીએ, પછી કરે દાતણ, પછી જાય નહાવા અને પછી કરે પૂજા.''

''અમારા ગામમાં બ્રાહ્મણ એકાદશીને દિવસે જમતો હતો, તેને કહ્યું કે, 'આજ એકાદશી છે અને કેમ જમો છો?' ત્યારે કહે જે, 'ભૂલ્યા.'''

''એક વખત અમે મુળીએ ગયા હતા. ત્યારે એક માણસ દેગડું ભરીને ચા અમારી પાસે લાવ્યો અને કહ્યું જે, 'આ બધાને પાઓ.' ત્યારે અમે કહ્યું જે, 'આ કોઈ પીએ તેવા નથી.' તોપણ આગ્રહ મૂક્યો નહિ. ત્યારે અમે કહ્યું જે, 'એવું અભરું કોણ પીએ?' ત્યારે તે કહે જે, 'અભરું કેમ કહો છો?' ત્યારે અમે કહ્યું જે, 'એમાં અશુદ્ધ વસ્તુની મેળવણી આવે છે. માટે તે સત્સંગીથી તો પીવાય જ નહિ.' તોપણ કેટલાક ત્યાગી પીએ છે; તે બહુ ખોટું કરે છે. તેમાં મહારાજની આજ્ઞા લોપાય છે.''

પછી બોલ્યા જે, ''જામનગરમાં પણ એક જણે કેટલાકને ચા પાયો હતો તે બધાને અમે ઉપવાસ કરાવ્યો. અહીં કચ્છમાં તો અમે ચાની બંધી કરી છે. અમે આગળ સત્તાવનની સાલમાં મુળીએ ગયા હતા, ત્યારે પણ મુંબઈવાળા મોતીલાલભાઈ સૉલિસિટર ચા પાવા આવ્યા હતા ત્યારે પણ અમે કહ્યું જે, 'એ ચા અમે ન પીએ.' કેટલાક સંતો હરિભક્તોને ચા પાય છે, એ પાપ શું કરવા ઘાલતા હશે? એમાં તો કામ, ક્રોધ, લોભ, માન, એ આદિક દોષ વધે. કામરૂદેશના માણસ ઠગારા તે આવે ત્યારે પોતાની ક્રિયા કરે, એવાની વાત શું કરવી! તે વર્તમાન શું પાળતા હશે! અને શું ભક્તિ કરતા હશે! એવા આ દિવ્ય

સભામાં આવીને બેઠા હોય તોપણ લાભ લઈ શકે નહિ. તમને તો અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં નિમગ્ન રાખીને મૂર્તિનું સુખ ભોગવાવે એવા અનાદિમુક્ત મળ્યા છે, તેથી તમારે તો જીતનો ડંકો વાગી ગયો છે.''

તે જ દિવસે સાંજના બાપાશ્રી નાહીને ખુરસી પર તડકે બેઠા, પછી છાતી તથા પેટ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, ''હવે જુઓ! શરીર સારું થઈ ગયું જણાય છે.'' એમ અતિ પ્રસન્નતા જણાવી. ॥૧૧॥

## વાર્તા ૧૨

સંવત ૧૯૮૩ના કારતક વદ-૧ને રોજ સવારે ચાર વાગ્યા ટાણે બાપાશ્રી નાહી, પૂજા કરી ઢોલિયા ઉપર બેઠા હતા અને સંત-હરિભક્તો સેવા કરતા હતા.

તે સમયે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આવી સેવા કોઈને મળતી નથી. આ સેવા ને આ વસ્તુ તમને મળી છે તેથી તમારા જેવાં કોઈનાં ભાગ્ય નથી. આ સેવા દિવ્ય છે. બીજા ઘણા જાડા ને બળવાન ને વીશ ગાઉ ચાલી શકે તેવા હોય, કેટલાક મોટા મોટા ઉત્સવ, સમૈયા ને યજ્ઞ કરે એવાય હોય, પણ આ સેવા વિના બધુંય કાર્ય છે ને વાચ્યાર્થ છે. જો લક્ષ્યાર્થ હોય તો શ્રીજીમહારાજ કાંકરિયે ચોરાસી કરીને શું કરવા ચાલી નીસરે? માટે કાર્યમાં શાંતિ નથી. શ્રીજીમહારાજ ગણેશધોળકા જઈને રહ્યા ત્યારે શાંતિ થઈ. મૂર્તિમાં શાંતિ છે, બીજે શાંતિ નથી. માટે મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું. આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે. તમે કારણને ઓળખીને તે સેવા કરો છો. 'તમે છો કારણના કારણ જીવન જાણું છું.' એમ મહારાજ ને મુક્ત બે કારણ છે.''

પછી આશાભાઈની પ્રશંસા કરીને કહ્યું જે, ''જેમ પર્વતભાઈના સેવક રાજાભાઈ હતા, તેમ આ અમારો રાજોભાઈ છે.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જેઃ- ''આત્મા તો મૂર્તિમાં

રહ્યો છે અને દેખાવ તો શ્રીજીમહારાજનો છે, ત્યારે કોઈ દંડવત કરે તે તો મહારાજને કરે છે તેને આપણાથી 'રાખો' એમ કેમ કહેવાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અમે ગઢડા ગયા હતા તે કોઠારમાં રહેલા એક અધિકારી આસને બેઠા હતા. ત્યાં સાધુ આવ્યા ને દંડવત કરીને થાકી ગયા તોપણ 'રાખો' એમ તે ન બોલ્યા; એટલે સાધુએ થાકીને પડ્યા મૂક્યા; એમ ન કરવું. 'રાખો' એમ તો કહેવું. એ રૂઢિ મૂકી દેવી નહિ. મૂર્તિમાં રસબસ રહેવું. આ સેવા-સમાગમ જેવું કોઈ સાધન નથી. અતિ મોટાં ભાગ્યવાળાને આવી સેવા મળે છે.''

એમ કહીને સર્વેને માથે હાથ મૂકીને બોલ્યા જે, ''હવે તમે જશો ત્યારે અમને આવા સાધુ ક્યાંથી મળશે! આવા સાધુ કોઈ બ્રહ્માંડમાં નથી.'' એમ સંતો ઉપર અતિ પ્રસન્નતા જણાવી. ॥૧૨॥

## વાર્તા ૧૩

સંવત ૧૯૮૩ના કારતક વદ-૨ને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૩૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં પોતાના સાથળને વિષે ઝાડનો ખાંપો લાગ્યો હતો એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સ્વામી વૃંદાવનદાસજીને ભારાસરમાં મંદવાડ આવ્યો હતો તે જ્યારે નારાયણપુર જવા નીકળ્યા ત્યારે મટી ગયો.''

ત્યારે કરસન હરજીએ પૂછ્યું જે, ''બાપા! સ્વામીને શું મંદવાડ હતો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજની આજ્ઞા એવી છે કે ત્યાગી હોય તેને પોતાની જન્મભૂમિમાં ન જાવું; તેથી સ્વામી ભારાસરમાં જતા નહિ. પણ હરિભક્તોએ અમને બહુ પ્રાર્થના કરી જે, 'દયા કરીને સ્વામી સહુને દર્શન દેવા પધારે તો ઠીક.' ત્યારે અમે આજ્ઞા કરીને ભેગા લીધા. અમારા વચને આવ્યા તો ખરા, પણ રુચિ નહિ;

તેથી શરીરમાં મંદવાડ હોય એમ જણાવ્યું. તે જ્યારે ભારાસરથી ચાલ્યા અને નારાયણપુર આવ્યા ત્યારે સાજા થયા હોય એમ લાગ્યું. આમ, મોટા સંત રુચિ જણાવે તે તો બીજાના સમાસને અર્થે હોય.'' એમ ઘણીક વાતો કરીને સમાપ્તિ કરી.

તે વખતે વાંટાવદરથી સોમચંદભાઈ, અમૃતલાલભાઈ, તથા શિવલાલ આદિ દર્શને આવ્યા. સાથે ભૂરાભાઈ તથા મનસુખભાઈનો કાગળ લાવ્યા હતા તે સ્વામીએ બાપાશ્રી પાસે વાંચ્યો, તેમાં શિવલાલને શરણે લેવાની પ્રાર્થના હતી તે સ્વીકારી. પછી બન્ને સદ્‌ગુરુઓએ સહિત તેનો હાથ ઝાલી વર્તમાન ધરાવી, તેના ગુના માફ કર્યા અને તેનું કાંડું ઝાલીને બોલ્યા જે, ''અનંત કોટિ બ્રહ્માંડમાં સ્વામિનારાયણ ભગવાન વિના આમ ગુના માફ કરનાર કોઈ છે?''

પછી સોમચંદભાઈની પ્રશંસા કરી જે, ''આ પંડ્યો અમે પ્રમાણ કર્યો છે. તે ઠાવકો પંડ્યો છે.'' એમ કહીને બોલ્યા જે, ''આ પંડ્યાનો ને લાલુભાઈનો જોગ કરજે અને મહારાજની આજ્ઞામાં રહેજે.''

પછી એ ત્રણે હરિભક્તોએ બાપાશ્રીની પૂજા કરી મગફળી, ટોપરા, ખારેકોના હાર પહેરાવ્યા અને હથેલીમાં કુંકુમ લઈને ભાલમાં મોટો ચાંદલો કર્યો. તે વખતે બાપાશ્રીનું નવીન દર્શન થતું હતું.

તેથી સ્વામી વૃંદાવનદાસજી રમૂજે યુક્ત વચન બોલ્યા જે, ''અબધૂત જોગી કહાંસે આયે હો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, '''સૌને વશ કરું રે, સૌનો કારણ હું ભગવાન.' યહાં સે આયે હે. યે મૂર્તિ હમેરે ખાવંદ હે.''

થોડીવાર પછી તડકે આવી ખુરશી પર બેઠા. ત્યાં સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી આવ્યા. પછી સ્વામી વૃંદાવનદાસજી પાસે બેસી શિક્ષાપત્રીનો પાઠ કરવા મંડ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સ્વામી! વાંચો.''

ત્યારે સ્વામીશ્રી એક શ્લોક બોલીને અર્થ કરવા લાગ્યા.

પછી બાપાશ્રી બોલ્યા જે, “આ શિક્ષાપત્રી તે અમારું પકડ છે, આ પકડથી તમને પકડાય. આમાંની કઈ આજ્ઞા પળાય છે તે ખબર પડે. તરબી જાણું, ઢબબી જાણું; ઓસાણ નહિ આયા, તે આ ઓસાણ છે. કોઈક શાસ્ત્રી આવ્યો હોય તો તેને કહીએ કે આ તમે પાળો છો કે નહિ? એમ પકડીએ.”

પછી સર્વેને પ્રસાદી વહેંચીને બોલ્યા જે, “લો લો.” એમ કહીને પ્રસાદી આપતાં કીર્તનની ટૂંક બોલ્યા જે, “નહિ આવે ફેરી, નહિ આવે ફેરી; આ અવસર નહિ આવે ફેરી.”

પછી બપોરના બે વાગે સંત-હરિજનો સહિત બાપાશ્રી નાહવા ગયા. ત્યાં ધરામાં સંત-હરિભક્તોએ સહિત નાહી પરસ્પર મળ્યા ને ત્યાં બેસી સર્વેએ માનસી પૂજા કરી. પછી નારાયણપુરના હરિભક્તોની પ્રાર્થનાથી પરબાર્યા સંત-હરિજનોએ સહિત બાપાશ્રી નારાયણપુર પધાર્યા. ॥૧૩॥

## વાર્તા ૧૪

સંવત ૧૯૮૩ના કારતક વદ-૩ને રોજ સવારે નારાયણપુરના મંદિરમાં સભામાં વચનામૃતની કથા વંચાતી હતી.

તે વખતે બાપાશ્રીએ સંતોને પૂછ્યું જે, “તમે ન્યાલકરણને ઓળખ્યા છે?”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “હા, મહારાજ ન્યાલકરણ છે.”

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, “વાહ રે વાહ! જેવા સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી! તેવા જ સ્વામી નિર્ગુણદાસજી! તે અમારા ગુરુ હતા. એ સ્વામીએ આ ઈશ્વર બાવાને મેળવી દીધા એટલે અમને ઓળખાવ્યા. બીજા તો હતા, પણ તે સ્વામીનુંય માનતા નહોતા.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને બોલ્યા કે, “સ્વામી! ન્યાલ કર્યો તે તમે કચ્છમાં આવ્યા. સાજું બ્રહ્માંડમાં ફરી આવો તોય આવા સંત ક્યાંય ન મળે. આ સંતનાં દર્શન પણ દુર્લભ છે, આ સંત સાંભરે તો મૂર્તિ સાંભરે. ન્યાલ કર્યો! મને ન્યાલ કર્યો! બીજા તો એનું એ જાણે. હવે આપણે ચાર દિવસમાં વિયોગ થાશે.”

પછી સંતોએ કહ્યું જે, “બાપા! વિયોગ થવા દેશો નહિ. સદાય આવાં ને આવાં દર્શન દેજો.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “બહુ સારું મહારાજ! આમ ને આમ કથા-વાર્તા કરજો.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “આપ અમારા ભેળા રહી કથા-વાર્તા કરાવજો અને કૃપા કરી મૂર્તિના સુખમાં જોડી દેજો.”

ત્યારે બાપાશ્રી કહે જે, “બહુ સારું.” પછી એમ બોલ્યા જે, “મોટાની કૃપા તો જોઈએ; કૃપા વિના કાંઈ કામ ન થાય. આ વસ્તુ ઓળખવી તે બહુ ઓંઝી (કઠણ) છે. પોતાની મેળે ઓળખાય એવી નથી. કેવા સ્વામિનારાયણ ભગવાન! કેવા આ સાધુ! કેવી આ પ્રાપ્તિ! આ તો બહુ જબરી વાત છે. હવે આપણે દિવસ બે કે ત્રણ રહ્યા. તો આપણે શું કરવાનું! સદા ભેળું રહેવાય, નોખું કોઈ દિવસ ન પડાય એ કરવાનું. આ બધી બ્રહ્મની મૂર્તિઓ છે, પણ એવો મહિમા સમજાય તો.”

પછી દેવરાજભાઈને કહ્યું જે, “આ જણસ કેવડી! તે પામવી છે. એને એવા મોટા પુરુષ ઓળખાવે. આવા ન ઓળખાય તો કામ ન સરે; અને ઓળખાય તો કાંઈ બાકી ન રહે.”

પછી કહે, “સ્વામી નિર્ગુણદાસજી કેવા! સ્વામી હરિનારાયણદાસજી કેવા! જાણે બ્રહ્મની મૂર્તિઓ ઊભી હોય ને શું!”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે જે, “તમે કોઈકમાં પ્રવેશ કરો તો એવા થાય.”

પછી બાપાશ્રી બે સદ્‌ગુરુ પ્રત્યે બોલ્યા જે, “તમોએ આ એક દેવરાજભાઈને સાજા કરી દીધા એટલે દિવ્યભાવ સમજાવ્યો તેથી અમને આનંદ થયો છે.”

પછી દેવરાજભાઈએ પ્રાર્થના કરી જે, “બાપા! મારી ભૂલ માફ કરો. આ સંતે બહુ દયા કરી મને ઉગાર્યો ને મહિમા સમજાવી તમારી ઓળખાણ પડાવી. હવે મને સદાય ભેળો રાખજો.”

ત્યારે બાપાશ્રી કહે જે, “તમે તો મારી જોડ છો.” એમ કહીને હાર પહેરાવીને બહુ જ રાજી થઈ માથે હાથ મૂક્યા ને સંતોને આજ્ઞા કરી જે, “એને માથે હાથ ફેરવો.” ત્યારે સર્વેએ હાથ ફેરવ્યા તેથી તેમણે રાજી થઈ દંડવત કર્યા. એવી રીતે ખીમજીભાઈએ પણ પ્રાર્થના કરીને ભૂલ માફ કરાવી.

ત્યારે તેમને બાપાશ્રીએ કહ્યું જે, “સદાય આવો ને આવો દિવ્યભાવ રાખજો.” પછી બોલ્યા જે, “આ કાંઈ અમારી મોટપ સારુ નથી કહેતા. અમે તો સર્વેના સેવક છીએ, પણ તમારું સારું થાય તે સારુ વાત કરીએ છીએ. તમે મહારાજ અને આવા સંતને ઓળખજો અને સદાય દિવ્યભાવ રાખજો.” ॥૧૪॥

## વાર્તા ૧૫

સંવત ૧૯૮૩ના કારતક વદ-૭ને રોજ સવારે નારાયણપુરના મંદિરમાં વચનામૃતની કથા વંચાતી હતી, એવામાં ઝીણાભાઈ વૃષપુરથી આવ્યા.

તેમને બાપાશ્રીએ પૂછ્યું જે, “મકડ (તીડ) આવ્યાં હતાં તે છે કે ગયાં?” પછી તે કહે જે, “ઊગમણાં ગયાં જણાય છે.” ત્યારે બાપાશ્રી કહે, “ડુંગરા ઉપર ગયાં છે?” તો કહે જે, “હશે ખરાં.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા! આપ સર્વે જાણો છો, ને એ બિચારાને કેમ પૂછો છો? બધી આપને ખબર તો છે.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “અમારે બેય જોઈએ. મહારાજ અને મુક્તની લીલા નટની માયા જેવી છે. આ લોકના ભેળા વર્તીએ અને કુટાઈએ. આપણી વાત અમે ને તમે જાણીએ. બીજા શું જાણી શકે? બીજાને ન જણાવીએ. આ લોકના ભેળું આ લોકનું રાખીએ. અમારે મોલ વાવવો ખપે, હજાર-પંદરસોનું બી વાવી મૂક્યું છે તે મકડ ખાઈ જાય તો છોકરા શું ખાય! અમને તો ખાવાનું મહારાજે અને તમે ઘણું આપ્યું છે. આ લોકમાં અમનેય ખપે ને તમનેય ખપે. તમારે લાડુ ને ગાડું જોઈએ. તમને લાડુ જમાડીને કોઈ એમ જાણે કે એ તો ચાલ્યા જશે; ગાડાનું કાંઈ નહિ, એમ સમજીને ગાડું ન જોડે તો કાંઈ ચાલે? એ તો બધુંય જોઈએ. દિવ્ય વાત તો અમારી ને તમારી જુદી છે. આ લોકમાં તો બધુંય ખપે. એક વાત ન રાખીએ, બેય વાત જોઈએ. જો એમ ન રાખીએ તો લોકમાં સાનુકુળ પડે નહિ, માટે એમ રાખીએ છીએ.” ॥૧૫॥

## વાર્તા ૧૬

સંવત ૧૯૮૩ના કારતક વદ-૧૦ને રોજ સવારે બાપાશ્રી નાહી પૂજા કરી સર્વે સંતોને ઉઘાડે શરીરે મળ્યા. પછી વસ્ત્ર પહેરીને આસને આવ્યા.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા! આ દેવરાજભાઈ આપનો હવે બરાબર દિવ્યભાવ સમજ્યા; માટે એમનું અને સર્વેનું સહિયારું કરો.”

પછી બાપાશ્રીએ સર્વેના હાથ ભેળા કરાવીને પોતાનો એક હાથ નીચે રાખ્યો અને બીજો ઉપર રાખ્યો અને સર્વેને કોલ દીધો જે, “આ સર્વેનું સહિયારું.”

પછી સ્વામી કહે જે, “પાણી લાવો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “તમે ભૂલો છો. પાણી અધિક કે આ અધિક?”

પછી સ્વામી કહે જે, "સર્વેને સંભારણા માટે."

ત્યારે બાપાશ્રી બોલ્યા, "તો તો ઠીક, લાવો." પછી પાણી લઈને સર્વેને આશીર્વાદ આપ્યા જે, "આમને આમ સર્વેને ભેળા રાખીશું."

પછી સંતોએ હેત-રુચિવાળા સંત-હરિભક્તોનાં નામ લઈને કહ્યું જે, "એ સર્વેને ભેળા રાખજો."

ત્યારે બાપાશ્રી કહે જે, "બહુ સારું." તે વખતે ખીમજીભાઈ આવ્યા તેમને પણ એવી જ રીતે આશીર્વાદ આપ્યા.

પછી બોલ્યા જે, "તમને આશીર્વાદ તો આપ્યા, પણ તમો સાચવી રાખજો અને આવા સંતનો જોગ કરજો. હવે સંતો દેશમાં જવા તૈયાર થયા છે." પછી ભુજના બે સંત આવ્યા. તેમને પણ એવી જ રીતે આશીર્વાદ આપ્યા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો ઠાકોરજીને જમાડીને આવ્યા ત્યારે કહ્યું જે, "સ્વામી! તમારાં ગાડાં આવ્યા?" ત્યારે કહે, "ના, હજી આવ્યાં નથી. જો આપ દયા કરીને રાખો તો અમે રહીએ." ત્યારે કહે જે, "ના, હવે ઘણું રહ્યા ને ન્યાલ કર્યા. તમે ન્યાલ કરો એવા છો."

એમ કહીને બાપાશ્રી દેવરાજભાઈ પ્રત્યે બોલ્યા જે, "તમે આ સંતને ઓળખ્યા તેથી કામ થઈ ગયું. આવા સંત ક્યાંય ન મળે. સંત તો બધાય છે, પણ આવા સંતથી કામ થાય તે બીજાથી ન થાય. ઉત્સવ, સમૈયા, મંદિરો એ આદિક કામ આ સંત કરતા ન જણાય, પણ જે કામ આ સંત કરે તે બીજાથી ન થઈ શકે. મૂર્તિમાં રસબસ કરવા તે આવા સંતથી થાય. આ સંતનાં દર્શનથી, સ્પર્શથી કામ સરે. એમનો વાયુ ભુટકાઈને જેના ઉપર પડે તે બધાનું કલ્યાણ થાય, એવા સમર્થ આ સંત છે. માટે આવા સંતનો જોગ રાખજો; તો ધામમાં હડેડાટ ચાલ્યા જવાય. આ સંત બ્રહ્મની મૂર્તિઓ છે."

પછી બોલ્યા જે, "સંત કોને કહીએ? તો શાંતિને પમાડે તે સંત. આ સંત તો ગૌમુખી ગંગા છે. તે ગૌમુખીમાંથી મહારાજનું સુખ આવે છે. આવા જંગમ તીર્થનો મહિમા સમજીને જોગ કરવો." એમ વાત કરી.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "બાપા! અમને વૃષપુર ભેળા લઈ જાઓ."

ત્યારે બાપાશ્રી કહે જે, "હવે નહિ, ઘણું રહ્યા. સાધુ પણ નહિ ને આશાભાઈ પણ તમારા ભેળા ચાલે."

પછી સ્વામીશ્રીએ કહ્યું જે, "બાપા! તમે શરીરે તાવ દેખાડો છો તેથી આપને મૂકીને જવાનો સંકલ્પ થતો નથી."

ત્યારે બાપાશ્રી કહે જે, "હવે તાવ નહિ રહે."

પછી સ્વામીએ કહ્યું જે, "અમે ફેર આપને દર્શને આવીએ ત્યાં સુધી તાવ કે બીજો મંદવાડ કાંઈ પણ રાખશો નહિ."

ત્યારે બાપાશ્રી કહે જે, "હવે મંદવાડ જતો રહેશે; તમે કાંઈ ચિંતા રાખશો નહિ."

પછી સંતોએ પ્રાર્થના કરી જે, "તમે અમારા ભેગા સદાય રહેજો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમે સદાય તમારા ભેગા રહેશું."

તે વખતે આશાભાઈએ કહ્યું જે, "બાપા! આપ ઠાકોરજી જમાડી લો."

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "તમને વળાવીને પછી જમવા જઈએ."

ત્યારે સ્વામીએ કહ્યું જે, "અમારાં ગાડાંને ઘણી વાર છે, આપ જમીને પધારશો પછી અમારે જવાનું થશે."

થોડીવાર પછી બાપાશ્રી જમીને પાછા આવ્યા. તે વખતે સર્વે

સંત આવીને પગે લાગીને બેઠા.

ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, "તમે જો ભુજ કાલે રહેવાના હો તો અમે ભુજ આવીએ અને જો કાલે જ ભુજથી નીકળવાના હો તો અમે ગરનાળા સુધી વળાવવા આવીએ."

ત્યારે સંતોએ કહ્યું જે, "ના બાપા! આમ ને આમ મહારાજ ને આપ સદા ભેળા રહેજો."

તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "અમે આપની વાતો લખી છે તે છપાવીએ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તમે આ વચનામૃત છપાવ્યાં છે તે વાંચીને અનેક મુમુક્ષુઓ ન્યાલ થયા છે. માટે વાતો પણ છપાવજો; તેથી અનંત જીવનો આત્યંતિક મોક્ષ થશે." પછી બાપાશ્રીએ કહ્યું જે, "સદ્‌ગુરુશ્રી નિર્ગુણદાસજી સ્વામી અમારા જીવનપ્રાણ હતા. તેમના તમે બધાય છો તે ભેળા રહેજો, કોઈ નીકળી જાય તો તે જાણે."

પછી એમ બોલ્યા જે, "મહારાજ! તમને કોઈક અહીં તેડાવે તો સુખેથી આવજો. તમારે આવવેથી સંત-હરિજનોમાં ઘણો સમાસ થયો, તેથી સૌ રાજી રાજી થઈ રહ્યા છે. પાછા વળી ફેર આવશો એટલે વધારે સમાસ થશે. કેમ દેવરાજભાઈ! સમાસ થયો કે નહિ?"

ત્યારે તે કહે જે, "હા બાપા! સમાસ બહુ સારો થયો. વળી ફેર પધારે તો ઘણો લાભ થાય."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, "એ તો આપના પ્રતાપથી સહુ સુખિયા થયા છે."

પછી બાપાશ્રી બોલ્યા જે, "તમોએ પણ આ ફેરે વાતો-ચીતોનું સુખ બહુ આપ્યું છે. વળી કોઈક યજ્ઞ કરશે, તો તમને જરૂર તેડાવીશું. ત્યારે તમે આવજો. તમે ખરા સાધુ છો તે ભુજમાં અને ગામડાંમાં બધેય હરિભક્તો લઈ જશે. અમારે ઘેર તો ઘણું રહેજો. અમારા છોકરા

બાજરો પકવશે ને આપણે ઠાકોર જમાડીશું ને ભેળા મળીને મહારાજનું સુખ લેશું ને જે લેશે તેને આપીશું. આ ફેરે તમે બહુ દયા કરી તે કેટલાય સુખિયા થયા છે. હવે તમે જ્યાં જાઓ ત્યાં બ્રહ્મયજ્ઞ કરજો, મૂર્તિનો રસ રેલાવજો. અમે સદાય તમારા ભેળા રહીશું ને જ્યાં જાશો ત્યાં અમે ભેગા જ છીએ એમ જાણજો.''

પછી સ્વામીએ બાપાશ્રીને કહ્યું જે, ''ભુજમાં ઘેલાભાઈએ વાત કરી છે કે, 'મારે પારાયણ કરાવવી છે તે બાપાશ્રી પધારે તો કરાવું. તમે બાપાશ્રીને મારી વતી વિનંતી કરજો કે મારો સંકલ્પ દયા કરીને સત્ય કરે.'''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''તમે ભુજ જઈને તેમને કહેજો કે તમારો સંકલ્પ સત્ય કરીશું, પણ એ દીર્ઘસૂત્રી છે તે જો વિચાર કર્યા કરશે તો ભેળું નહિ થાય.'' આમ વાત કરી એટલામાં બાપાશ્રીની ઘોડાગાડી તથા સંતોનાં ગાડાં આવ્યાં.

ત્યારે બાપાશ્રી કહે જે, ''અમને ઊભા કરો.'' એટલે આશાભાઈ હાથ ઝાલવા ગયા તેમને કહ્યું જે, ''તમે નહિ; અમને આ બે બાવા ગાડીએ ચડાવે.'' પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ તથા સાધુ મુક્તવલ્લભદાસજીએ બાપાશ્રીને બાવડે ઝાલીને ગાડી ઉપર ચડાવ્યા.

પછી બાપાશ્રી ગાડીમાં બેસીને વિરહના કીર્તનની ટૂંક બોલ્યા જે, ''આજ સોહાગણ હું રંડાણી ભરદરિયે વહાણ ભાંગ્યું રે.''

ત્યારે સ્વામી કહે જે, ''બાપા! અમારે જવું નથી, આજ્ઞા કરો તો રહીએ.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''સર્વેની વૃત્તિઓ ગુજરાત અને ઝાલાવાડ તરફ ગઈ છે તેથી તમને જુદા પાડીને રખાય નહિ. માટે તમે આશાભાઈ આદિ સર્વે જાઓ.'' એમ આજ્ઞા કરી.

પછી હરજીભાઈએ ગાડી હાંકી અને સંત સર્વે સડક ઉપર ચોકીએ આવ્યા ત્યાં બાપાશ્રીએ વૃષપુર તરફ વડ નીચે ગાડી ઊભી

રખાવીને મોતીભાઈને કહ્યું જે, "સંતોને અહીં બોલાવી લાવો."

તેથી તે સ્વામીને બોલાવી લાવ્યા. પછી સર્વે સંત-હરિજનોએ આવીને દંડવત કર્યા તે વખતે પણ બાપાશ્રી ઉપરના કીર્તનની ટૂંક બોલ્યા.

ત્યારે પણ સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "બાપા! અમે જવા રાજી નથી, આજ્ઞા કરો તો રહીએ."

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "ના, જાઓ; અમે સદા ભેળા જ છીએ."

પછી સ્વામીશ્રીએ કહ્યું જે, "અમારે સર્વેને આપની પાસે એક વચન માંગવું છે તે આપવા કૃપા કરશો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "હા."

ત્યારે કહ્યું જે, "અમને આ દેહ સાંભરે છે, તે ન સાંભરે ને એક મહારાજની મૂર્તિ જ સાંભરે, ને તે અખંડ દેખીએ એવી કૃપા કરો."

પછી બાપાશ્રીએ રાજી થઈને માથે હાથ મૂકીને કહ્યું જે, "આજથી સર્વેને એમ જ રહેશે." એ વર આપ્યો. એમ સર્વે ઉપર બહુ રાજી થયા.

પછી બાપાશ્રી વૃષપુર પધાર્યા અને સંત સર્વે ભુજ આવ્યા. પછી સ્વામીએ ઘેલાભાઈને પારાયણ વિષે બાપાશ્રીની હા છે એ વાત કરી. તે સાંભળીને ઘેલાભાઈ બહુ જ રાજી થયા. અને સંતો ગુજરાત તરફ આવ્યા. ॥૧૬॥

## વાર્તા ૧૭

સંવત ૧૯૮૩ના ભાદરવા સુદ-૯ને રોજ સ્વામી ઈશ્વરચરણ-દાસજી ઉપર બાપાશ્રીનો તાર આવ્યો. તેથી સ્વામીશ્રી તથા સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતો ગુજરાતથી સિનોગરે ગયા. ત્યાં કથાની સમાપ્તિ વદ-૧ને રોજ થઈ. બીજે દિવસે બાપાશ્રી સાથે સર્વે સંતો ભુજ

ગયા.

ત્યાં સભામાં કથા પ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, “આ સભા દિવ્ય છે. મહારાજ ને તેમના અનાદિમુક્ત નિર્ગુણ છે. આ સભાને મહારાજ સાથે એકતા છે. આવા મોટા સંત જ્યાં વિચરે તે ભૂમિનાં અહોભાગ્ય! આ ટાણું બહુ દુર્લભ છે. આ સભા અક્ષરધામની છે, એમ મહારાજ કહે છે. એવો મહિમા જણાય તો કાંઈ બાકી રહે નહિ.” એ રીતે ઘણી વાતો કરી.

પછી સર્વે સંતોને આજ્ઞા કરી જે, “તમે ભોગીલાલભાઈ, ઘેલાભાઈ, ધનજીભાઈ, વાલજીભાઈ, લાલશંકરભાઈ આદિ સર્વ હરિજનોને રાજી કરીને નારાયણપુર આવજો. અમે પણ ત્યાં આવીશું.” એમ કહીને વૃષપુર પધાર્યા.

બીજે દિવસે સાધુ ભક્તિપ્રિયદાસજીએ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને આસને આવીને કહ્યું જે, “તમને હાથ જોડીને વિનંતી કરું છું જે, તમે સભામાં વાતો કરો છો તે કેટલાક સમજી શકતા નથી.”

ત્યારે સ્વામીએ કહ્યું જે, “આ ન સમજે ત્યાં સુધી જન્મ-મરણ ટળે નહિ.”

તે વખતે ભોગીલાલભાઈ બેઠા હતા, તે બોલ્યા જે, “તમે આ સદ્‌ગુરુઓની વાતોમાં મૂંઝાઓ છો તે મૂંઝાવા જેવું શું છે? અમે આ વાતો બરાબર સમજી શકીએ છીએ ને બાપાશ્રીએ અમને આ બધી વાતો સમજાવી છે; માટે અમે સદ્‌ગુરુઓને પ્રાર્થના કરીએ છીએ કે આ વાતો બધેય કરજો. આ સદ્‌ગુરુઓ કેવા છે? તો જેનાં દર્શન માત્રે કરીને પામર અને પતિત જીવોના ઉદ્ધાર થાય છે ને ઠેઠ શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં પહોંચાડી દે છે. તમને વાતોમાં મૂંઝવણ થાય છે તેનું કારણ તમારી નજર પહોંચતી નથી, પણ આ વાતો સમજ્યા વિના આત્યંતિક મોક્ષ થાય તેમ નથી.”

એમ કહ્યું એટલે તે કાંઈ બોલી શક્યા નહિ. પછી જ્યાં સુધી સંતો ભુજમાં રહ્યા ત્યાં સુધી વચનામૃતની કથા પ્રસંગે બન્ને સદ્‌ગુરુઓ મહારાજ તથા મોટાના પ્રતાપની અલૌકિક વાતો કરતા, પ્રશ્ન-ઉત્તર થતા તેથી હરિભક્તો બહુ રાજી થયા.

ભાદરવા વદ-૯ને રોજ સર્વે સંતો નારાયણપુર ગયા. બાપાશ્રી પણ બીજે દિવસે એટલે વદ-૧૦ને રોજ નારાયણપુર પધાર્યા. ત્યાંથી એકાદશીને રોજ સંતો ભારાસર ગયા અને બાપાશ્રી વદ-૧૨ને રોજ તડકામાં ઘોડીએ બેસીને બપોરે બે વાગે ભારાસર પધાર્યા.

તે વખતે એમ બોલ્યા જે, "અમે આજ તપ કર્યું. તમે દરિયો ઝંઘી ઝંઘીને અમ સારુ આવો છો તે અમે જાણીએ છીએ. અમે કાંઈ કૃતઘ્ની નથી. તાપ-તડકો વેઠીને તમ કેડે વાંસે વાંસે ફરીએ છીએ." એમ વાત કરી.

પછી સંતો તથા હરિભક્તોના આગ્રહથી બાપાશ્રીએ ઠાકોરજીને જમાડ્યા, પછી જળપાન કરી સ્વામી ઈશ્વરચરણદાસજીનો હાથ ઝાલીને ઊભા થયા ને મંદિરમાં હરતાં ફરતાં પેટ ઉપર હાથ ફેરવતા જાય ને સ્વામીને કહેતા જાય જે, "આજ તો તમારા આગ્રહથી અને હેતથી અમે મહારાજને ખૂબ જમાડ્યા." ॥૧૭॥

## વાર્તા ૧૮

સંવત ૧૯૮૩ના ભાદરવા વદ-૧૩ને રોજ શ્રી ભારાસરના મંદિરમાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "અમે અમદાવાદ સંઘ લઈને ગયા હતા. ત્યાં એક વિદ્વાન સાધુએ વાત કરી તે મહારાજને પ્રકૃતિપુરુષ જેવા વર્ણવ્યા. અને મહાકાળ, નરનારાયણ, વાસુદેવબ્રહ્મ, તેથી પર મૂળઅક્ષર એ બધાય રહી ગયા ને પ્રકૃતિપુરુષ જેવા કહ્યા. પછી અમે કહ્યું જે, 'તમે વિદ્વાન તો મહારાજને માયા સુધી વર્ણવો છો; તેથી પર તો સમજતા જ નથી, માટે અમે વિદ્વાનથી તો બીએ છીએ. વિદ્વાનને મહારાજ હાથ આવવા ઘણા દુર્લભ છે.' આપણે તો

મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરધામમાં સ્વામિનારાયણ ભગવાન રહ્યા છે, તેમાં રસબસ થઈ રહેવું. આ સાકરની ગુણ આવી છે તેને લૂણ ન માનશો. પ્રકૃતિના કાર્યને તો જોઈ જોઈને જીવ થાકી ગયા છે. તે જો મહારાજની મૂર્તિમાં જોડાય તો અહોહો થઈ જાય. તમે પ્રકૃતિ આદિકમાંથી અને મૂળઅક્ષરમાંથી નીકળીને મહારાજને ઓરા થયા છો. જે મૂર્તિમાં જોડાઈ ગયો તેને બીજું કાંઈ ભાસે કે સાંભરે નહિ. તે અનુભવજ્ઞાન કહેવાય. જેમ ખોટો પૈસો બહાર કાઢી નાખીએ, તેમ પ્રકૃતિ આદિકને ખોટું કરે તેમાં શું વળે? કાંઈ ન વળે. આ જોગ ને વખત સારો છે.''

પછી બોલ્યા જે, ''તમને ક્યાંઈક ખણીને વનમાં જઈએ તો કેમ કરો?''

ત્યારે સંત કહે જે, ''તમારા ભેગા મહારાજની મૂર્તિમાં રહીએ.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કલ્પેકલ્પ વીતી જાય તોપણ એ સુખમાંથી બહાર નીકળાય નહિ ને પૂર્ણ ન થવાય. મૂર્તિમાં જોડાયા વિના સુખિયું થવાય નહિ.''

પછી જામનગરવાળા રતિલાલ કરુણાશંકરે પૂછ્યું જે, ''મૂર્તિમાં હરવા-ફરવાની જગ્યા ખાલી હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં હરવું-ફરવું ક્યાંય નથી. જેમ રહ્યા છે તેમ જ છે અને સભા સહિત છે. તે મહારાજ ને મુક્ત અરસપરસ દેખે છે. બહારના દેખતા નથી.''

એટલી વાત કરીને બોલ્યા જે, ''અમારે હાલ જવું છે; તમે કેમ કરશો?'' ત્યારે સ્વામી કહે જે, ''આજ તો આપને હરિભક્તો રોકશે.'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભલે, રોકશે તો આપણે કોઈ બીજો અર્થ નથી. એક મોક્ષ કરવા માટે ફરવું છે તે જે આવે તેને મૂર્તિમાં રાખીશું, પણ કોઈ અજ્ઞાની અવગુણ લઈ મરી રહે તેનું કેમ કરવું?''

ત્યારે સ્વામીએ કહ્યું કે, ‘‘તેણે કરીને કાંઈ મોક્ષ કરવો તે બંધ રખાય? મરનારા હશે તે મરશે અને જે મોક્ષાર્થી હશે તે મૂર્તિના સુખમાં આવશે.’’

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, ‘‘આજ આપણે ચારે જણ પગે ચાલીને જઈએ તો કેમ? હું ને સ્વામી વૃંદાવનદાસજી તો ચાલી શકીએ, પણ તમે (સ્વામી ઈશ્વરચરણદાસજી) ને સ્વામી ઘનશ્યામજીવનદાસજી બે ચાલી શકો નહિ.’’ એમ રમૂજ કરીને જવાનું બંધ રાખ્યું. ॥૧૮॥

## વાર્તા ૧૯

સંવત ૧૯૮૩ના ભાદરવા વદ-૧૩ને રોજ બપોરે સભામાં જેતલપુરનું ૪થું વચનામૃત વંચાતું હતું. તેમાં અર્જુને મચ્છ વેંધ્યો એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘જેમ અર્જુને પક્ષીનું એકલું મસ્તક જ દેખ્યું તેમ આપણે એક મૂર્તિ જ રાખવી, પણ મૂર્તિ વિના કાંઈ છે જ નહિ એમ સમજવું. તે મૂર્તિમાંથી ઝળળળ ઝળળળ તેજ છૂટે છે તે તેજમાં મૂર્તિ રહી છે. તે મૂર્તિમાં કલ્પેકલ્પ વીતી જાય તોપણ એ સુખમાંથી બહાર અવાય જ નહિ, સદાય મૂર્તિમાં જ રહેવાય, તે ઉત્તમ સ્થિતિ છે. એ કરવા આપણે ભેળા થયા છીએ. આ ગામમાં બધાય એવા છે. એમણે તો અમને આ (ભારાસર) ગામમાં લાવવાનો પાસ મેળવ્યો છે, એટલે અતિ હેતે કરીને મહારાજનો અને મોટાનો દિવ્યભાવે મહિમા સમજ્યા છે તેથી એ સુખિયા છે. તેમના ઉપર મહારાજનો ને મોટાનો ઘણો રાજીપો છે. અમે એમના હેતને લઈને વારે વારે આવીએ છીએ. તમે સંતો પણ અમને લઈને આવો છો. અમે ન હોઈએ તો તમો આ દેશમાં કોઈના લાવ્યા પણ આવો તેમ નથી એમ અમો જાણીએ છીએ.’’

પછી સાંજના ભારાસરમાં બાપાશ્રી તથા સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી એ ત્રણ

સંતોને ગાડીમાં બેસારીને તે ગાડી હરિજનો તાણીને તલાવડીએ લઈ ગયા; સાથે સંત-હરિજનો ઘણા હતા. તે તલાવડીમાં બાપાશ્રી તથા સદ્‌ગુરુઓ ત્રાપેથી તરીને નાહ્યા. પછી સર્વેને નવરાવીને મળ્યા અને પાળ ઉપર બાવળની નીચે બાપાશ્રીની સર્વે સંત-હરિજનોએ ચંદન-પુષ્પ વડે પૂજા કરી. તે વખતે એ તલાવડીનું 'ઘનશ્યામ તલાવડી' નામ પાડ્યું અને ઘાટનું 'પુરુષોત્તમ ઘાટ' એ નામ પાડ્યું. પછી પ્રસાદી વહેંચીને મંદિરમાં પધાર્યા.

ત્યાં રામજીભાઈએ પ્રાર્થના કરી જે, "બાપા! ગામમાં પધારવાની દયા કરો."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "કોને ઘેર જવું છે?"

ત્યારે રામજીભાઈ કહે, "બાપા! સૌ હરિભક્તો પોતાને ઘેર લઈ જવાનું કહે છે."

ત્યારે બાપાશ્રી કહે, "ભલે, અમારી ક્યાં ના છે. અમે તો જેમ હરિભક્તો રાજી થાય તેમ કરીએ છીએ. થાકનું કે ભૂખનું પણ ગણતા નથી. અમારે તો સર્વેને દિવ્યભાવ સમજાવી મૂર્તિના સુખે સુખિયા કરવા છે, બીજો કોઈ અર્થ નથી." એમ કહી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, "અહીંના હરિભક્તો આખા ગામમાં લઈ જવાનું કહે છે તો કેમ કરીશું?"

ત્યારે સ્વામી કહે, "બાપા! આ ગામ બધુંય મહિમાવાળું છે તેથી સૌની તાણ પૂરી કરવી જોઈએ."

ત્યારે બાપાશ્રી કહે, "અમે અહીંના હરિભક્તોનાં હેત જાણીએ છીએ." એમ કહીને પછી ગામમાં પધાર્યા અને ઘરોઘર ફર્યા. હરિજનોએ ચંદન-પુષ્પાદિક ઉપચારે કરીને પૂજ્યા. એમ આખું ગામ પ્રસાદીનું કરીને રાત્રે મંદિરમાં પધાર્યા.

પછી બાપાશ્રીએ બીજે દિવસે સવારમાં વહેલા ઊઠી નિત્યવિધિ કરીને વાત કરી જે, "અમે ને આ સર્વે સંત અક્ષરધામમાંથી આવ્યા

છીએ. આ સંત પણ મહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે. આ વાત તમે ભૂલશો મા. અમે અને સંત તમારા હેતના બાંધ્યા આવ્યા છીએ અને તમારા ઉપર બહુ રાજી છીએ.'' એમ વાત કરીને સંતોને કહ્યું જે, ''તમે માનકુવે જાઓ. હેત-રુચિવાળાને વાતો કરીને શાંતિ પમાડજો. અમે વૃષપુર જઈશું.''

પછી સંતો બે દિવસ માનકુવે રોકાઈ હરિભક્તોને વાતચીતે સુખિયા કરીને આસો સુદ-૧ ને રોજ સાંજના દહીંસરે આવ્યા. ત્યાં બીજે દિવસે બાપાશ્રી વૃષપુરથી ઘોડીએ બેસી આશાભાઈ સાથે સવારમાં દહીંસરે પધાર્યા. ॥૧૯॥

## વાર્તા ૨૦

સંવત ૧૯૮૩ના આસો સુદ-૩ને રોજ દહીંસરાના મંદિરમાં સવારે સભામાં મધ્ય પ્રકરણનું ૨૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં પ્રત્યક્ષ ભગવાન તથા તે ભગવાનના સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવું બાકી રહે નહિ એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પ્રગટ હોય ત્યારે ઓળખવા ઘણા દુર્લભ છે. આ સભા સર્વે દિવ્ય તેજોમય છે અને અનાદિમુક્ત તો મહારાજની મૂર્તિમાં રસબસ ભાવે જોડાઈ રહ્યા છે. મુમુક્ષુને પણ મૂર્તિમાં રસબસ કરી મૂકે છે. પરમ એકાંતિક તો પોતા જેવા કરે છે, અનાદિ તો મૂર્તિમાં જ છે અને દેખાવ શ્રીજીમહારાજનો છે. તે અનાદિ તો મૂર્તિમાં લુબ્ધ છે એટલે મહારાજ સર્વેને ઉપદેશ કરે છે અને દર્શન આપે છે.''

પછી બાપાશ્રી પુષ્પ હાથમાં લઈને બોલ્યા જે, ''આ પુષ્પ તથા જે જે મહારાજના સંબંધને પામ્યા તે સર્વે દિવ્ય છે. 'નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ.' એમ સર્વત્ર દિવ્યભાવ રાખવો. જીવ જ્યાં સુધી કાળો હોય ત્યાં સુધી આ વાત સમજાય નહિ. તે કાળો એટલે માયિક પદાર્થમાં આસક્તિવાળો. અને ગોરો એટલે મૂળઅક્ષર પર્યંતનાં ઐશ્વર્યની

ઈચ્છાવાળો. તેને પણ આ વાત સમજાય નહિ. એ તો મહારાજ દયા કરે ત્યારે સમજાય. મહારાજ તો જેટલા સંકલ્પ કરે તેટલી મૂર્તિઓ થાય ને જીવોનો મોક્ષ કરે. કેમ લાલશંકરભાઈ! આ વાત સમજાય છે? આ સંતો ભાતાં બાંધીને મૂર્તિ આપવા આવ્યા છે, તો આપણે પણ એ મૂર્તિના ઘરાક થાવું.''

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજી આવ્યા, એટલે બાપાશ્રી કહે, ''આ બાવો અમને મૂંઝવે છે.'' ત્યારે તે બોલ્યા જે, ''આપને મૂંઝવે એવો કોણ છે? કોઈ નથી.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''તમે ચરાચર બ્રહ્મ છો, પણ ભૂલી જતા નહિ એટલે પ્રવાહ વાયુમાં જતા રહેતા નહિ.''

ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજી બોલ્યા જે, ''બાપા! આપ મળ્યા છો તે વાંધો નહિ આવે. તમે રાજી છો તેથી મારે કોઈ વાતની ફિકર નથી.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''કંઈક જીવના કષાય કાઢી નાખે એવા મહારાજ આપણને મળ્યા છે. શ્રીજીમહારાજ સત્સંગમાં રોઝે ઘોડે બેસીને ફરે છે તે જે આજ્ઞા લોપશે તેને ફડાક ફડાક મારશે. તે દીઠા છે?'' ત્યારે સંતોએ કહ્યું જે, ''હા, દીઠા છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજ તો કેવળ કૃપાસાધ્ય છે, તે કૃપા કરીને આજ જીવના ઉદ્ધાર કરે છે; તેને રાજી કરવા ખપે. જીવ મહારાજને રાજી કરવા કઈ ક્રિયા કરે? ક્રિયા એ જે પુરુષપ્રયત્ન કરે ત્યારે મહારાજ ને સંત તેના ઉપર કૃપા કરે. હવે તો ક્રિયાસાધ્ય ગઈ અને કૃપાસાધ્ય રહી. સંતો! હવે તમે વાતો કરો. અમે તો આજ થાકી ગયા.''

પછી સંતો બોલ્યા જે, ''આજ રાત્રિએ પોણા વાગે વિરમગામથી નાગરદાસભાઈ આવ્યા હતા ત્યારથી એમની સાથે વાતો કરીને એમને કાગળ લખાવી આપ્યો. એ પાછા ભુજ ગયા ત્યારથી નાહી પૂજા કરીને

આપ બિરાજ્યા છો અને વાતો કરો છો તે સાત વાગ્યા સુધી રસ રેલાવ્યો. આજ તો બહુ વાતો કરી તે થાક લાગે ખરો જ તો!"

પછી બાપાશ્રી બોલ્યા જે, "એક હરિભક્તને સંકટ આવ્યું હતું તેને ટાળવા સારુ પ્રાર્થના કરી તે પાછા આજ ને આજ તુરત જ ચાલ્યા ગયા. તેને આપણો ભરોસો છે જે એમના વિના આ કામ બીજા કોઈથી થાય તેમ નથી. એમણે રક્ષાના કરનારા મહારાજ તથા મુક્ત વિના બીજા કોઈને જાણ્યા નથી તેથી પાંચસો ગાઉનો ધક્કો ખાધો, એવા મહિમાવાળા છે. અહીં એવો મહિમા સમજનારા થોડા. અહીંના હરિભક્તોને હેત તો બહુ, પણ જાડી બુદ્ધિ છે તેથી કોઈ સંશય નાખનાર મળે ત્યારે મહિમા જાણ્યો હોય, પરચા-ચમત્કાર દેખ્યા હોય, તોય જેમ પ્રવાહ વાયુમાં ઊડી જવાય તેમ કેટલાક ભૂલી જાય છે."

પછી સંતોને કહ્યું જે, "હવે આ હરિભક્તોને નિયમ-ધર્મની વાતો કરો." પછી સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, "બાપા! એ વાતો તો સત્સંગમાં થયા જ કરે છે અને આપ જે જે વાતો કરો છો તેમાં મૂર્તિનું જ મુખ્યપણું આવે છે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "કરી કરીને કારણ મૂર્તિનું જ કામ છે. કરવાનું એ જ છે તે નિયમ-ધર્મ પાળીને પવિત્ર થાય ત્યારે આ સભા મૂર્તિ પધરાવે છે. માટે મૂર્તિમાં રહેવાય તેવા પાત્ર થાવું અને મૂર્તિમાં રહેનારા અનાદિને ઓળખવા."

પછી ખીમજીભાઈએ બાપાશ્રીને વિનંતી કરી જે, "હરિભક્તો સૌ પોતપોતાને ઘેર આપને તેડી જવા પ્રાર્થના કરે છે, તો સંત-હરિભક્તોએ સહિત ગામમાં પધારવા દયા કરો."

તે સાંભળી બાપાશ્રી આખા ગામમાં સંત-હરિજનોએ સહિત દર્શન દેવા પધાર્યા. ત્યાં હરિભક્તોએ કેસર, ચંદન, કુમકુમ આદિકે બાપાશ્રીની તથા સંતોની પૂજા કરી. પછી આરતી વખતે મંદિરમાં પધાર્યા. ॥૨૦॥

## વાર્તા ૨૧

સંવત ૧૯૮૩ના આસો સુદ-૪ને રોજ દહીંસરાના મંદિરમાં નિત્યવિધિ કરીને બાપાશ્રી આસને બેઠા. તે વખતે રામપુરથી દેવરાજભાઈ આવ્યા. તેમણે બાપાશ્રી તથા સંતોને પોતાને ગામ લઈ જવાની પ્રાર્થના કરી.

ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “આ દેવરાજભાઈ રામપુર લઈ જવાની પ્રાર્થના કરે છે તે જાવું જોશે અને આ ગોડપુરના હરિભક્તો પણ તેમને ગામ લઈ જવા આવ્યા છે.”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા! પ્રથમ રામપુર જઈએ, પછી ગોડપુર જઈશું.”

પછી વચનામૃતની કથા થતી હતી. ત્યારે ખીમજીભાઈએ કહ્યું જે, “બાપા! આજ આપ રામપુર પધારવાના છો તેથી થાળ વહેલા તૈયાર થયા છે, માટે જમવા પધારો.” ત્યારે કથાની સમાપ્તિ કરીને ખીમજીભાઈને ઘેર બાપાશ્રી જમવા પધાર્યા. થોડીવારે પાછા મંદિરમાં આવી સંત-હરિભક્તોએ સહિત રામપુર જવા તૈયાર થયા, ત્યારે ગામના હરિભક્તો સૌ વળાવવા આવ્યા.

તે સર્વેને રાજી કરીને બપોરે ચાર વાગે બાપાશ્રી રામપુર પહોંચ્યા. ત્યાં મંદિરમાં ઉતારા કરી તરત જ ગંગામાં સ્નાન કરવા ગયા. સાથે ગામના કેટલાક હરિજનો હતા. ત્યાં વસ્ત્ર ઉતારી સંતોએ સહિત કીર્તન બોલતાં નાહીને પરસ્પર જળ ઉછાળી બાપાશ્રી સૌને મળ્યા. પછી વસ્ત્ર પહેરી નદીના કાંઠા ઉપર સર્વે માનસી પૂજા કરવા બેઠા. જાગૃત થયા ત્યારે હરિભક્તોએ બાપાશ્રી તથા સંતોની ચંદન-પુષ્પાદિકે પૂજા કરી.

એ સમયે બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, “આપણે બધા આંખો મીંચીને માનસી પૂજા કરતા હતા ત્યારે ઓચિંતાનું નદીનું પૂર બે કાંઠે આવ્યું હોય તો કેમ થાય?”

ત્યારે સંતોએ કહ્યું જે, "બાપા! મહારાજની મૂર્તિમાં અખંડ રહેવાનું મળે."

ત્યારે બોલ્યા જે, "તો તો ઠીક." એમ કહી સૌ મંદિરમાં પધાર્યા. રાત્રે સભામાં પ્રથમ પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાતું હતું, તેમાં અમારી મૂર્તિ વિના અક્ષરપર્યંત સર્વે વિસારી દેવું એમ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ વચનામૃતમાં તો શ્રીજીમહારાજના આશ્રિતને શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વિના બીજું કોઈ પ્રધાન રહે તેવું રાખ્યું નથી, તોપણ કેટલાક પરોક્ષ અવતારમાં જ અટકી પડે છે, તે આવા વચનને સમજી શકતા નથી."

"હમણાં અહીં એક સાધુ આવ્યા હતા. તે વિદ્વાન કહેવાતા હતા, પણ મહારાજને ને અવતારને જુદા જાણતા નહિ તેથી વચનામૃત વાંચે ને સભામાં વાતો કરે જે, 'મહારાજ ને બીજા અવતાર ક્યાં જુદા છે?' તેને અમે કહ્યું જે, 'તમે અમદાવાદનું ૭મું વચનામૃત વાંચો.' ત્યારે તે કહે, 'એ તો પાછળથી વચનામૃત થયાં છે. અમારા દેશની પ્રતમાં એ નથી.' પછી અમે કહ્યું જે, 'પ્રથમ પ્રકરણનું ૨૪મું વચનામૃત વાંચો, એ તો તમારા દેશની પ્રતમાં છે ને?' ત્યારે તેમણે એ વચનામૃત વાંચ્યું તેમાં 'જ્ઞાને કરીને સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને એનું કાર્ય એ કાંઈ નજરમાં આવતું નથી; એકરસ ચૈતન્ય ભાસે છે. તેને વિષે એક ભગવાનની મૂર્તિ જ રહે છે; બીજો કોઈ આકાર રહેતો નથી. ભગવાનની મનુષ્યરૂપ મૂર્તિ જે પોતે તેમાં અખંડ વૃત્તિ રાખવાથી એવી સ્થિતિ થાય છે' તેમાં એમ આવ્યું તેથી કાંઈ બોલ્યા નહિ."

"પછી અમે કહ્યું જે, 'મધ્યનું ૬૨મું વચનામૃત છે તેમાં જેને દાસત્વભક્તિ હોય તેને પોતાના ઈષ્ટદેવનું દર્શન, તેનો સ્વભાવ તથા તેની જ વાર્તા સાંભળવી ગમે, તે આપણા ઈષ્ટદેવ કયા?' ત્યારે તે કહે, 'મહારાજ.' બીજું શું બોલે!"

"પછી અમને પૂછ્યું જે, 'મહારાજે મંદિરમાં પોતાની જ

મૂર્તિઓ કેમ ન પધરાવી ને તે અવતાર કેમ પધરાવ્યા?' ત્યારે અમે કહ્યું જે, 'એ તો શ્રીજીમહારાજે પોતે જે લોજ, માંગરોલ આદિકમાં અવતાર રૂપે દર્શન આપ્યાં હતાં તે પોતાની જ મૂર્તિઓ પધરાવી છે, તોપણ તેનું ધ્યાન થાય નહિ. ધ્યાન તો મૂળ મૂર્તિ જે સહજાનંદ સ્વામી, ઘનશ્યામ મહારાજ, શ્રીહરિકૃષ્ણ મહારાજ, સ્વામિનારાયણ એ નામની મૂર્તિઓનું જ થાય; કેમ જે એ કારણ મૂર્તિ છે.''

''તે લોયાના ૧૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે જે, 'અમારા આશ્રિતને અમારું જ ધ્યાન કરવું, પણ પૂર્વે અવતાર થઈ ગયા તેનું ધ્યાન ન કરવું.' તેમાં અવતાર-અવતારીની વિક્તિ સમજાવી છે.''

''તેમજ છેલ્લાના ૧૯મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, 'ભગવાનના ભક્તને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતા જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે તેને પોતાના ઈષ્ટદેવ જે ભગવાન તેના જે બીજા અવતાર હોય તે સંગાથે પણ પ્રીતિ થાય નહિ.' એ વચન પ્રમાણે બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવ્રતાપણું જાય; એટલા માટે એ જ વચનામૃતમાં વ્યભિચારિણીના જેવી તથા પોતાનું નાક કપાય તેવી ભક્તિ કરવાની ના પાડી છે. આવી રીતે મહારાજે વચનામૃતમાં ખુલાસા કર્યા છે તોય આપણે ન સમજીએ તો પછી મહારાજનો મહિમા શું જાણ્યો!''

''પછી તો તે સાધુ સમજી ગયા ને કહેવા લાગ્યા જે, 'બાપા! મારે તો પંચતીર્થી લેખે લાગી. મેં તો આજ સુધી જેને જેને વાતો કરી છે તેને મહારાજ ને અવતારનું ભેળું ને ભેળું વર્ણન કર્યું છે. તે મહારાજ રાજી થાય તો ઠીક. હું તો એમ જાણતો જે આ સત્સંગમાં કેટલાક અવતાર-અવતારીનાં જ્ઞાનનાં ચૂંથણાં કરે છે, તેમાં ભગવાનનો અપરાધ થાય છે. પણ હવે તો મને એમ સમજાય છે જે મહારાજ જેવા છે તેવા

ન ઓળખાય તો જ અપરાધ થાય.'"

"ત્યારે અમે કહ્યું જે, "મોટા સદ્‌ગુરુઓએ વાતોમાં જે જે લખ્યું છે તે તો કેટલાક મોટાનો મહિમા ન જાણનારા ને પોતાના ડહાપણના ડોડવાળા એમ કહે છે કે, 'એ તો વાતોમાં લખ્યું છે ને!' એવાને શું સમજાવવું! પણ જો પોતાની બુદ્ધિનો ડોડ મૂકીને મોટાને મન, કર્મ, વચને સેવે ને તેના વચનમાં વિશ્વાસ કરે તો આવી વાત હાથ આવે. શ્રીજીમહારાજ જેવા સર્વોપરી ભગવાન મળ્યા ને ગોળ-ખોળ એક કરે તેને બીજું શું કહેવું!"

"અ.મુ. સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રગટ થવાના છ હેતુ લખ્યા. તેમાં અવતાર તથા અવતારના ભક્તને પોતાની ઉપાસના અને પોતાનું જ્ઞાન આપી પોતાની મૂર્તિને પમાડવાપણું લખ્યું. તે જો અવતાર-અવતારી એક હોય તો એમ મહારાજ શું કરવા કરે! શાસ્ત્ર ભણેલાઓને આવી વાતો કેમ સમજાતી નહિ હોય! અમને તો નવાઈ લાગે છે. શાસ્ત્રમાં શબ્દછળ હોય તથા દ્વિઅર્થી હોય તે મોટા દયા કરી સમજાવે તો ખરા, પણ તે મનાય નહિ તેથી આવી વાતો ન સમજાય."

"સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે, 'જેમ તીર ને તીરના નાખનારામાં ભેદ, રાજા ને રૈયતમાં ભેદ, ચંદ્રમાં ને તારામાં ભેદ.' એવાં વચન ન સમજાય તેને શું કહેવું?"

"અમારા ગુરુ સદ્. નિર્ગુણદાસજી સ્વામીની વાતોમાં લખ્યું છે જે, 'આ મૂર્તિને ભજીને તો અનંત કમળાપતિ થાય છે.'"

"વળી મહારાજ અમદાવાદના ૭મા વચનામૃતમાં લખે છે કે, 'મારા વિના બીજો કોઈ પુરુષોત્તમ દેખ્યો નહિ.' આમ શ્રીજીમહારાજ જેવા સર્વોપરી ભગવાન દયા કરીને પોતાનું મિષ લઈને સમજાવે તોય ન સમજાય તેને શાસ્ત્ર શું કામ કરી દે!"

"આવી વાતો કરી તેથી તે સાધુને તો અમારે વિષે હેત બહુ

થઈ ગયું. પછી વારે વારે એમ બોલે જે, 'બાપા! હું તો સાધુ આજ થયો એવું મને લાગે છે.' આમ મોટાનાં વચન મનાય તો કામ સરે."

"અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીએ લખ્યું છે જે, 'મને મહારાજે એમ કહ્યું જે મારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો ત્યાં સુધી તમને આ દેહમાં રાખીશ.' તથા અ.મુ. સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે, 'અમને તો સ્વામિનારાયણ ભગવાને કાનમાં છાના મંત્ર ફૂંક્યા છે તેથી મહારાજને જેવા છે તેવા કહીશું.'"

"વળી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે, 'ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહિ જોડ.' તથા 'અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજા ઝાકળ.'"

"આવી જ રીતે સદ્. નિર્ગુણદાસજી સ્વામી વાતો કરતા તેથી તેમને ઉપાધિ બહુ થઈ હતી. જ્યારે શ્રીજીમહારાજે દર્શન દઈને ધ.ધુ.આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું ત્યારે વાત સમજાણી."

"આગળ મોટા મોટા સંતો જાણતા, પણ જીવ પાત્ર નહિ તેથી જેમ જેમ સમજતા ગયા તેમ તેમ દૃષ્ટાંત આપીને સમજાવતા ગયા. શાસ્ત્રમાં તો અનંત જીવને હળવે હળવે પોતાને વિષે હેત થાય ને મહિમા જણાય તેવાં લખાણ હોય તથા સર્વોપરી વાતો પણ હોય. એ વાત મોટા મુક્ત વિના પોતાની બુદ્ધિબળે સમજવા જાય તેથી ગોળ-ખોળ એક હારે ગણે. તે ઉપર મહારાજ તથા મોટા રાજી ન થાય ને જાણે જે, 'આને આપણા મહિમાની કે ઐશ્વર્ય-પ્રતાપની ખબર નથી.' આ તો અલૌકિક અવતાર ને અલૌકિક રીત તે જે જાણતા હોય તે જાણે."

"મહારાજે પંચાળાના ૧લા વચનામૃતમાં એમ વાત કરી છે જે, 'જ્યારે અક્ષરધામના સુખનો વિચાર કરીએ છીએ ત્યારે બીજાં સુખ ઊતરતાંથી ઊતરતાં થઈ જાય છે.' પછી કહ્યું જે, 'જેવું આ ભગવાનમાં

સુખ છે તેવું કોઈને વિષે નથી.' તે મશાલનું દૃષ્ટાંત દઈ સમજાવ્યું છે."

"માટે મહારાજ તો સર્વોપરી, સર્વકારણ, સર્વાધાર, એ જેવા એ એક છે. એના આશ્રિત થઈને હવે બીજાં દૃષ્ટાંત ને સિદ્ધાંત મેળવવા બેસીએ તો શું વળે? એ તો કણ મૂકીને કુશ્કા લીધા જેવું થાય. કેટલાક તો વચનામૃત વાંચીને ઊલટા પાછા વળે છે ને કહે છે કે, 'મહારાજ રાધિકાએ સહિત શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરવાનું કહે છે ને તમે તો મુક્ત ને મહારાજનું ધ્યાન કરવાનું સમજાવો છો.' તેવાને આવી વાતો ક્યાંથી હાથ આવે! તેવા સાધારણ જીવો ઉપર પણ આપણે દયા રાખવી."

એમ કહીને બોલ્યા જે, "કેટલાક તો શાસ્ત્રના ભણેલા હોય, પણ મોટાનો વિશ્વાસ ને જોગ વિના અટકીને ઊભા થઈ રહે છે ને કહે છે કે, 'જે જે અવતારે કરીને જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી.' તે સદ્. શુકાનંદ સ્વામીએ હરિવાક્યસુધા સિંધુના અર્થમાં પૂર્વ અવતારનાં સ્થાન મથુરા, દ્વારકા આદિક લખ્યાં છે, તેથી એમ સમજે કે એ સ્થાનની ને એ અવતારની લીલા સંભારવી; પણ અવરભાવ-પરભાવને ન સમજ્યા હોય તેને આવી વાત ક્યાંથી સમજાય? પરભાવમાં તો મહારાજ ને મહારાજના મુક્ત તે અવતાર-અવતારી સમજવાના છે."

"શ્રીજીમહારાજ શિક્ષાપત્રીમાં લખે છે જે, 'હું શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું.' તે જો લખેલું વાંચી પરભાવનો અર્થ ન સમજવો હોય તો મહારાજનું ભગવાનપણું ક્યાંથી હાથ આવે! વચનામૃતમાંથી પણ સમજતાં ન આવડે ને બુદ્ધિબળે વાંચી વિચારે ને મોટાનો વિશ્વાસ ન હોય એ શું સમજે?"

"જુઓને! એક ઠેકાણે 'અમે નરનારાયણ છીએ' એમ કહ્યું, બીજે ઠેકાણે 'નરનારાયણને અને અમારે સુધો મનમેળાપ છે' એમ લખ્યું. એવી જ રીતે 'હું ભગવાનના ભક્તનો ભક્ત છું', 'તમે મને ભગવાન જાણો છો', 'તમારો આચાર્ય, ઉપદેષ્ટા, ગુરુ, ઈષ્ટદેવ એવો

જે હું', તથા 'નરનારાયણ અમારા હૃદયમાં બિરાજે છે', 'અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખર્ચ કરીને મંદિર કર્યાં છે', નરનારાયણ ભરતખંડના રાજા છે', 'આ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે', 'અક્ષરધામના ધામી તમારી સભામાં બિરાજે છે', 'અમારે શ્રીકૃષ્ણને વિષે કોટિગણું હેત છે', 'તેજમાં મૂર્તિ છે તે અમે પોતે જ છીએ', એવાં વચન પોતાની મેળે ન સમજાય એટલે વરુણના દીકરાની પેઠે કહે જે, 'વધુ સમજીશ તો અપરાધ થઈ જશે.' એમ કહી પરોક્ષ અવતાર ને મહારાજનું એકમેક વર્ણન કરે. તેને બીજું શું કહેવું!"

"તે તો સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું જે, 'સ્વપ્નમાં ઘોડાનો પગ ભાંગ્યો, તે એકસો ઘોડા ઉપર સવારી કરીને ભડાકા કરે ને બધા ઘોડા દોડે ત્યારે તે પગ ઊપડે. તેમ જેને શાસ્ત્રનાં વચનથી વહેમ બંધાઈ જાય છે, તેને તો મહારાજના મોટા મુક્ત દયા કરીને સમજાવે ને તેનાં વચનમાં વિશ્વાસ લાવે તો જ સમજાય." એમ વાત કરી. ॥૨૧॥

## વાર્તા ૨૨

સંવત ૧૯૮૩ના આસો સુદ-૫ને રોજ સવારમાં શ્રી રામપુરના મંદિરમાં બાપાશ્રી તથા સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે જેતલપુરનું ૧લું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાનને મળેલા મુક્તની વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આજ મહારાજને મળેલા હોય કે નહિ?" એમ કહીને પોતે જ બોલ્યા જે, "મૂર્તિમાં રહેતા હોય તે મળેલા કહેવાય. કેટલાક ત્યાગી તથા ગૃહસ્થ બહારદૃષ્ટિએ જોઈને એમ કહે છે કે આજ મહારાજને મળેલ ક્યાંથી હોય? પણ આજ તો મળેલા ઘણા છે. મહારાજ અને મુક્ત સદા સત્સંગમાં છે, છે ને છે જ. આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે અને મુક્ત ફરતા બેઠા છે, માટે સદાય પ્રત્યક્ષ છે. તે અંતરદૃષ્ટિએ કરીને જુએ અને મહારાજનો ને મોટાનો

વિશ્વાસ લાવે, તો આ ફેરે જ છેલ્લો જન્મ થઈ જાય એવો જોગ ને વખત છે. આ વાતો આ ગૌમુખીમાંથી આવે છે.''

તે જ દિવસે બપોરના કૃપા કરીને વાત કરી જે, ''આ ઠેકાણે તો અક્ષરધામ, મહારાજ અને તેમને મળેલા છે તોપણ કેટલાકને સઈના શેભામાં જાય છે. તે શું? તો આવું ધામ, આવા મુક્ત, આવા મહારાજ તે સાક્ષાત્કાર બિરાજે છે, તોપણ પૂરું ન થાય તો તેનું સઈના શેભામાં ગયા જેવું થયું. આવા જોગ વિના એકલાં શાસ્ત્ર વાંચે કાંઈ નહિ વળે; આ ભણતર ભણાય તો પાકું થાય. આવા પરભાવના અર્થ મોટા મોટા વેદિયા પંડિતો આવે તોય ન કરી શકે; આ અનુભવી સંત કરી શકે ખરા.''

એટલી વાત કરીને પછી વચનામૃત વાંચવા માંડ્યું. તેમાં ગાલવ રાજાની વાત આવી. ત્યારે બાપાશ્રીએ સંતોને પૂછ્યું જે, ''શ્યામકરણ ઘોડા ને ગાલવ રાજા તે કોને જાણવા?''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! આ વચનામૃત તે વરુણ, જ્ઞાન તે ઘોડા, જીવ તે ગાલવ રાજા, અને ગુરુ તે ગરુડ; તે ગુરુ મળે ત્યારે આ વચનામૃતરૂપી વરુણમાંથી જ્ઞાન સમજાવે અને મોક્ષ કરે.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''ખરો ઉત્તર લાધ્યો. આ સભામાં આવા ઉત્તર ન થાય તો પછી બીજે ક્યાં થાય!'' પછી બોલ્યા જે, ''આજ પ્રગટના સુખના આહારી છે તેને પ્રગટ છે, અને જે એ સુખના આહારી નથી તેને પરોક્ષ છે. આ બદરિકાશ્રમ, આ શ્વેતદ્વીપ, આ અક્ષરધામ, આ બધા અવતાર બેઠા. આમાં માયાનો અંશ નથી. શુકદેવજી બહુ મોટા કહેવાતા, પણ સત્સંગમાં આવ્યા ત્યારે મુક્ત થયા. આજ કેટલાક ઈશ્વરકોટિમાંથી, કેટલાક બ્રહ્મકોટિમાંથી, કેટલાક અક્ષરકોટિમાંથી એમ આવ્યા છે. તે આજ અક્ષરધામની સભામાં આવી બેઠા છે. જે સ્વામિનારાયણના થાય તેની સ્વામિનારાયણ ખબર રાખે છે.''

એ સમયે લાલશંકરભાઈ આવ્યા. તેમની બાપાશ્રીએ પ્રશંસા કરી માથે હાથ ફેરવી કહ્યું કે, ''આ તો અમારા સિપાઈ છે.'' પછી ગોડપુરના હરિજનોએ પ્રાર્થના કરવાથી બાપાશ્રી સંતોએ સહિત ગોડપુર પધાર્યા. ॥૨૨॥

## વાર્તા ૨૩

સંવત ૧૯૮૩ના આસો સુદ-૬ના રોજ શ્રી ગોડપુરના મંદિરમાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ શ્વેતવૈકુંઠદાસજી અમારા પુરાણી છે. તે મહારાજની કથારૂપી અમૃતરસ પીવરાવે છે.''

પછી સંતોને કહ્યું જે, ''તમે તો મોટા ધનાઢ્યને ઓળખો અને બોલાવો. અમને ગરીબને કોણ બોલાવે!''

ત્યારે સંતોએ કહ્યું જે, ''બાપા! તમે ગરીબ ખરા, કેમ કે જીવ જીવ પ્રત્યે મહારાજ ભેળા લકાઈ રહ્યા છો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સંત આટલા થોડાક જ છે તોપણ સદાય રાખવા હોય તો ન રાખી શકાય. અને ગૃહસ્થ એક ઘરમાં દશ-વીશ માણસ હોય તો તેનું સદાય પોષણ કરે. એમ ઘરમાં બંધાઈ રહ્યા છે. તે સર્વેને છોડાવવા આવ્યા છીએ. મહારાજે દેહોત્સવ કર્યો તે સાલને અને અમારે હવે બે વર્ષનું છેટું છે. એટલે અમને ચોરાસી વર્ષ થયાં.''

પછી સ્વામી વૃંદાવનદાસજી બેઠા હતા ત્યાં સૂર્યનો તડકો આવવાથી એકકોર ખસીને બેઠા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સૂર્યનું તેજ ઝીલાતું નથી તો ધામનો પ્રકાશ કેમ ઝીલશો? લાડકીબાઈને તેજ ન ઝીલાણું પછી મહારાજે સામર્થી આપી ત્યારે ઝીલાણું.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''આ સ્વામી જેવાને તેજ ન નડે.''

પછી સૌ હરિભક્તોની પ્રાર્થનાથી ઘેરઘેર પધારી દર્શન દઈ બાપાશ્રીએ સૌને આનંદ પમાડ્યો. તે જ દિવસે બપોરના સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "નંદ રાજાને નાણું કાંઈ કામ આવ્યું નહિ. તેમ આ સંત નિર્ભય નાણું છે તે મહિમા જાણીને સમાગમ નહિ કરે તેને નંદ રાજા જેવું થશે. આ સંત અક્ષરધામથી પરના એટલે મૂર્તિમાં રહેનારા છે, તોપણ કેટલાક બાળક જેવા છે તે સમજી શકતા નથી. ભુજમાં અમે સવારે જાગ્યા ત્યારે શ્રીજી શ્રીજી કરતા હતા ત્યારે એક સાધુએ અમને કહ્યું જે, 'અત્યારમાં ઊઠીને સિદ્ધિ સિદ્ધિ શું કરો છો?' એવા ડાહ્યા છે. તે સત્સંગમાં શું સમાસ કરતા હશે?"

પછી વાત કરી જે, "આપણે પ્રકૃતિના કાર્યમાં કાંઈ જોવું નહિ જે આમ બોલ્યા કે આમ બોલ્યા. શબ્દો તો વૈરાજના કરેલા છે તે સામું જોવું નહિ. કોઈક કોઠારું કરે, કોઈક ભંડારું કરે, કોઈક મહંતાઈ કરે, પણ આવા સંત ક્યાંથી મળે! આ સંત કરે તે કામ કોઈ ન કરે. એવા સંત આપણે ઘેર આવી બેઠા છે."

પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીની પ્રશંસા કરી લાલશંકરભાઈ સામે હાથ કરીને કહ્યું જે, "આ પ્રથમ ચિત્તા જેવા આકળા હતા, પણ એ બ્રહ્મચારીએ પકડીને હાથ કરી લીધા છે તે અત્યારે 'હા બાપા, હા બાપા' એમ કરે છે અને સંત-હરિજનનો મહિમા જાણે છે તે આજ જ્ઞાને કરીને બ્રહ્મરૂપ થઈ ગયા તેથી કેડે કેડે ફરે છે; જેમ કહીએ તેમ કરે છે."

"જો પ્રકૃતિના કાર્યમાં ઊભા રહીએ તો મૂર્તિ ક્યાંય જાય. વૈરાજ તો આહીં કુટાય છે. આ બ્રહ્મરૂપ સંત બેઠા છે તે ક્યાં મળે! આ મહાપ્રભુજીની મૂર્તિ ક્યાં મળે! માટે કોઈનો શબ્દ ન લાગે અને કોઈનો અવગુણ ન આવે. 'મેરે તો તુમ એક આધારા, તુમ બિન સબ જગ જરત અંગારા.' એથી એ આઘો નીકળી ગયો. તેને શબ્દ ક્યાં લાગે! આવડા સ્વામિનારાયણ ભગવાન મળ્યા. તે જુઓને કેવડા! જેવડા સમજશું તેવડા! તોય અપાર ને અપાર."

એમ કહી પછી બોલ્યા જે, "તમે પંડિત તો મહારાજને પ્રકૃતિથી આઘા સમજવા દેશો નહિ. અરે! તમે મારી દેશો. પ્રકૃતિના કાર્યમાંથી ઉત્પન્ન થયેલ તેને પણ તમે ભગવાન માનો છો, એવી સમજણમાં શું પાકશે? જુઓ એ વિદ્વાન! આજ આપણને સ્વામિનારાયણ ભગવાન મળ્યા છે તેવા બીજા કોઈને મળ્યા નથી."

બપોરે ગોડપુરના મંદિરમાં સભામાં બાપાશ્રીએ વાત કરી જે, "અહીં ધ.ધુ. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ આવ્યા હતા. તે અહીંના સત્સંગીને મઠની ખીચડી ખાતાં જોઈને કહ્યું જે, 'એ ખીચડી મારે પણ ખાવી.' પછી અમે કહ્યું જે, 'મહારાજ! તમને નહિ સદે.' તોપણ ખાધી તેથી ફેરો થઈ ગયો."

પછી સ્વામી વૃંદાવનદાસજી કહે કે, "કોઠો ન પડ્યો હોય તેને નડે."

પછી બાપાશ્રી બોલ્યા જે, "જો જમાય તો કોઠો પડે. અમે નિત્ય મઠ જમીએ છીએ અને મૂર્તિનું સુખ ભોગવીએ છીએ, માટે મૂર્તિ ન મૂકવી. મૂર્તિ રહે તો સર્વે રહ્યું. સમજણ વિના તો આવા સંત આવે અને એક જ દિવસ રહે તોપણ ઝાઝું થઈ પડે; પોતે તો પચાસ વરસ રહીને કેટલુંય ખાઈ ગયો હોય, પણ આવા સંતને એક દિવસ જમાડવા કઠણ થઈ પડે."

પછી સ્વામી બોલ્યા જે, "આજ જેવું સુખ આવે છે તેવું મૂર્તિમાં આવતું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિમાં તો સુખ અપાર છે. આપણે તેનું વર્ણન કરવું, પણ વૈરાજના શબ્દોનું આપણે કામ નહિ."

ત્યારે સંતે પૂછ્યું જે, "વૈરાજના શબ્દ વિના બોલવું શું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આવા સંતને મુખે શ્રીજીમહારાજ પોતે બોલે છે. વૈરાજ બિચારો શું બોલશે અને શું કરશે? જીવા ખાચરને ઘેર કૂડિયાં ગવાતાં હતાં એટલે શ્રીજીમહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા તે

સુખપુર ગયા; ત્યાં પણ એવો ને એવો જ વિવાહ હતો. ત્યાંથી ચાલ્યા તે કુંડળની ભાગોળે થઈને અરધી રાત્રે જતા હતા ત્યાં મામૈયો પટગર ઘરમાં રહ્યો થકો 'હે સ્વામિનારાયણ બાપા!' એમ બોલ્યો, ત્યારે શ્રીજીમહારાજ તુરત દર્શન આપીને બોલ્યા જે, 'હા બાપા.' એમ સંત બોલાવે તોપણ બોલે અને સંતને મુખે પણ બોલે. વૈરાજ તો ક્યાંય ભાગી જાય; તેનું કાંઈ કામ પડે નહિ. એના શબ્દમાં શું માલ છે? માટે મૂર્તિ ન ભૂલવી. મૂર્તિમાં રહીએ તો મહારાજ જ બોલે. માટે વૈરાજનું ખાતું પડ્યું મૂકવું, એને સાચું ન માનવું."

પછી સભાને કહ્યું જે, "સત્સંગીઓ! આ વાતો સમજાય છે કે તુંબડીમાં કાંકરા ખખડાવ્યા જેવું થાય છે?" એમ કહીને બોલ્યા જે, "આ સત્સંગી બધાય વિશ્વાસી છે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, "સાચી વસ્તુ ન ઓળખાય અને બધે વિશ્વાસ કરે તો કેમ થાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તો તો મરવા જેવું થાય. સાધુને પણ ઓળખવા ખપે. આવા મોટા સાધુ સાથે હેત કરવું અને વિશ્વાસ પણ આવાનો જ કરવો." એમ વાત કરીને કથાની સમાપ્તિ કરી. પછી ત્યાંથી સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી નારાયણપુરના હરિજનોને દર્શન દઈને વૃષપુર પધાર્યા. ॥૨૩॥

## વાર્તા ૨૪

સંવત ૧૯૮૩ના આસો સુદ-૭ને રોજ વૃષપુર મધ્યે સંતો બાપાશ્રી પાસે મૂર્તિઓ લાવ્યા; તેને જોઈને પોતાની પ્રસન્નતા જણાવી. અને તે મૂર્તિઓ સંતને આપી.

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, "પુસ્તકમાં વાત મૂર્તિમાં જવાની આવે છે. અને આપના મુખ થકી મૂર્તિમાં આવવાની વાત થાય છે, તેનું કેમ સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આમાંથી અને એમાંથી બધેય મૂર્તિમાં આવવાની વાત આવે છે. જેમ નદીઓ બધી સમુદ્રમાં આવે છે તેમ."

એમ કહીને પછી બોલ્યા જે, "દાંત પડી ગયા છે, પણ અમારે કોઈ જીવને પડવા દેવા નથી. જીવના સ્વભાવ ચટણા છે તેથી ભમી જાય છે, પણ અમારે તો કોઈને ભમવાય દેવા નથી; સર્વેને મહારાજની મૂર્તિમાં રાખવા છે."

પછી સંતોએ બાપાશ્રીને ચંદન ચર્ચ્યું તે વખતે એમ બોલ્યા જે, "આ ચાંદલો છે તે કારણ છે, તે બગાડવો નહિ. 'સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન.' એ કારણ મૂર્તિનો ચાંદલો છે, માટે આપણે કારણ મૂર્તિ રાખવી."

પછી હરિભક્તો સામું જોઈને બોલ્યા જે, "આવો! સંતોની પૂજા કરો. કોઈ પૂજા કર્યા વિના રહી જશો નહિ." એમ કહીને બાપાશ્રીએ પોતે સૌ સંતોની તેમજ હરિભક્તોની ચંદનથી પૂજા કરી.

તે વખતે કૃપા કરીને બોલ્યા જે, "આ અક્ષરધામમાં દિવ્ય ચંદન ચર્ચાય છે, આ ચર્ચનાર અક્ષરધામના ધામી શ્રીજીમહારાજની મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે. આ ટાણું ને આ જોગ બહુ ભારે આવી ગયો."

ત્યાર પછી પોતાનું આસન લાંબું હતું તે ટૂંકું કરાવીને બોલ્યા જે, "ટૂંકા થાવું. જીવ કાળો, ગોરો, લાંબો અને છેવટે મૂર્તિમાં રહ્યો ત્યારે ટૂંકો. માટે ટૂંકા થાવું તે શ્રેષ્ઠ છે."

પછી કેરાવાળા જાદવજીભાઈ ચંદન ઉતારીને લાવ્યા હતા, તે સંતોએ બાપાશ્રીને ચર્ચ્યું. પછી બાપાશ્રીએ પણ સંતોની તથા હરિભક્તોની પૂજા કરી.

તે વખતે બોલ્યા જે, "નારાયણપુરથી અને કેરાથી હરિજનો ચંદન ઉતારીને લાવે છે, પણ અહીંના કોઈને એ કરવાનું સૂઝતું નથી.

તે કોણ જાણે શું સમજતા હશે?''

પછી કથા ચાલુ થઈ તેમાં સમાધિમાં આકાશ લીન થઈ જાય છે એ વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આકાશ તમોગુણમાંથી થયો તે લીન થઈ જાય, પણ જેને શ્રીજીમહારાજ કૃપા કરીને સમાધિ કરાવે તેને તો આ લૌકિક આકાશ ન દેખાય તે લીન સમજવો. ચિદાકાશ દેખાય તે ચિદાકાશની ઉત્પત્તિ જાણવી. પાછો દેહમાં શ્રીજીમહારાજ લાવે ત્યારે ભૌતિક આકાશ ઉત્પન્ન થયો કહેવાય અને ચિદાકાશ ન દેખાય તે ચિદાકાશ લીન થયો કહેવાય; પણ છે તો જેમ છે તેમ જ.''

આ વાત કરી તે વખતે સ્વામી વૃંદાવનદાસજીને એવી રીતે અંતર્વૃત્તિએ દેખાડ્યું. પછી ગામ સુખપરના કરસન ભક્ત જે ધમડકે રહેવા ગયેલા તે ધમડકેથી દર્શને આવ્યા. તેમણે બાપાશ્રીને એક પાંચિયો ભેટ મૂકીને વાત કરી કે, ''આ પાંચિયો બે મહિના ઉપર આપ શ્રીજીમહારાજે સહિત ધમડકે ખીમા કુંભારના છોકરા વીરજીને સોનાનો રથ અને સુવર્ણમય ઘોડા જોડીને તેડવા આવ્યા હતા તે વખતે એ છોકરો બોલ્યો જે, ''મહારાજ અને બાપા રથમાં બેઠા છે અને મને કહે છે કે, 'ચાલ, અમે તને અમારા ધામમાં લઈ જઈએ. અહીં તો ગધેડા ચારવા પડશે, માટે ચાલ અક્ષરધામમાં. ત્યાં બહુ સુખ છે.' એમ કહે છે માટે હું જઈશ.'' પછી એના બાપે કહ્યું જે, 'મહારાજ ને બાપા ક્યાં છે?' ત્યારે છોકરે કહ્યું જે, 'આ ઊભા, દેખોને!' પછી તેને પણ એ છોકરે જેવાં કહ્યાં એવાં જ દર્શન થયાં. ત્યારે તેણે રથમાં એક પાંચિયો નાખ્યો તે રથમાં ન પડતાં પૃથ્વી ઉપર પડી ગયો. પછી તો મહારાજ ને આપ એ છોકરાને તેડી ગયા. પછી તેના બાપે કહ્યું જે, 'આ પાંચિયો બાપાશ્રીને પહોંચાડવાનો છે.' તેણે આ પાંચિયો રાખી મૂકેલો તે હું આપને દર્શને આવતો હતો એવી ખબર પડવાથી મને એ કુંભારે આપ્યો. તે હું આપની પાસે લાવ્યો છું.'' એમ વાત કરી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ ખીમા કુંભારને કહેજે કે તારા

છોકરા વીરાને અમે મહારાજની મૂર્તિને સુખે સુખિયો કર્યો છે અને અનાદિમુક્તની પંક્તિમાં રાખ્યો છે.'' ॥૨૪॥

## વાર્તા ૨૫

સંવત ૧૯૮૩ના આસો સુદ-૭ને રોજ સાંજે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''અખંડ સમાધિવાળો છે તેને તો મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ ભાસે જ નહિ. ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં સર્વે ક્રિયામાં મૂર્તિ હોય અને જે ચમત્કાર, સમાધિ, પરચા આદિક દેખાય તે તો મહારાજ પોતાની મરજી પ્રમાણે દેખાડે, પણ તેમાં અનુક્રમનો મેળ નહિ.''

પછી પ્રથમ પ્રકરણનું ૬૫મું વચનામૃત વાંચવા માંડ્યું. તેમાં ઇંદ્રિયોના અંતને પામે તો તેના દેવને પમાય એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ બધાયને ઠેક દઈને ઠેઠ મહારાજની મૂર્તિને વળગી જઈએ તો એ એકે આડું આવે નહિ. બીજું તો શાસ્ત્રવાળા જાણે. આપણે તો વૈરાજ શું! અહંકાર શું! મહત્તત્ત્વ શું! પ્રધાનપુરુષ શું! પ્રકૃતિપુરુષ શું! વાસુદેવબ્રહ્મ શું! મૂળઅક્ષર શું! અને અક્ષરધામ તે શું! એક મહારાજની મૂર્તિ રાખવી. તે આ ઈશ્વરબાવે રાખી છે; બીજા બધાયને ઉલ્લંઘી ગયા છે. ભગવાનનો ભક્ત કાળ-કર્મનો આહાર કરી જાય. 'કાળ કર્મની રે શંકા દેવે વિસારી.' આહાર એટલે શું? તો કાળ-કર્મને ધોકા મારીને કાઢી મેલે; એવા આ સંત છે. તે શાથી? તો એને પ્રત્યક્ષ મહારાજની મૂર્તિ મળી છે તેથી બીજું બધુંય ખોટું થઈ ગયું છે. જ્યારે પ્રગટ મહારાજ મળે એટલે તે મૂર્તિમાં એકતા થાય અને તે મૂર્તિના આકારે આકાર થઈ જાય, ત્યારે એ બધાયનો ચારો કરી શકે એવી સામર્થી આવે છે.''

પછી બાપાશ્રીએ સંતોને વાતો કરવાની આજ્ઞા કરી, ત્યારે સંતોએ કહ્યું કે, ''સ્વામી ઘનશ્યામજીવનદાસજીને વાતો કરવાની આજ્ઞા કરો.''

પછી બાપાશ્રી બોલ્યા કે, "એમનાં તો દર્શન પણ દુર્લભ છે, કેમ જે આટલી મોટી અવસ્થાએ પણ એ અહીં આવે છે. એમને તો ભુજના મહંત કરવા જેવા છે." એમ કહીને કીર્તનની ટૂંક બોલ્યા જે, "'સખી ઘન સજી શણગાર ધરા લીલી થઈ.' ઘન કહેતાં વરસાદનું નામ તે તો ઉપમા. કેટલીક અવરભાવની અને પરભાવની વાત જાણવી જોઈએ. મહારાજ બહુરૂપી કહેવાય. મહારાજ તો શ્વેત તેજોમય છે. તે તેજ ઘન એટલે ઘાટું છે તેને વીજળી, ચંદ્ર, સૂર્ય આદિકનાં દૃષ્ટાંત દેવાય છે."

પછી બોલ્યા જે, "'શ્વેત હાર પહેર્યા ઉર પર કાજુ બાંધ્યા શ્વેત ફૂલોના બાજુ', 'લહેરી લટકાળા' એમ ઉપમાઓ દીધી છે, પણ એ તો અલૌકિક છે. અક્ષરધામમાં બે ભુજાવાળા ભગવાન બિરાજે છે અને ચાર ભુજ, અષ્ટભુજા કે હજાર હાથનાં નામ પડ્યાં એ તો બીજા અવતાર આવ્યા. આપણા પતિ બે ભુજાવાળા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા. કેમ બાવા! એ બે ભુજાવાળા ખપે કે બીજું ખપે?"

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "અમારે તો દ્વિભુજાવાળા ખપે."

ત્યારે બોલ્યા જે, "એ મૂર્તિ હરતી-ફરતી દેખાય તે અને ઘનશ્યામ કહી તે અવરભાવના ભાવ. ને અડખે-પડખે હરતાં-ફરતાં માતાના ઉદરમાં દેખીએ છીએ એમ કહ્યું છે તે કેટલાક પરમ એકાંતિક મુક્તના તથા કેટલાક અનાદિમુક્તના ભાવ છે."

પછી સાંજના પ્રથમ પ્રકરણનું ૩જું વચનામૃત વંચાતું હતું. ત્યારે બાપાશ્રી સભા સામું જોઈને બોલ્યા જે, "સંતો! આ વચનામૃત પ્રમાણે તમે અવતાર ઠર્યા. 'જે જે અવતારે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી.' તે અવતાર મચ્છ, કચ્છ, વારાહ, હયગ્રીવ, વ્યાસ, રામ, કૃષ્ણ? ના, ના, એ કોઈ નહિ. આ તમે છો તે બધા અવતાર છો. પરોક્ષ

અવતારોથી આત્યંતિક કલ્યાણ ન થાય. આ વાત નથી સમજાતી એટલી ખોટ કહેવાય. આ વાત સમજાય ત્યારે પૂરણકામ થઈ જવાય. જો મૂર્તિમાં રહે તો એ સમજાય, પણ અંતર્વૃત્તિ કોઈ દિવસ કરે નહિ તો શું સમજાય?''

પછી હરિભક્તો ચોક ચોખ્ખો કરતા હતા તે જોઈને બોલ્યા જે, '''નીચી ટેલ મળે તો માને મોટાં ભાગ્ય જો.' માંદા સાધુની સેવા કરવી, મંદિર વાળવું, ખાડા ધોવા એ બધી નીચી ટેલ કહેવાય.'' એમ વાત કરીને 'શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય ને આ સભાની માયાનો ક્ષય' એમ પ્રસન્ન થઈને બોલ્યા. ॥૨૫॥

## વાર્તા ૨૬

સંવત ૧૯૮૩ના આસો સુદ-૮ને રોજ સવારે વચનામૃતની કથા વાંચવાનો આરંભ કર્યો ત્યારે એક હરિભક્ત દર્શને આવેલ તેમણે બાપાશ્રીને વાત કરી જે, ''હું ઘણી વખત ભુજના મંદિરમાં દર્શને જાઉં છું. હમણાં અમદાવાદના સાધુ આવેલા તેમણે સભામાં વાત કરી જે, 'નરનારાયણ ભગવાનની જે મૂર્તિઓ છે તે સ્વામિનારાયણ પોતે જ છે; બદરિકાશ્રમમાં રહ્યા છે એ નહિ.' તેમની સાથે મારે વાતચીત થતાં તેમણે તો 'સ્વામિનારાયણ વિના બીજા ભગવાન કોઈ છે જ નહિ, એ એક જ ભગવાન છે' એમ કહ્યું. પછી તેઓ ત્યાંથી ગામડામાં ગયા છે. એ વાત મારા સાંભળવામાં આ ફેરે જ આવી તેથી મને સમજાણી નહિ. તો એ વાત જેમ હોય તેમ દયા કરીને મને સમજાવો. મારે તમારો ખરો વિશ્વાસ છે.''

ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, ''તમને જે સાધુએ વાત કરી હતી તે સાધુ અહીં જ છે, હમણાં નાહવા ગયા છે તે આવે છે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી નાહીને આવ્યા ત્યારે તે કહે, ''આ એ જ.''

પછી તો સ્વામીએ તેને બહુ રીતે વચનામૃતમાંથી સમજાવ્યા.

તેથી ઘણા રાજી થઈને એમ બોલ્યા જે, “બાપા! તમારી પાસે દર્શને આવવાથી આ લાભ મને મોટો મળ્યો, હવે મને આ વાત સમજાણી.”

પછી બાપાશ્રીએ વાત કરી જે, “સત્સંગમાં મહારાજને સર્વોપરી જાણવા અને જણાવવા એ કામ બહુ જબરું છે. શ્રીજીમહારાજ પોતે પ્રત્યક્ષ દર્શન દેતા તોપણ જ્યારે ‘આ મૂર્તિ સૌથી નોખી છે, આ મૂર્તિને સુખે અનંત મુક્તો સુખિયા છે, મોટા મોટા અક્ષરાદિક અવતારો ને તેમના મુક્તો આ મૂર્તિનું ધ્યાન કરે છે’ એમ વાત થતી ત્યારે કેટલાક મૂંઝાતા. અ.મુ. ગોપાળાનંદ સ્વામી જેવા મહા સમર્થ મુક્તને ખૂણિયા જ્ઞાનવાળા કહેતા. પણ એવા જીવને ખબર ન પડે કે આ ભગવાન કેવડા મોટા છે, એમના મુક્ત કેવા સમર્થ છે. જુઓને! નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે, ‘આ મૂર્તિ સૌથી નોખી, આચરજકારી છે; કહું છું ચોક્કસ વાત ચોખી આચરજકારી છે.’ એવી રીતે મોટા મુક્તોએ મહિમા કહ્યો છે. મહારાજને તથા મોટા મુક્તને જીવો ઉપર અપાર દયા છે તેથી જેમ જેમ મહિમા સમજાય તેમ સમજાવે છે.”

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા! આપે વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકામાં આ બધીએ વાત સમજાવી છે તથા આપ વાતો કરો છો તેમાં એ ભાવ ઘણો આવે છે. તેથી સત્સંગમાં હવે મહારાજ તથા મોટાનો મહિમા, અવતાર-અવતારીનો ભેદ ઘણા સમજી ગયા છે ને બીજા ધીરે ધીરે સમજશે. અ.મુ. ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આદિક મુક્તોએ એ જ કામ કર્યાં છે. તોપણ અનાદિકાળનું અજ્ઞાન જીવને વળગ્યું છે, તેથી આવી વાતો ઝટ સમજી શકતા નથી.”

એમ કહીને બોલ્યા જે, “શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણવા એ તો બહુ ભારે વાત છે. આ વાત સમજાવવા મોટા મોટા સંતોએ બહુ દાખડા કર્યા છે, ઉપાધિઓ સહન કરી છે.”

પછી બાપાશ્રીએ એમ વાત કરી જે, "એક વખત ગઢપુરમાં મહારાજે ઉદાસી જણાવી તે થાળ તૈયાર થયો તોય જમવા ઊઠે નહિ. મૂળજી બ્રહ્મચારી કહે, 'મહારાજ! થાળ ઠરી જાય છે માટે જમવા પધારો; જ્યારે આપ જમશો ત્યારે જ સંતોની પંક્તિ થશે.' ત્યારે મહારાજ કહે, 'ચાલો.' પછી થાળ જમતાં ઉદાસી જણાવતા હોય તેમ થોડુંક જમ્યા ને પાછા અક્ષર ઓરડીમાં આવીને પોઢ્યા."

"થોડીકવાર પછી સદ્. ગોપાળાનંદ સ્વામી મહારાજ પાસે ગયા ને કહ્યું જે, 'મહારાજ! આજ કેમ ઉદાસ જણાઓ છો?' ત્યારે મહારાજ કહે, 'સ્વામી! આપણે અક્ષરધામમાંથી મોટા મોટા અવતારોનો તથા તેમના ભક્તોનો તથા અનંત જીવોનો આત્યંતિક મોક્ષ કરવા આવ્યા છીએ, પણ તમારા જેવા સંતો જ્યારે અમારા સ્વરૂપની જેમ છે તેમ વાતો કરે છે ત્યારે તેઓ સમજી શકતા નથી ને પોતાની પૂર્વની સમજણને લઈને તમારા જેવા મોટા મુક્તોને વાતો કરતાં અટકાવે છે ને સમજવા દેતા નથી. કેટલાક સાધારણ જીવો તો અનાદિકાળના અજ્ઞાનથી પરવશ થયેલા તમારા જેવા સંતોને અનેક પ્રકારના ઉપદ્રવે કરીને કુરાજી કરે છે. તેથી આજ અમને એ વાતની ઉદાસી થઈ આવી.'"

"પછી મહારાજ એમ બોલ્યા જે, 'સ્વામી! તમારા દાખડા બહુ છે તે અમે જાણીએ છીએ. તમે અમારા સારુ અજ્ઞાની જીવોના માર તથા અપમાન સહન કરો છો તેથી અમને ઘણું દુઃખ થાય છે.' એમ કહીને મહારાજના નેત્ર આંસુથી ભરાઈ આવ્યાં. પછી ગોપાળાનંદ સ્વામી કહે, 'મહારાજ! આપ રાજી રહો; અમને કાંઈ દુઃખ નથી.' ત્યારે મહારાજ કહે, 'સ્વામી! અનંત ધામના મુક્તો તથા અધિપતિઓ જેવી મારી મૂર્તિ છે, જેવો મારો મહિમા છે, જેવું મારું સામર્થ્ય છે તેને જાણે તો અમારો ને તમારો દાખડો લેખે આવે.' એમ કહી પોઢી ગયા."

"આવી રીતે શ્રીજીમહારાજે પોતાની રુચિ અ.મુ. સદ્ગુરુ

ગોપાળાનંદ સ્વામી જેવા સર્વોપરી સંતને કહી હતી. તોપણ હજી સુધી કેટલાક એવી વાતો સમજતા નથી. તે મહારાજની દયાથી ધીરે ધીરે સમજશે. આપણે તો સૌ ઉપર દયા રાખવી. દયા તે શું? તો મહારાજ સર્વોપરી છે એ વાત સમજાવવી.'' ॥૨૬॥

## વાર્તા ૨૭

સંવત ૧૯૮૩ના આસો સુદ-૯ને રોજ સવારે સભામાં મધ્ય પ્રકરણનું ૪૫મું વચનામૃત વંચાતું હતું. તેમાં ભગવાન ને ભગવાનના ભક્તને રાજી કરવાની વાત આવી.

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, ''ભગવાન ને ભગવાનના ભક્તને તો રાજી કરીએ, પણ મુક્ત તો મૂર્તિમાં રહ્યા હોય તેમને શી રીતે રાજી કરવા?''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં રહેલા મુક્તને જુદા રાજી કરવા ન પડે; એ તો મહારાજ ભેળા રાજી થાય. એટલે મહારાજને રાજી કરવાથી એ રાજી થઈ ગયા એમ જાણવું. પરમ એકાંતિક મુક્ત તથા સાધનદશાવાળા એકાંતિકને રાજી કરીએ તો તે ભેળા મહારાજ રાજી થાય.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''દાસત્વપણું આવે તો મૂર્તિમાં રહેવાય.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''આપ સર્વેને મૂર્તિમાં રખાવજો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''બહુ સારુ મહારાજ!'' એ વર આપ્યો.

રાત્રે સભામાં છેલ્લા પ્રકરણનું ૨૭મું વચનામૃત વંચાતું હતું તેમાં ભગવાનની અલૌકિક સુખમય દિવ્ય મૂર્તિમાં સર્વે પ્રકારે જોડાવું એમ આવ્યું.

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, "સર્વે પ્રકારે તે કેમ સમજવું?"

પછી બાપાશ્રી બોલ્યા જે, "એક દેશમાં ન રહેવું; સર્વ દેશમાં રહેવું. નખશિખ મૂર્તિમાં ચારે દિશે એટલે સર્વત્રપણે જોડાવું. મૂર્તિથી બહાર ન રહેવું; સળંગ મૂર્તિમાં રહેવું."

ત્યારે વળી પુરાણીએ પૂછ્યું જે, "પરમ એકાંતિક તો મૂર્તિની સમીપે રહે છે, પણ મૂર્તિની અંદર રહેલા મુક્તને સન્મુખ કેવી જાણવું?"

પછી બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિમાં સળંગ રહ્યા થકા સમગ્ર મૂર્તિને એકકાળાવિછિન્ન દેખે છે એમ સન્મુખ જાણવું."

પછી વચનામૃતમાં એમ આવ્યું જે માને કરીને પડી જાય છે એવા કામે કરીને પડતા નથી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "'સાધન સર્વે માન બગાડે પળ વિષે.' માનીને માન બધુંય બગાડે. કદાચ કામી હોય તો નભ્યો જાય, પણ માનીને જોખો મોટો છે; કેમ જે કોઈ મોટા સંત-હરિભક્ત પ્રકૃતિને મરોડે ત્યારે માનરૂપ દોષને લીધે તેના અવળા સંકલ્પ થયા કરે. માટે માનીને એવા સંકલ્પ થાય એ જોખો મોટો છે, કારણ કે એમાંથી જીવનું બગડે."

એમ વાત કરતા હતા ત્યાં બાપાશ્રીના પૌત્ર જાદવજી બાજરાનો પોંક લાવ્યા તે ઠાકોરજીને જમાડી સંત-હરિભક્તો સૌને પ્રસાદી વહેંચીને બોલ્યા જે, "માવતર હોય તે પહેલું છોકરાને જમાડે ને વધે તો પોતે જમે અને ન વધે તો ભૂખ્યા રહે." એમ કહીને બોલ્યા જે, "હાથ ખલ્લા તો દે અલ્લા." પછી સંતોને કહ્યું જે, "આપણે તો એક સ્વામિનારાયણ ભગવાનમાં વળગી રહેવું, એટલે આનંદના ઢગલા; મૂર્તિમાં રસબસ રહેવું."

પછી આશાભાઈને પૂછ્યું જે, "તમે આત્મા, અનાત્મા અને પરમાત્મા તેને ઓળખો છો? જો ઓળખતા હો તો બતાવો."

ત્યારે આશાભાઈ બોલ્યા જે, "મહારાજના તેજથી ઓરું બધુંય અનાત્મા અને મહારાજનું તેજ તે આત્મા અને મહારાજ તે પરમાત્મા."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ તો સિદ્ધ થઈ ગયો." એમ કહીને બોલ્યા જે, "જેને ખરી સિદ્ધદશા આવે તે તો એક મહારાજને દેખે; બીજું કાંઈ એને હોય નહિ. કેટલાક સમાધિને અધિક કહે છે, પણ એ ઉત્તમ માર્ગ નથી; તે તો સકામ કહેવાય. એને ઐશ્વર્યનું રહે, જોયાનું રહે. માટે સિદ્ધદશા તે અખંડ સમાધિ કહેવાય અને તે ઉત્તમ છે. તે જ્યાં જુએ ત્યાં મૂર્તિ જ જુએ, બીજું કાંઈ દેખે જ નહિ. જો એમ ન સમજાય તો લાડકીબાઈ તેજ જોઈને ચીસો પાડવા મંડ્યાં ત્યારે મહારાજે કહ્યું જે, 'એક મૂર્તિ જુઓ, ભાટનો દેહ ને બીજી વસ્તુ નથી.' પછી મૂર્તિ જોઈ તો આનંદ આનંદ થઈ ગયો. એવી રીતે ગોરધનભાઈ પણ મૂર્તિ વિના બીજું દેખતા જ નહિ. પાણી જોવા મોકલ્યા તો કહે જે, 'નથી.' એવી સ્થિતિવાળા એક મૂર્તિને જ દેખે, ઘોડે ચડેલા દેખે, હરતાં ફરતાં દેખે, એમ મૂર્તિ વિના બીજું કાંઈ દેખે જ નહિ. હાથી, રથ, ઘોડા, વિમાન તે તો થોડીવારમાં અદૃશ્ય થઈ જાય; પછી કાંઈ હોય નહિ. ગોરધનભાઈને તો મીઠું ને સાકર બે જમાડ્યા તે એક થઈ ગયું. તે અખંડ સમાધિ કહેવાય. ધ. ધુ. આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ દૂધપાકમાં અજાણમાં મીઠું નાખેલ તે જમી ગયા; બીજા સર્વેને ખારું લાગ્યું. એ તેથી ઉત્તમ સમાધિ કહેવાય. એ સમાધિમાં કાંઈ વિઘ્ન આવે નહિ." એમ કહી વાર્તાની સમાપ્તિ કરી. ॥૨૭॥

## વાર્તા ૨૮

સંવત ૧૯૮૩ના આસો સુદ-૧૦ના રોજ સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. ત્યારે નારાયણપુરથી ધનજીભાઈના દીકરા લાલજી તથા હરજી આવ્યા તેમને કહ્યું જે, "તમે હમણાં કેમ દેખાતા નથી? અમારાથી બીઓ છો કે શું? માયા ભેળી કરો છો તે ભેળી ખણી જાવી છે?" ત્યારે તે કહે, "ના બાપા! એ ભેળી આવે એવી તો નથી, પણ

એણે રોકી રાખ્યા છે.''

પછી બાપાશ્રી બોલ્યા જે, '''તૃષ્ણા તું બડી નકટી, સબ લોકનકી લાજ લેત.' તૃષ્ણા મૂક્યા વિના છૂટકો નથી. આ નહિ મળે. પછી ક્યારે જોગ કરશો? આ કરી લ્યો, કરી લ્યો, કરી લ્યો.''

એમ કહી જમવા પધાર્યા. પછી બપોરના બાપાશ્રી મંદિરની ઓસરીમાં પોઢ્યા હતા, તે સૂતાં સૂતાં બોલ્યા જે, ''આ આકાશમાં વાદળી છે. એટલી વાદળી જોઈને મહારાજે ગઢડામાં કહ્યું હતું જે, 'આ વાદળી પછેડી જેટલી છે તેમાંથી આપણે પાણી લેવું છે.' પછી વાદળી તૂટી પડી તેથી ઘેલામાં પૂર આવ્યું. તેને પાછું હઠાવવા સારુ દાદા ખાચર પાસે મહારાજે નદીને વધાવી. તેથી સાજા ગઢડાને વીંટો દીધો એટલું પાણી હતું તે તુરત જ હડેડાટ કરતું પાછું વળી ગયું. પછી મહારાજ કહે જે, 'અહોહો! દાદા ખાચરનું કેવું પરિબળ!' એમ પ્રશંસા કરી. કામ તો પોતે જ કર્યું હતું, પણ દાદા ખાચરને જશ આપ્યો. એવા મહારાજ છે. તે આજ પણ એમ જ કરે છે.''

તે વખતે પ્રસન્નતા જણાવી સર્વેને મળ્યા. પછી બોલ્યા જે, ''આવો આવો, સંતો! બેસો. તમે આજ સભામાં બપોરે પ્રશ્ન પૂછ્યો હતો તે ટાણે ઉત્તર થાય તેમ નહોતું, માટે અહીં પૂછો તો ઉત્તર કરીએ.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''જ્યારે મોટાએ વર્તમાન ધરાવ્યાં, ત્યારે તન, મન, ધન, અનેક જન્મનાં કર્મ અર્પણ કરાવ્યાં. પછી એ ચૈતન્યને રહેવાનું ક્યાં રહ્યું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ એ ચૈતન્યને પોતાની મૂર્તિને વિષે રાખે છે.'' એમ કહીને બોલ્યા જે, ''તમે સર્વે શ્રીજીમહારાજના સંકલ્પ છો.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બધાય મહારાજના સંકલ્પ હોય તો માંડવીમાં ખૈયા ખત્રીના પ્રશ્નના ઉત્તર બ્રહ્માનંદ સ્વામીથી કેમ ન થયા ને શ્રીજીમહારાજે કેમ કર્યા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “એ તો મહારાજની ઇચ્છા પ્રમાણે જે સંકલ્પ દ્વારે જેટલું જણાવવું હોય તેટલું જણાવે છે.” એમ કહીને સર્વેને મળ્યા.

પછી છેલ્લા પ્રકરણનું ૩૯મું વચનામૃત વંચાતું હતું. તેમાં કીડામાંથી કીડો, માણસમાંથી માણસ અને પશુમાંથી પશુ થાય છે તે સર્વેના કર્તા એક જ ભગવાન છે એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “હવે બ્રહ્માનું કર્તવ્ય ક્યાં રહ્યું? સર્વ કર્તા-હર્તા એક શ્રીજીમહારાજ જ રહ્યા, પણ બીજો કોઈ કર્તા નથી.” ॥૨૮॥

## વાર્તા ૨૯

સંવત ૧૯૮૩ના આસો વદ-૧૧ને રોજ સવારે વચનામૃતની કથા થતી હતી. તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “બાપા! શ્રીજીમહારાજ છપૈયે પ્રગટ થયા ને ગઢપુરમાં અંતર્ધાન થયા એ બે ધામમાં અધિક ધામ કયું જાણવું?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “મુળીવાળા સદ્‌ગુરુ હરિનારાયણદાસજી સ્વામીની છપૈયે બદલી થઈ હતી તે ઘનશ્યામ મહારાજની સેવા કરતા. ત્યાં તેમણે બધાં વચનામૃત કંઠે કર્યાં હતાં. તેમને એવો સંકલ્પ રહેતો કે છપૈયા અધિક કે ગઢપુર અધિક? પછી શ્રીજીમહારાજે રાત્રિએ સ્વપ્નમાં દર્શન આપ્યાં તે સાથે અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજ તથા મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિક ઘણા સંતોની મોટી સભા થઈ. ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘તમારે શું પૂછવું છે? પૂછવાનું હોય તે પૂછો.’ ત્યારે તેમણે ‘આ બે ધામમાં અધિક ધામ કયું?’ એમ પૂછ્યું. ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે, ‘ગઢપુર અધિક.’ પછી નિત્યાનંદ સ્વામી બોલ્યા જે, ‘એમાં તમે ન જાણો, આ છપૈયા અધિક; કેમ જે ભગવાનનો પ્રાદુર્ભાવ જ્યાં થયો હોય તે ધામ તુલ્ય

બીજું ન કહેવાય.' પછી શ્રીજીમહારાજે ઊભા થઈને સ્વામી હરિનારાયણદાસજીને કહ્યું જે, 'ચાલો, અમારું જન્મસ્થાન બતાવીએ.' પછી સભામાંથી બન્ને ઊઠીને ચાલ્યા તે આગળ શ્રીજીમહારાજ ને પાછળ સ્વામી ચાલ્યા; તે જ્યાં પોતે પ્રગટ થયા હતા ત્યાં ઊભા રહીને કહ્યું કે, 'આ સ્થાને અમે પ્રગટ થયા હતા. આ સ્થળે ધૂળની ઢગલી કરો અને આ જગ્યાએ અમારું જન્મસ્થાન કરાવજો.' એમ કહીને મહારાજ તથા સંતની સભા અદૃશ્ય થઈ ગઈ." એમ વાત કરી.

પછી જેતલપુરનું ૧લું વચનામૃત વાંચ્યું. તેમાં એમ આવ્યું જે, સો મનુષ્ય માને, હજાર મનુષ્ય માને, લાખ મનુષ્ય માને; ક્યારેક બ્રહ્મા જેવો, શિવ જેવો, ઇંદ્ર જેવો થાય તેણે કરીને મોટપ માને નહિ. આત્મા વડે અને સંતના સમાગમે કરીને મોટપ છે એમ આવ્યું. પછી સંતની મોટપ આવી.

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, "પહેલી આત્મા વડે કરીને મોટપ કહી તે આત્મા કયો જાણવો? પછી સંતની આત્મનિષ્ઠાએ કરીને મોટપ છે, એમ કહ્યું તે આત્મનિષ્ઠા કઈ જાણવી?"

પછી બાપાશ્રી બોલ્યા જે, "પહેલી સાધનદશાવાળાને આત્મા વડે કરીને મોટપ કહી તે પોતાને શ્રીજીમહારાજના તેજરૂપ માનવું, તે આત્મા જાણવો. અને સંતને આત્મનિષ્ઠા કહી તે આત્મા જે શ્રીજીમહારાજ તે શ્રીજીમહારાજમાં નિષ્ઠા કહેતાં સ્થિતિ તે આત્મનિષ્ઠા જાણવી."

પછી વાત કરી જે, "તમે સર્વે મહારાજની મૂર્તિમાં રહ્યા છો. માટે મૂર્તિમાં રહ્યા છીએ અને ક્રિયા મૂર્તિ જ કરે છે, એમ જાણજો." ॥૨૯॥

## વાર્તા ૩૦

સંવત ૧૯૮૩ના આસો વદ-૧૨ને રોજ સાંજે છેલ્લા પ્રકરણનું ૨જું વચનામૃત વંચાતું હતું.

તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, “કેવા હોય તે સાધુ કહેવાય?”

ત્યારે બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે, “સાધન કરીને એકાંતિકભાવને પામ્યો હોય, અખંડ શ્રીજીમહારાજની સ્મૃતિ રહેતી હોય, મહારાજ વિના બીજે ક્યાંય પ્રીતિ ન હોય, પણ જે દેહે કરીને સાધન કર્યાં હોય તે દેહે સહિત હોય તેને સાધુ કહેવાય. તથા છેલ્લા પ્રકરણના ૮મા વચનામૃતમાં મોટા સંત કહ્યા છે, તેવાં લક્ષણવાળા હોય અને દેહની ક્રિયા પણ આ લોકમાં જમવું જોઈએ એ આદિક થતી હોય તેને સાધુ કહ્યા છે. મહારાજ અને મુક્ત તો દેહ વિનાના કહેવાય. તેમને તો આ લૌકિક ક્રિયા જે ખાવું-પીવું તે નથી. તે તો જમતાં થકા અજમતા છે. એમ જ સર્વે ક્રિયા કરતાં થકા અકર્તા છે. આવી રીત મોટા મુક્તની છે.”

પછી વાત કરી જે, “નારાયણપુરમાં ખીમજીભાઈના દીકરા ભીમજીને ઘેર અમે ગયા હતા. ત્યાં હનુમાનજીની છબી જોઈને અમે કહ્યું જે આ શું છે? પછી તે કાંઈ બોલ્યો નહિ. આપણે તો સ્વામિનારાયણનો જ આશરો રાખવો. બધે માથાં ભટકાવવાં નહિ. મહારાજ તો કૃપાસાધ્ય છે. તેના મુક્ત પણ એવા જ છે. તે જે જીવ આશરે આવે તેને સુખિયો કરી મૂકે.”

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજી આવ્યા અને કહ્યું જે, “બાપા! મૂર્તિમાં રાખજો.”

ત્યારે બાપાશ્રી કહે, “બહાર રાખીએ તો?” ત્યારે કહે કે, “ના, મૂર્તિમાં રાખજો.” ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, “માંહી મૂંઝવણ થાય તો?” ત્યારે સ્વામી કહે, “મૂંઝવણ નહિ થાય.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “સારું મહારાજ! મૂર્તિમાં રાખશું. આપણે તો જે છે તે અહીં છે. અહીં અક્ષરધામ, મૂર્તિ, મુક્ત, સર્વે છે; પણ અક્ષરધામ બીજે છે અને મૂર્તિ બીજે છે, એમ ન જાણશો. સર્વે

અહીં જ છે.'' એમ વાત કરી ઠાકોરજીનાં દર્શને પધાર્યા અને દર્શન કરી સર્વેને મળ્યા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''મૂર્તિનું સુખ ને આનંદ વધતાં જાય તેનો શું ઉપાય હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજની મૂર્તિમાં નિમગ્ન રહેવું, તેણે કરી આનંદ ને સુખ વધતાં જાય. આ બાવો ઈશ્વરચરણદાસજી જાણે જે હું બધો મહિમા લખી નાખું, પણ તમે બધી વનસ્પતિની કલમો કરો, સાત સમુદ્રની શાહી કરો, તે લખતાં કલમો ઘસાઈ જાય, શાહી ખૂટી જાય તોપણ મહારાજના મહિમાનો પાર ન આવે. એવી દિવ્ય મૂર્તિ છે, અપાર છે, તે પાર પામી શકાય તેવું નથી.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ''બાપા! આપની મરજી હોય તો લખું.''

ત્યારે બાપાશ્રી માથે હાથ મૂકી અતિ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, ''ભલે! લખો. અમો રાજી છીએ. મોટા મોટા સંતોએ મહારાજનાં ચરિત્ર, પ્રતાપ, ઐશ્વર્ય, મહિમાના અનેક ગ્રંથો લખ્યા; તોપણ જેવો છે તેવો મહારાજનો મહિમા લખવાને કોણ સમર્થ છે? મહારાજ કહે છે કે, 'હું પણ મારા મહિમાનો પાર પામતો નથી તો બીજા કોણ પાર પામી શકે?' એવી એ કારણ મૂર્તિ છે. એ કારણ મૂર્તિના આધારે સૌ સુખિયા છે.''

''આપણને તો મહારાજે ન્યાલ કર્યા છે. તે ગામોગામ મંદિર, જ્યાં જઈએ ત્યાં હરિભક્તોનાં હેત પણ એવાં. તે જુઓને! આપણે ગામ મેડા ગયા હતા. ત્યાંના હરિભક્તોનાં શું હેત! આપણે સૌને રાજી કરીને ત્યાંથી ચાલ્યા ત્યારે સૌ હરિભક્તો ઘણે છેટે સુધી વળાવવા આવ્યા, તે કહીએ તોય પાછા ન વળે. પછી અમે કહ્યું જે, 'હવે પાછા વળો.' ત્યારે તે શું કરે? પછી ઊભા રહ્યા; એવાં તેમનાં હેત. જે મહારાજનો તથા મોટાનો મહિમા જાણે તેને સદાય એવું હેત રહે.''

એમ કહીને બોલ્યા જે, "સ્વામી! તમારા દાખડા ઘણા છે. ગામેગામ ફરીને હરિભક્તોને મહારાજના સુખની ને મહિમાની વાતો કરો છો તેથી સત્સંગ બધો પ્રફુલ્લિત થઈ રહ્યો છે. મહારાજ કહે, 'તમ જેવા ધર્મ-નિયમવાળા સંતની વાત નોખી છે' એવા તમે છો." એમ પ્રસન્નતા જણાવી.

પછી બીજે દિવસે સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતો પર બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે, "હવે તમને ગુજરાતના હરિભક્તો સંભારે છે તે કેમ કરશો? અમારે અહીં આવા સંતોની તાણ ઘણી છે. અમને આવી સભા અખંડ ખપે. આ દેશનાં ભાગ્ય મોટાં જે આવા સંત ઘેર બેઠાં આવીને દર્શન દે છે."

ત્યારે સ્વામી વૃંદાવનદાસજી બોલ્યા જે, "બાપા! આ બધું આપની કૃપાનું કારણ છે. આપે સાજો સત્સંગ સુખિયો કરી મૂક્યો છે. તેથી બધા તણાઈને અહીં ચાલ્યા આવે છે. મહારાજનું સુખ આ ટાણે આપે બહુ સુગમ કરી દીધું છે."

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "ભલે મહારાજ! તમો હવે દેશમાં જાઓ ને હરિભક્તોને સુખિયા કરો. તેડાવીએ ત્યારે આવજો. અમારે અહીં સંતોને રાખ્યાની તાણ તો રહે, પણ હરિભક્તોનાં હેત સામું જોવું ખપે." આવી રીતે બાપાશ્રીની ઈચ્છા જાણી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી, સાધુ મુક્તવલ્લભદાસજી, શ્વેતવૈકુંઠદાસજી તથા દેવજીવનદાસજી અને આશાભાઈ આદિક સર્વે બાપાશ્રીને પ્રસન્ન કરી દેશમાં જવા તૈયાર થયા.

તે ટાણે પોતે સૌને મળ્યા અને માથે હાથ મૂકીને બોલ્યા જે, "આમને આમ મહારાજની મૂર્તિમાં રસબસ રહેજો, આપણે સદાય ભેળા જ છીએ." એવા આશીર્વાદ આપીને વિદાય કર્યા. પછી સંતો ભુજ બે દિવસ રોકાઈને ગુજરાત આવ્યા. ॥૩૦॥

## વાર્તા ૩૧

સંવત ૧૯૮૩ના ફાગણ સુદ-૧૧ને દિવસે કરાંચીના શેઠ સાંવલદાસભાઈ સરસપુર આવ્યા. ત્યાં એક દિવસ રહી બાપાશ્રીને કરાંચી તેડી જવા સ્વામી ઈશ્વરચરણદાસજીને વિનંતી કરી કહ્યું કે, "તમે ભેળા ચાલો ને બાપાશ્રીને તેડી કરાંચી પધારો; કેમ કે લાલુભાઈ આદિક ત્યાંના હરિભક્તોના આગ્રહથી હું તેડવા આવ્યો છું." એવી રીતે પ્રાર્થના કરી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળને સાથે લઈ વૃષપુર જાવા તૈયાર થયા.

સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું કે, "તમો સાથે ચાલો."

ત્યારે સ્વામીશ્રી કહે, "તમે વૃષપુર જાઓ. બાપાશ્રી કરાંચી પધારશે તો હું કરાંચી જરૂર આવીશ. તમો તારથી ખબર આપજો."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સર્વે ભુજ ગયા, ઠાકોરજીનાં દર્શન કરી ત્યાંના સંતોને કહ્યું કે, "બાપાશ્રીને કરાંચી તેડી જવા આ હરિભક્ત આવેલા છે."

ત્યારે તેમણે કહ્યું કે, "બાપાશ્રીનું શરીર કાંઈક નરમ રહે છે. તે આવશે કે કેમ?"

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, "ત્યાં જઈએ, દર્શન કરીએ, પછી જેમ બાપાશ્રીની મરજી હશે તેમ કરીશું." એમ કહી સ્વામીશ્રી સંતોએ સહિત વૃષપુર જવા તૈયાર થયા.

તે વખતે સાંવલદાસભાઈએ તો ભુજથી માંડવી સુધીનું ભાડું ઠરાવી મોટર સાથે લીધી ને વૃષપુર આવી બાપાશ્રીનાં દર્શન કરી સૌએ દંડવત કર્યા. તે સૌને બાપાશ્રી મળ્યા. સ્વામીશ્રીએ તરત કરાંચી પધારવા પ્રાર્થના કરી, ત્યારે પ્રથમ તો ના કહી અને કહ્યું કે, "મારે શરીરે સારું ક્યાં છે? તમે ઉતાવળા થઈને આવ્યા, ખબર પણ આપ્યા નહિ." વગેરે વાતો કરી.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, ‘‘બાપા! બીજી વાતો આપ ભલે કરો, પણ આ સાંવલદાસભાઈ મોટર સાથે લઈને આવ્યા છે તે કરાંચી આવવું પડશે.’’

તે વખતે પોતે નહિ આવી શકાય એમ કહેતા હતા, પણ સ્વામીશ્રી તથા સાંવલદાસભાઈની પ્રાર્થનાથી પછી હા પાડી. પોતાના પૌત્ર તથા સ્વામી આદિ સંતો અને સાથે આવવાની ઈચ્છાવાળા હરિભક્તો (સ્વામી ઈશ્વરચરણદાસજી, મુક્તવલ્લભદાસજી, હરિજીવનદાસજી, કુબેર ભક્ત, મોતીભાઈ, આશાભાઈ, સાંવલદાસભાઈ, બાપાશ્રીના પૌત્ર માવજીભાઈ, નારાયણપુરવાળા ખીમજીભાઈ તથા શિવલાલભાઈ, મોહનભાઈ) આદિને સાથે લઈને ફાગણ સુદ-૧૫ને રોજ સવારે મોટરમાં બેસી બાપાશ્રી માંડવી પધાર્યા.

ત્યાંના હરિભક્તોને ખબર પડવાથી સમુદ્રના કાંઠા ઉપર સૌ દર્શને આવ્યા, તે સર્વને મળી સ્વામી વૃંદાવનદાસજીને કરાંચી આવવા તાર કરાવી આગબોટમાં બેસી ફૂલડોલના દિવસે બાપાશ્રી કરાંચી પધાર્યા. માંડવીથી ખબર આપેલા, જેથી હરિભક્તો ઘણાક સામા આવ્યા હતા.

બાપાશ્રીનાં દર્શન થતાં સૌ હરિભક્તોના હર્ષનો પાર રહ્યો નહિ. ઉત્સાહભર્યા જય જય બોલાય, મંડળીઓ ઝાંઝ-મૃદંગ સહિત કીર્તન બોલે, પરસ્પર ગુલાલ છંટાય; એ રીતે બાપાશ્રીનાં દર્શન કરતાં થકા સૌ આનંદભર્યા માર્ગમાં ચાલતા હતા. બાપાશ્રી તે વખતે મોટરમાં બિરાજેલા, ભાલમાં ચંદન ચર્ચેલું ને કંઠમાં ઘણાક ફૂલના હારે સહિત સૌને શહેરમાં દર્શન દઈ ગાજતે-વાજતે મંદિરમાં ૧૧ વાગ્યાને સુમારે સર્વ સમૂહ સહિત પધાર્યા. તે વખતે ઠાકોરજી પાસે આનંદ-ઉત્સવ થઈ રહ્યો હતો. મંદિરમાં હરિભક્તો તથા મંદિર પર દર્શને આવનાર બાઈઓનો સમૂહ એટલો બધો જણાતો હતો કે જાણે મોટો સમૈયો થયો હોય તેમ સૌને લાગતું હતું. મંદિરમાં મહારાજ પાસે છડીદાર ઘણી

ખમ્માના ઉચ્ચાર કરતા હતા. તે વખતે બાપાશ્રીએ રંગ ભરેલા કુંજવિહારી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કર્યાં. ઠાકોરજીના સેવકે બાપાશ્રી ઉપર રંગ છાંટ્યો. ગુલાલથી આંગડી, પાઘ, ખેસ, ધોતિયું તે રંગચોળ થયાં. તે સમયે સૌને આનંદ આનંદ થઈ રહ્યો.

જ્યારે ઉત્સવની સમાપ્તિ થઈ ત્યારે હરિભક્તો સૌ મંદિરના ચોકમાં આવ્યા. રંગનું તપેલું તથા ગુલાલ લાલુભાઈ આદિકે લાવીને પ્રાર્થના કરી જે, "બાપા! આપે દયા કરી દર્શન આપ્યાં તેમ સૌના ઉપર થોડો થોડો પ્રસાદીનો રંગ છાંટો તો નાના-મોટા સર્વ હરિભક્તો રાજી થાય."

પછી બાપાશ્રીએ સૌ ઉપર રંગ છાંટ્યો ને ગુલાલ નાખી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી. હરિભક્તો ઝીલણિયાં કીર્તન બોલ્યા. એમ સૌને રાજી કરી બાપાશ્રી નાહવા પધાર્યા. થોડીવારે નાહી પૂજા કરી સંત-હરિભક્તોને જય સ્વામિનારાયણ કર્યા.

લાલુભાઈ પાસે સાંવલદાસભાઈ બેઠેલા જોઈ બાપાશ્રીએ લાલુભાઈને કહ્યું કે, "આ ફૂલડોલનો સમૈયો સાંવલદાસભાઈએ કરાવ્યો; કેમકે અમારે શરીરે બરાબર નહોતું, પણ એમનું હેત બહુ તે ભુજથી મોટર ભાડે કરી તેડવા આવ્યા, ભેળા સ્વામી ઈશ્વરચરણદાસજીને લાવ્યા. સ્વામી વૃંદાવનદાસજીને તો કરાંચી આવવાનો વાયદો કરીને આવ્યા છે. તે અમો માંડવીથી આગબોટમાં બેઠા તે પહેલાં તાર કરી દીધો છે. આવું એમનું હેત ને તમારી સૌની તાણ પણ એવી, જેથી અવાણું; નહિ તો મારાથી હમણાં નીકળાય એમ નહોતું."

પછી હરિભક્તો સામું જોઈને બોલ્યા જે, "આ લાલુભાઈ પણ મહામુક્ત છે."

એમ પ્રશંસા કરતા હતા ત્યાં ઠાકોરજીના થાળ તૈયાર થવાથી આશાભાઈએ પ્રાર્થના કરી ત્યારે બાપાશ્રી પોતાની સાથે આવેલા

હરિભક્તોએ સહિત ઠાકોરજીને જમાડવા પધાર્યા. મંદિરમાં ભક્તો સર્વે હેતભર્યા સભામાં વાટ જોતા હતા કે બાપાશ્રી ક્યારે પધારે.

લાલુભાઈ તથા મહાદેવભાઈએ સ્વામીશ્રીને કહ્યું કે, "આ વખતે આપે બહુ દયા કરી તે બાપાશ્રીને સાથે લઈને આવ્યા. સાંવલદાસભાઈએ પણ એવી જ હિંમત કરી."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે કે, "બાપાશ્રી તો સ્વતંત્ર છે. એમની દયાથી તમો સર્વેને આ લાભ મળ્યો છે. અમો તો અમદાવાદ હતા તે અમને પણ ખેંચ્યા. કરાંચીના હરિભક્તો પર બાપાશ્રીની દયા ઘણી છે. અમો જ્યારે કચ્છમાં જઈએ ત્યારે કરાંચીના સમાચાર પૂછ્યા વિના રહે જ નહિ. તમો સર્વે બાપાશ્રીના રાજીપામાં આવ્યા છો તે તમારાં મોટાં ભાગ્ય છે. આ વખતે તાણ રાખીને લાભ લેજો; કેમકે બાપાશ્રી વાતોમાં મર્મ હવે બહુ જણાવે છે. એમની શી મરજી છે તે આપણે ન જાણી શકીએ."

ત્યારે લાલુભાઈ, મહાદેવભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ, અમીચંદભાઈ, સોમચંદભાઈ, ગોરધનભાઈ, ગોવિંદભાઈ, કાલિદાસભાઈ, ત્રિભુવનભાઈ, ઠાકરશીભાઈ, આદિ ઘણા હરિભક્તોએ પ્રાર્થના કરી જે, "સ્વામી! આ વખતે તો આપ બાપાશ્રીને અરજ કરીને દર્શન, સેવા તથા વાતોનું સુખ બહુ અપાવજો. કચ્છમાં અમો જઈએ ત્યારે પાંચ-આઠ દિવસ રહેવાનું હોય ત્યારે સભામાં, વાડીએ, તળાવે, ઘેર, સવાર, બપોર, સાંજ અને રાત્રે વાતો બહુ થાય અને સેવાનો અવસર મળે, પણ લહાવ થોડો લેવાય; તેમાં પણ ત્યાં દર્શને જનારા હરિભક્તો જ એ સુખ લે. અહીં તો બધા હરિભક્તો સેવા-સમાગમના પ્યાસી છે તેથી આ વખતે બાપાશ્રીને રાજી કરીને પ્રસન્નતાનું તથા વાતોનું સુખ આપ દયા કરી અમને અપાવશો, એટલી અમારી સૌની પ્રાર્થના છે."

આમ જ્યાં વાત થતી હતી ત્યાં બાપાશ્રી મંદિરમાં પધાર્યા ને

સર્વે સભાને જય સ્વામિનારાયણ કહીને આસન ઉપર બિરાજ્યા. સૌ સંત-હરિભક્તો બાપાશ્રીને પગે લાગી જય સ્વામિનારાયણ કરતા હતા.

ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, "સ્વામી! આ વખતે હરિભક્તોને ખૂબ મહારસ રેલાવી સુખિયા કરજો."

ત્યારે સ્વામીએ પ્રાર્થના કરી કે, "બાપા! એ જ વાત થાય છે. બધા હરિભક્તો કહે છે કે બાપાશ્રીને અમારી વતી વિનંતી કરજો કે આ વખતે અમને સેવાનું તથા વાતોનું સુખ ઘણું મળે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આપણે તો એ જ કરવા આવ્યા છીએ. આપણે ધંધો એ જ છે. કથા, વાર્તા, ધ્યાન, માળા, માનસી પૂજા, એ કરવાનું. મોટા મોટા મુક્તો એમ જ કરતા. શ્રીજીમહારાજ પોતે પણ કથા-વાર્તાનો અખાડો ચાલુ રાખતા; કોઈ જમવા બોલાવવા આવે ત્યારે જો કથા-વાર્તા ચાલતી હોય તો રાજીપો ન બતાવે, અને જમવા પધારે ત્યારે પણ જમતાં હરે! હરે! એમ બોલાઈ જતું. એવા ઢાળ આપણને શીખવવા માટે બતાવ્યા છે." એમ વાત કરી પ્રસન્નતા જણાવી.

ફાગણ વદ-૧ને રોજ મંદિરના મેડા ઉપર આસને બાપાશ્રીએ લાલુભાઈને પૂછ્યું કે, "તમારું શરીર પ્રથમ ઠીક રહેતું નહિ, તે હવે કેમ છે?"

ત્યારે લાલુભાઈએ કહ્યું કે, "બાપા! આપનાં દર્શનથી હવે ઠીક થઈ ગયું. થોડા દિવસ શરીરમાં તાવ રહેતો, પણ આપના પધારવાના સમાચારથી ઊતરી ગયો છે ને આજ તો આપે તથા આ સ્વામીશ્રીએ અમોને બહુ સુખિયા કરી દીધા. અમારા ઉપર બહુ દયા કરી."

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જીવનો સ્વભાવ એવો છે જે પંચવિષયના સુખમાં તથા મોહ-પ્રમાદમાં ચોંટી રહે છે, પણ જેવું મૂર્તિમાં સુખ છે તેવું કોઈ ઠેકાણે નથી. સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે તેનું ધ્યાન કરે તો સુખમય આનંદમય ફુવારા

છૂટે. આવી વસ્તુ અદ્‌ભુત મળી છે. એ વસ્તુ મળી, પણ જીવને અજ્ઞાન છે તથા મહિમાની કસર છે; શ્રદ્ધા નથી અને જેવો હીરો છે તેવો જાણ્યો નથી. જ્ઞાને સહિત મહિમા હોય તો જણાય. જેમ શ્રીજીમહારાજ દિવ્ય છે તેમ મોટા પણ દિવ્ય છે, પણ સુખભોક્તામાં સ્વામી-સેવકપણું રહે છે. મહારાજ સુખના દાતા છે અને મુક્ત સુખના ભોક્તા છે.''

પછી બોલ્યા જે, '''વ્હાલા એ રસના ચાખણહાર, છાસ તે નવ પીએ રે લોલ.' શ્રીજીમહારાજે પોતાના મુક્તોને કહ્યું જે, 'તમે પૃથ્વી ઉપર જાઓ, ત્યાં તમો જેને કથા-વાર્તા કરશો, તમારા હાથની જે પ્રસાદી જમશે તે સર્વેને અમારા ધામની પ્રાપ્તિ થશે.' પણ જીવને નાસ્તિકપણું છે તેથી કરવાનું રહી જાય છે. તે બધી વસ્તુ આ ટાણે છે, પણ મહિમામાં કસર છે તેથી તર્ક કરે જે આવું સુખ હશે કે નહિ હોય! ત્યારે મહારાજ તેને ફટફટ કરે છે. આવું મહારાજનું અને મુક્તનું સુખ છે તોય મહારાજ તથા મોટાને વિષે જીવને નાસ્તિક ભાવ રહે છે. મોટા તો જ્યાં વિચરતા હોય ત્યાં ઝાડ, પહાડ, સર્વેનાં ધન્ય ભાગ્ય કહેવાય. મહારાજ અને મોટા આપણાથી દૂર નથી. આ પંચભૂતનો દેહ ન જાણવો. મહારાજની મૂર્તિના સુખે સુખિયા થાવું હોય તો માયિક પદાર્થમાંથી પ્રીતિ ટાળી આવા મોટાનો મન, કર્મ, વચને જોગ-સમાગમ કરીએ તો સંસારરૂપી સમુદ્રમાંથી ઊગરીને ભગવાનની મૂર્તિના સુખમાં ઝટ પહોંચી જવાય ને ભારે કામ થઈ જાય. મોટાની અનુવૃત્તિમાં રહે તો ધક્કે મારીને પૂરું કરી આપે. મોટા અનાદિ દ્વારા જે સત્સંગમાં વપરાણું તે અનંતગણું થાય છે. આવો સત્સંગ જેને ઓળખાણો તેને પૂરું થઈ ગયું.''

તે ઉપર કુંભારિયાના હરજીભાઈની વાત કરીને કહ્યું જે, ''આવી રીતે ઇંદ્રિયો-અંતઃકરણના ભાવ ટાળીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં રહેવું.''

''આ સત્સંગમાં જેટલા ગુણ-દોષ દેખાય છે તેટલું નાસ્તિકપણું

છે. દિવ્યભાવ દેખાય તેટલું આસ્તિકપણું છે. આશરો એવો દૃઢ કરવો જે, મહારાજ તથા અનાદિમુક્ત તે વિના બીજે ક્યાંય પ્રતીતિ આવે જ નહિ. મહારાજના સુખમાં દૃષ્ટિ પહોંચે તો દેહ ને આત્મા જુદો પડે. જ્યારે અનુભવજ્ઞાન થાય ત્યારે સાક્ષાત્કાર થાય છે. જેમ જળમાં માછલાં રમે છે, તેમ મુક્ત મહારાજની મૂર્તિમાં રમે છે. જીવ તો પુરુષોત્તમની મૂર્તિ આગળ અસમર્થ છે, પણ જ્યારે એકતા થઈ જાય ત્યારે સમર્થ થઈ જાય. આ સભા સર્વે અક્ષરધામની છે અને મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે એવું ભાસે ત્યારે એમ ધારવું જે દિવ્યભાવ થયો."

પછી એમ બોલ્યા જે, "જીવની વૃત્તિએ કરીને ભગવાન જોવા. ઇંદ્રિયો-અંતઃકરણનો પ્રતિહાર કરતાં મૂર્તિમાં જોડાવાનો પ્રયાસ કરવો નહિ પડે ને સહેજે મૂર્તિમાં વૃત્તિ રહેશે ને મૂર્તિ સળંગ ધરાશે. તે મૂર્તિ શ્વેત (તેજોમય) બે ચક્ષુની ધારવી. આભૂષણ તથા પુષ્પના હાર, બાજુબંધ વગેરે શ્વેત દિવ્ય મહારાજના અંગને વિષે છે જ એવી રીતે ધારવું, પાઘ ને છોગું પણ શ્વેત ધારવું. મૂર્તિમાં સ્થિર વૃત્તિ થાય એટલે સળંગ મૂર્તિમાં રસબસ રહીને તે મૂર્તિનું સુખ લેવું."

"મોટા સંતનો મહિમા કેવો છે? તો મહિમાએ સહિત જે સ્પર્શ કરે છે તેને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે અને હેતે સહિત જમાડી પુષ્પ-ચંદને પૂજા કરીને વસ્ત્ર ઓઢાડે છે તે છતે દેહે ભગવાનના અક્ષરધામને પામે છે. જીવ મહારાજને તથા મોટા મુક્તને સંભારે તો તરત સુખિયો થઈ જાય અને કામ-ક્રોધાદિક સર્વે ટળી જાય. માણસ પથરા ઉપર પાણી નાખીને ક્ષેત્રપાળ કરીને પૂજે છે તો આ તો સાક્ષાત્કાર પુરુષોત્તમ ભગવાન તથા તેના અનાદિમુક્ત! તોપણ માયિક જેટલો નિશ્ચય થતો નથી ને મહિમા જણાતો નથી એ કેટલું અજ્ઞાન કહેવાય!"

"રાજા અસવારી કરે ત્યારે કોઈને ભેગા કરવા ન પડે, તેમ શ્રીજીમહારાજની મૂર્તિ જ્યાં હોય ત્યાં આવું જ છે. મોટાનો ખરો સિદ્ધાંત એ છે જે જીવને ભગવાન સન્મુખ કરવા. જીવને બહુ પ્રકારના મોહ

થાય છે, પણ વસ્તુવિચાર કરીને ભગવાન સન્મુખ થાય તો મોહ ટળી જાય ને ભાગવતી તનુ આવે. ભાગવતી તનુ એટલે ભગવાનના ગુણ. પુરુષોત્તમરૂપ જે સંત તેને જોગે કરીને પુરુષોત્તમરૂપ થવાય છે. પ્રથમ તો ખદ્યોત જેટલો જીવમાં પ્રકાશ હોય અને થોડે થોડે મહાતેજ જેવો થાય. પછી પુરુષોત્તમરૂપ થાય છે. જેમ અગ્નિમાં લાકડું નાખે તે અગ્નિરૂપ થઈ જાય તેવી રીતે કનિષ્ઠના જોગથી પુરુષોત્તમરૂપ થવાય નહિ. જેમ બાળકના હાથમાં લાકડું આપ્યું તે અગ્નિ તો ક્યાંય રહી જાય ને આડે-અવળે ફેંક્યું તે અગ્નિરૂપ થાય નહિ.''

``મહારાજની મૂર્તિમાં અનંત કોટિ મુક્ત સાકાર થકા સળંગ રહ્યા છે તે અનાદિની સ્થિતિ છે. અને પોતાનું સ્વરૂપ તેજોમય માનીને તે તેજના સમૂહમાં શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને તે મૂર્તિ સામું જોઈ રહેવું તે એકાંતિકની સ્થિતિ છે. અને જે મૂર્તિમાન થઈને મૂર્તિની સન્મુખ રહી મૂર્તિનું સુખ લેવું તે પરમ એકાંતિકની સ્થિતિ છે.''

આવી રીતે અતિ પ્રસન્ન થકા બાપાશ્રી વાતો કરતા હતા ત્યારે લાલુભાઈ તથા હીરાભાઈએ પ્રાર્થના કરી જે, ``બાપા! આપને આગબોટમાં પરિશ્રમ બહુ પડ્યો હશે, માટે સ્વામીશ્રી આદિક સર્વે તથા આપ જરા વિશ્રાંતિ લ્યો તો સારું.''

ત્યારે બાપાશ્રી કહે, ``આપણે તો સદાય વિશ્રાંતિ છે. મહારાજની મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે, તોપણ સૌ ભલે આરામ કરે.'' એમ કહી પોતે જળપાન કરી થોડીવાર શયન કર્યું. ॥૩૧॥

## વાર્તા ૩૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧) પછી બાપાશ્રી ચાર વાગે ઠાકોરજીનાં દર્શન કરી આસને આવ્યા અને સર્વેને જય સ્વામિનારાયણ કર્યા.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ``બાપા! મહારાજની મૂર્તિના સુખભોક્તા મળે એટલે સાધન સમાપ્ત થતાં હશે કે કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સાધનની સમાપ્તિ ખરી, પણ ભગવાનના મહિમાની, ભગવાનની મૂર્તિની, ભગવાનના સુખની અને સુખભોક્તાની અવધિ જ નહિ. તે તો વધતું જ જાય, તેનો અંત નહિ. તે તો અપાર, અપાર ને અપાર જ સમજવું. શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રહીને ક્ષણક્ષણ પ્રત્યે કોટાનકોટિ નવીન નવીન ઉત્પન્ન થતાં જે સુખ તેને ઉત્પન્ન થવાનાં સ્થાનક તેણે સહિત એકકાળાવિચ્છિન્ન એ સર્વે સુખને જાણતાં થકા ભોગવે છે. તે મૂર્તિનો અને સુખનો પાર કોઈ પામી શકતા નથી, એવું એ મૂર્તિનું અકળપણું છે. તેમ પોતે ભોક્તાપણે સર્વેને જાણતાં થકા એક સાથે જ સર્વ સુખને ભોગવે છે. એ મૂર્તિને વિષે અસાધારણ સ્નેહ હોય તે ખરું સુખ કહેવાય ને આનંદ પણ તે જ કહેવાય.”

“મહારાજ અને અનાદિમુક્તનું સ્વરૂપ તો સદા ભેગું જ છે. જુદાપણું છે ખરું, કેવી રીતે? તો મુક્ત ભોક્તા છે અને પુરુષોત્તમ દાતા છે, મુક્ત દાસ છે અને પુરુષોત્તમ સ્વામી છે; તેમ પુરુષોત્તમના અને અનાદિમુક્તના સામર્થ્યમાં ને સુખમાં ફેર છે. પુરુષોત્તમના સાધર્મ્યપણાને તો એવા અનંત મુક્ત પુરુષોત્તમની કૃપાએ કરીને પામ્યા છે, તોપણ પુરુષોત્તમના સુખનો કોઈ પાર પામી શકતા નથી. અપાર ને અપાર સદા રહ્યા કરે છે અને નિત્ય ક્ષણક્ષણ પ્રત્યે અધિક અધિક અપાર ને અપાર સુખ વધતું જ જાય છે, તેનો અંત જ આવતો નથી; એવા પુરુષોત્તમ ભગવાન છે.”

એમ વાત કરતા હતા ત્યાં મગનભાઈએ આવીને ફૂલનો હાર પહેરાવ્યો ને દંડવત કર્યા. ત્યારે તેના માથે હાથ મૂકીને બોલ્યા જે, “આ સભા દિવ્ય છે. મહારાજ અને મોટા મુક્ત જ્યાં વિચરતા હોય ત્યાં બહુ ભારે કામ થાય છે; આટલા હારથી પણ બહુ મોટું કામ થઈ જાય. આ સભામાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ દર્શન દે છે, સેવા અંગીકાર કરે છે; એવી અલૌકિક સભા છે. આ સંત-હરિભક્ત સર્વે શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા છે. તે મૂર્તિ દિવ્ય તેજોમય છે.”

પછી મગનભાઈએ સ્વામી ઈશ્વરચરણદાસજીને પૂછ્યું જે, "સ્વામી! મહારાજની મૂર્તિ કઈ ધારવી?"

ત્યારે બાપાશ્રી કહે, "સ્વામી! એ શું કહે છે?"

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું કે, "બાપા! એ કહે છે કે મૂર્તિ કઈ ધારવી?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તેજનો સમૂહ અધોઊર્ધ્વ પ્રમાણે રહિત ધારીને તેના મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ બે ચક્ષુવાળી ગમે તે ધારવી. હિંડોળામાં ઊભી મૂર્તિ છે તે ધારો, અગર ઘનશ્યામ મહારાજની છે તે ધારો."

પછી ગોવિંદભાઈએ પૂછ્યું જે, "તેજના મધ્યે તેજોમય મૂર્તિ છે એમ સમજણ રાખી ધ્યાન કરીએ તો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એમ અટકળથી ગમે તેવી મૂર્તિ તેજમાં છે તેમ નહિ, પણ આકાર તો માંહી બે ચક્ષુવાળી મહારાજની મૂર્તિનો જ ધારવો. તે મૂર્તિમાંથી તેજની સેડ્યો છૂટે છે. જ્યારે ધ્યાન કરવા બેસવું ત્યારે મોટાને સાથે લેવા; એટલે મૂર્તિ ધારતાં કોઈ વિઘ્ન ન આવે તેવી સહાય માગવી; કેમ જે તેમનું જરૂર કામ પડે છે. બીજાં સાધન પ્રસન્નતાનાં કર્યા કરવાં, પણ મોટા મુક્તને દિવ્ય જાણી તેમની સેવા, સમાગમ ને જોગ કરવો. એ તો અવશ્ય કરવાનું છે."

"ભગવાનના ભક્તને મહામુક્તના જોગ આગળ સાધન છે તે તો દાડિયું કર્યા જેવાં છે. મોટા અનાદિની તથા મહારાજની કૃપા મેળવીને મહારાજનું અહોનિશ ધ્યાન કરવું, તે તો મોટા રાજ્ય જીતવા જેવું છે. જીવ મહારાજના અને મોટા અનાદિના જોગમાં આવે છે તેનાં ભાગ્યનું વર્ણન કરી શકાય તેમ નથી. પણ આપણે સંપૂર્ણ પાત્ર થવાની જરૂર છે; કારણ કે શ્રીજીમહારાજની મૂર્તિનું સંપૂર્ણ સુખ ત્યારે જ ભોગવી શકાય છે. માટે મોટાનું માહાત્મ્ય જાણી મન, કર્મ, વચને જોગ કરવો અને પુરુષોત્તમરૂપ પાત્ર થાવું. પુરુષોત્તમની મૂર્તિ સંબંધી સુખ

કેવું છે? તો બહુ અલભ્ય છે, બહુ આનંદ આપનારું છે, અતિશે અપરિમિત છે. પણ જીવ અલ્પજ્ઞ છે તેથી પાત્ર થયા વગર એ સુખ જેટલું મળે તેટલે કરીને સંપૂર્ણપણું માની બેસે. પછી તેને વૃદ્ધિ પામવું એ ઘણું કઠણ છે. કેની પેઠે? તો જેમ ક્ષુધાતુર મનુષ્યને પોતાના આહાર જેટલું ઉત્તમ ભોજન જમાણું પછી તેને કોઈ રીતે ક્ષુધા સંબંધી પીડા રહેતી નથી ને આનંદ વર્તે છે. તેમાં જેને અર્ધા શેરનો આહાર હોય તેને તેટલું મળે એટલે તૃપ્ત થઈને આનંદ માને છે, પણ વધારે જમવાની તેને રુચિ રહેતી નથી. અને જે વધારે આહાર કરનાર મોટા પાત્ર છે તે થોડું જમનારને કહે ને સમજાવે તોય તેને તે વાત સમજાતી નથી અને ઉપદેશની ગરજ પણ રહેતી નથી. કેમ કે તે પોતાના ગજા પ્રમાણે આહારમાં જ પૂર્ણપણું માની લે છે. માટે સંપૂર્ણ પાત્ર થવું જોઈએ અને સંપૂર્ણ પાત્ર થવાય તેવા મોટાનો જોગ કરવો જોઈએ.''

પછી કણભાવાળા આશાભાઈએ પૂછ્યું જે, ''બાપા! શ્રીજીમહારાજની મૂર્તિમાં અતિ ઉત્તમ સ્થિતિને પામેલા જે મુક્તો તેને શ્રીજીમહારાજનું દાસપણું કેવી રીતે રહે છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટા અનાદિના જોગે કરીને મોટાના સરખું શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ જે ભક્ત પામે છે તેને એક મહારાજને વિષે જ દાસપણું રહે છે અને મહારાજની મૂર્તિમાં રહ્યો થકો એકકાળાવિચ્છિન્ન એ મૂર્તિમાંથી અનંત ઉત્પન્ન થતાં નવીન નવીન સુખ તેને જાણતો થકો ભોગવે છે.''

પછી બોલ્યા જે, ''એવા મોટા અનાદિમુક્તને વિષે જીવ જોડવો; કેમ કે તેમને તો એક શ્રીજીમહારાજની મૂર્તિ જ છે. જુઓને! જળને વિષે માછલાંને અસાધારણ સ્નેહ છે તે જળનો વિયોગ થાય તો પ્રાણનો ત્યાગ કરી દે, એવું જળને વિષે જીવનપણું માછલાંને છે. તેણે કરીને જળનો ગમે તેટલો બળવાન વેગ હોય તોપણ તે સામા પ્રવાહે ચાલે છે, પણ તે વેગે કરીને પરાભવ પામતાં નથી. સામા પૂરે કિલ્લોલ કરતાં

ચાલે છે. માછલાંને જુઓ તો તેમાં કાંઈ એટલું બળ નથી અને દેહ પણ એટલો જબરો નથી જે જળના વેગને ઝીલી શકે, તોપણ તેને જળ સાથે જીવનપણું છે, એટલે તેને જળનું બળવાનપણું નડતું નથી.''

''બીજું, ગમે તેવું પદાર્થ, ઝાડ કે પર્વત વગેરેથી જળના પ્રવાહનો વેગ ઝીલી શકાતો નથી ને જળના મારથી ગમે તેવું ઝાડ હોય તે પણ ઊખડી પડે છે તથા પર્વત, પથ્થર વગેરેને પણ તોડી નાખે છે, અને હાથી આદિક મોટાં જાનવરો પણ તે જળના સામા પ્રવાહે ચાલી શકતાં નથી. નાની સરખી માછલી હોય તે પણ સુખેથી જળ સામે સામા પ્રવાહે ચાલે છે. તેમ માયામાંથી નીકળીને શ્રી પુરુષોત્તમ ભગવાનને પામવું તે જીવથી સાધને કરીને કે સમજણે કરીને પમાતું નથી. એ તો માછલાંને જેમ જળ એ જ જીવન છે તેમ જીવ જ્યારે અતિ મોટા પુરુષ જે અનાદિ મહામુક્ત હોય તેમને વિષે પોતાના જીવને જોડીને એકાત્મપણું કરે ત્યારે તે માયા તરીને શ્રી પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમ ભગવાનના સુખમાં રમે; તેમાં કાંઈ પણ કઠણ પડતું નથી. એ વિના તો પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સન્મુખ ચાલવાની સામર્થી કોઈથી પમાતી નથી. માટે એવા મહા સમર્થ અનાદિનો ખપ કરવો જોઈએ.''

''જેમ મહાસમુદ્ર રેલે છે તે સમે તેમાંથી જેટલું જેટલું જળ જેવું જેવું પાત્ર હોય તે તે પ્રમાણે લઈ લે છે. તે મીઠા મહાસમુદ્રના જળે કરીને અનંત પ્રકારના રસ મેવા પાકે છે; બાકીનું જળ પાછું સમુદ્રને વિષે લીન થઈ જાય છે. તેમ શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ મહા અનાદિમુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે. તેના જેટલા જે અધિકારી પાત્ર હોય તેટલું સુખ તેમાં રહે છે. બાકીનું સુખ પાછું શ્રીજીમહારાજની મૂર્તિને વિષે લીન થઈ જાય છે, પણ તે મૂર્તિ વિના અધર પધર બીજે રહેતું નથી.''

''જેમ ખેડુ ખેતીની કોઈ પણ કળા જાણતો ન હોય અને

ખેતરમાં સારી પેઠે ખેડ કર્યા કરી હોય ને તેમાં ઓચિંતો ખૂબ વરસાદ વરસે પછી તેમાં મોલ વાવે તે અતિ બળિયો થાય અને મોટાં મોટાં કણસલાં કાઢે છે; તેમ કાંઈ સમજાણું ન હોય અને વગર ખબરે અનાદિ મહામુક્તનો જોગ કરેલો હોય પછી તેને અંત વખતે મહા મોટા સુખની પ્રાપ્તિ થાય ને શ્રી પુરુષોત્તમને પામે છે.''

આ રીતે બાપાશ્રી વાતો કરતા હતા તે સમે ગાડીખાતામાં એક વૃદ્ધ બાઈને મંદવાડ બહુ થઈ ગયેલ હોવાથી તેણે કહેવરાવ્યું હતું કે હરિભક્તોએ સહિત બાપાશ્રી પધારે અને મને દર્શન દે તો મારો અંત સમો સુધરી જાય. તેથી લાલુભાઈ તથા મહાદેવભાઈએ વિનંતી કરી જે, ''બાપા! એક બાઈ માંદા છે, તેને આપનાં દર્શનની ઇચ્છા છે તો આપ દયા કરી પધારશો?''

ત્યારે બાપાશ્રી કહે, ''અમે અહીંના ભોમિયા નથી. તમે કહેતા હો તો ભલે. તમે પણ સાથે ચાલો.'' એમ કહી બાપાશ્રી તે બાઈને ઘેર પધાર્યા. જય સ્વામિનારાયણ કહી આશીર્વાદ આપીને બોલ્યા જે, ''બાઈ! તમે હિંમત રાખજો, મહારાજ સારું કરશે. આ ટાણે મૂર્તિ વિના કાંઈ સંભારવું નહિ. મહારાજની પોતાના આશ્રિત ઉપર બહુજ દયા છે. આપણે તેને ઘડીએ મૂકવા નહિ.'' એમ ભલામણ કરી જય સ્વામિનારાયણ કહી પાછા મંદિરમાં પધાર્યા. ॥૩૨॥

## વાર્તા ૩૩

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧) સંધ્યા આરતી થયા પછી સભામાં પ્રથમ પ્રકરણનું ૬૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં અંત સમે આત્મનિષ્ઠા કેટલી સહાય કરે છે એમ આવ્યું.

ત્યારે ગોરધનભાઈએ પૂછ્યું જે, ''આમાં અંત સમયનું લખ્યું છે તે તથા દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે એમ કહેવાય છે તે કઈ રીતે સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''દેહ મૂકીને ભગવાનના ધામમાં

જાવું છે એમ કહેવાય છે એ અંતસમો જાણવો. તે દેહ મૂક્યો ક્યારે કહેવાય? તો આ જીવને જ્યારે મહારાજ તથા મોટા મળે અને તેમનો જોગ-સમાગમ કરવા થકી 'હું દેહથી જુદો આત્મા તે પુરુષોત્તમરૂપ છું' એમ મનાય એટલે દેહ મૂક્યો કહેવાય. તે છતે દેહે દેહનો અંતસમો સમજવો. મહારાજ ને મુક્ત મળ્યા વિના અને તેમને વિષે આપોપું કર્યા વિના પંચભૂતનો દેહ છૂટે છે, પણ પાછો બંધાય છે; માટે છૂટ્યો ન કહેવાય."

"અને દેહ છતે જ અક્ષરધામમાં જાવું-આવવું તથા પામવું અને મૂર્તિના સુખમાં જવું-આવવું અને તે મૂર્તિને પામવું, તે ઉધારો મટીને પામવા યોગ્ય જે શ્રીજીમહારાજ તેને છતે દેહે પામ્યા પછી મોક્ષ થવાનો છે કે તે મૂર્તિ વિના બીજે ક્યાંય અક્ષરધામ કે અનંત કોટિ મુક્ત કે બીજાં જે જે અનંત કોટિ ઐશ્વર્ય, સ્થાનક કે યત્કિંચિત સુખ તે મૂર્તિ વિના બીજે છે એમ ભાસે જ નહિ, સર્વે મૂર્તિમાં ભેગું જ છે; આવું જ્ઞાન મોટા અનાદિમુક્ત થકી પામ્યા તેને મોક્ષ થાવો છે કે પામવાનું બાકી છે કે કાંઈ સુખ હજી રહી ગયું છે એમ રહે નહિ. અને શ્રીજીમહારાજનાં નિત્ય નવાં સુખ, ઐશ્વર્ય, મહિમા તે વધતાં જ જાય છે. તેને પોતે ભોગવતો થકો જળમાં માછલાં આનંદ પામે છે તેમ આનંદ પામતો થકો અનંત મુક્ત તેણે સહિત શ્રીજીમહારાજના સુખમાં રમે છે."

એમ વાતો કરતાં થકા અતિ પ્રસન્ન થઈને બોલ્યા જે, "મોટા અનાદિનો જોગ જેને થયો છે તેને આત્માને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવી દીધી છે, પણ તે જોગ કરનારને ખબર નથી, પણ તે જોશે ત્યારે દેખાશે. 'સર્વેને સન્મુખ ભાસે રે સર્વે સામું જોઈ રહ્યા.'"

એમ બોલીને કહ્યું જે, "સૂર્ય અને ચંદ્રને જે જુએ તેને આકાશમાં પોતા પસોર લાગે, તે સર્વે પૃથ્વીમાં જ્યાં જ્યાં જુએ અને જે જે જુએ તે સર્વેને પોતા પસોર દેખાય છે; તેમ પુરુષોત્તમ ભગવાન સર્વે મુક્તોને સન્મુખ અને સામું જોઈ રહ્યા છે તેમ ભાસે છે. વળી પુરુષોત્તમરૂપ જે

મહામુક્તના સમાગમ, સેવા, આશીર્વાદ વડે કરીને જે મુક્ત થયા તે સર્વે જેટલામાં પુરુષોત્તમની દૃષ્ટિ પહોંચે છે, જેટલું પુરુષોત્તમ જાણે છે તેટલું જાણે છે ને દેખે છે. જેમ સૂર્યની દૃષ્ટિને પામ્યા એવા જે પુરુષ તે જેટલામાં સૂર્યની દૃષ્ટિ પહોંચે છે તેટલામાં તેની પણ દૃષ્ટિ પહોંચે છે તથા જેટલું પુરુષોત્તમ જાણે છે તેટલું જાણે છે. ને તે મુક્ત પુરુષોત્તમ જેટલું દેખે છે તથા જ્યાં પુરુષોત્તમ ભગવાન હોય ત્યાં તે પણ હોય અને તેટલું દેખે. ત્યારે પુરુષોત્તમ તો સર્વત્ર છે, સર્વત્ર દેખે છે, જાણે છે, તેવા તે મહામુક્ત પણ છે. એમ પુરુષોત્તમથી જરાય જુદા રહેતા નથી અને અજાણ્યું પણ કાંઈ નથી.''

એમ વાત કરતાં સમય થયો ત્યારે સમાપ્તિ કરી અને સહજાનંદ સ્વામી મહારાજની જય બોલતાં થકા શયન આરતી થઈ તેથી મંદિર ઉપર દર્શન કરવા પધાર્યા. ॥૩૩॥

## વાર્તા ૩૪

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૨ને દિવસે સવારે મેડા ઉપર નિત્યવિધિ કરી બાપાશ્રી સર્વેને મળ્યા ને પ્રસન્ન થકા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, ''આ સર્વે હરિભક્તો બહુ હેતવાળા છે, તેમનાં હેત જોઈને અમે ઘણા રાજી થઈએ છીએ. આવા શહેરમાં રહીને આવો સત્સંગ રાખવો તે કામ ભારે કહેવાય. તમારા જેવા સંતની દયાથી મહારાજ અને મોટા મુક્તને રાજી કરે છે. લાલુભાઈ જેવા મુક્ત તેનાં હેત તો જુઓ! મહારાજે સત્સંગમાં આવા મુક્ત રાખ્યા છે, તેમને સેવા-સમાગમે પ્રસન્ન કરે તો સર્વે વૃત્તિઓ ભગવાનમાં રહે. નાના-મોટા, બાઈ-ભાઈ સર્વે ઉપર મહારાજ તથા મોટાની દયા બહુ છે; નહિ તો આવા બળિયા હોય નહિ.''

એમ વાત કરતા હતા તે સમે માથકવાળા ગોરધનભાઈએ ગુલાબનું ફૂલ બાપાશ્રીને આપ્યું, તે લઈને સ્વામી ઈશ્વરચરચરણ-દાસજીને કહ્યું કે, ''જેમ આ પુષ્પને પાંખડીઓની ઘટા છે તેમ

મહારાજને ફરતી મુક્તની ઠઠ છે. તે મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે તેણે કરીને એ સર્વે મુક્તો સુખમાં કિલ્લોલ કરે છે. અનાદિ તો રસબસ રહ્યા થકા રોમરોમનાં સુખ લે છે. આવો લહાવ આ ટાણે મહારાજે સુગમ કર્યો છે. મહાપ્રભુ ન્યાલકરણ પધાર્યા છે. આ સભા દિવ્ય જણાય તો મહારાજ, અનંત મુક્ત, આ સંત-હરિભક્તો, સર્વે દિવ્ય તેજોમય ભાસે. આ તો અલૌકિક વાત છે."

એમ કહીને વાત કરવા લાગ્યા જે, "જેમ કૂવામાં ઘડો સિંચે છે તે દોરડું સિંચનારના હાથમાં હોય તે સળંગ રહે તો પાણી ભરીને ઘડો નીકળે છે, પણ દોરડું તૂટે તો ઘડો કૂવામાં રહે છે અને પાણી પણ આવતું નથી. તેવી રીતે ભગવાનના ભક્તની વૃત્તિ શ્રીજીમહારાજની મૂર્તિ વિષે સદા સંલગ્ન રહે છે તેને શ્રીજીના સુખરૂપ પરમાનંદનો લાભ થાય છે, પણ જો વૃત્તિ તૂટે તો કૂવામાં ઘડો રસાતાળ થયો તેમ માયાને વિષે જીવ લીન થાય છે."

"શ્રીજીમહારાજની મૂર્તિને વિષે અનંત અપાર મુક્ત રહ્યા છે, જેમ કમળના ફૂલને વિષે પાંખડીઓ રહી છે તેમ. એક હરિભક્તને મહારાજે એવું દર્શન આપ્યું જે મુક્તો ચારે તરફ બ્રહ્માંડમાં ઝળેળાટ કમળની પાંખડીઓ ઉપરાઉપર દોઢે ગૂંથાયેલી છે તેમ તે મુક્તોની ઠઠ દેખી. પછી તે સર્વે પાછા શ્રીજીમહારાજની મૂર્તિને વિષે ભાસ્યા."

પછી બોલ્યા જે, "જ્યારે મૂર્તિમાં સંલગ્ન થાય ત્યારે વૃત્તિ ન સમજવી; એ જીવસત્તાએ જોવાય છે. તેને મૂર્તિથી ઓરું જ્ઞાન રહેતું નથી અને તેની ક્રિયા મહારાજની ઈચ્છાથી થાય છે. જેમ મહારાજે કહ્યું જે, 'પુંજાજી બોલે તો વરસાદ થાય, પણ પોતાની મરજી નહોતી તો તેનાથી બોલી શકાણું નહિ.' તેમ જ્યારે મૂર્તિના સુખમાં ઊતરે ત્યારે તે વિના બીજું કાંઈ દેખે જ નહિ."

"જેને મોટા મુક્તને વિષે આત્મબુદ્ધિ થઈ હોય ને તેમને સાચે ભાવે સંભારે તો મોટા પ્રત્યક્ષ મળ્યા હોય ને કામ કરે તેવું જ કામ કરે

છે. જેમ આંબલીને સંભારે તો મુખમાં પાણી આવે છે તેમ મોટાને જ્યાં જ્યાં સંભારે ત્યાં પોતે પ્રગટ આવીને તેનું કામ કરે છે. પણ જો સાચો વિશ્વાસ હોય અને સંપૂર્ણ મહિમા જાણ્યો હોય તો પાત્ર થવામાં કાંઈ દાખડો નથી. પોતાનું મનગમતું મૂકી દઈને જેમ મોટા કહે તેમ સરળપણે વર્તે તો પાત્ર તુરત થાય. મોટાની સેવા અને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે, ત્યારે મહારાજને સર્વત્ર દેખે છે.''

''જેમ સાધુ કેશવદાસજી તથા અવલબાને વિષે મહારાજે પ્રવેશ કર્યો હતો તે ટાણે મહારાજ પોતે જ છે એમ જણાતું હતું. તેમ સિદ્ધદશાને પામે ત્યારે સર્વને વિષે મહારાજને દેખે; ત્યારે માયા ટળી એમ જાણવું. જેમ કડિયા મૂર્તિ કરે પછી તેમાં મહારાજનું આવાહન કરી પધરાવે છે, ત્યારે તેમાં સાક્ષાત્ ભગવાન બિરાજે છે અને જીવ છે તે તો પાત્ર છે, તો તેમાં મૂર્તિ પધરાવવી તેમાં શી વાર! કાંઈ પણ વાર ન લાગે. માટે મોટાને વિનંતી કરીને મૂર્તિમાં વળગી પડવું.''

''જેમ ગાયનું વાછરડું સ્તનમાં વળગીને દૂધ ધાવે છે, તેમ મહારાજની મૂર્તિમાંથી સુખ લીધા કરવું, પણ બીજો સંકલ્પ તથા મનન કાંઈ થવા દેવું નહિ. કદાપિ દેહના સંબંધ થકી ઉપવાસ પડી જાય તો તેનું પ્રાયશ્ચિત કરવું, પણ મનન કરવું નહિ. અનંત પ્રકારનાં સુખમાત્ર શ્રીજીની મૂર્તિમાં રહ્યાં છે તે એક દર્શન માત્રમાં આવી જાય છે. જો મૂર્તિના સુખમાં ઊતરે તો સાધનમાત્ર તે ભેળાં સિદ્ધ થઈ જાય છે.''

''મહારાજ તથા મોટા અનાદિની વાતો ન સમજ્યામાં આવે તોપણ તેનો કસ જીવમાં રહે છે. જેમ પૂળાની કાલરમાં ઝાકળ પડે છે તેની હવા કાલરમાં સોંસરી પડી જાય છે તેમ વાતો ન સમજાય તોપણ તેની હવા જીવમાં સોંસરી પડી જાય છે. જો દેહને ખોટો કરીએ તો તે ભેળી જેટલી અસત્ય વસ્તુ છે તે સર્વે ખોટી થઈ જાય. જો એક મહારાજની મૂર્તિ આવી તો સર્વે વસ્તુ હાથ આવી.''

"આપણે તો પુરુષોત્તમરૂપ થાવું, તો જ પુરુષોત્તમ પમાય. તેમાં કોઈને શંકા થાય જે, પુરુષોત્તમરૂપ થઈએ તો સ્વામી-સેવકપણું કેમ રહે? તો એનું એમ છે જે જેમ બ્રાહ્મણનો દીકરો બ્રાહ્મણ કહેવાય, પણ દીકરાનો નાતો ટળતો નથી; તેમ પુરુષોત્તમ તે સ્વામી અને મુક્ત તે સેવક એ નાતો ટળતો નથી. પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને પુરુષોત્તમરૂપ થઈ જાય તોપણ સુખના આપનાર મહારાજ છે ને મુક્ત સુખ લેનાર છે. મહારાજની મૂર્તિમાંથી સર્વેને સુખ આવે છે; માટે સ્વામી-સેવકપણું વધતું જાય છે."

"મોટા તો સદા મૂર્તિના સુખે સુખિયા છે, કલ્પેકલ્પ વીતી જાય તોપણ મૂર્તિના સુખમાંથી નીકળતા જ નથી. મોટા મુક્ત તો સર્વેને દિવ્ય જ દેખે છે. જીવમાં માયા હોય તો મોટાની દૃષ્ટિમાં આવે જ નહિ. અનંત મુક્ત મહારાજની મૂર્તિમાં રહ્યા છે તે જેમ મંદિરમાં હજારો મનુષ્યની સભા ભરાઈને બેઠી હોય ને તે ઉપર બીજી સભા હોય તેમ એકબીજી સભા ઉપર સભા હોય તેમ હજારો સભાઓ થઈ હોય તે સર્વે આ તક્તામાં મૂર્તિ છે તે મૂર્તિમાં જોઈએ તો સર્વે સભાઓ દેખાય છે. તે મૂર્તિને સભાની રોકાણ થતી નથી; તેમજ મહારાજને તથા મુક્તને એકબીજાની રોકાણ થતી નથી. મૂર્તિમાં મુક્ત સુખ લીધા જ કરે છે, તેમાં કોઈને એક-બીજાનું આવરણ નથી; તે મુક્ત સર્વે મૂર્તિમાં લુબ્ધ છે."

એવી રીતે બાપાશ્રી પ્રસન્ન થકા વાત કરતા હતા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પ્રાર્થના કરી જે, "બાપા! હવે અમારે સભામાં જવાનો વખત થયો છે તેથી જઈએ અને આપ અહીં રોકાઓ; કેમ કે કાલનો રસ્તાનો હડદો બહુ થયો છે તો જરા આરામ થાય."

ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, "સ્વામી! આપણે આ ફેરે આવ્યા છીએ તે સર્વેને સુખિયા કરવા છે; કેમ કે વારેવારે આમ દરિયા જંઘીને કાંઈ અવાય છે! આ તો સાંવલદાસભાઈ બળિયા બહુ અને અહીંના

હરિભક્તોનાં હેત તેથી ખેંચીને લાવ્યા. મને પણ એમ થયું જે સાંવલદાસભાઈ તમને સરસપુરથી કરાંચી તેડી લાવવા ભેગા લાવ્યા તેથી ન જઈએ તો તે રાજી ન થાય એમ જાણીને આવ્યા. આ ફેરે તો સર્વેને ખૂબ રાજી કરવા છે.'' એમ કહીને કહ્યું કે, ''ચાલો, અમે પણ સભામાં આવશું.''॥૩૪॥

## વાર્તા ૩૫

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૨) સવારની સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''જેને મહારાજની મૂર્તિનું સુખ જોઈતું હોય તેને સત્સંગમાં દાસાનુદાસ થઈ રહેવું. ભગવાનના ભક્ત સાથે 'મીન સ્નેહી જળ' તેવું હેત રાખવું, નિર્માનીપણું રાખવું, મહારાજનું અખંડ ભજન કરવું; તો મહારાજ તથા મોટા રાજી થાય.''

''જ્યારે મહારાજ આપણું પ્રારબ્ધ છે ત્યારે આપણે કોઈને ગાળ દેતાં પણ વિચાર કરવો, કારણ કે સુખદુઃખ શ્રીજીમહારાજની ઇચ્છાથી જ આવે છે. જો આપણે કોઈનું અનિષ્ટ ઇચ્છીએ તો શ્રીજીમહારાજના નિશ્ચયમાં ફેર છે અને મહારાજને સર્વકર્તા જાણતા નથી. જુવાન દીકરાનું મરણ થાય તોપણ એમ સમજવું કે મહારાજની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની લીલા છે. ઇંદ્ર, બ્રહ્માદિક દેવ જે કાંઈ કરે છે તે પણ શ્રીજીમહારાજની આજ્ઞાનુસાર થાય છે એમ માનવાનું છે. કોઈને મંદવાડ આવ્યો ને દવા કરી તો એમ ન માનવું જે દવાએ સાજો કર્યો; એ તો જ્યારે મહારાજ ભળે છે ત્યારે જ સાજા થવાય છે. એવી રીતે દરેક કાર્યમાં શ્રીજીમહારાજને જ કર્તા જાણવા, પણ મહારાજનું કર્તાપણું લેશમાત્ર ઓછું થવા દેવું નહિ. તે વિના કોઈથી સૂકું પાંદડું પણ તોડાતું નથી. માટે દેહના સુખ સારુ શ્રીજીમહારાજનું વચન લોપવું નહિ; તો મહારાજ તથા મોટા મુક્ત અતિ પ્રસન્ન થાય છે.''

''મહારાજના મુક્ત છે તે તો અમૃતના ઝાડની પેઠે છે, તે જ્યાંથી ઉપયોગમાં લો ત્યાંથી અમૃત; તેની સેવા, સ્પર્શ, વિગેરે અમૃત

છે. પંચભૂતનો દેહ છે તે તો ઝેરનું ઝાડવું છે, તે જ્યાંથી અડો ત્યાંથી ઝેર ચડે; તે ખાધામાં ઝેર, પીધામાં ઝેર, દરેક ઉપયોગમાં ઝેર. માટે તેને ફગાવીને ત્રણ દેહથી પર પોતાના સ્વરૂપને મહારાજના તેજરૂપ માનીને તેમાં મહારાજની મૂર્તિ પધરાવે તો સુખિયું થવાય. મહારાજની મૂર્તિ સિવાય ક્યાંય સુખ નથી. એ મૂર્તિમાંથી તેજ ફરર ફરર છૂટે છે, તેને પામે તો જીવ સુખિયો થઈ જાય; બાકી અક્ષર સુધી ક્યાંય સુખ નથી. માટે મૂર્તિ સિવાય કાંઈ ઇચ્છવું નહિ.''

''જીવને પરોક્ષનો મહિમા, પણ પ્રત્યક્ષનો નહિ. મથુરા, ગોકુળ જાય તો ત્યાંની તલાવડીની માટી તિલક કરવા માટે લઈ આવે એવું માહાત્મ્ય, પણ અમારે ભુજના હમીરસર તળાવની માટી કોઈ લઈ જાય નહિ. નહિ તો જુઓને! તેમાં મહારાજ નાહ્યા છે, સંતદાસજી નાહ્યા છે, મોટા મોટા મુક્ત નાહ્યા છે; પણ એવું સમજાય છે?'' પછી એમ બોલ્યા જે, ''એવા મોટા અનાદિની સેવા કાંઈ થોડે ભાગ્યે મળતી નથી અને તેથી બીજી કોઈ મોટી પ્રાપ્તિ નથી; માટે મોટાની ક્રિયામાં સંશય કરવો નહિ. મોટા ઊંઘે ત્યારે નસકોરાં બોલતાં હોય એમ જણાય, પણ તે તો મહારાજની મૂર્તિમાં ગુંજારવ કરતા હોય.''

''ભગવાનનો નિશ્ચય કરવો તે કારણ મૂર્તિ ઓળખીને કરવો. જે કાર્ય ઉપરથી નિશ્ચય કરે છે તેના નિશ્ચયમાં ડગમગાટ રહે છે. તે કાર્ય શું? તો આવા સાધુ, આવો ધર્મ, આવો ત્યાગ, આવા મોટા યજ્ઞ, આવી પ્રથા એ ઉપરથી કરેલો નિશ્ચય. પણ જો શ્રીજીમહારાજની મૂર્તિનાં સુખ, ઐશ્વર્ય, મહિમા જાણીને નિશ્ચય કર્યો હોય તે નિશ્ચય કોઈ કાળે ફરતો જ નથી. એવો દિવ્યભાવે નિશ્ચય કરી મોટા અનાદિને ઓળખી, તેમને મન સોંપી દે તો એક ક્ષણમાં કલ્યાણ કરે. નહિ તો છ માસ ભેળો રહે તોપણ શું? તે મન સોંપી દીધું ક્યારે કહેવાય? તો પોતાનું મનગમતું મૂકીને મોટા કહે તેમ કરવું તે.''

''આવા દિવ્ય સત્સંગમાં કોઈનો અવગુણ ન આવવો જોઈએ.

કદાપિ કાંઈક વિક્ષેપ જેવું જણાતું હોય તોપણ સમજણ એમ રાખવી જે, સામા પક્ષવાળા વિક્ષેપમાં રહીને પણ ભજન કરે છે તેથી તેને ધન્ય છે.''

''આપણે તો એક ચિંતામણિરૂપ મહારાજની મૂર્તિ રાખવી ને અનાદિમુક્તનો જોગ રાખવો. આવા મુક્તના પ્રસંગ સિવાય મહારાજની મૂર્તિ દેખાતી નથી. શ્રીજીમહારાજે કહ્યું છે, 'તે મૂર્તિને અમે પ્રગટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોર પણ દેખતા.' તે અનાદિમુક્તની સ્થિતિ છે.''

પછી એમ બોલ્યા જે, ''જીવનું કારણ શરીર વજ્રસાર જેવું છે, પણ શ્રીજીમહારાજનો જરાક ઝબકારો જીવમાં આવે કે તુરત કારણ શરીર બળી જાય છે; જેમ જરાક અગ્નિનો તણખો બાળી મૂકે છે તેમ. માટે કારણ મૂર્તિને પામવા કારણરૂપ એવા અનાદિમુક્તનો જોગ-સમાગમ કરી મહિમા જાણવો. મોટા મુક્તનો મહિમા સ્વામી-સેવકભાવ રાખીને જેટલો કહેવો હોય તેટલો કહેવાય. તે એવી રીતે કે મહારાજ સુખદાતા છે ને મુક્ત સુખભોક્તા છે. એવા મુક્તની કૃપા ક્યારે થાય? તો પુરુષપ્રયત્ન કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ સિદ્ધ કરે તો. મોટાની કૃપા વિના મહારાજના સુખમાં કે મૂર્તિમાં કોઈપણ પ્રકારે જીવની દૃષ્ટિ પહોંચતી નથી. જુઓને! ભગવાન કેવડા મોટા છે! તો તેમના મુક્ત પણ કેવડા હોવા જોઈએ! વચનામૃતમાં મહારાજ તથા મોટા મુક્તનો મહિમા બહુ લખ્યો છે, પણ મોટાના જોગ વિના એના અર્થ સમજાય નહિ. તે અર્થ કયા? તો એક પરોક્ષ ભાવ, બીજો પ્રત્યક્ષ ભાવ, ત્રીજો પરભાવ. તેમાં કેટલેક ઠેકાણે એકાંતિકની, કેટલેક ઠેકાણે પરમ એકાંતિકની અને કેટલેક ઠેકાણે અનાદિની સ્થિતિની વાત કરી છે. એ શબ્દછળ મોટા ઓળખે ને તેનો જોગ કરે ત્યારે સમજાય, નહિ તો ન સમજાય.'' તે ઉપર જારના છોડનો દાખલો દીધોઃ ''તે સાંઠો ઢોર ખાય છે ને કણ મનુષ્ય ખાય છે.''

પછી એમ બોલ્યા જે, "સિદ્ધ મુક્તને મતે તો અણુ અણુ પ્રત્યે ભગવાન રહ્યા છે, ક્યાં ભગવાન નથી? બધે ભગવાન છે. કેમ જે એમની દૃષ્ટિ મૂર્તિ આકારે છે, એમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. જેમ મીંચેલી આંખ ઉઘાડીએ તો અજવાળું દૂર નથી તેમ અજ્ઞાનઆંખ ઊઘડે (અજ્ઞાને કરીને આંખ મીંચાયેલી છે તે જ્ઞાને કરીને ઊઘડે) કે મહારાજ ને મુક્ત આ રહ્યા. ત્રણે અવસ્થામાં મહારાજની મૂર્તિ ધારે તેનો તો વાયરો ભૂટકાઈને કોઈ જીવ મરતો હોય તેને અડે તો તેનું પણ કલ્યાણ થાય."

"આ વખત બહુ સારો છે, કલ્યાણ સોંઘું છે, સંત સોંઘા છે; માટે મન-ઇંદ્રિયોને વશ થઈને મહારાજની મર્યાદા લોપવી નહિ અને કોઈ સંત-હરિજનની સ્વાભાવિક ક્રિયા જોઈને તેનો અવગુણ લેવો નહિ. તેનો જીવ કેવો હોય તેની આપણને ખબર કેમ પડે! માટે જેટલો લેવો હોય તેટલો પોતાનો અવગુણ લેવો. મોટા તો ગમે તે ક્રિયા કરે, પણ મૂર્તિ ભૂલે નહિ. આપણે તો કથા-વાર્તા કરતા હોઈએ, ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતા હોઈએ, પણ કોઈ ઢાલ-તલવાર બાંધીને આવે તો તરત આપણી વૃત્તિ ત્યાં ખેંચાઈ જાય; એવી વૃત્તિ ભગવાનમાં રહે નહિ."

"મહારાજે એક સંતને પૂછ્યું કે, 'તમને સંકલ્પ કેવા થાય છે?' ત્યારે તે કહે કે, 'મૂઠ્ઠીમાં રેતી રાખીને ખરર ખરર રેડીએ તેવા થાય છે.' ત્યારે મહારાજ કહે, 'મને તો એક પણ સંકલ્પ ઊપજતો નથી.' એમ કહ્યું તે મોટા મુક્તની વાત છે."

"આવા મહારાજ ને આવા મુક્ત પ્રત્યક્ષ છે, માટે જે કરો તે થાય. આવો વખત ભૂલવો નહિ અને સત્સંગની લટક રાખવી. લટક તે શું? તો મહારાજની મૂર્તિનું તાન રહે તેવા ગુણ દરેકમાંથી લેવા. જેમ ભમરી મધ કરે છે તે અશુદ્ધ વસ્તુમાંથી પણ રસ ગ્રહણ કરે છે એવો તેની દાઢમાં ગુણ છે; તેમ આપણે પણ એવી જ લટક રાખવી ને સર્વેનો

ગુણ જ લેવો.''

''પોતાના જીવાત્માને ત્રણ દેહથી નોખો માનીને મૂર્તિમાં જોડાવું. એ મૂર્તિમાંથી જળસ્, જળસ્ તેજ નીકળે છે. તે તેજ શીતળ, શાંત, બાળે તેવું નહિ તેમ જ ઠારે તેવું નહિ; એવું તેજ છે. એવો મહારાજની મૂર્તિમાં માલ છે. માટે સર્વ ક્રિયામાં મૂર્તિમાં જોડાવું, તેના સામું જોઈ રહેવું; તેનો વિચાર કરવો.''

''આવા સંત મળ્યા છે, આવો જોગ મળ્યો છે. આ વખતે નહિ કરીએ ત્યારે ક્યારે કરશું? વસમી વેળાએ વહાર કરનારા આ મુક્ત છે તે અત્યારે જણાય નહિ. અત્યારે આપણી સાથે વાત કરતા હોય અને કેટલાકને અક્ષરધામમાં મૂકી આવતા હોય. એવા મુક્ત ઓળખાય નહિ તો મોટી ખોટ આવે. તેથી મુક્ત ઓળખવા જોઈએ. મુક્તના તો સંકલ્પ ચાલે છે. ગુજરાતમાં એક હરિભક્તને એક લાખ ગોપાળાનંદ સ્વામી દેખાણા ત્યારે તેણે પૂછ્યું જે, 'સ્વામી તો એક છે અને આટલા અનેક કેમ?' ત્યારે તે બોલ્યા કે, 'અમે ગોપાળાનંદ સ્વામીના સંકલ્પ છીએ.' એવા મોટાને અતિ હેતે સંભારવા ને મૂર્તિમાં જોડાઈ રહેવું. દેહ મૂકતી વખતે મહારાજ ને લાખો મુક્ત તેડવા આવશે, ત્યારે મહારાજ ને આવા અનાદિનો ખરેખરો મહિમા સમજાશે.'' ॥૩૫॥

## વાર્તા ૩૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૨) બપોરે મેડા ઉપર આસને બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''કોઈ હરિભક્તનો અવગુણ લેવો નહિ. અવગુણ જેવું જણાય તો સમાગમ કરવો નહિ. સમાગમ કરતાં અવગુણ આવે તો જેમ કાંકરી ઘડાને ફોડી નાખે તેમ આપણા જીવનું બગડી જાય. જેમ રાજાનો કુંવર ગાંડો-ઘેલો હોય તેને થપાટ મારીએ તો કેદમાં જાવું પડે તેમ થાય.''

''મહારાજ અને મુક્ત તથા આપણે સર્વે ભેળા જ છીએ, એક ક્ષણમાત્ર પણ દૂર નથી એવું જેને રહેતું હોય તેને પણ જ્ઞાનનો વધારો

થવા માટે એવા મહામુક્ત પ્રત્યક્ષ બિરાજતા હોય ત્યાં સુધી જોગ કરી લેવો. મોટાની અનુવૃત્તિમાં રહી પ્રસન્ન કરે તેનું કલ્યાણ થાય, એવા એ કૃપાસાધ્ય છે. મહારાજનો કે મોટાનો જોગ થયો એટલે સંપૂર્ણ માનવું. મહિમા અપાર છે અને કરવાનું પણ અપાર છે. મહારાજ તથા મોટાની સાથે જીવ જોડીને આજ્ઞા પાળવાથી પૂર્ણ થવાય; માટે મહારાજનાં વચન યથાર્થ પાળવાં. આપણને મહારાજ અને મોટા મળ્યા, હવે કોઈ વાતનો વાંધો રહે તેમ નથી. નિરંતર મહારાજની મૂર્તિનું ચિંતવન કરવાથી ગમે તેવા કામાદિક શત્રુ બળિયા હોય તોપણ નાશ થઈ જાય છે. શ્રીજીનો અને મોટાનો મહિમા બરાબર સમજાય તો પંચવિષય પ્રયાસ વિના જિતાઈ જાય. બાપની મિલકતના સર્વે સરખા ધણી છે. આવી રીતે સમજે તો કોઈનો અવગુણ ન આવે.''

''સમાગમ તો મોટાનો જ કરવો. ટિકિટ તો આપણે ઠેઠ મહારાજ પાસે જવાની લઈએ છીએ, પણ ફેર ન પડે તો ઠીક. મોટા મુક્તને વિષે મન, કર્મ, વચને બંધાઈએ તો તેમના જેવી સ્થિતિ થાય. માટે મોટા અનાદિને દિવ્યભાવે સંભારવા, તો મૂર્તિથી બહાર નીકળાય નહિ ને સાધર્મ્યપણું આવે. મહારાજને સજાતિ થાય ત્યારે સાધર્મ્યપણું કહેવાય.''

''એક હરિભક્તે દેહ મૂક્યો તેને મહારાજ તથા અનંત મુક્ત તેડવા આવ્યા, તે સર્વેમાંથી તેજ દેખાણું ત્યારે વિચાર્યું જે, 'મહારાજ ક્યાં હશે!' પછી તેજ સમાઈ ગયું અને મહારાજ જેવા હતા તેવા જણાણા એટલે મહારાજને તથા સર્વે મુક્તને ભાગવતી તનુએ મળ્યા અને સાષ્ટાંગ દંડવત કર્યા; એવું બીજા હરિભક્તને પ્રત્યક્ષ દર્શન થયું.''

''એક હરિભક્તને મહારાજ તેડવા આવ્યા ત્યારે તેમને એવું દેખાણું જે આખું બ્રહ્માંડ મુક્તથી ઠસાઠસ ભરાઈ રહ્યું છે અને વચ્ચે મહારાજ બિરાજમાન છે. પછી તેમને સંકલ્પ થયો જે, 'મારે મહારાજ પાસે ક્યાં થઈને જવું?' એટલે સર્વે મુક્ત મહારાજની મૂર્તિમાં લીન થઈ

ગયા. એમ મુક્ત મૂર્તિમાં રહે છે, તે મુક્ત સદા સાકાર છે. એવા મહામુક્તની કૃપાએ અંતર્વૃત્તિ થાય તો સત્સંગ બધો દિવ્ય જણાય.''

''આપણને ખરેખરો મુદ્દો મળ્યો છે, પણ બાળકની પેઠે અજાણમાં જાય છે. મહારાજની મૂર્તિથી મુક્ત જુદા નથી; જુદા સમજે તો નાસ્તિક ભાવ છે. મૂર્તિ તો સદાય એક સરખી જ છે, પણ મહિમાનું અપારપણું છે અને સુખ, પ્રકાશ, સામર્થીનું અપારપણું છે. તે હેતુ માટે મૂર્તિનું અપારપણું કહેવાય છે. મૂર્તિના તેજની કિરણો નીકળે છે તેને રોમ કહે છે. જેને મહારાજ ને મોટાને વિષે અનન્ય પ્રીતિ થાય તેને પ્રારબ્ધ બળી જાય છે અને કોઈપણ પ્રકારનું બંધન રહેતું નથી. એમ ન જાણવું જે મોટું પદાર્થ હોય તે જ જીવને બંધન કરે. એમ નથી; નાનું-મોટું સર્વે બંધન કરે છે. એમ જાણી મહારાજની અખંડ સ્મૃતિ રાખવી. અખંડ સ્મૃતિ તો પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એ બહુ કામ કરે છે.''

''આપણને તો સર્વદેશી મોટા પુરુષ મળ્યા છે, માટે મહારાજ તથા મોટા અનાદિમુક્તના મહિમાનું બીજ સર્વે વાતમાં લાવવું. અનાદિમુક્તમાં જીવ બાંધે તેને પોતાના જેવા દિવ્ય કરી મૂકે છે. જેને મોટા મુક્તનો જોગ ન થયો હોય તેને માયા ઘણી બળવાન જણાય છે, પણ મોટાના જોગમાં રહે તેને પરાભવ કરી શકે નહિ. મોટા તો સ્વતંત્ર હોય તે માયામાં પણ નિર્લેપ રહે, સ્વતંત્ર પ્રગટ થાય અને અનંત પતિત જીવોનો ઉદ્ધાર કરી નાખે એવું એમાં સામર્થ્ય છે. જેટલું મહારાજ જાણે, દેખે ને કરે તેટલું મોટા મુક્ત પણ કરે. એ માટે અનાદિમુક્તને વિષે પણ મહારાજના જેવો દિવ્યભાવ લાવવો. આવો સત્સંગ સમજાણો અને ખરા મોટા મળ્યા તેને બીજે તણાવું નહિ. મોટા અનાદિ અનંત કોટિ બ્રહ્માંડની ક્રિયાને હસ્તામળ દેખે છે અને અસંખ્ય જીવને વર્તમાન કાળે અક્ષરધામમાં મૂકી આવે છે. માટે સત્સંગમાં જ છે; ખોળવા જવું પડે તેમ નથી, પણ જીવને વિશ્વાસ આવતો નથી. જો મહિમા સમજે તો મહારાજનાં દર્શન જેવો જ અનાદિમુક્તનાં દર્શનનો લાભ છે. એવા

મોટા મુક્ત મહારાજની સમૃદ્ધિ છે. શાસ્ત્રમાં જે કાંઈ વાત આવે તે મહારાજ તથા તેમના મુક્તના સંબંધને પમાડવી. મૂર્તિના સુખના ભોક્તા તો મુક્ત જ છે, પણ અક્ષરાદિક કોઈ અવતાર એ સુખને પામતા નથી. ગર્જના ભેળી વીજળી હોય તેમ મહારાજ ભેળા મુક્ત છે; તે અહીં પણ ભેળા જ છે.''

''શ્રીજીમહારાજ કેટલાક મુક્તોને સ્વતંત્ર રાખે ને કેટલાક મુક્તોને પરતંત્ર રાખે છે. પણ જેવા સ્વતંત્ર મુક્ત સમાસ કરે તેવો એ મુક્તથી ન થાય. એવી સ્વતંત્ર મુક્તમાં સત્તા રહી છે. જેમ પૃથ્વીમાં ચક્રવર્તી રાજાની સત્તા છે, તેમ સ્વતંત્ર મુક્તની સત્તા છે. માટે સ્વતંત્ર મુક્તનો જોગ મન, કર્મ, વચને કરે તો કાંઈ ખામી રહે નહિ.''

પછી એમ બોલ્યા જે, ''આપણે મહારાજના પ્રસંગ વિનાની લૂખી વાત ક્યારે પણ કરવી નહિ. મહાપ્રભુના પ્રસંગ વિના અને સ્મૃતિ વિનાની વાતો તો સમુદ્રમાં પડ્યા જેવી છે, તે તો મરી જવાય. મહારાજના યથાર્થ નિશ્ચયવાળા મૂર્તિને સાક્ષાત્ દેખતા ન હોય, પણ એના શબ્દ મહારાજના સંબંધના હોય તે જીવને બહુ સમાસ કરે છે અને જેને જીવમાં ઊતરે તેને બ્રહ્મરૂપ કરી મૂકે છે, મુક્તરૂપ કરી મૂકે છે. તેના ઉપર મહારાજ અને મુક્ત બહુ પ્રસન્ન થાય છે.'' ॥૩૬॥

## વાર્તા ૩૭

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૨) સાંજે સભામાં બાપાશ્રીએ વાત કરી જે, ''શ્રીજીમહારાજ નરનારાયણને મિષે પ્રગટ થયા તેથી મહારાજને નરનારાયણ કહ્યા હોય, ત્યારે નર તે મુક્ત અને નારાયણ તે મહારાજ એમ જાણવું. મહારાજ અને અનાદિમુક્તને જુદાપણું નથી; રસબસ છે, તાણા-વાણાની પેઠે છે. બીજા અવતાર તો પોતે પોતાના ધામ બાંધીને બેઠા છે, માટે નોખા છે ને અતિશે ન્યૂન છે અને ઐશ્વર્યાર્થી છે. આવું જેને મહારાજનું માહાત્મ્ય સમજાણું હોય તેને પ્રકૃતિપુરુષથી લઈને અક્ષર પર્યંત સર્વે તુચ્છ થઈ જાય. જેમ નઠારી વસ્તુને ફેર

સંભારતા નથી એવું માયાનું કાર્ય થઈ જાય.''

''મહારાજ તો અણુઅણુ પ્રત્યે અંતર્યામી શક્તિએ રહ્યા છે અને સત્સંગમાં સાક્ષાત્ રહ્યા છે. પણ જીવને એવું જણાતું નથી, કેમ જે મનુષ્યની મર્યાદા રહે છે એટલી પણ મહારાજની મર્યાદા રહેતી નથી; એટલું છાનું નાસ્તિકપણું છે. મહારાજ અને મોટાની મોટ્યપ માયિક દૃષ્ટાંતે કરીને કહેવી પડે છે તે તો કેવું છે? તો ચક્રવર્તી રાજાને રાંકની ઉપમા દીધા જેવું છે.''

''અનાદિમુક્તને મતે એક મૂર્તિ વિના બીજું કોઈ ધામ કે કાંઈ નથી. એવા મોટાને વિષે જેને આત્મબુદ્ધિ થઈ તેને સર્વે પ્રાપ્તિ થઈ રહી છે એમ જાણવું. અભક્ત હોય તે મોટા અનાદિને ઓળખે નહિ અને આસુરી જીવ હોય તે તો ઊલટો દ્રોહ કરે. અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીને અને ગુણાતીતાનંદ સ્વામીને ખૂણિયા જ્ઞાનવાળા કહેતા, એ સત્સંગમાં કુસંગ કહેવાય. તેને મોટાના સમાગમવાળા જાણે જે, 'આ બિચારા પામર છે, તે એને ગોળ-ખોળની ખબર નથી.' જેણે જેણે ભગવાનના મુક્ત સાથે કપટ કર્યું હશે તે સુખિયા થયા નથી અને થશે પણ નહિ, સામા વધુ દુખિયા થશે; તે ઊંડા ઊતરીને જુએ તો માલમ પડે.''

''આપણે તો મહારાજના મોટા અનાદિમુક્તનો જોગ કરી લેવો, કેમ જે શ્રીજીમહારાજ કલ્યાણ તથા પોતાનું સુખ તે મુક્ત પાસે અપાવે છે. માટે સાધનદશાવાળા મોક્ષાર્થીને મુક્તને શરણે થયા વિના પોતાને બળે તે સુખ પમાતું નથી અને મહારાજના સુખમાં પહોંચ્યા પછી કોઈ મુક્તની અપેક્ષા રહેતી નથી.''

''મહારાજે કહ્યું જે, 'નાથ ભક્તના હજાર રૂપિયા અને ઝીંઝુવાડાનું કાસીદું કરી આવ્યો જે બ્રાહ્મણ તેનો એક રૂપિયો તે બેય સરખું છે.' કેમ જે નાથ ભક્ત પાસે હજાર રૂપિયા હતા તેથી તેણે ઘેબરની રસોઈ આપી અને એ બ્રાહ્મણ પાસે એક રૂપિયો હતો તે

મહારાજને અર્પણ કર્યો, માટે બેયને બરાબર કહ્યા.''

''ભગવાન અને સંત ધીરે ધીરે બહુ કામ કરે છે, પણ તુરત સુખ દેખાડી દેતા નથી. જ્યારે પ્રગટ સુખ મળે ત્યારે તો એ મૂર્તિના સુખ વિના બીજું કાંઈ રહે જ નહિ. મોટા મુક્ત તો જેમ ઘડામાં ઘી થીજી જાય તેમ મૂર્તિમાં થીજી ગયા છે અને જીવને એવી જ રીતે મૂર્તિમાં સુખિયા કરે છે.''

''આપણે તો નાના-મોટા જે સ્વામિનારાયણના આશ્રિત છે એ સર્વે અક્ષરધામમાં મહાપ્રભુની સભામાં જે છે તે જ આ છે એમ જાણવું, પણ અણુમાત્ર ન્યૂન નથી. જેમ રાજાને ઘેર કુંવર જન્મે તે રાજા જ કહેવાય તેમ જેને સ્વામિનારાયણનો આશરો છે, તે સ્વામિનારાયણના દીકરા છે. તે અક્ષરધામમાં અનાદિમુક્ત છે તે જેવા જ થશે; માટે આજથી આપણે તેમને મુક્ત જાણવા. શ્રીજીમહારાજ પોતાના સર્વે આશ્રિતોને સરખું સુખ આપે છે. જેમ આ લોકમાં એક બાપને ત્રણ દીકરા હોય તેમાં એક ગાંડો હોય ને એક વ્યવહાર ચલાવતો હોય ને એક નિત્ય પચાસ રૂપિયા કમાઈ લાવતો હોય, પણ તે સર્વેના ઉપર બાપ સરખા પ્રસન્ન રહે છે. તેમાં જે ગાંડો હોય તેની ખબર પોતે રાખે છે તેમ મહારાજ પણ નિજ આશ્રિતોની ખબર રાખે છે. જેમ નંદાસણથી ભુલા ભક્ત ગઢડે મહારાજનાં દર્શન કરવા ગયા, ત્યારે મહારાજે માર્ગમાં રક્ષા કરી તેમ સહાય કરે છે.''

''અનાદિમુક્તની તો વાત જ જુદી છે. માટે અનાદિમુક્તનો જોગ કરવો. તો અનાદિમુક્ત પોતાના જોગ કરનારને માયા, દેહ, વિષય, રાગ એ આદિક સર્વે થકી ત્યાગી કરી મૂકે. એવા મુક્ત તો સરવાણી પાણી જેવા છે. તેને શબ્દની કિંમત નથી, પ્રકૃતિપુરુષ ને તેના કાર્યની કિંમત નથી. તે તો સદા મૂર્તિના સુખે સુખિયા છે ને સદા મૂર્તિમાં જ રસબસ છે. તે મૂર્તિ સર્વોપરી છે, બીજા કોઈ અવતારની એને ઉપમા દેવાય નહિ. મહારાજે લોયાના ૧૪મા વચનામૃતમાં કહ્યું છે જે, 'અમો

અવતાર-અવતારી ભેદમાં નથી. એ સર્વેથી ન્યારા છીએ.' એ વાત અનાદિમુક્તના જોગથી સમજાય છે. તે અનાદિના જોગથી નિષ્કામ એટલે અનાદિ થાય. એક પારસથી પારસ બને તે પારસ ઉત્તમ છે; તેમ પોતા જેવા કરે તે અનાદિમુક્ત છે. ઉત્તમ રુચિવાળાને મહારાજ જરૂર એવો જોગ મેળવે."

"આપણે તો મહારાજને સદાય સાથે રાખવા, દાસપણું રાખવું. સત્સંગમાં દાસપણું હોય એ જ ઊંચે દરજ્જે ચડે છે. આ લોકમાં અપમાન થાય તોય સહન કરવું, તો ઘણો લાભ થાય. સત્સંગમાં કુસંગ કિયો? તો મહારાજને હાથમાં આવવા દે નહિ તે."

"મૂર્તિ સિદ્ધ કરી હોય તોપણ તેને પરમ એકાંતિક તથા અનાદિનો જોગ જોઈએ; કેમ જે ભોમિયા તો એ જ છે તે મહારાજનો દિવ્યભાવ સમજાવે, મહિમા જણાવે, જ્ઞાનનો પાર પમાડે ને સુખની પ્રાપ્તિ કરાવે. જેના અંતરમાં મહારાજનું સુખ છે તેને ત્રણે અવસ્થામાં સાક્ષાત્કાર થઈ ગયો છે તે જુદા પડતા નથી; જેમ દેહ ને જીવ જુદા પડતા નથી તેમ. એ કારણ મૂર્તિ હાથ આવે તેને કાર્યની જરૂર રહેતી નથી. જ્યારે તેજમાં મૂર્તિ દેખાય ત્યારે તે કારણ મૂર્તિ છે એમ જાણવું. તે મૂર્તિ શ્વેત છે, તેજોમય છે. તે મૂર્તિ વિના પોતાનો દેહ આદિક કાંઈ વહાલું ન હોય ત્યારે જાણીએ જે પૂરું થયું. મૂર્તિ વિના બીજું પ્રધાન જણાય એટલું અધૂરું જાણવું. અંતર્વૃત્તિએ અને સાંખ્ય વિચારે કરીને દાખડો કરતો જાય તેમ તેમ દિવ્યભાવ જણાતો જાય ને સુખ આવતું જાય. એમ કરતાં કરતાં જ્યારે શુદ્ધ પાત્ર થાય ત્યારે પ્રતિમાનાં દર્શન સાક્ષાત્કાર જેવાં થાય અને સર્વે મનોરથ પૂરણ કરે. પછી તેની સાથે બોલે, વાતો કરે– જો દિવ્યભાવ આવે તો. પણ જીવ માયાને આધીન થઈ ગયો છે, તે સાધુ, બ્રહ્મચારી, હરિજનોની ગણતરી નહિ; એવો એકદેશી થઈ ગયો છે. તેથી માયા પ્રધાન રહે છે ને મૂર્તિનો, સાધુનો, અને હરિજનનો ભાર નથી આવતો. એને ક્યાંથી સુખ આવે!"

"મૂર્તિ અને મુક્તને ભૂલીને વિદ્યા, સાધન એ આદિકને સંભારવાં એ હલર-વલર કહેવાય; ત્યારે મહારાજ ને મોટા એમ જાણે જે આ બાળકિયા સ્વભાવ કરે છે. માટે કાર્યથી જુદો પડીને મૂર્તિ પકડે તો સદા સુખિયો થઈ જાય. મોટાનો જોગ કરીને ધ્યાન સિદ્ધ કરીને મૂર્તિ પામવી; તો જોગ કર્યાનું ફળ મળ્યું જાણવું. જેમ શાળ ઉપર ફોતરૂં હોય છે તેણે કરીને દાણા પાકે છે તેમ સાધને કરીને મૂર્તિ સિદ્ધ કરવી. મૂર્તિ સિદ્ધ થયા પછી સાધન પૂરાં થયાં જાણવાં, માટે એક મૂર્તિ રાખવી. પદાર્થ પોતે ભેળાં કરીને તેણે કરીને ઉત્સવ-સમૈયા કરે ને તેને સંભારીને રાજી થાય તે કાર્ય કહેવાય, પણ મૂર્તિ વિના એણે કરીને સુખ ન થાય. મૂર્તિ ભૂલીને એકલું કાર્ય સંભારે તો તે કણ ફગાવીને કુશ્કા રાખ્યા જેવું છે."

"ઘેર ઘેર આવા મુક્ત ન હોય. માટે આ અવસરે ચેતી લેવું. એક ક્ષણવાર મૂર્તિ ભૂલવી નહિ. મોટાના જોગનો પારખું થાય અને મોટા કહે તેમ કરે ને આ લોકના સુખથી લૂખો થઈ મહારાજના સુખમાં જોડાઈ જાય. અવયવ ન ફરે તો આ લોકમાંથી લૂખો થાય નહિ. માટે આ લોકમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય તો અવયવ ફર્યા કહેવાય. પ્રાયશ્ચિત્ત કરે તો દેહની શુદ્ધિ થાય અને સેવા, માળા, ધ્યાન આદિકે જીવની શુદ્ધિ થાય છે."

"ખરેખરો થઈને મંડે તો મહારાજ અને મોટા સહાયમાં ઊભા છે, કોઈ દિવસ જુદા છે જ નહિ. હું જે જે ઘાટ-સંકલ્પ કરું છું તે સર્વે મહારાજ ને મોટા જાણે છે એવી મર્યાદા રાખીને ખરી આતુરતાથી મંડે તો મહાસુખિયો બ્રહ્મરૂપ કરી મૂકે. બ્રહ્મમય દેહ એટલે બ્રહ્મ જે ભગવાન તે મય એટલે તે રૂપ થાય છે; ત્યારે મૂર્તિને પામે છે."

"જેમ હજૂરી રાજાનો માણસ છે અને થાણદાર પણ રાજાનો મનુષ્ય છે, પણ હજૂરી તેડવા આવે તો રાજા પાસે બેસારે અને થાણદાર તેડવા આવે તો કેદમાં પૂરે; તેમ અનાદિમુક્ત મળે તો શ્રીજીની મૂર્તિમાં

લઈ જાય અને તે વિનાના તો બીજા ધામમાં લઈ જાય.

"મહારાજ અને મોટા અનાદિનો મહિમા સમજાય ત્યારે શ્રદ્ધા વધે, દેહના ઘસારાને પણ ન ગણે, માન-અપમાનને પણ ન ગણે; એને તો એક મૂર્તિનું જ તાન હોય. એ જેવો તેવો હોય તોપણ અમને ગમે છે. જેવો તેવો એટલે મૂર્તિમાં જોડાઈ જાય તેથી નાવા-ધોવાની કે કોઈને અડી જવાની એવી ક્રિયા કદાપિ ન કરી શકે. જેમ ગોરધનભાઈ દાતણ પડ્યું મૂકીને નાહ્યા વિના જમવા મંડ્યા અને મહારાજની પૂજા કરવાનું ચંદન ડબામાં હતું તેમાં પગ બોળ્યો, એમ થઈ જાય તોપણ મહારાજને ગમે છે. એવા મુક્તને બાધ નથી. જેમ રાજાનો કુંવર રાજ્યમાં ચાહે ત્યાં હરે ફરે, પણ કોઈથી એને દુઃખ દઈ શકાય નહિ. તેમ એવા મુક્તને માથે કાળ, માયા, પુરુષ, બ્રહ્મ, અક્ષર આદિ કોઈનો હુકમ નથી ને એ સર્વે રાજી કરવા ઇચ્છે છે."

"આમ ન સમજાય ને એકલી વિદ્યાને નોરે ચડી જવાય એમાં તો કુસંગ કહેવાય. માટે વિદ્યાની શુદ્ધિ પણ મોટાનો જોગ હોય ત્યારે જ થાય છે અને ત્યારે જ ભગવાનમાં વૃત્તિ રહે છે. શ્રીજીમહારાજે પ્રથમ પ્રકરણના ૪૯મા વચનામૃતમાં કહ્યું છે જે, 'ભગવાનના સ્વરૂપમાં જેની વૃત્તિ ન રહે તે ભગવાનનો ભક્ત નહિ.' માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તો જ ભક્ત કહેવાય. જ્યાં સુધી ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ ન રહે ત્યાં સુધી માયાના ગુણ ટળે નહિ અને દુખિયો મટે નહિ. પણ મૂર્તિમાં વૃત્તિ રાખતાં રાખતાં જ્યારે માયા છે જ નહિ એવું થાય ત્યારે સુખિયો." ॥૩૭॥

## વાર્તા ૩૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૨) રાત્રે સભામાં પ્રસન્નતાનાં સાધન કરવા વિષે વાત ચાલતી હતી. ત્યારે બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, "સાધન સર્વે ઉપકારી છે, પણ મૂર્તિને સન્મુખ થયા વિના સુખ નથી એમ જાણે ત્યારે દોષ ટળે. મહારાજનો મહિમા યથાર્થ હોય તેને બહુ

સુખ આવે છે. એ ભગવાનની મૂર્તિ વિના બીજા માયિક આકાર છે, એટલે કે પુરુષોત્તમ ભગવાન અને તેમના મુક્ત એ બે વિના સર્વે માયિક આકાર છે. તે કહ્યું છે જે, 'મુજ વિના જાણજો રે બીજા માયિક સૌ આકાર' એવા મહારાજ અને મહામુક્ત તે આજ કૃપાસાધ્ય છે. એટલો દૃઢ નિશ્ચય કરી રાખવો."

"નિશ્ચયની વાત બહુ અટપટી છે, તે કોઈ ચમત્કાર દેખાડે તો વળગી જાય ને કેનીક ખાઈમાં પડે કહેતાં કામ, ક્રોધ, લોભમાં લેવાઈ જાય. ભગવાનની ચૂંદડી ઓઢી બેઠા છો, પણ કાળ, કર્મ, માયામાં લોભાઈ જવાય તો વાંધો રહી જાય. સુખમાત્ર મહારાજની મૂર્તિમાં છે. જીવ માયિક પદાર્થમાં ઝાંવા નાખે અને ઐશ્વર્ય આદિકમાં ઝાંવા નાખે, એ નિશ્ચયમાં ખામી કહેવાય. ચમક દેખી લોહા ચળે, તેમ પરિપક્વ નિશ્ચય હોય તો મૂર્તિમાં ખેંચાઈ જાય. એવો દૃઢ નિશ્ચય જેને થયો તે કોઈની ખાડમાં ન પડે. બ્રહ્મા જેવો આવે અને તે મહારાજ રૂપે દેખાય તોય લોભાય નહિ. 'મોટા સંત સ્વરૂપાનંદ સ્વામી આદિક બેઠા છે ત્યાં હું છું, આ સભા અક્ષરધામની છે, આપણે અક્ષરધામની મધ્યે જ બેઠા છીએ, આ પ્રતિમા સાક્ષાત્ અક્ષરધામમાં મૂર્તિ છે તે જ છે' એમ નિશ્ચય થઈ જાય તો સાક્ષાત્કાર સુખ આવે."

"'નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ' એટલે પુરુષાકાર શ્રીજીમહારાજ દિવ્ય મૂર્તિ છે અને સંતનકો વિશ્રામ એટલે સંત જે મુક્ત તેમને મૂર્તિમાં રાખી સુખ આપનારા એવા મહારાજ તેનો સાક્ષાત્કાર થાય તો સુખ આવે."

"આ જીવને જ્યાં સુધી મહારાજનો પરિપક્વ નિશ્ચય થતો નથી, ત્યાં સુધી બાળકિયા સ્વભાવ ટળતા નથી. માટે મહારાજ તથા મોટાને ઓળખી તેમનો મન, કર્મ, વચને, સંગ કરે તો તે ખરેખરો બાળકમાંથી વૃદ્ધ થાય ને વચલા ઝોબા ન આવે. દેહ માટે અને સગાં માટે કંઈક કૂટારા કરવા પડે છે તે ભગવાનને મેલીને ન કરવા પડે, જો

નિશ્ચય પરિપક્વ રાખે તો.''

એમ હરિભક્તોને કહીને સંતોને કહ્યું જે, ''વાતો કરો. અમે તો તૂટક તૂટક વાતો કરીએ છીએ. અમારા છે તે તો જાણે કે 'ઘરકી બાત'; એમ ન કરવું. હમણાં દ્રોહની નદીયું વહે છે તેમાં ભગવાનના ભક્તને જાળવવું. કોઈને ખોટું ખોટું ભરાવીને અવગુણ લેવા નહિ. આપણા સારુ સંત દાખડા કરે છે. માટે કામ ક્રોધ, જુવાની કે રાજ, ધન આદિક કોઈનો કેફ ન રાખવો. આપણે પોતાનું ખાવું અને કમાવું તેમાં સુખ છે.''

પછી બોલ્યા જે, ''આ જીવને ઉગારવા સંત ભાતાં બાંધી બાંધીને ફરે છે, ભૂલ્યાને વાટે કરવા ફરે છે તેથી એમના થઈ રહેવું. મોટાઈ, અધિકાર કાંઈ કામ નહિ આવે. 'દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર.' એમ દાસના દાસ થઈ રહેવું. અહીંના હરિજનોનાં તપ જબરાં તેથી આવા મોટા ચાલી ચાલીને દર્શન દેવા આવે છે.''

પછી લાલુભાઈએ કહ્યું કે, ''બાપા! એ તો તમારો પ્રતાપ અને દયા તેથી અમારાં મોટાં ભાગ્ય. આ મુળી ને અમદાવાદથી સંત આવ્યા છે તે પણ આપની કૃપાનો લાભ લે છે.''

પછી બાપાશ્રી બોલ્યા જે, ''કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે, બીજે ક્યાંય નથી. એવા નિશ્ચયમાં કસર એટલી મહિમામાં કસર અને મહિમામાં કસર હોય તો શ્રદ્ધા ન આવે. જો શ્રદ્ધા આવે તો પ્રેમલક્ષણા ભક્તિ આવે. 'પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળજો.' તે જેટલી આજ્ઞા છે તેટલી પાળે તો પતિવ્રતા કહેવાય. વર્તમાન ધારી સગપણ કર્યું એટલે ચૂંદડી ઓઢાડી. હવે આજ્ઞા યથાર્થ પળે તો પરણાય, પણ ગમે તેમ વરતે તો ક્યાં પતિવ્રતાપણું રહ્યું? આપણા પ્રારબ્ધ શ્રીજીમહારાજ છે. જેમ છોકરાંનું પ્રારબ્ધ તેનાં મા-બાપ, તેમ શ્રીજીમહારાજ આપણા પ્રારબ્ધ છે. છોકરાને અગ્નિ-જળાદિકથી તેનાં મા-બાપ જાળવે છે તેમ શ્રીજીમહારાજ કાળ, કર્મ, માયાથી જાળવે છે. દંડ દેવો હોય તો

શ્રીજીમહારાજ પોતે દે. માટે એ જ આપણું પ્રારબ્ધ છે. આપણે શા સારુ બીજું પ્રારબ્ધ કહીએ?''

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, ''શ્રીજીમહારાજનો પ્રતાપ બહુ જબરો છે. જ્યારે સ્વયંપ્રકાશાનંદ સ્વામી પરોક્ષના દ્વારામાં હતા, ત્યારે કોઈક વૈરાગી મહારાજને ગાળો દેવા લાગ્યો. તે જેમ જેમ ગાળો દે તેમ તેમ મહારાજનું નામ આવવાથી તે સ્થાનમાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો. તે જોઈ સ્વયંપ્રકાશાનંદ સ્વામીને એમ વિચાર થયો જે જેનું નામ લેતાં આવો પ્રકાશ થઈ ગયો તો તે પોતે તો સાક્ષાત્ ભગવાન હોવા જોઈએ. એમ નિશ્ચય કરી મહારાજ પાસે સોરઠમાં આવ્યા. તેમને મહારાજે મુક્તાનંદ સ્વામી પાસે સાધુ કરાવ્યા. તે સ્વામીએ સ્વયંપ્રકાશાનંદ સ્વામી એવું નામ રાખ્યું. ત્યારે મહારાજ કહે, 'સ્વામી! તમે જાણો છો ને શું!' પછી સભા સામું જોઈને કહ્યું જે, 'આ સંત તમારા પાસે છે તેમને એવી રીતે નિશ્ચય થયો હશે, પણ કહે નહિ.' મૂર્તિનું તેજ ભડાક ભડાક દેખ્યું તેથી સ્વયંપ્રકાશાનંદ સ્વામીને તરત નિશ્ચય થઈ ગયો. માટે સૌ ખૂબ ભગવાન ભજજો.''

''હમણાં પાણી ટોનારા સારા આવ્યા છે, માટે વ્યવહારમાં પડી ન રહેવું. સંત શત્રુને ખોદે ત્યારે શત્રુની વહારે ચડે તો કેવો જાણવો? તે તો પાકો મૂર્ખ કહેવાય. સામો શત્રુ ભલે નગારું દેતો ચડે તોય શત્રુને ઓળખે નહિ. રાજાની સવારી ચાલે ત્યારે નાગો બાવો ધજાગરો લઈ ચડે તેમ આ પણ હાથમાં ધજાગરો આગળ કરે છે; તે તો સાયદી રાખી શત્રુની સહાય કરે એવો છે. સંત તો તેનું સારું કરે, પણ તે સ્વભાવને ન મૂકવાના ઉપાય કરે. જેને સત્સંગની લટક ખરેખરી આવી હોય તે કામ, ક્રોધ, રસના આદિકના પેચમાં ન આવે ને મૂર્તિ સન્મુખ રહે. માટે આશ્રમનું, સ્થાનનું એમ કોઈનું માન ન રાખવું. અમદાવાદનું વૃત્તાંત કાંઈ નહિ, મુળીનું સારું; મુળીનું કાંઈ નહિ, ભુજનું સારું, એવું કાંઈ માન ન રાખવું. બધેય મહામણિઓ પડી છે. મહારાજે અક્ષરધામની સભા કહી છે તે બધાય એવા હશે.'' ॥૩૮॥

## વાર્તા ૩૯

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૩ને રોજ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળાં વચનામૃતની પારાયણ હીરાભાઈ, સાંવલદાસભાઈ તથા હરિભાઈ તરફથી બેસવાની હતી. તેથી સંતો-હરિભક્તો સહુ તૈયારી કરતા હતા. બાપાશ્રી પણ નિત્યવિધિ કરી સભામાં પધાર્યા. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી એ બન્ને સદ્‌ગુરુઓ પારાયણ વાંચવાના હતા તેથી સૌના હૃદયમાં આનંદ ઊભરાતો હતો. મંડપની તૈયારી સંપૂર્ણ થઈ રહી, મહાપ્રભુની સ્થાપના થઈ, વિધિ પૂરો થઈ રહ્યો. ત્યારે બન્ને સદ્‌ગુરુઓને પાટ ઉપર બેસારી બાપાશ્રીએ આરતી ઉતારી, વચનામૃતની પૂજા કરી; સંતોને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા. પછી લાલુભાઈ, મહાદેવભાઈ, હીરાભાઈ, હરિભાઈ, આદિક સહુએ પૂજા કરી. વચનામૃતની રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાના મૂળ કર્તા બાપાશ્રી તથા સંગ્રહ કરનાર અને સર્વે પ્રશ્નોત્તર રૂપે યથાર્થ જ્ઞાન પ્રવર્તાવવા ઈચ્છનાર સદ્‌ગુરુઓ હોવાથી એ પારાયણનો અતિ ચમત્કારિક દિવ્યભાવ જણાતો હતો. કથા ચાલતી થઈ, વચનામૃત પૂરાં થતાં જય બોલાતી અને સમાપ્તિ થયે કીર્તન બોલાતું.

એ રીતે જ્યારે કથાની સમાપ્તિ થઈ ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, “બાપા! આ સંત-હરિભક્તોને દિવ્ય ભોજન જમાડો.”

ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, “ભલે સ્વામી! આપણે તો એ જ કરવાનું છે. શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે. ક્યાં મહારાજ! ને ક્યાં તેમના અનાદિમુક્ત! આ તો બહુ મોટી પ્રાપ્તિ થઈ છે. પુરુષોત્તમના મહાઅનાદિનો જોગ મળવો ઘણો દુર્લભ છે, એ જોગ આ ટાણે મળ્યો છે. માટે કોઈ વાતનો ખાંગો ન રાખવો ને કોઈને વિષે ખામી ન સમજવી. જીવ અવળે રસ્તે ચડી જાય તો ‘અઠે દ્વારકા’ કરી બેસે. તે ઉપર મુમનાનું દૃષ્ટાંત આપ્યું. એમ

આપણે 'અઠે દ્વારકા' ન કરવું. આવા જોગનો તપાસ કરવો. બીજે ખોળવા જાય અને ચમત્કાર ઇચ્છે, પણ તેમાં શું માલ છે! આ જોગ ને આ પ્રસાદી મળવી દુર્લભ છે, માટે મહિમામાં સુખ છે. ઉપરદળના રામજીભાઈ અમારી પાસે દર્શને આવે ત્યારે ફળીમાં જામફળી, લીંબુડીને દંડવત કરે, બાથમાં લઈને મળે ને રોતા જાય અને એમ બોલે જે, 'અહો! તમે મોટાં ભાગ્યવાળાં અહીં પ્રગટ થઈને રહ્યાં ને મારે તો જવું પડે છે.'''

તે ઉપર બ્રહ્માએ વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો એ વાત કરીને કહ્યું જે, ''મહારાજ અને તેમના અનાદિમુક્તનો મહિમા બહુ જબરો છે.''

પછી એમ બોલ્યા જે, ''ઉપાસનાની વાત સર્વેથી જબરી છે. ઉપાસના દૃઢ હોય તો ધણીના ખોળામાં બેઠો, અને તેમાં કાચું હોય તો કાળ, કર્મ તથા બીજા અદેવમાં વળગે. જો પાકી ઉપાસના હોય તો સેવા-ભક્તિ કરાય. તેમાં જો કાચું હોય તો જાણે કે, 'સેવા-ભક્તિ અધિકારી કરશે.' પણ જો ઉપાસના દૃઢ હોય તો સેવા-ભક્તિ, મંદિર આદિ કરવામાં અટકે નહિ; અધિકારી કરશે એમ વાટ ન જુએ.''

''જો અનુભવજ્ઞાન હોય તો વાંધો જ નહિ. બીજું તો ખોટું છે તેને ખોટું કરવું તેમાં શું વળે? આપણે તો સાચી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે રાખવી. બહુ કટ કટ વાતો કરે તોય શું! ખરેખરું અનુભવજ્ઞાન થાય અને મૂર્તિમાં જોડાય તો જ કામ આવે. મહારાજની મૂર્તિમાં દૃષ્ટિ પહોંચી તો ગૌલોક, બ્રહ્મપુર, અક્ષર ને અક્ષરધામ એ સર્વે આવી ગયું. બીજે ક્યાં ખોળવું? મૂર્તિમાં સર્વે છે.''

''દિવ્યભાવ પામે તો મૂર્તિઓ દિવ્ય અને મુક્ત પણ દિવ્ય ભાસે. આ વાતમાં જીવ ખોટ કાઢે ને મોટા મુક્તમાં પણ ખોટ કાઢે એ દિવ્યભાવ અને મનુષ્યભાવમાં શું જાણે! દિવ્ય મુક્તની કિંમત કેમ કરી શકાય! એ વાત ન સમજાય ત્યારે 'આ તો આમ ખાય છે, આમ બોલે

છે, આમ ભોગવે છે, આમ જુએ છે' એવા ભાવ પરઠે. એવા અવગુણ પ્રકૃતિના કાર્યને લઈને દેખાય છે. દિવ્યભાવ આવે તો અવગુણ ન આવે, પણ જીવને અજ્ઞાન બહુ છે. જો મહારાજ તથા સંત ઢસરડીને લઈ જાય તો જાય. સાધુ તો અક્ષરધામનો દરવાજો છે તે દ્વારા મહારાજ સુખ આપે છે, એમ જાણે તેને સંત વઢે તો તપે નહિ, ક્યાંઈક મોકલે તો રાજી થકો જાય. જેમ મહારાજ સૂઝે તે કામ બતાવે પણ તે રાજી થકો કરે, તેમ જેને પરિપક્વ સમજણ હોય તેને આ વાત સમજાય. પરિપક્વ સમજણવાળો તો સર્વે કર્તા મહારાજને જાણે. એવી દૃઢતા ન હોય તો અત્યારે મંદિરનો ખજાનો કોઈ લેવા આવે તો હાયવોય થાય. પણ મૂર્તિને કોઈ લઈ જાય છે?"

"આપણે તો એક સ્વામિનારાયણ રાખવા. ધણી સત્સંગમાં અખંડ બિરાજે છે તેને કેટલાક સંભારતા નથી ને ધૂળબલાને સંભારે છે. મહારાજ કહે, 'એવા દૃઢ સમજણવાળા તો ગોપાળાનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામી છે. તેમની પેઠે દાસપણું આવવું કઠણ.' મહારાજ તો જેમ છે તેમ કહેતા આવે છે, પણ આપણે પૂર્ણકામપણું માની બેઠા છીએ; એટલે આશ્ચર્ય મનાતું નથી. 'મેં હું આદિ અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.' આદિ તો આ બેઠા, તે જ અનાદિ છે. આ તો કઈ જગ્યામાં હોય ને આપણે શુંયે સમજતા હોઈએ."

"મોટાને તો ત્રણે અવસ્થામાં સદા મૂર્તિ જ છે. આ સત્સંગમાં એવી વસ્તુ છે, પણ ઓળખે નહિ ને મોટા અનાદિમાં મનુષ્યભાવ પરઠે તો કામ માર્યું જાય; કેમ જે એ તો સદાય મૂર્તિમાં જ છે ને મહારાજની ઇચ્છાથી દેખાય છે."

"એક હરિભક્તે સદ્. નિર્ગુણદાસજી સ્વામીને પૂછ્યું જે, 'શ્વેતદ્વીપ ને બદરિકાશ્રમમાં કોણ રહે છે?' ત્યારે એ બોલ્યા જે, 'અમે એવું જાણતા નથી. ચક્રવર્તી રાજા બીજાનું જોવા ન જાય, તેમ મૂર્તિ વિના અમે બીજું જોતા નથી.' પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં જોડાઈ રહ્યા

એને બીજું કાંઈ છે? એવું જોયાનું શું કામ છે! માયિક વસ્તુથી શું જોવાય! તેથી તો માયામય જ જોવાય ને દિવ્ય વસ્તુ રહી જાય. સુરત રાખો! ઘણાં સુખ મળ્યાં છે, સ્વામિનારાયણ આજ તો અઢળક ઢળ્યા છે. આ લોકમાં ચાર દહાડા રહેવાનું એટલામાં આપણે ખરો સિદ્ધાંત સમજી લેવો.''

''મોટા તો મૂર્તિથી નોખા જ ન પડે, એવી સ્થિતિવાળાને માળા પૂરી ન થાય, માનસી પૂજા પણ પૂરી ન થાય, તેને તો આકાશ-પાતાળમાં મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. સ્વામી નિર્ગુણદાસજીને મેં પૂછ્યું જે, 'સુખમાં જોડાઈ જવાય છે તેથી માળા પૂરી નથી થાતી.' ત્યારે સ્વામીશ્રી કહે, 'હવે તેનું કાંઈ નહિ; સર્વે થઈ રહ્યું છે.' એવા સંત અદૃશ્ય થઈ ગયા. એવા ક્યાંથી મળે! આજ પણ મોટા સોંઘા થઈને દર્શન દેવા આવ્યા છે, પણ જીવ સૂનકાર થઈ ગયો છે તેથી લાભ લેતા આવડતું નથી.'' ॥૩૯॥

## વાર્તા ૪૦

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૩) બપોરે મંદિરના બગીચામાં બાપાશ્રી નાહવા પધારેલા ત્યાં લાલુભાઈ, હીરાભાઈ, હરિભાઈ, સાંવલદાસભાઈ, સોમચંદભાઈ, ગોવિંદભાઈ, લાલજીભાઈ આદિ હરિભક્તો પાસે ઊભા હતા.

તેમને બાપાશ્રીએ કહ્યું જે, ''બેય સદ્‌ગુરુઓને ખૂબ રાજી કરજો. આ સંતો તો મહા સમર્થ છે. તમોએ પારાયણનો સંકલ્પ કર્યો તે બહુ સારું કર્યું છે. અમારે તો કચ્છમાં કથા-વાર્તાના મોટા મોટા યજ્ઞ થાય ત્યાં સંતો આવે, સૌ દર્શન-સેવા-સમાગમ કરે, પણ તમારે તો ઘેર બેઠા ટાણું આવી ગયું. સંતો ચાલીને ઘેર આવે એવાં તમારાં સૌનાં હેત છે. કરાંચીમાં તમે રહ્યા છો, પણ અહીં તો આ સ્થાન અક્ષરધામ તુલ્ય થઈ ગયું છે. મહારાજ ને મોટા મુક્ત જ્યાં વિચરે તે ભૂમિકા નિર્ગુણ. આ સંત તો જંગમ તીર્થ છે. 'ભવ-બ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરુષોત્તમ

પાસે બેઠાની જાગ્ય જો.' એવા મહારાજ ને તે મૂર્તિના સુખભોક્તા આ સંત તે ક્યાંથી મળે! અમે પણ એવા મોટા સંતોના જોગે આનંદ કરીએ છીએ. આ ફેરે આવવું નહોતું, પણ તમારાં હેતે ખેંચ્યા.''

એમ કહીને મેડા ઉપર આસને પધાર્યા. ત્યાં પ્રથમ પ્રકરણનું ૬૦મું વચનામૃત વંચાતું હતું, તેમાં વાસના ટાળવાની વાત આવી. ત્યારે સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જે, ''બાપા! આવો જોગ મળ્યો તેને વાસના ટળી જાય કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અનુભવજ્ઞાન સાક્ષાત્કાર થાય તો વાસના બળે, નહિ તો બળે એવી નથી.'' પછી એમ બોલ્યા જે, ''સત્સંગમાં સિદ્ધિઓ હાજર છે. તે આવો, જમો, બેસો, ભાતાં, પોતાં એ બધી સિદ્ધિ જાણવી. સ્વામી નિર્ગુણદાસજી પાસે વસ્તુ આવતી તે કોઠારમાં નાખે, કાં તો સંતને વહેંચી દે; પોતાના સાધુને તો અવશ્યનું જ આપે. મોટેરા સાધુ હોય તેને તો ગાડાં ભરાય એટલું આવે અને નાના હોય તેને ન આવે તોપણ મોટેરાને એ સિદ્ધિઓ ન ભોગવવી. ભુજમાં અક્ષરજીવનદાસજી સ્વામી હતા ત્યારે એક સાધુની ઝોળીમાંથી કાંઈક વસ્તુ નીકળી તેથી તે સાધુને સ્વામીશ્રીએ ઉપવાસ કરાવ્યો. હવે તો મહારાજ કરે તે ખરું. સંગ્રહ ન કરવો એમાં સુખી રહેવાય. જડ માયાનો સંગ્રહ કરનારા આ બ્રહ્માંડમાં ભટક્યા કરે છે (તેનો મોક્ષ થતો નથી). આ સત્સંગમાં રહી એવું પાપ રાખે તે પાપની કેમ ગણતરી થાય! જડ માયા એટલે દ્રવ્ય. એ દ્રવ્ય કાળા નાગ જેવું છે તે નાગ માંહી પેસી જાય તો ચસકા કરાવે. માટે ત્યાગીને માંહી-બહાર સરખું રહેવું. તે વિના આચાર્ય, સદ્‌ગુરુ કોઈ કામ નહિ કરી દે. શ્રીજીમહારાજને આગળ રાખી બરાબર વર્તવું ને વર્તાવવું.''

''આ જોગ-સમાગમ સારો છે. પુરુષોત્તમની મૂર્તિમાં અનુભવજ્ઞાન વિના જોડાવાય નહિ. અમદાવાદમાં અમે સત્તરની સાલમાં ગયા હતા ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજ વગેરે હતા તે કેવા! અને

આજ જુઓ! આ બધા સંગદોષ છે. તે દિવસ કેવી સભા! જાણે અક્ષરધામની સભા બેઠી હોય ને શું! હજી સભા ઠીક છે, પણ જોઈને સમાસ થાય તેમ ન મળે. પગથિયે ચડતા જઈએ તો સુખી રહેવાય. તે વિના સુખિયા ક્યાંથી થવાય! કેટલાક અધિકાર સારુ વલખાં મારે છે, પણ અધિકાર તો કૂટણું છે. મહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે-વર્તાવે તો વાંધો નહિ; પણ એ વિના અધિકાર છે તેમાં તો નુકસાન છે, તેથી પરલોક બગડે. કર્યા વિનાનું ન ચાલે, પણ વિચાર જોઈએ.''

''આપણને વસ્તુ બહુ સારી મળી છે. શ્રીજીમહારાજ ને આવા મોટા સંત હરકોઈ બ્રહ્માંડમાંથી ખોળી લાવે તો ઈનામ દઈએ, પણ મળે જ નહિ; તે તો સત્સંગમાં છે. આજ શ્રીજીમહારાજ સત્સંગમાં બિરાજે છે તે આપણે ન દેખીએ, પણ દિવ્ય ચક્ષુવાળા દેખે. આ બધી માંહીની રમત છે. જડમાં હેત છે તેવું શ્રીજીમહારાજમાં થાય તો શું વાંધો રહે! આપણે હીરો હાથ આવ્યો છે તે વંજાવવો નહિ. અમારે તો સૌનું સારું કરવું છે, પણ મોહરૂપી અંધે ઘોડે ચડે તે જ્ઞાન કે વાત સાંભળે નહિ અને છેટેથી ભડકી મરે છે. આજ આપણે મોહ કાઢવો છે તે કાઢીએ તો અખંડ સોહાગ થાય. પાંચ વખત માનસી પૂજા કરવી, ધ્યાન કરવું; તે સૂતાં, બેઠાં, ચાલતાં, સર્વે ક્રિયામાં ધ્યાન કરવું. સ્મૃતિ રાખવી, મૂર્તિને ક્ષણમાત્ર વિસારવી નહિ. એક દોર રાખે તો બીજું દીઠું ન ગમે. નહિ તો માયાનું બળ બહુ છે.''

''સતયુગમાં આત્મનિષ્ઠા કેવી હતી? તો કાનમાં સીસાં ઊનાં રેડે તથા લોઢાના ગજ આંખમાં ઘાલે અને દાંત સાણસીથી કાઢી નાખે તોપણ ગણતા નહિ. તેમ આજ કળિમાં ખૂંદ્યું ખમે, 'નાખે અદાવત ને દીએ ગાળ્યું તેને ભક્ત સમજે દયાળુ' એમ ગુણ લે, પણ તપે નહિ; ધૂળ નાખે, કચરો નાખે, તોય સાધુને સમભાવ રહે એ આત્મનિષ્ઠા જાણવી. કોઈ આંગળી ચીંધી ન શકે એવો શાંત અને સરલ સ્વભાવ રાખવો. આપણે તો પ્રકૃતિનાં કાર્યથી બહાર છીએ તો દુઃખ ન લગાડવું. જો દુઃખ લાગે તો પ્રકૃતિના કાર્યમાં રહ્યા કહેવાઈએ. વચનામૃતમાં નિત્ય

પાંચ ખાસડાં મારવાનું કહ્યું છે, તે જો જરામાં શોકવાન થઈ જાય તો એ ખાસડાં કેમ ખમાય! જો શ્રીજીમહારાજને રાજી કરવા તત્પર થાય તો એનાથી બધુંય થાય.'' ॥૪૦॥

## વાર્તા ૪૧

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૩) સાંજે સભામાં કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રી બોલ્યા જે, ''આ તો પ્રત્યક્ષ પુરુષોત્તમની સભા છે અને મોટા અનાદિના સંકલ્પ ચાલે છે. તે હજારો રૂપે થઈને હજારો જીવને અક્ષરધામમાં મૂકી આવે છે. એવા અનાદિમુક્ત જ્યાં રહેતા હોય ત્યાં જીવને અપરંપાર લાભ થાય છે. એવા અનાદિમુક્ત આ રહ્યા. અમે ખોટું કહેતા હોઈએ તો અમને પાપ છે.'' એમ ત્રણ વખત કહ્યું.

પછી હીરાભાઈએ કહ્યું જે, ''બાપા! આવા મોટાને ઓળખે તેને કેવો લાભ થાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ઓળખે છે કોણ? જો ઓળખે તો તેને અમારા જેવા કરીએ. જેને વેદ નેતિ નેતિ કહી ગાય છે ને જે વસ્તુ પામવી છે તે આ ટાણે છે. શ્રીજીમહારાજ વિના બીજું જોવાની ઇચ્છા રહે તો મોટી ખોટ કહેવાય અને નાસ્તિકભાવ કહેવાય માટે બીજે જોવાનું કાંઈ બાકી નથી.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''સિદ્ધદશામાં મુક્તને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક ગુણ રહેતા હશે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સિદ્ધદશામાં બીજા ગુણ કહેવાય નહિ. સિદ્ધદશામાં તો એકલું અનુભવજ્ઞાન રહે છે. તે અનુભવજ્ઞાનની વાત જબરી છે. મહારાજની મૂર્તિમાં ને મહારાજના સુખમાં અપારપણું રહે એ અનુભવજ્ઞાન કહેવાય. મૂર્તિના સુખનું, અનંત મુક્તનું, અને અક્ષરધામનું એ સર્વનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે. જેમ આ લોકમાં માયિક પદાર્થનું જ્ઞાન અહીંના જ્ઞાનથી થાય છે તેમ પરભાવમાં મૂર્તિ, મુક્ત, ધામ, સુખ એ સર્વનું જ્ઞાન અનુભવજ્ઞાનથી થાય છે.''

"સૌના કારણ શ્રીજીમહારાજ છે. એ મૂર્તિને ખરેખર તેજોમય સમજવી. મનુષ્યભાવ કે પ્રતિમાભાવ એ મૂર્તિમાં નથી. દિવ્ય મૂર્તિ છે. જળસ્ જળસ્ તેજ છૂટે છે; અતિ તેજોમય છે. માટે એને વિષે મનુષ્યભાવ-પ્રતિમાભાવ ન સમજવો. આ સભા પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણની છે તેમાં બેઠા છો. આ સભામાં બેસવાનું ક્યાંથી મળે! જોગ ખરેખરો છે. આ જોગમાં પડી રહે તો કામ થઈ જાય, માટે જોગ કરીને મૂર્તિમાં જોડાવું. તે જેમ વૃક્ષ સાથે છાલ વળગી છે તેમ મુક્ત મૂર્તિમાં વળગ્યા છે. અનાદિ જેમ વૃક્ષમાં રસ વ્યાપી રહ્યો છે તેમ મૂર્તિમાં જોડાઈ ગયા છે. તેવી રીતે આપણે મૂર્તિમાં જોડાવું. મોટાનો જોગ કરવાથી તેવું થવાય છે. મોટાના જોગ વિના તેવી પ્રાપ્તિ થાય નહિ. આ સભામાં અનાદિમુક્ત અને મહારાજ બિરાજે છે, ઝળળળ ઝળળળ તેજ ઝળકે છે, સૌ સંત જોઈને રાજી થાય છે, હસે છે, એ મહારાજ વિના આવો આનંદ હોય નહિ. પણ જીવને નાસ્તિક ભાવ છે તેથી આવી મોટી વાત સમજાય નહિ. આ સભા અક્ષરધામની છે, દિવ્ય છે, અખંડ છે, અનાદિ છે. પૂર્વે શુકદેવજી વૃક્ષમાં રહીને બોલ્યા હતા તો આ સંત વૃક્ષમાં રહીને બોલે કે ન બોલે?"

એમ કહીને બોલ્યા જે, "વૃક્ષમાં રહીને બોલે તેમાં શું? આ સંત તો અક્ષરપર્યંત સર્વમાં બોલે ને જ્ઞાને કરીને મહારાજ વિના સર્વને ખોટા કરી દે. સંતો! તમે તો મહારાજ સન્મુખ જબરા વેગવાળા છો, પણ તમને તમારા બળની ખબર નથી. તમારા તો સંકલ્પ ચાલે છે. આ લોકમાં ચક્રવર્તી રાજા ખંડિયા રાજાને કાંઈ પોતાનું બધું આપી દેતા નથી અને મહારાજ તો પોતાનું બધુંય સુખ આપી દે છે, એવા દયાળુ છે; માટે સર્વકર્તા એક શ્રીજીમહારાજ જ છે. મહારાજ વિના કાળ, કર્મ, માયા, દેવ, મંત્ર, ઔષધિ એ આદિક કોઈને કર્તા ન જાણવા. મહારાજ વિના કોઈથી તૃણ તૂટવા સમર્થ નથી. 'મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય.'"

ત્યારે સાધુ હરિજીવનદાસજીએ પૂછ્યું જે, "અવળી ક્રિયા કોણ

કરાવતું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "નબળી ક્રિયામાં મહારાજ ભળે નહિ. મહારાજ તો જે શુદ્ધ પાત્ર હોય તેના ભેળા રહે ને સારી ક્રિયા કરાવે. પાત્ર ન હોય તેના ભેળા રહીને મહારાજ ક્રિયા ન કરે; તેમાં તો માયા રહીને તેના સ્વભાવ પ્રમાણે કરાવે તે મહારાજે કર્યું ન જાણવું."

પછી મધ્ય પ્રકરણનું ૨૦મું વચનામૃત વંચાતું હતું, તેમાં સમાધિની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સમાધિની વાત જબરી નહિ, મહારાજના સ્વરૂપનો પરિપક્વ નિશ્ચય જોઈએ. નિશ્ચયની વાત જબરી બહુ. નિશ્ચયવાળો ભક્ત હોય તે ત્રિવિધના તાપમાં ક્યાંય લેવાય નહિ. સો કાળ સામટા પડે અને અન્ન ખાવા ન મળે અથવા રાજાના માણસો કહે, 'ચાલો, પકડો, બાંધો' અને બાંધીને મારવા માંડે જે હમણાં પ્રાણ જતા રહેશે; એવાં ત્રિવિધ તાપનાં દુઃખ આવી પડે તોપણ એમ સમજે જે, 'મહારાજની મરજી વિના કોઈ કર્તા નથી.' દેહ પડવાનો થાય ત્યારે આનંદ થાય તો પરિપક્વ નિશ્ચય જાણવો. દેહ પડવાનો થાય ત્યારે જાણે જે, 'બધા રહ્યા ને મારે જાવું પડશે'; એમ ન જાણે અને એમ જાણે જે, 'ક્યાં જાવું છે? ધામમાં, ખરે ઘેર મહારાજ પાસે જવું છે.' એમ જાણીને રાજી થાય તો પરિપક્વ નિશ્ચય જાણવો. જો મહારાજ તથા મોટાને પોતાની મરજી પ્રમાણે કરાવે તો અપરાધ થાય અને મોટી ખોટ આવે."

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, "મોટા અનાદિ મળ્યા પછી શું કરવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિમાં રસબસ થઈને આનંદના સમુદ્રમાં ઝીલવું. તે મૂર્તિનું સુખ યથાર્થ જણાય તો માયિક સુખ સર્વે ખારાં થઈ જાય છે અને જો માયિક સુખ સારું લાગે તો દુખિયો થઈ જાય છે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "પ્રથમ પ્રકરણના ૭૮મા વચનામૃતમાં નિર્મળાનંદ સ્વામીના પ્રશ્નમાં રામકૃષ્ણાદિક અવતારનો મહિમા વિચારવાનું કહ્યું છે તે અવતાર અન્વય સ્વરૂપના સમજવા કે વ્યતિરેક સ્વરૂપના સમજવા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ વચનામૃતમાં કહ્યું છે તે રામકૃષ્ણાદિક તથા અક્ષરાદિક અન્વય સ્વરૂપના અવતાર છે અને મહારાજની ઈચ્છાએ અનાદિ તથા પરમ એકાંતિક મુક્ત આવ્યા હોય તે વ્યતિરેક સ્વરૂપના અવતાર સમજવા."

"શ્રીજીમહારાજે આત્યંતિક કલ્યાણ વર્તમાન કાળે અનાદિમુક્ત દ્વારાએ સુગમ કર્યું છે. શ્રીજીમહારાજના આશ્રિતને વચનામૃત, ભક્તચિંતામણિ જેવા ગ્રંથ એ જ પોતાને કલ્યાણકારી શાસ્ત્ર સમજવાં. એ વિના શ્રીજીમહારાજનું સ્વરૂપ સમજવામાં પરોક્ષ શાસ્ત્ર એકે કામ ન આવે. સીતાજીને વચને રામાયણ થઈ અને દ્રૌપદીને વચને ભારત થયું. તેવાં શાસ્ત્ર કોઈ મહારાજ સુધી પહોંચે નહિ. મહારાજનો મહિમા તો મહારાજના મુક્ત જ વર્ણવે, આપણે તો એ જ શાસ્ત્ર મોક્ષનાં છે. વેદ વૈરાજ સુધી પહોંચે છે. પ્રકૃતિપુરુષનું ઐશ્વર્ય વૈરાજમાં આવ્યું છે. તે વૈરાજ દ્વારે પ્રકૃતિપુરુષનું ઐશ્વર્ય વેદ વર્ણવે છે. બીજાં શાસ્ત્ર તો પ્રકૃતિપુરુષ સુધી પહોંચે, પણ મહારાજ સુધી કોઈ એ શાસ્ત્ર પહોંચે નહિ. ક્યાં હાથી! અને ક્યાં વાંદરું! તેમ ભગવાનની કેવી મોટાઈ! તોપણ દયા કરીને જીવ સાથે જોડ કરે છે."

આપણે તો મૂર્તિ અને મુક્ત અખંડ સંભારવા. મૂર્તિ હોય તો ઘેર જાણવો અને ન હોય તો બહાર કહેવાય. અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ, માયાકોટિ ને જીવકોટિ આદિને ન સંભારવા; એને તો ભૂલી જ જાવું. તેલધારા મૂર્તિમાં વૃત્તિ રાખવી. અખંડ વૃત્તિ બહુ કામ કરે છે. માળા ફેરવામાં, માનસી પૂજા કરવામાં ઉપશમ થઈ સંલગ્ન મૂર્તિમાં જોડાઈ જવાય તેમ કરવું. મૂર્તિની સ્મૃતિ રાખવી. કીર્તન, કથા-વાર્તાની

કકડાટી વગાડવી, પણ આડા-અવળા બેસી ન રહેવું. મહારાજની આજ્ઞામાં ખરા ખબડદાર થઈને વર્તવું. ત્યાગીને પંચવર્તમાન કહ્યા છે અને ગૃહસ્થને અગિયાર નિયમ કહ્યા છે તેમાં ફેર પડે તો પ્રાયશ્ચિત્ત કરવું. જો ન કરે તો જીવ ચટણો થઈ જાય. એકવાર કરે, બેવાર કરે, એમ કરતાં કરતાં જીવ ભ્રષ્ટ થઈ જાય. માટે આજ્ઞામાં બરાબર વર્તવું.''

પછી પુરાણી હરિપ્રસાદદાસજીએ પૂછ્યું જે, ''મહારાજની આજ્ઞા પ્રમાણે પાંચ વર્તમાન તથા અગિયાર નિયમમાં રહ્યો હોય અને ઉપાસના પરિપક્વ હોય, પણ તેને ત્યાગ-વૈરાગ્ય તથા ધ્યાન કરવા આદિકમાં મંદ શ્રદ્ધા હોય, પણ મોટાનો દઢ વિશ્વાસ હોય તો તેનું મોટા પૂરું કરે કે ન કરે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મોટાનો વિશ્વાસ હોય અને ઉપાસના પરિપક્વ હોય ને બીજી વાતમાં કાંઈક કસર હોય તોપણ તેનું આત્યંતિક કલ્યાણ મોટા કૃપાસાધ્ય છે માટે કરે.''

''પ્રથમ પ્રકરણના ૨૭મા વચનામૃતમાં કહ્યું છે જે, 'એવો ભગવાનનો ભક્ત અનંત ઐશ્વર્યને પામે.' તે ઐશ્વર્ય તે શું? તો મૂર્તિનાં નાના પ્રકારનાં સુખ, તેને પામે છે. એ વચનામૃતમાં કહ્યું છે જે, 'એવા ભક્તના નેત્રમાં ભગવાન જોનારા છે, પગમાં ચાલનારા ભગવાન છે.' એ સાધનદશામાં એકાંતિકની સ્થિતિ કહી છે અને જે અક્ષરધામમાં શ્રીજીમહારાજની સન્મુખ સિદ્ધ મુક્ત રહ્યા છે તેને તો એક મહારાજ જ છે.''

પછી હીરાભાઈએ પૂછ્યું જે, ''અક્ષરધામમાં આથમણું-ઊગમણું હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સાધનકાળમાં છે. સિદ્ધકાળમાં તો મહારાજ અને મુક્તને દિવસ-રાત્રિ નથી, આથમણું-ઊગમણું નથી. પૂરો વિશ્વાસ હોય તો તત્કાળ પૂરું થઈ જાય અને દિવ્યભાવ આવે. આ સભા પુરુષોત્તમ ભગવાન અને અનાદિમુક્તની છે. મહારાજ અખંડ બિરાજે

છે; પણ મનાય નહિ એ નાસ્તિકભાવ છે. વિશ્વાસ હોય તો મોટા પૂરું કરી દે; માટે વિશ્વાસ જોઈએ. આ પિંડનું આવરણ મોટું છે, એ ટળી જાય તો મહારાજ અને સભા પ્રત્યક્ષ છે. જેમ આંખને પડળ હોય તે દેખે નહિ, પડળ ઊતરે એટલે દેખાય છે.''

તે ઉપર ગોવિંદપ્રિયદાસજીની વાત કરી જે, ''તેને પડળ ઊતર્યાં એટલે તુરત દેખાણું. તેમ માયાનું આવરણ મોટા ટાળી નાખે ત્યારે સભા, મૂર્તિ સર્વે દેખાઈ જાય; પણ આવવું-જવું ક્યાંય નથી. માટે મોટાનો પરિપક્વ નિશ્ચય કરવો. વચનામૃતમાં પણ મહારાજે એમ કહ્યું છે જે, 'આ ગઢડું શહેર કે ઓસરી એ કાંઈ દેખાતું નથી.' તે સ્થિતિની વાત છે. એવી સ્થિતિ થાય તેને મૂર્તિ વિના કાંઈ દેખાતું નથી. અક્ષરધામ વિના અણુમાત્ર ખાલી નથી.''

''મહારાજે કહ્યું જે, 'મૃત્યુ સમે એક ઘડી આડી હોય, ત્યારે પણ નિર્વાસનિક થઈ મૂર્તિમાં જોડાય તો કસર ટળી જાય છે.' તે અંત સમે તો મોઢું ફાટ્યું રહે, આંખ્યો ફાટી રહે, ત્યારે મૂર્તિમાં ક્યાંથી જોડાવાય? પણ જો આવા મોટા અનાદિને વિષે દિવ્યભાવ હોય, વિશ્વાસ હોય, હેત હોય અને આજ્ઞામાં રહ્યો હોય તો મોટા કૃપાસાધ્ય છે તે કૃપા કરીને કસર ટાળી નાખે છે અને અનાદિમુક્ત જેવું અનુભવજ્ઞાન આપે છે, અનંત કોટિ મુક્તને મેળાવે છે અને અનંત પ્રદક્ષિણા-દંડવત કરાવે છે. ત્યારે મહારાજ કૃપા કરીને પોતાની મૂર્તિમાં જોડીને, મૂર્તિને સજાતિ અનાદિમુક્ત જેવા અનાદિ કરે છે.''

''જેમ વૃક્ષની કલમ સંધાડે ત્યારે કલમ ચોંટીને એક વૃક્ષ થાય છે અને ફળ જુદાં થાય છે તેમ મહારાજ સાથે એકતા થાય છે તોપણ સ્વામી-સેવકપણાનો ભાવ કોઈ દિવસ જતો નથી; સદાય રહે છે. માટે મોટા તેનું કામ કરી દે છે એમ જાણવું. તે જો મોટાનો મહિમા સમજાય તો વિશ્વાસ આવે અને વિશ્વાસ આવે ત્યારે હેત થાય. જ્યારે હેત થાય ત્યારે હેતે કરીને મોટામાં જોડાઈ જાય. હેત ને વિશ્વાસથી બહુ કામ થાય

છે. જો મહિમા સમજાય તો વિશ્વાસ ને હેત થાય. માટે જોગ સારો છે, કહેનારા સારા છે, તેવા સમયમાં પોતાનું પૂરું કરી લેવું.''

પછી મિસ્ત્રી લાલજીભાઈએ પૂછ્યું જે, ''અક્ષરધામમાં મહારાજની મૂર્તિ દિવ્ય છે તે દિવ્ય મૂર્તિની સેવા કરવાની શું હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિનું સુખ ભોગવવું તે જ ધામમાં સેવા કરવાની છે. પણ બીજી સેવામાં તો ગુણ આવે. ચંદન-પુષ્પ વડે તો અવરભાવમાં સેવા કરવાની છે. પરભાવના ને અવરભાવના શબ્દ ભેળા હોય તે જ્યાં ઘટે ત્યાં ઘટાડવા. પણ દિવ્ય મૂર્તિ, દિવ્ય સભા અને દિવ્ય સેવા, 'નરનારાયણ દિવ્ય મૂર્તિ, સંતનકો વિશ્રામ.' તે દિવ્ય મુક્ત, દિવ્ય મૂર્તિ તેથી સેવા પણ દિવ્ય થઈ ગઈ. 'મારી મૂર્તિ રે મારા લોક ભોગ ને મુક્ત સર્વે દિવ્ય છે' એમ મહારાજ કહે છે. પરોક્ષ શાસ્ત્રવાળાને અવતારનું કર્તાપણું રહી જાય. મહારાજ આગળ અવતાર તો કાંઈ ગણતરીમાં નથી. જેમ રાજા આગળ તેની પ્રજા ગરીબ હોય તેવા છે.''

પછી લોયાનું ૧૦મું વચનામૃત વંચાતું હતું, તેમાં ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નમાં આવ્યું જે ભૂંડો દેશકાળ વર્તતો હોય ત્યાં ન રહેવું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભૂંડા દેશકાળમાં ન રહેવું તે પરિપક્વ નિશ્ચયવાળો ન હોય તેને માટે કહ્યું છે, પણ પરિપક્વ નિશ્ચયવાળાને તો મહારાજ વિના કોઈ કર્તા નથી. તેને બીજે જવાનું કહ્યું નથી. ભૂંડો કાળ પણ બે પ્રકારનો છેઃ એક તો ભૂંડાનો સંગ તે ભૂંડો કાળ કહેવાય, બીજો દીર્ઘ રોગ આદિક ઉપદ્રવ હોય તે પણ ભૂંડો કાળ કહેવાય. તેમાં ભૂંડાનો સંગ તે રૂપી ભૂંડો કાળ હોય ત્યાં ન રહેવું, પણ મરવાના ભયે કરીને દીર્ઘ રોગ આદિથી ભાગવું નહિ; કેમ જે ભક્ત હોય તે તો મરવું મંગળ જાણે. મહારાજના ખરા ભક્ત હોય તે મહારાજ વિના ઔષધ, વૈદ, ચોઘડિયું, મુહૂર્ત આદિ કોઈને કર્તા ન જાણે તે છેલ્લા મુદ્દાની વાત છે. ક્રિયમાણ કરવું પડે તે કરવું, પણ તેનો ભાર રાખવો નહિ. તેમાં

મહારાજની મરજી હોય તો મટે એમ જાણીને કરવું, પણ ક્રિયમાણરૂપ ન થવું. એક મહારાજને જ કર્તા જાણવા. મહારાજ જે કરતા હોય તે સારું જ કરતા હોય તેની આપણને ખબર પડે નહિ.''

''મુક્તાનંદ સ્વામીના સાધુને પેટમાં અતિ દુઃખવા આવ્યું. ત્યારે બીજા સર્વે સંતોએ મુક્તાનંદ સ્વામીને કહ્યું કે, 'આટલી બધી પીડા આ સાધુને થાય છે તે મટાડે એમ મહારાજને કહોને.' ત્યારે સ્વામી કહે, 'મહારાજ! આ સંતને દુઃખ ખમાતું નથી.' ત્યારે મહારાજ કહે, 'ચાર જન્મની કસર છે તે ચાર દિવસમાં ભોગવાવવી છે. તે જો ચાર જન્મની કસર કોઈ લ્યો તો પેટમાં દુઃખતું તુરત મટાડીએ.' ત્યારે સ્વામીશ્રી કહે, 'મહારાજ! એમ હોય તો ભોગવાવો.' માટે મહારાજ જે કરતા હોય તે સારું જ કરતા હોય એમ સમજવું.''

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, ''ભગવાનના ભક્તનો અવગુણ લેવો તે મોટું પાપ છે. માટે સાધુ કે હરિભક્ત કોઈનો અવગુણ ન લેવો. સ્વામિનારાયણનું નામ લેતો હોય તેનો અવગુણ લઈએ તો આપણું ભૂંડું થાય. માટે સત્સંગમાં સૌના દાસ થઈ રહેવું. આ સભામાં કોઈનો વાંક હોય, અગર ન હોય તોપણ પંચ મળી વ્રત-ઉપવાસ કરવાનું કહે તો કરવું. જો નિર્માની થઈને કરે તો તેના ઉપર શ્રીજીમહારાજ રાજી રહે. વાંક હોય અને ન કરે તો તેને બહુ દોષ લાગે છે. વાંક ન હોય અને ન કરે તો સભાનું અપમાન કર્યું કહેવાય; માટે દોષ લાગે; તેથી નિર્માની થઈને પંચ કહે તેમ કરવું.''

વળી બીજી વાત કરી જે, ''સત્સંગમાં દેશ-વિદેશમાં ગામોગામ ફરીને મોટા એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ હોય તેને ઓળખવા ને તેમનો જોગ કરવો અને પોતાની ખોટ્યું હોય તે કાઢવી. જેમ દતાત્રેયે સર્પ, સમળીમાંથી ગુણ લીધો તેમ આપણે પણ સંત-હરિભક્તમાંથી ગુણ લેવો અને વૈરાગ્યનો તથા સુખ-દુઃખ સહન કરવાનો લક્ષ લેવો.''

તે ઉપર વાત કરી જે, "અમારે ત્યાં હરિભક્ત બે વાગે ઊઠીને નાહી પૂજા કરીને કામ કરવા મંડે છે. તેને ખાવાના પણ રોટલા હોય, છાસ-મરચું કોઈકને મળે ને કોઈકને ન મળે; તોપણ દાખડા કરીને પોતાનો નિર્વાહ કરે છે અને ઠાકોરજીની તથા સંતની સેવા કરે છે. આપણને તો તૈયાર જોઈએ તેવું મળે છે તો આપણે પણ બે વાગે ઊઠીને માળા, ધ્યાન, ભજન કરવું; પણ સૂઈ ન રહેવું." ॥૪૧॥

## વાર્તા ૪૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૩) રાત્રે સભામાં વાત કરી જે, "ભાગવતી તનુ આવે છે એટલે ભગવાનની મૂર્તિમાં રાખે છે એમ જાણવું. તે સારંગપુરના ૧૪મા વચનામૃતનો ભાવ છે અને મધ્ય પ્રકરણના ૬૬મા વચનામૃતમાં ભગવાનની ઈચ્છાએ કરીને ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે એમ કહ્યું છે. એ ચૈતન્ય પ્રકૃતિ એટલે મૂર્તિનું તેજ અને તેજ સ્વરૂપ થયેલા મુક્ત તે અહીં ચૈતન્ય પ્રકૃતિ જાણવી. તે ચૈતન્ય પ્રકૃતિનો દેહ બંધાય છે એટલે ચૈતન્ય પ્રકૃતિરૂપ થયો જે ભક્ત તે ભગવાનની ઈચ્છાથી સાકાર થાય છે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "અનાદિમુક્ત થાય છે તે કયા શબ્દથી જાણવું?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "'અતિ સ્નેહે કરીને ભગવાનને વિષે લીન થઈ જાય છે', 'એવા મુક્તને ભગવાન પોતા જેવો કરે છે', 'એ ભક્ત જેવા ભગવાનને જાણે છે તેવો થાય છે', 'આત્મસત્તાને પામ્યા પછી ભગવાનની કૃપાથી ભગવાનના તુલ્યપણાને પામે છે અને મૂર્તિને વિષે લીન થાય છે' એવા એવા શબ્દથી જાણવું. તે બ્રહ્માનંદ સ્વામીએ પણ કહ્યું છે કે, 'રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માંહી ભળી.' તે અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ જોડાઈ રહ્યા છે, મૂર્તિરૂપ છે; તોપણ સ્વામી-સેવકભાવ દૃઢ રહે છે. માટે મહારાજ અને મોટાને જેવા જાણશું તેવા થાશું."

પછી મધ્ય પ્રકરણનું ૧૩મું વચનામૃત વંચાતું હતું તેમાં રહસ્યની

વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "'મોટા મોટા હો તે આગળ બેસો' તે સાધનકાળનો તથા અવરભાવનો શબ્દ છે અને 'સર્વે સરખા જણાય છે' એમ કહ્યું તે સિદ્ધકાળમાં સરખા છે તે પરભાવનો શબ્દ છે. 'અમારા હૃદયમાં તેજ વ્યાપી રહ્યું છે તે તેજમાં મૂર્તિ દેખાય છે' તે સાધનકાળમાં પરમ એકાંતિક ભક્તની સ્થિતિ દેખાડી છે. પછી કહ્યું છે જે, 'અમે માતાના ઉદરમાં હતા તે દિવસ પણ મૂર્તિ દેખતા અને માતાના ઉદરમાં આવ્યા પહેલાં પણ દેખતા' તે સિદ્ધમુક્તની સ્થિતિ દેખાડી છે. સર્વે અવતાર પુરુષોત્તમમાં લીન થાય છે અને પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે તે અનાદિમુક્ત જાણવા. પુરુષોત્તમ ભગવાન રામકૃષ્ણાદિક રૂપે પ્રગટ થાય છે એટલે રામકૃષ્ણ તે મૂર્તિને પમાડનાર મુક્ત જાણવા. તે મુક્ત રૂપે સત્સંગમાં પ્રગટ થાય છે. મનુષ્યરૂપ અને પ્રતિમા તો એક જ છે તેથી 'અમે ત્યાં બેઠા થકા જ બોલીએ છીએ' ને 'તેજને વિષે જે મૂર્તિ છે, તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે' એમ કહ્યું છે તે પોતાનું સર્વોપરીપણું બતાવ્યું છે. 'આ વાર્તા યથાર્થ સમજાણી હોય ને કોઈક પ્રારબ્ધ કર્મે કરીને ઊંચ-નીચ દેહની પ્રાપ્તિ થાય' એમ કહ્યું છે તે આવું જ્ઞાન જેને થયું હોય તેનું પ્રારબ્ધ તો મહારાજ થયા કહેવાય, પણ જો ભૂંડા દેશકાળને લઈને વર્તમાનમાં ફેર પડે તો પ્રારબ્ધ પાછું વળગે છે. તેણે કરીને જન્મ લેવો પડે અને જ્ઞાન રહે તેણે કરીને પાછો ભગવાનને પામે."

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, "બાપા! તેજમાં મૂર્તિ ક્યારેક બેઠી દેખાય છે, ક્યારેક હરતી-ફરતી દેખાય છે અને ક્યારેક ઊભી દેખાય છે તે શું સમજવું?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મનુષ્યરૂપે પ્રત્યક્ષ વિચરતા હોય ત્યારે ક્યારેક બેઠા હોય, ક્યારેક ઊભા હોય, ક્યારેક ચાખડીઓ પહેરીને ચાલે, હરે-ફરે તેમ દેખાય તે અવરભાવની વાત છે. અમદાવાદના ૬ઠ્ઠા વચનામૃતમાં કહ્યું છે જે, 'ધામમાં બહુ પ્રકારના મહોલ છે, બહુ પ્રકારના ફુવારા છે અને બહુ પ્રકારના બાગ-બગીચા છે.' તે ત્યાં મહોલ

ચણવા કોણ ગયું હશે? એ શબ્દ અવરભાવના છે. માટે આ લોકને વિષે મહોલ, ગોખ, ઝરૂખા, બાગ-બગીચાને વિષે શ્રીજીમહારાજ બિરાજ્યા હોય તે કહ્યા છે. કેટલાક વચનામૃતમાં ભવ-બ્રહ્માદિક દેવ કહ્યા છે તે અક્ષર, મહાકાળ આદિકને કહ્યા છે એમ જાણવું. અમદાવાદના ૭મા વચનામૃતમાં અસંખ્ય કોટિ બીજી ભૂમિકાઓ કહી છે તે અક્ષરકોટિના સ્થાનકને કહી છે. વળી, 'અંતર્યામી જેવા કરવા છે' એમ કહ્યું છે તે અંતર્યામી એટલે પરભાવમાં મૂર્તિનું સુખ તથા મુક્ત આદિનું જાણપણું જાણવું તે; પણ માયાના કાર્યમાં અંતર્યામી તે ન જાણવું. એવી જ રીતે 'અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિકને કરે છે એવા કરવા છે' એમ કહ્યું તે પણ પરભાવમાં નિયમ ધરાવી સત્સંગ કરાવવો ને તેને શુદ્ધ એકાંતિક કરવો અને બધેથી લૂખો કરી મૂર્તિમાં જોડવો તે બ્રહ્માંડની ઉત્પત્ત્યાદિક કરે છે એમ જાણવું, તથા જીવને મૂર્તિના સુખમાં પહોંચાડે તેવા કરવા છે એમ જાણવું."

એમ કહીને પ્રસન્ન થકા સ્વામી ઈશ્વરચરણદાસજી સામું જોઈને બોલ્યા જે, "સ્વામી! તમો સંતોએ બહુ દયા કરી આવા દેશમાં અક્ષરધામ કરી દીધું છે. હરિભક્તોનાં હેત તો જુઓ! શ્રીજીમહારાજ આવાં હેત જોઈ વશ થઈ જાય તેવું છે. આવા હેતવાળા હરિભક્તોના મનોરથ મહારાજ પૂરા કરે જ."

"આ જોગ દુર્લભ છે, આવા મહારાજ ને તેમના અનાદિ આ સભામાં દર્શન દે તે કાંઈ થોડી-ઘણી વાત નથી. આ સભા દિવ્ય તેજોમય છે. આવું ટાણું વારેવારે ન આવે, આ ટાણે તો અમૃત લૂંટાય છે. આવા જોગમાં કોણ રહી જાય! આવી દિવ્ય સભાનાં સુખ કોણ મૂકી દે! કેવડા મહારાજ ને કેવડા મુક્ત! તે દયા કરી જીવને ઉદ્ધારવા આવ્યા. આવો સમાજ અનંત કોટિ બ્રહ્માંડમાં ક્યાંય નથી; એક મહારાજને ઘેર છે. એ મૂર્તિ આપણને મળી છે. આવા જોગમાં રહી ન જવું. આ સભાને દિવ્ય જાણે તેને કાંઈ કસર ન રહે. મૂર્તિમાંથી તેજના ફુવારા છૂટે છે; અનંત મુક્ત સુખમાં રમૂજો કરે છે. સળંગ રહ્યા થકા સુખ ભોગવે છે. આવી

પ્રાપ્તિ તો એક મહાપ્રભુની કૃપાથી જ થાય, સાધન બિચારાં ક્યાં સુધી પહોંચે! આજ તો મહારાજ અઢળક ઢળ્યા છે એટલે ગામમાં વન (મંદિર) કરી દીધાં છે ને આવા સંત તેમાં રાખ્યા છે. તે રાત ને દિવસ મૂર્તિના સુખની વાતો કરે છે. એ સુખના જ ભોગી છે. ઘેર ઘેર ફરીને અનંત જીવના ઉદ્ધાર કરે છે તે મહારાજના સંકલ્પે સંકલ્પ. 'અનંત જીવ ઉદ્ધારવાને આવિયા રે લોલ બ્રહ્મમોલ વાસી હરિરાય.' એવી એમની અપાર દયા છે." ||૪૨||

## વાર્તા ૪૩

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૪ને દિવસે સવારે પૂજા કર્યા પછી બાપાશ્રી સંત હરિભક્ત સર્વેને મળ્યા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, "સ્વામી! આ મળવું બહુ મોંઘું છે. આ તો અક્ષરધામમાં અનંત મુક્તે સહિત શ્રીજીમહારાજની પૂજાઓ થાય છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ એવી આ દિવ્ય અલૌકિક સભા છે. આ સભાનો વાયરો જેને અડે તેનાં અનંત જન્મનાં પાપ બળી જાય છે. આ તો બહુ જબરી પ્રાપ્તિ થઈ છે. આવા મહારાજ, આવા તેમના અનાદિ, આવી દિવ્ય સભા અને આ વાતો સંભારજો; પણ ભૂલશો નહિ. આ બધુંય દિવ્ય છે તે જો અંત સમે સાંભરી આવે તો નિશ્ચે આત્યંતિક કલ્યાણ થાય. આપણે તો અહોનિશ મહારાજની મૂર્તિનું ધ્યાન કરવું ને મૂર્તિમાં જોડાવું; ત્યારે મૂર્તિનું સુખ આવે, પણ પાત્ર થયા વિના એ સુખ ન આવે. માટે પાત્ર થાવું."

પછી એમ બોલ્યા જે, "મહારાજ ને મોટા મુક્ત ખરેખરા ક્યારે મળ્યા કહેવાય? તો માન, મોટપ, રસાસ્વાદ એ આદિક સર્વે દોષ મૂકીને મૂર્તિમાં જોડાઈ જાય ત્યારે મળ્યા કહેવાય અને મોટાનો જોગ પણ ત્યારે થયો કહેવાય. મોટાનો જોગ કરીને બાળકિયા સ્વભાવ મૂકવા જોશે ને મહારાજની આજ્ઞા બરાબર પાળવી જોશે. ત્યાગીને અધર્મી શિષ્ય હોય તો શિષ્યનો ત્યાગ કરવો અને ગૃહસ્થને અધર્મી દીકરો હોય તો તે

દીકરાનો ત્યાગ કરવો, પણ આજ્ઞામાં ફેર પાડવો નહિ.''

''ત્યાગીને જડ માયા જે દ્રવ્ય અને ચૈતન્ય માયા જે સ્ત્રી તેનો ક્યારેય જોગ થાવા દેવો નહિ. જો જોગ થાય તો કાળો સર્પ વળગ્યો જાણવો. તે જેમ સર્પ વળગીને પ્રાણ લે તેમ તે કલ્યાણના માર્ગથી પાડે. ગૃહસ્થને પણ તેવા સાધુનો ત્યાગ કરવો. સ્ત્રી-દ્રવ્યનો જોગ રાખતા હોય તેનો સંગ ક્યારેય ન કરવો. જીવના સ્વભાવ એવા છે જે શત્રુની વહારે ચડે. જેણે પોતાની લાજ લીધી હોય, કેદમાં નાંખ્યો હોય, માર્યો હોય ને તે શત્રુને કોઈક મારે ત્યારે કહેશે જે, 'એને મારશો નહિ' અને તેનો પક્ષ લે. માટે સંત અંતરશત્રુને ખોદે ત્યારે શત્રુની વહારે ચડવું નહિ. આ લોકમાંથી ને આ દેહમાંથી લૂખા થાવું.''

''પંચભૂતનો દેહ તો હાડકાની મેડી છે, તેને માંસનું લીંપણ કર્યું છે, ચર્મનો કળિચૂનો દીધો છે, માંહી પરુ, પાચ, રુધિર, વિષ્ટા આદિ મળ ભર્યા છે; અને કામ, ક્રોધ, લોભ, માન, મોહ, રસાસ્વાદ, ઈર્ષ્યા, અહંકાર આદિક દોષરૂપી જાળું છે. જીવ તેવા દેહને મોહે કરીને સારો માને છે, પણ તેમાં સારું શું છે? સારું કાંઈ નથી. તે દેહને રાજી કરવા સારુ જીવ નાના પ્રકારની તૃષ્ણા કરે છે, તે તૃષ્ણાનો પાર આવે તેમ નથી.''

''સંતને પેટી, આસન, પૂજા, પ્રસાદીનાં પગલાં તે સર્વેની તૃષ્ણા મેલવી; નહિ તો લાજ ખોવરાવે. મન તો હરામજાદું છે. 'ઝટકી ઝટકી જાત હે, લટકી લટકી વિષય ફળ ખાત.' તે મૂર્તિમાંથી ઝટકી ઝટકીને ક્યાંય જાતું રહે છે અને લટકી લટકી વિષયરૂપી ફળ ખાય છે; માટે મનને પાછું વાળી મૂર્તિમાં જોડવું. તે મધ્ય પ્રકરણના ૨૩મા વચનામૃતમાં મહારાજે કહ્યું છે જે, 'સારા-નરસા વિષયના જોગે કરીને જેનું મન ટાઢું-ઊનું ન થાય તેને પરમ ભાગવત સંત જાણવા.' તે સંત કોને કહીએ? તો જે શાંતિ કરે તે સંત કહેવાય, કલ્યાણ કરે તે સંત કહેવાય, અંત સમે તેડવા આવે તે સંત કહેવાય; તેવા સંત થાવું.''

“આ લોકના રાગ મેલવા. તે અમારાં છોકરાં કહે જે, ‘બાપા! તમારા સારુ ખાવા-પીવાનું આ કરીએ, તે કરીએ.’ ત્યારે હું કહું જે, ‘આ મને ગરમી કરે, આ ટાઢું પડે, આ વાયુ કરે’ એમ કહીને ત્યાગ કરી દઈએ અને બાજરાનો રોટલો ને મઠની ખીચડી તે વિના ફરે જ નહિ. તે અમારે કોઠીમાં બાજરો ભરે તોપણ આનંદ, જુવાર ભરે તોપણ આનંદ; ઘી, ગોળ, ઘઉં ભરે તોપણ સરખો આનંદ. તેમ કોઠી જેવો દેહ કરી મેલવો.”

“જે મૂર્તિમાં રસબસ જોડાઈ જાય તેને મૂર્તિ વિના બીજું સર્વે સુખ તૃણ જેવું થઈ જાય છે. આપણે કઈ વસ્તુ પામવી છે? તો શ્રીજીમહારાજ પામવા છે. માટે બીજામાંથી ટૂંકું કરવું જોશે, જરૂર કરવું જોશે; તે વગર છૂટકો નથી. આપણને મહારાજ કેવડા મળ્યા છે તે વિચારવું. જેમ મોટા ચક્રવર્તી રાજાને આ ગરીબ છે કે શાહુકાર છે તેવું કાંઈ નજરમાં નથી, માટે જોતા નથી; તેવી રીતે મહારાજનો ને મોટાનો મહિમા સમજાય તો પંચવિષય, દેહાભિમાન, કાંઈ જણાય નહિ ને મૂર્તિની સન્મુખ ચાલ્યા જાય.”

“માટે કહેનારા સારા છે, જોગ સારો છે તેથી પોતાનું પૂરું કરી લેવું; જરૂર પૂરું કરી લેવું. આ જીવ છે તે માયાનો લહરકો લેવા જાય છે એટલામાં મહારાજને ભૂલી જાય છે. માયા ત્યાગ કરી બેઠા હોય, પણ જો અંતરમાં ઘાટ-સંકલ્પ રહે તો સુખ ન થાય ને સામું દુઃખ થાય. માટે ઘાટ-સંકલ્પ મૂકી મૂર્તિમાં વૃત્તિ રાખવી. જીવમાંથી માયાનો રાગ કાઢી નાખવો અને જે માયાને તર્યા હોય ને મહાકાળ-અક્ષરથી પર એકાંતિક કે પરમ એકાંતિક તથા અનાદિ હોય તેનો સંગ કરવો, પણ માયામાં બંધાયેલા હોય તેનો સંગ ન કરવો; તો જ સુખ થાય. શ્રીજીમહારાજ ને મોટા અનાદિ તો જેવા ધામમાં છે તેવા ને તેવા જ અહીં દિવ્ય છે. મનુષ્યભાવ તો પોતાના સંકલ્પ માત્રે કરીને દેખાડે છે. જેના સારુ મૂંડાવ્યું છે, જે જોઈએ છે તે જ પ્રત્યક્ષ મહારાજ અને મોટા મળ્યા છે. આ પ્રાપ્તિ બહુ જ મોટી છે, અતિ બહુ મોટી છે. કયા

સ્થાનમાં બેઠા છીએ? કોનો જોગ થયો છે? તો અનાદિમુક્ત અને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ તે સાક્ષાત્ મળ્યા છે.'' એટલી વાત કરીને સંત-હરિભક્તોને દ્રાક્ષ તથા કાજુની પ્રસાદી આપી. ॥૪૩॥

## વાર્તા ૪૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૪) સવારે સભામાં કથા વંચાઈ રહ્યા પછી બાપાશ્રી બોલ્યા જે, ''આ મહારાજની મૂર્તિ (પ્રતિમા રૂપે) છે તે દિવ્ય અક્ષરધામમાં છે તે જાણવી. 'આ સભા દિવ્ય અક્ષરધામની છે. તે જો અમે ખોટું કહેતા હોઈએ તો અમને નરનારાયણના સમ છે' એમ મહારાજે સમ ખાધા છે. આ સભા અનાદિમુક્તની છે. આ સભામાં પ્રત્યક્ષ મહારાજ બિરાજે છે. તે જો અમે ખોટું કહેતા હોઈએ તો અમને ભાર છે. એ બે વાતો દૃઢ કરવી જોશે. એ બે વાતો દૃઢ થઈ તો અતંર્વૃત્તિ થઈ જાણવી. જો એ બે વાતો સિદ્ધ થાય તો ખરેખરો એકાંતિક થાય.''

''તે એકાંતિક કેને કહીએ? તો આંખે આંધળો થાય, કાને બહેરો થાય, ત્વચા, રસના આદિના સર્વે વિષયે રહિત થયો ને માંહી રાગ ન રહે તે એકાંતિક કહેવાય, તે કૃપાનો પાત્ર થયો. પછી પરબ્રહ્મ પરમાત્મા ભગવાનને આત્મામાં પધરાવે ત્યારે પરમ એકાંતિક થાય છે, તે ખરી કૃપાનો પાત્ર થયો. પછી મહારાજ તેના ઉપર પૂર્ણ દયા કરે ત્યારે અનુભવજ્ઞાન મૂર્તિમાંથી છૂટે છે તે અનુભવજ્ઞાન ભક્તને મૂર્તિમાં ખેંચે છે ને મૂર્તિમાં જોડી દે છે ત્યારે અનાદિમુક્ત થાય છે.''

''સાધનકાળમાં પણ મોટાની કૃપા હોય તો જ સિદ્ધ થવાય છે. મોટાની સહાયતા વિના કાંઈ થાય નહિ. ઈંદ્રથી લઈને અક્ષર સુધી સાધન છે; અક્ષરથી પર એકાંતિક, પરમ એકાંતિક થાય ત્યારે કૃપા થાય. પછી કૃપાથી મૂર્તિના સુખમાં પહોંચાય છે. એ સારુ મોટા અનાદિ સાથે દૃઢ આત્મબુદ્ધિ કરવી. જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી કરવી. મહારાજ અને મોટાની આજ્ઞા બરાબર પાળવી, ઉપાસના પરિપક્વ

સમજવી, મૂર્તિમાં ધ્યાને કરીને જોડાવું. તે જો પ્રત્યક્ષ મહારાજની મૂર્તિ પધરાવીને પ્રદક્ષિણા કરે તો અનંત બ્રહ્માંડ, અનંત અક્ષર, અનંત પાર્ષદ ને દિવ્ય સભા તે સર્વે આવી જાય છે.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''બાપા! અનુભવજ્ઞાન મૂર્તિમાં ખેંચે છે તે અનુભવજ્ઞાન કોને કહીએ?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં ખેંચે છે, મૂર્તિનું પ્રમાણ કરે છે, મૂર્તિના સુખનું પ્રમાણ કરે છે અને મૂર્તિમાં જોડાવે છે તે અનુભવજ્ઞાન કહેવાય. અને એમ જાણે જે, 'આ ગોપાળાનંદ સ્વામી, આ મુક્તાનંદ સ્વામી, આ બ્રહ્માનંદ સ્વામી, આ દાદા ખાચર, આ પર્વતભાઈ' એવી રીતે જાણપણું રહે તે અનુભવજ્ઞાનથી રહે છે.''

પછી મધ્ય પ્રકરણનું ૪૭મું વચનામૃત વંચાતું હતું. તેમાં આવ્યું જે, 'આ રોગે સારું સારું ખાવાનું ખંડન કરી નાખ્યું તે મુમુક્ષુ હોય તેને એમ જણાય જે આ ક્ષયરોગ રૂપે મોટા પુરુષનો સમાગમ થયો.' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ભગવાનના ભક્તને રોગ થાય તો મોટાનો સમાગમ મળ્યો જાણી તેમાં દુઃખ માનવું નહિ.'' ત્યારે પુરાણી હરિપ્રસાદદાસજીએ પૂછ્યું જે, ''રોગ સમાગમમાં વિઘ્ન કરતો હોય તો કેમ કરવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં અને સંતમાં હેત રાખવું. મૂર્તિમાં હેત હોય તો હજાર ગાઉ છેટે હોય કે લાખ ગાઉ છેટે હોય તોપણ મહારાજ ને મોટા પાસે જ છે. અને ખરું હેત હોય તો જળમાં, અગ્નિમાં ગમે તે ઠેકાણે હોય તોપણ મહારાજ તથા મોટા ભેગા રહે, દર્શન આપે અને રક્ષા કરે. જેમ કૈવલ્યાનંદ સ્વામીને જળમાં દર્શન દીધાં અને રક્ષા કરી તથા જેમ મામૈયા ભક્તે 'હે સ્વામિનારાયણ બાપા!' એમ હેતથી સંભાર્યા તે વખતે મહારાજે દર્શન આપ્યાં, એમ હેતથી સંભારે તો મહારાજ સાથે રહે. આવી દિવ્ય સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, મંદમંદ જુએ છે, મંદમંદ હસે છે, મંદમંદ બોલે છે, મંદમંદ

પ્રસાદી આપે છે; પણ જેને દિવ્ય દૃષ્ટિ થાય તે દેખે."

પછી લાલુભાઈએ પૂછ્યું જે, "અનાદિમુક્ત દ્વારે શ્રીજીમહારાજ સુખ આપે છે એમ કહેવાય છે તે શું સમજવું?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અનાદિ તો મૂર્તિરૂપ છે, દ્વાર તો બીજા સાધનિક ભક્તને સમજાવવા કહેવાય, પણ અનાદિ તો મૂર્તિસ્વરૂપ છે, મૂર્તિથી જુદા નથી; તોપણ દાતા-ભોક્તા અને સ્વામી-સેવકપણું દૃઢ રહે છે."

"તેમની સાથે ભાષણ કરીએ છીએ, તે સભામાં બેઠા છીએ એ કેવી મોટી પ્રાપ્તિ છે! અક્ષર છે તે તો પોતાની જુદી સભા કરીને બેઠા છે. અક્ષરમાં જાવું છે એમ જે કહે છે તે પણ આ સુખમાં રહી ગયા! રહી ગયા! રહી ગયા! આ સુખ તો બહુ જબરું છે, સુખના ઢગલે ઢગલા છે. તે સુખ અત્યારે જીરવાય નહિ. તેવો પાત્ર થાય ત્યારે તે સુખ ભોગવાય. તે સુખ જ્ઞાને કરીને ઓળખાય ત્યારે અહોહો થાય. દીવાના-મસ્તાના થઈ જવાય. તે સુખ મહારાજને કહીને તમને અપાવશું. શ્રીજીમહારાજ અમારું નહિ માને? માનશે, જરૂર માનશે જ.

"મહારાજે જય સચ્ચિદાનંદ કહ્યા તે શું? તો પોતાના વહાલા અનાદિમુક્તને સંભાર્યા. આ સંત છે તે પરભાવમાં અવતાર છે અને અવરભાવમાં સંત છે. તેથી એમ જાણવું જે શ્રીજીમહારાજ અને મોટાને લઈને આપણી મોટપ છે; માટે કોઈ પ્રકારનું માન આવવા દેવું નહિ. માન છે તે સર્વે સાધનમાં આગળ પડે છે. જેમ રાજા જતો હોય તેની આગળ ઘોડેસ્વાર દોડ્યો જાય, તેમ માન છે તે સર્વે સાધનમાં આગળ પડે છે. પણ મહારાજ અને અનાદિની આગળ આ સાધનિક શી ગણતરીમાં છે? કાંઈ નથી."

"હજારો સાધનિક સંત હોય તે અનાદિમુક્તની તુલ્ય થાય નહિ. તે એકાંતિક, પરમ એકાંતિક, ઉપશમ અવસ્થાવાળા અને નિરાવરણ દૃષ્ટિવાળા સ્વતંત્રપણે તેડવા જાય એવા સત્સંગમાં હોય, પણ અનાદિમુક્તની વાત તો અલૌકિક છે. તે તો મૂર્તિમાં રસબસ રહ્યા થકા

શ્રીજીમહારાજના સંકલ્પે કરીને દેખાય છે. એવા મહા અનાદિમુક્ત તો બહુ ચમત્કારી તથા પ્રતાપી હોય.''

તે પર વાત કરી જે, ''સદ્‌ગુરુશ્રી ગોપાળાનંદ સ્વામી જ્યારે પૂર્વાશ્રમમાં હતા, ત્યારે એક વખત મહારાજનાં દર્શને જેતલપુર આવ્યા. ત્યાં મહારાજનાં દર્શન કર્યાં તે સમે મહારાજે પણ ખુશાલભાઈને બહુ હેત જણાવીને અત્યંત સુખ આપ્યું. પછી મહારાજ વારે વારે એમ કહે જે, 'આ તો બહુ મોટા મુક્ત છે.' એવામાં દામોદરભાઈ શ્રીજીમહારાજને થાળ જમવા બોલાવવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે ગંગામાને પૂછો કે અમે એકલા આવીએ કે મંડળે સહિત આવીએ?' ત્યારે દામોદરભાઈએ ગંગામા પાસે આવીને મહારાજે કહ્યું હતું તેમ સર્વે વાત કરી. ત્યારે ગંગામાએ કહાવ્યું જે, 'મહારાજ! થાળ તમારા સારુ કર્યો છે તે તમે સર્વે જાણો છો. માટે તમારી મરજી હોય તેમ કરો.'''

''પછી મહારાજ મંડળે સહિત જમવા ચાલ્યા, તે મહારાજ અને ખુશાલભાઈ બંને હાથ ઝાલીને આગળ ચાલ્યા આવે. ત્યાં વાટમાં એક ખાલી કૂવો આવ્યો તેમાં કેટલાક ભૂત કળાહોળ કરતાં હતાં, ત્યારે મહારાજ કહે કે, 'જુઓ તો ખરા! આ શું થાય છે?' એમ કહીને મહારાજ તથા ખુશાલભાઈ (ગોપાળાનંદ સ્વામી)એ કાંઠા ઉપર ઊભા રહીને તેના સામી કૃપાદૃષ્ટિ કરી અને સ્વામીશ્રીએ તે સર્વે ભૂતનો મહારાજની ઇચ્છાએ કરીને મોક્ષ કર્યો.''

''પછી ત્યાંથી ઘેર પધાર્યા. મહારાજ તો ખુશાલભાઈ ઉપર વારે વારે બહુ હેત જણાવે. પછી ગંગામાને મહારાજે કહ્યું જે, 'તમે આમને ઓળખો છો?' ત્યારે ગંગામાએ કહ્યું જે, 'ના, મહારાજ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'આ તો બહુ મોટા છે.' પછી ગંગામા પણ મહારાજ તથા ખુશાલભાઈના સામું બહુ જ જોઈ રહ્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, 'હવે જમવા સારુ જે થાળ કર્યો હોય તે બહાર લાવો.' એમ કહીને

મહારાજે સંતને પંક્તિ કરવાની આજ્ઞા આપી એથી પંક્તિ થઈ. પછી મહારાજ પોતે પીરસવા ઊઠ્યા. ગંગામાએ જે થાળ બહાર મૂક્યો તેમાંથી મહારાજે બે ભાગ કર્યા, તે અર્ધો ભાગ લઈને મહારાજે ખુશાલભાઈને કહ્યું જે, 'આવો! આ પંક્તિમાં પીરસો.' ત્યારે મહારાજની આજ્ઞાથી ખુશાલભાઈ થાળ લઈને પંક્તિમાં પીરસવા મંડ્યા તે અડધા થાળમાં સર્વે સંતને બે-ત્રણ વાર પંક્તિમાં ફરીને ખૂબ જમાડ્યા. આવો એમનો પ્રતાપ જોઈને ગંગામાને બહુ જ આશ્ચર્ય થયું."

"પછી મહારાજ અને ખુશાલભાઈ બેય ભેળા જમવા બેઠા તે જમતાં જમતાં મહારાજ તેમના ઉપર બહુ હેત જણાવે. તે ગંગામા પણ સામું જોઈ રહ્યાં જે, 'આ તે કોણ છે! નવા છે પણ ચમત્કારી બહુ જ છે.' તે સમે મહારાજ તથા ખુશાલભાઈ બંનેની મૂર્તિમાંથી ઝળેળાટ તેજના સમૂહ નીકળવા મંડ્યા, તે બેય રૂપ મહારાજ જેવાં જ દેખાણાં. એ જોઈને ગંગામા તો બહુ જ આશ્ચર્ય પામ્યાં જે આ બેમાં મહારાજ કોણ? પછી થોડી વાર તેવાં દર્શન દઈને મહારાજે તેજ સમાવી પ્રથમના જેવું રૂપ ધારણ કરી દર્શન દીધાં."

"એમ મહારાજ અને અનાદિમુક્ત જુદા નથી. તે અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા થકા સેવકભાવે સુખ ભોગવે છે. માટે મહિમા સમજવો. ને સુખ તો મૂર્તિમાં જ છે તે જોડાવાય તો સુખિયું થવાય, માટે રસબસ રહેવું. જીવને કાર્યમાં બહુ તાન છે, પણ કારણ મૂર્તિ વિના કારણ શરીર ટળે નહિ. માટે ધ્યાન-ભજનનો આગ્રહ રાખવો. મંદવાડમાં જેમ તણાઈ જવાય છે તેમ સર્વે ક્રિયામાં મહારાજમાં વૃત્તિ રાખવી અને આવા અનાદિમુક્તને વિષે હેત ને વિશ્વાસ રાખી મહિમા સમજવો. તે જો હેત અને વિશ્વાસ હોય તો બહુ કામ થાય અને મૂર્તિને સુખે સુખિયું થઈ જવાય."

બપોરે મેડા ઉપર આસને સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે, "બાપા! તમારો દાખડો ઘણો છે." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સ્વામી!

મહારાજે અનંત મનવારો ભરવાનું ધાર્યું છે. એમના મુક્તનું પણ એ જ કામ છે. એ તો સંકલ્પ માત્રમાં અનેક જીવને મૂર્તિના સુખમાં મૂકી સુખિયા કરી દે. એને દાખડો શું પડે! આ સમે મહારાજે કલ્યાણનું બહુ સુગમ કર્યું છે. આગળ તો રાફડા થઈ જતા તોય કલ્યાણનું કાચું અને આજ તો નાના નાના સત્સંગીના દીકરા પણ મૂર્તિના સુખની વાતો કરે છે. આ બધો પ્રતાપ શ્રીજીમહારાજનો ને તેમના અનાદિ મહામુક્તનો છે. મુક્ત તો મૂર્તિથી જુદા રહેતા જ નથી. તેથી જેમ મહારાજ કલ્યાણકારી તેમ એ પણ એવા જ.

“આ સમય બહુ ભારે આવી ગયો. જુઓને! આ દેશમાં અક્ષરધામ જેવું મંદિર! શ્રીજીમહારાજનો પ્રતાપ તો બહુ જબરો! ગામોગામ મોક્ષના દરવાજા ઉઘાડા મેલ્યા છે. કોઈ આવો! કોઈ આવો! ‘જેને જોઈએ તે આવો મોક્ષ માગવા, આજ ધર્મવંશીને દ્વાર.’ આવો ઉત્તમ અવસર મળ્યો છે, એમ જાણી પોતાનું પૂરું કરી લેવું.”

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, “ભગવાનના મળેલા કોને કહીએ? તો જેને માનસી પૂજા કરતાં, ધ્યાન કરતાં, મૂર્તિમાંથી પાછા ખેંચવા પડે તેવી રીતે મૂર્તિમાં જોડાઈ જાય તે મળેલા કહેવાય અને સેવામાંથી પાછા વાળવા પડે તેમ સેવામાં જોડાય તે મળેલા કહેવાય.

“આ પ્રત્યક્ષ ભગવાનને પૂજેલાં પુષ્પ પણ આત્યંતિક કલ્યાણ કરે; માટે અતિ હેતે કરીને ભગવાનનું ધ્યાન કરવું, કથા-વાર્તા કરવી ને સાંભળવી, કીર્તન બોલવાં ને શીખવાં. તે મને અગિયારસો ચોસર કીર્તન કંઠે આવડતાં હતાં, તે બીજા કીર્તનિયા સાથે કીર્તન બોલીએ અને કીર્તનની ઝૂક મચાવીએ. મંદિરમાં કીર્તન બોલીએ, વાડીમાં બોલીએ. અત્યારે પણ કેટલાક છોકરાઓને એ નોરે ચડાવ્યા છે. તે મંદિરમાં આવીને કીર્તન બોલે ને કથા થઈ રહે ત્યારે વળી બોલે અને પછી છેલ્લી બાકી પણ બોલે; એમ ત્રણ-ચાર થોકે કીર્તન બોલાવીએ. માટે કીર્તન બોલવા-શીખવામાં મહારાજ અને મોટા રાજી થાય.” ॥૪૪॥

# વાર્તા ૪૫

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૪) રાત્રે સભામાં લોયાનું ૧૦મું વચનામૃત વંચાતું હતું. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, “બાપા! આ વચનામૃતમાં કહ્યું છે જે પરમાત્મા છે તે તો સર્વાત્મા બ્રહ્મના આત્મા છે અને અક્ષરના પણ આત્મા છે તે કોને જાણવા?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આ ઠેકાણે સર્વાત્મા બ્રહ્મ અનાદિમુક્તને જાણવા, અક્ષર તે મૂર્તિના તેજરૂપ ધામને જાણવું, મુક્ત તે પરમ એકાંતિકને જાણવા અને મહારાજ તે સર્વના આત્મા છે એટલે મૂર્તિમાન થકા આધાર છે અને સુખદાતા છે એમ સમજવું. આ પરભાવનો અર્થ છે.”

પછી સ્વામીએ પૂછ્યું જે, “એક તો આત્માને વિષે તેજોમય મૂર્તિ દેખે છે અને એકને તો અનંત કોટિ બ્રહ્માંડના જીવ-ઈશ્વરો મળીને નિશ્ચયમાંથી ડગાવી શકે નહિ એવા દિવ્યભાવે સહિત મનુષ્યરૂપે ભગવાન વિચરતા હોય તે મૂર્તિને દિવ્ય જાણે તે બેને સરખા જાણવા કે કેમ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “જો બરાબર જાણે તો બેય સરખા, પણ જો બરાબર ન જાણે તો એને કુસંગનો જોગ થાય તો ધક્કો લાગે તેથી મહારાજને મૂકીને પરા જાતું રહેવાય.”

“આ લોકનાં સગાં-સંબંધી, નાતજાતમાં, ક્યાંય હેત રાખવું નહિ. એક મૂર્તિમાં જોડાઈ જવું એ સાધન કર્યા વિના પાર ન આવે, તે આવા મોટાનો જોગ કરતાં સમજાય– જો સત્સંગમાં ટકાય તો. અખંડ વૃત્તિ જોડીને અખંડ મહારાજના સ્વરૂપમાં જોડાઈ જાવું, એ તો બહુ જબરી વાત છે. આજ પ્રત્યક્ષ શ્રીજીમહારાજ સત્સંગમાં બિરાજે છે, તેમને મળેલાનો જોગ-સમાગમ કરવો. કથા-વાર્તા, રમવું-જમવું વગેરે કરવું, પણ જડ માયામાં લેવાઈને એમના જોગથી જુદા ન પડવું. આજ મોટા મુક્ત મૂર્તિમાં રમ્યા કરે છે. એ જોગ ને એ ટાણું મળ્યું છે,

કહેનારા સારા છે, આવા કોઈને મળે નહિ. જેવા મહારાજ અને મુક્તને જાણશો તેવા થાશો. એકલાં સાધન ઉપર તાન ન રાખવું. રસનામાં અને રસિક માર્ગમાં વૃત્તિ તણાઈ જાય તે સાચવવું. મોટાની વૃત્તિ તો શ્રીજીમહારાજ વિના બીજે હોય જ નહિ, પણ અજ્ઞાની અને વિષયી જીવ એવા મોટાને પણ ઓળખે નહિ તેથી પોતા જેવા ભાવ પરઠે. માટે મોટા મુક્તને વિષે સદાય દિવ્યભાવ રાખવો. અક્ષરપર્યંત તો સર્વે ખોટું છે તેને ખોટું જાણીને શ્રીજીમહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન થાય તો સાક્ષાત્ મૂર્તિમાંથી તેજ ઝળળળ ઝળળળ નીકળે છે તે દેખાય અને મૂર્તિમાં લઈ જાય. આજ મોટા અનાદિ જીવને લેવા આવ્યા છે તેમનાં દર્શન થાય, દૃષ્ટિ પડે, વાયુ ભૂટકાઈને અડે તેનાં કલ્યાણ થાય છે.''

પછી એમ બોલ્યા જે, ‘‘સિદ્ધિઓ પરિપક્વ નિશ્ચયવાળાને મળે. તે પરિપક્વ નિશ્ચયવાળો કયો? તો કોઠાર, ભંડાર, મહંતાઈ ચલાવે તે નહિ. સ્વામી નિર્ગુણદાસજી આવે કે સાકરનાં અને ધોતિયાનાં ગાડાં ભરાઈ જાય તે કોઠારમાં નાખતા અને સંતના મંડળને વહેંચી આપતા. હવે તો કેટલાક પટારા ભરે છે ને જડમાં લોભાઈ જાય છે. જડ-ચૈતન્યના તો હરામ ખાવા જોઈએ. કોઈ ઝેર પીએ? જડ-ચૈતન્ય તો ઝેર જેવાં છે. આપણે તે ગરવા ન દેવું! ન દેવું! એ સામી દૃષ્ટિ જ ન કરવી. ચીંથરા ભેળાં ન કરવાં. ચીંથરાં ભેળાં કરી રાખે ને આજ્ઞા પ્રમાણે વર્તે નહિ તે ચીંથરા ભેળાં કર્યાં કહેવાય. એ ભેળાં નહિ આવે. માલપુવા, બિરંજ, કેરીની રસોઈ દે છે તે સિદ્ધિઓ પરિપક્વ નિશ્ચયવાળાને આવે છે તેમાં લોભાવું નહિ.

‘‘બાળકિયા સ્વભાવ ન રાખવા અને ન કરવા. મૂર્તિ બહાર નીકળવું નહિ અને વૈભવમાં હાથ ન ઘાલવા. એણે તો મોટા મોટાને વગોવી નાખ્યા છે. મહિમા જાણીને જે આવો જોગ કર્યા કરે છે તે સુખિયા થશે. ખરેખરા વાદી હોય તેને નાગ ન ચડે, તેમ ખરેખરા હોય તે જડ-ચૈતન્યમાં ન લેવાય. પોતાના જાણીને કહીએ છીએ. ગૃહસ્થ સગાં-સંબંધી માટે કરે છે તોપણ જાણે છે જે એ ખોટું છે. અમારે તો

સાચા સગા આ સંત છે, પણ બીજા નથી; તે ત્રણે અવસ્થામાં મૂર્તિમાં રહેતા હશે એ જાણતા હશે.''

પછી વાત કરી જે, ''આજ્ઞા લોપતો હોય તેની વાત વાચ્યાર્થ હોય, તે સાંભળનારાની બુદ્ધિ ભ્રષ્ટ કરી નાખે. અને તે હલકારો બહુ કરતો હોય, પણ જે મૂર્તિમાં રહીને બોલતા હોય તે તો મૂર્તિમાં રહીને ધીમું ધીમું બોલે, પણ ધડાકા ન કરે; એની વાતોથી સમાસ બહુ થાય.'' એમ વાત કરતાં થકા હીરાભાઈ તથા સાંવલદાસભાઈ સામું જોઈને બોલ્યા જે, ''તમે બ્રહ્મયજ્ઞ સારો કર્યો. વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાની પારાયણ કરાવી તેમાં વક્તા સારા લાવ્યા. સદ્‌ગુરુ બેય મૂર્તિના સુખભોક્તા. તે વચનામૃત વાંચવા માંડે છે ત્યારે સુખના ફુવારા છૂટે છે ને વચન બધાંય મૂર્તિમાન થઈ જાય છે. આ તો પ્રગટ શાસ્ત્ર, પ્રગટ મહારાજ, પ્રગટ સંત, પ્રગટ સભા, કલ્યાણ પણ પ્રગટ.'' પછી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, ''તમે પ્રગટ પ્રતાપ બહુ જણાવ્યો.'' એમ કહીને અતિ પ્રસન્નતા જણાવી. ॥૪૫॥

## વાર્તા ૪૬

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૫ને રોજ સવારે મેડા ઉપર પૂજા કર્યા પછી બાપાશ્રીએ ઠાકોરજીને જમાડેલી લીલી દ્રાક્ષ સંત-હરિભક્તોને વહેંચી. લાલુભાઈને પ્રસાદી આપતાં રમૂજે યુક્ત વચન સિંધી ભાષામાં બોલ્યા જે, ''લાલુભાઈ! હી પ્રસાદી કેડી આહે?'' ત્યારે લાલુભાઈ કહે, ''બાપા! હી પ્રસાદી અક્ષરધામજી આહે.''

તે વખતે સંતો સામું જોઈને બોલ્યા જે, ''જુઓ તો ખરા! આ બાપડા કેવા વિશ્વાસી! બે દાણા પ્રસાદી જડે તોય સૌને ઘરમાં આપે ને કહે જે, 'આ પ્રસાદી અહીંની નથી, અક્ષરધામની છે.' આવો દિવ્યભાવ; કેમ જે મહારાજ અને અનંત કોટિ મુક્ત જમ્યા પછી એ વસ્તુ દિવ્ય થઈ ગઈ. સત્સંગમાં કેટલાક ઝાઝાં વર્ષ થયાં કુટાતા હોય, પણ મહારાજ તથા મોટા મુક્તનો મહિમા હાથ આવ્યો ન હોય તે આવી

વાત જાણી ન શકે. આ દ્રાક્ષમાં રસ ભર્યો છે તેમ આવા દિવ્યભાવમાં પણ નકરો રસ છે. મહારાજનો સાક્ષાત્કાર થયો તેને તો બધુંય દિવ્ય થઈ ગયું. જવું-આવવું ક્યાંય ન રહ્યું.''

'રસરૂપ મૂર્તિ રે શ્રીહરિ કેવળ કરુણાકંદ' એ ટૂંક બોલીને કહ્યું જે, ''ચાલો સૌ સભામાં કથાટાણું થઈ જશે.'' એમ કહી પોતે ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી સામું જોઈને કહ્યું કે, ''સ્વામી! આ ફેરે તમે બેય સદ્‌ગુરુઓએ અહીંના હરિભક્તોને ન્યાલ કર્યા છે. તમે જ્યાં બેઠા હો ત્યાં માગ ન જડે. રાત્રે કે દિવસે, આસને, સભામાં, નાવા જાઓ ત્યારે પણ હરિભક્તો તો ઘેરીને ઊભા હોય છે.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે કે, ''બાપા! એ બધો પ્રતાપ આપનો છે. ચમકની પેઠે આપ સૌને ખેંચો છો. તમારાં દર્શનથી બધાય સુખિયા થયા છે. હરિભક્તોને એમ જે બાપાશ્રી દયા કરીને પધાર્યા છે તેથી જેટલો લેવાય એટલો દર્શન-સેવાનો લાભ લઈએ. આપે પણ આ ફેરે ઘણી પ્રસન્નતા જણાવી છે એટલે મૂર્તિના સુખની, આજ્ઞા-ઉપાસનાની, નિશ્ચયની નવી નવી વાતો થાય છે. તેથી સૌને તાણ રહે જે આ ટાણે આપણે રહી ન જઈએ. તેથી રાત્રે બાર વાગી જાય છે તોય હરિભક્તો ઊઠતા નથી. સવારે ચાર વાગે છે ત્યાં તો પૂજાઓ કરીને મંદિરમાં આવી જાય છે. એમ આપ સૌને ખેંચો છો. લાલુભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ, હરિભાઈ, મોહનભાઈ, સોમચંદભાઈ તથા નાના-મોટા બધાય રાજીપા સારુ તલખે છે. તે વહેલા આવી ચંદન ઘસી સૌને ચર્ચે છે. હારથી, ચંદનથી સંતોની પૂજા કરે છે, દંડવત કરે છે, પારાયણમાં પણ હાજર થઈ જાય છે, વારાફરતી રસોઈઓ કરાવવા માગણી કરે છે, આપને ઘેર તેડી જવા પ્રાર્થનાઓ કરે છે. આમ, નકરો દિવ્યભાવ વર્તાઈ રહ્યો છે. આપે પણ આ વખતે કૃપા બહુ કરી શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા કરવાનું સદાવ્રત ઉઘાડ્યું છે.''

ત્યારે બાપાશ્રી કહે, “સ્વામી! મહારાજનો સંકલ્પ છે કે અમારી નજરે ચડ્યો તેને મૂકવો નથી. એમના અનાદિને પણ એ એક જ કામ છે. જીવ ગમે તેમ ધારે.” એમ કહેતાં કથા ચાલતી થઈ. કથા પ્રસંગે મહિમાની વાત આવી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આ સભા અલૌકિક દિવ્ય છે. મહારાજ સામી સૌની નજર છે ને મહાપ્રભુની નજર આ સભા સામી છે. એ વાત હાથ આવે એટલે દર્શનની, સેવાની ને જમાડ્યાની ત્વરા થાય.”

એ ઉપર વાત કરી જે, “મહિમાવાળા તો રામજીભાઈ ખરા! જે તેમણે સંતોને જમાડ્યા ને ઘણીવાર સુધી દંડવત કર્યા એવું હેત. વાહ રે વાહ! રામજીભાઈ! વળી વળીને ધૂળ (ચરણરજ) માથે ચડાવે અને ઝાડવાંને પ્રાર્થના કરે જે, ‘તમે મોટાં ભાગ્યવાળાં તે આ સભાનાં દર્શન નિત્ય કરો છો ને હું અભાગિયો રહી જાઉં છું, જે સદાય અહીં રહી શકતો નથી.’ એમ બોલતા. એવી મહિમાની વાતો છે.” એવી રીતે વાત કરતાં સમય થયો. ત્યારે સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી કથાની સમાપ્તિ કરી. ॥૪૬॥

## વાર્તા ૪૭

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૫) બાપાશ્રી વાત કરી રહ્યા ત્યારે નારાયણપુરવાળા ધનજીભાઈએ સભામાં ઊભા થઈ હાથ જોડી પ્રાર્થના કરી કે, “બાપાશ્રી તથા સદ્‌ગુરુ સ્વામી આદિ સંતો ફૂલડોલના દિવસે અહીં પધાર્યા તેથી અહીંના સર્વે મુક્તોએ અતિ હેતભર્યા ફૂલડોલનો સમૈયો કર્યો, શ્રીજીમહારાજનો પ્રસાદી રંગ હરિભક્તોએ બાપાશ્રી પર નાખ્યો ને બાપાશ્રીએ પણ સૌ હરિભક્તો પર પ્રસાદી રંગ નાખ્યો ને કીર્તન બોલાણાં. હું પાછળથી બીજી આગબોટમાં આવ્યો જેથી મારે એવાં દિવ્ય દર્શન થયાં નહિ. આવું ટાણું ફેર વળી ક્યારે આવે! માટે મારી બે હાથ જોડી આ સભાને પ્રાર્થના છે કે આજ પાંચમ છે તે મારી વતી બાપાશ્રીને સૌ પ્રાર્થના કરો જે ઠાકોરજી પાસે ફૂલડોલના દિવસની

પેઠે બે કીર્તન ઉત્સવના બોલાવી પ્રસાદીનો રંગ બાપાશ્રી સૌ પર નાખે ને ગરબી ગવાય તો એ દિવ્ય અલૌકિક દર્શનનો સંકલ્પ મારે રહી ન જાય. મેં અહીંના ફૂલડોલનું વર્ણન સાંભળ્યું જે બાપાશ્રી પધાર્યા ત્યારે શું હરિભક્તોનો સમૂહ! ને શું ઠાકોરજીનાં રંગભર્યાં વસ્ત્ર! ને ઉત્સવમાં હરિભક્તોના શું હરખ! એ તો ટાણું બહુ ભારે બની ગયું. આમ વાત સાંભળી છે ત્યાંથી ઊઠતાં-બેસતાં એ તાણ ઊંડી રહી જાય છે. અમારે કચ્છમાં રંગ પાંચમ કહેવાય છે તો આજે અહીં પણ સૌ મારા પર દયા કરો તેથી રંગ પાંચમનું સંભારણું થાય. તમે સૌ રાજી હો તો મારી આ પ્રાર્થના ભેળા ભળો ને મારો મનોરથ પૂરો કરાવો.''

તે વખતે સભામાં લાલુભાઈ, મહાદેવભાઈ, હરિભાઈ, મોહનભાઈ, હીરાભાઈ, અમીચંદભાઈ, ગોવિંદભાઈ, સોમચંદભાઈ આદિ હરિભક્તોએ ધનજીભાઈની તાણ પૂરી કરવા પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રી કહે, ''ભલે કરો સમૈયો, બોલો કીર્તન ને ગાઓ ગરબી.''

એવાં વચન સાંભળી હરિભક્તો ઠાકોરજી પાસે ઉમંગભર્યા ઉત્સવ કરવા લાગ્યા. સભામાં આવાં અલૌકિક દર્શન કરવા સૌ આતુર બન્યા. થોડીવારમાં રંગ તૈયાર થયો, ઠાકોરજી પાસે પ્રસાદી કરાવી, હરિભક્તો હેતભર્યા આવ્યા ને ગરબી ગાવા તૈયારી કરી. વચમાં બાપાશ્રીને એક ખુરશી પર બેસાર્યા. હરિભક્તો કીર્તન બોલવા લાગ્યા જે, 'મારે આનંદનો દિન આજ રે પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે' તથા 'પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ કાંઈ કહ્યામાં નાવે વાત' એ કીર્તન બોલતા હતા ને ફરતા હરિભક્તો પર બાપાશ્રી રંગ નાખતા હતા. સૌ ઉપર ગુલાલ નાખ્યો એ વખતે અતિ હેતમાં ધનજીભાઈએ બાપાશ્રી પર રંગ નાખ્યો. પછી તો લાલુભાઈ, મહાદેવભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ, શિવજીભાઈ, અમીચંદભાઈ આદિક મોટા તથા નાના હરિભક્તોએ થોડો થોડો રંગ તથા ગુલાલ બાપાશ્રી પર નાખી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી. સૌ રંગભરેલા બાપાશ્રીને ભેટ્યા. બાપાશ્રી ના પાડતા હતા કે થોડો રંગ નાખો, પણ અતિ હેતના ભર્યા

સૌ હરિભક્તોએ એક પછી એક થોડો થોડો રંગ નાખી લહાવ લીધો.

તે વખતે બાપાશ્રી પ્રસન્ન થકા બોલ્યા જે, "આ રંગ પાંચમ ધનજીભાઈની; કેમ કે એની તાણને લઈને આ સમૈયો ફરીવાર થયો." પછી સૌને કહ્યું કે, "તમો બધાય ધનજીભાઈને ભેટજો."

એમ કહીને પોતે નાહી વસ્ત્ર બદલી મેડા પર આસને પધાર્યા. ત્યાં સૌ હરિભક્તો આવ્યા તેમને દ્રાક્ષ તથા કાજુની પ્રસાદી વહેંચી. પછી સદ્‌ગુરુ આદિક સંતોની તાણે સર્વે સંતોને બાપાશ્રી મળ્યા ને અતિ કૃપા કરીને આશીર્વાદ આપ્યો જે, "શ્રીજીમહારાજની મૂર્તિમાં સૌ આમ ને આમ સુખ ભોગવજો. આ ટાણે મહારાજ ને મુક્ત કૃપાસાધ્ય છે તે જેવાં માગે ને ઇચ્છે તેવાં સુખ મળે છે. વખત બહુ સારો છે, જોગ જબરો મળ્યો છે."

એમ કહીને ધનજીભાઈની ઘણી પ્રશંસા કરીને કહ્યું જે, "આ બહુ શૂરવીર છે. જુઓને! કીર્તન બોલે છે ત્યારે હેત તો ઊભરાઈ જાય છે. નિયમ, નિશ્ચય ને પક્ષ ત્રણે માથા સાટે. જાદવજીભાઈ એમના પિતા મહામુક્ત હતા. તેમનું નામ એમણે રાખ્યું. ઘર બધુંએ એવું. નાના-મોટા સહુ વચનમાં વર્તનારા. નારાયણપુરમાં એમણે સત્સંગનો રંગ ચડતો ને ચડતો રાખો છે."

પછી લાલુભાઈને કહે કે, "જોયા અમારા ધનજીભાઈ!" એમ પ્રશંસા કરીને કહ્યું જે, "અહીંના નાના-મોટા હરિભક્તો પણ બધાય બળિયા છે. કથા-વાર્તામાં, કીર્તન ને સેવા-ભક્તિમાં જ્યાં જુઓ ત્યાં તૈયાર. આવા દેશમાં સત્સંગનો રંગ ચડતો ને ચડતો રાખી રહ્યા છે. એમને મહારાજને રાજી કરતાં આવડે છે. અમે પણ સૌનાં હેત જોઈને ઘણા રાજી થઈએ છીએ. સત્સંગે કરીને મહારાજને અને મોટા મુક્તને રાજી કરવા એ કરવાનું છે તે આ સર્વેને કરતાં આવડે છે."

એમ કહીને સૌને મૂર્તિમાં રાખવાનો આશીર્વાદ આપ્યો. ॥૪૭॥

## વાર્તા ૪૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૫) રાત્રે સભામાં વચનામૃત વંચાતું હતું. તેમાં ત્યાગીએ જડ-ચૈતન્યમાં લેવાવું નહિ એ પ્રસંગની વાત માંહોમાંહી સંતો કરતા હતા.

ત્યારે બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, “સંતો! સત્સંગમાં દેખાઈ રહેજો. જોગ કર્યો તે લેખે લગાડજો; પણ જડનાં લેખાં થાય તેમ ન દેખાવું. અમારાથી કોઈ જુદો પડે ત્યારે અમને એમ બળતરા થાય જે બાપડાનું બગડી જશે, એવી અમારી નજર છે. આવા જોગમાં હારી ન જવું. મોટાં ભાગ્યવાળાને આ જોગ મળે છે. અમે આ બોલીએ છીએ, ચાલીએ છીએ, તેનું અમારે કાંઈ નથી. પણ જેમ રાજાનો છોકરો મરી જાય તેને શોક થાય તેમ મહારાજની મૂર્તિથી નોખું પડી જવાય તો શોક થવો જોઈએ. આ લોકમાં ચાર દિવસ રહેવું તેમાં છેલ્લી એક ઘડી મૃત્યુ આડી રહી હોય, એટલામાં પણ આવા મોટાને વિષે જોડાય તો આત્યંતિક મોક્ષ થાય.

“અમારા બ્રહ્મચારી નિર્ગુણાનંદજીએ અમને કહ્યું જે, ‘આપણે ઘેર ચાલો.’ ત્યારે અમે કહ્યું કે, ‘ઘર કયું?’ તો કહે, ‘મહારાજની મૂર્તિ.’ ત્યારે અમે કહ્યું જે, ‘ચાલો.’ એમ કહેતાંમાં તો મૂર્તિમાં જોડાઈ ગયા. બીજા તો જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિયે ન ઓળખે એવા હોય તે આ ખરું ઘર શું ઓળખે? આજ મૂર્તિમાં જોડાઈ બેઠા હોય ને કલેવરને ગમે તેમ થાય એવી સ્થિતિમાં સદાય રહેવું; સુખ આવે કે દુઃખ આવે તોપણ કોઈનો અભાવ ન આવવા દેવો. સ્થિતિ જાણ્યા વિના અભાવ આવે.

“વીસની સાલમાં ધ. ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને અમે જોવા ગયા હતા. તે શહેરમાં વંતાક જોઈને અમે કહ્યું જે, ‘આ શું છે?’ ત્યારે વેપારીએ હસીને કહ્યું જે, ‘આ લોક ક્યાંથી આવ્યા છે?’ પણ એણે સ્થિતિ ન ઓળખી. ‘દરદીની વાતો દરદીડા જાણે, બેદરદીને શું ભણીએ?’

"આ નૈમિષારણ્ય ક્ષેત્ર છે, મૂર્તિમાં જોડાઈ જવાય એવું આ ક્ષેત્ર છે. તે અનુભવજ્ઞાન થાય ત્યારે મૂર્તિમાં જોડાય એ સાક્ષાત્ પુરુષોત્તમનું અનુભવજ્ઞાન કહેવાય અને અક્ષરાદિકને ખોટા કરવા તે જ્ઞાન આવું ન કહેવાય. માટે અનુભવજ્ઞાન સિદ્ધ કરીને મૂર્તિમાં રસબસ થઈ જવું. ગૃહસ્થ પોતાનો ધર્મ સાચવે તો તે આજ્ઞાએ કરીને ઘરમાં રહ્યો કહેવાય એને માથે એ ભાર રાખ્યો. જેમ મુક્તાનંદ સ્વામીનું નામ લઈને મહારાજે દૃષ્ટાંત દીધું જે એવા રહે કે ન રહે.

"આજ કળિ ખરેખરો આવ્યો છે તેમાં આપણે સતયુગ સ્થાપવો છે તેથી ખબડદાર રહેવું; કેમ કે હવે સિદ્ધિઓનું જોર વધ્યું છે. 'આવો ભાઈ! આવો સ્વામી!' એવાં માન મળે છે. આપણે તો સર્વે સાધનના ફળરૂપ શ્રીજીમહારાજની મૂર્તિ સામું જોઈ રહેવું એ કરવાનું છે. જીવનું ગજું કેટલું! થાંભલા જેવા અને વૃક્ષ જેવા પણ આપણે ન થઈએ ત્યારે શું કર્યું! મોટા મોટા સંત ખીજડા, રાયણ, લીમડા હેઠે બેસતા અને વાતો કરતા ત્યારે તે ઝાડ હસતાં. તે જડ પણ કામ કાઢી ગયાં અને મનુષ્યથી એટલુંય ન થાય. ઝાડ આખો કલ્પ તપ કરીને મરી જાય તોપણ આવું કામ થાય? રામજીભાઈ એ ઝાડનો મર્મ જાણતા, એમ કરવું અને અખંડ મૂર્તિમાં જોડાવું."

પછી એક હરિભક્તને કહ્યું જે, "મોટા મોટાની સ્થિતિઓ જોઈએ તો તમારો શું ધડો લાગે? વખત ને જોગ સારો છે તે કરી લેવું. જાણ્યા વિના, જોયા વિના ઉપરથી પથરાનો ઘા ન કરવો. સ્થિતિ જાણી ન હોય, ગુણ જાણ્યા ન હોય ને અપમાન કરે એવું ન કરવું. ત્રણે અવસ્થામાં મૂર્તિમાં જોડાઈ રહેવું અને આ ક્રિયા કરું છું તેમાં મહારાજની શી મરજી છે તે તપાસ કરતા રહેવું. મોટા મોટા ત્યાગી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા આ સભામાં છે. તેમની સામર્થી મહારાજે રૂંધી રાખી છે. વખત ન વંજાવવો, ન વંજાવવો. આ વખત અને આવા નહિ મળે. એમને વિષે ભાવ એવો ને એવો રાખવો.

"મહારાજે તો કહ્યું છે જે, 'આ ને આ તેજોમય સ્વરૂપ જ્યાં સુધી મને દેખાણું નથી ત્યાં સુધી મારું પરિપૂર્ણ કલ્યાણ થયું નથી' એવું સમજે તેના મુખ થકી વાત ન સાંભળવી. એવાં વચન સામી નજર રાખવી. આપણે ભેળા બેસીએ છીએ, કથા-વાર્તા કરીએ છીએ, તે સર્વે દિવ્ય છે એમ જાણવું. સ્મૃતિ રાખતાં રાખતાં વૃત્તિ લાલ થઈ જાય પછી એમ ને એમ વૃત્તિ તેજોમય દિવ્ય થાય એટલે તેજના ફુવારા ઝરર ઝરર દેખાય. તેમાં મૂર્તિ તેજોમય દેખાય ત્યારે પૂરું થયું જાણવું. આ ટાણું સારું છે, પણ જીવના ઠરાવ બધા બહારવૃત્તિના."

ત્યારે સંતોએ કહ્યું જે, "અગમ-નિગમ દેખવું નથી, મૂર્તિનું સુખ દેખવું છે." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મૂર્તિ જોવાનો અભ્યાસ રાખે તેને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એવા વિષય ટૂંકા કરવા. મલિન સત્ત્વગુણ આવી જાય તો મોટા કુરાજી થઈ જાય; કેમ કે એ વખતે મોટાની સેંજા ન રહે તેથી મહારાજ અને મોટાની કૃપા ન થાય."

પછી એમ બોલ્યા જે, "ઇંદ્રિયો જાગૃત-સ્વપ્નમાં નિયમમાં ન રહે, પાડા જેવી થઈ જાય અને ઉપવાસ ભૂસોભૂસ પાડે એવી છે; માટે તેને નિયમમાં રાખવી. આજ સંત સારા મળ્યા છે અને વખત પણ સારો મળ્યો છે. સત્સંગમાં ઝીણામાં ઝીણું થાવું."

પછી દાદા ખાચર અને ઝીણાભાઈનાં દૃષ્ટાંત આપીને કહ્યું જે, "એણે કેવા મહારાજને રાજી કર્યા! એ હેતની વાત જુદી. હુતાસનીનો સમૈયો આવ્યો ત્યારે મહારાજ કહે, 'આવો મળીએ.' ત્યાં તો રત્નો ભક્ત મહારાજને મળ્યા અને ચરણમાં લોટી પડ્યા. તેનો નખ મોટો હતો તે મહારાજને લાગ્યો તે લોહી નીકળ્યું. તોપણ મહારાજ કહે કે, 'રામબાઈના ભાઈ તે અમારા જ ભાઈ છે.' એવી હેતની વાત છે. ધ્યાનની લટક કેવી શીખવી? તો હાલનાર, ચાલનાર અને ક્રિયા કરનાર મહારાજ; પોતાને તો મૂર્તિમાં રહીને સુખ લેવું, તેવી લટક શીખવી."

પછી બાપાશ્રી બોલ્યા જે, "આજ સંત-હરિજન ઉપર

મહારાજની અપાર દયા છે. અમારે ગૃહસ્થને કોઈ વખત લાખો રૂપિયાની સમૃદ્ધિ હોય અને કોઈ વખત કાંઈ ન હોય. બધા દિવસ સરખા હોય નહિ. તેમ મહારાજ કહે છે કે, 'અમારે તો સત્સંગ બધો ઉજ્જડ થઈ જાય તોય કાંઈ નથી.' આપણે ભગવાનના ભક્તને તો એક ભગવાન ખપે. એનો આનંદ અને એની ખુમારી જોઈએ. ખરેખરી અંતરદૃષ્ટિ થાય તો આંખોમાંથી ધારાઓ છૂટે ત્યાં સુધી મૂર્તિ સામું જોઈ રહેવું તે મૂર્તિ સામું જોયું કહેવાય. આ જીવનું ગજું કેટલું જે મહારાજની ને મોટા મુક્તની મરજી જાણી શકે! માટે અખંડ સ્મૃતિ રાખવી."

તે ઉપર વાત કરી જે, "આ ક્રિયા કરું છું, આ સેવા કરું છું, તેમાં મહારાજની શી મરજી છે, એમ સ્મૃતિ રાખવી. આપણને બધુંય મળ્યું છે, પણ ગ્રહણ કરતાં આવડે તો. ભેળા બેઠા હોઈએ, કથા-વાર્તા કરીએ, પણ ખબર ન પડે. મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા મોટા સંત સૌની સાથે બેસતા-ઊઠતા, પણ સ્મૃતિ રૂંધેલી તેથી તેમની મોટપ બીજાને ન જણાય. એમ મહારાજ સૌની સ્મૃતિ રૂંધી રાખે. મોટા અનાદિ તો બધુંય જાણે, પણ જણાવે નહિ; કારણ કે એમાં કેટલાયના સમાસ હોય."

"અધમ જેવા જીવ હોય તેનો પણ ઉદ્ધાર કરવો એ આપણો ધર્મ છે. સત્સંગમાં કોઈ આડો-અવળો વર્તે તોય તિરસ્કાર ન કરવો; કેમ જે આપણો અહિંસા ધર્મ છે. ઘણાય બિચારા કોઈ આમ બોલે ને કોઈ આમ ચાલે, પણ આપણે તો એમ જાણવું જે એ મહાપ્રભુજીના ગુનામાં ન આવે તો ઠીક. અમને પણ કોઈ કેમ જાણતા હશે અને કોઈ કેમ કહેતા હશે, પણ આપણે તેને કાંઈ કહેવું નહિ. આ લોક જ દુઃખનો ભરેલો છે. અધર્મી તો લાયું વરસાવે છે. એવા પાપીના સંગેથી લાયું વરસાય. તેવાને જો ઓળખે નહિ તો જીવનું ભૂંડું થઈ જાય."

"અધિકાર તો ચાર દહાડા રહે, એટલામાં પણ વિચાર ન રાખે તો જડ ને ચૈતન્ય માયા દુઃખ દે. એ બેય વસ્તુ તમે મેલી છે. બેમાંથી

એકેયનો પ્રવેશ થાય તો નખ્ખોદ વાળે. હરામના સમ ખાઈને નીસર્યા છો. આ હું વઢતો નથી હો! પણ સૌને ખટકો રાખવો. જળમાં પડે તે કોરો રહે નહિ.

"ઇંદ્રિયું બધી શીતળ થઈ અખંડ ભગવાનનું ચિંતવન કરે એવો જોગ આપણને મળ્યો છે. ધ્યાન કરતાં કરતાં, માળા ફેરવતાં ફેરવતાં મૂર્તિથી બહાર નીકળાય નહિ, વૃત્તિઓ મૂર્તિમાં તણાઈ જાય. માટે એક પુરુષોત્તમ ભગવાન ને તેમના અનાદિ રાખીએ તો બીજું કાંઈ ભાસે જ નહિ અને આનંદ આનંદ થઈ જાય. મહારાજ કહે, 'મંદવાડ એવો ખરેખરો કરી દેવો કે લોક-ભોગમાં ક્યાંય વૃત્તિ રહે નહિ.' એક મૂર્તિને સુખે સુખિયું થઈ જવાય એ સાધનમાં સર્વેને રહેવું. એ સાધન બહુ જબરું છે. મહારાજની મૂર્તિ તો મોટા ભાગ્યવાળાને મળે છે. તે મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી. એમની આજ્ઞામાં અખંડ જોડાઈ રહેવું એ જબરી વાત છે. એ માટે સૌએ હળીમળીને એક થઈ રહેવું."

"મહારાજ કહે છે કે, 'ભગવાનને મળેલા સંત મળે ત્યારે કલ્યાણ થાય. તે કોઈ વખત જરાય પણ મૂર્તિથી જુદા ન પડે એ મળેલા કહેવાય. એવા આપણને મળ્યા છે તોય પણ સાધન ઉપર તાન થઈ જાય છે. રસનામાં વૃત્તિ તણાઈ જાય છે તે માર્ગ બંધ રાખવો; શ્રીજીમહારાજની મૂર્તિનો માર્ગ લેવો. મોટાની સ્થિતિ આપણે શું જાણીએ! મોટા તો મૂર્તિથી બહાર રહે જ નહિ. એમની દૃષ્ટિ જેના ઉપર પડે તે બધાયનું કલ્યાણ થાય. એવાના જોગમાં આવ્યા હોય તેને પણ અંતરમાં ખુમારી રહે. માટે મોટાનો ખપ કરવો; જ્યાં ત્યાં પડી ન રહેવું. મૂર્તિના ઘરાક થાશો તો જડશે; કિંમત કરીને નાસવા માંડશો તો થયું. તન જેવા અને પ્રાણ જેવા તે પણ મોટાને જોગે અભાવ લઈને ખસી જાય તેને શું કરીએ? માટે સર્વે સરત રાખજો."

"આપણે તો સહુનું સારું કરવું છે. જીવને રજોગુણ-તમોગુણના ભાવ વધતા જાય છે અને મોટાને તો મૂર્તિનો રસ હોય, મૂર્તિમાં રસબસ

જોડાઈ બેઠા હોય. એ મૂર્તિમાં તેજના ફુવારા છૂટે છે તે શીતળ, શાંત ને સુખરૂપ અને આનંદરૂપ એવા સંત મહારાજની મૂર્તિને સુખે સુખિયા છે. માટે આપણે મૂર્તિના ઘરાક થાવું. સાધન તો ચાલી ચાલીને બહુ કરે તો અક્ષરધામ સુધી જાય તોય લૂખું ને લૂખું. દરેક કાર્ય કરતાં મહારાજની મૂર્તિથી નોખું પડવું નહિ. નોખું પડાય તો સત્સંગમાં તેની જય થાય નહિ. મૃત્યુ સામી નજર રાખવી.'' ।।૪૮।।

## વાર્તા ૪૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૫) બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, ''જેને મૂર્તિમાં જોડાઈ રહેવું હોય તેને એમ જાણવું જે, ''આ કલેવરનું ગમે તે થાય. દેહને દુઃખ થાય કે સુખ થાય, તેમાં આપણે શું! કોઈનો અભાવ ન આવે તેમ વર્તવું. મહારાજ અને મોટા વિચરતા હોય તેને નૈમિષારણ્ય ક્ષેત્ર જાણવું; સ્થિરવૃત્તિ ત્યાં થાય. જેમ જેમ મૂર્તિમાં જોડાતું જવાય તેમ તેમ અનુભવજ્ઞાન આવતું જાય. ગૃહસ્થ અને ત્યાગીને એ કરવાનું છે. આપણે કળિયુગમાં સતયુગ સ્થાપી દેવો, તો સદાય આનંદ વર્તે અને અપારપણું રહે. અનંત મુક્ત મહારાજની મૂર્તિમાં સુખ લે છે, એ સર્વે મુક્તને મહારાજનું અપારપણું રહે છે. સાધનવાળાને મતે જવું-આવવું છે, પણ સિદ્ધદશાવાળાને મતે જવું-આવવું નથી.''

''જીવને તો પ્રસન્નતાનાં સાધન કરવાનાં છે અને પુરુષપ્રયત્ન પણ જોઈએ. તે પુરુષપ્રયત્ન શું? તો મહારાજનાં અને મોટાનાં વચનમાં ખરેખરો વિશ્વાસ. એ દિવસ કહે તો દિવસ ને રાત કહે તો રાત એમ સમજવું. અ.મુ. ગોપાળાનંદ સ્વામીએ એમના સંતને અડધી રાત્રિએ પૂછ્યું ત્યારે સંતે કહ્યું જે, 'આપ રાત કહો તો રાત અને દિવસ કહો તો દિવસ.' એવો વિશ્વાસ હોય ત્યારે મહિમા જાણ્યો કહેવાય. મોટા આગળ પોતાનું મનગમતું કરાવવું નહિ. આંખો મીંચો એટલે અંધારું અને આંખ ઊઘડે એટલે અજવાળું એટલી જ વાર છે.''

"પરોક્ષ શાસ્ત્ર વૈરાજથી થયાં છે, પણ આપણે સ્વામિનારાયણ જોઈએ છીએ. અજ એટલે અનાદિ; એ તો કોઈ દિવસ માયામાં આવતા જ નથી. અનાદિમુક્ત તો મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને જીવને ઢસરડી લે છે. તે ખંપાળી એટલે કૃપાસાધ્ય. મોટાની પાસે ને મહારાજની પાસે ધાર્યું ન કરાવવું, તે કહે તેમ કરવું તે મન સોંપ્યું કહેવાય. મોટા જ્યાં જોઈએ ત્યાં હાજર જ છે, પણ તેટલો વિશ્વાસ નથી. 'સૂના સર્વે લોક ચડે મારી નજરે' તેમ કાંઈ પણ અનાદિની દૃષ્ટિએ છે? નથી."

"આ નૈમિષારણ્યમાં આવ્યા છીએ તે શું દોષ રહેશે? ઘસાઈને બુઠા થઈ જશે. અહીં જે વાવશે તે ઊગશે. અપરાધ કરશો તો તે ઊગશે અને સેવા કરશો તો તે ઊગશે. મોટાનાં વચનમાં તો તન કુરબાન કરી નાખીએ. પરોક્ષના કાર્યમાં તમોગુણ અને રજોગુણ છે, પણ અહીં તો નૈમિષારણ્યમાં એવું એકે નથી. ભગવાનને તથા મોટા મુક્તને મનુષ્ય જેવા જાણે તેને ભગવાનમાં ને મોટામાં દોષ જણાય છે. તેવા દોષથી જીવ માંસના પિંડા ખણે છે (દેહ ધરે છે). દેહના રૂપમાં મોહે કરીને જીવને આનંદ મનાય છે, પણ આનંદ નથી; કેવળ દુઃખ જ છે. જો વિચાર ન હોય તો મન આવી સભા મૂકીને ક્યાંય જતું રહે; માટે આ સભા ને મૂર્તિ તે ન મૂકવી. આપણે તો એક છોગલાવાળા સ્વામિનારાયણને રાખવા. જો એ આપણી ભેળા હોય તો હચ્યો. અમારે ઘેર એ જ વેપાર છે, બીજો વેપાર કોઈ કરશો નહિ. આવું અનુભવજ્ઞાન સાક્ષાત્કાર થાય ત્યારે કોઈ વિઘ્ન ન થાય."

"બ્રહ્મા-નારદને આવી પ્રાપ્તિ નહોતી. આજનો પ્રતાપ બહુ મોટો છે. બ્રહ્મા, વિષ્ણુ, શિવ ત્રણે મળીને પોતાનું ચલાવે છે. આ તો અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે, એવું જ્ઞાન ખરેખરું સિદ્ધ કર્યું હોય તો એ તો ભિક્ષુક જણાય. સ્વામિનારાયણને ઘેર જવું તેમાં ઘણાં આવરણ છે. તે ન જાણ્યાં હોય તો ક્યાંય બંધાઈ જાય. જુઓને! શિવ, બ્રહ્મા, નારદ, સનકાદિક બંધાઈ ગયા. એ કાંઈ સ્થિતિ કહેવાય?"

પછી બ્રહ્મચારી નિર્ગુણાનંદજીના દેહ મૂકવા સમયની વાત કરીને કહ્યું જે, "એમના જેવા આ ચોવીશ મંદિરમાંથી એક તો કોઈ ગોતી લાવે! ભગવાનના ભક્તને સરત રાખવી. આવા સંતના સમાગમ કરવા, દર્શન કરવાં, પણ જ્યારે આપણને કોઈ કૂદકા મરાવે ત્યારે ઊભા થઈ રહેવું એટલે કે અવગુણ ઘાલે ત્યારે અટકવું. જડ-ચૈતન્યનો ત્યાગ કરે તેને ગુરુ કહેવાય. ગુરુનાં લક્ષણ બહાર જાય તે ગુરુ શેનો? ભીમસેન જેવા હોય તે ગુરુ નહિ. સનાતન હોય તો ગુરુ. વચ્ચે આવે એ ગુરુ નહિ, સનાતન માર્ગ રાખવો. સનાતન એટલે અનાદિ; ધામમાંથી ને મૂર્તિમાંથી આવેલા હોય તે. સંત એટલે સંતના લક્ષણે યુક્ત."

"સત્સંગમાં તો ભગવાન બિરાજે છે; પાપી અને અધર્મીને મતે નથી, તે તો 'આગળ હતા' એમ જાણે છે તેથી સત્સંગની શૈલી રાખતા નથી. એવા શું મૂંડાવા સાધુ થયા હશે? જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય તે ધ્યાન કરે, સેવા કરે, પાંચ વખત માનસી પૂજા કરે, એમ ને એમ મૂર્તિથી જુદા ન પડે. એવા સંત દર્શન, સેવા ને સમાગમ કરવા જેવા છે. પણ જેને મહિમા નથી તેની બુદ્ધિ ઓછી સમજવી."

"પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી ખુશબો ઊઠે છે તે ખુશબો મુક્તોને ખેંચે છે અને મૂર્તિ સાથે રસબસ કરે છે, તે અનુભવજ્ઞાન. આપણને જ્યાં સુધી પુરુષોત્તમનારાયણનું એવું જ્ઞાન નથી થયું ત્યાં સુધી જ્યાં ત્યાં વલખાં કરીએ છીએ. સ્વામિનારાયણને ઘેર બધી વસ્તુ છે."

"મહારાજ કહે, 'અમારા સંતને ને અમને જેવડા જાણશો તેવડા તમે થશો.' મહારાજે બે કલમ મૂકી છે. તે અક્ષરધામની સભા તથા મૂર્તિને વિષે ધાતુ કે પાષાણાદિકનો ભાવ નહિ. અમારો તો સિદ્ધાંત એક જ છે; તમે મરડી-મચરડીને ક્યાંય લઈ જાઓ તો ભલે. મોટાને એમાંથી કોઈ સાથે ન ગણીએ તો સમજનારો કયે ઠેકાણે જાય! મહારાજે આ સભાને અક્ષરધામનો દરવાજો કહ્યો છે. પૂરું તો સાક્ષાત્કાર અનુભજ્ઞાન થાય અને મહારાજની મૂર્તિમાં જોડાઈ જવાય ત્યારે જ થાય." ॥૪૯॥

## વાર્તા ૫૦

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૫) રાત્રે મેડા ઉપર આસને પૂરું થયું ક્યારે કહેવાય એ પ્રસંગ ચાલતો હતો.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘ખોટાને ખોટું કરીએ તેમાં કાંઈ પૂરું થયું ન કહેવાય. જેમ જળ પોતે ઊંડું લઈ જાય છે, તેમ પુરુષોત્તમનારાયણની ખુશબો છે તે ખેંચે છે. સાધન ઉપર તાન હોય તોપણ ભગવાનને અને મુક્તને સાથે રાખીને કરવાં. અનાદિ વસ્તુ ઓળખવી બહુ કઠણ છે. સોની હોય તે સોનાને ઓળખે તેમ આ સભા અક્ષરધામની છે તેને ચૂંથી ન નાખવી. માથકવાળા કલ્યાણસંગજીને અમે રામપુરામાં મહારાજની મૂર્તિ સિંહાસનમાં બતાવીને કહ્યું કે, ‘આ મૂર્તિને શું કહેશો?’ ત્યારે તે કહે કે, ‘સાક્ષાત્ મહારાજ, એ મૂર્તિને બીજું શું કહે!’ આપણે તો મહારાજની સભા અને મૂર્તિ એ બે જોઈએ. આગળના સાધુ તો જુઓ! લોકનાથાનંદ સ્વામી તથા બદરિનાથાનંદ સ્વામી જેવા મોટા સંત અહીં આવતા તેમને વાટમાં વાડી આવે છે ત્યાં કેરીયું ઘોળી-ઘોળીને ખવરાવી છે.’’

‘‘અમારે તો કાંઈ મોટ્યપ જોઈતી નથી, આપણે એક સ્વામિનારાયણ ખપે. જેને દોષ જોવાનો સ્વભાવ થયો હોય તેને તો શ્રીજીમહારાજમાંય દોષ દેખાય. આપણે તો અધમ જેવા જીવને પણ ઉદ્ધારવા પડશે. આપણે ઘેર વસ્તુ સાચી છે તે શીદ વંજાવવી જોઈએ. મોટા મુક્તના અપરાધ થઈ જાય તેને તો બધુંય બળી જાય; એ જાળવવું. મહારાજ કહે કે, ‘ત્રણ ગુણ કાઢી નાખવા.’ એ ગુણ હોય ત્યાં સુધી સત્સંગમાં સુખ આવવા દે નહિ. તેમાં તમોગુણ તો બધાનું ખાઈને અભડાઈ આવે એવો છે. નબળા માણસ સત્સંગમાં ન ખપે. ભગવાન ભજવામાં એ કામ ન આવે. બી સાચું ખપે; સાચું બી રાખશો તો ઊગી આવશે.’’

‘‘‘આ નિયમ નથી પાળતા, આ ધર્મ નથી પાળતા’ એમ જે

જાણે તેનું ઠીકરું ફૂટ્યું; માટે નિર્વાસનિક થઈને ભગવાન ને ભગવાનના ભક્ત સાથે એકતા કરવી. અનાદિ તો કોઈના દોષ દેખતા નથી. શાથી? કે બિચારો એ જીવ દુખિયો થઈ જશે. અધમ જેવા જીવ હોય તેને ઉદ્ધારે તો મહારાજ ઘણા રાજી થાય. શ્રીજીમહારાજને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે. સર્વેના આધાર, સર્વેના કર્તા, સર્વેના નિયંતા, સર્વે દિવ્યના દિવ્ય ભગવાન આપણને મળ્યા છે તેથી જેને અખંડ સોહાગી થાવું હોય તેને મોહનિંદ્રામાંથી જાગી જોવું, દાસપણું રાખવું. શુદ્ધ પાત્ર થાય ત્યારે ભગવાન રહે. જેમ સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહે છે તેમ. જેને નિશ્ચયનું કાચું હોય તેની વાત તે જાણે. મહારાજ અને તેમના અનાદિ તો આ રહ્યા; પ્રત્યક્ષ છે. તેજોમય ફુવારા ઝળળ ઝળળ છૂટે છે. આપણે તો મહારાજ અને મહારાજના મુક્તને વળગી રહેવું.''

''અમે બીજાં કોઈ ધામ કે બીજાં કોઈ લોક દેખ્યાં નથી. અમને કોઈ કહે તો અમે શું જવાબ દઈએ? ભગવાનના સુખ આગળ ને ભગવાનની મૂર્તિ આગળ બીજું શું જોવું! અમારો સિદ્ધાંત તો એવો છે કે મૂર્તિ અને મુક્ત વિના બીજી કોઈ વાત જ નથી.

''આપણે આમ વારંવાર મૂર્તિની જ વાતો કરીએ છીએ તેમાં જેની નજર ન પહોંચે તે એમ જાણે જે, 'આ તો એનું એ વર્ણન કરે છે, બીજી વાત જ કરતા નથી. જેમ ઘાંચીનો બળદિયો ઘાણીએ ફરે તેને એ જ ઘર ને એ જ ઘાણી, જરાય પંથ ખૂટે નહિ. મહારાજે બીજાં સાધન શું કરવા કર્યાં હશે!' આમ બોલે, પણ તેને એમ ખબર નથી જે ભગવાનની મૂર્તિ ધાર્યા જેવું કોઈ સાધન નથી. ઘાંચીનો બળદિયો ઘાણીએ ફરે અને પંથ ન ખૂટે, પણ સાંજે તેલનું કૂડલું એ ભરી દે; અને બીજો સૂઝે એટલું ચાલે, સૂઝે એટલો પંથ કાપે, પણ તેથી તેલનું કૂડલું તો શું પણ તેલની ચીકાશ પણ ન ભાળે. માટે મૂર્તિની વાતો કરવાથી જ સર્વે પ્રાપ્તિ થાય; કેમ જે મૂર્તિ છે તે ચિંતામણિ છે, કલ્પતરુ છે, મહા મોંઘી વસ્તુ છે. તેને મોટા મુક્ત પારખે છે. જેવા-તેવાનું આમાં

કામ નથી. માટે આપણે તો મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ રાખવી. ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમનારાયણની મૂર્તિ તેને બાઝવું. મૂર્તિમાંથી અનુભવજ્ઞાનની ખુશબોના ગોટા આવે તે લેવા.''

''માનકુવાના મૂળજી તથા કૃષ્ણજીને કાઢ્યા તે ઘેલાને કાંઠે બેઠા, તેને પાળાઓ પાણા મારે તોપણ જાય નહિ. અક્ષર ઓરડીમાં મહારાજ બેસે, ઊઠે ને એમ કહે કે, 'કચ્છના એ વિમુખ મને બેસવા દેતા નથી.' એમ મહારાજની મૂર્તિની ખુશબોથી એ આઘા જઈ શકતા નહિ અને મહારાજ વિમુખ કહેતા, પણ તેમને વિસારતા નહિ.''

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, ''ખોટો માર્ગ છે ત્યાં સુધી ગરુડ ઊડ્યો અને સાચા માર્ગમાં મહારાજ કહે અમે ઊડ્યા એટલે કે એક મહારાજ રહે એ સાચો માર્ગ છે. એ મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત છે એ આપણી નાત ને એ જ આપણા સગાં-વહાલાં. આપણે એ સરત રાખવી. કોઈ અભરાના સંગ ન કરવા. એ સભાના ઘરાક થાવું. ખૂબ કેડ બાંધીને તેમને સંભારવા, તો અક્ષરધામમાં કડેડાટ ચાલ્યા જઈએ. મોટાની દયા તો અપાર છે. જેમ એકને છ દીકરા હોય તેમાં એક દીકરો અકર્મી હોય તોપણ તેને માર્યાનો સંકલ્પ થતો નથી; તેમ મહારાજ તથા મોટા મુક્તને છે, તે અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. ખરો ઝવેરી હોય તે આવા હીરાનું પારખું કરે. અક્ષરધામનું સુખ અને મોટાની ગતિની બીજાને શું ખબર પડે? એ તો સંકલ્પ કરે એટલામાં અનંત જીવનાં આવરણ ટળી જાય અને અહીં બેઠે થકે અક્ષરધામમાં અનંત મુક્તે સહિત મહાપ્રભુનાં દર્શન કરાવે.''

તે ઉપર વાત કરી જે, ''કાંકરિયાથી દક્ષિણ દિશા તરફ આંબલીમાં જ્યાં હાલ ઓટો છે ત્યાં મહારાજ આંબલી તળે ઢોલિયા ઉપર આંબલીની ડાળખી ઝાલીને બોલ્યા જે, 'ચાર સદ્‌ગુરુને બોલાવો.' પછી તેમને બોલાવ્યા ને ઢોલિયા ઉપર ચાર પાયે બેસાર્યા અને સર્વે હરિજનોની પૂજા અંગીકાર કરી. તે વખતે મહારાજ તે સદ્‌ગુરુઓ પ્રત્યે

બોલ્યા જે, 'તમો આગળ જઈને માયાનું આવરણ ભેદો એટલે આ હરિજનોને અક્ષરધામનું સુખ તથા અમારી પૂજાનું ફળ તે નજરે જોવામાં આવે.' પછી આવરણ ભેદ્યાં તેથી કેટલાક હરિજનોને દિવ્ય ચક્ષુ આવ્યા તે અહીં જેવી રીતે પૂજાઓ થઈ તેવી જ રીતે અક્ષરધામમાં દર્શન થયાં. એમ મહામુક્તની સામર્થી અપાર છે. મહારાજને અને એવા મહાઅનાદિને સદાય એકતા છે તોપણ ક્યારેક મનુષ્યભાવ જણાવે તેણે કરીને મૂંઝાવું નહિ. અને એવી સમજણ દૃઢ કરવી જે એવા મોટા અનાદિ તો કર્તા થકા અકર્તા છે, એમને તો શ્રીજીમહારાજની મૂર્તિનું જ સુખ છે; બીજું કાંઈ નથી. એવું ન જાણ્યું હોય તો મૂંઝાઈ જવાય."

તે ઉપર વાત કરી જે, "સુરતમાં જીવરામને મહારાજના અંતર્ધાન થયાની પોતાને ઘેર બેઠાં ખબર પડી. પછી તે જીવરામ ઘણા આકુળ-વ્યાકુળ ને ઉદાસ થઈ ગયા ને ઘણું રુદન કર્યું તેથી મૂર્છા આવી ગઈ. પછી તો તે ગઢપુર ગયા ત્યાં ઘણું ગાંડપણ તથા ઉદાસીપણું થઈ ગયેલ જોઈને અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે, 'કેમ ગાંડિયો થઈ ગયો?' તે શબ્દ તેને શ્રીજીમહારાજના જેવો જ લાગ્યો; તે સાંભળી બહુ જ રાજી થયા ને ચિત્ત ઠેકાણે આવી ગયું ને એમ જાણ્યું જે, 'શ્રીજીમહારાજ સ્વધામ ગયા નથી, સદાય છે, છે ને છે જ.' એ રીતે મહારાજ તથા અનાદિમુક્તને એકતા છે."

"મોટા અનાદિ શબ્દ બોલે તે ભગવાન જેવો શબ્દ મરજી પ્રમાણે બોલે. જેમ મોટા મંદિરમાં પડછંદા બોલે છે તે બોલનારાના જેવા જ જણાય છે. માટે એવા મોટા જેને મળે તેમનાં દર્શને કરીને, સ્પર્શે કરીને તથા તેમની જ્ઞાનવાર્તા સાંભળવે કરીને મનમાં રાજી રહેવું; પણ એમ ન ધારવું જે કેમ ચમત્કાર જણાવતા નથી. મોટા મુક્ત જે કરે છે તે સમજીને કરતા હશે. જીવ જેમ જેમ પાત્ર થતા જાય તેમ તેમ ચમત્કારની વાતો કરતા જાય. પાત્ર વિના જીરવી શકાય નહિ ને મૂળગું પોતાની ગાંઠનું ખોઈને ચાલ્યા જાય. માટે ધીરે ધીરે જોગ કરતાં ઘણા દિવસે મોટાની દયાએ કચાશ ટળે. આપણે તો એક પ્રસન્નતાનાં સાધન

કરવાં, કાંઈ જોવા ઇચ્છવું નહિ કે કાંઈ માગવું નહિ.''

''મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ. ભગવાન પાસે સુખના ઢગલે ઢગલા છે તેથી માગીએ તો મૂર્ખ કહેવાઈએ. મૂર્તિના અપાર સુખનો પાર કોણ લહે! હાથ જોડીને વિનંતી કરીએ એટલે સુખિયા કરી દે. જો માગે તો સભા હસે કે મહારાજ નહિ જાણતા હોય? આ સિદ્ધાંત વાત છે. માટે પ્રસન્નતા માગવી અને પ્રસન્નતા થાય તેવી ક્રિયા કરવી.''

''સંતનો મહિમા તો મહારાજ પોતે કહે છે જે, 'તેના પગની રજને તો અમે પણ માથે ચડાવીએ છીએ.' ગઢડામાં મહારાજે સંતોને જમાડીને તેમનાં પત્તર ધોઈને એ જળ પોતે પીધું, એમ મહિમા દેખાડ્યો. 'કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું, ક્યાં અમે અને ક્યાં આપ જીવન જાણું છું.' એવી વાત છે. મહારાજનો ખરેખરો મહિમા તો અનાદિમુક્ત જ જાણે. એવા મોટા મુક્તને જે ઓળખે અને વળગે તેને તો અમે માયામાંથી બચાવી લઈએ અને મૂર્તિના સુખમાં મૂકી દઈએ. અમારી નજર સદાય એવી જ છે.''

એમ કહીને લાલુભાઈ, હીરાભાઈ, મહાદેવભાઈ, હરિભાઈ, મોહનભાઈ, અમીચંદભાઈ, સોમચંદભાઈ, ગોરધનભાઈ, ગોવિંદભાઈ આદિક હરિભક્તોને કહ્યું જે, ''આજે તમે અમારા ધનજીભાઈને બહુ રાજી કર્યા. તમારાં હેત જોઈને મહારાજ પણ ઘણા રાજી થયા.''

ત્યારે લાલુભાઈ કહે કે, ''બાપા! આપ કૃપા કરીને સુખ આપવા પધાર્યા છો તે સુખિયા કરો છો. મહારાજની મૂર્તિનાં નવાં નવાં સુખ ભોગવાવો છો. આપની દયાનો પાર નથી. આપને જોઈને હજારો મનુષ્યનાં મન ખેંચાય છે એ બધો પ્રતાપ શ્રીજીમહારાજનો છે.'' ત્યારે બાપાશ્રી કહે કે, ''લાલુભાઈ! મહારાજ આજ અનંત જીવને મૂર્તિમાં રાખે છે, શરણાગતને ન્યાલ કરે છે, પણ દેહાભિમાનીને આ વાત હાથ ન આવે. આવી દિવ્ય સભાનો જોગ કરે તો તુરત કામ થઈ જાય.'' ॥૫૦॥

## વાર્તા ૫૧

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૬ને રોજ સવારમાં નિત્યવિધિ કરી બાપાશ્રી સૌ હરિભક્તોને મળ્યા. પછી કૃપા કરીને વાત કરી જે, "ધામરૂપ થઈને શ્રીજીમહારાજની મૂર્તિને વિષે જોડાવું તે એકાંતિકપણું ને શ્રીજીરૂપ થઈને શ્રીજીના રોમ રોમનું અત્યંત સુખ તેના ભોક્તા રૂપે થઈ ગુલતાન રહેવું તે પરમ એકાંતિકપણું."

પછી લક્ષ્મીચંદભાઈએ પૂછ્યું જે, "આસ્તિકભાવ દૃઢ રાખવો એમ કહેવાય છે તે આસ્તિકભાવનું લક્ષણ શું હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજને અને મોટા અનાદિને ક્યારેય પણ છેટા ન જાણવા ને પોતાને પણ છેટે ન રહેવું. આપણને કોઈ દોષ નડતા હોય કે કાંઈક જ્ઞાનવાર્તા સમજાતી ન હોય તો મહારાજને અને મોટાને સંભારીને નિરંતર પ્રાર્થના કરવી એટલે તમામ દોષ ટળી જાય અને જે ન સમજાતું હોય તે પણ સમજાય. મહારાજ ને મોટાનાં વચનમાં જરા પણ સંશય ન કરવો; થાય તો પ્રાર્થના કરી સંશય ટાળવા આગ્રહ કરવો તો તરત ટળી જાય. એવી રીતે મહારાજ ને મોટાને વિષે કોઈ કાળે ક્યારેય પણ મનુષ્યભાવ આવવા દેવો નહિ. સદાય દિવ્યભાવે સહિત દર્શન, સેવા, સમાગમ વગેરે કરવું. તો જ આપણે દિવ્ય થઈએ; માટે નિરંતર તેની સરત રાખવી ને તેનું મનન કરવું તો તમામ નાસ્તિકભાવ ટળી જાય અને આસ્તિકભાવ આવે."

આ રીતે બાપાશ્રી વાતો કરતા હતા ત્યાં લખમશી ભક્ત દર્શને આવ્યા ને દંડવત કરી ચાલ્યા, તેમને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, "કેમ ચાલ્યા?" ત્યારે હાથ જોડીને કહે કે, "સ્વામી! પ્રવૃત્તિ નડે છે ખરી." તે સાંભળી બાપાશ્રી કહે, "સ્વામી! ગૃહસ્થને વ્યાવહારિક પ્રવૃત્તિના કૂટારા બહુ."

એમ કહીને વાત કરવા લાગ્યા જે, "ગૃહસ્થ હરિભક્તોને વ્યવહાર કરવો પડે, પણ તે વ્યવહાર કેવો કરવો? તો વ્યવહાર કરતાં

થકા શ્રીજીમહારાજ સુખે કરીને સંભારાય અને કથા, વાર્તા, ધ્યાન, ભજન, માળા, માનસી પૂજા એ આદિ નિયમો બરાબર સચવાય; એવી રીતે પોતાના જીવાત્માને પરલોક સંબંધી સુખ થવાનું મુખ્ય સાધન છે. વ્યવહાર દેહનિર્વાહને અર્થે કરવો, તે પણ શ્રીજીમહારાજ અને મોટાની આજ્ઞા પ્રમાણે જ કરવો; પણ જે વ્યવહાર કરતે થકે મહારાજની મૂર્તિને ભુલાય તેવો વ્યવહાર ભગવાનના ભક્તને કોઈ દહાડે કરવો નહિ અને વ્યવહારરૂપ થઈ જવાય એવા વેગે સહિત પણ વ્યવહાર કરવો નહિ. પોતાના આત્યંતિક મોક્ષને માટે પોતાની કોઈ પ્રકૃતિ નડતી હોય તે મોટાના જોગમાં રહીને ટાળવી, પણ મોટા ને મહારાજની આજ્ઞામાં લેશમાત્ર ફેર આવવા દેવો નહિ.''

''અને એમ જાણવું જે, 'આપણે જે જે ક્રિયાઓ તથા સંકલ્પ કરીએ છીએ તેને મહારાજ તથા મોટા મુક્ત સદાય દેખે છે ને જાણે છે.' વળી એમ વિચારવું જે, 'તેમની મરજી તથા આજ્ઞા વિરુદ્ધ કાંઈ કરશું તો તે કુરાજી થશે તો આપણું બગડી જશે અને આપણે નિર્લજ્જ કહેવાશું.' એમ નિરંતર તપાસ રાખીને શ્રીજીમહારાજ અને મોટા મુક્ત જેમ પ્રસન્ન થાય તેમ આપણે વર્તવાનો આગ્રહ રાખવો.''

''ભગવાનના ભક્તને મુખ્ય તો એ કરવાનું જે મહારાજનું ધ્યાન અને પોતાના દેહના ભાવ વિસારી દઈને બ્રહ્મરૂપ-અક્ષરધામરૂપ થાવું ને શ્રીજીમહારાજની મૂર્તિમાં વળગી જવું. તેજ દેખાય તેમાં પણ અટકી જવું નહિ. એક મહારાજની મૂર્તિ વિના બીજું જોવાનો ઠરાવ રાખવો નહિ. મૂર્તિમાં ચોંટવાથી અત્યંત સુખ આવે છે, પણ તેજ સામું જોવાથી ધીરજ રહે નહિ અને મૂર્તિમાં ચોંટ્યા પછી તેજ વગેરે અનંત ઐશ્વર્ય દેખાય, પણ હરકત પડે નહિ; કેમ કે મૂર્તિમાં જોડાવાથી સામર્થી વધે છે.''

''અમે એક હરિભક્તને ધ્યાનમાં બેસાર્યા તેને તેજ બહુ દેખાણું. પછી તેણે બોલવા માંડ્યું અને ભભકારા કરી બહાર નીકળી જવા માંડ્યું.

પછી અમે કહ્યું જે, 'દેહના ભાવ છોડી દો અને મૂર્તિમાં વળગો.' પછી દેહના ભાવ ટાળી તેજમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં ચોંટ્યા ત્યારે શાંતિ, શાંતિ, સુખ, સુખ અને આનંદ, આનંદ થઈ ગયો. બહાર નીકળી જવાપણું અને અકળાવાપણું વગેરે હતું તે મટી ગયું. માટે તેજનો સમૂહ દેખાય તો તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ જોવી ને તેમાં વળગી જાવું; પણ તેજ દેખાય તે તેજમાં સુખ માનીને મૂર્તિ વિના એને જોવું નહિ; નહિ તો ઠીક ન રહે."

પછી વાંટાવદરવાળા ત્રિભુવનભાઈએ પૂછ્યું જે, "બાપા! વચનામૃતમાં પ્રગટ ભગવાન ને પ્રગટ સંત મળે ત્યારે કલ્યાણ થાય એમ લખ્યું છે તે કઈ રીતે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આજ સંત છે તે પ્રગટ છે, મહારાજ પણ પ્રગટ છે. મોટા મુક્ત બોલે તે મહારાજ પોતે બોલે છે. માટે ભાવ તથા મહિમા જોઈએ. તળાવ, ડુંગર કે ટેકરી ઉપર જઈને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહીએ તો ત્યાં પણ બોલે. જ્યાં મહારાજની મરજી હોય ત્યાં બોલે. ત્યારે કોઈ કહે જે, 'તમને કોણ કહી જાય છે?' તો અમને તો સ્વામિનારાયણ બોલાવે છે, અમે કાંઈ દેખતા-ભાળતા નથી, પણ એ બોલાવે છે; બોલનારા શ્રીજીમહારાજ છે. આવી મહારાજે દિવ્ય સ્મૃતિ આપી હોય તોપણ તેનો ભાર આવવા દેવો નહિ. દેહ તો મરો કે જીવો, પણ પોતાપણાનો ભાવ લાવવો નહિ. એવો મોટાનો સિદ્ધાંત છે તેને જાણવો જોઈએ તો સર્વે વાત હાથ આવે." ॥૫૧॥

## વાર્તા ૫૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૬) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "'મીન સ્નેહી નીર, ચંદ્ર સ્નેહી ચકોર' એમ હેતે કરી ભગવાનમાં સર્વે ઇંદ્રિયો તણાય ત્યારે ભગવાનના ભક્તમાં મોટા ગુણ આવે છે."

એક હરિભક્તે નિરાવરણ દૃષ્ટિનું પૂછ્યું ત્યારે કહ્યું જે, “ભગવાનની મૂર્તિ વિના બીજું જે કાંઈ માયિક પદાર્થ તથા દેશાંતર આદિક દેખાય અને ભીંત ને પાણી સોંસરું ચાલ્યા જવું એવી નિરાવરણ દૃષ્ટિમાં નવાણું ટકાનું જોખમ છે; કેમ કે આગળ રવાજી તથા જેસાજીને વિઘ્ન આવ્યાં. મોટા તો કેને નિરાવરણ દૃષ્ટિ કહે છે? તો એક ભગવાન તથા મુક્ત વિના માયિક પદાર્થની વિસ્મૃતિ તેને ઉપશમ અવસ્થા તથા નિરાવણ દૃષ્ટિ ખરેખરી કહે છે.”

“આજ તો સ્વામિનારાયણ ભગવાન ને તેમના મુક્ત અઢળક ઢળ્યા છે તેથી એમના જોગે સર્વે વાત સિદ્ધ થઈ જાય છે, પણ કેટલાકને વળગાડ નડે છે. તે વળગાડ અધિકારના, માનમોટપના, વિદ્યાના, ડહાપણના, એવા કંઈક જાતના છે. તે રાખશો તો આવા લાભમાં રહી જશો. આવા નૈમિષારણ્યમાં અને આવી દિવ્ય સભામાં મોક્ષનું દાન માંગવું. એ દાનનો વિધિ આવડે નહિ તો આ લોકમાં જ્યાં ત્યાં રખડે. ગઢડામાં સ્વામી હરિસ્વરૂપદાસજી કહેતા કે, ‘અમારા હાથ જુઓ.’ સ્વામિનારાયણને ઘેર અંધારું નથી. માટે સૌ નિયમ-ધર્મમાં ખબડદાર રહેજો ને મહારાજને રાજી કરજો.”

એમ કહીને પછી બોલ્યા જે, “ભગવાનના ખરેખરા ભક્ત તો એક ભગવાનને જ દેખે. તેને ખાવું, પીવું, સૂવું, બેસવુ તેની પણ ખબર રહે નહિ. બહારવૃત્તિએ એવા ન ઓળખાય.”

તે ઉપર વાત કરી જે, “ગઢપુરમાં એક સમયને વિષે સભામાં શ્રીજીમહારાજે એમ કહ્યું જે, ‘એક સાધુ તો સૂઈ જ રહે છે.’ એ સાંભળી સર્વે સાધુએ પોતાનાં અને બીજાનાં આસને તપાસ કરી જે કોણ સૂઈ રહેતું હશે? પણ કોઈ જોવામાં આવ્યું નહિ તેથી સર્વેને આશ્ચર્ય જણાણું. પછી મહારાજે હરિસ્વરૂપાનંદ સ્વામીને પૂછ્યું કે, ‘તમે શું ક્રિયા કરો છો?’ ત્યારે તેમણે કહ્યું જે, ‘પાંચ વખત કથા-વાર્તા કરું છું, ઘેલે તથા નારાયણ ઘાટે નાહવા જાઉં છું, ભંડારે ખાવા જાઉં છું એમ સર્વે ક્રિયા

કરું છું, પણ મને સાત દિવસ થયા કાંઈ આ લોકની તથા ક્રિયાની સ્મૃતિ રહેતી નથી. જો રહેતી હોય તો પરમહંસના સમ છે.' તે સાંભળીને સર્વે સભાને મહારાજે કહ્યું જે, 'જુઓ! આ સૂઈ રહ્યા કહેવાય.' એમ ભગવાનના ભક્ત ત્રણે અવસ્થામાં ભગવાનને દેખે છે, તેને ઊંઘી રહ્યા ન જાણવા; તે તો ભગવાનના સ્વરૂપમાં સદાય રહ્યા છે. એવી રીતે જે ભક્ત ભગવાનને વિષે જોડાણો છે તેના દેહની તથા વ્યવહારની સર્વે ખબર ભગવાનને રાખવી પડે છે."

તે ઉપર ઝીણાભાઈની વાત કરી જે, "ઝીણાભાઈ મહારાજની મૂર્તિમાં વૃત્તિ રાખીને ચાલ્યા જતા હતા તે દેહની સ્મૃતિ રહી નહિ. એમ ચાલતાં ચાલતાં જ્યારે કૂવાને કાંઠે આવ્યા ને જાણે હમણાં કૂવામાં પડશે, તે સમે મહારાજ ગઢપુરમાં બિરાજમાન હતા ત્યાં કમકમાટી આવી ને તરત ઝીણાભાઈને કૂવાને કાંઠેથી બાવડું ઝાલીને તાણી લીધા. તે સમે કોઈ હરિજને પૂછ્યું જે, 'હે મહારાજ! તમે કમકમાટી કેમ ખાધી?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'ઝીણાભાઈ અમારી મૂર્તિમાં વૃત્તિ રાખીને ચાલ્યા આવતા હતા તે જો અમે તેમને બાવડે ઝાલીને તાણી લીધા ન હોત તો તે કૂવામાં પડી જાત. એવું જોઈને કમકમાટી આવી.'

"તેમ ભગવાનના ભક્ત ભગવાનને વિષે એકાગ્ર વૃત્તિએ કરીને દેહની ક્રિયા તથા વ્યવહારની ક્રિયા ભૂલી જાય ત્યારે ભગવાનને તેની ખબર રાખવી પડે છે. એવી રીતે જે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખતા હોય તેવા ભક્તને ખવરાવવું, પીવરાવવું વગેરેની જે ભક્ત ખબર રાખે છે તેના ઉપર મહારાજની બહુ પ્રસન્નતા થાય છે. કોઈ સાધન એને કરવું બાકી રહેતું નથી, એવું ફળ મોટાની સેવાનું છે." ॥૫૨॥

## વાર્તા ૫૩

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૬) સવારે સભામાં કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રીએ વાત કરી જે, "મહારાજની મૂર્તિમાંથી અલૌકિક સુખ આવે છે, તે કલ્પેકલ્પ વીતી જાય તોપણ નવીન નવીન

સુખ આવે જ જાય છે. મહારાજ અને અનાદિમુક્ત અરસપરસ છે. મહારાજની મૂર્તિમાં અનંત મુક્તનાં દર્શન થાય છે એ જ મૂર્તિનું અપારપણું છે. અપારપણું એટલે સમુદ્રમાં માછલું ફર્યા કરે, પણ છેડો ન આવે; વાદળાં જમીનને અડ્યાં હોય એમ લાગે, પણ છેડો નથી; એવી રીતે મૂર્તિ નાની જણાય છે, પણ અપારપણું ઘણું છે. જેમ આકાશમાંથી વાદળાંના કોટ ઊતરે છે, પણ તે કળાય નહિ; તેમ એ મૂર્તિમાં રહેલા મુક્ત પણ ગતિમાં અકળિત છે, ચૈતન્ય મૂર્તિ છે ને પુરુષોત્તમરૂપ છે. 'ચૈતન્યરૂપ છે ભૂમિ રે, મુક્તવૃંદ તેમાં રહ્યા.'''

"એવી રીતે આ ભૂમિ પણ ચૈતન્ય છે અને જેવી અક્ષરધામમાં સભા છે તેવી આ સભા છે; કેમ જે આ સભામાં મોટા અનાદિમુક્ત બેઠા છે. જો એવા મોટા અનાદિ ન હોય તો આ સભા ગણાય નહિ. એવા મોટા મુક્તના જોગે કરોડો સુખિયા થઈ ગયા. આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વે શ્રીજીમહારાજ તથા મોટા અનાદિને લઈને છે."

"એવા મોટા અનાદિના શબ્દ જીવમાં ઉતારે તો ભાગવતી તનુ થાય છે તેથી આ બધું દિવ્ય દેખાય છે, પણ એવું અનુસંધાન અખંડ રહેતું નથી. કોકડા તૂટે ને સંધાય એમ જેને રહેતું હોય તેને તેલધારા કહેવાય નહિ ને એટલો દિવ્યભાવ પણ નહિ, તે છાનું નાસ્તિકપણું ગણાય. એનો ખટકો રાખે તો મોટા મુક્ત દયા કરીને મહારાજની સન્મુખ કરી દે એટલે પૂરું થઈ જાય. જે દીન-આધીન થઈને હાથ જોડે તેમાં રાજીપો આવે છે. જેમ નાનાં છોકરાં હાથ જોડે છે તેથી રાજીપો આવે છે તેમ. જ્યાં સુધી સત્સંગ સમજાય નહિ ત્યાં સુધી અવળા સ્વભાવ ટળતા નથી."

તે ઉપર વાત કરી જે, "લક્ષ્મીબાઈની ઓરમાન મા પુતળીબાઈ હતી, તે જ્યારે લક્ષ્મીબાઈ પૂજા કરતાં ત્યારે પુતળીબાઈ મૂર્તિને ઠેબું મારીને કહેતી કે, 'તારા ઠાકોરજી કેવા દોડે છે?' તે જોઈને લક્ષ્મીબાઈ

બહુ રોતાં. પછી પુતળીબાઈએ જ્યારે દેહ મૂક્યો ત્યારે એ પાપે જમપુરીમાં જઈ નર્કના કૂંડમાં ડબકાં ખાતી હતી. પછી મહારાજે કહ્યું જે, 'તારી મા નર્કમાં પડી છે તે દેખાડું?' પછી તેણે હા કહી તેથી દેખાડી. પછી લક્ષ્મીબાઈએ મહારાજ પાસે પ્રાર્થના કરીને તેનું કલ્યાણ કરાવ્યું. એમ મોટા મુક્ત જીવને ઉદ્ધારે છે, વાંક-ગુના જોતા નથી.''

''આ સત્સંગ તો કલ્પતરુ છે એમ જાણ્યા વિના સત્સંગી અથવા સાધુને વેષધારી સમજી બેસીએ તો કાંઈ ફળ ન મળે. આ સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે, આ સભા અક્ષરધામની છે. માટે પક્ષાપક્ષીથી અવળું ન સમજતાં સર્વે દિવ્ય છે એમ જાણવું. મહારાજે સમ ખાધા છે કે, 'બધાય મુક્ત છે, તેજોમય છે તેમ હું સર્વેને દેખું છું.' કોઈ કહેશે કે, 'અમારું ગામ ભિખારી છે', ત્યારે જાણવું જે એનો ભાવ એવો છે; કેમ કે નગરશેઠ તથા શાહુકાર પણ ગામમાં હોય, પણ પોતાના ભાવ ભિખારી તેથી એમ ભાસે છે. મહારાજ દિવ્ય છે, સત્સંગી દિવ્ય છે, એમ આ સત્સંગ તુલ્ય કોઈ નથી.''

''રાજાના કુંવરને કોઈ એમ નહિ કહે કે આ રાજા નથી; તેમ સંતને જમાડ્યા, ધોતિયાં ઓઢાડ્યાં, સત્સંગીને રાજી કર્યા, તેનું ફળ મહારાજની પ્રસન્નતારૂપ થયું એમ જાણવું. જેમ અગ્નિમાં સરપટાં નાખીએ તો અગ્નિરૂપ થઈ જાય તેમ મહારાજ તથા મોટા મુક્તમાં આત્મબુદ્ધિ થાય તો કામ થઈ જાય.''

''આપણે બધેય દિવ્યભાવ જોવો. લીલા બધી અલૌકિક છે એમ જાણે તો અતિ લાભ થાય, નહિ તો પોતાને નુકસાન છે. કોઈના દેહ-સ્વભાવ જોવા નહિ; નહિ તો ઠીક ન પડે. સત્સંગમાં પહેલું પોતાનું તપાસવું. પ્રસંગે કહેવું-કથવું પડે, પણ દિવ્યભાવમાં રહીને કહેવું તો પોતે સુખિયા અને બીજા પણ સુખિયા રહે. બીજાને શિખામણ દેતાં પોતામાં રજ, તમ આદિક ગુણ લાવે તો પોતાનું બગાડે. કદાપિ કહેવું પડે તો શુદ્ધ સત્ત્વગુણમાં રહીને કહેવું. શુદ્ધ સત્ત્વગુણ દિવ્ય છે. અને

મલિન સત્ત્વગુણ માયિક છે. જેમ કાળા નાગની ફેણ ચંદનને વીંટાવાથી વિખ જતું રહે છે તેમ મહારાજને વિષે દિવ્યભાવે જોડાવાથી દિવ્ય થઈ જવાય છે.''

''આપણે કેના રાજ્યમાં છીએ? તો અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણના રાજ્યમાં છીએ. વડોદરાના રાજ્યમાં ભિખારણ જઈ બેસે તો તેને કેટલો કેફ વર્તે? તેમ આપણને પુરુષોત્તમનારાયણ જેવા પતિ એટલે અવિનાશી વર મળ્યા એમ જાણી આનંદના સમુદ્રમાં ઝીલવું. આ વખત બહુ સારો છે, આ દિવ્ય મૂર્તિનાં દર્શને આનંદ, સ્પર્શે આનંદ, સેવાએ આનંદ, પ્રસન્નતાએ આનંદ, વાયુ ઉપર થઈને આવે તોપણ આનંદ; એમ મહારાજના સર્વે સંબંધે આનંદ આનંદ અને આનંદ!''

પછી બાપાશ્રીએ એમ વાત કરી જે, ''મોટા મુક્ત મહારાજ વિના એક ક્ષણ માત્ર પણ જુદા રહેતા નથી.''

તે ઉપર વાત કરી જે, ''એક વખત મુક્તાનંદ સ્વામી પાસે સંત-હરિભક્ત ફરતા બેઠા હતા. ત્યારે સ્વામી વાતચીત કરતા નહોતા, કેમ કે અવસ્થાને લીધે બહુ બોલાતું નહિ. એવામાં દેવાનંદ સ્વામી પાસે થઈને નીકળ્યા. તેમને એમ સંકલ્પ થયો જે, 'સ્વામી તો પોઢી રહ્યા છે અને કાંઈ વાતચીત તો કરતા નથી, તોપણ હરિભક્તો શા સારુ બેસી રહ્યા હશે?' તે સમે દેવાનંદ સ્વામીને એમ જણાણું જે એક કોરે અક્ષરધામના મુક્તની સભા ભરાઈને બેઠી છે અને એક કોરે ભરતખંડમાં રહ્યા જે મુક્ત તેની સભા ભરાઈને બેઠી છે. એવું મહારાજની ઈચ્છાથી જણાણું. તેથી દેવાનંદ સ્વામીને એમ થયું જે, 'અહોહો! આવા મોટા અનાદિ બેઠા હોય ત્યાં મહારાજ તથા અનંત મુક્ત બિરાજે છે.' ભગવાન વિના આવા મુક્ત ક્ષણમાત્ર પણ જુદા રહેતા નથી. માટે મોટા વાત કરે અગર ન કરે તોપણ તેની છાયામાં અપાર સુખ રહ્યું છે. તે મોટા કેવા છે? તો મહા અનાદિમુક્ત છે,

મહારાજના મહિમારૂપી જે રસ તેનું પાન કરાવે છે ને કારણ સ્વરૂપની દૃઢતા કરાવે છે ને મૂર્તિના સુખનું અપારપણું સમજાવે છે. જીવ જેમ જેમ સમાગમ-સેવા કરતો જાય, મોટા અનાદિને વિષે દિવ્યભાવ લાવતો જાય, તેમ તેમ પાત્ર પણ થતો જાય. મોટા તો પુરુષોત્તમ ભગવાનના લાડીલા મુક્ત છે.''

એમ વાત કરીને સૌને મૂર્તિમાં રાખવાનો આશીર્વાદ દીધો. ॥૫૩॥

## વાર્તા ૫૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૬) બપોરે મેડા ઉપર લાલુભાઈ, હીરાભાઈ આદિ હરિભક્તોને સ્વામી વૃંદાવનદાસજી વાતો કરતા હતા કે, ''આ ફેરે બાપાશ્રીની દયા તમારા ઉપર અતિ ઘણી છે. બાપાશ્રીનો ઠરાવ એવો છે જે સૌને મૂર્તિના સુખભોક્તા કરવા. તમારાં તો અમને બહુ મોટાં ભાગ્ય જણાય છે; કેમકે કેટલાય હરિભક્તો દેશોદેશમાં સંભારે છે, પ્રાર્થનાઓ લખે છે, તેમ કેટલાકને વચન આપ્યાં છે કે આ ફેરે તમારે ગામ જરૂર આવીશું. તે સર્વેને જાગૃત, સ્વપ્નમાં દર્શન દઈ તાણ પૂરી કર્યાના કાગળો આવે છે. તમને તો વગર માગે સુખ મળે છે તે બહુ મોટું છે. આ બાપો ક્યાંથી! બાપાશ્રી આ વખતે વાતો બહુ કરે છે. એમનો સિદ્ધાંત એ છે કે જે સૌને શ્રીજીમહારાજની મૂર્તિમાં રાખવા. સાધનના બળે મૂર્તિમાં રહેવાતું નથી, એમાં તો કેવળ કૃપા જોઈએ.''

એ રીતે મહિમાની વાતો થતી હતી ત્યાં બાપાશ્રી ઠાકોરજીને જમાડીને આવ્યા. ત્યારે હરિભાઈએ કહ્યું જે, ''બાપા! સૌ તમારી વાટ જુએ છે.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું કે, ''છેટું રહેવાનું હોય ત્યાં સુધી વાટ જોવાની રહે ખરી; મૂર્તિમાં તો બધાયને ભેળા રહેવાનું છે.''

એમ કહીને બોલ્યા જે, ''હરિભાઈ! જીવના વાંક, ગુના ને પાપ એટલાં બધાં હોય છે કે કોણ જાણે કેટલાય જન્મ લેવા પડે તોય આરો ન આવે. એવા ગુના આજ મહારાજ અને મોટા શરણે આવે એટલામાં

માફ કરી દે છે. કેમ સાચી વાત લાગે છે ને?"

ત્યારે હરિભાઈ કહે, "હા બાપા! સાચી વાત લાગે છે. આપે કૃપા બહુ કરી છે." તે ટાણે વાંટાવદરવાળા ત્રિભુવનભાઈ ને તેમનો નાનો દીકરો રાઘવજી દર્શને આવ્યા, દંડવત કરી જય સ્વામિનારાયણ કહ્યા, તેના પર બાપાશ્રીએ હાથ મૂકીને રમૂજ કરી કે, "છોકરા! રૂપિયા ખપે?" ત્યારે તે કહે, "હા બાપા." પછી કહ્યું જે, "કેટલા?" ત્યારે તે રાઘવજી કહે, "બે-ચાર."

ત્યારે પોતે એમ બોલ્યા જે, "જુઓ તો ખરા! એક-બે નહિ ને પાધરા બે-ચાર; આવું કામ છે. આ સમયમાં કળિયુગ એવો છે જે નાનપણથી જ વાસના ઉદય થઈ જાય છે." ॥૫૪॥

## વાર્તા ૫૫

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૬) રાત્રે સભામાં બાપાશ્રીએ વાત કરી જે, "ભાગવત ધર્મ છે તેણે કરીને ભાગવતી તનુ બંધાય છે; જેમ જળ પાવાથી ફળફૂલ વગેરે બંધાય છે તેમ. માટે એ ધર્મમાં એવી મોટપ છે. શ્રીજીમહારાજની મોટાઈ જાણીને મહિમાએ સહિત ભક્તિ કરતો જાય, તો બાકી શું રહે! માટે દાસપણું રાખવું ને મૂર્તિનો રસ લેવો. જો હુંપણું આવી જાય તો સ્વામિનારાયણ ભગવાન રાજી થાય નહિ. જગતમાં હોલો બેસે તો કેડો ભાંગી જાય એમ કહે છે, તેમ હુંપણું એ સત્સંગનો હોલો છે. તે આવે તો જરૂર ભૂંડું કરે; માટે કોઈ જાતનું હુંપણું આવવા દેવું નહિ. જો હુંપણાની માનીનતા આવી જાય અને કોઈનો અભાવ લેવાય તો કેડો ભાંગી દે, માટે સત્સંગમાં દાસપણું રાખવું. દાસપણું રાખવામાં બહુ સુખ છે."

"મહારાજ કહે છે કે, 'વૈકુંઠ, ગોલોક આદિક ધામથી આ સભા અધિક છે.' શ્રીજીમહારાજે સર્વ ધામને એકઠાં કરીને પોતાના સંત-હરિભક્તોનો મહિમા અધિક કહ્યો છે. અને સૌથી પર સુખ આપ્યું છે તે સુખ ભોગવવું; પણ દુઃખમાં દોટ ન દેવી. સાધનથી પાર આવે તેમ

નથી. વૈરાગ્ય વગેરે સાધન બિચારાં શું કરે! વૈરાગ્ય તો આ વૃક્ષને પણ છે તે સો વર્ષે પણ પાણી માગશે નહિ, કોઈ કાપશે તો બોલશે પણ નહિ; તેથી કાંઈ સિદ્ધિ નથી.''

''શ્રીજીમહારાજે પોતાના મોટા મુક્તનો મહિમા ઘણો કહ્યો છે જે, 'અમારા અનાદિમુક્ત સત્સંગમાં જશે તો મનવારો ભરી ભરીને લાવશે. એ શી રીતે? તો જે તેમની નજરે પડશે, તેમની સાથે હેત રાખશે, તેમનો જોગ કરશે, તેમને હાથ જોડશે તે બધાયનું આત્યંતિક કલ્યાણ થશે.' માટે કાળ-કર્મથી છૂટવા એવા મોટાને વળગી પડવું. આ તો સર્વે દિવ્ય વસ્તુ છે. આવો જોગ મળ્યા છતાં બીજા ધોડા કરાય તે ઠીક નહિ. મહારાજ અને મોટાનો સિદ્ધાંત તો એવો છે જે જેને અમારો જોગ થાય તેને અઠે દ્વારકા કરી દેવું અને દિવ્યભાવે સુખ લેવું. મહારાજ અને મોટા અનાદિ જેમ કરતા હશે તેમ ઠીક જ કરતા હશે.''

પછી એમ બોલ્યા જે, '''હરિ કૃપા જબ હોત હે સૂઝત અપના દોષ.' તેમ આપણને પોતાના દોષ માલમ પડે ત્યારે એમ જાણવું જે કાળો નાગ મરેલો પડ્યો છે; તે મરેલાનો પણ ભય રાખવો એટલે પાછું શૂરવીરપણું રાખવું, ઘાટ-સંકલ્પ જોઈને હારી જવું નહિ. મહારાજ અને મોટાને પ્રાર્થના કરવી ને મહારાજનું વચન લોપાય નહિ તેમ વર્તવું.''

''કોઈ વાતે નિશ્ચયમાં કસર રાખવી નહિ. મહારાજ ને મોટાનો મહિમા સમજીને એમને વિષે દિવ્યભાવે જોડાવું. મોટા અનાદિને હાથ જોડે એટલામાં ઘાટ-સંકલ્પ થતા હોય તે બળી જાય. પ્રગટ હોય કે દૃષ્ટિગોચર ન હોય તોપણ અંતર્વૃત્તિએ હાથ જોડવા; કેમકે મહારાજ અને મોટા અનાદિ તો સર્વે જાણે છે તેથી સહાયમાં રહે. શ્રીજીમહારાજની જોડે એવા મુક્તને ધારવાથી હેત વધારે થાય છે.

''સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજનું ધ્યાન છે, તે વિના કારણ દેહ બળે નહિ. જો આપણે ધ્યાન કરવા માંડીએ તો મહારાજ ને મોટા તુરત સહાયમાં ભળે. સત્સંગમાં હજારો-લાખો મુક્ત છે તે બધાય

સહાયમાં છે. મહારાજ સત્સંગની વહારે ચડ્યા છે તેથી સંપ્રદાયની સારી સ્થિતિ રહે છે. મહારાજ અને મોટાનો પ્રતાપ જોઈએ તો બહુ જબરું સમજાય. એટલું તો સમજવું જે ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મહા અનાદિમુક્તોએ શ્રીજીમહારાજની સંપ્રદાય બાંધી છે; માટે આપણે એ સંપ્રદાયની સેવા કરવી. અમારો તો સંકલ્પ એવો છે કે સર્વેનું મહારાજ સારું કરે. જીવને પોતાની ખોટ ઓળખાય એટલે પૂરું થયું જાણવું. અહિંસા, નિયમ, ધર્મ પાળવા, આજ્ઞા પાળવી, પણ કોઈ દુઃખાય એવો તો સંકલ્પ પણ કરવો નહિ. અમારે તો કોઈને મૂકવા નથી; ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડવા છે. જગતના જીવ હાથ ઝાલે તે પણ મૂકતા નથી તો અમે કેમ મૂકીશું?'' ॥૫૫॥

## વાર્તા ૫૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૬) રાત્રે મેડા ઉપર આસને બાપાશ્રીએ વાત કરી જે, ''મહારાજનું ધ્યાન ખટકો રાખીને કરવું, સંકલ્પરૂપી ગઠિયાનો વિશ્વાસ કરવો નહિ. ધ્યાન કરીને અંતર્વૃત્તિ કરીએ તો તેજ દેખાય ને તે તેજના ઝબકારામાં મૂર્તિ દેખાવા માંડે એટલે સભાએ સહિત મુક્તોથી બ્રહ્માંડ ઠસાઠસ ભરેલું છે એવી રીતે જોડાવું. એક કલાક બેસવા ધાર્યું હોય તો બે કલાક થઈ જાય એમ કરવું. આપણાથી લાખ મણનો પત્થર ઊપડતો ન હોય, પણ મોટા મુક્ત હાથ દે તો ઊપડે; તેમ ધ્યાનથી સુખિયા થવાય છે. કારણ મૂર્તિનું ધ્યાન કર્યા વિના ચાલોચાલથી સુખ ન આવે. આ દિવ્ય સભા સંભારશો તો મોટાની સહાયતાથી એ વાત સિદ્ધ થશે. તે શ્રીજીમહારાજે પ્રથમ પ્રકરણના ૩૪ા વચનામૃતમાં કહ્યું છે કે, 'જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી જેથી ભગવાન સાંભરે.'''

એમ કહીને સભાનો દિવ્યભાવ જણાવ્યો ને કહ્યું જે, ''સો કાળ સામટા પડે, પણ ભાવ ઓછો થવા દેવો નહિ. કોઈનું કર્યું કાંઈ થતું નથી. આવી રીતે સમજે ત્યારે જ કૃપાપાત્ર થવાય. પાત્રની

તારતમ્યતાએ અધિક-ન્યૂન સુખ આવે છે. જેને અખંડ મૂર્તિ દેખાય એ કૃપાપાત્ર કહેવાય અને સુખ પણ ત્યારે જ આવે. તેમાં મોટા અનાદિના આશીર્વાદ ને દયા જોઈએ. અમો ખેતર ખેડીએ, ખાતર પૂરીએ, પાણી પાઈએ વગેરે પ્રયત્ન કરીએ, પણ ફળપ્રદાતા શ્રીજીમહારાજ છે. કેટલુંક પુરુષપ્રયત્ને થાય છે ને કેટલુંક ભગવાન અને ભગવાનના મુક્તની દયાથી કામ થાય છે એ જાણવું જોઈએ. પુરુષપ્રયત્ન ન કરે તો મોટા અનાદિને વિષે દિવ્યભાવ ન આવે. કેટલાક અમદાવાદ, ભુજ, ગઢડા, વડતાલ આદિ બધે ફરી આવે, પણ મોટા મુક્તને ઓળખ્યા વિના ને જોગ-સમાગમ અને સેવાએ રાજી કર્યા વિના પાત્ર થાય નહિ.''

''વીજળીના ઝબકારા કાયમ રહેતા નથી; તેથી આ ઝબકારામાં મોતી પરોવી લેવું. પાત્ર થઈને મોટા અનાદિની વાતો ઝીલીને જીવમાં ઉતારે તો પુષ્ટિ બહુ થાય છે ને ભાગવતી તનુ બંધાય છે. જેમ હાંડીનું આવરણ ભેદીને પ્રકાશ થાય છે ત્યારે હાંડી પણ પ્રકાશમય થઈ; તેમ દિવ્ય દેહ થાય તો આ સમજાય. આ તો સાકરનું નાળિયેર એટલે દિવ્ય મૂર્તિને લઈને બધુંય દિવ્ય. આ મંદિર આંહી કર્યું અને પ્રતિમા માંહી પધરાવી એટલે મંદિરને પણ કલ્યાણકારી દિવ્ય જાણવું. આપણને મહારાજ અને મોટાનો જોગ થયો એ કાંઈ થોડી વાત નથી. જેમ વૃક્ષમાં ગુણ છે, જળમાં ગુણ છે, તેમ મહારાજ તથા મોટા અનાદિમાં ગુણ છે. એમ મહિમા સમજી ધ્યાન કરવું, માળા ફેરવવી, સત્સંગમાં દિવ્યભાવ લાવવો એ બધું પાત્ર થયાનું કારણ છે. એવો પાત્ર થાય ત્યારે મહારાજ અને મોટા અનાદિની સંપૂર્ણ કૃપા થાય. આ વચનામૃતનો મુદ્દો છે. બીજાં શાસ્ત્ર બાર ને બાર ચોવીસ વર્ષ સુધી ભણે, પણ કારણ મૂર્તિ હાથ ન આવે. માટે આવું દિવ્ય ભણતર આવા મોટા મુક્ત પાસેથી શીખવું.''

પછી એમ બોલ્યા જે, ''વચનામૃત અને ભક્તચિંતામણિ આદિ સત્શાસ્ત્ર, શિક્ષાપત્રી, ધર્મામૃત, નિષ્કામશુદ્ધિ આદિ આજ્ઞા, સત્ એવો જે આત્મા તથા સત્ એવા પરમાત્મા જે ભગવાન શ્રીજીમહારાજ એ ચાર વાતો સિદ્ધ કરે તે સત્સંગી કહેવાય. હવે સત્સંગી થયો, પણ દેવ

પધરાવવા જોઈએ. તે મોટા અનાદિમુક્ત પધરાવે છે. મોટાના આશીર્વાદના શબ્દે કરીને ભગવાન આવે છે. એવા મોટા અનાદિ સત્યસંકલ્પ છે.''

''જુઓને! વચનામૃત વંચાય છે તેમાં કેવળ શ્રીજીમહારાજનો અમૃતરસ ચાલ્યો આવે છે. તે અમૃતરસ પાન કરનારા સર્વે મહામુક્ત છે. આ સભામાં એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ બધાય છે. આપણે આ સભા મહારાજની મૂર્તિમાં જોવી. મુક્ત મૂર્તિમાં સળંગ રહ્યા છે, રસબસ રહ્યા થકા સુખ ભોગવે છે. મહારાજ દાતા અને મુક્ત ભોક્તા એમ સ્વામી-સેવકપણું રહે છે. મુક્ત મૂર્તિમાં રહે એટલે આધાર મહારાજ થયા ને સેવકપણું મુક્તને દૃઢ થયું. પછી તો એને મૂર્તિ વિના કાંઈ છે જ નહિ. અનંત મુક્ત એ રીતે મૂર્તિમાં રસબસ રહી સુખ ભોગવે છે.'' ॥૫૬॥

## વાર્તા ૫૭

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૭ને રોજ સવારે નિત્યવિધિ કરીને બાપાશ્રીએ લાલુભાઈ સામું જોઈને સંતોને કહ્યું કે, ''આ અમારા વિશ્વાસી. જેમ કહો તેમ હા બાપા! વચનમાં વિચાર કે તર્ક નહિ. મહારાજ આવા વિશ્વાસીને વશ થઈ જાય છે. આ ટાણે સંત પણ એવા આવ્યા છે તે ઠેઠ મૂર્તિમાં મૂકી દે છે. કેમ લાલુભાઈ!'' ત્યારે લાલુભાઈ કહે, ''બાપા! આપ કહો છો એવા જ સંત છે.''

પછી બાપાશ્રીએ કહ્યું જે, ''આ સદ્‌ગુરુ, આ પુરાણી તથા આ સંત રાત ને દિવસ મહારાજને રાજી કરવામાં તત્પર રહે છે, અનેક જીવને અભયદાન આપી મૂર્તિના સુખમાં મૂકી દે છે, નિત્ય નવા બ્રહ્મયજ્ઞ કરે છે, અમૃતના મેહ વરસાવે છે, કંઈકને ન્યાલ કરે છે. એમનો દિવ્યભાવ આવે તો કાંઈનું કાંઈ કામ થઈ જાય. આત્યંતિક મુક્તિ આજ આવા સંતના પ્રતાપે સુગમ છે. મહારાજ કહે છે કે, 'તમ જેવા ધર્મ-નિયમવાળા સંતની વાત જ જુદી છે' એવા આ સંત છે. પણ

દેહાભિમાની જીવ આવી વાત ન સમજી શકે. શ્રીજીમહારાજને રાજી કરવા જેણે સત્સંગ કર્યો છે તેને તો આવા મોટા સંત ને આવા અનાદિ તે જેવા છે તેવા ઓળખાય. આ તો બહુ જબરી પ્રાપ્તિ થઈ છે. વિચારી જુએ તો ખબર પડે જે આવા ધન-સ્ત્રીના ત્યાગી સંત કોઈ બ્રહ્માંડમાં નથી. માટે સર્વેને દિવ્ય સમજવા જેથી કોઈનો અપરાધ થાય નહિ. શુભ વાતોનું મનન કરવું, પણ નબળી વાતોનું મનન કરવું નહિ. મોટા અનાદિની છાયામાં ઘાટ-સંકલ્પ બંધ થઈ જાય છે. એવો મહિમા ન હોય તો ઠાકોરજી પાસે પણ વઢવેડ કરે અને કોઈને શિખામણ દેતાં પોતાને ગુણ આવી જાય તો મહારાજને ભૂલી જવાય. શ્રીજીમહારાજને સાથે રાખીને જે કાંઈ થાય તે ખરું. પર્વતભાઈના ગામની ભાગોળે માતરો ધાધલ ગયા ત્યાં અંતઃકરણમાં સત્ત્વગુણ વરતાયો.''

ત્યારે નારાયણપુરવાળા ધનજીભાઈએ પૂછ્યું જે, ''બાપા! માતરા ધાધલને સત્ત્વગુણ વરતાયો તે શું?''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''માતરા ધાધલનો બાપ ધીંગાણામાં મરાણો હતો. પછી તેને લોકો મેણાં દેતા કે, 'તું મોટી મોટી વાતો કરે છે, પણ તારા બાપનું વેર તો લઈ શકતો નથી.' એમ લોકોના મેણાંથી તેને મનમાં બહુ ખેદ રહેતો. પણ મહારાજનાં દર્શન કરવા જાય ત્યારે મહારાજ તેના અંતરનું જાણીને વાત કરે તેથી એ વિચાર સમાઈ જાય. પાછો ઘેર આવે ત્યારે તેના ભાઈબંધ જે શૂરવીર હતા તે કહેતા કે, 'માતરા! મોટી મોટી મૂછો રાખીને ફરે છે, પણ જીવતર શું જીવે છે! તારા બાપને બહારવટિયાએ મારી નાખ્યો તે ભેળો તને ઝટકાવી નાખ્યો હોત તો અમને દાઝ તો ન થાત. હવે તો તું તારા બાપ વાંસે મર, કાં તો તારા બાપને મારનારનું માથું ઉતાર. અમને લાજ આવે છે, પણ તને કેમ કાંઈ થતું નથી? તને ખાવું કેમ ભાવે છે? સાચો શૂરવીર હો, તો મરીને પાળિયો થા, કાં જીવીને જશ લે. અમને તો બહુ શરમ આવે છે.' એમ કહે ત્યારે પાછું ચાનક ચડી જતું.''

“પછી એક વખત તેના ભાઈબંધોને સાથે લઈ વેર લેવા જવાનું નક્કી કર્યું. હવે માતરા ધાધલને એમ થયું જે મરવું કાં મારવું, પણ ગઢડે મહારાજનાં દર્શન કરીને જવું એટલે મરીએ તોય ફિકર નહિ. આમ વિચાર કરી તૈયાર થઈ ગઢપુર ગયા. ત્યાં મહારાજનાં દર્શન કરી દંડવત કર્યા. ત્યારે મહારાજે અજાણ્યા થઈને કહ્યું કે, ‘માતરા ધાધલ! આ ફેરે તો સંઘ લઈને દર્શને આવ્યા?’ ત્યારે તેણે પોતાની વાત વિસ્તારીને કરી. શ્રીજીમહારાજે તેનો અતિ વેગ જોઈને કહ્યું જે, ‘ભલે જાઓ, પણ પહેલાં અગત્રાઈ જજો, ત્યાં અમારા મોટા મુક્ત પર્વતભાઈ છે. તેમનાં દર્શન કરીને જશો તો તમારી જીત થશે ને દર્શન વિના જશો તો પરાભવને પામશો.’”

“એવું સાંભળી માતરો ધાધલ મનમાં રાજી થયા ને જાણ્યું જે પર્વતભાઈનાં દર્શન કરીને જઈશું તો તેમાં બે લાભ છે. એક તો મોટા મુક્તનાં દર્શન થશે અને બાપનું વેર પણ લેવાશે. એમ વિચાર કરી ભાઈબંધોને સાથે લઈ ત્યાંથી ચાલ્યા, તે વાટમાં ટીમણ કરતાં કરતાં ત્રણ-ચાર દિવસે સવારે અંધારામાં અગત્રાઈ પહોંચ્યા. ત્યાં સૌએ ગામ બહાર ઉતારો કર્યો. માતરો ધાધલ કહે, ‘આપણે ત્રણ દિવસ થયા ટીમણ કરીએ છીએ તેથી આજ આપણે રસોઈ કરી જમવાનું કરીએ. હું ગામમાં પર્વતભાઈનું ઘર ગોતી, તેમને મળી, સીધું-સામાન લઈ આવું.’

“એમ કહી તે ચાલ્યા. ત્યાં ગામની ભાગોળે જ પર્વતભાઈ સામા મળ્યા તે હાથમાં લોટો, અડધું ધોતિયું પહેરેલ, અડધું ઓઢેલ એવા જંગલ જવા નીકળ્યા હતા. તેમને પૂછ્યું કે, ‘આ ગામમાં પર્વતભાઈ રહે છે તેમનું ઘર ક્યાં હશે? ત્યારે કહ્યું કે, ‘હું જ પર્વતભાઈ છું, તમારે શું કામ છે?’ તરત જ માતરો ધાધલ દંડવત કરી મળ્યા અને કહ્યું જે, ‘હું અહીં ઊભો છું; તમો બહાર જઈ આવો; મારે તમારી સાથે વાત કરવી છે.’ પછી પર્વતભાઈ બહાર જઈ આવ્યા એટલે સાથે સાથે ઘેર ગયા ને પર્વતભાઈએ નાહી પૂજા કરી ત્યાં સુધી બેઠા. પછી બધી વાત કરી જે, ‘અમે આ કામે જઈએ છીએ. મહારાજે તમારાં દર્શન

કરી જવાનું કહ્યું છે.'"

"પર્વતભાઈ તો મહારાજની મરજી સદાય જાણતા તેથી માતરા ધાધલને પોતાની પાસે મોકલવાનું કારણ એમનું અજાણ્યું ન હતું. તેથી કહ્યું જે, 'તમે ઠીક કર્યું. ખરા દીકરા હોય તે બાપનું વેર લે જ, પણ એક બાપનું વેર લીધે વેર વળ્યું ન કહેવાય. આ જીવે ચોરાસી લાખ જાતના દેહ ધર્યા તેમાં અનેક બાપ થયા છે. તેમાં કોઈ મોતે મર્યા હોય અને કોઈ કમોતે મૂઆ હોય. એ બધાયનું વેર લેવાય તો વેર વળે.' એમ કહી મહારાજના ઐશ્વર્ય-પ્રતાપની તથા આજ્ઞાની વાતો કરવા માંડી તેથી તેને વેર લેવાના અંકુર બળી ગયા."

"પણ મોડું બહુ થયું તેથી સાથે આવેલા માણસો પર્વતભાઈનું ઘર પૂછતાં પૂછતાં ત્યાં આવી વઢવા લાગ્યા કે, 'અમે ભૂખ્યા ને ભૂખ્યા તારી વાટ જોઈ જોઈને થાકી ગયા અને તું તો અહીં જ બેસી રહ્યો. તેં ધાર્યું છે શું?' પછી તેને સીધું-સામાન લઈ જમાડ્યા ને કહ્યું કે, 'હવે મારે મારા બાપનું વેર લેવા જવું નથી.' એમ સમજાવી સૌને પાછા જવા કહ્યું, ત્યારે તેના ભાઈબંધ કહેવા લાગ્યા જે, 'અરે ફોશી! અહીં આવીને ફસકી ગયો! અમે ગામમાં જઈને લોકોને મોઢું શું દેખાડશું?'"

"એમ ઘણા તિરસ્કારનાં અને ચાનક ચડાવવાનાં વચન કહ્યાં, પણ પર્વતભાઈનાં દર્શન, સમાગમ ને કૃપાથી તેના અંતરમાં ગુણના વેગને લીધે જે ઉદ્વેગ હતો તે નિવૃત્ત થઈ ગયો. પછી તેના ભાઈબંધ ખિજાઈને દાઝે બળતાં, જેમ તેમ બોલતાં બોલતાં ચાલ્યા ગયા."

"પછી માતરે ધાધલે બે મહિના રહી પર્વતભાઈનો જોગ-સમાગમ કર્યો ને બહુ રાજી થયા ને મહારાજે 'દર્શન કરી જવાથી જીત થશે' એમ કહેલું તે વાત સમજાણી. પછી ગઢપુર આવી મહારાજનાં દર્શન કર્યાં. ત્યારે મહારાજે કહ્યું કે, 'આવો માતરા ધાધલ! તમારા બાપનું વેર લઈ આવ્યા?' ત્યારે તેણે પર્વતભાઈના પ્રતાપની અને મોટ્યપની વાતો કરી જેથી મહારાજ રાજી થઈને બોલ્યા કે, 'જોયું!

અમારું હથિયાર કેવું? પર્વતભાઈ તો અમારા અનાદિમુક્ત છે અને તે તો અમારું હથિયાર છે.' એમ મોટાના જોગથી બહુ ભારે કામ થાય છે.''

''એક વખત ધ.ધુ. આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જામફળી નીચે પોઢેલા હતા. ત્યાં ઝાડ ઉપરથી જામફળ પડ્યું, તે સુધારી ઠાકોરજીને જમાડી એક ચીર હરિભક્તને આપી તે પ્રસાદી જમતાં તે ભક્તને અલૌકિક દિવ્યભાવ આવ્યો. ત્યારે તે ભક્ત એમ બોલ્યો જે, 'આ તો ભગવાન છે.' ત્યારે સંતોએ કહ્યું જે, 'આ તો આચાર્યજી મહારાજ છે.' એમ મોટાને દર્શને તથા પ્રસાદી જમવે કરી એવો દિવ્યભાવ આવે છે. કમળના ફૂલને જેમ પાણીનો પાસ અડે નહિ તેમ ઉત્તમ પુરુષને વ્યવહાર અડે નહિ.''

તે ઉપર ભોજા ભક્તની વાત કરી.

પછી એમ બોલ્યા જે, ''મલિન અંતઃકરણ હોય તો ભૂત, પ્રેત, ભિખારાં બધાંય નડે. સ્વામિનારાયણ પધરાવી દીધા હોય તો એ કોઈ આવે જ નહિ. પંચભૂતનો જે દેહ તે બ્રહ્મરાક્ષસ છે તે કાંઈ ને કાંઈ માગ્યા જ કરે છે. મરચાં માગે, ગોળ માગે, ધાણાજીરું માગે એવા સ્વાદ માગે, પણ તેને આપણે નવરો મેલવો નહિ. જો ભગવાનમાં જોડી દઈએ તો એ કામ કરી આપે; માટે તે ભૂતને વશ કરવું. આ ટાણે સત્સંગમાં એ બધો વખત છે, જોગ છે અને આવા સંત સમજાવનાર છે, પણ જીવ મોટાને ઓળખે નહિ અને પોતાની મહત્તા જણાવે એટલે કાંઈ કામ થાય નહિ. માટે ગુમાસ્તા થઈને રહેવું.''

''મહારાજ કહે છે કે, 'મરેલાને પહોંચીએ, પણ જીવતાને ન પહોંચાય.' જેમ કોઈકને ભૂત વળગ્યું હોય અને વળી પાછો બાધા રાખે, વળી કામણ-ટૂમણ કરે એને કેમ પહોંચાય! એ કરતાં તો વાસનિકને એક સંકલ્પ માત્રે દુઃખમાંથી છોડાવી દઈએ. જેમ હાથીને માવત કબજામાં રાખે છે તેમ આ દેહરૂપ ભૂતને કબજામાં રાખવું. કોઈ ખરેખરો

ગોળી ભરીને ઊભો રહે તો પચાસ માણસ સામા આવ્યા હોય તોપણ ભાગી જાય. માટે ગોળી ખરેખરી ભરવી; ખાલી બંદૂક લઈને ઊભા ન રહેવું. મંદવાડ હોય અને માથામાં લોઢાના ગોળા મારે એથી કાંઈ દુઃખ ઓછું થાય? ન જ થાય. માટે અવળા ઉપાય ન કરવા.''

''મહારાજ અને મોટાના આશરે સુખિયા રહેવું, પણ જાણીને દુઃખમાં પગ ઘાલવો નહિ. આવો જોગ છે તોપણ જીવ બહુ દુઃખિયા છે. કેટલાક તો એમ કહે છે કે મારે કોઈ નથી તેનું શું કરવું? માળામાં જેમ દોરો સળંગ છે તેમ માન, અપમાન, જાગૃત, સ્વપ્ન વગેરેમાં મૂર્તિ મુખ્ય રાખવી. પ્રથમ મોટા મોટા સંતનાં કરડાં વર્તમાન કેવાં હતાં? ઠરાવ એવો રાખવો. વાછરડું કૂદકા મારતું જાય તો પગ ભાંગી જાય. માટે મહારાજની આજ્ઞા પાળવામાં યુક્તિ ન કરવી.

''મોટા મુક્ત તો બહારનો વ્યવહાર બધો કરે, પણ મૂર્તિને તો જાળવે અને બીજાને પણ એ મૂર્તિનું સુખ આપે. પણ જીવમાં મંદવાડ છે તેથી એ સમજાતું નથી. મંદવાડમાં લાડુ હોય તે ઝેર જેવા લાગે અને ભજિયા, ફાફડા ને વડાં ભાવે; પણ જો સાજો હોય તો માલપૂઆ, લાડવા ને શીરો જમે ને પાંચ મણનો પથ્થર પણ ઉપાડે. શીરો ખાવા માંડે તો રોગીને ન ફાવે; તેમ પરભાવની વાતો મહારાજ ને મોટાનો મહિમા ન સમજ્યા હોય તેને ન ગમે. દોરડું હાથમાં રાખીને સમુદ્રમાં પડવું; તેમ શાસ્ત્ર છે તે સમુદ્ર છે, માટે મહારાજની મૂર્તિરૂપી દોરડું છોડવું નહિ.'' ॥૫૭॥

## વાર્તા ૫૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૭) પછી બાપાશ્રીએ વાત કરી જે, ''કોઈનું સંપેતરું પહોંચાડવું હોય અને કોઈ પરબાર્યો જમી જાય તેમ જેને દેહ ને જીવ જુદા છે એવી વિક્તિ નથી તેવા જીવનું જ્ઞાન ઇંદ્રિયો બારોબાર વાપરી નાખે છે.''

ત્યારે સુખપરવાળા મિસ્ત્રી માવજીભાઈએ પૂછ્યું જે, ''મોટા

મુક્ત જીવને બારોબાર જ્ઞાન આપે તો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજ તથા મુક્તને વિષે દિવ્યભાવ હોય તો આનંદ થાય અને જીવ બારોબાર ગ્રહણ કરે ને તેમને વિષે મનુષ્યભાવ હોય તો ઇંદ્રિયો દ્વારા વપરાઈ જાય તેથી જીવ સુધી પહોંચે નહિ. માટે વાંદરાની પેઠે અધરપધર વૃત્તિ ન રાખવી. મોટા અનાદિમુક્ત વાત કરતા હોય તે દિવ્ય જાણવી. તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજ છે અને ચારે બાજુ મુક્તની સભાથી બધું બ્રહ્માંડ ઠસાઠસ ભરાઈ ગયું છે, તેજનાં કુંડાળાં પડે છે અને તેજનો ઘોષ થઈ રહ્યો છે. તેને પ્રણવનાદ કહે છે."

એમ કહીને સૌને મૂર્તિના સુખનો આશીર્વાદ આપ્યો.

પછી એમ બોલ્યા જે, "માળામાં મણકાનો દોરો જુદો દેખાય છે તે માયિકભાવ છે ને સળંગ દેખાય તે અનુભવજ્ઞાન છે. આ લોકનું જ્ઞાન ભણવેથી વધી જાય છે તો અનુભવજ્ઞાન વધે એમાં શું કહેવું! એ જ્ઞાનને કોઈ પહોંચી શકતું નથી. આ લોકનું બહુ ભણીને પૃથ્વીનું અને જળનું પ્રમાણ કરે, પણ શ્રીજીમહારાજની મૂર્તિનું જ્ઞાન એનાથી થાય નહિ. મોટા અનાદિ તો અનુભવજ્ઞાનથી કરોડોને મૂર્તિનું સુખ આપે. દાડિયું કરીને વડોદરાનું રાજ્ય લેવું હોય તો ન મળે, પણ રાજાની કૃપા થાય તો રાજી થઈને આપી દે. મોટા અનાદિમુક્તે અને મહારાજે આ સડક કાઢી છે. આ સભામાં જે મોટાને ન ઓળખે તેને તેટલું નુકસાન છે. છેવટ એમ સમજે તોય ઠીક જે ભગવાનને ત્યાં બધુંય છે. બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી તથા આજના સંત તે સર્વે દિવ્ય છે. ખરેખરા સાધુતાના ગુણ આવે ત્યારે જ કામ પૂરું થાય. ખરેખરું સત્સંગમાં દાસપણું રખાય અને નિર્માનીપણે રહેવાય તો મનુષ્યભાવ તથા દિવ્યભાવ એક સમજાય; નહિ તો ન સમજાય."

તે ઉપર ભુજના વેદાન્તાનંદ બ્રહ્મચારી મહારાજની પ્રસાદી જમ્યા નહોતા ને પછીથી પસ્તાવો કર્યો તે વાત કરી.

"એમ પ્રગટમાં સંશય રહી જાય છે, તે ન રાખવો. આજ તો મોટા અનાદિ શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પ્રવર્તાવે છે અને મનવારો ભરી ભરીને અક્ષરધામમાં મોકલાવે છે. એવા મોટાનો જોગ કરીએ તો મહારાજને વિષે દિવ્યભાવ આવે ને નિઃસંશય થવાય. મોટા હજાર હજાર રૂપિયાના બારિસ્ટર આવતા ને સામા ઊભા રહેતા તોપણ શ્રીજીમહારાજના પ્રતાપે કેટલાક ભક્તોની રક્ષા થઈ છે એવો મહારાજનો અલૌકિક પ્રતાપ છે. જેણે હાથ ઝાલ્યો તે કોઈ દિવસ મૂકે નહિ; તેમ શ્રીજીમહારાજ ને તેમના અનાદિમુક્ત સાથે સંબંધ થયો પછી તે કેમ મૂકે! આવો જોગ મળ્યો છે તોપણ કેટલાક ભૂલી જાય છે તે કેવું અજ્ઞાન કહેવાય! આ લોકમાં મોટા મોટા વ્યવહારના પહાડ પડ્યા છે, તેને તોડીને બ્રહ્મરાક્ષસને મારીને મહારાજને પધરાવી દેવા, જેથી કરીને મહારાજની મૂર્તિને પ્રતાપે અલૌકિક જ્ઞાન થઈ જાય."

"ત્યારે કોઈ એમ કહે જે, 'મોટાની ઓળખાણ વિના ને મહારાજનું સુખ આવ્યા વિના હેત કેમ થાય?' તેનું તો એમ છે જે આપણે ભેગા થઈને કથા-વાર્તા કરીએ છીએ તે કેવળ મોક્ષને માટે ને મહારાજનું સુખ આવવા માટે કરીએ છીએ. આપણે તો એક શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિ ખરેખરી સાક્ષાત્કાર ચૈતન્યમાં પધરાવી દેવી. તે પધરાવનારા મોટા અનાદિ આ વખતે તૈયાર છે તેમની સાથે દિવ્યભાવે જોડાવું."

પછી એમ બોલ્યા જે, "સૂર્યના રથમાં બેઠા તેને રાત્રિ-દિવસ નથી. એમ મૂર્તિ આકારે દૃષ્ટિ થઈ તેને કાળ નથી, કર્મ નથી, દિવસ નથી, રાત નથી, અવસ્થા નથી; એને તો પુરુષોત્તમનારાયણની મૂર્તિના તેજમાં સર્વે સુખમય થઈ ગયું છે. માટે મહારાજની મૂર્તિ વિના બ્રહ્મપુર, ગૌલોકાદિક કાંઈ સંભારવું નહિ ને પૂછવું પણ નહિ. સંભારીએ તો મોટા કચવાય કે તેની કાંઈ ઇચ્છા હશે કે કેમ? આપણે મોટા પાસે તેનું પ્રમાણ કરાવીએ તે ઠીક નહિ. એક સાધુએ અમને પૂછ્યું ત્યારે અમે કહ્યું કે, 'મૂર્તિ વિના અમે તો બીજું કાંઈ ભાળ્યું નથી ને જોયું પણ નથી.

જો ખપે તો મહારાજની મૂર્તિ છે.'''

"શ્રીજીમહારાજે ગામમાં વન કર્યાં છે. તે વન તે શું? તો જ્યાં માયા નથી એવાં દિવ્ય મંદિરો કર્યા છે તે નાવરૂપ છે. નાવનો એટલો વિશ્વાસ રહે છે કે બેઠા પછી નક્કી કાંઠે ઉતારશે; તેમ મોટા મુક્તનો એટલો વિશ્વાસ રાખવો કે તે નક્કી મહારાજના સુખમાં પહોંચાડશે. 'નિર્ગુણના ગુણ ગાય ધર્મ સુત લાડીલો.' બીજું જ્ઞાન ઓછું હશે તો ચાલશે, પણ એવો પ્રબળ નિશ્ચય રાખવો કે આ સંત છે તે અનાદિ છે, નિર્ગુણ છે ને સભા બધી સળંગ છે, વચમાં મહારાજની મૂર્તિ છે, મૂર્તિને અને મુક્તને ભેગાપણું છે. એમ સમજે તો બહુ કામ કરી દે."

"શાસ્ત્ર આડાં આવે એને આ વાત સમજાતી નથી. બાળકનો રમાડનાર હોય તે બાળક જેવી વિધિ કરે અને જુદું જુદું પણ બતાવે તેમ સંત, મુક્ત, સભા તેને મહારાજ જુદું પણ રાખે ને ભેળું પણ બતાવે. ગોળ, ખાંડ, ઘી બધુંય ભેગું થયે સુખ વધે; એકલો લોટ ખાધે સુખ ન આવે. માટે ભેગામાં સુખ છે. મહારાજની મૂર્તિ છે ત્યાં સર્વે મુક્ત બેઠા છે. આ તો દિવ્ય સભા છે તેને મૂકીને એકલા ન રહેવું ને કોઈ વાતે ધોખો ન કરવો. મહારાજ અને મોટા અનાદિ મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે. આ લોકનો વ્યવહાર ભૂત જેવો છે તે બાઝે તો મૂકે તેવો નથી. કાઠિયાવાડના બળદને આર મારે છે, પણ આરનો ભય નથી રહેતો કે હમણાં બીજી આવશે. એમ જોગ કરતાં કરતાં આ જ્ઞાન પેસી જશે એટલે બધુંય સમજાશે. જીવનો તો એવો સ્વભાવ છે જે કાંઈક નજરે ભાળે તો આનંદ, પણ અંદરનો આનંદ નહિ. માટે ખરેખરો મૂર્તિના સુખનો આનંદ અંદરનો રાખવો."

"સંપ્રદાયનું આડું-અવળું કાંઈક થાય તેમાં મહારાજ ને મોટા જે કરતા હશે તે ઠીક કરતા હશે એમ ન જાણે ને વચમાં પોતે કૂદી પડે, પણ મહારાજ ઉપર ન લાવે. એવી રીતે જીવ બહુ ભુલાણો છે. જીવનું

શું ગજું! દેખાતું કાંઈએ ન હોય અને ધણી પોતે થાય તેને ઘણી ખોટ આવે છે. ધણી તો મહારાજ તથા મોટા મુક્ત છે. માટે તેમને સાથે રાખશું તો કાંઈ વાંધો નહિ રહે. મહારાજ અને સંતને ખરેખરા વોળાવા કરવા એટલે તેઓ ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડે.'' ॥૫૮॥

## વાર્તા ૫૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૭) કથાની સમાપ્તિ થયા પછી બાપાશ્રી સભામાં બેઠા હતા. ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું કે, ''બાપા! સૌને મૂર્તિના સુખમાં મેલી દેજો.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''આપણે એ જ કરવા આવ્યા છીએ, તમારું પણ એ જ કામ છે. મહારાજ ને મુક્ત તો એ એક જ કામ કરે છે. આવી વાત ન જાણતા હોય એ તો ફાવે તેમ બોલે તેનું આપણે કાંઈ નહિ. આપણે તો મૂર્તિના સુખનો જ આહાર કરવો. સુખના નિધિ એક શ્રીજીમહારાજ છે તે મૂર્તિ મૂકવી નહિ. ત્રિવિધ તાપમાં બળતા જીવને મહારાજ અને મોટા અનાદિ શીતળ શાંત કરે છે. તાપ બળતો હોય અને જો એ આપણને જ્ઞાન કરે તો ટાઢા થઈ જવાય. 'શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.' એવું શ્રીજીમહારાજની મૂર્તિનું તેજ છે તે જો ભડકે તો લાડકીબાઈના જેવું થાય, માટે ભડકવું નહિ. કલ્પેકલ્પ વીતી જાય, પણ સુખ ને સુખ જ રહે છે. આપણે તો મહારાજ અને મોટાના ખોળામાં મસ્તક મૂકી દેવું. મોટા અનાદિ પૂરું કરી દેશે. એ વસ્તુ બહુ મોંઘી છે, સહેજમાં હાથ આવે એવી નથી. તેનો વિચાર કરવો તે અતિ કઠણ વાત છે. આપણા ઉપર મહારાજ તથા મોટાની દયા થઈ છે તેથી ખૂણામાંથી વસ્તુ મળી ગઈ છે તેને સાચવી રાખવી એ કરવાનું છે.''

પછી સંતો સામું જોઈને કહ્યું કે, ''અમારા દેશમાં મોટા મોટા સદ્‌ગુરુ ફર્યા તે બહુ સમાસ થયો ને ધોતિયાનું ગાડું ભરી લાવ્યા. એમાં સમજવાનું એમ છે જે પરિપક્વ નિશ્ચયવાળાને સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે,

પણ એમાં લેવાવું નહિ. અને એમ જાણવું જે રાજાના કારભારી હોય તે જ્યાં જાય ત્યાં નવાં નવાં સન્માન મળે, એ બધું રાજાને લઈને છે; માટે પારકી મિલકતના ઘરાક થાવું નહિ. કોઈને એમ થાય જે અમે મોટા દિગ્વિજય કરીએ છીએ અને સત્સંગીને વાતેચીતે સુખિયા કરીએ છીએ એમ ન જાણવું. એ તો સર્વે મૂર્તિને લઈને સુખિયા છે. તે વિના કૂદી કૂદીને દેહ પાડી નાખે તોય સુખ ન થાય.''

''આ તો મૂર્તિનો આનંદ છે, પણ સમજાતું નથી. નારદ, શુક, સનકાદિક તથા ગોપીઓ આદિકની પ્રાપ્તિ તો આ સુખની આગળ કાંઈ ગણતરીમાં નથી. આ ખંડનની વાત નથી, પણ મોટ્યપની વાત છે. સંતના પાત્રમાંથી મોટા દેવાદિક પ્રસાદી લઈ ગયા એ બધા દેવ દિવ્ય થવા આવ્યા હતા. આપણા ઘરની આપણને જ ક્યાં ખબર છે! જેમ જેમ મહારાજની મૂર્તિને સમીપે ચાલે તેમ તેમ વિધિ વધારે કરવી જોઈએ. ખંડિયો રાજા રાજી થાય તો શું આપે? પણ ચક્રવર્તી રાજા રાજી થાય તો ન્યાલ કરે. તેમ બીજા અવતાર ખંડિયા રાજા જેવા છે અને મહારાજ તો ચક્રવર્તી રાજાને ઠેકાણે છે. સરકાર તો ફક્ત ટોપી પહેરીને ઘોડે બેસીને ફરવા જાય અને બીજાં રજવાડાં છે તે બાર મહિનામાં પાંચ-સાત વખત તો અસવારિયું કાઢે છે તે મોટાઈ દેખાડવા માટે છે. તેમ મહારાજ પોતાની મોટ્યપ દેખાડતા નથી, પણ અવતારો મોટ્યપ દેખાડે છે. તેથી મહારાજની મોટ્યપ દેખાઈ આવે છે; કેમ કે 'સર્વેના સ્વામી શ્રીહરિ રે સર્વેના કહાવિયા શ્યામ.'''

''માટે શ્રીજીમહારાજને સાથે રાખે તો કોઈનો ભય રહે નહિ. ખરી મોટ્યપ એક મહારાજની મૂર્તિમાં છે. જગતના જીવનું પ્રારબ્ધ બીજા છે અને આપણું પ્રારબ્ધ મહારાજ છે. ઘાટ-સંકલ્પ થતા હોય અને મહિમાએ સહિત ગદ્‌ગદ્ કંઠ થઈને પ્રાર્થના કરે તો ઝેર ઊતરી જાય. પછી આ લોકમાં મોટ્યપ, સારપ, કામ, ક્રોધ, એ કાંઈ વસ્તુ જ નથી. મોટ્યપ એક મહારાજની મૂર્તિમાં છે. શીતળતા વગેરે સર્વે ગુણ તેમાં છે. બીજાં સુખ તો નકામાં છે, પણ મહારાજનો મહિમા ન હોય તો

એમાંય માલ જણાય.''

''દિવ્યભાવમાં માનસી પૂજા કરે તેને બહુ સુખ આવે. જેમ ભાવ બેસે તેમ કરવું. ભાવ ફક્ત સુખનો છે. સુખ મહારાજની મૂર્તિમાં છે. જબરા રાજ્યમાં બેઠા છીએ અને ધણી મોટા મળ્યા છે, પણ ભિખારણના સ્વભાવ તથા મલિન સ્વભાવ જીવને બહુ નડે છે. જે સત્સંગને દિવ્ય ન સમજે અને સર્વેના ઉપરી મહારાજ છે એમ ન સમજે તેને આ લોકમાં ઘણું કરવાનું રહી જાય.''

''એક પારસથી પારસ બને એવા મહારાજ છે. ઝવેરી જેમ નંગની પરીક્ષા કરે છે તેમ મહારાજની મૂર્તિનું પારખું કરવું. મોટા શેઠિયામાં ભાગ રાખવો, પણ જ્યાં ત્યાં ન રાખવો. 'જેને જોઈએ તે આવો મોક્ષ માગવા આજ ધર્મવંશીને દ્વાર.' આ તો સુખનો સમુદ્ર છે; કૂવો-તળાવ નથી જે સુકાઈ જાય. માટે મોટા સુખને પામવું હોય તો આવો મૂર્તિમાં. જેમ જેમ નવાં નવાં સુખ ભોગવતા જાય તેમ તેમ અપારપણું વધતું જાય. કલ્પેકલ્પ વીતી જાય એટલું એ સુખનું અપારપણું છે. અમે તો એવો જ આશીર્વાદ દઈએ છીએ કે બધોય સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધાય અનાદિની પંક્તિમાં ભળી જાય. અનાદિના સંકલ્પે કરીને મૂર્તિ મળે છે ને ધામ મળે છે. જેમ વીજળી સડકો મારીને નાસી જાય તેમ મહાપ્રભુનું સુખ ક્યારેય ભુલાય એવું નથી. માયિકભાવવાળાને મતે અક્ષરધામમાં મૂકી આવ્યા અને દિવ્યભાવવાળાને મતે પાસે રાખ્યા એમ છે.''

''પોતે પોતાની કસર જાણપણારૂપ દરવાજે રહીને કાઢી નાખવી. સ્વામિનારાયણને ત્યાં મડદું નહિ શોભે. બાર મહિના સુધી બેઠા હોય, પણ જો મોટાની દયા થાય તો એક કલાકમાં કામ કાઢી નાખે. માંહી કામ, ક્રોધ, આદિક ચોરંટા છે એને કાઢી નાખવા તેમાં શ્રીજીમહારાજને સાથે રાખે તો કોઈનો ભય રહે નહિ. મહારાજની પ્રસન્નતાને અર્થે જેમ જેમ મૂર્તિ સન્મુખ ચાલે તેમ તેમ વિધિ વધારે કરવો

જોઈએ તો મહારાજ તથા મોટા રાજી થાય.” ॥૫૯॥

## વાર્તા ૬૦

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૭) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “ભમરી મધ ભેળું કરે છે તેમાં થોરિયાનું લાવે, આંબાનું લાવે અને અભરી વસ્તુમાંથી પણ લાવે; એમ ભેગું કરીને પણ રસ મીઠો મેળવે છે. તેમ આપણે પણ સર્વમાંથી ગુણ લઈ લેવા. મૂર્તિરૂપ તથા મોટા અનાદિરૂપ નિશાન ઝાલી રાખવું. આહીં ગૌલોકના મુક્ત, તથા અક્ષરના મુક્ત છે અને પૃથ્વીના મુક્ત પણ છે. માટે અનાદિના ભેળા જવાનો છેલ્લો ઠરાવ રાખવો.”

“જેને મહારાજ સાથે એકતા થઈ હોય તેને તો જ્યાં મહારાજ હોય ત્યાં અનાદિમુક્ત હોય તેને જવા-આવવાનું નથી. અ.મુ. ગોપાળાનંદ સ્વામીને કોઈકે કહ્યું જે, ‘તમે ક્યાં છો?’ ત્યારે તે બોલ્યા જે, ‘મહારાજની સેવામાં.’ એવું છે. એવા મોટાની આગળ નિષ્કપટપણે ન વર્તે તો અંતરશત્રુ ઘા કરે જ. મોટાની પ્રસન્નતા વિના રાજ-અધિકારે કાંઈ નામ ન રહે. દાદા ખાચર અને પર્વતભાઈ જેવા મહારાજની સાથે રહ્યા તો તેમનાં નામ અખંડ છે. એવા શુદ્ધ પાત્ર થવું ને પોતાના દોષ ટાળવા.”

“જે નિષ્કપટપણે ગદ્‌ગદ્ કંઠ થઈને મોટા મુક્તને પ્રાર્થના કરે તેના દોષમાત્ર ટળી જાય, માટે દોષને તો સભામાં ફજેત કરીને પણ કાઢવા જેવા છે. તે જો ઝાઝા માણસમાં ફજેત થઈને જાય તો ફરીથી આવે નહિ. પોતાની ભૂલ ને દોષ ઓળખાય તે કાંઈ ઓછી વાત નથી, એ પ્રતાપ સ્વામિનારાયણનો છે. માટે ભૂલ જણાવે તો તે દંડવત કરવા યોગ્ય થાય. એ તો ભૂલો પડેલો ઘેર આવ્યો કહેવાય. માટે મહારાજ તથા મોટા મુક્તને રાજી કરી લેવા.”

“મોટા અનાદિને તો અવતારાદિક પણ વંદે છે. આ સંત બધા શ્રીજીમહારાજનાં સ્વરૂપ છે. જો મહારાજની મૂર્તિમાં રહે ને સમીપમાં

રહે એટલે જુદાપણું ન મનાય તો દેહધારી આગળ આ વાતનું પ્રમાણ કેમ થાય? 'એ તો દેહદર્શી દેખે પોતા જેવા સંસારી.'

"'સૌના સન્મુખ શામળિયો'. એ મૂર્તિમાં વૃત્તિ રહે તેને તો અતિ હેત થાય. એવો દિવ્ય આકાર, દિવ્ય સ્વરૂપ, દિવ્ય મૂર્તિ, જેટલાં ભગવાનનાં અવયવ તેટલાં અનાદિમુક્તનાં અવયવ. તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે તેમાં મુક્ત સર્વે રહ્યા છે. મહારાજનું સુખ જ્યાંથી લેવું હોય ત્યાંથી મળે છે. રોમરોમનાં નવાં નવાં જુદાં જુદાં સુખ ભોગવે છે. એ વસ્તુ એવી છે કે તે શાસ્ત્રથી કે કહ્યાથી ખબર પડે તેમ નથી. તે તો સુખમાં પહોંચશે એટલે જણાશે. મહારાજની મૂર્તિમાં અનેક જાતનાં સુખ રહેલાં છે. મુક્તને મહારાજનું સન્મુખપણું છે અને મહારાજને મુક્તનું સન્મુખપણું છે. મોટા અનાદિને તો રોમ રોમ પ્રત્યે રસબસ રહેવાપણું છે. એ સર્વે શ્રીજીમહારાજની મોટાઈ છે."

"નરનારાયણ, રાધાકૃષ્ણ એ સર્વે મહારાજના સંકલ્પ છે અને ધ્યાન તો મૂળ મૂર્તિ જે હરિકૃષ્ણ મહારાજ તેનું જ થાય છે. માટે એ બધાંય સ્વરૂપનાં દર્શન કરતી વખતે શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને કરવાં. સર્વેમાં શ્રીજીમહારાજનો ભાવ લાવવો. મહારાજ આંહીં સર્વે દિવ્ય સુખનો સમાજ લાવ્યા છે, પણ જીવ જેમ જેમ પાત્ર થતા જાય તેમ તેમ આ અલૌકિક વાત સમજાય છે અને સુખિયા થતા જાય છે."

પછી એમ બોલ્યા જે, "જેને જેટલી સ્થિતિ થઈ હોય, મૂર્તિના સુખની પ્રાપ્તિ થઈ હોય, અનાદિમુક્તની ઓળખાણ થઈ હોય એટલા સુધીની જ બીજાને વાત કરવી, તો તેટલી સ્થિતિ બીજાને પમાય; પણ સ્થિતિ વિના વાત કરે તેનાથી બીજા જીવને સમાસ થાય જ નહિ. મોટાની પ્રાપ્તિનું પણ એમ જ સમજવું. અને કેટલાક તો પોતે પોતાની સ્થિતિથી ઉપર વાત કરે તે પોતાનેય સમજાય નહિ અને બીજાને લોચા વળાવે તેથી સમાસ થાય નહિ. માટે પોતાની સ્થિતિ સુધીની બીજાને વાત કરવી."

“લાખ મણ લોઢાનો ગોળો ઘસાઈ જાય એટલું ધામ છેટે છે તે સાધનદશાવાળાની વાત છે. ‘આંહી’ અને ‘ત્યાં’ તે આ લોકનો શબ્દ છે. ‘ત્યાં’ એટલે દિવ્યભાવ અને ‘આંહી’ તે આ લોકનો ભાવ. બહારવૃત્તિવાળાને ‘આંહી’ ને ‘ત્યાં’ છે. અક્ષરધામમાં તો સર્વે મુક્ત સૌની સાથે સન્મુખ દેખાય છે. અનાદિમુક્ત તો રસબસ રહ્યા થકા મૂર્તિમાં કિલ્લોલ કરે છે. મહારાજ સહુને સર્વત્ર દેખાય, મંદમંદ હસતા હોય અને મંદમંદ બોલતા હોય. બધાય મુક્ત મૂર્તિનું સુખ લે છે.”

ત્યાર પછી પુરાણી ધર્મકિશોરદાસજીને વાતો કરવાની આજ્ઞા કરીને બાપાશ્રી નાહવા પધાર્યા. ॥૬૦॥

## વાર્તા ૬૧

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૭) રાત્રે મેડા ઉપર આસને બાપાશ્રી વાતો કરતા હતા.

તે વખતે મનફરાવાળા માનસંગ ભક્તે પૂછ્યું જે, “બાપા! સત્સંગમાં મહારાજના મહિમાની વાતો બહુ થાય છે તે સાંભળીએ છીએ તોપણ ઘાટ-સંકલ્પ કેમ ટળતા નહિ હોય? ને માનસી પૂજા કરવા ટાણે, માળા ફેરવવા ટાણે ને ધ્યાન કરવા ટાણે કંઈક ઘાટ-સંકલ્પ આડા આવીને ઊભા રહે છે તે કેમ ટળે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજના આશ્રિતને એ મૂર્તિનું બળ રાખવું ને મોટા સંતનો મહિમા સમજવો એટલે એ ઘાટ નડી ન શકે. આ ટાણે બહુ ભારે કામ થાય છે, માટે ઢીલા-પોચા ન રહેવું. અને દેહમાં ટોળું ભરાઈ ગયું છે તે બહુ જબરું છે. એના જ્યારે ઘાટ થાય ને મનન કરે ત્યારે એનો સાક્ષાત્કાર થાય; માટે થતા ઘાટને જ દંડ દઈને કાઢી મૂકવો. અને જેમ વિદ્યાર્થી ભણે છે ને ગોખે છે તે પાકું થઈ જાય છે, તેમ મનન કરવાથી પાકા ઘાટ થઈ જાય છે, માટે ઘાટનું મનન કરવું નહિ. આપણને નબળા ઘાટનો અભાવ હોય તો મરેલા જાણવા અને હેત હોય તો જીવતા જાણવા. માટે ખબડદારી

રાખવી અને પોતાને પાપી ન માનવું.

"આપણે ગૃહસ્થને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાનું છે, તેથી આઘું-પાછું વર્તવાનું કદી કરવું નહિ. અને કોઈ શિક્ષાપત્રી પ્રમાણે વર્તે નહિ તેનાં વચનમાં વિશ્વાસ કરવો નહિ."

"મોટાનો મહિમા બરાબર સમજે તેનું તરત કામ થઈ જાય છે તે જ્યારથી જોડાય ત્યારથી તેનું કલ્યાણ થાય. સાધનવાળાને દેહને અંતે કલ્યાણ છે. જેમ એકને રોકડા રૂપિયા ને એકને હૂંડી વટાવવી બાકી છે તેમ."

"મહારાજની મૂર્તિનું અનુસંધાન સર્વે ક્રિયામાં રાખવું. મહારાજના સંત સર્વેને દિવ્ય જાણવા, તેનું મનન કરવું, પણ એથી પરવારવું નહિ. પાંચ વખત માનસી પૂજા કરવી અને તેનો કેફ પંદર કલાક એટલે આખો દિવસ રહે. વ્યવહાર કરવામાં એક વરસ આગળથી ઠરાવ કરે છે. તો માનસી પૂજા કરતાં એક એક કલાક ઠરાવ થાય અને એક એક કલાક પછી સાંભર્યા કરે એમ કરતાં કરતાં અખંડ થઈ જાય. બહારની સેવા-ભક્તિ થાય, પણ ટાણું આવે ત્યારે માનસી પૂજા ભૂલી જવાય. આગળ-પાછળ થઈ જાય તો તે કેવું થયું કે જેમ કોઈકને નોતરું દઈને પછી ટાણે જમાડે નહિ, તો કચવાઈ જાય; તેમ નિયમ વિનાની માનસી પૂજા પણ એવી છે. એક વખત ભૂલી જવાય તો બે વખતની ભેગી કરે એમ કાંધા કરે, એમ કાંધા કરતાં પણ પૂરું થાય નહિ ત્યારે દેવાદાર થઈ જવાય. માટે નિયમસર માનસી પૂજા કરવી, પણ કાંધા કરવા નહિ. ધણીના ઘરમાં આવ્યા પછી ધણીની મરજી પ્રમાણે વર્તવું જોઈએ, નહિ તો કાઢી મૂકે. મહારાજે એક સાધુને ચોંટી ભરી તેથી જતા રહ્યા. દેહનું કામ એવું છે." ॥૬૧॥

## વાર્તા ૬૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૭) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "ધર્મ તો સ્વામિનારાયણને ઘેર છે, બાકી તો ઘેર ઘેર ભાંગેલાં

ઠીકરાં છે. ખપ હોય તેને સત્સંગમાં ઘણા મોટેરા પડ્યા છે તેને જોગે કરીને પોતાનું પૂરું કરી લેવું. આ સભાની ચરણરજ વાળેલી હોય તે રજનો મહિમા જાણીને પાપી જીવ માથે ચડાવે તો તે પાપી હોય તોપણ પાપથી મુક્ત થાય અને ભૂત-પ્રેત હોય તો તે પણ જતું રહે. તે ભૂત-પ્રેત વાસનાએ કરીને અને મોટાનો અપરાધ કરવે કરીને થાય છે. પ્રેત એટલે વાસનાવાળું. પ્રેતને લાજ હોય, અને ભૂત એટલે વધારે પાપવાળું. જેણે મોટા મુક્તનો દ્રોહ કર્યો હોય, ભગવદીનો દ્રોહ કર્યો હોય તે ભૂત થાય. તેને લાજ પણ હોય નહિ. વળી તેનો આહાર મલિન એટલે ખાવા-પીવાની નકારી વસ્તુ; જેથી કરીને દિવસે દિવસે વધારે મલિન થતો જાય. કેટલાક આવા દુખિયા વિચાર વિના થઈ જાય છે.''

''માટે કોઈને શિખામણ દેવી હોય તોપણ શુદ્ધ સત્ત્વમાં રહીને દેવી; તમોગુણી થઈને ન કહેવું. જેમ મા-બાપ છોકરાંને શિક્ષા કરે છે, પણ અંતરમાં રાજીપો રાખીને; પછીથી કાંઈ ખાવાનું આપીને છોકરાંને રાજી કરે છે તેમ કરવું, પણ બીજાને ટાઢા કરવા જાય ને પોતાને બળાપો થાય અને નાના-મોટાનો અપરાધ થઈ જાય એમ ન કરવું. સત્ત્વગુણથી સમાસ થાય છે તે શુદ્ધ સત્ત્વગુણથી થોડુંક કહે તોપણ દાબ વધારે બેસે છે. મલિન સત્ત્વગુણ એ તો માયાનો ગુણ છે. તેમાં રહીને કદાપિ ધ્યાન કરતો હોય કે માળા ફેરવતો હોય, પણ માંહીથી ધક્કો લાગે ત્યારે બીજાને લડવા માંડે ને ક્રોધ આવે, માટે શુદ્ધ સત્ત્વગુણી થાવું. મલિન સત્ત્વગુણ ઉપરથી તો શાંત દેખાય છે, પણ એ ત્રણે ગુણ એક જ ભાઈ છે; જેમ લીંબોળી પાકી હોય તેને ઉપરથી ખાય તો જરાક ઠીક લાગે, પણ કચરીને ખાય તો તે પણ ઝેર જેવી કડવી લાગે તેમ. ત્રણ ગુણથી જુદા રહી નિષ્કપટપણે સત્સંગ કરવો. મોટા મુક્ત આગળ નિષ્કપટપણે અને સરળ સ્વભાવે વર્તવાથી મોટા બહુ રાજી થાય છે.''

પછી એમ બોલ્યા જે, ''અમે એક વખત જેતલપુર જતા હતા. ત્યાં અશ્લાલીની ભાગોળે કેટલાક નાનાં નાનાં છોકરાં દોડતાં દોડતાં આવ્યાં ને આળોટવા મંડ્યાં. તે જોઈ અમે બહુ રાજી થયા અને

સિગરામમાંથી નીચે ઊતર્યા તેથી તે દર્શન કરી બહુ આનંદ પામ્યાં. એમ જે મોટાના જોગમાં આવી જાય તેનું તો બહુ ભારે કામ થાય છે. આ સમે મહારાજ કહે, 'અમારે પાત્ર-કુપાત્ર જોવા નથી. અમે તો અનંત જીવને અભયદાન આપવા આવ્યા છીએ. અમારા મુક્તનો ને અમારો વાયરો અડે એટલામાં કામ પૂરું થઈ જાય.' મોક્ષનાં લાખો સાધન લખ્યાં છે, પણ મહિમા ને દિવ્યભાવ જેવી મોટી વાત કોઈ નથી એમ ભગવાનના ભક્તને સમજવું. જો એમ ન સમજાય તો મહારાજની પ્રસન્નતા થાય નહિ. આ સમે મહારાજે જીવો ઉપર અપાર દયા કરી છે.'' ॥૬૨॥

## વાર્તા ૬૩

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૮ને રોજ સવારે નિત્યવિધિ કરીને સંત-હરિભક્તોને મળ્યા ને બોલ્યા જે, ''આ મળવું બહુ મોંઘું છે. આ સભા અક્ષરધામની છે, મૂર્તિમાં રહેનારા અનાદિમુક્તની છે, મહારાજ મધ્યસ્થ બિરાજે છે, સૌને અમૃત નજરે જુએ છે. આપણે એ મૂર્તિના સુખનો આહાર કરવો. જીવ પંચવિષયનાં વલખાંમાં આવરદા ખોઈ નાખે છે. આપણને તો કારણ મૂર્તિ શ્રીજીમહારાજ મળ્યા છે તે કામ બહુ ભારે થઈ ગયું છે. એ લાભનો કેફ રાખવો. 'સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે' એવા શૂરવીર થવું. મહાપ્રભુએ દયા કરી એટલે સોંઘા થયા. મૂર્તિમાં રહેનારા મુક્ત ઓળખાણા એ બધો શ્રીજીમહારાજનો પ્રતાપ. હવે તો 'અમૃતરસ મેલી રે વિખ હું નહિ ચાખું, રસિયા તમ વિના રે વાલું નહિ રાખું' એમ રહેવું.''

એમ વાત કરતા હતા ત્યાં એક હરિભક્તે આવીને સભાનાં દર્શન કર્યાં ને બાપાશ્રીને ફૂલનો હાર પહેરાવી દંડવત કર્યા.

ત્યારે બાપાશ્રી કહે, ''રાખો!'' એમ કહી તેના મસ્તકે હાથ મૂક્યા. પછી હારને હાથમાં લઈને સ્વામી વૃંદાવનદાસજીને કહ્યું, ''સ્વામી! આ ફૂલ ખોટાં છે, માંહી સુગંધ નથી.''

ત્યારે સ્વામી કહે, “બાપા! આપે અંગીકાર કર્યાં એટલે સાચાં થયાં.”

ત્યારે બાપાશ્રી કહે, “હા, એ વાત તો સાચી. આ સભા સર્વે દિવ્ય છે. આ સભા સ્વામિનારાયણ ભગવાનની છે તેમાં જે આવે તે દિવ્ય. વસ્ત્ર, વાહન, સેવક, સર્વે અલૌકિક દિવ્ય. આજ તો બહુ ઉત્તમ જોગ બન્યો છે.”

એમ વાત કરતા હતા ત્યાં સાંવલદાસભાઈ આવ્યા ને દર્શન કરી જય સ્વામિનારાયણ કહ્યા.

ત્યારે બાપાશ્રીએ રમૂજ યુક્ત સિંધી ભાષામાં પૂછ્યું જે, “આંઈ કિતે હુઆ?” (તમે ક્યાં હતા?)

ત્યારે સાંવલદાસભાઈ કહે, “બાપા! શ્રીજીમહારાજજી મૂર્તિમેં.”

તે સાંભળી બાપાશ્રી પ્રસન્ન થયા. તે વખતે ચંદનનો વાટકો લઈ પુરાણી ધર્મકિશોરદાસજી આવ્યા ને શ્લોક બોલીને બાપાશ્રીને ભાલે ચંદન ચર્ચ્યું. ત્યારે બાપાશ્રીએ તે વાટકો લઈ બન્ને સદ્‌ગુરુ, પુરાણી, પાર્ષદ, આશાભાઈ, મોતીભાઈ આદિ સૌને ચર્ચવા માંડ્યું.

પછી સોમચંદભાઈને આગળ બોલાવતાં કહ્યું જે, “આવો ઓરા.”

પછી સદ્‌ગુરુ સ્વામીને કહે, “જુઓ! આ અમારા ગરીબડા સેવક.”

એમ કહીને સૌનાં ભાલે બાપાશ્રીએ પોતે ચંદન ચર્ચ્યું. પછી હાથ લૂઈને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “આ ટાણે આ સભામાં જે આવે તેનાં અહોભાગ્ય. આ સભામાં બહુ મોટું કામ થાય છે. ક્યાં જીવ ને ક્યાં જીવન! આ તો બહુ જબરી વાત છે. આવો આ સભાનો દિવ્યભાવ સમજાય એટલે પૂરું થઈ રહ્યું. જુઓને! પૂજા કર્યા પછી સાત વખત મેળાપ થયો. ઊઠતાં, નાતાં, પૂજા કરીને મળતાં, હાર પહેરાવતાં,

પ્રસાદી આપતાં, સૌ સંત-હરિભક્તોને ચંદન ચરચતાં, ચરણ સ્પર્શ કરતાં, આવો મહિમા જણાય તો કામ થઈ જાય. ચારે કોરે સંતનાં વૃંદ છે ને મહારાજ સર્વેને સન્મુખ છે. અનાદિની તો વાત જ શી કહેવી? તેને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. એવી આ સભા તેનાં દર્શન, સ્પર્શ, પ્રસાદી, મળવું, પૂજા કરવી, વાયરો લેવો; એ જેવું બીજું કાંઈ નથી. આ સભામાં મહારાજ અખંડ બિરાજે છે. તે ભગવાન જેવા કોઈ બીજા કોઈ અનંત બ્રહ્માંડમાં નથી. આ તો ન્યાલકરણ પધાર્યા છે.''

પછી બાપાશ્રી પ્રસન્ન થકા વાત કરવા લાગ્યા જે, ''અમારી પાસે કેટલાક પોતાના દોષની માફી માગી જાય છે. તે અમે તો તેના દોષ માફ કરીએ છીએ, પણ મહારાજનો સિદ્ધાંત એ છે જે મોટાની આગળ માફી માગીને દોષ ટળાવવા જાય અને પછી પાછા કપટ રાખીને એને એ માર્ગે ચાલે તો કૃતઘ્ની કહેવાય; માટે એમ ન કરવું અને સાચા ભાવે મહિમા સમજીને માગવું.''

તે ઉપર વાત કરી જે, ''સ્વામી નિર્ગુણદાસજી તથા લક્ષ્મીરામભાઈ આદિ અમો ભુજમાં હતા. ત્યાં એક હરિભક્તે આવીને પ્રાર્થના કરીને પ્રાયશ્ચિત્ત માગ્યું, તે દેહે થાય તેવું નહિ ને દ્રવ્યની સત્તા પણ નહિ. પછી અમે કહ્યું જે, 'આ લક્ષ્મીરામભાઈ વ્યાસ ગાદી જેવા કહેવાય. સ્વામી તમે પણ એવા જ છો અને હું તો આપનો દાસ છું તે થોડું-ઘણું જાણું છું. માટે કૃપા કરોને! એનાં પંચ મહાપાપ હોય તે બળી જાય. શાસ્ત્ર તો પૂર્વે ઋષિ લખી ગયા છે, પણ તમે તો હજૂરી મુક્ત છો તે દયા કરો.' પછી એના ઉપર કૃપા કરીને કહ્યું જે, 'આજથી તમારા ગુના માફ છે.' એમ અમે મહારાજ પાસે માગીએ છીએ. મોટાની નજર તો એવી છે કે જીવને કોઈપણ પ્રકારે ઉગારવો.''

''કોઈ તર્કબુદ્ધિ ન કરશો. તર્ક થાય તો તેને માથે ભાર છે. માટે સૌ નિઃસંશય રહેજો. માયા પાપરૂપ છે તે ફેરવી નાખે છે. ગોથાં ખવરાવી સંસારમાં નાખી દે એવી છે, માટે શ્રીજીમહારાજની આજ્ઞા

યથાર્થ પાળવી. મહારાજ ને મોટાનો પ્રતાપ બહુ જબરો છે અને એ પણ જાણવું જોઈએ કે આ થડ સાચું છે. જો સત્સંગમાં દિવ્યભાવ હોય તો પાર આવી જાય. આ ટાણે જોગ સારો છે, સર્વેનું પાર કરી દીધું છે. જો મહિમા હોય તો સર્વેના નવા અવતાર થઈ ગયા છે એમ જણાય. મહારાજે અક્ષરધામની સભા કહી એવી આ સભા છે. અહીં નાના-મોટા જણાય છે, પણ પરભાવમાં બધાય સરખા છે એમ મહારાજે સમ ખાઈને કહ્યું છે.''

પછી એમ બોલ્યા જે, ''અમારો નાનો દીકરો દર્શને આવ્યો હતો તેની પાસે અમે સર્વે સંતને દંડવત કરાવ્યા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ તેને કહ્યું જે, 'તું બાપાને દંડવત કર', પણ તેણે દંડવત કર્યા નહિ. ત્યારે અમે કહ્યું કે, 'એ તો ઘરકી બાત હે.' ભેળા રહે ને મહિમા ન હોય તો ઘરકી બાત જેવું થઈ જાય. મુદ્દો હાથ ન આવે. સત્સંગી, હરિભક્ત, સંત સર્વે દિવ્ય છે. એટલું તો ખરું કે મોટાને જોગે કામ બહુ થઈ જાય છે. ઝાડની છાંયા તળે બેઠા હોઈએ તેમાં બધાને કેવી શાંતિ થઈ જાય છે! ત્યારે મોટા પુરુષની છાંયામાં કાંઈ હશે કે નહિ?''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''તડકે જઈએ તો તાપ લાગે છે તેનું કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજ તથા મોટા મુક્તને સંભારી દિવ્યભાવે ભેળા રાખવા; નહિ તો વાતોનાં પકવાન જેવું થાય ને ભૂખ ન ભાગે. ચાલોચાલ સત્સંગથી સુખ ન આવે. અને કોઈના દોષ, અવગુણ આવે તો વેપારમાં કમાવાને ઠેકાણે ખોટ આવી જાય. ડુંગરાને પોતાની મેળે ઉથામી નાખે તો કાંઈ ન મળે, પણ કોઈના કહેવાથી થોડી મજૂરી કરે તો ચાર પૈસા મળે. તેમ મહારાજ અને મોટાની આજ્ઞાથી કરે તો બહુ કામ થાય. મહારાજ અને મોટા કૃપાસાધ્ય છે. આ તો શ્રીજીમહારાજનો ચમત્કાર છે. સંતદાસજીનો દિવ્ય દેહ થયો

ત્યારે શ્રીજીમહારાજ અને અનંત મુક્ત સાથે ને સાથે, એ બધોય પ્રતાપ કારણ મૂર્તિનો.''

''મહારાજના અનાદિને હાથ જોડવા એ કાંઈ ઓછી વાત નથી. આ વાત આપણને મોટી મળી છે, આવા મોટાનો વિશ્વાસ રાખવો. આપણું પૂરું કરવું તે મહારાજ અને મોટા મુક્તના હાથમાં છે, મોટાની સ્થિતિ બહુ જબરી છે. આ લોકના ભાવ દેખાડે છે, તે પણ અનંતના સમાસને અર્થે છે. એમની સ્થિતિને સંભારે તો કામ-ક્રોધાદિક નડી શકે નહિ; કદાપિ નડતા હોય તોપણ મોટા મુક્ત તેની સહાય કરે. સચ્ચિદાનંદ સ્વામીને શ્રીજીમહારાજનો વિયોગ થાય તો રુધિર નીકળતું તોપણ મોટાએ કબૂલ કર્યું નહિ.''

પછી સોમચંદભાઈએ પૂછ્યું જે, ''બાપા! જીવને વ્યતિરેક મૂર્તિનો સંબંધ ક્યારે થાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ તો જીવથી લઈને અક્ષરપર્યંત સર્વેને વિષે અંતર્યામીપણે એટલે અન્વય સ્વરૂપે રહ્યા છે. તે સારંગપુરના ૫ મા વચનામૃતમાં કહ્યું છે. પણ જ્યારે શ્રીજીમહારાજ આ લોકને વિષે મનુષ્યરૂપે દેખાય ત્યારે જે જીવ મોટા પુરુષનો સમાગમ કરીને શ્રીજીમહારાજને જેવા છે તેવા સર્વોપરી જાણે ત્યારે તેનું મૂળ અજ્ઞાન નાશ પામે ને શ્રીજીમહારાજની વ્યતિરેક મૂર્તિનો સંબંધ થાય ત્યારે તે મુક્ત થાય. માટે વ્યતિરેક મૂર્તિનો સંબંધ તો મુક્તને જ છે.'' ॥૬૩॥

## વાર્તા ૬૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૮) બાપાશ્રીએ વાત કરી જે, ''મહારાજને પામવા સર્વદેશી પુરુષ જે મોટા મુક્ત તેની જરૂર પડે છે. મહારાજ કહે છે કે, 'દેવ જેવો થાય ત્યારે દેવ પૂજા અંગીકાર કરે.' પણ ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી જેવા મોટા અનાદિમુક્તનો જોગ આવી જાય તો કામ કરી નાખે. ખંડિયા રાજા અને સ્વતંત્ર રાજા

એ બેયના હુકમ સરખા હોય, પણ સામર્થીએ કરીને બળ જુદું રહે છે. તેમ મોટા મુક્ત દેવ પધરાવી દે તો સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિ એમના આશીર્વાદે દેખાય. એવા મોટાની સેવા કરવી હોય તો એક કલાક પણ ન થાય, એ મહિમા ન કહેવાય.''

''આ તો ખરો મુદ્દો હાથ આવ્યો છે તે જો મૂકી દઈએ તો રખડી પડીએ. ખરેખરો તારુ હોય તોપણ સમુદ્રમાં દોરડું રાખે છે, તેમ ઉપાસનારૂપી કાંઠો હાથમાં રાખવો. પટાવાળો પટો મૂકી દે તો માર ખાય, તેમ જીવ ધણીની સહાયતા મૂકી દે તો આગળ કેટલું ચાલે?''

''રાજાના કુંવરને પોતાના વૈભવ વધારે છે તેનો સંકલ્પ પણ ન થાય અને એમ જાણે જે સર્વે મારા પિતાનું જ છે. પછી બીજાને શું બતાવવા જાય? તેમ આપણને મહારાજનું આપેલું સન્માન છે. માટે રાજી રહેવું, પણ પોતાપણું આવવા દેવું નહિ; કારણ કે પોતાપણું આવે તો દુખિયો થઈ જાય. અને એમ જાણવું જે, 'જે જે સેવા-સન્માન થાય છે તે મહારાજને થાય છે.' રાજા સાથે કારભારી જાય તો રાજા સાથે તેને પણ સત્કાર મળે છે, એ બધું રાજાને લઈને છે. તેમ આ સત્સંગમાં સર્વેની મોટ્યપ મહારાજને લઈને છે. તે વિના તો કોઈ સંત બીજા રૂપમાં દર્શન દે તો અમારે ચપટી લોટ પણ આપવો તેમાં વિચાર કરવો પડે; માટે બધુંય તપાસવું. મોટા મોટા સદ્‌ગુરુ હોય તેમણે પણ એમ જાણવું જે, 'પૂજા સર્વે મહારાજને જ થાય છે, આપણે તો નિમિત્ત માત્ર છીએ.'''

''જેમ લોટો હોય તો પાણી પીવાય છે તેમ આ જે બધા સંત છે તે પાત્રરૂપ છે. સાબરમતીમાં એક લોટો પાણી રેડે તો સમુદ્રમાં પહોંચી જાય અને સરપટું અગ્નિમાં નાખે તો અગ્નિરૂપ થઈ જાય. પછી તે અગ્નિનું કામ કરે, પણ મૂળ સ્વરૂપ વડવાનળ અગ્નિ તેનું કામ એ ન કરી શકે. મહારાજે કહ્યું છે જે, 'પુરુષોત્તમનો નિશ્ચય પુરુષોત્તમ વતે જ થાય છે.' જેથી કારણ તો એક મહારાજ જ થયા.'' ॥૬૪॥

## વાર્તા ૬૫

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૮) સભામાં કથા પ્રસંગે સંતો માંહોમાંહી વાત કરતા હતા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "જીવની માનીનતા એવી છે કે કોઈકનો માલ ને કોઈકનો ખજાનો, પણ ધણી પોતે થઈ બેસે છે. બહિર્ભૂમિ ગયાની સત્તા પોતાનામાં હોય નહિ ને પોતે ભગવાન થઈ બેસે. માટે મહારાજને તો જુદા ને જુદા જ રાખવા; તેજમાં તેજ ભળી જાય એવું પણ ન સમજવું, મહારાજ તો સદાય દિવ્ય સાકાર, અખંડ, અવિનાશી છે. વચનામૃતને મથાળે મહારાજનું સ્વરૂપ વર્ણવ્યું છે તેના સામી નજર જોઈએ. માંહી બધાંય વચન ચમત્કારી છે. તેનો દિવ્યભાવ આવે તો ભારે કામ થઈ જાય. આ તો દરરોજ સમૈયા કહેવાય. પૂછનારા કેવા છે, સાંભળનારા કેવા છે તે બધાય પ્રગટ જાણવા. શ્રીજી શ્રીજી કહે અને જ્ઞાન ન સાંભળે તેથી શું સમાસ થાય!"

"માટે આ વચનામૃત ભણે તો બધાં શાસ્ત્ર આવી જાય. એને લઈને બેસે તો કોઈ અટકાવ કરે નહિ. આ તો ઠેઠ હજૂરનો ખુલાસો છે. જેથી નીચલી કોર્ટવાળાનું કાંઈ ચાલે જ નહિ. માટે વચનામૃત બરાબર ભણવાં અને એમાંથી ભગવાનનો રસ આવે એટલે સુખિયો; નહિ તો લૂખો. રસ વિના જ્યાં ત્યાં ડાચિયું નાખે તો ધૂળ-કાંકરા આવે તોય રસને ખોળવાની જીવને આસક્તિ થતી નથી. કચ્છ દેશમાં ધ. ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ પધાર્યા હતા. ત્યારે વચનામૃતની કથા કરાવી હતી. તે વખતે માંહી ભારે ભારે વાતો આવતી, પણ કેટલાક શાસ્ત્રના ભણેલા પરોક્ષ દૃષ્ટાંતે વાતો કરે તેને અમે કહેતા જે, 'લૂગડાં પહેર્યાં, શણગાર પહેર્યા, પણ હાથેવાળો બાકી રહ્યો.' તેમ જેણે આ વચનામૃત જેવાં દિવ્ય શાસ્ત્ર ન જાણ્યાં તેણે હાથેવાળો મેળવ્યો ન કહેવાય. એક શબ્દના લાખ અર્થ થાય અને કરોડ કરો તો તેટલા થાય; જેટલા કરવા હોય તેટલા થાય એવું આ દિવ્ય

શાસ્ત્ર છે.''

પછી એમ બોલ્યા જે, ''મૃત્યુ આવ્યું જાણીને પોતાનું પૂરું કરી લેવું. મૃત્યુ આડી એક ઘડી હોય ને પૂરું થાય તો કૃપાસાધ્ય જાણવું. એવું બધાયને હોય નહિ. એવો જોગ તો કોઈકને જ મળે. ચાર હથિયારવાળા પડખે ચાલ્યા આવતા હોય તો ચોરથી ચોરી થઈ શકે નહિ. તેમ આવા મોટા શ્રીજીમહારાજના અનાદિમુક્ત જેના ભેળા હોય તેની પાસે કાળ-કર્મ-માયા વગેરે કેમ આવી શકે? આવો જોગ હોય ને ન કરી લે તો પછી તેને કેવો જાણવો? સિંધ જેવા દેશમાં પણ આવો ધમકાર વર્તાવી દીધો છે એ બધો શ્રીજીમહારાજનો પ્રતાપ છે. મહારાજના મોટા મુક્તને અને સત્શાસ્ત્રને જાણ્યાં હોય તેને આ વાત સમજાય. મહારાજે કહ્યું છે જે, 'શાસ્ત્ર સત્પુરુષના મુખથી સાંભળવાં, પણ પોતાની બુદ્ધિબળે સમજવા જાય તો ખરી વસ્તુ રહી જાય.'''

''શ્રીજીમહારાજ પોતાનો દિવ્ય સાજ લઈ પધાર્યા છે તેથી અક્ષરધામની ને અહીંની એકતા છે. માટે ધામમાં સ્ત્રી-પુરુષનો ભાવ નથી. લક્ષ્મીજી બહાર સેવામાં રહે છે તથા ચિહ્ન રૂપે હૃદયમાં રહ્યાં છે તે બધા વર્તમાન કાળના ભાવ છે. ધામમાં ગોખ, જરૂખા, મેડીઓ, ફુવારા છે તે બધા ભાવ અહીં ઘટાડવાના છે. ભુજ, મુળી કે ગુજરાતના સંત તેડવા આવ્યા, રથ પાલખીઓ આવી એ બધુંય અહીં ઘટાડવું. બધુંય દિવ્ય છે, પણ માયિક દૃષ્ટિથી ન જોવું. આ સર્વે સંતો તથા હરિભક્તો તેજોમય બ્રહ્મની મૂર્તિઓ છે એમ જાણે તેને માયિક ભાવ ન આવે. પોતે દુખિયો હોય તેને બીજા પણ દુખિયા દેખાય, માટે પોતાના ભાવ હોય તેવું દેખાય છે.''

''આપણો તો અહિંસા ધર્મ છે. અહિંસા ધર્મ એટલે કોઈને મન, કર્મ વચને દુભાવવો નહિ. અધિકારવાળાએ કોઈને કહેવું પડે તેથી બીજા દુ:ખાય અને ન કહે તો સરખું ચાલે નહિ. તે વખતે બરાબર સત્સંગની લટક શીખી રાખી હોય અને મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ હોય તો ઠીક

રહે. મહારાજે કહ્યું છે કે, 'ભીમસેન જેવા ડારા દેનારા તો ઘણાય હોય', પણ જે મૂર્તિ પાસે રાખે તેને વાંધો નહિ."

"વ્યવહાર તો બીજા પણ કરી લે. એ કાંઈ અટકે નહિ. મોટા મોટા સંતો, હરિભક્તો અધિકારવાળા હતા, પણ પાસે સત્સંગની લટક હતી તેથી શોભ્યા. મહારાજ તથા મોટા અનાદિનો મહિમા ખરેખરો સમજવો. એને ખરેખરું પોતાનું જીવન માનવું. તે વિના બળ આવે નહિ. માછલું છે તો અલ્પ ગજાવાળું, પણ તેને પાણી સાથે એટલું જીવનપણું છે કે એક ઘડી પણ વિયોગ થાય તો તરત જ તરફડીને મરી જાય. માટે મહિમા સમજવો તો એવો સમજવો કે વિયોગ થાય એટલે જીવનપણું મટી જાય. અને મહિમા સમજે તો ગમે તેવા અલ્પ જીવ હોય પણ માછલાંની પેઠે બળ આવે છે."

પછી કથાની સમાપ્તિ થઈ તે વખતે સહુ હરિભક્તો આગળ આવ્યા.

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું કે, "બાપા! સૌને તમારી વાતોની તાણ મટતી નથી."

ત્યારે બાપાશ્રી કહે, "અમે મૂર્તિ વિના બીજું કાંઈ ભણ્યા નથી."

એમ કહીને વાતો કરવા લાગ્યા જે, "મહારાજની મૂર્તિ વિના કાંઈ જોયા જેવું નથી; કેમ કે તે વિના સર્વે વિઘ્નકર્તા છે. તે કેવી રીતે? તો એક વખત ગઢપુરમાં મહારાજે સિદ્ધાનંદ સ્વામી ઉપર વાત કરી ને એમ બોલ્યા જે, 'મોટા સાધુ થઈને હરિભક્તના અંતર જોતાં ફરે છે ને હરિજનને બિવરાવે છે તેમ શું કરવા કરતા હશે? તે જોવામાં શું ફાયદો પડતો હશે? તે તો નબળી વસ્તુનો ટોપલો લઈને કોઈ જતું હોય તેમાં જોવાનું મન થાય તેવું છે.' ત્યારે સિદ્ધાનંદ સ્વામીએ જાણ્યું જે, 'મારા ઉપર વાત કરી છે. તે હું સર્વે જીવના અંતરની વાત કરું છું તેવું મહારાજે જાણી લીધું.' પછી ચૈતન્યાનંદ સ્વામી બોલ્યા જે, 'હે

મહારાજ! એમ કોણ જુવે છે?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'આ તમે છો તે નાહવા જતા હો ત્યાંથી બીજે જ્યાં ત્યાં સ્ત્રી આદિક તથા બીજા નબળા-સબળા પદાર્થ તેના સામું જોવાની શું જરૂર? જવું ત્યાંથી જ સરત રાખવી અને આપણને મળ્યા જે ભગવાન તેમને જોવા તે વિના બીજું જોવાનું શું પ્રયોજન હોય?' ત્યારે સ્વામી કહે, 'મહારાજ! એ ખરું.' ત્યારે વળી મહારાજે કહ્યું કે, 'આપણને જે વસ્તુનું કામ હતું તે વસ્તુ હાથ આવી તો તેના સામું જોઈ રહેવું, પણ બીજું શું કામ જોવું પડે છે?' એમ કહીને મહારાજે સિદ્ધાનંદ સ્વામીને જે પ્રતાપ આપ્યો હતો તે પાછો સંકેલી લીધો. પછી મહારાજની મૂર્તિનું સુખ રહ્યું ને બીજું સામર્થ્ય જીવના અંતર જોવાનું હતું તે ગયું."

"જેમ બાળકનું ધન મા-બાપ સાચવે તેમ મહારાજ ને મોટા મુક્ત જીવને સાચવે છે. માટે મોટાનો વિશ્વાસ રાખી આનંદ માનવો અને પોતાને કૃતાર્થ માનવું. નહિતર આવા મોટાનો જોગ થાત નહિ. આમ જાણીને ભગવાનને ભજ્યા કરવું."

પછી એમ બોલ્યા જે, "સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ પોતાના શિષ્ય શ્રીકૃષ્ણદાસજીને કહ્યું જે, 'તમારે કોઈ ઐશ્વર્યની અભિલાષા રહેતી હોય તો પ્રાપ્ત કરાવીએ.' ત્યારે શ્રીકૃષ્ણદાસજી બોલ્યા જે, 'ના સ્વામી! એમાંથી તો અવળું પડે તો મારું ઠેકાણું રહે નહિ' એમ કહ્યું. ત્યારે સ્વામી તેના ઉપર ઘણા રાજી થયા. માટે મોટા રાજી થઈને ઐશ્વર્ય આપે તોપણ એમ માગવું જે, 'અંત સમયે ભગવાનના ધામમાં લઈ જજો અને તમારી જોડે મહારાજની સેવામાં રખાવજો' એવું માગવું." ॥૬૫॥

## વાર્તા ૬૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૮) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "આપણે તો બધો દિવ્યભાવ સમજવો. મોટા અનાદિમુક્ત મળ્યા છે તે ધક્કે મારીને ધામમાં લઈ જાય તેવા છે. તે શું? તો માયાનાં

આવરણ બધાં તોડીને, સામ્યાવસ્થા ભેદાવીને અક્ષરધામમાં પહોંચાડે એવા અનાદિમુક્ત આ રહ્યા. આ સભા સર્વે દિવ્ય છે. આ ટાણે જમ્યા તે પણ દિવ્ય છે. જીવને મોટા મળ્યા એટલે સોંઘા થઈ ગયા એમ જાણવું. પરોક્ષ હોત તો મોંઘા હોત.''

''આ લોકમાં એક ને એક વસ્તુનું નામ લે તો ગાંડો કહેવાય અને ઘણી વસ્તુનું નામ દે તો ડાહ્યો કહેવાય. તેમ આ લોક-પરલોકના દૃષ્ટાંત-સિદ્ધાંત, અવતાર-અવતારીના દૃષ્ટાંત-સિદ્ધાંત એ બધી વાત કરે અને તે વિશેષ પ્રમાણ કરે એ લાંબા ફેરનો રસ્તો છે. આ સમજ્યા વિના મહારાજને, ધામને તથા મોટાને વગોવ્યા એમ દહાડો નીકળી ગયો એવું થયું. શ્રીજીમહારાજ તથા મોટાએ તો પરબાર્યો રસ્તો કર્યો છે. એ ખરી વાત જીવમાં પેસે તો ગાંડા થઈ જવાય, પણ ગાંડા થવાતું નથી એટલી નિશ્ચયમાં કસર છે તથા શ્રદ્ધામાં કસર છે.''

''મહારાજની સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિનું સુખ આપણને મળ્યું છે. સાધનથી કાંઈ પૂરું થાય તેમ નથી. માટે જળ અને મીનના જેવું મોટાને વિષે હેત રાખવું. શ્રીજીમહારાજના લાડીલા છે તે ત્રણે અવસ્થામાં મૂર્તિને ભેળી જ રાખે છે, પણ મહિમા નથી કે આ ક્યાંના આવેલા છે! આ કાંઈ થોડી વાત નથી. મોટા મુક્ત ભેળા બેસીને વાત કરે છે ને સુખ આપે છે તે જીવમાં કસ આપે છે ને તેજ, સામર્થી અને સુખ આપે છે, પણ સમાગમ વિના એવું સમજાતું નથી. 'રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માંહી ભળી.' તેમ મહારાજ અને મોટા સાથે રસબસ થઈ રહેવું એટલે આપણો ખરેખરો આત્યંતિક મોક્ષ થઈ ગયો. ખરો મુદ્દો અને ખરા ખેવટિયા હાથ આવ્યા છે તે મનવારો ભરી ભરીને જીવને અક્ષરધામમાં લઈ જાય છે.''

તે વિષે મનવારની વાત કરી.

''એવી લાખો મનવારો ભરીને મહારાજ અને મોટા અનાદિ જીવને લઈ જાય છે; કાંઈ એક-બેનું કલ્યાણ કરે એવા નથી, પણ નજરે

ચડ્યા એ બધાયનું કલ્યાણ છે. માટે પરિપક્વ નિશ્ચય જોઈએ. સમુદ્રમાં પડે, કૂવામાં પડે, અગ્નિમાં બળી જાય, વીજળી પડે અને મરે, પણ જેને મોટા મળ્યા હોય તેને આત્યંતિક કલ્યાણમાં સંશય નહિ. મોટા અનાદિને વિષે આત્મબુદ્ધિ રાખતાં કલ્યાણમાં ફેર રહે, તો મોટાને માથે જોખમદારી છે. ભૂત સર્વત્ર દેખાય છે, ત્યારે મોટા અને મહારાજની મૂર્તિ સર્વત્ર કેમ ન દેખાય? મૂર્તિનો મહિમા ખરેખરો સમજાય ત્યારે આ લોકની તુચ્છતા થઈ જાય. માટે આ વાતનો કેફ રાખવો કે કલ્યાણ થઈ જ ગયું છે.''

''આ તીર્થમાં નાહ્યા તેનો કેટલો મહિમા છે! બધાય રસબસ નાહ્યા તેમાં શું બાકી કહેવાય! અનંત બ્રહ્મહત્યાઓ, પંચમહાપાપ સર્વે નાશ પામી ગયાં. પછી પોતાને કોઈ પાપી માને એ અણવિશ્વાસ કહેવાય. જો વિશ્વાસ હોય તો અનંત જન્મનાં પાપ બળી જાય. એ વાતમાં સંશય નથી. આવી વાત હાથ ન આવી હોય અને ભૂત, ભવિષ્ય ને વર્તમાનની વાતો કરે, ઐશ્વર્ય-ચમત્કાર જણાવે તોય શું! એ બધુંય મહારાજની મૂર્તિ વિના વિઘ્નકર્તા છે. માટે આપણે તો એક મૂર્તિમાં ખેંચાવું ને એ મૂર્તિમાં રહ્યા હોય તેમની સાથે દૃઢ હેત કરવું.'' ॥૬૬॥

## વાર્તા ૬૭

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૮) બપોરે મેડા ઉપર આસને બાપાશ્રીએ વાત કરી જે, ''આપણે તો મહારાજ, મુક્ત, સંત, હરિભક્તો સર્વે દિવ્ય છે એવો મહિમા રાખવો, પણ બીજું ન સમજવું. 'ચૈતન્યરૂપી ભૂમિ રે હરિજન ચૈતન્ય હજારું.' ભક્તજનોને રહેવાને ભૂમિ પણ ચૈતન્ય છે. આ અલભ્ય લાભ છે, માટે ચાલોચાલ સત્સંગ ન કરવો. આવો મોટો જોગ થયો છે તેથી એમ જાણવું જે આ વેપારમાં આપણે કરોડો મનવારો ભરી લાવ્યા છીએ તે ખૂટે તેમ નથી. આ બધા હરિભક્તો જમે છે તે બધું અક્ષરધામનું દિવ્ય સુખ છે. કોણ પીરસે છે અને કોણ સુખ આપે છે એ જોવું. સર્વે દિવ્ય છે. મહિમા ઓછો હોય

તો એમ જાણે જે રોટલા ખાઈને આવ્યા, પણ સમજ્યા વિના રોટલામાં તો ઓટલા વળી જાય.''

''કેટલાક શાસ્ત્ર ભણીને દિગ્વિજય કરે, ભારે ભારે વાતો કરે, તોય પણ શું! આવી નવીન મહારાજ અને મોટા મુક્તની વાતો તેનો બીજા કોઈથી પાર પામી શકાય એવો નથી. બીજાના જોગથી તો બીજાના ગુણ ગરી આવે. આ બધું સુખ ચૈતન્યમાં લેવું. ખરેખરો પાત્ર થઈ જાય તો સળંગ સુખની ધારાઓ છૂટે છે. જ્યાં મહારાજ અને મોટા વિચર્યા ત્યાં ઝાડ, પહાડ, વસ્ત્ર, વાહન આદિ સર્વે ચૈતન્યમય જણાય છે. તેમ મોટા મુક્તને વિષે પણ એવું નિર્ગુણપણું થવું જોઈએ. જ્યાં લગી કલેવરના ભાવ હોય ત્યાં લગી સુખ નથી. માટે એ ભાવ ટાળવો. મહારાજના સુખમાં દૃષ્ટિ ન પહોંચી હોય તો ક્યાંય ને ક્યાંય ભમે, પણ મોટા અનાદિને વિષે વિશ્વાસ હોય તો કૃપા કરી પૂરું કરી આપે. તોપણ આજ્ઞા, નિયમ, ધર્મ પાળવાં અને સર્વેને દિવ્ય જાણવા.''

''દિવ્ય સિંહાસનમાં તેજોમય મૂર્તિ છે, એ મૂર્તિના સુખમાં રસબસ રહેવું. મૂર્તિમાંથી તેજ ફરર ફરર નીકળ્યે જાય છે. મૂર્તિનું તેજ એ સિંહાસન છે; તેમાં શ્રીજીમહારાજ બિરાજે છે. તે મૂર્તિમાં મહા અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, તથા વ્યાપકાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, દેવાનંદ સ્વામી આદિક સર્વે છે, મંદ મંદ હસે છે ને સુખ લીધા જ કરે છે.''

પછી એમ વાત કરી જે, ''મહારાજના મોટા મુક્ત ઉપરથી સૂતાં જણાય, જાગતાં જણાય, જમતાં, નહાતાં, ઊઠતાં, બેસતાં, વાતો કરતાં એમ સર્વે ક્રિયા કરતાં જણાય; પણ તે તો મૂર્તિનું સુખ રસબસભાવે લીધા જ કરે છે. તેને મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. જેમ આકાશને પૃથ્વીનો કોઈ ઠેકાણે સંબધ નથી તેમ એ તો મહારાજની મૂર્તિમાં નિરંતર રહ્યા છે તેને ક્યારેય પણ માયાનો સંબંધ નથી. જેમ વાયુ ઝાડને ભૂટકાય

છે તે દેખાતો નથી તેમ મોટા મુક્તને વિષે જોવાનો, ખાવાનો, સાંભળવાનો ભાવ દેખાય, પણ એ તો સુખના સમુદ્રમાં ઝીલતા, ઝીલતા ને ઝીલતા જ રહે છે. કેટલુંક તો મહારાજનો મહિમા જણાવવા માટે ઉપશમ આદિ જણાવે છે એમ જાણવું; પણ એ તો ઉદરમાં નથી આવ્યા.''

એમ કહીને બોલ્યા જે, ''આ કલેવર તો બધાયને સુખિયા કરવા માટે રહ્યું છે એમ કહેવાય, પણ મહારાજને અને મોટાને કલેવર જ નથી; એ તો સદાય દિવ્ય મૂર્તિ જ છે. એવા મોટાને જોગે શ્રીજીમહારાજની મૂર્તિમાં ત્રણે અવસ્થામાં જોડાઈ જાય તે નિષ્કામભાવ અને સાધને કરી ઇંદ્રિયો સંકોચાઈ જાય તથા સમાધિ થાય તે સકામભાવ ગણાય. આ તો બહુ જબરી વાત છે, અતિ મોટી પ્રાપ્તિ છે. જેને મળવે કલ્યાણ, સ્પર્શે કલ્યાણ, ઉપરથી વાયરો આવે તોય કલ્યાણ એ કાંઈ થોડી વાત કહેવાય? વરસાદ વરસે અગર ઝાકળ પડે તો ડહેલામાં વસ્તુ હોય તોપણ હવાઈ જાય. આ તો 'અમૃતના સિંધુ ઊલટ્યા, રંગડાની વાળી છે રેલ પુરુષોત્તમ પ્રગટી' એમાં શું બાકી રહે? બાકી તો નહિ, પણ આપણા ઠરાવ બાકી છે. જુઓને! આ લોકમાં માયિક વસ્તુ ઘી, ખાંડ, ગોળ, આદિક ખાધાથી બળ આવે છે તો આ તો ચૈતન્યનું બળ તે શું ઓછું સમજવું?''

એમ કહીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''તમને તો અનેકને મૂર્તિના સુખભોક્તા કરો એવા કરીશું ને ભેળા રાખીશું.''

એમ કહીને અતિ પ્રસન્નતા જણાવીને કહ્યું જે, ''ગરીબને ઝાઝું સુખ દઈશું. આ તો દિવ્ય સેવા, દિવ્ય મુક્ત, દિવ્ય મહારાજ; સર્વે સાથે મળ્યું છે, પણ કાષ્ટના લાડવામાં મોતૈયાનું મૂલ આવે નહિ. તેમ આવી પ્રાપ્તિ વિના મૂળઅક્ષરનો અધિકાર આવે તોપણ આ જેવું નથી. આ તો અનાદિમુક્તની પંક્તિમાં ભેળવ્યા, પણ સમજણ વિના કોઈ મૂંઝાઈને કહે જે મને કાંઈ ન મળ્યું તો તેનું તે જાણે. આપણે તો આ જ્ઞાનગંગામાં

નાહ્યા તથા આ બ્રહ્મયજ્ઞ કર્યો તેથી સર્વેનાં આગળ-પાછળનાં ગમે તેવાં પાપ હોય તે બળી ગયાં એમ જાણવું ને હવેથી નવાં કર્મ કરવાં નહિ. ખબડદાર થઈને મહારાજની આજ્ઞા પાળજો. અંતઃકરણરૂપી માયા કાંઈ વિઘ્ન કરવા આવે તો મહારાજ તથા મોટાને હથિયારબંધ જોડે રાખવા; સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ પ્રાર્થના કરવી.''

``મોટા અનાદિમુક્ત છે તે તો બારિસ્ટર જેવા છે. જેમ અહીંના બારિસ્ટર છે તે એક શબ્દ સૂઝે તેવો આંટીવાળો હોય તેને તોડીને આ લોકમાં જેમ સુખ થાય તેમ કરી આપે છે; તેમ જે અક્ષરધામના બારિસ્ટર છે તે એક શબ્દે માયારૂપી આંટી તોડીને અક્ષર પર અનાદિની સ્થિતિ કરાવી આપે છે. અહીંના બારિસ્ટર જેમ એક શબ્દના રૂપિયા પાંચસો અથવા હજાર લે, તેમ આવા મહામુક્ત જે મૂર્તિનું સુખ પમાડે છે તેને શું આપીએ? માટે મોટાને તો સેવાએ જ પ્રસન્ન કરવા. ને એવા મોટા સાથે મન, કર્મ, વચને જીવ બાંધી દેવો; તો અક્ષરધામનું તથા પુરુષોત્તમનું સુખ જીવને પ્રાપ્ત થાય.'' ॥૬૭॥

## વાર્તા ૬૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૮) બપોરે મંદિરની ઓસરી પર બાપાશ્રી પાટ ઉપર બેઠા હતા, ત્યાં સંત-હરિભક્તો આવીને બેઠા.

તે વખતે બાપાશ્રીએ વાત કરી જે, ``મોટા મુક્ત પાંચસો ગાઉ છેટે રહેતા હોય કે હજાર ગાઉ છેટે રહેતા હોય અને બહુ હેતવાળા હરિભક્ત મૂંઝાય ત્યારે તેને દર્શન દઈને વચન કહે કે, `તમે મૂંઝાશો મા, આપણે ભેળા છીએ'; તો તેને આવરણ ટળી જાય. એમ મોટાનાં વચન સદા સત્ય છે. અને જ્યારે કામ-ક્રોધાદિક સંકલ્પ થાય તથા બીજા મલિન ઘાટ થાય તેને પોતાના સ્વરૂપના વિચારે કરીને, મહારાજ તથા મોટાના મહિમાના બળે કરીને `સ્વામિનારાયણ સ્વામિનારાયણ' એવાં નામના ઉચ્ચારે કરીને તથા મોટા સદ્‌ગુરુનાં નામ લઈને ટાળી નાખવા. પછી એ દોષ, સંકલ્પ, ઘાટ તેને વારંવાર સંભારવા નહિ. એક મૂર્તિ

જ સંભારવી. આપણે અક્ષરધામ સુધી વર્ણન કરીને રહેવા દઈએ, પણ જો તેમાં શ્રીજીમહારાજનો શબ્દ આવે નહિ તો તે વર્ણન શું કામનું! માટે જે જે વર્ણનમાં અને બીજા પણ તેવા તેવા પ્રસંગમાં સર્વ વાતે, સર્વ શબ્દે સર્વ સંબંધ શ્રીજીમહારાજની મૂર્તિને લગાડવો એ ઉત્તમ ભક્તનું લક્ષણ છે.''

પછી માથકવાળા અમીચંદભાઈએ પૂછ્યું જે, ''બાપા! પરોક્ષ જે રામકૃષ્ણાદિક ભગવાનના અવતાર તેને યથાર્થપણે ભજનારા ભક્ત તે શ્રીજીમહારાજને જાણતા કે ઓળખતા ન હોય તેથી પ્રતીતિ પણ ન આવે તેનો મોક્ષ થાય કે કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જ્યારથી મહારાજ પ્રગટ થયા ત્યારથી પરોક્ષ અવતારોના ભક્તોને એ અવતારોથી તેડવા આવી શકાય નહિ. તેમને તો શ્રીજીમહારાજ સત્સંગમાં જન્મ ધરાવીને પોતાની ઉપાસના સમજાવી અક્ષરધામમાં લઈ જાય. તે સદ્. નિષ્કુળાનંદ સ્વામીના કીર્તનમાં કહ્યું છે જે, 'બંધ કીધાં બીજાં બારણાં રે, વહેતી કીધી અક્ષરવાટ; પુરુષોત્તમ પ્રગટી રે.' આમ શ્રીજીમહારાજે આ સમે આત્યંતિક મોક્ષ કરવા અક્ષરધામનાં બારણાં ઉઘાડાં મેલ્યાં છે, પણ આ લોકમાં મહારાજને રાજી કરવામાં આવરણ ઘણાં છે— નાત-જાતનાં, કુટુંબનાં, સગાં-સંબંધીનાં. એ આવરણને તો જીવ બળિયો થાય તો ન ગણે; પણ પૃથ્વીનાં, જળનાં, તેજનાં, વાયુ અને આકાશ આદિકનાં આવરણ ભેદવાં બહુ કઠણ છે.''

ત્યારે ઠાકરસીભાઈએ પૂછ્યું જે, ''બાપા! એ આવરણ કેમ ભેદાય?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''શ્રીજીમહારાજ ને તેમના મોટા મુક્ત જેને પ્રત્યક્ષ મળ્યા તેને એ આવરણ તથા બીજાં અક્ષરકોટિ સુધીનાં તમામ આવરણ ભેદાઈ ગયાં એમ જાણવું. આવી વાત પોતાની બુદ્ધિબળે સમજવી બહુ કઠણ છે, પણ મહારાજ તથા મોટા મુક્ત મળે તેને કાંઈ કઠણ નથી. તે પ્રત્યક્ષ દૃષ્ટિગોચર હોય કે પ્રતિમા રૂપે દર્શન

દેતા હોય અને આપણને કોઈ વાતની મૂંઝવણ થઈ હોય ને તેમને સંભારીએ તો તરત દર્શન દઈ મૂંઝવણ ટાળી નાખે; અથવા મનમાં કોઈક શંકા ઉત્પન્ન થઈ હોય તે વખતે તેમને હેતે સહિત સંભારીએ તો તે શંકા પણ ટાળી નાખે, ત્યારે એમ જાણવું જે મહારાજ તથા મોટાએ મારી એ શંકા ટાળી. એમ સદાય તે તો પોતાના આશ્રિતની રક્ષામાં જ છે.''

''મહારાજના મોટા અનાદિમુક્ત સર્વે વાતને હસ્તામળ જાણે છે. એવા મોટાને જીવના અનંત જન્મની ખબર છે તેથી એ કોઈને અવળું પડે તેમ કહે કે કરે નહિ; પણ કદાચ કાંઈ કહ્યું ને આપણે જાણીએ કે મારે વિષે તો આવું કાંઈ નથી તો એ બીજા જન્મનું હશે એમ જાણીને મોટા મુક્તનું વચન સત્ય માનવું, પણ તેમાં તર્ક કરવો નહિ ને મૂંઝાવું પણ નહિ. એવા મોટા મુક્ત મનુષ્ય જેવા દેખાય છે, પણ મનુષ્ય જેવા ન જાણવા. એ તો સદાય દિવ્ય જ છે. 'નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ' એમ એ તો સદા દિવ્ય મૂર્તિ છે. અને 'શ્રીજીમહારાજના સંબંધને પામ્યાં જે વસ્ત્ર, વાહન, પરિચર્યાના કરનારા સેવક, ખાન-પાન સર્વે દિવ્ય છે' એમ મહારાજે વચનામૃતમાં લખ્યું છે તેથી એમને વિષે ક્યારેય મનુષ્યભાવ લાવવો નહિ.''

પછી માસ્તર મોહનલાલે પૂછ્યું જે, ''બાપા! પરમાર્થ તે શું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જીવને અવળે રસ્તેથી પાછો વાળીને શ્રીજીમહારાજને વિષે અને મોટા મુક્તને વિષે જોડવો તે તથા તેમનો સ્પર્શ, યોગ, સમાગમ કરાવવો એ ખરો પરમાર્થ કર્યો કહેવાય.''

પછી બાપાશ્રી મેડા ઉપર આસને પધાર્યા ત્યાં છેલ્લા પ્રકરણનું ૨૪મું વચનામૃત વંચાતું હતું. તેમાં બાઈઓએ હરિભક્તનું માહાત્મ્ય ઝાઝું સમજવું નહિ, તેમ હરિભક્તોએ બાઈઓનું માહાત્મ્ય ઝાઝું સમજવું નહિ; પણ સમપણે સમજવું. જો એમ ન સમજે તો એમાંથી મોટું વિઘ્ન થાય એ વાત આવી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ભગવાનના ભક્ત પુરુષો ને બાઈઓ તેમનો પરસ્પર પ્રસંગ બહુધા રાખવો નહિ તથા તેમની પાસેથી જ્ઞાનવાર્તા સાંભળવી નહિ. પોતાને વિકાર ન ઊપજતો હોય ને દેહભાવ ન હોય અને કદાપિ કોઈ વાત સંભળાય તોપણ પોતાના મનનો તપાસ પોતાને જ કરવાનો છે; કેમ કે એ રસિક માર્ગ છે. તે માટે વિચાર રાખવો અને મહારાજની આજ્ઞામાં ખબડદાર રહેવું ને મહારાજને એક પળ માત્ર પણ વિસારવા નહિ."

તે ઉપર વાત કરી જે, "જેમ અસવાર ઘોડીને કુંડાળે નાખે છે તે ઘોડી કુંડાળે પડે, પણ અસવાર મૂકીને જાતી નથી. તેમ ભગવાનના ભક્તને અનેક પ્રકારની વ્યાવહારિક ક્રિયાઓ, તથા ભક્તિમાર્ગની ક્રિયાઓ ભગવાનને ભૂલીને કરવી નહિ."

"મહારાજ તથા તેમના અનાદિમુક્તનો મહિમા અતિશે જાણવો, કેમ જે એમનું પ્રગટપણું અનંત જીવોના કલ્યાણને અર્થે છે. એવા મુક્તને જન્મ ધરવો અને દેહત્યાગ કરવો એ કેવું છે? તો ફક્ત અજ્ઞાનીને મોહે કરીને દેખાવા માત્ર જ છે. મહારાજની મૂર્તિમાં મોટા અનાદિને રસબસભાવે રહેવાપણું છે તે તો અતિ અલૌકિક વાત છે. તે દૃષ્ટાંતે કરીને શું સમજાવાય! એ તો જેમ છે તેમ ને તેમ છે, પણ દેખાવા માત્ર આવ્યા-ગયાપણું છે એમ જાણવું. બીજું કાંઈ મોટાના મહિમામાં સમજતા ન હોઈએ તો છેવટ એટલું સમજીએ કે બધો સત્સંગ માનતો હશે ત્યારે કાંઈક હશે ખરું. એવા મોટાનાં દર્શન કર્યાં હોય અને તેમનું નામ સાંભળીને પછી તે સંભારવા માંડે તોય તે સર્વે પાપ થકી મુકાઈને બળિયો થાય છે. તેની મહારાજ અને મોટા ખબર રાખે છે એમ જાણવું." ॥૬૮॥

## વાર્તા ૬૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૮) રાત્રે મેડા ઉપર આસને સંત-હરિભક્તો બેઠા હતા.

ત્યારે બાપાશ્રીએ હીરાભાઈ તથા હરિભાઈને કહ્યું જે, “તમોએ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકાની પારાયણ બેસારીને બહુ લહાવ લીધા. બધાયને બ્રહ્મયજ્ઞ કરાવીને ખેંચી લીધા. કથામાં જે નાદ થાય છે તે બધાય પરભાવના છે. તે શ્રીજીમહારાજનાં ને મહામુક્તનાં વચન છે. અનંત બ્રહ્માંડમાં ફરી વળે તોય આ નાદ ન સંભળાય. શ્રીજીમહારાજને ઘેર આ બધુંય છે. આ તો ચમત્કારિક વાતો થાય છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ, એવા આ મોંઘા મુક્ત છે. તે શ્રીજીમહારાજે સોંઘા કર્યા છે તેથી મળો છો, વાતો કરો છો, જમાડો છો, આશીર્વાદ લો છો. આ તો મહારાજના પડછંદા છે. મુક્ત તો હજૂરના રહેનારા છે ને મહારસના પાન કરનારા છે. તે રસબસભાવે મૂર્તિના સુખભોક્તા ભેગા ને ભેગા જ.”

પછી બાપાશ્રીએ લાલુભાઈ સામું જોઈને કહ્યું જે, “કેમ લાલુભાઈ! આમ હશે કે નહિ હોય?”

ત્યારે લાલુભાઈ કહે, “બાપા! એમ જ છે. આ દર્શન ક્યાંથી મળે? મહારાજની મૂર્તિમાંથી સુખ લીધા કરે ને સૌને એ સુખ આપ્યા કરે એ અલૌકિક દિવ્ય મૂર્તિનાં દર્શન બધાયને થાય છે. શ્રીજીમહારાજની દયા આ સમે અમારા ઉપર ઘણી છે. આપે તો અમને આ ફેરે ન્યાલ કર્યા છે.”

ત્યારે બાપાશ્રી કહે, “લાલુભાઈ! મહારાજની દયાનું માપ થાય તેવું નથી. અમૃતના સિંધુ ઊલટ્યા છે. કોઈ આવો! કોઈ આવો! ગુણ-અવગુણને નાથ ગણતા નથી. આ ટાણે મહારાજે મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે.”

રાત્રે કેટલાક હરિભક્તો સમય થઈ જવાથી ગયા અને થોડા હરિભક્તો બેઠેલા તે સેવા કરવા લાગ્યા.

ત્યારે બાપાશ્રીએ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, “સ્વામી! અમારો દેહ હવે ચાલતો નથી.

મહાદેવભાઈને ઘેર તેની દીકરીના આજે સંબંધ થવાના હતા તે નિમિત્તે બહુ કરગરીને અમને તેડી ગયા, પણ હવે શરીરમાં થાક જણાય છે. અહીંના હરિભક્તો પ્રેમી બહુ તે મહાદેવભાઈના એક ઘેર જવાનું હતું, પણ આ કહે મારે ઘેર ને ઓ કહે મારે ઘેર, એમ ફળિયામાં ઘેર ઘેર અમને તેડી ગયા. ત્યાં હરિભક્ત કીર્તન બોલે, ઘેર ઘેર ઠાકોરજીની મૂર્તિઓ આગળ ઘીના દીવા બળે, અગરબત્તીના ધૂપ ને જ્યાં જઈએ ત્યાં મેવા આદિકના થાળ જમાડી પ્રસાદી હરિભક્તોને વહેંચે, આરતીઓ થાય, નાનાં નાનાં છોકરાંને લાવી લાવીને ખોળામાં મૂકે, વર્તમાન ધરાવવાનું કહે. એમનાં હેત જોઈને તો અમે ઘણા રાજી થયા. મહારાજની અહીંના સત્સંગ પર બહુ દયા જણાય છે, નહિ તો આવા બળિયા ન હોય. એ તો હેતવાળા, પણ અમારા ભેગા આ આશાભાઈ, મોતીભાઈ, ખીમજીભાઈ આદિ ભેળા હોય તે પણ એમ ન કહે જે, 'આમને થાક લાગ્યો હશે.' તે તો મૂળગા એમ કહે જે, 'બાપા! જાવું ખપે, હરિભક્તો રાજી થાય.' એવા ભેગા ચાલનારા.''

ત્યારે આશાભાઈ કહે, ''બાપા! સૌને તાણ રહી જાય તેથી અમે તો એમ કહીએ.''

ત્યારે સ્વામી વૃંદાવનદાસજી કહે, ''બાપા! આ ફેરે આપ અહીં પધાર્યા ત્યારથી થાકનું કે ભૂખનું ક્યાં ગણો છો! આપને તો એમ છે જે બધાય રાજી કેમ થાય.''

ત્યારે બાપાશ્રી કહે, ''આ બધું અવરભાવમાં છે. પરભાવમાં તો એક મહારાજની મૂર્તિ જ છે. અનંત મુક્ત એ મૂર્તિ ભેગા છે. મહારાજ નવાં નવાં સુખ આપે છે, મુક્ત એ સુખ ભોગવે છે. ત્યાં ભૂખ કે થાક નથી, ત્યાં તો આનંદ, આનંદ ને આનંદ છે. કોટાનકોટિ કલ્પ વીતી જાય તોપણ એ સુખમાંથી તૃપ્ત ન થવાય એવું મહામોઘું સુખ શ્રીજીમહારાજે આ સમે સોંઘું કર્યું છે.

''અમે તો જ્યા જઈએ ત્યાં સિંહાસનમાં મહારાજની મૂર્તિ

વિનાનાં કોઈ ઘર દેખતા નથી. હરતાં ફરતાં નાનાં નાનાં છોકરાં દર્શન કરે, થાળ જમાડીને જમે. આરતીયું બોલે, જય સ્વામિનારાયણ, જય સ્વામિનારાયણ કરે, ઠાકોરજીને જગાડે, પોઢાડે; આવી શ્રીજીમહારાજે નૌતમ રીત ચલાવી છે. તે ઘર બધાંય અક્ષરધામ રૂપ કરી દીધાં છે. અમે શેરીઓમાં નીકળીએ ત્યારે હરિભક્તોનાં નાનાં-મોટાં છોકરાંથી ને બીજા કેટલાક મુમુક્ષુઓથી રસ્તાઓ ભરાઈ જાય છે. સૌને રાજી કરવાનું તાન. કોઈ હાથ જોડે, કોઈ પગે અડે, કોઈ પ્રાર્થના કરે, કોઈ કરગરે; પણ સૌને એમ જે અમારા ઉપર રાજી થાય. અમને પણ એમ થઈ જાય છે જે મહારાજ સૌને મૂર્તિમાં રાખી સુખિયા કરે. સંતો! તમે પણ સૌ દયા કરજો."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "બાપા! આપના સંકલ્પ ભેગા સૌના સંકલ્પ. આપ રાજી છો તે તેમનાં ભાગ્યનો પાર ન કહેવાય."

ત્યારે બાપાશ્રી કહે, "મહારાજ આ ટાણે પાત્ર-કુપાત્ર જોતા નથી. આ વખતે મહારાજે ખંપાળી નાખી છે તેથી નજરે પડ્યો તેનું કામ થઈ જાય છે, પણ જીવને આ જોગનો નવો આદર ને માયામાં ગોથાં બહુ ખાધાં છે તે હજી ફેર ચડી ગયેલા ઊતરતા નથી. મહારાજે ને મોટાએ તો એવો સંકલ્પ કર્યો છે કે કોઈ રહી જાય નહિ. સૌને મૂર્તિમાં રાખવા છે. જુઓને! આ કુંજવિહારી હરિકૃષ્ણ મહારાજ કેવા પ્રતાપી બિરાજે છે! આ ઠેકાણે તો દરિયાનાં પાણી આવતાં તે ઠેકાણે અક્ષરધામ તુલ્ય સ્થાન થઈ ગયાં. મહારાજની ને તમારા જેવા મોટા સંતોની કૃપાનાં આ ફળ છે."

પછી સેવા કરનારા હરિભક્તો સામું જોઈને કહ્યું કે, "તમે સૌ સેવા કરો છો તે અપરાધ નહિ થાય?"

ત્યારે સોમચંદભાઈએ કહ્યું કે, "બાપા! આ સેવાથી તો અનંત જન્મના અપરાધ ટળે."

પછી ગોવિંદભાઈ, ગોરધનભાઈ, વલ્લભદાસભાઈ, માવજીભાઈ, ડોસાભાઈ, લાલજીભાઈ આદિ સેવા કરનારા હરિભક્તો કહે, ‘‘બાપા! આ સેવા મોંઘી બહુ છે, પણ તમે દયા કરી છે તેથી મળે છે.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘આપણને મહારાજ મળ્યા છે તે ન્યાલકરણ છે. તેમના મુક્ત પણ બીજું શું કરે? એ જ કરે. જેને જેને એ મળે તેને મહારાજના સુખે સુખિયા કરે છે. મહારાજ કહે છે કે અનંત મનવારો લાવ્યા છીએ. તે મહારાજના મુક્ત અનંત કોટિ જીવને ખણી ખણીને મૂર્તિમાં મૂકે છે તેથી મહારાજ અનંતગણી મોજ આપે છે. આ બધોય શ્રીજીમહારાજનો દિવ્ય સાજ છે. તે જીવને અભયદાન આપે છે. જુઓને! અહીં લાલુભાઈ જેવા મુક્ત કેવા હેતવાળા છે, કેવા નિર્માની છે! હીરાભાઈ, સાંવલદાસભાઈ પણ એવા. બીજા નાના-મોટા સૌ બળિયા છે. તે સર્વેને મહારાજને રાજી કરતાં સારું આવડે છે. સત્સંગ બધોય દિવ્ય છે એવું જણાય ને સૌનો દાસ થઈને વર્તે તો સુખિયો થતાં વાર ન લાગે એવો આ સમાગમ છે. કેટલાક આવો જોગ હોય તોય માન, સ્વાદ આદિકમાં અટકી પડે છે. આપણે મૂર્તિ વિના ક્યાંય અટકવું નહિ.’’

એમ સૂતાં સૂતાં વાતો કરતા હતા ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું કે, ‘‘બાપા! મોડું બહુ થયું છે અને આપને આજે થાક લાગ્યો છે તે જરા આરામ કરો.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘આપણે તો સદાય આરામ જ છે. મૂર્તિના સુખમાં તૃપ્ત થવાનું નથી. તમ જેવા સંતની દયા થઈ છે તે થાક કે ભૂખ કાંઈ જણાતું નથી.’’

ત્યારે સ્વામીશ્રી કહે કે, ‘‘બાપા! આપ તો સુખ દેવા આવ્યા છો તેથી સૌને સુખિયા કરો છો. આપ અહીં પધાર્યા ને અમને ભેગા લીધા તેથી અમને પણ લહાવ છે ને!’’

ત્યારે બાપાશ્રી કહે, "'બડા બડાઈ ન કહે બડા ન બોલે બોલ, હીરા મુખસે ના કહે લાખ અમારા મોલ' તેમ તમારી વાતો અમે જાણીએ છીએ. આપણા ગુરુ સ્વામી નિર્ગુણદાસજી કહેતા કે, 'મઢી નાની ને બાવો મોટા' એમ આ ટાણે બન્યું છે. સૌ મહારાજની કૃપાએ સુખિયા છે. સાજો સત્સંગ દિવ્ય. કરાંચી શહેર આ ટાણે અક્ષરધામ બની ગયું છે. આ બધોય શ્રીજીમહારાજનો પ્રતાપ છે. આમ ને આમ સૌ મૂર્તિના સુખમાં કિલ્લોલ કરજો." એ આશીર્વાદ આપ્યો. ॥૬૯॥

## વાર્તા ૭૦

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૯ને રોજ મેડા ઉપર બાપાશ્રી પૂજા કરી રહ્યા તે વખતે મગનભાઈ ફૂલના હાર લાવ્યા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી આદિક સંતોને કહ્યું જે, "બાપાશ્રીની પૂજા કરો." પછી સંત મંડળે બાપાશ્રીને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા ને હરિભક્તોએ પણ એક પછી એક બાપાશ્રીની તથા સંતોની ચંદન-હારથી પૂજા કરી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સ્વામી! આ અક્ષરધામમાં ચંદન ચર્ચાય છે. આ ચંદન ને પુષ્પ સર્વે દિવ્ય છે. મહારાજની મૂર્તિમાંથી તેજ ઝળળળ ઝળળળ નીકળે છે, અનંત મહામુક્તો એ મૂર્તિમાં રસબસ છે. અવરભાવમાં આમ દેખાય છે, પણ પરભાવમાં દિવ્ય તેજોમય છે. આ વાત સમજાય તો પડદા તૂટી જાય."

પછી ચંદનવાળા હાથ લૂઈને બન્ને સદ્‌ગુરુઓ તથા પુરાણી આદિક સંતોને કહ્યું જે, "આજ પારાયણની સમાપ્તિ છે તે ચાલો સભામાં." એમ કહી પોતે પણ ઠાકોરજીનાં દર્શન કરી સભામાં પધાર્યા. હરિભક્તો ને સંતોથી સભા મંડપ ભરાઈ ગયો. પુરાણીની ચંદન-પુષ્પથી પૂજા થતી હતી.

તે વખતે હરિભાઈએ બાપાશ્રીને કહ્યું જે, "બાપા! આપે બહુ દયા કરી જેથી આ વચનામૃતના પરભાવ તથા અર્થ સૌને સમજાય તેવી

રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા થઈ તે સાંભળી સૌ હરિભક્તો અતિ રાજી થાય છે ને કહે છે કે, 'બાપાશ્રીએ આ અતિ મોટો ઉપકાર કર્યો છે. વચનામૃતનું અધ્યાત્મ જ્ઞાન આવું સુગમ કરી કોણ સમજાવે?'"

ત્યારે બાપાશ્રી કહે, "આ બધી શ્રીજીમહારાજની દયા છે. એમના સંકલ્પે આવાં કામ થાય છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ. કર્તાહર્તા શ્રીજીમહારાજને રાખીએ એટલે જે સમજવાનું છે તે સમજાણું."

પછી કથામાં વચનામૃત વંચાવા લાગ્યાં. સૌ હરિભક્તો એક ચિત્તે શ્રવણ કરતા હતા. પછી તે કથાની સમાપ્તિ વખતે હીરાભાઈ તથા હરિભાઈએ ઠાકોરજીને ભેટ ધરવા છાબું ભરાવી કેમ કે તે બન્નેની પારાયણ હતી. હરિભક્તો ઉત્સવ કરતાં કરતાં એ છાબું લાવ્યા. બન્ને સદ્‌ગુરુઓની ચંદન તથા પુષ્પના હારથી પૂજા કરી.

સૌ હરિભક્તોએ સદ્‌ગુરુઓ તથા પુરાણી હરિપ્રસાદદાસજી તથા પુરાણી ધર્મકિશોરદાસજી આદિ સંતોને પ્રાર્થના કરી જે, "વચનામૃતનું પારાયણ વાંચનારની પૂજા સાથે બાપાશ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરનાર હોવાથી તેમની પણ પૂજા થાય તો વધુ ઠીક." એ પ્રાર્થના સૌ સંતોને ગમી.

પછી બાપાશ્રીને હાથ જોડી બન્ને સદ્‌ગુરુઓએ કહ્યું કે, "બાપા! આપે રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા કરી છે તો આપ આ પાટ ઉપર બેસો તો સૌ સંત-હરિભક્તો ચંદન-હારથી પૂજા કરે."

પ્રથમ તો બાપાશ્રી કહે, "મહારાજ અને સંતોની પૂજામાં અમારી પૂજા થઈ ગઈ." પણ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીનાં વિનયવચન એવાં હતાં કે બાપાશ્રી તેમને રાજી કરવા પાટ ઉપર કથામંડપમાં બેઠા.

પછી સૌ સંત-હરિભક્તોએ એક પછી એક પૂજા કરી સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં. છાબું ઠાકોરજી પાસે હરિભક્તો વાજતે-ગાજતે લાવ્યા,

ચોઘડિયાં તો વાગતાં જ હતાં. હરિભક્તોથી મંદિર ઊભરાઈ જતું હતું. પછી હીરાભાઈ, હરિભાઈ, સાંવલદાસભાઈ, હરિલાલ, કુંદન આદિક સૌએ આરતી ઉતારી. તે વખતે બાપાશ્રી ધ્યાનસ્થ બેઠા હતા, ચંદન અને કુંકુમથી કપાળ ભરાઈ ગયેલ ને કંઠમાં હારની ઠઠ થઈ રહી હતી. તે સર્વે હાર ઉતારી સૌ હરિભક્તોને પહેરાવ્યા. પછી સભામંડપમાં બાપાશ્રી આસને પધાર્યા. હરિભક્તો એક નજરે બાપાશ્રી સામું જોઈ રહ્યા હતા. પછી બાપાશ્રીએ તથા સૌ હરિભક્તોએ સંતોની પૂજા કરી વસ્ત્ર ઓઢાડ્યાં ને બાપાશ્રીને હીરાભાઈ તથા હરિભાઈએ પાઘડી બંધાવી તથા બીજા હરિભક્તોએ પણ પાઘડી બંધાવી. એમ પારાયણવિધિ પૂરો થયો, કીર્તન બોલાયાં.

પછી બાપાશ્રી ઠાકોરજીને જમાડવા ઉતારે પધાર્યા. ત્યાં એક જેઠીબાઈ નામની બાઈને વળગાડ હતો. તે બાઈ બાપાશ્રીને જોતાં જ ધૂણવા મંડી, તે રાડોરાડ થઈ જતાં બાઈઓએ મળી તે બાઈને ઝાલી.

બાપાશ્રી કહે, ‘‘સ્વામિનારાયણ સ્વામિનારાયણ ધૂન કરો ને પૂછો કે તું કોણ છે?’’

તે વખતે તેને બાઈઓએ પૂછતાં કોઈ બાઈનું નામ લીધું અને કહ્યું જે, ‘‘મેં એનું દોઢ રોજ કામ કર્યું હતું તેના પૈસા નથી જડ્યા તે પૈસા સારુ હું આને વળગી છું.’’

ત્યારે બાપાશ્રી કહે કે, ‘‘હવે તારે પૈસા જોઈએ છીએ?’’

ત્યારે તે કહે, ‘‘ના. પૈસાની વાસનાથી તો મારા આવા હાલ થયા છે. તમે મોટા પુરુષ છો તે મારું સારું કરો, હું બહુ દુઃખી છું.’’

તે વખતે બાપાશ્રીએ જળ મંગાવી તે બાઈને છાંટ્યું ને કહ્યું જે, ‘‘જા બદરિકાશ્રમમાં.’’

એ વચન કહેતાં તરત જ તે બાઈ તેના શરીરમાંથી નીકળી ગઈ.

પછી બાપાશ્રીએ ભેળો થઈ ગયેલ બાઈઓનો સમૂહ તેને કહ્યું

કે, “સૌ ભગવાન ભજજો. મહારાજની આજ્ઞા ખરેખરી પાળજો. આ લોકનું તાન હોય તેના આવા હાલ થાય છે.” એમ કહ્યું.

તે વખતે નાળિયેર ને સાકર મંગાવી તે બાઈએ બાપાશ્રી આગળ મુકાવીને પ્રાર્થના કરી જે, “મારું દુઃખ તમે દયા કરી કાઢ્યું. મને મરવા સુધી આ દુઃખ મટે એવું નહોતું.”

પછી બાપાશ્રીએ નાળિયેર ઠાકોરજી પાસે મુકાવ્યું ને સાકર મહારાજને જમાડી તેને પાછી અપાવી ને કહ્યું કે, “જ્યાં સુધી આ સાકર પહોંચે ત્યાં સુધી એક એક ગાંગડો નિત્ય જમજો ને મહારાજનો આશરો દૃઢ રાખજો.”

એમ કહી ઠાકોરજીને જમાડી મેડા પર આસને પધાર્યા. ત્યાં બન્ને સદ્‌ગુરુ આદિ સંતોને તે ઝોડ સંબંધી વાત કરીને કહ્યું જે, “જીવને માયારૂપી ઝોડનો વળગાડ થયો છે તે આ દિવ્ય સભાને પ્રતાપે નીકળે છે, પણ ગરજુ થાવું ખપે. આ સભા તો જન્મ-મરણનાં ખાતાં વાળે છે. કેમ સ્વામી! તમારું એ કામ છે કે બીજું? મહારાજે અનંત જન્મનાં પાપ બાળવાનો સંકલ્પ કર્યો છે તેથી જીવના મોક્ષ થાય છે; નહિ તો અનંત જન્મના અપરાધ કોણ માફ કરે! આ તો કેવળ દયાના સાગર મહારાજ ને તેમના મુક્ત છે તે ઘેર ઘેર ફરીને જીવને માયામાંથી બહાર કાઢી લે છે, પણ જીવને માયાનો ફેર બહુ ચઢી ગયો છે તે મનાય નહિ.”

“મહારાજને સર્વોપરી જાણવા તેમાંયે અટકે. જીવનાં કલ્યાણ કરવા અતિ દયા કરી મોટા મુક્તોએ સત્શાસ્ત્ર લખ્યાં તેમાં મહારાજનું સર્વોપરીપણું અને દિવ્યપણું સમજાવ્યું, મોટા મુક્તોનો મહિમા તથા અવતાર-અવતારી એવો ભેદ સમજાવ્યો. ક્યાં મહારાજ! ક્યાં મુક્ત! ને ક્યાં અવતાર! તોય કેટલાક મહારાજને ને અવતારને સરખા વર્ણવે છે. પ્રથમ અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી જેવા મહાસમર્થ સંતો મહારાજને સર્વોપરી કહેતા તેથી ઉપાધિઓ બહુ થતી હતી. તે વખતે કેટલાય માનતા પણ

ન હતા અને હવે તેમની વાતોનાં પુસ્તક ખભે ઊંચકીને ફરે છે ને એમાંથી નિર્વાહ ચાલે છે. માટે એવા મોટાનાં દિવ્ય શાસ્ત્ર ને એ શાસ્ત્રમાં લખ્યા સિદ્ધાંતોનું મનન કરવું. ચાલોચાલ સત્સંગમાં આ વાત હાથ ન આવે.''

એમ કહીને બોલ્યા જે, ''સત્શાસ્ત્ર ક્યારે જાણ્યાં કહેવાય? તો જે શાસ્ત્રને વિષે શ્રીજીમહારાજની મૂર્તિ અને તેનાં લીલાચરિત્ર વર્ણવ્યાં હોય તે ઉપર જ પ્રીતિ અને પ્રતીતિ, પણ પરોક્ષ શાસ્ત્ર ઉપર તેવી નહિ; તેમ વર્તતું હોય ત્યારે સત્શાસ્ત્ર જાણ્યાં કહેવાય. તેમ સત્પુરુષ પણ શ્રીજીમહારાજના ઉપાસક અને તેમને વિષે જ પ્રીતિવાળા તેમનો જ સંગ ગમે, પણ બીજા મતના ગમે તેવા મોટા કહેવાતા હોય, પણ તેને વિષે પ્રીતિ નહિ અને પ્રતીતિ નહિ, એવી સમજણ હોય તો સત્પુરુષ જાણ્યા કહેવાય. તેમ જ આત્મા સત્ય તે પણ પોતાના સંપ્રદાયમાં જેવી રીતે આત્મસ્વરૂપનું પ્રતિપાદન કર્યું હોય તેવી રીતે સત્ય સમજીને દૃઢ કરે, પણ પરોક્ષ શાસ્ત્રમાં કે પરોક્ષવાળા જે આત્મસ્વરૂપનું નિરૂપણ કરે છે તેને વિષે પ્રીતિ કે પ્રતીતિ નહિ ત્યારે આત્મા સત્ય જાણ્યો કહેવાય. તેમ જ પરમાત્મા પણ સત્ય ક્યારે જાણ્યા કહેવાય? તો જે પોતાનાં સંપ્રદાયમાં મોટા અનાદિમુક્ત અવતાર-અવતારી ભેદ સમજાવે અને શ્રીજીમહારાજનું સર્વોપરીપણું કહે તેને નિઃસંશય થકો માને અને પોતાના સંપ્રદાયના ગ્રંથમાંથી અને સત્પુરુષ થકી શ્રવણ કરીને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવું ઘટે તેમ સમજે, તેને વિષે જ પ્રીતિ અને પ્રતીતિ; પણ પરોક્ષ શાસ્ત્રમાંથી સમજવામાં તેવી પ્રીતિ નહિ. તે પરમાત્મા સત્ય જાણ્યા કહેવાય.''

પછી એમ કહ્યું જે, ''કાર્ય દેખીને તેમાં જરાય લેવાવું નહિ ને કારણમાં ચોંટવું, એમ મોટા મુક્તનો સિદ્ધાંત છે. ને મંદિર, હવેલાં, હાથી, ઘોડા, રથ, પાલખી, બાગ, બગીચા, ઘરેણાં વગેરે સત્સંગની શોભા તે કાર્ય કહેવાય; પણ તેના કારણ પોતે શ્રીજીમહારાજ છે ને તેમને લઈને એ બધુંય છે.'' ॥૭૦॥

## વાર્તા ૭૧

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૯) સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “આપણે કારણ મૂર્તિ જે સ્વામિનારાયણ ભગવાન તેમને વળગવું ને મોટા મુક્તની વાત સાંભળીને તેનું મનન કરવું અને તેનો નિદિધ્યાસ કરવાથી સાક્ષાત્કાર થાય.”

એમ કહીને પોતાની વાત કરી જે, “સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીની વાતો સાંભળીને હું અને કુંવરજી પટેલ રાત બધી મનન કરતા. શું તેમની વાતોની ઢબ! સભામાંથી કોઈ સંત-હરિભક્ત વાતો થતી હોય ત્યાં સુધી ઊઠી શકે જ નહિ. શ્રીજીમહારાજે સદ્. ગોપાળાનંદ સ્વામીને કહ્યું હતું જે, ‘તમે મારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો ત્યાં સુધી આ દેહમાં રાખીશ.’ એ આજ્ઞા આ સ્વામીશ્રીએ માથે ચડાવી હોય ને શું! તેમ શ્રીજીમહારાજના સર્વોપરીપણાની, અવતાર-અવતારીના ભેદની વાત સમજાવવાની તથા મહા સમર્થ મુક્તોના ઐશ્વર્ય-પ્રતાપની, દિવ્યભાવની, જેને જેને એ સર્વોપરી મૂર્તિનો સંબંધ થયો તેના અહોભાગ્યની વગેરે ઘણી વાતો કરતા.”

“સ્વામીની ત્યાગ-વૈરાગ્યની છટા પણ સર્વોત્તમ હતી કે જેથી ભેળા રહેનારા કોઈ પણ સંત તેમની મરજી લોપી શકતા નહિ, તેમ જ આજ્ઞા પાળવા-પળાવવામાં એવું જ તાન કે કોઈ પણ સંત રંચમાત્ર આજ્ઞા લોપી શકે નહિ. સભામાં કોઈ વેદ, વેદાંત આદિક શાસ્ત્ર જાણનાર વિદ્વાન આવતા તે પણ સ્વામીની વાતોની છટા તેમજ પ્રમાણભૂત વચનો સાંભળી દબાઈ જતા એવો તેમની વાતોનો પ્રભાવ હતો.”

“મહારાજને સર્વોપરી કહેવામાં સ્વામીને સત્સંગમાં કેટલીક ઉપાધિ થયેલી, પણ એ ગણતા જ નહિ ને એમ જાણતા જે, ‘બિચારા સમજતા નથી તેથી એમ બોલે છે. જ્યારે એ બોલનારા તેમજ ઉપાધિ કરનારા મહારાજને સર્વોપરી સમજશે ત્યારે તેમને આ વાતોનો ધોખો

નહિ થાય.' એમ કહેતા.

"એક વખત મહારાજના હજૂરી પાર્ષદ ભગુજીએ સભામાં કહ્યું હતું કે, 'હું સ્વામીની વાતો સાંભળું છું ત્યારે મોટા સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામી જેવા સમર્થ મુક્તોનો જેમ સભામાં દાબ પડતો તેમ આ સ્વામીશ્રીનો પણ એવો જ ભાર પડે છે.'"

"તેમણે વાતો ઘણી કરી છે, પણ તે વખતે કોઈએ એ લખી નહિ. મહારાજનાં લીલાચરિત્ર ને પરચાની કેટલીક વાતો લખી, પણ જો સ્વામી જેવી વાતો કરતા તેવી લખી હોત તો સત્સંગમાં મહારાજને સર્વોપરી સમજાવવાનું એક સર્વોત્તમ ચમત્કારી પુસ્તક થાત."

"અમે તો એમની વાતો સાંભળી છે. શું એમની વાતો કરવાની છટા! સ્વામી ગામડાંમાં ફરવા નીકળે ત્યારે વીશ-પચીશ ને ક્યારેક તેથી પણ અધિક સંતો ભેળા હોય ને કથા-વાર્તાનો અખાડો સદાય ચાલુ જ હોય. સવારે ચાર વાગે નાહી પૂજાઓ કરી લે તે એક વખત ભંડારમાં હરે થાય એટલી પ્રવૃત્તિ જણાય. પછી તો રાત્રિના બાર વાગ્યા સુધી કથા-વાર્તા થયા જ કરે. તેમાં મુખ્યપણે સ્વામી જ વારંવાર વાતો કરતા, સર્વોપરી ગ્રંથ વંચાવતા. કોઈ સંત તેમજ હરિભક્ત ગ્રામ્ય વાત તો કરી જ ન શકે એવો એમનો દાબ. અમને બહુ હેત જણાવી મળતા ને અમે પણ એ સ્વામીનો બહુ મહિમા જાણતા. વાહ રે વાહ! સ્વામી નિર્ગુણદાસજી વાહ! આ બાવે (સ્વામી ઈશ્વરચરણદાસજીએ) એમનો ચીલો રાખ્યો છે."

એમ કહી અતિ પ્રસન્નતા જણાવી.

પછી બાપાશ્રીએ એમ વાત કરી જે, "મહારાજ તથા તેમના મોટા મુક્તનો મહિમા જાણવો ને એટલું તો દૃઢ કરી રાખવું જે મોટા અનાદિને વળગ્યા છીએ તે આપણને પાકા કરીને બ્રહ્મરસ જરૂર રેડશે જ, પણ ભૂલશે નહિ."

ત્યારે નારાયણપુરવાળા ધનજીભાઈએ કહ્યું કે, "બાપા! અમે

જેટલું પાત્ર થયા હોઈએ તેટલું તો અમને આપો.''

ત્યારે બાપાશ્રી કહે કે, ''પુરુષોત્તમ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના અનાદિ મહામુક્ત એવા ચાળા-ચૂંથણા કરતા નથી.''

એમ કહીને બોલ્યા જે, ''મોટા પાસે બહુ આગ્રહ કરીને ઐશ્વર્ય લે છે તે માગીને ઘરેણું પહેર્યા જેવું છે. તે જ્યારે તેનો ધણી ઘરેણું ઉતારી લે ત્યારે તે પહેરનાર લૂખો થઈ જાય. માટે જ્યારે ખપ પડે તે ટાણે આપે તે ઠીક છે. ભગવાન ને ભગવાનના મોટા મુક્તને અંતર્યામી જાણવા જોઈએ. શ્રીજીમહારાજને અંતર્યામી જાણે અને મોટા અનાદિને અંતર્યામી ન જાણે તો તે અડધો નાસ્તિક કહેવાય; કેમ જે મહારાજ અને મોટા મુક્ત સદા સાથે જ છે, ક્યારેય પણ જુદા નથી. એમ સમજવું.''

પછી કહ્યું જે, ''ખોટા ખોટા સંકલ્પ અને મલિન ઘાટ થાય કે તરત તેના ઉપર ખોટા કરી નાખવાના વિચાર ઊપડે તો તે ક્યાં સુધી રહે! જેમ દુશ્મન માથું ઉપાડે કે તરત તેના ઉપર ઘણનો ઘા થાય તે કેટલું નભે! ન જ નભે, મરી જાય. તેમ તેવા ઘાટ-સંકલ્પ વિચારે કરીને ટાળી નાખવા.'' ॥૭૧॥

## વાર્તા ૭૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૯) બપોરે આસને બાપાશ્રી પાસે સંતો તથા હરિભક્તો બેઠા હતા, ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી વાતો કરતા હતા. તે વખતે કડીવાળા સોની દલસુખભાઈ તથા મોરવાડવાળા લક્ષ્મીચંદભાઈએ આવીને પ્રાર્થના કરી જે, ''બાપા! અમારે ઘેર આપ દર્શન દેવા પધારો તો નાનાં-મોટાં બાળકો તથા વૃદ્ધ આદિ સૌને દર્શન થાય ને કેટલાક મુમુક્ષુ નજરે ચડે તે પણ મોક્ષભાગી થાય.''

પછી તેમણે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણ-દાસજી આદિ સંતોને પણ એ વાત કરી, જેથી બન્ને સદ્ગુરુઓએ કહ્યું જે, ''બાપા! હેતવાળા હરિભક્તો છે તેમને રાજી કરવા જોઈએ.''

તે વખતે બાપાશ્રી કીર્તનની ટૂંક બોલ્યા જે, "'સંત પરમ હિતકારી, જગતમેં સંત પરમ હિતકારી.' આવા સંતને રાજી કરવા જવું જોઈશે."

એમ કહી તે બન્નેને ઘેર તથા સદરમાં રહેતા હેતવાળા હરિભક્તોને ત્યાં દર્શન દઈ કેટલાક બાળકોને અને નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવી માર્ગમાં નજરે ચડતાં અનેક જીવોને દૃષ્ટિમાત્રે પાવન કરતાં આરતી સમયે બાપાશ્રી મંદિરમાં પધાર્યા.

ઠાકોરજીનાં દર્શન કરી મેડા ઉપર આસને આવ્યા ને એમ બોલ્યા જે, "સ્વામી! હવે દેહના ભાવ જણાય છે. જરાક હડદો થાય છે તોય ખમાતો નથી, થાકી જવાય છે. પણ તમો રાજી થાઓ એટલે શ્રીજીમહારાજ રાજી થાય એમ જાણી જઈએ છીએ. હરિભક્તોનાં હેતની વાત જ શી કહેવી! આજ દલસુખભાઈ તથા લક્ષ્મીચંદભાઈને ત્યાં જવા તમોએ કહેલ, પણ ત્યાં ગયા પછી બધાયને તાણ એવી ને એવી. શેરીમાં ચાલવાનો માગ ન મળે. નાનાં-મોટાં હાથ જોડી ઊભા રહે. 'બાપા! મારું ઘર આ રહ્યું. મારું ઘર આ રહ્યું. એક દાદરો ચડવાનો છે. જરાય છેટું નથી. અમારે ત્યાં આમ છે, તેમ છે' એમ કહે ને કરગરે તેથી ત્યાં જઈએ એટલે બધાયને રાજી કરવા પડે. મહારાજનો રાજીપો આવા વિશ્વાસી હરિભક્ત ઉપર બહુ. જેથી અમે સૌને રાજી કરીએ છીએ, પણ શરીરમાં અવસ્થાના ભાવ જણાય છે."

એ વખતે અમીચંદભાઈએ પ્રાર્થના કરી જે, "બાપા! આપને સદરમાં હરિભક્તો તેડી ગયા હતા તેથી મોડું ઘણું થયું. મારે ઘેર આજ પધારશો એમ જાણી હું વાટ જોઈ રહ્યો હતો. સ્વામીશ્રીને સવારમાં પ્રાર્થના કરી હતી, પણ તમો થાક જણાવો છો એટલે મારાથી કહી શકાતું નથી. જો દયા કરીને આપ પધારો તો ભલે, પણ જો આપને થાક લાગ્યો હોય તો કાલે દર્શન દઈ જજો." એમ કહ્યું.

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, "તમારા જેવા મહિમાવાળા

ભગવાનના ભક્તને રાજી કરવા ખપે. તમારું ઘર ક્યાં છે?''

ત્યારે અમીચંદભાઈ કહે, ''બાપા! આ સામે બારી દેખાય એ જ.''

તે વખતે અતિ પ્રસન્નતા જણાવી બાપાશ્રી થાકને ન ગણીને તેમને ઘેર પધાર્યા. ત્યાં તેમના ભાઈઓ, નાનાં-મોટાં બાળકો અને પાડોશમાં રહેનારા સર્વે દર્શનથી અતિશે આનંદ પામ્યા. ઘરનાં સૌ કુટુંબીજનોએ બાપાશ્રીની પ્રાર્થના કરી મૂર્તિના સુખમાં રહેવાના આશીર્વાદ લીધા.

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, ''તમારા ભાઈ અમને માથક તેડી ગયા હતા ત્યારે સદ્‌ગુરુઓ પણ સાથે હતા. આખા ગામમાં અમને ને સંતોને ફેરવ્યા ને કહે જે, 'આપ પધાર્યા તેથી સૌના મોક્ષ થશે' એવો મહિમા.''

તે વખતે માથકથી અમીચંદભાઈ ઉપર તેમનો કાગળ આવેલ તે વંચાવ્યો. તેમાં લખેલ જે, ''બાપાશ્રી આપણે ઘેર પધારે ત્યારે તમારે આટલી પ્રાર્થના મારી વતી કરવી જે, 'બાપા! અમારા કુટુંબમાં સૌને આપને વિષે દિવ્યભાવ રહે, ક્યારેય મનુષ્યભાવ ન આવે તથા નવા જે જીવ જન્મે ને મરે તે સૌને શ્રીજીમહારાજ મૂર્તિના સુખમાં રાખે, કોઈ આસુરી જીવનો જન્મ અમારા કુટુંબમાં ન થાય ને કુટુંબમાંથી સત્સંગ ન જાય. વળી અમારે ત્યાં દીકરી જન્મેલ હોય તેને જ્યાં પરણાવીએ ત્યાં સત્સંગનું બળ ન હોય તોય તેને મહારાજ અને આપ મૂર્તિના સુખમાં પહોંચાડજો.''' આવો કાગળ વંચાવ્યો.

''વાહ રે વાહ! શું હરિભક્તોનાં હેત! મહિમાવાળા પણ એવા. કુટુંબમાં તથા ઘરમાં તેમના બીજા ભાઈઓ, નાના-મોટા દીકરા સૌ દંડવત કરી રાજી કરવા હાથ જોડતા હતા. આવા દેશમાં મહારાજે ઘણી દયા કરી છે. મહિમાની વાતો આવી છે. કેટલાક આવી વાત ન જાણનારાને મૂંઝવણ થતી હોય કે સંકલ્પ થતા હોય તો તે જાણે, પણ

અમારે તો એક શ્રીજીમહારાજને રાજી કરવા છે; બીજું કાંઈ જોઈતું નથી.'' એમ કહી સૌને રાજી કરી બાપાશ્રી મંદિરમાં પધાર્યા. ॥૭૨॥

## વાર્તા ૭૩

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૯) સાંજે મેડા ઉપર આસને બાપાશ્રી કૃપા કરીને વાત કરવા લાગ્યા જે, ''મોટા અનાદિમુક્ત છે તે તો અખંડ મહારાજની મૂર્તિમાં રસબસ છે. તે અનંત જીવના આત્યંતિક મોક્ષને અર્થે દયા કરી પૃથ્વી ઉપર મહારાજના સંકલ્પે દેખાય છે ત્યારે જે જે જીવ દૃષ્ટિએ ચડે તેને ન્યાલ કરે છે. શ્રીજીમહારાજ કહે છે કે, 'એવા અનાદિના જોગથી હું તરત પ્રાપ્ત થાઉં છું.' એવા મુક્ત છે તે તો બ્રહ્મની જ મૂર્તિ છે. તેને હરિરૂપ કહીએ, પુરુષોત્તમરૂપ કહીએ અને મૂર્તિના મહારસના પાન કરનારા કહીએ. એની સર્વે ક્રિયા અલૌકિક છે, નિર્ગુણ છે, દિવ્ય છે. તેને ઓળખવા ન પડે. એની દરેક ક્રિયામાં જણાય. તે ઊઠતાં જણાય, બેસતાં જણાય, મૂર્તિના સુખની ચમત્કારિક વાતો કરતાં જણાય, ધ્યાનમાં નિમગ્ન રહેતાં જણાય, અલૌકિક ભાવના સિદ્ધાંત દેખાડતાં જણાય. એવી રીતે અનેક પ્રકારે મોટા અનાદિમુક્ત ઓળખાય.''

''એ જ્યાં વિચરતા હોય ત્યાં પુરુષોત્તમ ભગવાન ને અક્ષરધામ જે શ્રીજીમહારાજનું તેજ તથા અનંત મુક્ત એ સર્વે હોય. તે પોતાને સામર્થ્યે અનેકને દિવ્ય દૃષ્ટિ કરાવી એ સર્વેને દેખાડે. તેથી અનંતનાં આવરણ ભેદાઈ જાય. મનુષ્યભાવ, પ્રતિમાભાવ, દિવ્યભાવ એ સર્વેનું યથાર્થ વર્ણન કરે એથી સમજાય જે આ અનાદિ મહામુક્ત છે. એની છાયામાં સુખ, સુખ ને સુખ જ હોય. એવા મળે ત્યારે પૂરું થાય.''

''આપણા ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજી દૃષ્ટાંત દેતા જે, 'મોટા મુક્ત પુરુષોત્તમનું સુખ લઈ સત્સંગમાં કેવી રીતે પ્રવર્તાવે છે? તો જેમ વરાળના દીવાનું કારખાનું હોય છે તે એન્જીનમાંથી અગ્નિ વરાળ રૂપે થઈને જ્યાં દીવા થવાનાં સ્થાન હોય ત્યાં જાય છે અને દીવા રૂપે થઈને

સર્વેને પ્રકાશ કરે છે. તે વરાળને અને એન્જીનને સંબંધ હોય છે તે જરાક સંબંધ તૂટે તો તરત દીવો ઓલવાઈ જાય છે. તેમ એન્જીનને ઠેકાણે તો ભગવાન અને મહામુક્ત છે તે મનુષ્યરૂપે દેખાઈને દિવ્ય રૂપ જે પુરુષોત્તમનું સ્વરૂપ, જ્ઞાન અને સુખ તે પ્રગટ કરીને જીવના અજ્ઞાનરૂપી અંધકારને ટાળી જ્ઞાનરૂપી પ્રકાશ કરીને મહાસુખિયા કરી મૂકે છે.'''

"તે મહામુક્તને શ્રીજીમહારાજનો સંબંધ સદાય છે. અને તે મહામુક્ત તો પુરુષોત્તમની મરજીરૂપ સદાય વર્તે છે અને મૂર્તિના સુખમાં લુબ્ધ રહે છે. જેમ લક્ષ્મીજી શ્રીકૃષ્ણના સ્વરૂપમાં સ્નેહે કરીને લીન થઈ રહે છે તેમ તે મુક્ત પણ સ્નેહના અધિકપણે કરીને લીન રહે છે."

"એ મોટા મુક્ત કેવા છે, તો આ લોક-પરલોકને વિષે જીવને સુખિયા કરી મૂકે એવા છે અને સદાય જીવના હિત કરવાને અર્થે જ પ્રવર્તેલા છે. એવા મોટા મુક્ત પોતાની જરાપણ મોટ્યપ કે સામર્થી કહેતા નથી; કેમ કે તેમને પોતાપણું છે જ નહિ. તે તો જેટલી જેટલી સામર્થી, સુખ, મોટાઈ કહે છે તે સર્વે પુરુષોત્તમ ભગવાનની જ કહે છે. એવા મોટા મનુષ્ય જેવા ભાસે છે, પણ તે તો અલૌકિક દિવ્યમૂર્તિ જ છે. તે જન્મ્યા નથી, મનુષ્યરૂપે થયા નથી, પણ તે તો સદાય પુરુષોત્તમની મૂર્તિમાં જ છે અને સુખને વિશે નિમગ્ન છે અને આ લોકમાં મહારાજની ઈચ્છાએ કરીને મનુષ્ય જેવા દેખાય છે." એમ દયા કરીને વાત કરી. ॥૭૩॥

## વાર્તા ૭૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૯) રાત્રે બાપાશ્રીએ વાત કરી જે, "અનાદિ મહામુક્તનો મહિમા બહુ સમજવો અને હેતે કરીને તેમની સેવા કરવી, પ્રસન્ન કરવા જેથી શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ તત્કાળ મળે. એમને વિષે ક્યારેય મનુષ્યભાવ ન લાવવો. એમની સર્વે ક્રિયા દિવ્ય સમજવી. એ તો જાણતાં થકા અજાણતાપણું દેખાડે ને દેહના ભાવ

દેખાડે તથા હર્ષ-શોક દેખાડે એ સર્વે રીત અલૌકિક છે, એમ જાણવું. જો મહિમાની કસર હોય તો કોઈ વખત મૂંઝાઈ જવાય.''

તે ઉપર વાત કરી જે, ''દંઢાવ્ય દેશમાં જેઠાભાઈ નામના ઉત્તમ હરિભક્ત હતા. તેને અનાદિ મહામુક્તરાજ સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી સાથે ખરેખરું હેત તથા અત્યંત આત્મબુદ્ધિ હતી. પછી એક સમયને વિષે સ્વામીશ્રીને અતિ મંદવાડ થઈ ગયેલો તે મંદવાડની વાત જેઠાભાઈએ સાંભળી તેથી ઉદાસ થઈ ગયા. પોતે પચાસ ગાઉ છેટે રહેતા હતા તોપણ મંદવાડની વાત સાંભળતાં તરત જોવા સારુ ચાલી નીકળ્યા તે જ્યાં સ્વામી હતા ત્યાં આવ્યા.''

''તે વખતે સ્વામી અબોલ થઈ ગયા હોય ને બોલતા ન હોય તેવો ભાવ દેખાડ્યો. તે જોઈને જેઠાભાઈ મૂર્છાગત થઈ ગયા અને બોલ્યા જે, 'અત્યારે સ્વામી મને એક વખત જવાબ આપે ને મારી સાથે વાત કરે તો મારું સર્વે દ્રવ્ય વાપરી નાખું.' પછી બીજા સાધુ હતા તે કહે જે, 'જેઠા ભક્ત! વિચાર કરીને બોલો, સ્વામી તો હમણાં બોલશે.' પછી જેઠાભાઈએ કહ્યું જે, 'સ્વામી! હું સત્ય બોલું છું. લાવો 'પણ' કરું. જો એક વખત જવાબ આપે તો મારું દ્રવ્ય વાપરી નાખું.' આમ કહ્યું, પણ સ્વામી તો તે વખતે બોલ્યા નહિ. પછી રાત્રે સ્વપ્નમાં આવી જેઠાભાઈને દર્શન દીધાં ને કહ્યું જે, 'જેઠાભાઈ! તમે અમારા સમાચાર સાંભળીને આવ્યા ને અમે તમારી સાથે બોલ્યા વિના રહ્યા. તે બોલત તો ખરા, પણ તમારું બધું દ્રવ્ય વાપરી નાખવાનું તમોએ કહ્યું તેથી અમો તે વખત બોલ્યા નહિ; માટે ક્યારેય આવું પણ ન કરવું.'''

''આવી રીતે મોટા અનાદિની વાત જુદી છે. એ તો એક જ સ્થિતિમાં વર્તતા હોય, પણ મનુષ્યપણાના ભાવ જણાવે તેથી જો મહિમાની કચાશ હોય તો સંકલ્પ થઈ જાય જે કેમ હશે! પણ મોટા મુક્તને તો દેહના કે અવસ્થાના ભાવ છે જ નહિ. તે તો અખંડ મૂર્તિમાં રહ્યા છે ને અનંત જીવને મહારાજના સુખમાં લઈ જવા દયા કરીને

દેખાય છે.''

પછી માથકવાળા ગોરધનભાઈએ પૂછ્યું જે, ''મોટા મુક્ત છે તે તમામના અંતરનું જાણતા હશે?''

ત્યારે બાપાશ્રી કહે, ''મહારાજની પેઠે મોટા મુક્ત પણ સર્વે જાણે. 'એક પારસથી પારસ બને, એક પારસથી હેમ હોય.' એમ મોટા તો પારસથી પારસ કરી મૂકે છે. પછી કઈ ન્યૂનતા રહી! એવા મોટા મુક્તને વિષે જ્યારે કાંઈ દોષ દેખાય ત્યારે એમ જાણવું જે, 'મારે વિષે એ દોષ રહ્યા છે તેથી મોટાને વિષે ભાસે છે, પણ મોટા મુક્તને વિષે તો કોઈ જાતનો કાંઈ પણ દોષ છે જ નહિ.' તે કેવી રીતે જાણવું? તો જેમ આપણે દર્પણ લઈને જોઈએ તો જેવો પોતાનો ચહેરો હશે તેવો જ સામો દેખાશે, પણ તેવો ચહેરો બીજાનો નથી; તે તો પોતાનો જ ચહેરો દેખાય છે. તેમ તે દોષ પોતાના છે અને મોટા મુક્તમાં જણાય છે માટે તેને મોટા મુક્તનો જોગ કરીને તે દોષ ઓળખીને કાઢવા તથા તેમને પોતાના દોષ નિષ્કપટપણે કહેવા તો તે ટાળી નાખે. તેમની આગળ કોઈપણ જાતનું કપટ રાખવું નહિ.''

એમ કહીને બોલ્યા જે, ''આપણે કોઈને સુખ કરીએ તો તે આપણને સુખ થાય છે અને દુઃખ દઈએ તો આપણને જ દુઃખ થાય છે. કેની પેઠે? તો જેમ દર્પણમાં દેખાતું જે રૂપ તેના કપાળમાં કંકુનો ચાંદલો કરીએ તો તેવો ચાંદલો પોતાને જ કપાળે થાય છે અને જો મેશનો ચાંદલો કરે તો સામો પોતાને કપાળે મેશનો ચાંદલો થાય છે તેમ. કેટલાક કહે છે જે, 'મારા ઉપર રાજી થાઓ, મારા માથા ઉપર હાથ મૂકો.' એમ મોટા મુક્તને કાંઈ કહેવું પડે છે? એ તો તેને વિષે ભગવાનને રાજી કરવાના રૂડા સ્વભાવ અને ગુણ જોઈને વગર કહે જ રાજી થઈ જાય છે અને માથે હાથ મૂકીને સુખિયા કરે છે.''

તે ઉપર વાત કરી જે, ''સદ્. નિર્ગુણદાસજી સ્વામી પાસે કોઈક દેહે કરીને પુષ્ટ એવો હરિભક્ત આવ્યો તે સ્વામીને પગે લાગીને

ઉતાવળો ઉતાવળો કહે કે, 'સ્વામી! તમે મારા ઉપર રાજી થાઓ અને મારે માથે હાથ મૂકો' એમ કહીને સ્વામીના બે હાથ ઝાલીને પરાણે ખેંચીને પોતાના માથે મૂક્યા. સ્વામીનું શરીર તો દૂબળું સરખું તે શું કરે? પછી સ્વામી કહે, 'ભાઈ! એમ પરાણે હાથ મુકાવવાથી શું થાય? એમ તો તું દેહે જબરો છું તે ઠામૂકો મને ઉપાડીને માથે મૂકવા ધારે તો મૂકી શકે, પણ તેણે કરીને કાંઈ રાજીપો થાય છે?' માટે ભગવાનને રાજી કરવા હોય તેને તો રૂડા સ્વભાવ ને રૂડા ગુણ અવશ્ય રાખવા."

"વળી શ્રીજીમહારાજની કૃપાએ પોતાને કાંઈક ઐશ્વર્ય-સામર્થી પ્રાપ્ત થઈ આવે તોપણ કાંઈ ન સમજતો હોય તેવો ગરીબ થઈને તથા ભગવાનના ભક્તનો દાસાનુદાસ રહીને સત્સંગમાં જે મોટા અનાદિમુક્ત હોય તેમનો જોગ કરે અને ભગવાનનો મહિમા અધિક સમજીને સુખને દબાવે. એમ કરતો જાય તો તે વૃદ્ધિને પામતો થકો મહામુક્ત થઈને શ્રી પુરુષોત્તમના સ્વરૂપ સંબંધી મહા મોટા અચળ અખંડ સુખને તથા અદ્‌ભુત અખંડાનંદને પામીને શ્રીપુરુષોત્તમરૂપ થઈ જાય છે. અને જો તેને કાંઈક ઐશ્વર્ય-સુખ પ્રાપ્ત થઈ આવ્યું હોય તેનો ઉદ્‌ઘોષ કરીને પોતાને વિષે માણસ ખેંચવા માટે અથવા પોતાની મોટ્યપ ને પોતાનું સુખ તે બીજાને જણાવવા માટે કાંઈક ચમત્કાર બતાવે અથવા ચમત્કારની ને સુખની વાતો કરવા માંડે તો તે પોતાની સ્થિતિમાંથી પડી જાય છે અને લૂખો થઈ શૂનકાર જેવો થઈ જાય છે અને છેવટે સત્સંગમાંથી પડી જાય એવા મોટા વિઘ્નને પામે છે. કેમ કે તેનો કોઈ સંત-હરિભક્ત નિષેધ કરે પછી પોતાની પ્રકૃતિ પ્રમાણે વર્તવાના આગ્રહ માટે તેને એ સંત-હરિભક્તનો અવગુણ આવે ત્યારે પડી જાય. માટે પોતાનો ગોળ પોતે ચોળી ખાવો."

પછી એમ બોલ્યા જે, "નાના હોય તેનો મહિમા આપણે સમજીએ તેમાં ખોટ નથી, પણ મોટાને નાના સમજાય તો ખોટ રહી જાય, માટે મહિમા બરાબર સમજવો. અને કોઈ મહારાજની આજ્ઞામાં રહીને કદાચ થોડી ભક્તિ કરતા હોય તોપણ તેનો અવગુણ લેવો નહિ;

પણ આજ્ઞામાં ફેર પાડતા હોય ત્યાં તો પોતાને અટકવું, ત્યાં મહિમાએ કરીને ચાલ્યા જવું નહિ.'' ॥૭૪॥

## વાર્તા ૭૫

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૧૦ને રોજ સવારે નિત્યવિધિ કરીને બાપાશ્રીએ વાત કરી જે, ''વ્યાવહારિક શબ્દ મરચા-મીઠાને ઠેકાણે વાપરવા અને ભગવાન સંબંધી શબ્દ તે તો પકવાનને ઠેકાણે જાણવા. અવશ્ય જરૂર હોય તેટલું જ બોલવું તેમજ ક્રિયા કરવી. અને જમવાનું ઝાઝું હોય, પણ મરચું-મીઠું તો તેમાં ચપટીમાં લઈને જ નખાય તથા જોઈતું જોઈતું વપરાય અને પકવાન તો પેટ ભરીને જમાય; તેમ ભગવાન સંબંધી ધ્યાન, કથા, વાર્તા, કીર્તન, ભગવાનની લીલા, ચરિત્ર, ભજન, સ્મરણ જે થાય તેટલું શ્રદ્ધા રાખી કર્યા કરવું અને બાળકિયા સ્વભાવવાળા હોય તેનો સંગ ન રાખવો. વ્યવહાર સંબંધી કાર્ય તો પોતાને અવશ્ય અને જરૂર જેટલું જ કરવું અને તેટલું જ બોલવું; કેમ કે તે ભગવાનના માર્ગમાં વિઘ્નરૂપ છે. આપણે સત્સંગમાં શું કરવા આવ્યા છીએ? તો અનાદિ મહામુક્ત છે તેમનો જોગ-સમાગમ કરવા. એ અવશ્ય કરવાનું છે તે કરી લેવું અને વચલો જે વ્યવહાર છે તે ખોટી કરે તેવો છે, માટે તેમાં ક્યાંય રોકાઈ જવું નહિ.''

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, ''મંદિરમાં જ્યારે હોમ-હવન કરી મૂર્તિ પધરાવી, પછી તે મૂર્તિમાં તર્ક ન કરવો જે આ ભાવ સારો છે ને આ ભાવ સારો નથી. જેમ પતિવ્રતા સ્ત્રી ઘરમાં આવી પછી કહે જે, 'પતિ કુરૂપ છે, સારો નથી'; તેવું થાય. જેને આંખમાં કમળો થાય તેને આવા મુક્ત અને મહારાજ પીળા દેખાય. તે શું? તો આવા સંત અને આવા મુક્તમાં મનુષ્યભાવ જણાય અને મૂર્તિમાં ચિત્ર-પાષાણનો ભાવ આવે તે મંદવાડ થઈ આવ્યો કહેવાય. મહારાજે તો એમ કહ્યું છે જે, 'અક્ષરધામની મૂર્તિ ને આ મૂર્તિમાં એક રોમનો ફેર નથી.' સ્વામિનારાયણમાં ત્યાગ-ભાગ નથી.''

"આ તો અચળ, સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે તે કોઈથી દબાય નહિ, પણ બીજાને પોતે દબાવી દે; એવી સામર્થીએ યુક્ત મહારાજ અને મુક્ત સદાય છે, છે ને છે જ. એવા સર્વોપરી મહારાજ અને મુક્ત આ સભામાં બેઠા હોય તોપણ તેનો મહિમા ન જાણે તેને તો પરોક્ષ છે. જેને જ્ઞાન હોય તેને તો મહારાજ અને મુક્ત કોઈ કાળે પરોક્ષ થાય તેમ નથી. જેમ મહારાજ અનાદિ છે તેમ મુક્ત પણ અનાદિ છે. એવા મુક્ત તો સદાય મૂર્તિમાં જ રહે છે. જેમ દેહમાં જીવ રહે છે તેમ સાથે જ રહે છે. એવો મહિમા જાણે તો તે મહિમા જાણનારથી પણ મહારાજ જુદા ન રહે. તે મોટા અનાદિ તો સદાય મૂર્તિમાં રહે છે જેથી અનંત મનુષ્ય ખેંચાય છે. એવા મુક્તનો જોગ ક્યાંથી મળે! એવું મોટાના સમાગમનું અધિકપણું છે. તેમાંથી પ્રીતિ, આત્મનિષ્ઠા, મહિમા, સ્વધર્મ, ભક્તિ એ સર્વે આવે તો મોટું કામ થઈ જાય; માટે જોગ કરી લેવો. સર્વોપરી ઉપાસના સમજીને મોટાની સાથે જોડાય તો અનાદિમુક્તની સ્થિતિને પામે; તેને માટે બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ કે અક્ષરાદિક કોઈ ધામ નથી અને રાત-દિવસ નથી. તે તો અનંત કોટિ કલ્પ સુધી મૂર્તિમાંથી નવાં નવાં સુખ ભોગવે છે. એવા અનાદિને તો એક મૂર્તિ જ છે."

પછી તુલસીદાસભાઈએ પૂછ્યું જે, "અક્ષરને મહારાજનું દર્શન ને સુખ હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજનું સુખ ને દર્શન અક્ષરને હોય તો અક્ષર જુદા શું કરવા રહે? મુક્ત ભેગા બેસી ન જાય? માટે અક્ષરની સભા જુદી છે અને એનો દરજ્જો પણ જુદો છે; કારણ કે અક્ષરને તેજનો પડદો રહ્યો છે. જેમ મનુષ્યને સૂર્યની મૂર્તિ દેખાતી નથી અને વાલખિલ્ય ઋષિને પ્રકાશનો પડદો નથી તેમ શ્રીજીમહારાજના જે હજૂરી મુક્ત છે તેને શ્રીજીમહારાજના તેજનો પડદો નથી; તે તો સદાય મહારાજનું સુખ ભોગવે છે."

"આપણે તો એક મહારાજનું જ કામ છે અને એ સર્વેના કારણ છે. એમ જાણી આપણે કારણનું મંથન કરવું, પણ કાર્યનું મંથન કરવું નહિ. તે કાર્ય તે શું? તો મૂર્તિ વિના બીજાં શાસ્ત્ર, ઐશ્વર્ય, દિગ્વિજય, સમૈયા, ઉત્સવ એ આદિક સર્વે કાર્ય છે અને એક મૂર્તિ કારણ છે. માટે આપણે કારણનું સુખ ને કારણની સભા, કારણનું તેજ, કારણની સામર્થી તેનું કામ છે. તેમાં જ્ઞાનમાર્ગ તે પગથિયું છે તે જ્ઞાનમાર્ગ જાણે ત્યારે ઠેઠ પહોંચાય; નહિ તો જાણ્યા વિના ક્યાંય અટકી પડે. આ સંત બ્રહ્મવિદ્યાના ભોમિયા છે, બ્રહ્મની મૂર્તિઓ છે; અચળ, સનાતન ને દિવ્ય છે. બીજા સૌને પોતપોતાને સ્થાનકે રાખવા ને મહારાજને સર્વોપરી જાણવા. મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે માટે હલરવલરમાં કાંઈ નહિ વળે. આપણે તો એક મૂર્તિ જ રાખવી." ॥૭૫॥

## વાર્તા ૭૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૦) બાપાશ્રીએ વાત કરી જે, "મહારાજ અને અનાદિમુક્ત તો જુદા રહેતા જ નથી, પણ ભાવ જુદાઃ દાતા-ભોકતાપણું અને સ્વામી-સેવકપણું. અનાદિમુક્તને એમ સમજવામાં બાધ નહિ આવે, નુકસાન નહિ આવે. અને જેવડા જાણે તેવડા કરે છે; ગમે તેવા મોટા જાણો. મોટા જાણ્યામાં લાભ છે. માટે જેવા છે તેવા મહારાજને તથા અનાદિમુક્તને જાણવા જોઈએ. જેને મહારાજની મોટપ ખરેખરી જાણ્યામાં આવે તેને જ કુશાગ્ર બુદ્ધિવાળા કહ્યા છે. આગળ લાખો વર્ષ તપ કર્યાં તોપણ આવા મહારાજ ને આવા મુક્ત મળ્યા નથી ને મહારાજનું દિવ્ય સુખ પણ મળ્યું નથી, માટે અવરભાવનો ત્યાગ કરીને પરભાવમાં રહેવું. પરભાવમાં રસ છે."

"આપણે શ્રીજીમહારાજની મૂર્તિમાંથી બહાર નીકળવું નહિ; એટલામાં જ રહેવું. એવો ખટકો થાય તો મહારાજ જરાય છેટા નથી. ખટકો રાખીને મંડે તો છ મહિનામાં પૂરું થઈ જાય તે પૂરું નક્કી કરવું

પડશે; છૂટકો નથી. બીજું બધુંય થાય. માળા, કીર્તન, સેવા, મંદિરનો વ્યવહાર, મહંતાઈ એવું બધુંય થાય, પણ કારણ વસ્તુ જે શ્રીજીમહારાજની મૂર્તિ તેમાં ન રહેવાય; માટે મૂર્તિરૂપ માળામાં જ રહેવું.''

''કોઈ ભગવાન સામું એક ગજ ચાલે તો ભગવાન તેના સામા બે ગજ ચાલે એવા દયાળુ છે, પણ જીવને ગરજ થોડી છે. મહારાજ અને મોટા મુક્ત મળ્યા છે તે પૂરું કરાવી દેશે, પણ ખટકો રાખીને મંડવું. પંચભૂતના દેહને પડ્યો મૂકીને ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જવું. મોટા તો મૂર્તિમાંથી ઘડીયે નોખા પડતા નથી. તેવા મોટાને વિષે હેત રાખશો તો વાંધો નહિ આવે. હિંમત હારશો નહિ જે કેમ થાશે? હમણાં તો કારણ મૂર્તિમાં રહેવું કઠણ પડે છે, પણ રહેવા માંડે તો નીકળવું કઠણ પડે. તે આપણે કરવાનો ખટકો ઓછો છે અને ખપ થોડો છે. મહારાજે કહ્યું છે જે, 'એણે ક્યારે આગ્રહ કર્યો ને ક્યારે ન થયું?' કરવા માંડે તેને કાંઈ કઠણ નથી.''

''મોટા કરે તેમ ન કરવું, પણ કહે તેમ કરવું. આ જીવને સર્વે કામ પુરુષપ્રયત્નથી થાય તેમ છે, પણ પુરુષપ્રયત્ન વિના કાંઈ બને નહિ. તે કરવાની શ્રદ્ધા નથી ને નકરી કૃપા જોઈએ છીએ, પણ પાત્ર થશે તો એની મેળે જ કૃપા થશે. જ્યાં સુધી આ લોકની મોટપ, માન, સ્વાદ, મહોબત એ બધુંય રાખે તો ક્યાંથી પાત્ર થવાય? આવાં વચન સાંભળે ત્યાં સુધી ઠીક રહે અને પછી કાંઈ ન મળે. માટે આપણે જરૂર કરવું પડશે; છૂટકો નહિ થાય. એમ જાણીને મંડી પડવું, તો મહાપ્રભુનું અચળ, અનાદિ ને સનાતન સુખ લેવાય.''

''પ્રથમ મોટા સદ્‌ગુરુઓએ કેટલાંક દુઃખ સહન કર્યાં છે તો આજે અચળ, અનાદિ ને સનાતન સુખને પામ્યા છે. તેની આપણે વાતો કરીએ છીએ, પણ ટાણું આવે ત્યારે પાછું કાંઈ ન મળે. નહિ તો આવાં વચનની શેડ્યું જીવમાં ઊતરી જાય ને સૂકા હાડકા જેવું લૂખું થઈ જવાય,

પણ માંહી ઊતરતું નથી. માટે પાત્ર થવા પુરુષપ્રયત્ન જરૂર કરવો પડશે. જો તળાવમાં પાણી નિર્મળ, શાંત ભરેલ હોય તો સૂર્યને કહેવું પડે નહિ જે મારા ઉપર દયા કરો, એ તો એની મેળે જ માંહી દેખાય. લાખો-કરોડો ગાઉ ઉપર સૂર્ય છે, પણ સહેજે એમાં દેખાય છે અને જરાક પાણી ડોળાય તો ન દેખાય; માટે પાત્ર થવું.''

''કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાદ એમાં તણાવું નહિ. તેનો ખટકો ન રાખે તો ખોટ બહુ આવે. આ દેહ અંધો ઘોડો છે તે ક્યાંય ફગાવી નાખે એમ જાણી જાણપણારૂપ ભગવાનના ધામના દરવાજામાં રહીને ભગવાનની મૂર્તિમાં જોડાઈ જવું તો સુખિયા થવાય; નહિ તો આ લોકમાં નકરું દુઃખ જ છે, ક્યાંય સુખ નથી. જાણપણામાં ન રહેવાય તો ખોટ બહુ આવે કારણ કે આ લોક જ એવો દુઃખદાયી છે. માટે નિયમ, નિશ્ચય, આજ્ઞા, ઉપાસના આદિમાં ખબરદાર થઈ રહેવું. તે જો નિયમ ન હોય તો ક્યાંય જતું રહેવાય. અમારે ત્યાં બે-ચાર હરિભક્ત આવ્યા હતા. તે રામજીભાઈને કહે જે, 'ચાર પડની રોટલી તથા સવારે શેર દહીં ને શેર દૂધ જોઈશે.' આવા ઠરાવવાળા થઈ જવાય, માટે સ્વભાવ જીતવા. જીવના ઠરાવ જ ઊંધા, તે જો પ્રસાદી વહેંચાતી હોય તો એમ થાય જે કાંઈક ગળ્યું હોય તો ઠીક. આવા ઠરાવમાં મહાપ્રભુનું સુખ ક્યાંથી આવે!''

''માંડવીના મંદિરમાં લક્ષ્મીરામભાઈએ રસનાનું બહુ ખંડન કર્યું ત્યારે એક સાધુને ઠીક ન લાગ્યું. આવા સ્વભાવ પડે છે. માટે સ્વભાવ વાંસે તણાઈ જવું નહિ અને મહાપ્રભુની મૂર્તિનું સુખ લેવું.'' ॥૭૬॥

## વાર્તા ૭૭

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૦) કથાનો સમય થઈ ગયો હતો તેથી ઠાકોરજીનાં દર્શન કરી બાપાશ્રી સભામાં પધાર્યા. તે વખતે સાંવલદાસભાઈ, શિવજીભાઈ, ગોવિંદભાઈ આદિક હરિભક્તોએ

સભાનો ફોટોગ્રાફ લેવાનું ઠરાવેલું, તે વાત સંતોને કહી.

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, ‘‘બાપાશ્રીને આ વાત જણાવો.’’

ત્યારે સૌ હરિભક્તોએ બાપાશ્રીની પ્રાર્થના કરી જે, ‘‘બાપા! અમને આ દિવ્ય સભાની સ્મૃતિ રહેવા માટે ફોટોગ્રાફ લેવાની ઈચ્છા છે.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘આમ ને આમ સભા અખંડ સંભારે એટલે ફોટોગ્રાફ લેવાઈ ગયો. આ સભા દિવ્ય તેજોમય છે, અક્ષરધામની છે, અનાદિમુક્તની છે, મહારાજ વચ્ચે બિરાજે છે તેવી સ્મૃતિ અખંડ રાખવી એમ મોટા મોટા સંતો કહે છે. ફોટોગ્રાફ તો હમણાં નીકળ્યા છે. પ્રથમ મોટા મોટા સદ્‌ગુરુઓ, મહામુક્તો નિરાવરણ દૃષ્ટિવાળા હતા તથા સમાધિવાન હતા તે તો લીંબડાના વૃક્ષ નીચે સંત-હરિભક્તની સભાએ સહિત મહારાજને નિરંતર દેખતા. એવું કરવું તો ફોટોગ્રાફ લેવા ન પડે.’’

ત્યારે હરિભક્તોએ પ્રાર્થના કરી જે, ‘‘બાપા! એવી મોટી સ્થિતિવાળા મુક્તોને તો એમ વર્તતું, આ તો સાધારણ સ્થિતિવાળા નાના બાળક આદિને પણ દર્શનની સ્મૃતિ થાય.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘ભલે, સાજી સભા બેસે તો અમારી ના નથી.’’

એમ કહીને મંદિરની જગ્યામાં રહેતા હરિભક્તો મગનભાઈ આદિના આગ્રહથી તેમને ઘેર દર્શન દઈને આવ્યા. ત્યાં સંત-હરિભક્તોની ગોઠવણ થતી હતી. બાપાશ્રીને સૌની વચ્ચે બેસાર્યા, પડખે સંતમંડળ તથા સાથે આવેલા સેવક બેઠા. કેટલાક હરિભક્તો પાછળ ઊભા રહ્યા. લાલુભાઈ, મહાદેવભાઈ, હીરાભાઈ, મોહનભાઈ, અમીચંદભાઈ, સોમચંદભાઈ, ગોરધનભાઈ, ગોવિંદભાઈ આદિક ઘણાક નાના-મોટા હરિભક્તો પાસે પાસે બેઠા. ફોટોગ્રાફવાળો કહે, ‘‘એક

મિનિટ સરખા સૌ બેસી રહેજો.'' એમ કહેતાં તરત ફોટો પાડી લીધો.

ત્યારે બાપાશ્રી પ્રસન્ન થયા ને કહે જે, ''આટલી જ વાર!'' એમ કહીને બોલ્યા જે, ''જેમ આ ફોટો પાડતાં વાર નથી લાગતી તેમ મહારાજની મૂર્તિ ચૈતન્યમાં પધરાવતાં વાર ન લાગે, આમાં સરખું બેસવું ખપે છે તેમ મહારાજ ને મોટા અનાદિના ઠરાવે ઠરાવ થાય તો તુરત સુખમાં મૂકી દે. મહાપ્રભુ આજ અઢળક ઢળ્યા છે. અનંતને ઉદ્ધારવા આવ્યા છે. જીવ ઉપર મહારાજની બહુ દયા છે. મોટા મુક્તોએ એમની દયા શાસ્ત્રમાં લખી છે. આજ વર્તમાન કાળે એવાં ને એવાં કામ શ્રીજીમહારાજ કરે છે તેથી જે શરણે આવ્યો તે નિર્ભય. નો'તી દીઠી નો'તી સાંભળી એવી રીત ચલાવી છે.''

એમ વાત કરતા હતા તે વખતે એક સંત છેટે બેઠા કીર્તન કંઠે કરવા ગાતા હતા. તે સાંભળી બાપાશ્રી ચપટી વગાડી ડોલતાં અતિ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, ''જેને ભગવાનને વિષે હેત હોય તેને આમ કીર્તનભક્તિ બહુ શ્રેષ્ઠ છે. તે કીર્તન મૂર્તિ સંભારીને બોલવાં. ચિહ્નનાં, લીલાનાં, ચરિત્રનાં બોલવાં તે સાંભળીને ભગવાન અને ભગવાનના મુક્ત ઘણા રાજી થાય છે. આપણે સત્સંગમાં આવ્યા પછી શું કરવાનું છે? તો શ્રીજીમહારાજને જેવા સર્વોપરી છે તેવા જાણવા ને માહાત્મ્યે સહિત ભક્તિ કરવી. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, સર્વે ક્રિયામાં મૂર્તિમાં નિમગ્ન રહેવું. મહારાજ આપણી સામું જોઈ રહ્યા છે અને તે બધુંય જાણે છે એવી સમજણ રાખવી. મહારાજથી કોઈ વાત અજાણી નથી એમ જાણવાથી મહારાજની પ્રસન્નતા ભળે છે.''

તે ઉપર વાત કરી જે, ''એક ગામમાં ત્રણ ભાઈ ભેગા રહેતા હતા તે જુદા થયા. ત્યારે એક ભાઈના ભાગમાં મૂળ રહેવાનું જૂનું ઘર આવ્યું. ચાર-પાંચ વર્ષે જ્યારે તે ઘર સમું કરાવતો હતો ત્યારે તે ઘરમાંથી રૂપિયાની માટલી નીકળી. તે વખતે તેણે તેના બીજા ભાઈઓને બોલાવી ભાગ વહેંચી દીધો. ત્યારે તેને પોતાના મળતાવાળાઓએ કહ્યું

કે, ‘તમારા ભાઈને ક્યાં રૂપિયા નીકળ્યાની ખબર છે? ને તમારા ઘરમાંથી નીકળ્યા છે તેથી તે શેનો ભાગ માંગે?’ ત્યારે તેણે તે કહેનારાને કહ્યું જે, ‘તેને તો ખબર નથી, પણ શ્રીજીમહારાજ તો જાણે છે ને! કે આ દ્રવ્ય સહિયારું છે. માટે તેમાં તે કેમ ભાગ ન માગે?’ આવી રીતે ભગવાનના ભક્તની સમજણમાં ભગવાન સર્વે જાણે છે એમ રહે છે. તેથી તે એમ જાણે જે હું અન્યાય કરીશ તો શ્રીજીમહારાજનો રાજીપો મારા ઉપર નહિ રહે. માટે શ્રીજીમહારાજ કુરાજી થાય એવું હરિભક્ત ક્યારેય પણ કરે નહિ. એવા ભક્ત ઉપર ભગવાનની પ્રસન્નતા થાય છે.’’

આમ વાત કરતા હતા તે વખતે મોહનલાલ નથુભાઈ બાપાશ્રી પાસે આવ્યા ને કહ્યું જે, ‘‘બાપા! કાલે આપને તથા સર્વ સંતોને મેં પ્રાર્થના કરી હતી જે મારે ઘેર શ્રીજીમહારાજની મૂર્તિ પધરાવવી છે. ત્યારે આપે મને કહ્યું હતું જે આવતી કાલે સારું મુહૂર્ત છે. તેથી હું તૈયારી કરી આપને તેડવા આવ્યો છું તો દયા કરી પધારો.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘ભલે.’’ એમ કહી સ્વામીશ્રી આદિ સંતોને તૈયાર થવા કહ્યું.

તે વખતે મોહનભાઈએ મહારાજની મૂર્તિને ગાદી-તકિયા તથા ભારે ભારે વસ્ત્ર પાથરીને ગાડીમાં પધરાવી, અને બીજી ગાડીમાં બાપાશ્રી તથા બન્ને સદ્‌ગુરુઓને બેસાર્યા. હરિભક્તો કેટલાક સાથે ચાલતા હતા ને કેટલાક આગળ ઉત્સવ કરતા હતા એવી રીતે તેમને ઘેર ગયા. ત્યાં મહારાજની જય બોલાવીને સૌ બેઠા. તે વખતે મોહનભાઈએ રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહિત વચનામૃતનું પારાયણ કરાવવાનો પોતાને સંકલ્પ હતો તે જણાવ્યો. ત્યારે સ્વામીશ્રીએ સંતો તથા હરિભક્તોને જુદાં જુદાં વચનામૃતનાં પાનાં આપીને પારાયણ વંચાવી તેમનો સંકલ્પ પૂરો કર્યો. પછી સમય થયો એટલે મૂર્તિની પ્રતિષ્ઠા કરી થાળ જમાડી આરતી ઉતારી જય બોલાવી. સંતો તથા

હરિભક્તો અષ્ટક તથા કીર્તન બોલ્યા. તે વખતે ઘરમાં ને ફળિયામાં માણસની ભીડ ઘણી થઈ હતી. સૌને પ્રસાદી વહેંચાણી.

પછી બાપાશ્રીએ બન્ને સદ્‌ગુરુઓને કહ્યું જે, ‘‘સ્વામી! હરિભક્તોનાં હેત તો જુઓ! સવારથી રાત સુધી નાના-મોટા સૌ વાંસે જ ફરે છે. મોક્ષના ખપ કેવા છે! સૌના મનમાં એમ જે આમ સેવા કરીએ, કે આમ રાજી કરીએ, એમ સર્વે ઉતાવળા થઈ જાય છે. અમે તો હરિભક્તોનાં હેત જોઈ ઘણા રાજી થઈએ છીએ; કેમ કે આવા દેશમાં રહી આવો સત્સંગ રાખવો તે બહુ મોટી વાત કહેવાય. ધન્ય છે આવા હરિભક્તોને!’’

એમ કહી સૌને મૂર્તિમાં રાખવાનો આશીર્વાદ દઈ બાપાશ્રી મંદિર પધાર્યા. મોડું થઈ જવાથી આશાભાઈ બાપાશ્રીને ઠાકોરજી જમાડવા બોલાવવા આવ્યા ત્યારે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, ‘‘સ્વામી! આ આશાભાઈ અમારો બહુ ખટકો રાખે છે. બિચારા મહિમાવાળા તેથી તાણ રહે; હું બધુંય જાણું છું.’’

એમ કહી ઠાકોરજી જમાડવા પધાર્યા. ॥૭૭॥

## વાર્તા ૭૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૦) બપોરે મેડા ઉપર આસને બાપાશ્રી દયા કરીને વાત કરવા લાગ્યા જે, ‘‘જ્યારે મહારાજ અને મોટા મુક્ત મનુષ્યરૂપે દેખાતા હોય ત્યારે તેમનામાં મનુષ્ય જેવા બધા સ્વભાવ જણાય. તેમાં પણ ક્યારેક અજ્ઞાનીપણું જણાવે, ક્યારેક કાયરપણું જણાવે, ક્યારેક પરતંત્રપણું જણાવે, ક્યારેક રોગીપણું જણાવે તેથી વિમુખને મોહ થાય છે ને હરિભક્ત તો ચરિત્ર જાણીને આનંદ પામે છે.’’

પછી બોલ્યા જે, ‘‘આપણે સત્સંગમાં દિવ્યભાવ રાખવો. કોઈ અવળું વર્તતું હોય તો તેને સમજાવવું. તે જો માને તો ભલે, નહિ તો તેને હાથ જોડીને છેટે રહેવું, પણ વચ્ચે શેરડા પાડવા નહિ. એક સરખું

રહેવું.”

પછી કાળીદાસભાઈએ પૂછ્યું જે, “બાપા! ધ્યાન-ભજન કરવા બેસીએ છીએ ત્યારે ઊંઘ આવે છે ને આળસ બહુ થાય છે, તેનું શું કારણ હશે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “મહિમાની કસર છે તેથી એમ થાય છે. આ જીવને ખાવા-પીવાનું સર્વે સાનુકૂળ હોય તોય ભગવાન ભજી ન શકે. એ તો અજ્ઞાન જ કહેવાય. કેટલાક મોટા મુક્તની પાસે હોય ત્યાં સુધી ઠીક રહે, પણ ઘેર જાય એટલે એવા ને એવા થઈ જાય. તે જો મહારાજને અને મોટાને અંતર્યામી જાણે ને મહારાજની અને મોટાની બીક રાખે તો સારું રહે. મોટા મુક્તના શબ્દ સર્વે નિશાન ઉપર જ હોય. નિશાન તે શું? તો શ્રીજીમહારાજની મૂર્તિ. તે મૂર્તિ વિના એકે શબ્દ એમના હોય નહિ. મહારાજ તથા મોટાને વિષે ભૂંડો ઘાટ થાય, અગર સ્ત્રી આદિકના ભૂંડા ઘાટ થાય તે વખતે મહારાજને અને મોટાને પ્રાર્થના કરવી તો આપણું ભક્તિરૂપ ધન, જે જે રળીએ તે પૂરેપૂરું ખજીને પડતું જાય અને આ કહ્યું તેમ ન થાય તો પૂરેપૂરું ખજીને ન પડે. માટે મહારાજને તથા મોટાને નિરંતર સંભારવા, તેમનો જોગ સદાય રાખવો. તે તો જેમ વાછરડું તેની માને સામું ધાવે ને જેવું બળિયું થાય અને વૃદ્ધિને પામે; તેવું છે, એમ જાણવું. મોટા મુક્ત તો જીવને સંકલ્પ માત્રે સુખિયો કરી મૂકે છે, પણ તેની જીવને ખબર પડતી નથી.”

“જેમ આ લોકમાં કોઈ મોટા વાંકમાં આવ્યો હોય ત્યારે તેને ફાંસીનો હુકમ થાય છે તે વખતે તેનાં સગાં રાજા પાસે જઈને શોર-બકોર કરે અને બોલ બોલ કરે તો તેની વાત કોઈ ધ્યાનમાં લે નહિ અને એ ગુનાથી છૂટે પણ નહિ. તે વખતે જો મોટા બારિસ્ટર એક જ સવાલ કરે તો તે સવાલને ધ્યાનમાં લઈને રાજાને તેને છોડી મેલવો પડે. તેમ મોટા મુક્ત છે તે જીવને સંકલ્પ માત્રમાં છોડાવે છે; પણ તે વિના બીજાં ગમે તેટલાં સાધન કરે, બીજાની સહાયતા મેળવે, પણ તે

જીવ માયાના પાશલાથી મોટાના શરણે થયા વિના છૂટે નહિ. એવા મોટા અનાદિમુક્ત છે તે તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં ગુલતાન થકા જેમ રહ્યા છે તેમ ને તેમ જ સદાય છે અને બોલે છે, ચાલે છે, ક્રિયા કરે છે, અતંર્યામીપણે કોઈને વાત કરે છે, ઐશ્વર્ય દેખાડે છે, કોઈને અતંર્યામીપણું જણાવે છે; એ સર્વે ક્રિયા કરતાં દેખાય છે, પણ તે ક્રિયાઓ બધી મહારાજની ઈચ્છાથી થાય છે એમ જાણી દિવ્યભાવ રાખવો.''

પછી સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે, ''બાપા! મહારાજનાં ચરિત્રને વિષે સંશય કરવો નહિ એમ કહ્યું છે, તે અત્યારે મહારાજનાં કયાં ચરિત્ર સમજવાં? અને તે મનુષ્યચરિત્રને વિષે દોષ ન પરઠવો એમ પણ કહ્યું છે તે અત્યારે મહારાજની મૂર્તિઓ છે તે શું મનુષ્યચરિત્ર કરે છે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજે જે જે મનુષ્યચરિત્ર કર્યાં હોય તેનું વર્ણન થતું હોય તે સાંભળીને તેને વિષે દિવ્યભાવ લાવવો, પણ દોષ ન પરઠવો અને અત્યારે શ્રીજીમહારાજની મૂર્તિ એ સાક્ષાત્ ભગવાન પોતે જ છે એમ માનવું. અને મૂર્તિનાં ઘરેણાં, વસ્ત્ર વગેરે કોઈ લઈ જાય તોય તેમાં અવગુણ ન લે જે મૂર્તિ ધાતુ, કાષ્ઠ, પાષાણાદિકની છે એવો ભાવ ન લાવે અને એમ ન થાય જે પોતે પ્રત્યક્ષ બિરાજતા હોય તો ચોરને કેમ લેવા દે? એમ નાસ્તિકભાવ ન આવે. વળી સંભારે ત્યારે દર્શન દે અગર ન દે, દુઃખ હોય તે ટાળે અગર ન ટાળે તોય અવગુણ ન આવે, ને દોષ ન પરઠે કે ભગવાન સત્સંગમાં પ્રગટ હોય તો કેમ ન આવે? અને કેમ દુઃખ ન ટાળે? પણ એ તો ભક્તની ધીરજ જોતા હોય અથવા કસર ટાળતા હોય એમ અત્યારે જાણવું. સત્સંગમાં વિષમ દેશકાળ જેવું જણાતું હોય ત્યારે પણ સમજણ ન હોય તો દોષ પરઠાય જે ભગવાન પ્રત્યક્ષ હોય તો આમ કેમ થાય? એવાં મનુષ્યચરિત્ર પ્રાકૃત જેવાં લાગે તેને વિષે પણ દિવ્યભાવ રાખવો ને એમ સમજવું જે સર્વ કર્તા-હર્તા મહારાજ છે, તે તેમની મરજી હશે

તેમ કરતા હશે અને જે કરતા હશે તે સારું જ કરતા હશે. એમ રહે તે અત્યારનાં ચરિત્ર કહેવાય તેને વિષે દોષ પરઠ્યો ન કહેવાય. જે ચમત્કાર-ઐશ્વર્ય જોઈને મહારાજનો અને મોટાનો નિશ્ચય કરે છે તે કરતાં જેને વિશ્વાસે કરીને નિશ્ચય થાય છે તે શ્રેષ્ઠ છે.''

પછી એમ બોલ્યા જે, ''આપણા ઉપર કોઈ દ્વેષ રાખતા હોય, પણ તેને જો આપણા જેવું કામ પડે તો તેના કૃત્ય સામું જોવું નહિ. આપણાથી બને એટલું તેનું સાચા દિલથી સારું કરવું. એવી ભગવાનના ભક્તની રીત છે.'' ।।૭૮।।

## વાર્તા ૭૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૦) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''મહારાજ તથા તેમના અનાદિમુક્તને વિષે દિવ્યપણું સમજવું અને દિવ્યપણામાં મનુષ્યપણું જાણવું, તે શું? તો તેમના દુઃખે દુઃખી અને તેમના સુખે સુખી થાવું, પણ મોટાને દુઃખ થતું હોય તો જાણે કે એમને શું ફિકર છે? એવું નિર્દયપણું ન રાખવું. એમ મોટા મુક્તના દુઃખમાં ભાગ રાખવો.''

પછી એમ કહ્યું જે, ''મોટા અનાદિના જે શબ્દ છે તે ઇંદ્રિયો-અંતઃકરણ ઝીલી શકતાં નથી. એ શબ્દને તો જીવ ઝીલવા સમર્થ છે. માટે જે જે શબ્દ મોટા અનાદિ થકી નીકળે તેને શ્રવણ, મનન, નિદિધ્યાસ કરી જીવમાં ઉતારી દેવા; તો જેમ કીટ મટીને ભમરી થઈ જાય છે તેમ તત્કાળ મોટાના જેવું થઈ જવાય છે. પણ જો ગાફલાઈ હોય તો શબ્દ જતા રહે.''

પછી એમ બોલ્યા જે, ''એક હરિભક્તે ચરણારવિંદનું માહાત્મ્ય જાણીને સંત પાસેથી ચોરી લીધાં. તે સારા હરિભક્ત ગણાતા હતા, પણ એમ વિચાર ન થયો જે હું ચરણારવિંદનું માહાત્મ્ય જાણું છું; પણ જેનાં આ ચરણારવિંદ પાડેલાં છે તેનું તો માહાત્મ્ય કાંઈ સમજાણું નહિ અને ઊલટું કુરાજી થાય એવું ચોરીનું કર્મ કર્યું, માટે એમ કોઈએ ન કરવું.

મહારાજ તથા મોટા અનાદિમુક્તનો મહિમા અતિશે જાણવો. જો રાત હોય ત્યારે એ દિવસ કહે તો દિવસ જ છે, અને દિવસ હોય ત્યારે કહે કે અડધી રાત છે તો રાત જ છે એમ બરાબર નિઃસંશયપણે માને; કેમ કે એમને દિવસ કે રાત્રિ એવું આવરણ નથી; એમ સમજે તો તે ખરેખરો વિશ્વાસી કહેવાય. પછી તેને મહારાજનું અને મોટાનું સુખ જેમ છે તેમ સમજાય."

એ ઉપર શ્રીજીમહારાજે બ્રહ્માનંદ સ્વામીને કહેવરાવ્યું હતું એ વાત કહીને બોલ્યા જે, "મહારાજ અને મોટા મુક્ત કહેતા હોય તે તો બરાબર હોય, સત્ય હોય, પણ તે જીવ જાણી શકે નહિ; કેમ કે મહારાજ અને મોટાની અલૌકિક દૃષ્ટિ અને જીવની માયિક દૃષ્ટિ તેથી તેને તે વાતમાં ગમ પડે નહિ ને મોટાની વાતમાં ચાંચ ખૂંચે નહિ. જો તે એમ જાણે જે મોટા અનાદિ અને મહારાજ તો કેવળ જીવના રૂડા માટે જ પધાર્યા છે, તેથી કોઈ જીવનું બગડે નહિ એવું જ તે કહે. વળી તેમને જીવ થકી કાંઈ બીજો સ્વાર્થ સાધવો નથી ને જીવ ઉપર તેમને કાંઈ વેર નથી જે અવળે રસ્તે ચડાવે. એવી સમજણ ન આવે ત્યાં સુધી દુખિયો મટે નહિ. મહારાજ ને મોટા મુક્ત તો કેવળ જીવોનાં કલ્યાણ માટે પ્રવર્તેલા છે એમ સર્વે વાતમાં સમજે તો તેને કોઈ વચન માનવું કઠણ ન પડે, પણ પોતા જેવા જ મોટા મુક્તને સમજીને અજ્ઞાન દૃષ્ટિએ સોતો એમનો જોગ કરે, તો તેને જે વાત સમજવાની છે તેની ઘેડ્ય ક્યાંથી બેસે! ન જ બેસે. માટે અનાદિને અને મહારાજને દિવ્ય જાણીને પોતાના અજ્ઞાનપણાને મૂકીને દર્શન, સ્પર્શ, જોગ, સમાગમ કરે તો તે ઠીક ગણાય. મોટા અનાદિ ને મહારાજ તે તો કૃપાસાધ્ય છે. તેમની અપાર દયા છે, કરુણાના સાગર છે." એમ કૃપા કરીને વાત કરી. ॥૭૯॥

## વાર્તા ૮૦

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૦) રાત્રે આરતી થયા પછી બાપાશ્રી સભામાં વાતો કરતા હતા.

ત્યારે ડોસાભાઈએ પૂછ્યું જે, "બાપા! મહારાજ અને મોટા મુક્ત મળ્યા ત્યારથી મૂર્તિમાં રાખ્યાની વાત સમજાણી છે છતાં મોટા મુક્ત જેવું સુખ ભોગવે છે તેવું સુખ કેમ આવતું નહિ હોય? તથા વ્યવહારમાંથી અરુચિ કેમ નહિ થતી હોય? અને પ્રકૃતિ ટળતી નથી તેનું શું કારણ હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મહારાજની મૂર્તિના સુખભોક્તા થવામાં પાત્ર થવાની જરૂર છે. પાત્ર થયા વિના એ સુખ જીરવાય નહિ. જો હમણાં જ એમ થાય તો પછી કોઈની ગરજ રહે નહિ અને પૂર્ણપણું જ મનાઈ જાય, તેથી કરીને વૃદ્ધિ પામી શકાય નહિ. તેથી કોઈને જણાવવાનું મન થાય જે આ મિત્ર છે, આ હેતુ છે, આને કહ્યા વિના કેમ ચાલે? એમ થાય તેથી ઠીક ન રહે. જીવનો તો એવો જ સ્વભાવ છે જે સારું સ્વપ્ન આવ્યું હોય તોપણ બીજાને કહે ત્યારે સુખ થાય."

"જુઓને! આ જીવને કેટલું બધું અજ્ઞાન છે, કેટલો બધો મોહ છે અને કેટલી બધી વાસના છે જે પોતાની સ્ત્રી-છોકરાં સારુ આખો દહાડો ખડિયો ખંભે લઈને ફર્યા કરે છે અને સાંજે માંડ ચાર પૈસા કે આઠ પૈસા રળે એ લાવીને સ્ત્રી-છોકરાંને ખવરાવે ને રાજી રાજી થાય, પણ કષ્ટ વેઠવું પડ્યું હોય તેનું દુઃખ મનમાં ન ધરે અને વૈરાગ્ય પણ ન થાય. જો એટલું ભગવાન સારુ કરે તો કેવડું સુખ પ્રાપ્ત થાય! પણ જીવથી એ થાય નહિ અને માયિક, નાશવંત, તુચ્છ ને દુઃખદાયી તથા કોટિ કલ્પ લગી માયામાં ભમાડે એવાં માયિક પદાર્થ સારુ કેટલું બધું થાય છે! ભગવાનના ભક્તને એવું ન જોઈએ. ભગવાનના ભક્ત તો મહારાજની આજ્ઞાનુસાર મહારાજની મૂર્તિ રાખીને વ્યવહાર કરે તે પણ ખોટો જાણીને કરે. અને તેને તો એવી સમજણ હોય જે ભગવાન સારુ રામપત્તર લઈને માગવું પડે તોય શું! પણ રાજી રાજી રહે. માથું જાતાં પણ ભગવાન ને ભગવાનના મોટા મુક્ત મળે તોય બહુ જ સોંઘા મળ્યા છે, એમ જાણે."

તે ઉપર કીર્તનની ટૂંક બોલ્યા જે, "'સો માથાં જાતાં રે સોંઘા છોગાળા.' ભગવાનના ભક્તની એવી સમજણ હોય. તેથી વ્યાવહારિક પદાર્થની હાણ-વૃદ્ધિએ કરીને હર્ષ-શોકને ન પામે અને તે પદાર્થ મેળવવાના પ્રયત્નમાં મંડ્યો ન રહે. મહારાજની અને મોટાની આજ્ઞાનુસાર વ્યવહાર કરે. તે વ્યવહાર મહારાજ અને મોટા મુકાવે તો તરત મૂકી દે, પણ કોઈ પ્રકૃતિ આડી આવે નહિ અને મૂંઝાય પણ નહિ, તો તેનો મહારાજના સુખમાં મોટા મુક્ત ભાગ રાખે છે. જેમ નબળો ખેડુ હોય તે સારા ધનાઢ્ય ખેડુ સાથે સહિયારો ભાગ કરે પછી પોતાના બળદો નબળા હોય અને તે ખેડુના તો મોટા જબરા હોય, પણ મોલ પાકે ને વહેંચે ત્યારે જેટલું સારાને આવે તેટલું નબળાને આવે; પણ જો દાડી કરી હોય તો ભાગ વહેંચાય નહિ ને દાડીના જેટલા પૈસા મળે. તેમ આપણે મોટા મુક્ત સાથે ભાગ કરવો, પણ દાડીઓ કરવી નહિ."

પછી એમ વાત કરી જે, "આપણે ઘેર કોઈ વ્યવહારિક સંબંધવાળા આવે તેને મહેમાન કહેવા, પણ સત્સંગી આવે તેને મહેમાન કહેવા નહિ ને મહેમાન જાણવા નહિ. કારણ કે દેહના સગાં-સંબંધી તો એક બે દિવસ રહે ત્યાં સુધી ભેગા રહે છે અને પછી નોખા પડે છે તેમ સત્સંગી તો કોઈ દિવસ નોખા પડવાના નથી. ત્યારે મહેમાન કેમ કહેવાય?"

"આ સમયે મહારાજનો અને મોટા મુક્તનો પ્રતાપ બહુ જબરો છે. એમની દૃષ્ટિએ જે જે પશુ, પક્ષી, ઝાડ, પહાડ વગેરે પડે છે તે તે સર્વેનું બીજબળ થાય છે અને સર્વે સંસ્કારી થાય છે. વળી જેણે જેણે મોટા મુક્તનો જાણે-અજાણે સ્પર્શ કર્યો, અગર જે જે મોટાના ઉપયોગમાં આવ્યા તે તે સર્વે અહોભાગ્યવાળા છે અને તેમનું કલ્યાણ થાય છે. જ્યાં જ્યાં મોટા મુક્ત વિચરે છે તે તે સર્વે સ્થાન પ્રસાદીનાં તીર્થરૂપ થાય છે અને દિવ્ય થાય છે. મોટા મુક્તના જોગમાં જડ-ચૈતન્ય જે કોઈ આવે છે તે નિર્ગુણ થઈ જાય છે, તે સર્વેને પવિત્ર કરે છે એટલે એ મોક્ષને આપવાવાળા થઈ જાય છે. એવો મોટા મુક્તના સંબંધનો પ્રતાપ

છે; કેમ કે એ મહારાજની મૂર્તિ વિના ક્યારેય એકલા રહેતા નથી. એવા મોટા મુક્ત માયાને ટાળવાનો કવાજ શિખવાડે એટલે માયા એની મેળે જ છેટી રહે. મોટા અનાદિ તો જીવને પુરુષોત્તમ ભગવાન સન્મુખ કરે છે તેથી માયા વાંસે ગોથાં ખાતી રહે, પણ તેનું કાંઈ ચાલતું નથી.''

''માટે મોટા મુક્ત સાથે અતિશે હેત કરવું. તે હેત રૂપે કરીને, સ્વાર્થે કરીને, ભયે કરીને અને ગુણે કરીને થાય છે. તેમાં ગુણે કરીને જે હેત થાય છે તે સર્વેથી ઉત્તમ છે. માટે સ્નેહ કરવો તે બીજા સર્વેને મૂકીને ગુણે કરીને જ કરવો. આવા મોટા અનાદિને વિષે વિશ્વાસ લાવવો અને એમ જાણવું જે એ જ્યાં છે ત્યાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે.

''તે જેને આવા સત્સંગની જરાકેય પ્રતીતિ હશે ને વિશ્વાસ હશે તેને તો તુરત હા જ પડશે, પણ જેને સત્સંગની ઠામૂકી પ્રતીતિ નહિ હોય ને નાસ્તિક ભાવ હશે તથા જે સત્સંગને કલ્પિત જાણતા હશે તેની તો વાત નથી કહેવી. કેમ જે મોટા અનાદિ છે તેમનાં દર્શનને તો મોટા મોટા અવતારાદિક ઈચ્છે છે. તે ઉપર દૃષ્ટિ રહે તો એ વાત સમજ્યામાં આવે.''

''કેટલાક પરની ને અવરની વાતો તથા નવાં નવાં ઐશ્વર્ય તેને જાણવા ઈચ્છે, પણ તેમાં કાંઈ માલ નથી. એ તો જેમ દ્રવ્ય સાચવે એવો દીકરો થાય પછી તેનો બાપ તેને સામટી ભંડારની કૂંચી સોંપી દે છે તેમ ઠીક. એ રીતે જ્યારે અવસર આવે ત્યારે મહારાજ અને મોટા મુક્ત તેમ કરી દે, પછી તે સમે તેને કોઈની કશી ધ્રા (બીક) નહિ.''

''પણ જો મોટા મુક્તમાં મનુષ્યભાવ પરઠીને લગારેક અવગુણ લે તો એ જીવનું તૈયાર થઈ ગયેલું કામ બગડી જાય છે. જેમ કોઈએ પ્રથમ વાઢ કરેલો હોય તે શેરડી પાક્યા પછી તેને પીલીને રસ ઉકાળીને ભીલીયું તૈયાર થઈ ગઈ હોય, પણ જો તે રાત્રે તેના ઉપર મેહ બહુ વરસે તો ગોળનું પાણી થઈ જાય. પછી તે ગોળને ફરીવાર ઉકાળી

ભીલીયું કરવા માંડે તો ભીલીયું થાય નહિ અને કાળો રગડા જેવો નઠારો ગોળ થઈ જાય. તેમ આપણે ગોળની ભીલીયું તૈયાર થઈ ગયેલી છે તેથી જાળવવા જેવું ખરું. તે શું? તો કોઈનો અવગુણ ન આવે એમ વર્તવું.'' ॥૮૦॥

## વાર્તા ૮૧

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૧૧ રોજ સવારે નિત્યવિધિ કરીને બાપાશ્રીએ વાત કરી જે, ''આ સભા અક્ષરધામની છે. આ સભાને જે સંભારે તેને જન્મ-મરણ ન રહે. સંતો! હરિભક્તો! જુઓ આવી સભા બીજે ક્યાંય છે? આ સભામાં તો અક્ષરધામના ધામી બિરાજે છે. માટે આ સભા સંભારજો. આપણને લાભ બહુ મળ્યો છે. ક્યાં પુરુષોત્તમનારાયણ ને ક્યાં જીવ! આ તો બહુ ભારે વાત મળી છે. બહારદૃષ્ટિ હોય તેને આવી વાત ન સમજાય. કેટલાક કહે છે કે સત્સંગમાં ફીટાડો છે, પણ જેને એક મહારાજના સુખે સુખ છે તેને ક્યાં ફીટાડો હતો! તેને તો એક મહારાજ જ જીવન છે. તે તો મૂર્તિનાં રોમ રોમનાં સુખ ભોગવે છે, ક્યારેય તૃપ્ત થતા નથી, બહાર કાંઈ જોતા જ નથી.''

''મહારાજની મૂર્તિ અને મહામુક્ત એ બે સામું જોઈએ એટલે બીજું બધું દુઃખ મટી જાય. દુઃખ મટવાનું એ એક જ સાધન છે. મહારાજ તો આ સમે સત્સંગમાં પ્રગટ બિરાજે છે. જેને જેવું જોઈશે તેવું લેશે. આપણે તો એક મહારાજને રાખવા. તેમની મરજી વિના આ લોકમાં કાળ, કર્મ કે માયા બાપડાં શું કરે એવાં છે? એનો શો ભાર છે કે ભગવાનના ભક્ત પાસે આવી શકે! આપણે તો અખંડ એકતાર મહારાજમાં જોડાઈ જાવું. હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, સૂતાં-જાગતાં, હરે મહારાજ! સ્વામિનારાયણ! એમ ધૂન કરવી, શ્વાસોશ્વાસ તેમને સંભારવા એટલે બધુંય દુઃખ ગયું. સત્સંગમાં મહારાજ તથા મોટાના પ્રતાપે સંત-હરિભક્ત સૌ સુખિયા છે. તમારે પણ સુખિયા રહેવું હોય

તો મહારાજ તથા મોટાને આગળ રાખજો. શ્રીજીમહારાજ આ સમે મુક્ત દ્વારે બધી ક્રિયા કરે છે એવું જેને જણાણું હોય તેને તો બધી ક્રિયા દિવ્ય લાગે.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''બાપા! આ સમે અક્ષરધામમાં મહારાજનું દર્શન કેવું થતું હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સ્વામી! મહારાજ તો ઝળઝળાટ તેજમાં દર્શન દે છે. દિવ્ય દૃષ્ટિ થાય એટલે આ રહ્યા, ક્યાંય હશે એમ નથી. અનંત મુક્ત એ મૂર્તિમાં રહીને સુખ ભોગવે છે, અનંત સન્મુખ રહી સુખ ભોગવે છે. અપરિમ્ અપરિમ્ સુખનું સ્થાન એ મહાપ્રભુ છે. અનંત મુક્ત, અનંત અવતાર, અનંત ઐશ્વર્યાર્થી, અનંત માયિક જીવ તે સર્વેમાં જ્યાં જ્યાં સુખ છે તે મહારાજનો જેટલો સંબંધ તેટલું છે. જેટલું સમીપે સુખ તેટલું છેટે ક્યાંથી હોય? સર્વથી પર અક્ષરધામ તેમાં તો અતિ અપાર સુખ શ્રીજીમહારાજની મૂર્તિનું છે. મુક્ત તેજોમય, ધામ તેજનો જ અંબાર, સર્વ દિવ્ય સમાજ, દિવ્ય સુખ, દિવ્ય વર્ણન. 'અતિ તેજોમય રે રવિ શશી કોટિક વારણે જાય.' એવા દિવ્ય ધામમાં મહાપ્રભુ બિરાજે છે. તે મૂર્તિમાં મુક્ત રસબસ રહ્યા છે.''

''એ મહારાજ ને મુક્ત વિના આપણો ક્યાંય ભાગ નથી અને એ બે વિના બીજું ઠરવાનું ઠામ ક્યાંય નથી. માટે જે જે વચન આવે તે ઠેઠ મૂર્તિમાં લગાડવાં. એ મૂર્તિ ને મુક્ત આ સભામાં દિવ્ય તેજોમય દર્શન દે છે. જેને દિવ્યભાવ થાય તે દેખે. શ્રીજીમહારાજ આ સભામાં અખંડ બિરાજે છે, પૂજા સ્વીકારે છે, મંદ મંદ હસે છે, મંદ સુગંધ વાયુ વાય છે; આ સર્વે અહીં જ છે. સ્થાવર-જંગમ સર્વે ઠેકાણે મહારાજ દેખાય એ સ્થિતિ, અને એ વિના કાંઈ ન દેખાય તે પ્રાપ્તિ. ક્યાં મહારાજ ને ક્યાં આવા મુક્ત! આ તો કેવળ શ્રીજીમહારાજની દયા છે.''

એમ કહીને બોલ્યા જે, ''કેમ સ્વામી! આમ હશે કે નહિ?''

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે, ‘‘હા બાપા! એમ જ છે.’’

પછી હરિભાઈએ પ્રાર્થના કરી કે, ‘‘સ્વામી! બાપાશ્રીને તેડીને અમારે ત્યાં પધારવા દયા કરો.’’ તે વખતે બાપાશ્રી કહે, ‘‘તમારાં ઘર ક્યાં છે?’’ ત્યારે સ્વામી કહે, ‘‘આ રહ્યાં મંદિરની જગ્યામાં.’’ ત્યારે બાપાશ્રી કહે, ‘‘ચાલો.’’ પછી સંત હરિભક્તોએ સહિત તેમને ઘેર પધાર્યા. ત્યાં હરિભાઈએ સૌને ચંદન ચર્ચી, હાર પહેરાવી, વસ્ત્ર ઓઢાડ્યાં.

તે સમે બાપાશ્રીએ હરિભાઈને કહ્યું કે, ‘‘તમે જૂના સત્સંગી છો કે નવા?’’

ત્યારે હરિભાઈ કહે, ‘‘બાપા! આપ કહો તેવા.’’

ત્યારે બાપાશ્રીએ કહ્યું, ‘‘અમે તો કચ્છમાં રહીએ તે અમને તો તમે કહો તો ખબર પડે.’’ એમ રમૂજ કરી.

ત્યારે હરિભાઈ કહે, ‘‘બાપા! આપ તો સમર્થ છો, અતંર્યામી છો, તમે ન જાણો તેવું કાંઈ નથી. તમને લઈને તો આ સત્સંગ ફૂલી રહ્યો છે, નિત્ય સમૈયા થાય છે.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘હરિભાઈ! આવા સંતે આપણને દર્શન આપ્યાં તે સંત ભેગા શ્રીજીમહારાજ અખંડ હોય. મહારાજ સૌને સુખ આપે છે. તમે, અમે ને આ સંત સર્વે શ્રીજીમહારાજના સુખે સુખિયા છીએ. આ સહુ દોડ્યા આવે છે તે એમને બીજું કાંઈ ખપતું નથી, એક મહારાજ ખપે છે; તે અમે આપીએ છીએ, કેમ જે અમારે મૂર્તિનો જ વેપાર છે. જો અમને સાચો થઈને કોઈ મન સોંપે તેને તો અમે અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દઈએ. આ સમે કોઈને કેડે રહેવા દેવા નથી. મહારાજ કહે છે કે, ‘અમારે અનંત જીવના ઉદ્ધાર કરવા છે. તેથી મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે.’ કારણ મૂર્તિનું એ જ કામ છે. મહારાજ સત્સંગમાં સદાય પ્રત્યક્ષ દર્શન દે છે. અણસમજણવાળાને એવું ન

દેખાય તેથી બિચારા દુખિયા મટે નહિ. આપણે તો સર્વેનું સારું જ કરવું છે. તમે તો જૂના સેવક છો.'' તેમ કહી પ્રસન્નતા જણાવી.

એ સમે સંતો 'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ' એ કીર્તન બોલ્યા. પછી મંદિરમાં આવતાં માર્ગમાં હરિભક્તોનાં ઘેર પ્રાર્થના થવાથી સંતો મંદિરમાં ગયા ને બાપાશ્રી તે સર્વેને દર્શન દઈ થોડીવારે મંદિરમાં પધાર્યા. ત્યાં બે કણબી પાણાની ખાણેથી દર્શન કરવા આવેલ તેમને સમાચાર પૂછ્યા.

પછી તેમના પર પ્રસન્નતા જણાવતાં બોલ્યા જે, ''સત્સંગમાં સર્વે ભગવાન ભજે છે તેમાં કણબી સત્સંગી છે તેની એક જ વૃત્તિ અને બિચારા વિશ્વાસી બહુ. ને વેપારી તથા બીજાઓની વૃત્તિ ડોળાયેલી હોય પણ તે ઠીક. અને બ્રાહ્મણને સૂઝે તેમ પણ કાંઈક પોતાપણું રહેતું હશે ખરું, એમ અમને તો જણાય છે.''

પછી માસ્તર પ્રભાશંકરભાઈએ પૂછ્યું જે, ''બાપા! કારણ શરીર તે શું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''માયિક પદાર્થની વાસના તેને કારણ શરીર જાણવું. એ કારણ શરીર વજ્રસાર જેવું છે, તે શ્રીજીમહારાજના ધ્યાને કરીને ટળે છે. અને નાના પ્રકારનાં ઐશ્વર્યના રાગ તેને મહાકારણ કહેવાય. તે મહાકારણ શ્રીજીમહારાજના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય ને તે મૂર્તિમાં આપોપું થાય ત્યારે ટળે છે.''

પછી એમ બોલ્યા જે, ''આજ સત્સંગમાં મોટા મુક્ત છે તેમાં કોઈક નિરંતર કથા-વાર્તા કરીને સુખ આપે એવા હોય અને કોઈક દર્શનમાત્રે સુખ આપે એવા હોય. તે સર્વે શ્રીજીમહારાજને રાજી કરવા કરે છે એમ જાણવું.''

પછી શિવજીભાઈએ પૂછ્યું જે, ''બાપા! આપ વાતોમાં બહુધા મહારાજનું વર્ણન કરો છો તેમાં મહારાજનાં બીજાં નામ કરતાં શ્રીજીમહારાજ એ શબ્દ વધારે આવે છે તેનું શું કારણ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ નામ બહુ રમણીય છે, માટે વધારે વપરાય છે."

પછી વાત કરી જે, "જેને અતંરદષ્ટિ હોય તે તો મહારાજની મૂર્તિને વિષે દિવ્યભાવે જોડાઈ જાય તે નિષ્કામ કહેવાય. તેને મૂર્તિ વિના બીજું કાંઈ ખપે જ નહિ. અને બહારદષ્ટિવાળો સકામ કહેવાય, તેને 'મહારાજ તેડવા આવશે કે રથ વિમાન લાવશે' એમ વાટ જોવી પડે." ॥૮૧॥

## વાર્તા ૮૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૧) સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "જુઓને! સત્સંગમાં કેવા ચમત્કાર થાય છે! તેનું કારણ ભગવાન ને મોટા મુક્ત સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે. એ મહારાજની બહુ દયા છે. આપણે તેમને રાજી કરવા. ભગવાને તો આ સમે બહુ સામર્થી જણાવી છે. હજારો ને લાખો પરચા થાય છે. જ્યાં જોઈએ ત્યાં સ્વામિનારાયણ દેખાય."

"આવી સભામાં બેઠા હોય તોપણ ચોરીઓ કરે તે ચોરી દેહની, મનની ને જીવની. ખલ્લાં જડે તોય કરે. ભગવાને હાથ આપ્યા, પગ આપ્યા, આંખો આપી, કાન આપ્યા, સત્સંગનો જોગ આપ્યો તોય જીવ કૃતઘ્ની થાય ને જન્મ ખરાબ કરી નાખે; એવા પણ જીવ હોય છે. આપણે તો બહુ ખટકો રાખવો. નાનું-મોટું પાપ થઈ જાય તો પ્રાયશ્ચિત્ત કરી નાખવું. આવી દિવ્ય સભામાં કોઈ હાથ જોડીને કહે જે, 'હે મહારાજ! હે ભગવાન! હું તમારો ગુનેગાર છું. મારા ઉપર રાજી થાઓ. મારાથી આવી ભૂલ થઈ ગઈ.' એમ કહે તો તત્કાળ મહારાજનો રાજીપો થઈ જાય અને દોષમાત્ર ટળી જાય. જો અજાણે કાંઈક દોષ થઈ જાય તો મોટાને પૂછીને તે જે કાંઈ પ્રાયશ્ચિત્ત દેખાડે તે તરત કરી નાખવું, પણ અભડાયેલ ન રહેવું."

"આવી સભામાં બેસીને પોતાનું પૂરું કરી લેવું. દેહનો નિરધાર

ક્યાં છે? અમે એક હરિભક્તને ઘેર ગયેલ ત્યાં છોકરો બહુ માંદો હતો તે રાડ્યો પાડીને કહેતો જે, 'હું મરી જાઉં છું, મરી જાઉં છું.' આવું દેહનું કામ છે. 'મરના મરના સૌ કહે મરી ન જાણે કોઈ, બ્રહ્માનંદ કહે એસા મરના ફેર જન્મ ન હોઈ.' આવી અવસ્થામાં અને આવા સમયમાં ભગવાન ન ભજાય તો ખોટ ટળે નહિ. આપણને તો લાભ બહુ મોટો મળ્યો છે, માટે થોડા જીવતરમાં કોઈએ ખોટનો વેપાર ન કરવો."

"જીવ તો ખાનપાન અને વિષયમાં ભરાય તો નીકળી ન શકે ને વિષયમાં ખૂંચે એટલે એવા સંકલ્પ થાય જે, 'ક્યાં ગયું કુળ માહરું ક્યાં ગઈ મૃગાનેણી નાર' એવા ખોટા ઘાટ થાય. માટે ભગવાનના ભક્તને બહુ બીતા રહેવું. કામ, ક્રોધ ને માન આદિ બહુ ભૂંડા છે, મોટા મોટાને ફગાવી નાખ્યા છે. સત્સંગીને એ સર્વે વિચારવું. બાળપણામાંથી પાધરી વૃદ્ધ અવસ્થામાં જવું. તરુણ અવસ્થા આવે તો ન કર્યાનાં કામ થાય. તે શું? તો છાનાં કામ કરે, ધર્મ લોપે, તેમ કરતાં જીવતર બગાડી નાખે, બહાર ફરતા શીખે એમાંથી સંગદોષ લાગવા માંડે. તેનો વિચાર ન હોય તો ક્યાંય જતું રહેવાય."

"અહીં કેવી સભા છે! પણ આવી સભા મૂકીને કેટલાક બીજે જાય અને વિચાર ન રાખે તો થઈ રહ્યું. નબળા માણસ સાથે ભાઈબંધી કરે અને જે તે ખાય પછી ભગવાન ભજવાનું પણ વીસરી જાય. આ બધુંય જડ માયા માટે થાય છે. આપણે તો ખરાબ માણસ સાથે સહિયારો વેપાર પણ ન કરવો ને ભગવાનને રાજી કરવાનું તાન રાખવું. પહેલા ભગવાન અને પછી બીજા બધાય. ભાઈ હોય તોય શું! દીકરો હોય તોય શું!"

"હરજી ઠક્કરની માએ મહારાજને નાહવા સારુ મોટો ચરુ આપ્યો ત્યારે તેના દીકરા પ્રેમજીએ કહ્યું જે, 'આવડો મોટો ચરુ કેમ આપ્યો? નાનો આપ્યો હોત તો ન ચાલત?' એમ કહ્યું કે તરત જ તેનો સામાન ખણીને ગાડામાં ભરાવ્યો ને રજા દઈ દીધી. પછી કહ્યું કે, 'હું

તારું મોઢું નહિ જોઉં.' એમ કહીને દેહ મૂક્યો ત્યાં સુધી તેનું મોઢું જોયું નહિ. એ રીતે મહારાજની મૂર્તિને સૌ કરતાં વહાલી રાખવી."

"તે હરજી ઠક્કરની માએ વીશ વરસ સુધી તે દીકરાનું મોઢું જોયેલ નહિ, તોપણ શુભ ઈચ્છા રહી જે મહારાજને મારા હાથથી થાળ કરીને જમાડ્યા નહિ એવી શુભ વાસના પણ નડી. દેહ પડ્યા પછી ફેર જન્મ લીધો તે નાનપણમાં મહારાજને દર્શને આવેલ તે વખતે મહારાજે હરજી ઠક્કરને કહ્યું જે, 'હરજી ઠક્કર! તમારી માને ઓળખો ખરા?' ત્યારે તે કહે, 'મહારાજ! એને એ રૂપે હોય તો ઓળખું.' ત્યારે મહારાજ કહે, 'આ સામે બેઠી છે તે તમારી મા છે'; એમ ઓળખાવ્યાં. પછી તે બાર વર્ષનાં થયાં ત્યારે મહારાજને અતિ હેતે કરીને પોતાના હાથે થાળ કરીને જમાડ્યા એટલે દેહ મૂકીને અક્ષરધામમાં પહોંચ્યાં. આવી શુભ વાસના પણ નડે, માટે સર્વે પ્રકારની વાસના ટાળી એક મહારાજની મૂર્તિ રાખવી."

"સ્વામિનારાયણ, સ્વામિનારાયણ હાલતાં ચાલતાં કરવું. આજ સતયુગ છે. તે સ્વામિનારાયણના ઘરમાં છે, બીજે નથી. જે સ્વામિનારાયણનું નામ લેતા હોય એવાનો પણ જાણે-અજાણે દ્રોહ થઈ જાય તો જીવનો નાશ કરી નાખે એવું કામ છે. કેટલાક ભગવાનના ભક્ત ગરીબ હોય છે. તે ગરીબ પણ ઓળખવા. ખાવા ન મળે તે ગરીબ નહિ, રૂપિયા લાખો હોય ને સ્વભાવે ગરીબ હોય તે. આજ તો મહારાજ ને સંત આ સભામાં પ્રત્યક્ષ બિરાજે છે, તેમને રાજી કરી લેવા."

પછી સભા સામું જોઈને કહ્યું જે, "કેમ! આ સભામાં મહારાજ હશે કે નહિ હોય?"

ત્યારે સૌ હરિભક્તોએ હા કહી.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આવા મોટા અનાદિમુક્તને રાજી કરે તો ઠેઠ પહોંચી જાય. હજારો ચમત્કાર થાય છે, તે જુએ તેને ખબર

પડે. એક ગામમાં ગોપાળાનંદ સ્વામી ગયા. ત્યાં ગામમાં કોઈ માણસને મંદિર ક્યાં છે એમ પૂછ્યું. તે માણસ ઓટલે બેઠો દાતણ કરતો હતો તે ત્યાં બેઠે બેઠે દાતણની સાને કરીને મંદિર બતાવ્યું કે, ‘આમ ને આમ ચાલ્યા જાઓ, સામે મંદિર છે.’ એટલું કહેલ અને એટલું કરેલ તે પુણ્યે દેહ મુકાવી મહારાજે સત્સંગમાં જન્મ આપ્યો. વર્તમાન ધરાવ્યા પછી તો તે મોટી ઉંમરે સાધુ થયો તેને દેહ મૂકવા ટાણે ગોપાળાનંદ સ્વામીએ અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો. તે શું? તો આમ જુએ ત્યાં લાખો રૂપે ગોપાળાનંદ સ્વામી દેખ્યા. તે ટાણે કહેવા લાગ્યો જે, ‘અહો! આ લાખો સંત ક્યાંથી આવ્યા!’ એમ સ્વામીશ્રીએ અલૌકિક પ્રતાપ બતાવી દેહ મુકાવી દીધો.”

“આ રીતે ભુજ, વડતાલ, અમદાવાદના જેને સંભારીએ તે મહારાજ સાથે આવીને ઊભા રહે; પણ સાધુ કહ્યે સાધુ નહિ, સાચા સાધુ હોય તે જ આવે. માટે આ બધું વિચારવું. આવા સંતનો ને ભગવાનનો જોગ ન વંજાવવો.”

“ખાવા ખપે, વસ્ત્ર ખપે, બીજું શું જોઈએ? જેને સ્વામિનારાયણને ઘેર જાવું હોય તેને શીળ, સંતોષ, ધીરજ આદિ ગુણ રાખવા. ગરીબને કલ્પાવવા નહિ. ગરીબને કલ્પાવવાથી વંશે સહિત નાશ પામે છે– જો ગરીબ સ્વભાવ હોય તો. ભગવાન પણ ગરીબનિવાજ કહેવાય છે. કોઈ તો ચાલોચાલ સત્સંગ કરે છે તે કંઠી ને તિલક કરીને થયા સત્સંગી એમ ન કરવું. એક હરિભક્ત હતો તે માંહી સાવ ગોબરો, પણ બીજા સારા હરિભક્ત સાથે તકરાર કરી બેઠો ને કહે જે હું શું સત્સંગી નહિ? એવાને સત્સંગની શી ખબર પડે?”

“આજ મહારાજ સત્સંગમાં બિરાજે છે, તેમને રાજી કરવા. રાજી થતાં ક્યાં વાર છે? જેને ભગવાનને રાજી કરવા હોય તેને ધડોધડ પાંચ વખત માનસી પૂજા કરવી. એક વારની થઈ ને બીજી વારની. વળી કથા, વાર્તા, ધ્યાન, ભજન કરી ભગવાનને રાજી કરવા. અધિકાર

તો કાળા નાગ જેવો છે. આ સત્સંગમાં, આ સભામાં જ્યાં જોઈએ ત્યાં મહારાજ બિરાજે છે, પણ દેહાભિમાની જે આંધળા છે તે દેખતા નથી ને સમજતા પણ નથી; માટે ચાલોચાલ ન કરવું. કોઈના અવગુણ ન લેવા. આવો વખત નહિ મળે. મોટા મોટા સત્સંગમાં કહેવાય છે તે ખોટા નહિ હોય એમ જાણવું. અને કામ, ક્રોધ, લોભ, માન આદિ દોષ બધાય સર્પ જેવા છે તેને ટાળીને મહારાજ અને મોટા મુક્તને રાજી કરી લેવા.'' ॥૮૨॥

## વાર્તા ૮૩

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૧) બપોરે મેડા ઉપર આસને બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આપણે તો શ્રી પુરુષોત્તમનારાયણને સર્વે કારણના કારણ જાણવા. જેમ વડનું ઝાડ મોટું દેખાય છે અને બીજ નાનું છે તે નાનામાં ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયની સામર્થી છે તેમ ભગવાન તો આવડા મનુષ્ય જેવડા જ હોય, પણ અનંત કોટિ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કારણ છે. તે શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન.' એમ કારણમાં અલૌકિકપણું છે.''

''આવા ભગવાન તે તો કેવળ કૃપાએ કરીને જ ઓળખાય; સાધનથી એ પમાય એવા નથી. સાધન તો દિનકઢણી કહેવાય. ખેતરમાં બાજરી આદિક વાવે તેમાં દાડિયાં કામ કરનારાં હોય તેને તો થોડીક મજૂરી મળે ને ઘરધણીને તો બધુંય ઘેર આવે, તેમ મૂર્તિમાં રહ્યા હોય તેને આ વાતો બધી ઘેર આવે, પણ જે દાડિયાની પેઠે સત્સંગમાં રહ્યા હોય તે તો જ્યારે આવી વાતો થાય ત્યારે બીજા ઉપર નાખી દે, તેને તો આ લાભ ને આ કૃપાની ઓળખાણ પડી નથી. મુક્તાનંદ સ્વામી અને પર્વતભાઈ જેવા મૂર્તિમાં રસબસ રહેનારા મુક્ત પણ એમ કહેતા જે, 'મહારાજ ને મોટા મુક્તની અનુવૃત્તિમાં આ સર્વે પ્રાપ્તિ થાય.'''

''શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરવાનું આ ટાણું છે. આ સમયે

ભગવાન કેવળ કૃપાસાધ્ય છે. મહાપ્રભુ દયાએ કરીને પધાર્યા છે, માટે ભગવાનને અખંડ રાખવા. હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં, ઊઠતાં, બેસતાં, માળા, માનસી પૂજા આદિમાં મૂર્તિ રાખવી. મૂર્તિ વિના ભવસાગરનો પાર નથી આવતો. 'ભવસાગરનો પાર ન આવે પ્રભુ વિના' માટે નિશ્ચય પરિપક્વ કરવો જોઈએ. મહારાજ કહે છે કે, 'જેવા અમે છીએ તેવા અમને જાણશો અને જેવા અમારા મુક્ત છે તેવા તેમને જાણશો તો કલ્યાણ થશે.'"

"અનાદિમુક્ત તો મૂર્તિના સુખમાં ઝીલે છે. આ સભા દેખાય છે તેમાં અનાદિમુક્ત મહારાજની મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે, પણ જીવને અજ્ઞાન બહુ છે તેથી ઓળખી ન શકે. મહારાજ અને અનાદિ તો સદાય ભેળા જ રહે છે. 'રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માંહી ભળી' એમ સાથે જ રહે છે. જુદા ન પડે તેથી એ મૂર્તિને સુખે સુખિયા. મહારાજ અને અનાદિનો એવો સંબંધ છે. આવી સમજણ હોય તે લોક, ભોગ, માન, મોટપનો ત્યાગ કરે. તેને લોકો કહેશે કે આ ગાંડા થયા; પણ આ વાતો તો બહુ મોટી, તેથી કઠણ પડે ખરી. જો સમજાય નહિ તો લાભ ન મળે."

"મોટાનાં વચનમાં વિશ્વાસ હોય તો તે પાત્ર થયો કહેવાય. 'ભગવાન વિશ્વાસીને શીશ' એમ કહ્યું છે. વિશ્વાસ હોય તો સદાય દાસપણું રહે. જુઓને! મુક્તાનંદ સ્વામી બે હાથ જોડી ગદ્‌ગદ્‌ કંઠ થઈને મહારાજને પૂછતા; આવાં દાસપણાનાં લક્ષણ છે. ભગવાનના ભક્તમાં તો શૂરવીરપણું, પ્રીતિ, દાસપણું, એવાં એવાં અંગ હોય જ. વાળાક દેશના આહીર પટેલ સામતને તેની માનો સત્સંગ, તોય કેવા બળિયા! માનકુવાના મૂળજી ને કૃષ્ણજી, લાધીબાઈ, માતાજી, ઉદેપુરનાં રાણી તે સર્વેએ ભગવાનને અર્થે બહુ કર્યું તો તે લખાણાં."

તે સમયે મિસ્ત્રી નાજુભાઈએ કહ્યું જે, "અમે તો આવું કાંઈ કરી શકતા નથી તેથી આપ કૃપાદૃષ્ટિ રાખજો."

ત્યારે બાપાશ્રી પ્રસન્ન થઈને બોલ્યા જે, “કૃપાસાધ્યમાં મહારાજ અને મોટા રાજી થાય એવી ક્રિયા કરતાં આવડવું જોઈએ, પણ મનધાર્યું કરવાનું થતું જાય તો મેળ રહે નહિ. રાજી કરતાં તો ક્યાંય નીકળી જવાય. રાજી કરવા માટે તો દેહ પણ પાડી નાખે– જો મહિમા સમજાય તો. શ્રીજીમહારાજ અને મોટા અનાદિ વર્તમાન કાળે સાવ સોંઘા છે, પણ જીવને સમજણ નહિ તેથી લહાવ ન લઈ શકે.”

એમ વાત કરતા હતા તે વખતે નાજુભાઈ, સાંવલદાસભાઈ, અમીચંદભાઈ, ગોવિંદભાઈ, શિવજીભાઈ આદિક હરિભક્તોએ એકાદશી હોવાથી સમુદ્રમાં નાહવા જવા માટે આગળથી ગોઠવણ કરેલ હોવાથી મોટરો આવી એટલે સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી હવાબંદર નાહવા પધાર્યા. સંત-હરિભક્તો કીર્તન બોલતાં બોલતાં સમુદ્રકિનારે પહોંચ્યા.

ત્યાં બેઠક જેવું કાંઠા પર જોઈને બાપાશ્રી બોલ્યા જે, “સ્વામી! તમે સર્વે નાહી આવો ને હું અહીં બેસું તો? હજી ચાલવાનું છે.”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, “બાપા! આપ ઠેઠ સુધી આવો તો સહુ રાજી થાય.”

ત્યારે બાપાશ્રી કહે, “ભલે સ્વામી! જેમ તમે કહો તેમ.”

પછી પગથિયાં ઊતરતાં વધુ પરિશ્રમ થાય નહિ તે માટે માંચીમાં બેસી સૌની સાથે બાપાશ્રી કાંઠે આવ્યા, ત્યાં સર્વે ધૂન કરીને નાહ્યા. નહાતાં નહાતાં બાપાશ્રીના પૌત્ર માવજીભાઈને એક હરિભક્ત અતિ હેતે સમુદ્રમાં જરા આગળ લઈ જતા હતા ત્યારે બાપાશ્રીએ હરિભક્તોને કહ્યું, “એને બહુ આઘે લઈ જશો નહિ કેમ કે તમારા દરિયા મોટા બહુ. અમારે ત્યાં દરિયા છે, પણ તેમાં તો દોરડે પાણી સિંચીએ ત્યારે પાણી મળે; એટલે આ દરિયા મોટા લાગે.” એમ વાત કરી.

ત્યારે વાંટાવદરવાળા ત્રિભુવનભાઈનો નાનો દીકરો રાઘવજી પાસે ઊભો હતો. તેના હાથમાં એક રૂપિયો હતો તે જોઈ બાપાશ્રીએ

રમૂજ કરી કે, “છોકરા! રૂપિયો મને આપીશ?” ત્યારે તેણે હા કહી અને તે રૂપિયો બાપાશ્રીને આપી દીધો.

ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, “આવા ને આવા હીરા અહીં પડ્યા છે. કાંઈ છે એને? નહિ તો છોકરા એક બદામ પણ હાથમાંથી મૂકે નહિ. આમ મહારાજ ને મોટા મુક્તની સન્મુખ જીવ થાય તો હીરા થવાય. લોકમાં કહે છે કે ‘હીરા એટલા હીરા ને બીજા બધા પાંચીકા.’” એમ કહી તેને રૂપિયો પાછો આપ્યો.

પછી કાંઠા પર મહાદેવના મંદિર પરથી જવાતું હતું, ત્યાંથી સૌ ધીમે ધીમે ચાલતાં કીર્તન બોલતાં વિશાળ બેઠકમાં આવ્યા, ત્યાં સભા થઈ. હરિભક્તો મેવો લાવેલ તે ઠાકોરજીને જમાડી સૌને પ્રસાદી વહેંચી. હરિભક્તોએ ત્યાં થોડીવાર ઉત્સવ કર્યો. પછી શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી.

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, “સૌ આવો ને આવો આનંદ રાખજો. શ્રીજીમહારાજને આવું બહુ ગમે છે. સંત-હરિભક્તોનાં આવાં હેત જોઈને મહાપ્રભુ ઘણા રાજી થાય છે. અમે કચ્છમાં રહ્યા થકા હેતવાળા સહુને સંભારીએ છીએ.”

એમ કહી લાલુભાઈને આગળ બોલાવીને કહ્યું જે, “લાલુભાઈ! શું વાતો થઈ?”

ત્યારે તે કહે, “બાપા! મૂર્તિના સુખની. આ સભા બધી મૂર્તિમાં રહે છે. મૂર્તિમાં રાખવા આપ પધાર્યા છો તેથી અમારાં મોટાં ભાગ્ય છે. આપે આ વખતે બહુ દયા કરી અમને ન્યાલ કર્યા.”

ત્યારે સંતો સામું જોઈને બાપાશ્રી બોલ્યા જે, “જુઓ! કેવા મહિમાવાળા છે! વિશ્વાસી પણ એવા. આવા હેતવાળા છે તેથી કરાંચી અક્ષરધામ જેવું થઈ રહ્યું છે. આ નાના હરિભક્તો પણ રાજી કરવા સારુ રાત-દિવસ દાખડા કરે છે. ‘હેત જોઈ હરિજનનાં વાલો પોતે થયા પ્રસન્ન.’ આવા પ્રેમ જોઈને મહારાજ રાજી થાય છે તેવા ડહાપણે કે

બીજા સાધને રાજી થાય નહિ.''

તે વખતે એક હરિભક્તે ચરણરજ માથે ચડાવી ત્યારે બાપાશ્રી કહે, ''તમે આ શું કર્યું?'' ત્યારે તેણે કહ્યું કે, ''બાપા! તીર્થનો વિધિ.''

ત્યારે બાપાશ્રી કહે, ''આપણે વિધિ બધોય મૂર્તિ ભેગો રાખવો. સાધનની ખખા આવવા દેવી નહિ. મૂર્તિના સુખમાં મહારાજ અથવા એમના અનાદિમુક્ત એ બે પહોંચાડે. નકરાં સાધને તો કેટલાય આંટા થાય, પણ પહોંચાય નહિ.''

એમ કહી સંત-હરિભક્તો સામું જોઈને બોલ્યા જે, ''જુઓને શોભા! આ બધી સ્વામિનારાયણની ફૂલવાડી છે. સૌનાં હેત તો જુઓ! અહીંથી માયા બિચારી રાડ પાડીને ભાગી જાય. આવી સભાનાં દર્શન ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ, અક્ષરકોટિ આદિકને દુર્લભ છે. તે તો ઝંખના કરે છે, તોપણ મહારાજ ને મુક્ત જ્યારે દયા કરી દષ્ટિગોચર થાય, ત્યારે તેને દર્શનનો લાભ મળે. આ સમે આ શહેર ધામરૂપ બની ગયું છે. સમુદ્રમાં જેમ બધાંય તીર્થ છે તેમ મહારાજની મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રહે છે. સુખનો સમુદ્ર તો એક શ્રીજીમહારાજ જ છે. મહારાજ તથા તેમના અનાદિમુક્ત તો સદાય સાથે જ છે. એ જેમ છે તેમ દેખાય તો દીવાના થઈ જવાય. આ ફેરે મહારાજ કેવળ કૃપાદષ્ટિથી જીવોને માયામાંથી કાઢી આત્યંતિક મુક્તિ આપે છે. આવા તીર્થમાં મહિમાએ સહિત ને દિવ્યભાવે સહિત જે નહાય તેનાં અનેક જન્મનાં કર્મ બળી જાય.''

એમ કહી ત્યાંથી મોટરમાં બેસી મંદિરમાં આવતાં વચમાં નાજુભાઈના આગ્રહથી તેમને ઘેર ગયા. ત્યાં સર્વેને રાજી કરી વચમાં આવતાં હરિભક્તોને દર્શન દઈ મંદિરમાં પધાર્યા. થોડીવાર પછી ધનજીભાઈએ નારાયણભાઈના આગ્રહથી હવાઈ વિમાન જોવા જવાની ઈચ્છા કરી તે વાત બાપાશ્રીને જણાવી કે, ''બાપા! હવાઈ વિમાન જોવા જાઉં?''

ત્યારે બાપાશ્રી કહે, “અમે અહીં ઘેર બેઠાં વિમાન દેખાડશું. શહેરમાં આવીને એવાં ફંદ ન કરીએ.” પછી સભામાં બાપાશ્રીએ ધનજીભાઈને કહ્યું જે, “જુઓ ધનજીભાઈ! આ આપણાં વિમાન. આ સંત-હરિભક્તરૂપ દિવ્ય વિમાન અક્ષરધામ સુધી ઊડે છે, તે ઠેઠ મહારાજની મૂર્તિમાં ઠરીને બેસે છે. માટે આપણે આવાં દિવ્ય વિમાન જોવાં. બીજાં તો માયા ને માયાના કાર્યમાં ઊડનારાં છે તેનું આપણે શું કામ છે? આપણે જોયા જેવું તો એક મહારાજનું રૂપ છે.”

એમ કહીને બોલ્યા જે, “‘સુરપુર નરપુર નાગપુર એ તીનમેં સુખ નાંહી, કાં સુખ હરિ કે ચરણમેં કાં સંતન કે માંહી.’ મહારાજની મૂર્તિ વિના બીજે રોગી વાની છે, તે ઊડીને આંખોમાં પડે.”

પછી સભામાં મધ્ય પ્રકરણનું ૧૩મું વચનામૃત વંચાતું હતું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “મહારાજે ‘તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે’ એમ કહ્યું તથા ‘જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો’ એમ પણ કહ્યું. એવા તેજોમય દિવ્યમૂર્તિ શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે. એમનાં વચન પણ સર્વોપરી. સંત-હરિભક્ત સર્વોપરી. આવાં મંદિર ને આવી રીત બધુંય સર્વોપરી છે. આવી પ્રાપ્તિ થઈ છે તોપણ જીવ માયામાં ભડાભૂટ કરે છે ને આ સભામાંથી અવકા કાઢે છે. તેને મોટી ખોટ આવે છે; માટે એ માર્ગે કોઈએ ચાલવું નહિ.”

“આપણે સત્સંગમાં શ્રીજીમહારાજને રાજી કરવા આવ્યા છીએ તેથી એમની આજ્ઞામાં રહેવું ને મૂર્તિ મૂકવી નહિ. ભગવાનના ખરેખરા કૃપાપાત્રને ભગવાનની મૂર્તિ અને ભગવાનના મુક્ત એ વિના બીજે રહેવાય જ નહિ; એ અક્ષરધામના મુક્તનું લક્ષણ છે. ખાતાં, પીતાં, નહાતાં, ધોતાં, હાલતાં, ચાલતાં, સુખમાં, દુઃખમાં મૂર્તિ સંભારવી. મહારાજે પોતે ભક્તિ કરી તે આપણને શીખવવા માટે એમ જાણવું. મૂર્તિ સંભારતાં જે જે વિઘ્ન આવે તેને મૂર્તિને બળે ટાળી નાખવાં.

માયાના ગુણને ગરવા દેવા નહિ. માન-અપમાન થાય કે ત્રણ ગુણનું પ્રધાનપણું થાય ત્યારે ગુણ વ્યાપે તેથી ખબર રહે નહિ. એ ગુણને ઓળખીને કાઢી નાખવા. ખાવું-પીવું, પહેરવું-ઓઢવું, તેમાં રુચિ રહે તે રજોગુણ અને અંધધંધ જેવું વર્તે તે તમોગુણ, તથા ગરીબ રાંક જેવા થઈ રહેવાય તે સત્ત્વગુણ. માટે માયાના ગુણ થકી રહિત થાવું.'' ॥૮૩॥

## વાર્તા ૮૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૧) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''ભગવાનનો ભક્ત ખટકો રાખી કથા, વાર્તા, સાધુ સમાગમ, સેવાભક્તિ આદિક કરે તો આ ને આ દેહે પૂરું થઈ જાય. જીવને તો કાંઈ કરવું નહિ ને કૃપાસાધ્ય ગોતે, પણ ક્રિયાસાધ્ય નહિ; કેમ જે તેમાં કારસો આવે; માટે ઢીલા ન રહેવું. મહારાજને રાજી કરવા તત્પર થવું. મહારાજ સાચા ભાવવાળા ઉપર તરત પ્રસન્ન થઈ જાય છે.''

તે ઉપર વાત કરી જે, ''દંઢાવ્ય દેશમાં એક ડોશી મહામુક્ત હતાં તે હાથ જોડીને કહે, 'મહારાજ! હું તમારો થાળ કરું?' એમ કહીને મહારાજનો થાળ કરે. પછી રસોઈ સારી થવા માટે માંહીથી જરા ચાખી જુએ ને એક એક ગટ્ટો ભરે. પછી એ વાતની ભગુજીને ખબર પડી ત્યારે કહ્યું જે, 'મહારાજ! તમને આ ડોશી આવો થાળ જમાડે છે.' ત્યારે મહારાજે પરીક્ષા લેવા કહ્યું જે, 'એમ કરતાં હોય તો તમે જઈને તેને મારો.' તે મારવાની તો આજ્ઞા થઈ, પણ ડોશી ખરેખરાં મહિમાવાળાં તેથી રેંટિયો ફેરવતાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ એમ બોલે, ત્યારે વિચાર્યું જે આવા ભક્તને કેમ મરાય? પછી તે વાત બ્રહ્માનંદ સ્વામીને કહી ત્યારે તેમણે મહારાજને કહ્યું કે, 'મહારાજ! તમે આવું વચન કીધું છે, પણ તે બહુ આકરું છે; કેમ જે ડોશી મહામુક્ત છે.' ત્યારે શ્રીજીમહારાજ કહે, 'આવું વચન તો અમારું પણ ન માનવું.' એમ કહીને તે રાજબાઈની પ્રશંસા કરી. માટે સાચા ભાવથી જે થાય તે ઠેઠ પૂગે ને મહારાજ રાજી થાય. જેને સર્વદેશી સમજણ હોય તે તો ક્યાંયે

અટકે નહિ. મોક્ષ તો શ્રીજીમહારાજ કૃપાએ કરીને કરે છે.''

પછી એમ વાત કરી જે, ''મહારાજના અનાદિમુક્તનો મહિમા બહુ ભારે છે. એવા મોટાને જમાડે તો અનંત કોટિ બ્રહ્માંડને જમાડે તેટલું ફળ થાય છે.''

તે ઉપર વાત કરી જે, ''એક વખતે રાજબાઈએ પાંચસો સાધુને જમાડવાની રસોઈ કરાવી. તે તૈયાર થયા પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી આદિ ચાર સંતને જમવા મોકલ્યા. આ સંતો તો ત્યાં જઈને પાંચસો સાધુની રસોઈ જમી ગયા તેવી આ બાઈને ખબર પડી. જેથી દિલગીર થઈ રોવા લાગ્યાં જે હવે આટલા સંતને હું શું જમાડીશ! એમ કહીને બીજી રસોઈ કરાવી. તે પણ તે ચાર સદ્‌ગુરુઓ એવી જ રીતે જમી ગયા. ત્યારે તે બાઈ ઉદાસ થઈને મહારાજ પાસે ગયાં અને મહારાજને આ વાત કરી. ત્યારે મહારાજે એ ચારે સદ્‌ગુરુને બોલાવીને બ્રહ્માનંદ સ્વામીને પૂછ્યું જે, 'તમે કેટલું જમ્યા?' ત્યારે સ્વામી કહે, 'મહારાજ! હું તો એક નવટાંક જમ્યો છું અને બીજા સંતો પણ નવટાંક નવટાંક જેટલું માંડ જમ્યા હશે, બીજું તો સર્વે ધામના મુક્તોને જમાડી દીધું. તે અનંત કોટિ મુક્ત જમ્યા.' આ વાત સાંભળીને એ બાઈ કૂદવા મંડ્યાં ને બહુ જ પ્રસન્ન થયાં.''

''આવા મોટા મુક્તને ઓળખવા ને તેમની સેવા કરવી ને રાજી કરવા એટલે ભેગા મહાપ્રભુજી પણ રાજી થાય. આ રીતની ખબર ન હોય તેને સાચા-ખોટાની વાત જાણ્યામાં ન આવે. સર્વેના કારણ શ્રીજીમહારાજ છે ને તેમનું કાર્ય અનંત અવતાર, ઐશ્વર્ય, વિભૂતિ છે. માટે તે કાર્ય-કારણરૂપ શ્રીજીમહારાજની સમૃદ્ધિ ને સામર્થી જોઈ મહારાજનો મહિમાએ સહિત નિશ્ચય રાખીને દિવ્ય મૂર્તિનું ધ્યાન કરવું. મહારાજ તથા મોટાને વિષે સદાય દિવ્યભાવ રાખવો. મોટાની અનુવૃત્તિમાં સુખ છે. મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું. પ્રગટ

ભગવાન, પ્રગટ મુક્ત, પ્રગટ સંત હોય ત્યારે માણસને સમજાય નહિ, પણ પછી આવા મળે નહિ; માટે મહિમા બહુ સમજવો. ભગવાન અને મોટા મુક્તના રાજીપા વિના વાસના ટળતી નથી.''

તે ઉપર એક કણબીની વાત કરી જે, ''તેને અંત સમે રાબ ખાવાની વાસના થઈ. પછી રાબ કરતાં જરા વાર લાગી ત્યાં તો તેનો દેહ પડી ગયો, પણ રાબમાં વૃત્તિ રહેલ તેથી મરીને તે ભૂત થયો. માટે મહારાજની મૂર્તિ વિના ક્યાંય વાસના રાખવી નહિ. મહારાજની તથા મોટાની અનુવૃત્તિમાં રહે અને મૂર્તિમાં રસબસ જોડાઈ જાય તો આ દેહે જ જાણે અક્ષરધામમાં બેઠો છે અને તે જ છેલ્લો જન્મ છે, ને તેનો જ આત્યંતિક મોક્ષ થયો જાણવો. છ મહિના સુધી સત્સંગ અહોરાત્રિ કરીએ તેટલું કામ, જો મોટા મુક્તનો વિશ્વાસ હોય તો એક દિવસમાં મોટા પૂરું કરી આપે. આ વખત ફરી મળે તેવો નથી.''

''સત્સંગનો નિશ્ચય ક્યારે કહેવાય કે મહારાજ તથા મોટા મુક્ત સિવાય બીજે ક્યાંય પ્રતીતિ આવે નહિ, કોઈ દેવ-દેવલાંનો તેને ભાર રહે નહિ. આંબાના વૃક્ષનો એક વખત જાણીને નિશ્ચય કર્યો જે આ આંબો છે તે પછી રાત્રિ હોય કે દિવસ હોય કે ગમે તે આવીને કહે જે, 'આ આંબો નથી ને લીંબડો છે'; પણ જાણનારને આંબા સિવાય બીજો નિશ્ચય થાય નહિ. તેમ ભગવાન તો એક પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ જ છે તે સિવાય બીજા કોઈ ભગવાન નથી. અને તેમના મુક્ત તથા સંત તે પણ એ મૂર્તિરૂપ જ છે. એમ દૃઢ નિશ્ચય કરવો.'' ॥૮૪॥

## વાર્તા ૮૫

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૧) રાત્રે મેડા ઉપર આસને બાપાશ્રીએ લાલુભાઈને કહ્યું કે, ''તમે સત્સંગ બહુ ખીલાવ્યો છે.''

ત્યારે લાલુભાઈ કહે, ''બાપા! આ બધો શ્રીજીમહારાજનો અને આપના જેવા મહા સમર્થ અનાદિમુક્તનો પ્રતાપ છે. આપે દયા કરી છે તેથી સર્વેને શાંતિ વર્તે છે. કોઈ થાકને કે ભૂખને ગણતા નથી.''

ત્યારે બાપાશ્રી કહે, "અહીંના હરિભક્તોને હેત ઘણું છે. આવા દેશમાં રહીને આવો સત્સંગ રાખવો તે તો મહારાજ ને મોટાનો રાજીપો હોય તો જ રહે. તમે પણ દાખડા ઠીક કર્યા છે. આ હીરાભાઈ, સાંવલદાસભાઈ, અમીચંદભાઈ જેવા તથા સૌ નાના-મોટા હરિભક્તો, સોરઠવાસી કડિયા તથા કચ્છના કણબી અને વેરણિયા આદિક સર્વે કેવા નિર્માની થઈ ગયા છે! અહીં કથા-વાર્તાનું સુખ સારું છે તેથી આવા ગુણ જણાય છે. કથા, વાર્તા, ધ્યાન, ભજનનો ખટકો રાખનારા ઉપર મહારાજનો રાજીપો ઘણો થાય છે ને મોટા મુક્તની પ્રસન્નતા પણ બહુ થાય છે. મહારાજનો તથા મોટા મુક્તનો રાજીપો થયો તેનાં સર્વે સાધન પૂરાં થયાં. એમની પ્રસન્નતા થઈ એટલે એ છતે દેહે મૂર્તિના સુખમાં પહોંચી ગયો."

"આપણે ઘેર અક્ષરધામ, શ્વેતદ્વીપ બધુંય છે. શ્વેતદ્વીપ તે શું? તો જે પાંચ વખત મહારાજ તથા મોટાને સંભારીને માનસી પૂજા કરે તેને મહારાજ પાંચ વખત દર્શન આપે છે એ શ્વેતદ્વીપ. બીજા અવતાર છે તે સર્વે મહારાજના સામર્થ્યને લઈને છે."

"આપણને મહારાજ બહુ મોટા મળ્યા છે. એમની દયા પણ બહુ જબરી છે. તે જુઓ તો ખરા! એવડા મોટા ભગવાન તે આપણી સાથે વાતો કરે, થાળ આપે, પ્રસાદી આપે, તે કેવડી બધી દયા! મહારાજ અને મહારાજના અનાદિમુક્ત તે તો એક સંકલ્પે અક્ષરધામમાં પહોંચાડી દે છે એવા સમર્થ છે. માટે મોટા અનાદિનો જોગ કરી લેવો. મૂર્તિમાંથી અનંત પ્રકારનાં સુખ આવે છે. એ સુખ ભોગવતાં કલ્પેકલ્પ વીતી જાય, પણ એ સુખનો પાર આવે નહિ. એ રસ અદ્ભુત છે, તે તેમની કૃપાએ મળ્યો છે. એ સુખ આપણે ભોગવવું."

"મહારાજ કહે છે કે, 'અમે તો મોક્ષનો દરવાજો ઉઘાડો મૂક્યો છે, અમો ક્યાંય ગયા નથી. એવા ને એવા જ છીએ. વળી અમારા મોટા મુક્તના શબ્દ સાંભળશે, સેવા કરશે, તેમને રાજી કરશે તેનું પણ

કલ્યાણ થશે.' આ ભરતખંડમાં આવો જોગ મળ્યો છતાં આ વાત હાથ ન આવી તો મનુષ્યદેહનું શું પ્રયોજન? અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં જોડાઈ જાય તો અનંત કોટિ બ્રહ્માંડને તથા માયાને દાબીને અક્ષરધામમાં પહોંચે. જેને સ્વામિનારાયણ મળ્યા તેને આ લોકની મોટ્યપ તથા આબરૂનું કામ નથી, તેને તો મુક્તનો ખપ કરવો જોઈએ.''

''મોટા તો મૂર્તિમાં સળંગ જોડાયેલા છે. આપણે જાણીએ જે બેઠા છે, સૂતા છે; એમ ન જાણવું. સદા દિવ્યભાવ સમજવો. કલેવર દેખાય છે તે તો નિમિત્ત માત્ર છે. એવા મોટા મુક્તને વિષે દિવ્યભાવ સમજવાથી દિવ્ય થવાય છે. આપણને લાગે જે એમનો પંચભૂતનો દેહ છે તેથી જમવા જોઈએ છીએ, તો એટલો મનુષ્યભાવ આવી જાય છે; પણ મોટા તો સદાય મૂર્તિમાં જ છે, અને અનેકને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવે છે. ને મનુષ્ય જેવા થઈને અનેકની સેવા અંગીકાર કરે છે તે સેવા સર્વે મૂર્તિના સંબંધે દિવ્ય થઈ જાય છે. તેને એ ભક્ત પામે છે. માટે મોટા મુક્તને વિષે ક્યારેય મનુષ્યભાવ પરઠવો નહિ. મોટા તો મહારાજની પેઠે સદા દિવ્ય જ છે એટલા માટે આવા મુક્તનો જોગ મૂકવો નહિ. આવા મોટા મુક્ત ભેળું બેસવા ક્યાંથી મળે? બીજા કોણ બેસવા દે? આવા અનાદિમુક્ત મૂર્તિમાં કિલ્લોલ કરનારા તેમનાં પગરખામાં પણ આ જીવને બેસવા ન મળે. તે આપણને દયા કરીને કહે કે આવો, અહીં બેસો! આમ સર્વે અક્ષરધામના દરવાજા ઉઘાડા મૂક્યા છે એમ જાણવું અને મોટાને વિષે કોઈ રીતે મનુષ્યભાવ કલ્પવો નહિ. 'પુરુષોત્તમ વિવાહ થયો શુભ ભરતખંડમાં આજ' એમ આપણે એવો વિવાહ થયો છે તેથી સર્વે અભયપદ પામ્યા છે, રસબસ થયા છે.'' ॥૮૫॥

## વાર્તા ૮૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૧) બાપાશ્રીએ વાત કરી જે, ''મોટા સંત દેશાવરમાં ફરે છે તે અરસપરસ સમાગમ માટે છે. એવા

મોટા સંત હરિભક્તને સુખિયા રાખે છે તેથી હરિભક્તને સંતનો ગુણ આવે છે અને ઉત્તમ હરિભક્ત જોઈને સાધુ પણ તેના ગુણ લે છે, તેથી અરસપરસ બહુ મોટા લાભને પામે છે. મહારાજ ને મોટાનો પણ એ જ સિદ્ધાંત છે. મોટા મોટા દેવ હાથ જોડીને એમ કહે છે કે, 'અમને મનુષ્ય દેહ આપો' એનું કારણ પણ આવા મોટા સંતનો મહિમા અને તેમને રાજી કરવાની ગરજ છે. એવા દેવતાને દુર્લભ આવા સંત મળ્યા છે ને મહારાજ સત્સંગમાં બિરાજે છે તોપણ સ્ત્રી, દ્રવ્ય, દીકરા આદિક પ્રકૃતિના કાર્યમાંથી પાછું ન વળાય તેને શ્રીજીમહારાજની મોટ્યપ અને આવા સંતનો મહિમા હાથ આવ્યો નથી."

"આપણને તો બહુ મોટું સુખ મળ્યું છે, બહુ મોટી પ્રાપ્તિ થઈ છે, તેથી ખરેખરો ફેરો ફાવ્યો છે. મહારાજ અને મોટાનાં દર્શન ક્યાંથી? મોટા તો ત્રણે અવસ્થામાં મહારાજની મૂર્તિમાં જોડાઈ બેઠા છે. તેથી સૂર્ય, ચંદ્ર આદિક સર્વે પ્રાર્થના કરે છે જે અમારું સારું કરો અને તે સર્વે પ્રસાદી લેવા મહારાજ પાસે આવ્યા હતા. એકલાં સાધનથી શું કામ થાય? કૃપાસાધ્યનો જોગ થાય તો કામ થઈ જાય. કાળમાં વરસાદ વરસે તે ભારે કામ થયું કહેવાય તેમ આજ ખરેખરી શરદઋતુ છે. આ વાતો ક્યાંથી આવે છે? તો મહારાજની મૂર્તિમાંથી આવે છે."

"'વસંતઋતુમાં આવે જો શ્યામ તો રંગભર રમીએ' એમ આજ એ ઋતુ છે કે નહિ? આપણે તો મહારાજ પ્રગટ થયા ત્યારથી જ શરદઋતુ બેઠી છે. આવા સંતો વાતો કરે તે અંતરમાં ઉતારે તો પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામી જાય. બીજી માયિક ઋતુ અને આ દિવ્ય ઋતુ છે. મોટા વાતો કરે તે ચકોર પક્ષીની પેઠે સાંભળવી. આ બ્રહ્માંડ પલટાશે ત્યારે આ ઋતુ પાછી આવશે. તે શું? તો આ ધણી જ્યારે પધારશે ત્યારે ઋતુ આવશે."

"અવતાર તો ઘણાય થાય, પણ આત્યંતિક મોક્ષ તો કારણ મૂર્તિથી જ થાય. 'આ વખત નહિ આવે ફેરી નહિ આવે ફેરી' વલખાં

મારીને ઘણાય મરી જાય, પણ આ વખત ન મળે તે આપણને મળ્યો છે. પુરુષોત્તમના અનાદિ ને લાડીલા કહેનારા ક્યાંથી મળે? તે આ ટાણે છે. તો સત્સંગમાંથી સત્સંગ મળ્યો છે. ઘણાય બહાર પડ્યા હશે, પણ પંચવિષય મૂકી શકે નહિ. જો મોક્ષ સારુ પડ્યા હોય તો આવા મોટાને તરત ઓળખી કાઢે. આપણે એક મહારાજનું કામ છે.''

''મહારાજે સૌને રોટલા આપ્યા છે, તે ખાઈને ભગવાન ભજી લેવા. આ દેહ માટે ઘણું કરી કરીને મરી ગયા, પણ કોઈનું પૂરું થયું નહિ. પૂરી જોઈએ, રોટલી જોઈએ તેનાથી કાંઈ થાય નહિ. પણ જો ભગવાનને જમાડીને જેવું મળે તેવું ખાઈને સુખિયો રહે ને ભગવાનને ભજે તે ડાહ્યો છે. આ દેહ તો કોઠી જેવો છે તેમાં જે ભરે તે ચાલે. હાડકાં ઉપર ચામડું મઢ્યું છે, અંદર નકારી વસ્તુ ભરેલી છે, માટે મોહે કરીને કોઈ ઠેકાણે બંધાવું નહિ. આ લોક ખોટો છે, ખોટો છે, એમ મોટા પુરુષ ડંકા વગાડીને કહે છે, પણ લાખ-બે લાખનો ફાયદો થતો હોય તો કહેશે કે, 'મોટા પડ્યા રહ્યા.' શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચે હરામજાદા છે, માટે પંચવિષયના દોર્યા દોરાવું નહિ. આપણે શા સારુ ભેગા થયા છીએ? તો એક શ્રીજીમહારાજ સારુ.''

એમ કહીને બોલ્યા જે, ''સ્વામિનારાયણ હરે! ચલાવો કથા. મહારાજને બોલાવો. આપણે મહારાજની મૂર્તિમાં તથા આ દિવ્ય સભામાં જવું એટલે તરત પાર આવે. સભામાં બેઠા નિદ્રા આવે તો માયા આવી જાણવી. માટે સાવચેત રહેવું. મોટા મુક્તનો વ્યવહાર બધો દિવ્ય જાણવો, તેમાં કોઈ અયોગ્ય સંકલ્પ કરવો નહિ. મહારસના પીરસનારામાં ફેર હોય નહિ, પણ જમનારામાં ફેર છે એમ જાણવું. મહારાજ અને મોટા તો કલ્યાણકારી જ છે તેમાં કોઈ જાતનો તર્ક કરવો નહિ. જમનારેય દિવ્ય અને જમાડનારેય દિવ્ય.''

''તમો સર્વે વેપારી છો, માટે તમારા અંતરમાં તર્ક થઈ જાય તેથી રુચે તેવી સર્વદેશી વાતો કરીએ છીએ. ભગવાનના ભક્તને

સર્વદેશી સમજણ રાખવી. મૂર્તિ વિના બીજું જોવામાં કાંઈ માલ નથી. ચાલોચાલ સત્સંગ કરવો નહિ. બરાબર સાવચેતી રાખવી. સામ, દામ, ભેદ ને દંડનો માર્ગ જાણવો. સંત-હરિભક્તને ઓળખવા. અમારી તો વાતો આવી છે તેને જાણી હોય તો કોઈ વખત સમાસ જરૂર થાય. સત્સંગ છે તે અગ્નિરૂપ છે, માટે સત્સંગમાં હાથ ન નાખવો.''

''કારણના કારણ કોણ છે તે ખબર છે? કારણ અનાદિમુક્ત મહારાજના લાડીલા અને કારણના કારણ શ્રીજીમહારાજ છે. એમના સાથે હાથેવાળો મેળવી દેવો. 'હાથેવાળો હરિ સંઘાથે કીધો.' અમારે તો કોઈને બીજે જવા દેવા નથી. ઠેઠ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં મૂકી દેવા છે. કેટલાયને મૂકી દીધા છે. આવું સુખ સાધને મળે નહિ, માટે મહારાજની મૂર્તિના ધ્યાનનો અભ્યાસ રાખવો. કલાક કલાક, બબ્બે કલાક ધ્યાન કરવું. સમર્થ ધણીએ હાથ ઝાલ્યો છે, તે મૂકે એવા નથી. આ અભયદાન છે એ છેલ્લો લેખ છે એ નક્કી જાણજો. તેનો દૃઢ ભરોસો રાખી વિશ્વાસ રાખવો. સત્ત્વગુણ, રજોગુણ ને તમોગુણ એ માયાનાં છે, માટે એનો વિશ્વાસ ન રાખવો.'' ॥૮૬॥

## વાર્તા ૮૭

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૧૨ને રોજ નિત્યવિધિ કર્યા પછી બાપાશ્રી સંત-હરિભક્તોને મળ્યા ને જય સ્વામિનારાયણ કરી આસને બેઠા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ચંદનનો વાટકો લઈ બાપાશ્રીને ચર્ચવા આવ્યા. ત્યારે બાપાશ્રીએ તે વાટકામાં હાથ બોળી સ્વામી ઈશ્વરચરણદાસજીના ભાલે ચંદન ચર્ચ્યું ને વાટકો હાથમાંથી લઈ લીધો.

પછી સ્વામી વૃંદાવનદાસજીને ચંદન ચર્ચીને બોલ્યા જે, ''આવો સંતો! તમારી પૂજા કરીએ.''

એમ કહીને સંતોને ચંદન ચર્ચવા લાગ્યા ને બોલ્યા જે, ''આ અક્ષરધામમાં પૂજા થાય છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ છે. આ સભા દિવ્ય તેજોમય છે. કોઈ રહી જશો મા. આ અવસર દુર્લભ

છે.''

પછી કીર્તનની ટૂંક બોલ્યા જે, ''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ આજ ધર્મવંશીને દ્વાર.'' એમ બોલી ચંદન ચર્ચતાં વળી કહ્યું જે, ''કોઈ રહી જશો મા. આવા ક્યાંથી આવશે?'' તે વખતે એક સંત ઠાકોરજીનાં દર્શન કરવા ગયેલ તે આવ્યા. તેને ભાલે ચંદન ચર્ચી કહ્યું કે, ''આ તો મંડળધારી છે.''

પછી પોતે એમ બોલ્યા જે, ''સંત મંડળધારી કે ભગવાન મંડળધારી?''

ત્યારે સ્વામી વૃંદાવનદાસજી કહે, ''બાપા! મહારાજ મંડળધારી. મુક્તનાં તો અનેક મંડળ.''

પછી બોલ્યા જે, ''સ્વામી! કારણને ઓળખો છો? 'સર્વેના કારણ શ્રીહરિ રે.' કારણ એક મહારાજ, બીજું બધુંય કાર્ય. 'સૌને વશ કરું રે સૌનો કારણ હું ભગવાન' એવા સર્વોપરી મહારાજ છે. માટે શ્રીજીમહારાજ વિના ક્યાંય અટકવું નહિ. આવી વાતો આ સભામાં થાય છે. બીજે તો કોઈ કાંઈ કરશે ને કોઈ કાંઈ કરશે. કોઈ વેપાર કરશે, કોઈ બજર કૂટશે. કેમ મહાદેવભાઈ?''

ત્યારે મહાદેવભાઈ કહે, ''બાપા! સાચી વાત છે. તમે દયા કરશો તો એ કાંઈ નહિ નડી શકે. આમ ને આમ સાથે રાખજો.''

ત્યારે બાપાશ્રી કહે, ''બહુ સારું.''

પછી પાર્ષદ કુબેર ભક્ત પૂજા કરી દર્શને આવ્યા તેના સામું જોઈને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! આ આપણી સેવા સારી કરે છે.''

ત્યારે બાપાશ્રી કહે, ''હા, એની સેવાને હું જાણું છું. મહારાજને સેવાભક્તિ ગમે છે. જીવને દિવ્યભાવ ન હોય એટલે દેહને ઘસારો ખમી શકે નહિ. જેથી સેવામાં કારસો આવે.''

પછી વળી એમ કહ્યું જે, “આવો લાભ અને આવી પ્રાપ્તિ થઈ છે તેને ભૂલીને કોઈ રાહુ-કેતુ જેવા સ્વભાવ મ રાખજો. કેટલાક રાહુ-કેતુ જેવા સત્સંગમાં હોય, તે પહેલાં તો સહુ ભેગા ભળી જાય, પણ પછી સ્વભાવ જણાવે. સ્વભાવ છે તે જીવને દુઃખ દે છે.”

એમ કહી અહીરાવણ-મહીરાવણની વાત કરી. પછી વળી લક્ષ્મણજીની વાત કરી જે, “તે રાવણની ગાદીએ જરાક બેઠા એટલામાં બુદ્ધિ ફરી ગઈ ને બોલ્યા જે, ‘આ કેનું નગારું વાગે છે? કોનું સૈન્ય છે? બોલાવો આપણા સૈન્યને, એના સૈન્યને મારી કાઢો.’ એમ ગમ વિના ગાદીએ બેસતાં થયું. પછી વિચાર હાથ આવ્યો ત્યારે પસ્તાવો બહુ કર્યો. તેમ સ્વભાવને વશ થઈ જાય તે ટાણે કાંઈનું કાંઈ બોલાઈ જાય. ને રાહુ-કેતુ જેવા માંહી પ્રવેશ કરે ત્યારે માથાં ફેરવી નાખે ને સુખ બધું ખોઈ નાખે, એવા જીવ અવળા છે. માટે સૌ ઓળખજો. આ સભાનો દિવ્યભાવ આવે તો એ કોઈ નડી શકે નહિ. જુઓને! જાગ્યા ત્યારથી આઠવાર તો સૌના પર હાથ ફર્યા એ કાંઈ થોડી વાત નથી. આવો લાભ મનાય તો અહો! અહો! થઈ જાય. મહારાજે સંતનાં મંડળ બાંધ્યાં છે તે કથા-વાર્તા કરવા અને દેશમાં ફરવા. આ તો સ્થિતિ થઈ ન હોય ને ‘હમ બન ગયે રાજા’ એમ માનીને બેસે છે, એમ સદ્‌ગુરુ નિર્ગુણદાસજી કહેતા. એ સ્વામીનો હું સેવક છું.”

પછી સ્વામીશ્રીએ મણિલાલભાઈનો કાગળ ચરણારવિંદ પધરાવવા સંબંધી આવેલ તેની વાત પૂછી.

ત્યારે બાપાશ્રી કહે, “ત્યાં તો જવું જોઈશે.”

પછી એક સાધુની છાતીએ હાથ ફેરવીને બોલ્યા જે, “કહો તો અહીં પગલાં પધરાવી દઈએ. સાધનદશાવાળાને આ સલો છે. સિદ્ધદશાવાળાને તો મૂર્તિરૂપી ખજાનો. આપણે પાકો સિદ્ધાંત એ છે કે હૃદયમાં પધરાવી દેવા. મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસ તે જેટલાં રૂપ એ સર્વે દિવ્ય મૂર્તિઓ. તે મહારાજ ભેગા અનંત એટલે

જેટલી મૂર્તિઓ એટલાં પગલાં થયાં. એમને છેટા રાખીને રખડે તો આ લાભ ન મળે. બીજે તો લાંબા વિધિ ને લાંબા કૂટારા. જુઓને વૈરાટનારાયણ કેવડાં! એના દિવસ, વરસ ને માસ કેવડાં! કામ પણ કેવડાં! એનો પાર ન આવે તેવું છે. તો આ તો પરભાવની વાત."

"આ લોકમાં કેટલાક સમજ્યા વિના કહે છે કે, 'હે ત્રણ લોકના નાથ!' તે ત્રણ લોક કયા? તો પાઘડી બાંધી છે ત્રિલોક થકી ન્યારી. આપણે એ વાત પરભાવની છે, એમાં તો અક્ષરકોટિથી પર એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિ છે; પણ અવરભાવવાળાને એ હાથ ન આવે. મહારાજની પાઘ ન્યારી, તેમ રીત ન્યારી, મૂર્તિ ન્યારી, કૃપા ન્યારી. એ વાતમાં ગતિ પહોંચે પછી તો એ મૂર્તિના સુખ વિના સંકલ્પ પણ ઊઠે નહિ. નવાં નવાં સુખ ઈચ્છે તે મહારાજ પમાડે, ક્યારેય તૃપ્તિ ન થાય."

એમ કહીને સંતો સામું જોઈને રમૂજે યુક્ત વચન કચ્છી ભાષાનું બોલ્યા જે, "સંતો! અસાંજી તો એડી ગાલ્યું આહે (અમારે તો એવી વાતો છે). અમે તો રાત-દિવસ મૂર્તિનો જ વેપાર કરીએ છીએ. પણ આવી વાત ન સમજ્યા હોય ને રાહુ-કેતુ જેવા નબળા સ્વભાવ મૂક્યા ન હોય તો માથાં ફેરવી નાખે, તે કાંઈનું કાંઈ બોલે."

એમ કહીને બોલ્યા જે, "કાળી તલાવડીએ એક સાધુએ અમને કહ્યું જે, 'આ સ્થાનમાં કોઈને વાસના રહે તો?' તે સાંભળીને અમે કહ્યું જે, 'આમાં વાસના રહે તો શું ખોટી?' એમ અમને ભેગા ગણીને આવી વાત કરેલ. આવું ઊંધું સમજે છે, તોય અમે એવું કાંઈ મનમાં લાવતા નથી. અમે તો એનેય જમાડીએ છીએ, કલ્યાણ પણ કરીએ છીએ, એવી અમારી આવડત છે."

પછી આશાભાઈ આવ્યા તેની પ્રશંસા કરીને કહ્યું જે, "આ બાપડો મારી સેવા બહુ કરે છે. એને ઊંઘ કે થાક નડતાં નથી. મહિમા જાણ્યો હોય તેને દેહનો કારસો વેઠવો કઠણ ન પડે." ॥૮૭॥

## વાર્તા ૮૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૨) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "આપણે તો મૂર્તિના સુખમાં ઝીલવું, બીજું તાન ન રાખવું. આજ ભગવાન સોંઘા છે. મૂર્તિ ને મુક્ત તે વિના ક્યાંય અટકવું નહિ. આ લોકના ઠરાવ રાખનારને આવી વાતો મળે નહિ. આપણે તો આનંદમાં ને આનંદમાં રહેવું. એક મહારાજ ને તેમના અનાદિ તે વિના બીજે ક્યાંય ભાગ રાખવો નહિ. દેહ રહે ત્યાં સુધી આમ ને આમ વર્તવું. મહારાજને તથા અનાદિમુક્તને પળમાત્ર પણ મૂકવા નહિ. આમ સમજે નહિ તે ઇંદ્રિયોના દેવ વરુણ, ચંદ્ર, સૂર્ય આદિ જાણે પણ આપણને તો મહારાજ મળ્યા તે બીજા દેવ ઊઠી ગયા. તેથી આપણા આપણા દેવ મહારાજ થયા છે. તે આત્મામાં મૂર્તિ રહે ત્યારે મહારાજ નેત્રથી જુએ, કાને સાંભળે, મુખે બોલે એમ બધી ઇંદ્રિયોમાં મહારાજ રહે છે તોપણ ધામની અને મહારાજની વાટ જુએ, મુક્તની વાટ જુએ, જે ક્યાં હશે? પણ આત્મામાં છે તેને આકારે વૃત્તિ થતી નથી. જો એમાં વળગી રહે તો જેમ ફૂલની સુગંધી આવે છે તેમ મૂર્તિની અને મુક્તની ખુશબો આવે છે, પણ જીવનો સ્વભાવ ચટકાવાળો છે, તે ક્યારેક ચટકો લઈ લે."

એમ કહીને બોલ્યા જે, "'ગુરુ ગયા ગોકળ ને ચેલાને થઈ મોકળ' એમ અહીં જોગમાં રહે ત્યારે ઠીક રહે અને છેટે જાય તો આજ્ઞા લોપી નાખે. માટે આવા કહેનારા છે, તે પછી ક્યાંથી મળે? આવા મોટા છે તે મહારાજના પડછંદા છે તે મહારાજની મરજી પ્રમાણે જ બોલે છે, ચાલે છે, ખાય છે, પીએ છે તે સર્વે મહારાજની મરજી પ્રમાણે જ કરે છે. અહીં આદિમાં દેખાય છે, પણ અક્ષરધામમાં રહ્યા થકા જ દેખાય છે. માટે જોગ સારો છે, વખત સારો છે તે એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ. એમ આપણને મૂર્તિ અને મુક્તનાં મંડળ એવું દિવ્ય સુખ મળ્યું છે માટે દેહ છતે ભેગા અને દિવ્યભાવમાં પણ ભેગા જ છે; જરાય જુદાપણું નથી. અંત વખતે મહારાજ તથા મોટા લાખો પ્રદક્ષિણાઓ

કરાવી, લાખો દંડવત કરાવીને મૂર્તિના સુખમાં લઈ જશે.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ પૂછ્યું જે, ''દંડવત-પ્રદક્ષિણાઓ શી રીતે કરાવશે?''

ત્યારે બાપાશ્રી કહે કે, ''એવું જ્ઞાન આપીને સંકલ્પે કરીને કરાવી દેશે. અને મૂર્તિમાં રસબસ કરી અનાદિમુક્તની પંક્તિમાં ભેળવી દેશે, માટે વિશ્વાસ દૃઢ રાખવો. મોટાનો જોગ સમાગમ કરવાથી મોટા મુક્ત જીવને પોતાના જેવા કરે છે. તે કેવી રીતે? તો મોટાની સાથે નિર્મળ મને જોડાવાથી મોટા અનાદિ આ જીવને દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ, દેવતા, એ સર્વેમાંથી મુકાવીને બ્રહ્મરૂપ કરી દે એટલે છતે દેહે જ બ્રહ્મરૂપ કહેવાય. આ તો કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે. આ સભા શ્રીપુરુષોત્તમ ભગવાનની છે. તેથી આ સહેજમાં મોક્ષ થાય છે, માટે આ લાભ લઈ લેજો.''

''શ્રીજીમહારાજ સત્સંગમાં બિરાજે છે ને જુએ છે. આવા ભગવાન, આવા સંત, આવો ધર્મ ધુરંધર માર્ગ, અષ્ટસિદ્ધિ, નવનિધિ એ બધુંય છે, તો પણ જીવને ગમે તેમ વર્તવું અને મોટા પુરુષનાં વચન મનાય નહિ તથા મહારાજની આજ્ઞા પળે નહિ એટલું દુઃખ છે. આ સત્સંગમાં શા માટે ભેગા થયા છીએ? મોક્ષને માટે કે બીજાને માટે? શ્રીજીમહારાજના સિદ્ધાંત અને આજ્ઞા પ્રમાણે ગૃહસ્થને તથા ત્યાગીને વર્તવું; તો દુખિયા થવાય નહિ. સત્સંગમાં પડ્યા હોય ને ઇંદ્રિયોને લાડ લડાવ્યા કરતા હોય તે શોભે નહિ; કેમ કે ઇંદ્રિયો તૃપ્ત થાય એવી નથી. સુખમાં સુખ તો શ્રીજીમહારાજની મૂર્તિ છે, તે કારણ મૂર્તિને બાઝવું. તે થાય નહિ ને આ લોકનાં સાધન કરવા માંડે તેથી શું? તે તો દહાડા કાઢવા જેવું છે, સાધનથી કાંઈ નથી. ખરું સુખ તો મહારાજની મૂર્તિમાં છે, બીજે સુખ નથી.''

''આ જોગ ને આ વખત સારો છે. માટે નિયમ રાખી કથા-વાર્તા કરવી. સત્સંગમાં એકાંતિક, પરમ એકાંતિક અને અનાદિમુક્ત

પણ વિચરતા હોય; માટે તેમનો જોગ કરી દિવ્ય સુખ ભોગવવું. માનરૂપી રોગ, લોભરૂપી રોગ, કામરૂપી રોગ, એ સર્વે મૂકીને મહારાજના સ્વરૂપમાં જોડાઈ જવું; એ વસ્તુ સત્ય છે. મહારાજનું ધ્યાન કરવા બેસે ને મન તો ક્યાંય ફરતું હોય એવું ધ્યાન ન કરવું. મહારાજ કહે છે કે, 'સત્સંગ દિવ્ય છે માટે સૌના ધર્મ સહુએ સંભાળવા. સત્સંગ સમુદ્ર જેવો છે તે આજ્ઞા પ્રમાણે ન વર્તે તો મડદું બહાર કાઢી નાખે.' મોટા મોટા સંત જે રસ્તો બાંધી ગયા છે તે રસ્તે આપણે ચાલવું, નહિ તો મહારાજ છેટા થઈ જાય. શ્રીજીમહારાજની સન્મુખ દૃષ્ટિ રાખવી. મહારાજ દિવ્ય છે. 'જરા પણ આજ્ઞા લોપીશ તો તે કુરાજી થશે' એવું જાણપણું નિરંતર રાખવું. મૂર્તિમાં જોડાઈ જવાય એટલે દેહનું દુઃખ રહે નહિ.

"અક્ષરધામમાં જે મૂર્તિ છે એ જ આ બધી મૂર્તિઓ છે, એમ જાણે તેને કાંઈ કરવું રહ્યું નથી. મૂર્તિઓને ચિત્રામણની કે પાષાણાદિકની ક્યારેય જાણવી નહિ. સદાય દિવ્ય છે. પણ જીવનો સ્વભાવ એવો છે તે નવા નવા ઘાટ કરે છે. આપણે તો સદાય નૈમિષારણ્ય ક્ષેત્ર છે, કેમ કે મહારાજ તથા મોટા આ સત્સંગમાં વિચરે છે. ત્યાગીને તો મહારાજે ગામમાં વન કરી દીધાં છે. તોપણ કથા-વાર્તામાં રુચિ ન હોય તેમાં રૂડા ગુણ આવે નહિ એમ જાણવું. આપણે શ્રીજીમહારાજને પામવાનો વેપાર કરવા બેઠા છીએ તે રાતમાં ઊઠી ઊઠીને ધ્યાન કરવું." ॥૮૮॥

## વાર્તા ૮૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૨) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "આપણે તો સ્વામિનારાયણને સાથે જ રાખવા. પાધરા થયા વિના અક્ષરધામમાં ગરવા દેશે નહિ. આકરા બહુ છે, માટે આઘા-પાછા અને વાંકા-ચૂકા ચાલવું નહિ. મહારાજની આજ્ઞામાં રહી સદાય સરખા એટલે પાધરા રહેવું. મોટા તો મોક્ષનો દરવાજો છે. આ સભા દિવ્ય જાણે તેને માયાનો પડદો ટળી જાય છે. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી

ખુશબો છૂટે છે. મૂર્તિથી બહાર નીકળે તે સુખિયા ન થાય. મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન છે તે પ્રકૃતિનું છે. તેમાંથી નીકળી શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું. તે મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે એટલે સુખ આવે છે. 'સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે' માટે ફોશી ન થાવું. સૌને માથે ઠેક દઈને પુરુષોત્તમનારાયણ પાસે પહોંચવું, પણ માન આદિક દોષ નડતા હશે તો છેટું ઘણું થઈ પડશે. જીવને અહંમમત્વ ન રાખવો. આ લોકની બીક લાગે, પણ સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! કેટલાક તો પકડી વાત મૂકે નહિ, એમ ન કરવું. આજ્ઞા લોપે તો દેવાળું નીકળે છે. તેવી જ રીતે ભગવાન અને ભગવાનના મુક્ત સન્મુખ ન થવાય તે દેવાળું કહેવાય. લોકાલોક પર્વત પાડવો હોય તો વાર લાગે, પણ ધૂડનો ઢગલો પાડતાં વાર ન લાગે. તેમ મહારાજની આજ્ઞા લોપાય તો અપમૃત્યુ થયું જાણવું. અમારે ત્યાં લોક મજૂરીએ જાય છે તોપણ તપ કરે છે, ધર્મ પાળે છે, ભગવાન ભજે છે. એમ કરવું; તો ભગવાન રાજી થાય."

પછી બાઈઓના મંદિરમાં સુખશય્યામાં મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનું અગાઉથી નક્કી કરેલ હતું, તેથી સમય થયો એટલે મોટર આવી. વાજાં, પડઘમ આદિ સર્વે તૈયારીઓ થવા લાગી. બાપાશ્રી પણ સર્વ સંતો સહિત સાથે જવા તૈયાર થયા. મંદિરમાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની હતી તે મૂર્તિઓ ગાદી-તકિયાએ સહિત મોટરમાં પધરાવી. એ રીતે મહારાજની બે મહાન ચમત્કારી દિવ્ય મૂર્તિઓ ને પાછળ બાપાશ્રી તથા સંતોની ગાડીઓ. આગળ ઉત્સવ કરનાર હરિભક્તોની મંડળી, પાછળ હરિભક્તો તથા પુરવાસી મુમુક્ષુજનો.

એ રીતે ગાજતે-વાજતે શહેરમાં દર્શન દેતાં ગાડીખાતામાં બાઈઓના મંદિરે પધાર્યા. ત્યાં સંતોએ મહારાજની ચંદન-પુષ્પાદિકે પૂજા કરી. હરિભક્તો ઉત્સવ કરતા હતા ને સંતો શ્લોક બોલતા હતા. વચમાં હરિભક્ત સૌ પર ગુલાલ નાખતા હતા, છડીદાર ઊંચે સાદે 'મહારાજાધિરાજાને ઘણી ખમ્મા..' એમ છડી પોકારતા હતા, એવા

ઉમંગભર્યા હરિભક્તો તથા મુમુક્ષુજનોથી મંદિર ઊભરાતું હતું. સમય થયો ત્યારે બાપાશ્રીએ શ્રીજીમહારાજની મૂર્તિઓ સુખશય્યામાં પધરાવી મહાપ્રભુજીની જય બોલાવી. મોહનલાલ નથુભાઈએ તે વખતે રૂ. ૫૦૦) ભેટ કરી આરતી ઉતારી બાપાશ્રીની પ્રસન્નતા મેળવી. સૌને એ દિવ્ય મૂર્તિ તથા મુક્તમંડળનાં દર્શનથી આનંદ આનંદ થઈ રહ્યો હતો. મંદિરમાં હરિભક્તો ન સમાતાં હજારો માણસો બહાર આ દિવ્ય શોભાનાં દર્શનથી કૃતાર્થ થતા હતા.

પછી ત્યાંથી ગાજતે-વાજતે શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે કરાંચીમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા વખતે પધારેલા છે તેની સ્મૃતિરૂપ છત્રી કરી જે સ્થળે ચરણારવિંદ પધરાવેલાં છે, ત્યાં પણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા બાપાશ્રીને હાથે કરવાની હતી, તેથી સૌ ત્યાં આવ્યા. ત્યાં પણ એવી જ ધામધૂમથી પ્રતિષ્ઠાવિધિ થયો. શ્રીજીમહારાજની તથા ચરણારવિંદની બાપાશ્રી તથા સર્વ સંતોએ આરતી ઉતારીને જય બોલાવી.

પછી બન્ને સદ્‌ગુરુઓએ કહ્યું જે, “બાપા! આ દેશમાં શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે પધાર્યા છે તેની સ્મૃતિરૂપ આ સ્થાન બન્યું છે ને આપે અહીં મહારાજની પ્રતિષ્ઠા કરી આરતી ઉતારી, માટે આશીર્વાદ આપો.”

ત્યારે બાપાશ્રી કહે, “અહીં આવીને જે શ્રીજીમહારાજ તથા ચરણારવિંદના દર્શન કરશે તેનો આત્યંતિક મોક્ષ થશે.” એ વર આપ્યો.

પછી ઠાકોરજીને થાળ જમાડેલ મગજની પ્રસાદી સૌને વહેંચી. તે વખતે બાપાશ્રી બોલ્યા જે, “આ દેશમાં શ્રીજીમહારાજ દિવ્ય સ્વરૂપે પધાર્યા છે, એમ અમે આપણા ગુરુ સ્વામી શ્રી નિર્ગુણદાસજીની વાતોમાં સાંભળેલું, પણ આ સ્થાન થતાં સૌને શ્રીજીમહારાજની સ્મૃતિ થશે. વળી અહીં મૂર્તિની પ્રતિષ્ઠા થઈ તેથી લાખો જીવોનાં આત્યંતિક મોક્ષ થશે. આ સ્થાન બહુ ભારે થયું.” એમ પ્રશંસા કરી.

પછી લાલજીભાઈને ઘેર ઠાકોરજીના થાળ થયેલ તેથી બાપાશ્રી સર્વ હરિભક્તોએ સહિત તેમને ઘેર ઠાકોરજી જમાડવા ગયા.

ત્યાં લાલજીભાઈએ પ્રાર્થના કરી જે, ‘‘બાપા! બહુ મોડું થયું.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘આવું મોડું તો અનંત જીવના મોક્ષ કરી નાખે તેવું છે. આજ તો કાંઈના કાંઈ કામ થયાં. તે શું? તો આત્યંતિક મોક્ષનું સદાવ્રત ઊઘડ્યું. શ્રીજીમહારાજને ઘેર આવાં કામ થાય છે. ‘અસંખ્ય જીવ ઉદ્ધારવાને આવિયા રે લોલ, બ્રહ્મમોહોલવાસી હરિરાય’ એ રીતે આવા સમૈયાનાં દર્શનથી સહેજે મહારાજની પ્રસન્નતા થાય.’’

‘‘આવા હેતવાળા હરિભક્ત બાઈ-ભાઈ સૌને ધન્ય છે. બાઈઓએ આ ભારે સેવા કરાવી છે. હરિભક્તોનાં હેત પણ એવાં. અમારે આ વખતે પાંચ દિવસ રહેવાનું હતું, પણ દસ-બાર દિવસ તો થઈ ગયા. હજી સૌ રોકવાની તાણ કરે છે. સંતોને પણ વશ કરી લીધા છે. હરિભક્તોનાં હેત જોઈને એમ થાય છે જે આમને શુંયે આપી દઈએ! અમે તો મહારાજ વિના બીજો ઠરાવ રાખ્યો નથી. સૌને મૂર્તિમાં જોડવા છે.’’

‘‘અહીં હરિભક્તોના સમૂહ કરતાં બાઈઓનો સમૂહ મોટો જણાય છે. અહીં સાંખ્યયોગી બાઈઓએ સત્સંગ ભારે ફેલાવ્યો છે. ધર્મવાળા હોય તેના પર શ્રીજીમહારાજનો રાજીપો થાય. તેથી પોતે સુખિયા રહે ને જોગ કરનારાને પણ સુખિયા રાખે. બાઈઓ ભોળાં ને વિશ્વાસી હોય તેથી મહારાજમાં હેત થતાં વાર ન લાગે. અહીં મંદિર પણ ભારે થયું છે. મહારાજ તો ચમત્કારી છે જ, એમાં શું કહેવું? આ બધુંય જોતાં કરાંચીવાસી સૌ સત્સંગી બાઈ-ભાઈનાં મોટાં ભાગ્ય લાગે છે. જેને આ ટાણે સત્સંગ ઓળખાણો, જેને શ્રીજીમહારાજનો આશરો થયો, તેને તો ભારે લહાવ આવી ગયો છે. ‘આવ્યો અવસર ને ચેત્યા ટાણે’ એવું અહીં થયું છે. સૌ આવું ને આવું હેત છેલ્લી ઘડી સુધી રાખજો.’’

પછી મહારાજને થાળ જમાડી બાપાશ્રી લાલુભાઈને ઘેર જતાં મારગમાં જે જે હરિભક્તોના આગ્રહ હતા તે સર્વેને દર્શન દઈ તેમના પર અમૃત નજર કરતાં આશીર્વાદ આપી નાનાં બાળકોને વર્તમાન ધરાવી અનેકને દર્શનદાને સુખિયા કરતાં લાલુભાઈને ઘેર પધાર્યા.

લાલુભાઈએ ચંદન-પુષ્પથી પૂજા કરી દંડવત કર્યા ને કહ્યું જે, “બાપા! આવાં ને આવાં સદાય દર્શન દેજો.”

ત્યારે બાપાશ્રી તેમના પર પ્રસન્ન થઈને બોલ્યા જે, “લાલુભાઈ! જીતે હલો ઈ તે વલો (જ્યાં ચાલો ત્યાં વાલો). મહારાજની મૂર્તિમાં આનંદ કરજો.” એમ કહી સૌ હરિભક્તોને કહ્યું જે, “આ લાલુભાઈ મહામુક્ત છે, રત્ન છે. ક્યાં સિંધ ને ક્યાં આવા મુક્ત! આ બધી શ્રીજીમહારાજની દયા છે, નહિ તો આવી વાત દુર્લભ.”

એમ કહી પછી દેવજીભાઈ આદિને ત્યાં દર્શન દઈ કેટલાક મુમુક્ષુને મોક્ષના આશીર્વાદ દેતાં બાપાશ્રી મંદિરમાં પધાર્યા. ॥૮૯॥

## વાર્તા ૯૦

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૨) રાત્રે મેડા પર આસને બાપાશ્રી તથા સંત-હરિભક્તો ઘણા બેઠા હતા.

પછી બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “મોટા મુક્ત મહારાજની હજૂરની સભામાં બેસનારા તેની ભેગા બેઠા હોય તોપણ ભાવ બેસે નહિ, એ ઠીક ન કહેવાય. અંતર્વૃત્તિવાળાને તો અણુ જેટલું છેટું નથી. બહારવૃત્તિવાળાને લાખો ગાઉનું છેટું છે. આ વખતે જોગ ખરેખરો છે, કહેનારા પણ તેવા જ મળ્યા છે. આવો અવસર ફેર મળવો દુર્લભ છે. જેટલા ઘાટ-સંકલ્પ થાય તેટલો નિશ્ચય જીવમાં નથી; ઇંદ્રિયો-અંતઃકરણમાં છે.”

પછી એમ બોલ્યા જે, “એક હરિભક્તે અમને કહ્યું કે, ‘ગુજરાતમાં આવો તો પહેલા મારે ગામ આવજો.’ પણ અમારી પાસે

રહ્યા નહિ ને ચાલી નીસર્યા, પણ બે દિવસ વધુ ટક્યા નહિ. એમ જીવને મહિમા નથી. સુખમાત્ર શ્રીજીમહારાજની મૂર્તિ અને મોટા અનાદિમુક્તને આશરે રહ્યું છે. જુઓને! ઘણાય ભટકે છે અને બહુ હેરાન થાય છે, પણ સમજાતું નથી. મહારાજનો ખપ બધાયને છે, પણ મોટા ઓળખવા જોઈએ. સ્વામી નિર્ગુણદાસજી જેવા અમારી પાસે આવતા. એવી રીતે આપણે પણ જોગ-સમાગમ કરી લેવો. મહારાજ તથા મોટાના સિદ્ધાંતની હારો કરવી. દેશકાળ, ક્રિયા, સંગ રૂડા સેવવા. મહારાજની મૂર્તિનો આશરો દૃઢ રાખવો. પોતાની ભૂલ ઓળખવી ને ટાળવી. આ સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વે મહારાજને લઈને છે અને સત્સંગ તે તો કલ્પતરુ સમ છે.''

''શ્રીજીમહારાજે સમ ખાધા કે આ બધા અક્ષરધામના મુક્ત છે એમ હું સર્વેને દેખું છું. મહારાજ દિવ્ય, સત્સંગ દિવ્ય. માટે આ સભા તુલ્ય કાંઈ નથી. રાજાના કુંવરને કોઈ એમ નહિ કહે કે આ રાજા નથી. એ પ્રમાણે દિવ્યભાવ લાવવો. જો દિવ્યભાવ ન જુએ તો પોતાને નુકશાન છે. મહારાજ અનાદિ અને મુક્ત પણ અનાદિ, તે મુક્તને મહારાજ નવીન નવીન સુખ આપ્યા જ કરે છે. જેમ જેમ સુખ મળે તેમ તેમ તૃપ્તિ જ ન થાય. અલૌકિક અનહદ સુખ છે. કલ્પેકલ્પ વીતી જાય પણ તૃપ્તિ નથી. એવા મુક્તને ઓળખવા એ પર્વત જેવડી ઘાંટી છે. કાળ-કર્મથી છૂટવાને આવા મોટાને વળગીએ તો ઠીક. આવા ખરેખરા મળ્યા છે, પણ જીવ બીજે ફરે છે. મોટાનો પ્રતાપ જોઈએ તો બહુ જબરું સમજાય. આપણે દોડાદોડ શા માટે કરીએ છીએ? તો અનંત જન્મના થાક ઉતારીએ છીએ.''

સભા સામું જોઈને કહ્યું જે, ''આવા સંત સમજાવનારા છે, પણ જીવ આવા મોટાને ઓળખે નહિ. અને પોતાની મહત્તા જણાવે એટલે કાંઈ કામ થાય નહિ; માટે ગુમાસ્તા થઈને રહેવું. મહારાજના અનાદિમુક્ત તો કરોડોને મૂર્તિનું સુખ આપે એવા સમર્થ છે, તે જે જાણતા હોય તે જાણે. મોટા અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ

પ્રવર્તાવે છે. અનેક મનવારો ભરી અક્ષરધામમાં મોકલાવે છે એવા મોટા મુક્તનો જોગ કરીએ તો નિઃસંશય થવાય. મહારાજે તથા મોટા અનાદિમુક્તે હાથ ઝાલ્યો તે કોઈ દિવસ મૂકે નહિ. મહારાજની મૂર્તિના પ્રતાપે અલૌકિક જ્ઞાન થઈ જાય છે, પણ ઓળખાણ વિના ને સુખ વિના હેત કેમ થાય? આપણે ભેગા થઈ કથા-વાર્તા કરીએ છીએ તે કેવળ મોક્ષને માટે કરીએ છીએ. મોટા મુક્તને અવસ્થા નથી, કાળ નથી, કર્મ નથી, દિવસ નથી, રાત્રિ નથી; જેમ સૂર્યના રથમાં બેઠેલાને રાત નથી તેમ. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં એ સર્વે સુખમય થઈ ગયા છે.''

''આવા સંત છે તે અનાદિમુક્ત છે. આ સભા બધી સળંગ છે અને જ્યાં જુએ ત્યાં મૂર્તિ જ છે. એવા મુક્ત મૂર્તિમાં રસબસભાવે સુખ લીધા જ કરે છે. આ તો દિવ્ય સભા છે. માટે કોઈ વાતે ધોખો ન કરવો. મહારાજ ને મોટા મુક્ત મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે. આ સમે મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. લાખો-કરોડો જન્મે આવું થાય તેમ નથી. આ સર્વે સુખ મૂર્તિને લઈને છે. આપણે કૂદી કૂદીને દેહ પાડી નાખીએ એટલો આનંદ થાય, પણ સમજાતું નથી. આપણા ઘરની આપણને ક્યાં ખબર છે! જેમ મહારાજની મૂર્તિનું સમીપપણું તેમ વિધિ વધારે કરવો જોઈએ. શ્રીજીમહારાજ અને મોટા મુક્તને સાથે રાખીએ તો કોઈ જાતનો વાંધો ન આવે. જેટલાં ભગવાનનાં અવયવ તેટલાં મુક્તનાં અવયવ.''

''તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે. તેમાં અનાદિમુક્ત રહ્યા છે. રસબસ રહ્યા થકા રોમરોમનાં નવીન નવીન સુખ ભોગવે છે. એ વસ્તુ એવી છે કે શાસ્ત્રથી કે કહ્યાથી ખબર પડે તેમ નથી. મૂર્તિમાં અનેક જાતનાં સુખ રહેલાં છે, એવી મહારાજની મોટપ છે. આપણે ખરેખરું મહારાજની મૂર્તિનું જાણપણું રાખવું. સંત-હરિભક્ત સર્વેને દિવ્ય જાણવા; મનન પણ તેવું જ કરવું. ધણીના ઘરમાં બેઠા પછી ધણીની મરજી પ્રમાણે વર્તવું જોઈએ; નહિ તો કાઢી મૂકે. અનાદિમુક્ત નહાતા હોય તે પાણી મહિમાએ સહિત માથે ચડાવે તો તેનાં પંચ મહાપાપ

બળી જાય. તેવા પુરુષ ઓળખવા જોઈએ, પણ માયા પાપરૂપ છે તે જીવને ફેરવી નાખે છે, ગોથાં ખવરાવી સંશયમાં નાખી આ સભાથી નોખા પાડે છે. માટે મહારાજની આજ્ઞા યથાર્થ પાળવી; જેથી માયા નડી શકે નહિ. મહારાજ તથા મોટાને સંભારીને દિવ્યભાવે ભેળા રાખવા, નહિ તો વાતોનાં પકવાન્ન જેવું થાય. મહારાજ ને મોટા મુક્ત આ વખતે કૃપાસાધ્ય છે. શ્રીજીમહારાજનો ચમત્કાર બહુ મોટો છે. આ વાત પણ આપણને બહુ મોટી મળી છે. અક્ષરધામની મૂર્તિ ને સભા તેનું યથાર્થ જ્ઞાન થાય તેને અણુ જેટલું છેટું નથી. આવાં વચનનો વિશ્વાસ રાખવો. ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ મહારાજની લીલા સમજાય– જો પરિપક્વ નિશ્ચય હોય તો. નિશ્ચયમાં કસર હોય તો દુખિયું રહેવાય.''

તે ઉપર વાત કરી જે, ''એક સાધુના શિષ્ય દેહ મૂકી ગયા પછી તે સાધુએ અમને પટારો ઉઘાડી બતાવ્યો ને કહ્યું કે, 'આ બધાં પુસ્તકો કોણ વાંચશે?' એમ કહીને રોવા લાગ્યા, એવું છે. ભણાવી-ગણાવીને શિષ્યને સભામાં કથા કરાવે તો રાજી રાજી અને દેહ મૂકે તો દુઃખી થઈ જાય. મોટાના જોગ વિના આવું છે. આપણું પૂરું કરવું એ મહારાજ ને મોટા મુક્તના હાથમાં છે, અને આજ્ઞા પાળવી એ આપણા હાથમાં છે. આ ટાણે ખરો મુદ્દો હાથ આવ્યો છે તે પાછો મૂકી દઈએ તો રખડી પડીએ. ધણીની સહાયતા મૂકી દે તો આગળ કેટલું ચાલે? માટે જીવને મહારાજ તથા મોટા અનાદિમુક્તનો વિશ્વાસ જોઈએ. આવા મુક્ત કોઈ બ્રહ્માંડમાં નથી. જેથી વિશ્વાસ રાખી તે રાજી થાય તેમ મંડવું, પણ બેસી રહેવું નહિ.''

''શ્રીજીમહારાજ ભેળા અનંત કોટિ મુક્ત છે, એમ જાણવું. જેમ રાજાની સવારી સાથે સર્વે તેનું લશ્કર હોય તેમ. આવા મોટા ભગવાન મળ્યા ને આવા હજૂરી મુક્ત મળ્યા તે તો બહુ ભારે લાભ થયો છે એનો કેફ રાખવો. મહારાજની મૂર્તિમાં મુક્ત છે તે સળંગ રહ્યા છે તેમાંથી જેટલો લાભ લેવો હોય તેટલો મળે. પારસ, ચિંતામણિ, કલ્પતરુ, તે પાસેથી જેટલું ચિંતવે તેટલું મળે; તેમ મોટા અનાદિ સાથે જીવ બાંધે

એટલે ચિંતવે તેટલું સુખ પ્રાપ્ત થાય. ભગવાનના સુખનો અનુભવ ન થાય ત્યાં સુધી કોઈ સુખિયો થતો નથી. આપણા દેહનો કાંઈ નિરધાર નથી માટે મોટા દર્શન દેતા હોય ત્યાં સુધી સમાગમ કરી લેવો. આ જોગ બહુ દુર્લભ છે, ચોમાસુ હોય ત્યારે આડે વગડે પાણી હોય. મહારાજ અને મોટા મુક્ત સદાય સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે. વર્તમાન કાળે સુખ ઘણું પ્રવર્ત્યું છે.''

''આપણને જે વસ્તુ જોઈએ તે અહીંયા છે; બીજે કોઈ ધામમાં નથી. બીજે આ પુરુષોત્તમ ભગવાનની ઉપાસના નથી, તેથી તે ધામ ન્યૂન છે. ત્યાં પાર પડતું નથી એમ જાણી ઉપાસના દૃઢ કરવી. જેને ઉપાસના ન હોય તે માથા વિનાનું મનુષ્ય કહેવાય. મોટા મુક્ત છે તે તો પુરુષોત્તમરૂપ છે. તેથી ભગવાન ને ભગવાનના મુક્તની સેવાનું સરખું ફળ છે. તેમને અને ભગવાનને જુદાપણું નથી. મહારાજનું સુખ અપાર છે. મહારાજ ને સભા બન્ને અનાદિ છે. મહારાજના મહિમાનો કોઈ પાર પામતા નથી.''

''પ્રત્યક્ષ ભગવાન ને બીજા માયિક આકાર એમ વચનામૃતમાં કહ્યું છે એટલે કે ભગવાનની મૂર્તિ વિના બીજા સર્વે માયિક આકાર કહેવાય. અધોઊર્ધ્વ પ્રમાણે રહિત તેજનો રાશિ છે. તે મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ છે. એ મૂર્તિ તો ખરેખરું ઠરવાનું ઠામ છે ને તેજ શીતળ, શાંત અને શ્વેત છે. અંતર્વૃત્તિવાળાને જેવો શ્રીજીમહારાજનો મહિમા રહે છે તેવો બહારવૃત્તિવાળાને રહેતો નથી, માટે અંતર્વૃત્તિનું સુખ વિશેષ છે. સાંખ્યવિચાર તો લાખ વાર કરવો. એમ કરતાં કરતાં મૂર્તિ સાક્ષાત્કાર થઈ જાય. માટે દાખડો કરવો જોઈએ. મોટા મુક્ત છે તે તો એક-બે જન્મનું અથવા અનંત જન્મનું જાણે છે અને અનંત કોટિ બ્રહ્માંડમાં જ્યાં જ્યાં અવતાર થાય છે તેનું પણ જાણે છે. પણ શ્રીજીમહારાજની મરજી પ્રમાણે જ બોલે ને લાભનો જ વેપાર કરે. એ તો શ્રીજીમહારાજની મૂર્તિમાં સદા સળંગ નિમગ્ન રહે છે. એ મૂર્તિનું સુખ અપાર અપાર છે. તે સુખને આ લોક તથા અનંત બ્રહ્માંડમાં કોઈ

ઉપમા દેવાય તેવું નથી. ઉપમા દઈએ છીએ તે તો સર્વેને સમજાય તેટલા સારુ. અંતરમાં દુઃખ થાય છે, પણ સમજાવવા માટે કહેવું પડે છે.''

પછી બોલ્યા જે, ''ભગવાનનો ભક્ત જ્યારે શ્રીજીમહારાજની મૂર્તિના સુખને મોટા અનાદિમુક્તના સમાગમ-સેવાએ કરીને શ્રીજીરૂપ થઈને ભોગવે છે ત્યારે એને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી. સર્વે ઈચ્છાઓ પરિપૂર્ણ થાય છે. તેને કાંઈ અલભ્યપણું રહેતું નથી, સર્વેનું સુલભપણું થઈ જાય છે. તેને કોઈ મનોરથનું અપૂર્ણપણું તથા ન્યૂનપણું રહેતું નથી. સર્વે પરિપૂર્ણપણું થઈ જાય છે. અને શ્રીજીમહારાજની મૂર્તિના સુખથી બીજું સર્વે સુખ અતિ તુચ્છ, લૂખું અને અતિ અલ્પ ભાસે છે.'' ॥૯૦॥

## વાર્તા ૯૧

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૧૩ને રોજ સવારે નિત્યવિધિ કરીને બાપાશ્રી નિષ્કુળાનંદ સ્વામીના કીર્તનની ટૂંક બોલ્યા જે, ''મે હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધી, કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને કોણ તાત, કોણ ભ્રાત ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું કે, ''સ્વામી! અમે હરિભક્તને ઘેર જઈએ છીએ ત્યારે હરિભક્તો કંઈક રમૂજો કરીને રાજી થાય છે. અમે તો એક મૂર્તિ સામે નજર રાખીએ છીએ. અમારે તો મહારાજના સિદ્ધાંત છે તે પ્રમાણે જીવનાં કલ્યાણ થાય તેમ કરવું છે તેથી જેમ તમે કહો તેમ કરીએ છીએ, હરિભક્તો રાજી થાય તેમ કરીએ છીએ; પણ અમારે મૂર્તિનો ઠરાવ છે. અમે અહીં એટલા માટે આવ્યા છીએ. હસવું અને રમવું તેમાં રમતિયાળ થઈ જવાય અને તે રસિક માર્ગ છે. ગાવું, વગાડવું, કીર્તન બોલવાં તેમાં અંતર્વૃત્તિ હોય તો મૂર્તિ વિના કાંઈ દેખાય નહિ. જુવાની તો આવવા જ ન દેવી.''

સભા સામું જોઈને કહ્યું કે, ''આ ઈશ્વરબાવો પાધરા જ વૃદ્ધ થઈ ગયા છે, એમ કરવું. રમતિયાળ ન થાવું.'' પછી બોલ્યા જે, ''જેમ

મહારાજની પાઘના તોરામાં મધુકર ગુંજારવ કરે છે તે પ્રેમાનંદ સ્વામીએ લખ્યું છે જે, 'તોરા પાઘમાં રે તે પર મધુકર કરે ગુંજાર.' તેમ મુક્ત મૂર્તિની ખુશબો લે છે. મૂર્તિ વિનાની ખુશબો કાર્ય છે. આપણે તો કારણને બાઝવું. કારણ જે મૂર્તિ તેની ખુશબો લેવી."

ત્યારે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું જે, "કાર્યથી કારણ મૂર્તિ રાજી થાય કે કેમ?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આપણે તો કારણ જાણવું, કાર્ય ઉપર તાન ન રાખવું."

'તમે છો કારણના કારણ જીવન જાણું છું' એમ કહીને કહ્યું જે, "સ્વામી! જુઓ આપણે સૌ માંડવીથી કરાંચી આવવા આગબોટમાં બેઠા તે અહીં આવ્યા ત્યારે કાંઠો દીઠો. અને બીજા તો આ જુએ, તે જુએ. મહાનુભાવાનંદ સ્વામી, લોકનાથાનંદ સ્વામી વાડીએથી નાહીને આવ્યા તેમને પૂછ્યું કે, 'તમે ક્યાં નાહ્યા સ્વામી?' તો કહે, 'ક્યાં નાહ્યા તેની ખબર ન રહી.' એમ મોટાના સિદ્ધાંત છે. મહારાજ અને મુક્ત એ બે વસ્તુ રાખ્યા જેવી છે. સ્વામી ભક્તિપ્રિયદાસજી પણ એમ કહેતા જે, 'આપણે કાંઈ ન જાણીએ તો એમ જાણવું જે માંહી બાવો બેઠા છે.' તે બાવો કિયા? તો મહારાજ પોતે. અમારા દેશમાં રાજાને બાવો કહે છે, પણ આ તો અનંત રાજાઓના રાજા માંહી બેઠા છે એમ જાણવું. તે ભગવાનને મૂકીને બીજે મન લોભાવા દેવું નહિ."

"શ્રીજીમહારાજ કહે છે કે, 'અમને વન, પર્વત, જંગલ બહુ ગમે છે. બીજા લોકમાં વૈભવ છે તે નથી ગમતા. તે વૈભવ દેખાય તો જાણવું જે એ તો દેખાડ્યા સારુ કર્યા છે.' પણ જીવને મોહ થઈ જાય છે તે વિચાર રહે નહિ. સાણંદવાળા દરબારે અમને એમના વૈભવ દેખાડ્યા. પછી અમે કહ્યું જે, 'આમાં શું જોવું છે?' આપણે ઘોડા, રથ, પાલખી એવામાં શું? એમ જણાય. જગતના જીવને આવી વાતની ખબર ન પડે. રાજ્ય ને મોટાઈમાં કાંઈ સુખ છે? મહારાજ કહે, 'અમારે

મોટાઈવાળા સાથે બને નહિ, કેમ જે એમને રાજ્યનો અને ધનનો મદ હોય, ને આપણે ભક્તિનો મદ હોય; માટે કોઈ કહે ને નમી દે એવું કામ નથી.'''

પછી પોતાને લીંબડીના દરબારે બોલાવ્યા તેની વાત કરી જે, ''રાજાના દીવાન ડાહ્યા ને વિવેકી સારા તે બહુ જ સરભરા કરી. સંતોને તથા અમને જમાડ્યા, ઘેર તેડી ગયા, બંગલે લઈ ગયા. એમનો ઓરડો હતો તેમાં મોટાં મોટાં ચિત્ર રાખેલાં હતાં. તેમને ડહાપણ ખરું તેથી સંતો આગળ પ્રાર્થના કરી જે, 'મારા ઉપર રાજી રહેજો.' તેથી સંતો રાજી થયા અને અમે પણ રાજી થયા. એમના કુંવરને માથામાં ચકરી આવતી હતી, તેને સંતોએ અને અમે આશીર્વાદ દીધો જે મહારાજ સારું કરશે. તેથી તે બહુ રાજી થયા.''

પછી સ્વામીશ્રીએ એમ કહ્યું જે, ''બાપા! દીવાન ઝવેરભાઈએ આપશ્રીને બહુ રાજી કર્યા છે તે હવે તેમને કેવી પ્રાપ્તિ થશે?''

ત્યારે બાપાશ્રી કહે, ''આપણે તેમને ઠેઠ પહોંચાડવા છે. આપણે તો કોઈ દિવસ બીજો સંકલ્પ ન કરવો ને વૃથા બોલવું નહિ. અમારે તો એવો સિદ્ધાંત છે જે અધમ જેવા જીવ હોય તેને પણ મૂર્તિમાં મૂકી દેવા છે. તોય જીવ જડ-ચૈતન્ય માયાને આધીન થઈ જાય છે એટલે શું કરીએ! અક્ષરધામમાં મહારાજ અને મુક્ત બે જ છે, બીજાં સ્થાનમાં કાંઈ ને કાંઈ હોય, પણ ત્યાં બીજું કાંઈ ન મળે.''

પછી સાંવલદાસભાઈએ પૂછ્યું જે, ''આપણા શાસ્ત્રમાં એમ લખ્યું છે જે સંત પ્રથમ મળે તો સંતથી મહિમા સમજાય અને ભગવાન મળે તો ભગવાનથી મહિમા સમજાય, પણ અનાદિનું બધુંય ભેગું હોય તેનું કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ તો સદાય ભેગા છે એ ક્યાં નોખા પડે છે! અમારે ગૃહસ્થ જુવાર વાવે તો કણસલામાં જુવાર આવે તે બધી જુવાર. એમ મહારાજ ને અનાદિ ભેળા જ છે, પણ જીવને

અનાદિની હા ન પડે. પુરાણી કહેવાતા હોય, શાસ્ત્રી કહેવાતા હોય તેવા પણ જીવ, ઈશ્વર, માયા વગેરેને અનાદિ કહે અને જ્યાં અનાદિમુક્તની વાત થાય ત્યારે 'આ નવો માર્ગ કાઢ્યો' એમ બોલે. પાંચ ભેદ અનાદિ કહે તો રાજી થાય, પણ મુક્તને અનાદિ કહે તો મૂંઝાય; એવું ન કરવું."

એમ કહીને પુરાણી ધર્મકિશોરદાસજીને કહ્યું કે, "તમે આવું ભણતા હો તો!" પછી લાલુભાઈ તથા સાંવલદાસભાઈ સામું જોઈને બોલ્યા જે, "આ કોઈ જૂના આવ્યા લાગે છે." ત્યારે સ્વામી વૃંદાવનદાસજી કહે, "બાપા! એ વિશ્વાસી છે. મોટાને ને મહારાજને રાજી કરતાં એમને બહુ આવડે છે."

પછી એમ વાત કરી જે, "અમારે ત્યાં બે સાધુ દર્શને આવેલા તેનો કોઈકે મહિમા જાણ્યો અને કોઈકે કાંઈ કીધું, પણ તે સંતો કહે કે, 'આપણે તો ભારે જોગ થયો.' એમ નાના-મોટાનાં અંગ હોય. સહુ પોતાની ગતિ પ્રમાણે લાભ લઈ જાય. નાના હોય ને સુખ લેતાં આવડે અને મોટા કહેવાતા હોય તોય ન આવડે તે બધું સમજણમાં રહ્યું છે."

'પંડે છોટો રે મોટા મેંગળને મારે' એમ કહી પુરાણીને હાર પહેરાવ્યો ને બોલ્યા જે, "લ્યો! કારણ લ્યો! આમાં કારણ છે. તમે જાઓ સભામાં કથા મચાવો. અમે હમણાં આવીએ છીએ." ॥૯૧॥

## વાર્તા ૯૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૩) પછી બાપાશ્રી સભામાં પધાર્યા ત્યાં વચનામૃતની કથા વંચાતી હતી તે પ્રસંગે વાત કરવા લાગ્યા જે, "જેને શ્રીજીમહારાજનું સુખ અંતરમાં વર્ત્યું, તેને સર્વે પદાર્થ તુચ્છ થઈ જાય છે; માટે મહિમા બહુ સમજવો. જેમ ગોળ-સાકરનું મોટું પાત્ર ભર્યું હોય તેમાંથી કીડી કેટલુંક ખાય, પણ મનમાં જાણે જે આખું પાત્ર લઈ લઉં, પણ તે તેનાથી લેવાય નહિ; તેમ શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ અપરંપાર છે તેનો અનાદિ મહામુક્ત પણ પાર પામતા નથી. એવું

સુખ છે. જેમ હીરો તથા ચિંતામણિ ઘરમાં રાખી હોય, પણ તેની કિંમતની ખબર પડતી નથી, તે તો જ્યારે કિંમત કરનાર મળે ત્યારે પડે છે; તેમ જીવ પંચભૂતના દેહનો ત્યાગ કરીને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામશે ત્યારે ગતિ પહોંચશે. આજ શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરાવનાર બેઠા છે.''

''આપણે તો અલભ્ય લાભ મળ્યો છે. તેથી અંતર ઠરીને હીમ થઈ જાય છે. જીવ મહારાજને તથા મોટા મુક્તને સંભારે તો તરત શાંતિ થઈ જાય. સો ગાઉ ઉપર હોય અથવા હજાર ગાઉ ઉપર હોય, પણ તેનું તેને બળ આવે છે; તેવો મોટા મોટા સદ્‌ગુરુનો અભિપ્રાય છે. આવો અભિપ્રાય અંતરમાં ઉતારે તો ત્રિવિધના તાપ ટળી જાય. આવા શબ્દ પાત્ર વિના ઝીલી શકાય નહિ. કસ્તુરી હોય ત્યાંથી કસ્તુરીની સુગંધ આવે, તેમાંથી બીજી આવે નહિ. આ સત્સંગ કરીએ છીએ, તે માંહેલી કોર કરોડ પડ રહ્યા છે તે જેમ જેમ ઊંડા ઊતરીશું તેમ તેમ અપારપણું જણાશે. બત્રીસ અક્ષરની વિદ્યા કોઈનો કાગળ વાંચતા હોય ત્યારે સાચી મનાય છે, તેમ મોટા સદ્‌ગુરુ જે જે કહી ગયા અને જે જે વાત કરે છે તેમાં વિશ્વાસ રાખવો. જેટલો વિશ્વાસ ન આવે તેટલો નાસ્તિક ભાવ. આપણા સંપ્રદાયમાં બત્રીસ લક્ષણવાળા સંત કહેવાય છે, તે અક્ષરધામની ખબર લાવે તેમાં કાંઈ નવાઈ નથી. મોટા અનાદિમુક્ત સાથે મન બાંધ્યું હોય તો તેને ઠેઠ પુરુષોત્તમ ભગવાનને મેળવી દે અને જે પુરુષોત્તમ ભગવાનનો વિશ્વાસ રાખીને મંડ્યો હોય તેને ભગવાન મોટા મુક્તનો જોગ મેળવી દે. માયા છે તે સુલભા છે, ને મોક્ષાર્થી જીવ છે તે વિદેહી છે; એમ જાણવું.''

''મોટા મોટા સદ્‌ગુરુ હતા તે પોતે સદા મૂર્તિમાં રહેતા અને કથા-વાર્તા કરતા. વળી શ્રીજીમહારાજના સંકલ્પ ભેળો સંકલ્પ મેળવીને હજારો, લાખો જીવને સુખિયા કરી મૂકતા. ખંડિયો રાજા હોય તેને બીક રહે, પણ ચક્રવર્તી રાજા હોય તેને કોઈની બીક હોય નહિ. તેમ મહારાજ સ્વતંત્ર છે અને અનાદિમુક્ત પણ સ્વતંત્ર છે. આ સત્સંગમાં ચીંથરે

વીંટ્યા રત્ન છે. તે સમાગમ કરે ત્યારે ખબર પડે. ક્યાં પુરુષોત્તમ ભગવાન ને ક્યાં તેમના અનાદિમુક્ત! તેમનો મેળાપ ક્યાંથી થાય! આ તો બહુ ભારે વાત છે. શ્રીજીમહારાજનો અવતાર કેવળ કૃપાસાધ્ય છે. તેમના અનાદિમુક્ત આપણને મળ્યા તે પણ કૃપાસાધ્ય. 'કીડી કુંજરનો મેળાપ જીવન જાણું છું.' એવું છે. સમુદ્રને ઠેકાણે મહારાજ છે. ગંગાજીને ઠેકાણે મહારાજના મુક્ત છે. ધરાના પાણીને ઠેકાણે સાધનદશાવાળા છે તે સિદ્ધદશાવાળા મુક્તને જોગે કરીને શ્રીજીમહારાજની મૂર્તિરૂપ સમુદ્રને પામે છે, ત્યારે સર્વે સજાતિ થાય છે."

પછી વૃષપુરના પ્રેમજીભાઈએ પૂછ્યું જે, "બાપા! તેની વિલક્ષણતા કેમ જણાય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "ગંગા વગેરે જળમાંથી મોતી નીપજે નહિ, ને સમુદ્રમાંથી મોતી નીપજે; તેમ સર્વે મહારાજની મૂર્તિના સુખભોક્તાએ કરીને ભારે ભારે સુખ લે છે તે સુખ મોતીને ઠેકાણે છે, પણ ગંગાજીના પાણીમાંથી એ નીપજે નહિ. તેમ સજાતિપણે એક સરખા જણાય, પણ સુખભોક્તાએ કરીને વિલક્ષણપણું છે. મહારાજ તો સૌને અભય સુખ આપી દે છે, એ સુખ લેવાને ત્વરા કરવી."

"મોટા હાથ ઝાલે છે તે મૂકતા નથી. એક નાવમાં બેઠા તે સર્વે સાથે ઊતરી જશે. એક નાવવાળો જુદો પડે નહિ. મોટાને વિષે વિશ્વાસ ન આવે ને તર્ક રહે તો જાણીએ જે જુદા નાવમાં બેઠો. કોઈ વાત ઝીણી હોય અને તે સમજાતી ન હોય તો એમ જાણે જે આ વાત છે તો સાચી, પણ મને સમજાતી નથી, તો તર્ક ન કહેવાય. મહારાજની મૂર્તિને વિષે મુક્ત રહ્યા છે તે મહારાજરૂપ કહેવાય. એવી રીતે સમજે તો નિસ્તર્ક થયો જાણવો; ત્યારે જાણીએ જે સંપૂર્ણ વિશ્વાસ આવ્યો. જેટલો તર્ક કરે તેટલો સુખમાં ફેર છે."

"મોટા મુક્ત જે જે વાત કરે તેમાં મહારાજનું મુખ્યપણું આવે એવો મોટાનો સિદ્ધાંત છે, તેથી એ પોતાની મોટાઈ તો જણાવે જ નહિ;

કેમ જે એમને તો એક મૂર્તિ જ છે. એવા અનાદિમુક્ત શ્રીજીમહારાજની મૂર્તિમાં અનંત રહ્યા છે. તે તો એ મૂર્તિનું જ સુખ લે છે. મહારાજના સંકલ્પે અહીં દેખાય છે, તોપણ એ તો છે એમ ને એમ છે. પોતે પોતાનો યશ કે ચમત્કાર કોઈને જણાવવા ઇચ્છતા જ નથી. મહારાજના અપાર સુખમાં પોતે લુબ્ધ રહે છે અને સમર્થ થકા જરણા કરે છે. શ્રીજીમહારાજ જેટલું કરે તેટલું મોટા મુક્ત કરે. કેમ જે તે તો સદાય મૂર્તિમાં રસબસ રહ્યા છે અને કર્તાપણું મહારાજનું છે જેથી જે મુક્ત દ્વારે ધારે તેટલું શ્રીજીમહારાજ બતાવે.''

''આ લાભ મળ્યો છે તે ફોગટ જાવા દેવો નહિ. આજ્ઞા-ઉપાસના અને આવા મોટા મુક્તનો મહિમા સમજાય એ શરદઋતુ ગણાય. મોટાના શબ્દ છે તે શ્રીજીમહારાજની મરજી વિના પડતા નથી. જેમ જેમ મહિમા સમજાતો જાય તેમ તેમ સુખ વધતું જાય. આપણને અત્યારે ખરેખરી શરદઋતુ મળી છે એમ જાણવું. શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ ક્યારે રહેવાય? તો જ્યારે દેહના સુખદુઃખને ન ગણીને કારણ ઉપર નજર રાખે ત્યારે. માટે કાર્ય ઉપર નજર રાખવી નહિ.''

''મહારાજને સર્વોપરી સમજવા; બીજાને સૌ સૌના સ્થાને રાખવા. મહારાજનો બાંધેલો સંપ્રદાય તેમની પુષ્ટિમાં રહીએ તો મહારાજ રાજી થાય ને જો તોડાય તો મહારાજ કુરાજી થાય, માટે જે કરશે તે ભોગવશે. બીજા કોઈના હાથમાં હુકમ નથી. કારણ મૂર્તિ વિના મોટાઈ બધી આ લોકની છે.'' પછી બોલ્યા જે, ''પ્રસન્નતાનાં સાધન જે કરી રહ્યા હોય તેને આવરદા હોય તોપણ મહારાજ દેહ મુકાવીને મૂર્તિના સુખમાં લઈ જાય અને એવો ન હોય તેને આવરદા ન હોય તોપણ રાખે.'' ॥૯૨॥

## વાર્તા ૯૩

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૩) પછી બાપાશ્રીએ એમ વાત કરી જે, ''ગૃહસ્થ સત્સંગી હોય તેને ખરું કુટુંબ આ સત્સંગ જાણવો. તે

વિના આ ગૃહસ્થનું કુટુંબ છે તે તો ખાડ કહેવાય. ખરું કુટુંબ અને ખરું ઘર એ તો સત્સંગ છે. કુસંગી દીકરો હોય તો તે પણ કુટુંબ ન કહેવાય. તેમ સગાંનું પણ જાણવું. બીજા દેહનાં સગાંથી આખું બ્રહ્માંડ ભર્યું છે તેનો કાંઈ પાર આવે તેમ નથી. એક બાપના દીકરા તે તો સત્સંગી જ કહેવાય. મહારાજ આપણા સર્વેના બાપ છે એમ જાણી કથા-વાર્તા કરી સુખિયા રહેવું. કથા-વાર્તા છે તે તો ધ્યાનમાં ને ભગવાનની મૂર્તિના સુખમાં પોષણ આપે છે.''

``સિદ્ધદશાવાળા તો મૂર્તિથી બહાર નીકળતા જ નથી. તેમને તો મહારાજનો અખંડ સંબંધ છે. માટે જેટલું ચલાય તેટલું ચાલવું; પણ મોટા મુક્ત સાથે મન બાંધવું તો અંત વખતે તે પૂરું કરી દે. મહારાજ અને મોટા મુક્ત રખવાળા છે તે જેમ સમુદ્ર ઊતરવો હોય તો વહાણને પ્રતાપે કરીને ઊતરાય, તેમ મહારાજ વિના મોક્ષ ન થાય. આંધળો હોય તેને દોરવો પડે તેની પેઠે મહારાજ અને મોટા મુક્ત જીવની બહુ રક્ષા કરે છે, નહિ તો જીવનો શો આધાર! આ ખજીનો બહુ મોટો છે તેનું જતન રાખનાર શ્રીજીમહારાજ અને મોટા મુક્ત છે, નહિ તો વિઘ્ન ઘણાં છે. બાળક હોય તે એમ જાણે કે મને વસ્તુ આપશે કે નહિ? પણ મા-બાપ તો તે માટે જ રાખે છે, તે કેમ ન આપે? તેમ મહારાજની મૂર્તિનું જે સુખ તે જેને ખરી ઉપાસના હાથ આવે તેને માટે એ વસ્તુ રાખી છે તે જરૂર આપશે જ.''

``આપણને બહુ મોટો લાભ મળ્યો. આ તો અલભ્ય લાભ. ક્યાં મહારાજ! અને ક્યાં મોટા મુક્ત! ને ક્યાં આપણ! તેનો ઓચિંતાનો સંબંધ થઈ ગયો. જેમ ઇંગ્રેજ ને ગરીબ હમેલિયો તેનો ઓચિંતાનો સંબંધ થઈ જાય તેની પેઠે આપણને મહારાજ તથા મોટાનો મેળાપ થઈ ગયો છે. શ્રીજીમહારાજના લાડીલા સ્વતંત્ર અનાદિ મહામુક્તને વિષે હેત, નિષ્ઠા અને અનન્યપણું થયું તેનું અધૂરું ન રહે. આપણું સુખ તો મહારાજ અને મોટા ભેગું કરી રાખે છે. પાત્ર વિના મહારાજનું સુખ જેમ છે તેમ આવે તો પોતે ભગવાન થઈ બેસે અથવા બીજાને ભગવાન

કરી બેસાડે. જીવને ખરેખરી વસ્તુ દેખાય તો જીરવાય નહિ; માટે પાત્ર થઈને મૂર્તિના સુખની ત્વરા રાખવી, પણ પોતાપણું આવવા દેવું નહિ.''

''આ શબ્દ ને આવી વાતો અને આવો જોગ તે ક્યાંથી મળે! માટે અપચો થવા ન દેવો. પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામેલો હોય તેને આ સત્સંગ દિવ્ય ભાસે. જે મોટાનાં વચનમાં વર્તે છે તે શ્રીજીમહારાજનાં વચનમાં વર્તે છે. શ્રીજીમહારાજ અને મોટાના શબ્દ એક જ છે અને તે તો તેમના પડછંદા છે, એવી એકતા છે. જ્યાં મહારાજની મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય જાણવું. માયિક દૃષ્ટિવાળાને માયિક ભાસે, પણ છે તો દિવ્ય. મોટા સંત પણ અહીં રહ્યા થકા બીજે દર્શન આપે છે ને તેમની સામર્થી છુપાવી રાખે છે. એમની કૃપામાં જે આવે તેને પણ મહારાજ અને મુક્ત વિના બીજું કાંઈ ભાસતું નથી. એવા મોટા મુક્તનો સંબંધ થયો તેને થોડાકમાં કામ થઈ જાય. મહારાજ ને મોટા મુક્ત કાંઈ છેટે નથી. બધો મુદ્દો આપણને હાથ આવ્યો છે.''

''મૂર્તિના તેજની સામર્થી ને સુખના ભોક્તાની આ દેહે કરીને ઉપમા દેવાય તેવી નથી. તેનો પાર પમાય નહિ. દિવ્ય દેહે પણ પાર પમાતો નથી; જેમ સમુદ્ર બાહુબળે કરીને તરાય નહિ તેમ. માટે ખરેખરા ખેલાડુ થઈ આવા મોટા મુક્તને ઓળખી, સમાગમ કરીને સુખ લઈ લેવું. એ સુખ વિના અંતર ટાઢું થાય તેવું નથી. શ્રીજીમહારાજની મૂર્તિનો મહિમા સમજાય તો સુખમાં દૃષ્ટિ પહોંચે અને તરત પાછું વળાય; નહિ તો મંદિર સર્વે સોનાનાં કરે તોય અંતર ટાઢું થાય નહિ; માટે પોતાનું પૂરું કરી લેવું. મહારાજના મુક્ત જેવા પ્રગટ જોઈએ તેવા સત્સંગમાં છે. તેમની સાથે મન, કર્મ, વચને જીવ જોડે તો તેને માયા પરાભવ ન કરે. લૂ વાતી હોય ને વરસાદ વરસે એટલે સર્વે ટાઢું થઈ જાય, એટલો તો માયિકનો પ્રતાપ છે; તો શ્રીજીમહારાજ જેના ભેળા અખંડ રહ્યા હોય તેને કોઈ જાતનો તાપ નડે નહિ તેમાં શું કહેવું? માટે ખરેખરા મોટા પુરુષ મળે તેમને ઓળખીને જોગ-સમાગમ કરે તો સર્વે કામ થઈ જાય.''

"આ તો બહુ જબરું સુખ અને જીવ નાનો તેથી જીરવી શકે નહિ. દેહ મૂકીને મહારાજ પાસે જઈએ ત્યારે આપણી કમાણીની ખબર પડે. મહારાજની મૂર્તિનું તેજ શીતળ, શાંત ને સુખરૂપ છે, તેમાં શ્રીજીમહારાજ અખંડ રહ્યા છે. ખરું સુખ તો એ મૂર્તિમાં જ છે. અત્યારે આપણને ખરેખરો વખત મળ્યો છે, પણ જીવ અનાદિનો નાદાન છે તેથી ભગવાન સન્મુખ થતો નથી. આપણો માર્ગ જુદો છે માટે બીજા કોઈની માનીનતા ન રાખવી અને પોતાને અપૂર્ણપણું ન માનવું. પૂર્ણપણું માનીને છકી પણ જાવું નહિ. કથા, વાર્તા ને મોટા મુક્તનો સમાગમ કર્યા કરવો. 'મોટાની કૃપાએ હું તો મહારાજ સાથે જ છું, ક્યાંય જવું-આવવું નથી', એમ જે સમજે તેને આત્યંતિક કલ્યાણ કહેવાય. મહારાજની મૂર્તિમાં મુક્ત સર્વે રહ્યા છે. તે પરસ્પર એકબીજાને કેવી રીતે ઓળખે છે? તો જેમ પુષ્પમાંથી સુગંધ આવે છે તે સુગંધી ભિન્ન ભિન્ન છે, તેથી જુદીજુદી જાતનાં પુષ્પની ખબર પડે છે તેમ."

એમ વાત કરી સંતો તથા હરિભક્તોને બાપાશ્રીએ સાકરની પ્રસાદી વહેંચી.

તે સમે પુરાણી હરિપ્રસાદજીએ પૂછ્યું જે, "બાપા! આ પ્રસાદી જમનારને કેવી પ્રાપ્તિ થશે?

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "અક્ષરધામમાં મહારાજની મૂર્તિના સુખની. આ પ્રસાદી મળવી અતિ દુર્લભ છે, આ સાકર તો અક્ષરધામની દિવ્ય વસ્તુ જાણવી. અને જ્ઞાનમાર્ગમાં તો એમ જે આ થકી આ, ને આ થકી આ, આ ખોટું, આ સાચું, એમ વર્ણન હોય; પણ અમને તો એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે અને એ જ જ્ઞાન ખરું છે. અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણ શ્રીજીમહારાજ છે એ કારણ મૂર્તિ. તે મૂર્તિને જ્ઞાને સર્વે ખોટું કરી નાખવું એટલે થયું; કેમ કે આપણે એક મૂર્તિ જ પામવી છે. ખોટાને સાચું કોણ કહે? હજાર રૂપિયા હોય તેમાંથી ખોટા હોય તે જુદા કાઢી નાખો, પછી તેને સાચા કોણ કહે?

આપણે તો સાચી વસ્તુ શ્રી સ્વામિનારાયણ તે રાખવા. દિવ્ય સ્વરૂપ મૂર્તિનું અને દિવ્ય સ્વરૂપ મુક્તનું, એ બેય સ્વરૂપ દિવ્ય છે. એમને જોગે કરીને સર્વે દિવ્ય થાય છે.''

''મહારાજ જય સચ્ચિદાનંદ કહે છે તે પોતાના મુક્તને કહે છે. જેમ આ લોકમાં કોઈ બીજાને ત્યાં જમવા જાય ત્યારે પોતાનાં ઘરનાંને તથા છોકરાંને સંભારે છે તેમ 'જય સચ્ચિદાનંદ કહી મહારાજ પોતાને ઉતારે પધાર્યા' એમાં તો પોતાની દિવ્ય સભાને સંભારી છે. એ સભા તો છે છે ને છે જ. સડેલાં હશે તે એક કોર પડ્યા રહેશે. મુક્ત, મુમુક્ષુ એ સર્વે મહારાજને આશરે છે. જ્યારે અનુભવજ્ઞાન ખરેખરું થાય ત્યારે મૂર્તિને ખેંચે.''

તે ઉપર મૂળજી અને કૃષ્ણજીનું દૃષ્ટાંત દીધું. ''આ તો બહુ મોટી વાત છે, પણ આ લોકના ડહાપણે જીવને વિશ્વાસ આવતો નથી. માટે મહારાજ તથા મોટાનો વિશ્વાસ રાખે તો કામ થઈ જાય.'' ॥૯૩॥

## વાર્તા ૯૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૩) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''પંચ વર્તમાન દૃઢ કરીને પાળવાં. વર્તમાનમાં ફેર પડે તે કેવું અજ્ઞાન કહેવાય! મસ્તક પડી ગયું હોય (વર્તમાન લોપ્યું હોય) તેનો અવગુણ આવે. જીવમાં કુપાત્રપણું રાખે તે મહારાજથી પણ ન ખમાય. મહારાજે કહ્યું છે જે, 'નિષ્કામી વર્તમાનમાં ફેર પડવા દેવો નહિ. કોઈ ફેર પાડે તો જેમ વાંઝિયાને ઘેર દીકરો આવીને મરે તેવું અમને વસમું લાગે છે.' કળિયુગમાં કામનું જોર વધારે છે. મોટા મોટાની તથા બ્રહ્મા જેવાની પણ લાજો લીધી છે. આ વખત એથીયે જબરો છે. પણ આ ટાણે સાવચેત થાય તો આજ એને મારનારા ખરેખરા મળ્યા છે. વાદી સાણસો લઈને પકડવા ઊઠ્યો છે, પણ જીવ નાક મૂકીને ફરે તેનું કેમ કરવું? આવા દેશકાળમાં જેણે મસ્તક હાથ રાખ્યું તેનો ખરેખરો સત્સંગ કહેવાય. આપણે સૌને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાનું છે, તેથી કોઈ

આઘુંપાછું વર્તવાનું કહે અને વચનમાં વર્તે નહિ તો તેનો વિશ્વાસ ન કરવો. જો આપણે કરવા માંડીએ તો મહારાજ અને મોટા સહાયમાં ભળે છે. જીવનો ઢાળ એવો છે કે ગોળ મૂકીને ખોળ ખાવા જાય, એમ ન કરવું . ભગવાનના ભક્તને તો ભગવાનનાં વચનમાં દૃઢપણે વર્તવું, એ વિના ચાલશે નહિ.''

પછી એમ બોલ્યા જે, ''મહારાજના અનાદિમુક્તને તો મહારાજની હારે ગણવા જોઈએ, પણ સ્વામી-સેવકપણું રાખીને. મહારાજ સૌને સુખ આપે છે ને મુક્ત સુખ ભોગવે છે તોપણ તૃપ્ત થતા જ નથી. મૂર્તિમાં અપાર, અલૌકિક, અનહદ સુખ છે, તેને કઈ ઉપમા આપીએ? જેમ કોઈ મહાસુખિયો થયો હોય તેને દુઃખ નજરમાં જ ન આવે તેમ જેને મહારાજની મૂર્તિનો અલૌકિક આનંદ છે, તેને જગતનું કોઈ સુખ નજરમાં આવતું નથી. મૂર્તિનું સુખ અપાર છે. જેમ નદીયું હોકારા કરે, સમુદ્ર મર્યાદા મેલે, એમ તે છે. મહારાજે કહ્યું છે જે, 'માતાના ઉદરમાં હતા ત્યારે પણ મૂર્તિને દેખતા અને આજે પણ દેખીએ છીએ.' એમ મોટા અનાદિની મનુષ્યના જેવી ક્રિયા જણાય, પણ એમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજની ક્રિયા અલૌકિક છે.''

''એવા અનાદિ ભેગા રહ્યા થકા ઓળખાય. તેમનું વૃત્તાંત જોવું, રુચિ જોવી, સિધ્ધાંત જોવો, અભિપ્રાય જાણવો, ક્રિયાઓ જોવી, તે સર્વે મહારાજની આજ્ઞા પ્રમાણે જ હોય, પણ આજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ કરે નહિ અને કરાવે નહિ. ચક્રવર્તી રાજાને પોતાનું રાજ્ય બીજાને દેવું હોય તો કેટલી વાર લાગે? તેમ મોટાને સુખ આપતાં એટલી વાર લાગે છે. માટે આવા મોટાને અતિ રાજી કરવા. મોટા મુક્ત તો આપણને કોઈ દિવસ વિસારે નહિ, પણ આપણને જો એમનો અભાવ આવે તો મોટા વિસારે છે. એમને વિષે હજારો માણસો ખેંચાય છે, તે મોટા કોઈને કહેવા જતા નથી કે દાખડો કરતા નથી, પણ જ્યાં એ છે ત્યાં મહારાજ અને અનંત કોટિ મુક્ત છે તેથી સર્વે ખેંચાય છે. આપણી વૃત્તિ મોટા

મુક્ત સુધી પહોંચાડીએ તો મોટા મુક્ત ઠેઠ મહારાજ સુધી આપણી વૃત્તિને પહોંચાડે છે.”

“લખતરવાળા ગણપતરામભાઈએ અમને કહ્યું જે, ‘મને મહારાજ તેજના સમૂહમાં દર્શન દે છે અને મારા સામું જોઈને ક્યારેક મંદ મંદ હસે છે, પણ મારી સાથે બોલતા નથી, તે શું સમજવું?’ ત્યારે અમે કહ્યું જે, ‘એમને એમ મૂર્તિને સંભાર્યા કરજો, ધ્યાન કર્યા કરજો, પણ બોલવાનું કે બીજું કાંઈ ઇચ્છવું નહિ; કેમ કે ઇચ્છીએ ત્યારે એટલો સકામભાવ કહેવાય.’ પછી તો તે સમજી ગયા, અને મહારાજે પણ તેમના મનોરથ પૂરા કર્યા.”

“શ્રીજીમહારાજના મોટા મુક્તના સામર્થ્યની કે ગતિની જીવને ખબર પડે નહિ. કેમકે સ્વામી નિર્ગુણદાસજી પોતે વારે ઘડીએ એમ બોલતા જે, ‘માંહી બાવો બેઠો જ છે.’ એટલે આપણે તો એક મૂર્તિ જ માંહી બિરાજે છે, એમ સદાય સુરત રાખવી. મોટાના શબ્દ પણ ભગવાનની સ્મૃતિ કરાવે છે. એક સાધુએ અમને એક જોડ મહારાજનાં (પ્રસાદીનાં) ચરણારવિંદ આપવા માંડ્યાં અને કહ્યું જે, ‘તમે મારા ઉપર રાજી થાઓ’, ત્યારે અમે કહ્યું જે, ‘અમારે તો જીવમાં શ્રીજીમહારાજનાં ચરણારવિંદ છે, માટે તમે તમારી પાસે રાખો.’ એમ આપણે મૂર્તિ ભેગું સર્વે છે એમ જાણવું.” ॥૯૪॥

## વાર્તા ૯૫

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૩) બપોરે મેડા ઉપર બાપાશ્રીએ વાત કરી જે, “જેમ મહારાજ દિવ્ય તેજોમય છે, તેમ મહારાજના મુક્ત પણ દિવ્ય તેજોમય છે. એવી સમજણ રાખવી જે એ મનુષ્ય જેવા દેખાતા હોય તોય દિવ્ય છે. જીવને મોટું સુખ પામવું છે, પણ મોટાની સમજણ ગ્રહણ કરતા નથી. તે જો મોટાની સમજણ ગ્રહણ કરે તો એ દિવ્ય સુખ મળે. જુઓને! લોકમાં મોટું થવાનું જીવને કેવું તાન છે? કેટલેક ઠેકાણે એવી રીત હોય છે કે જ્યારે વેપારી ચોપડા લખે ત્યારે

ગમે ત્યાંથી મંગાવીને સાકરકોળું ખાય છે તે સાકરકોળાનું શાક ખાય તો ગરાસવાળા થવાય, એમ જાણીને ખાય છે. તે ગરાસવાળા થવામાં દુઃખ બહુ છે, પણ કાંઈ સુખ થાય તેમ નથી; તોપણ એવું થવાની ઈચ્છા રાખે છે એવા જીવના સ્વભાવ છે. પણ જેમાં સદાય અપાર મહાસુખ રહ્યું છે એવા જે સર્વોપરી શ્રીજીમહારાજ તેમને પામવાને માટે જીવ આગ્રહ કરતા નથી, એવું જીવમાં અજ્ઞાન છે.'' એમ વાત કરતા હતા. ત્યાં લાલજીભાઈ આવીને દંડવત કરવા મંડ્યા, પણ બાપાશ્રીની દૃષ્ટિ સભા સામી હતી એટલે વલ્લભદાસભાઈએ કહ્યું કે, ''બાપા! આ લાલજીભાઈ આપને દંડવત કરે છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ તો દંડવત મહારાજને કરે છે. આપણે પોતાને માથે શીદ લઈએ? જે જે થાય તે સર્વે મહારાજની મૂર્તિને વળગાડી દઈએ. શ્રીજીમહારાજને આગળ રાખીએ અને પોતે પાછળ રહીએ તો બાધ ન આવે. કોઈ પૂજા-પ્રતિષ્ઠા કરે કે માન-સત્કાર મળે એ સર્વે શ્રીજીમહારાજને થાય છે, પણ આપણે વિષે તો કાંઈ ગુણ નથી. એમ સર્વે વાતમાં મહારાજને જ આગળ રાખવા. બોલવું, ચાલવું, ખાવું, પીવું વગેરે ક્રિયા મહારાજની સ્મૃતિએ સહિત કરવી. જોવું તે પણ મૂર્તિની સ્મૃતિએ સહિત જોવું. એમ સર્વે ક્રિયાઓ મહારાજની મૂર્તિને લઈને કરવી, પણ મૂર્તિને મૂકીને કાંઈ પણ કરવું નહિ. અને પોતાને વિષે કોઈ રૂડા ગુણ બતાવે અથવા પોતાને રૂડા ગુણ ભાસે એ સર્વે મહારાજને લઈને છે, માટે મૂર્તિને વિષે સર્વ વળગાડવું, પણ લગારે પોતાપણું આવવા દેવું નહિ. એવી નિરંતર સુરત રાખવી, તો મહારાજને વિષે દાસપણું દૃઢ થાય છે.''

''આપણે મહારાજને અને મોટા મુક્તને દર્શને ગયા. પછી પાંચ-દસ દિવસ રહીને ઘરે જઈએ ત્યારે એમ રહે જે આટલા દિવસ આપણે મહારાજ તથા મોટા ભેગા રહ્યા અને ત્યાંથી જુદા પડીને પાછા આપણે ઘેર આવ્યા, તે સમજણ સારી ન કહેવાય. હરિભક્તોએ એવી સમજણ ન રાખવી; ને એમ સમજવું જે મહારાજ અને મોટા સદાય

આપણી ભેળા જ છે તે જરાવાર પણ જુદા પડતા નથી. એમ જાણીને મહારાજનો અને મોટા મુક્તનો અંતરદષ્ટિ કરીને નિરંતર જોગ કર્યા કરવો. તે જોગ તે શું? તો તેમને સંભારવા, તેમના સામું જોઈ રહેવું, તેમનાં વચનનો વિચાર કરવો, એ આદિ કરવું. અંતરદષ્ટિ કર્યા વિના સમીપપણું રહેતું નથી, પોતાના દોષ ઓળખાતા નથી અને ભગવાનના ભક્તનો મહિમા પણ જણાતો નથી. અંતરદષ્ટિથી તે સર્વેનું સમીપપણું થાય છે. માટે અંતરદષ્ટિ ભગવાનના ભક્તની છે અને બહારદષ્ટિ અભક્તની છે ને દ્રોહદષ્ટિ તે તો અસુરની કહી છે; માટે નિરંતર અંતરદષ્ટિ રાખવી."

"જેને મહારાજનો અને મોટા મુક્તનો વિશ્વાસ આવ્યો હોય તેને સર્વે વાતે સવળું પડતું જાય છે, પણ અવળું તો પડે જ નહિ. તે સુખ-દુઃખમાં, હાણ-વૃદ્ધિમાં, વાતચીતમાં, કોઈના કહેવા-સાંભળવામાં એ સર્વેમાં સવળું ને સવળું જ પડતું જાય છે. તેથી મોટા મુક્ત અને મહારાજનો વધારે ને વધારે વિશ્વાસ આવતો જાય છે તથા વધારે ને વધારે હેત થતું જાય છે તેથી એને મહારાજની મૂર્તિમાં વધારે ચોંટાતું જવાય છે."

"જેણે મહારાજને અને મોટા મુક્તને અંતર્યામી જાણ્યા હોય તેનાથી સર્વ આજ્ઞાઓ પળે, તેમની સદાય બીક રહે તેથી ખોટા સંકલ્પ પણ ન થાય, અને એમ નિરંતર રહ્યા કરે જે, 'હું જે જે કરું છું તે સર્વેને મહારાજ તથા મોટા મુક્ત નિરંતર જાણે છે. મહારાજ અને મોટા મુક્ત તો સદાય ભેળા ને ભેળા જ છે અને તે સર્વે જુએ છે માટે હું જરાય પણ આજ્ઞા વિરુદ્ધ વર્તન કરીશ તો એમનો મારા પર અતિશે કુરાજીપો થશે તો મારું બગડી જશે', એમ રહ્યા કરે તેથી તે ફડકમાં કાંઈપણ ભૂંડો ઘાટ કરી શકે નહિ તો બીજું તો શું કરે? નાસ્તિક ભાવ પણ ત્યારે જ ટળ્યો કહેવાય." પછી બોલ્યા જે, "આપણે પોતાની સરસાઈ કરવા સારુ કોઈની સાથે બગાડવું નહિ ને કોઈ પ્રકારનો કલેશ થાય તેમ પણ ન કરવું. સર્વે સાથે હળીમળીને રહેવું: કેમ કે કલેશથી ભગવાન

ભજવામાં વિઘ્ન થાય છે, માટે કોઈ સાથે વિરોધ કરવો નહિ. અને પોતાનું માન ખંડન થતું હોય કે પોતાની વાત જતી હોય તો તે ભલે જાય, તેનું આપણે સત્સંગીને કામ નહિ. માટે કોઈનો ઘસારો ખમીને પણ સંપ રાખવો ને નમીને સર્વેથી ચાલવું. મહારાજને અખંડ સંભાર્યા કરવા.''

''અને સંગ કરવો તેમાં પણ ભેદ છે. સંગ તો ઉત્તમ પુરુષનો જ કરવો. મોટા મુક્ત સાથે જુદાપણું ન રાખવું. કેટલાક તો ઉપર ઉપરથી મળતું રાખે ને પાસે આવે, જાય, બેસે, ઊઠે, વાતો સાંભળે, પૂછે, પણ અંતરમાં જુદાપણું હોય; એ પણ સંગ કર્યો કહેવાય. અને એક તો મન, કર્મ, વચને, શુદ્ધભાવે, નિષ્કામપણે, ગરજુ થઈને સંગ કરે તે પણ સંગ કર્યો કહેવાય. માટે જેને ભગવાનને રાજી કરવા હોય અને પોતાનું પૂરું કરી લેવું હોય તેને તો નિષ્કપટભાવે મન, કર્મ, વચને દાસાનુદાસ થઈને સંગ કરવો તો શ્રીજીમહારાજ તથા મોટા મુક્ત રાજી થાય છે. અને તે સંગ કરનારો પણ મોટાને જોગે કરીને મોટા સુખને તથા મહા મોટા આનંદને પામે છે. તેથી અખંડ આનંદ તથા અખંડ સુખમાં રહ્યો થકો મહારાજની અખંડ સેવામાં રહે છે.''

''જેમ નાનાં છોકરાંને કાંઈક ભય આવે તો દોડીને બાપના પગમાં પેસી જાય છે, એમ આપણે પણ માયાના ગુણ કાંઈ વ્યાપે તો ચેતી જવું ને તરત મોટા મુક્તને વળગી પડવું; એટલે જેમ છોકરાંને તેના માવતરના આશ્રયથી ભયની નિવૃત્તિ થઈ જાય છે, તેમ આપણે પણ મોટાના આશ્રયે કરીને માયાના ભયની નિવૃત્તિ થઈ જાય છે. તેથી માયાના ગુણ એકે ટકી શકતા નથી એટલે કોઈ દુઃખ દઈ શકતા નથી.'' ॥૯૫॥

## વાર્તા ૯૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૩) રાત્રે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ પૃથ્વી ઉપર ભગવાન રાજા રૂપે અને

રાજાધિરાજ રૂપે તથા સદ્‌ગુરુ રૂપે અને સાધુ રૂપે વર્તતા હોય તે રીત જાણવી. તે જ્યારે રાજા રૂપે ભગવાન વર્તે ત્યારે કોઈ સાધારણ મનુષ્યને જોગ કરવો હોય તેને કઠણ પડે, અને રાજાધિરાજ રૂપે ભગવાન વર્તતા હોય ત્યારે અતિ મોટા પુરુષને પરાણે પરાણે જોગ થાય અને સદ્‌ગુરુ રૂપે ભગવાન વર્તતા હોય ત્યારે પણ મોટા મોટા હરિભક્તોની સભા બેઠી ને બેઠી હોય તે કોઈને કાંઈક પ્રશ્ન પૂછવો હોય તો તે પૂછતાં પૂછતાં કેટલોક વખત વીતી જાય, પણ પૂછવાનો મેળ મળે નહિ. તો બીજું તો ક્યાંથી પૂછાય! તેથી જોગ કરવો ઘણો કઠણ થઈ પડે. અને જ્યારે સાધુ રૂપે ભગવાન વર્તતા હોય ત્યારે તો તેમને ગમે તેમ પૂછો, ગમે તે આવો, ગમે તેમ બોલો, ચાલો, વાતો કરો, તેમાં જરાપણ કોઈને કઠણ પડે જ નહિ ને સર્વેને જેવું જોઈએ તેવું સુખ આવે ને કોઈ રીતે આમન્યા રહે નહિ. નાના-મોટા સૌને જોગ કરવાનો સમય મળે અને સૌને સખાભાવ રહે. તેથી આ સમયે શ્રીજીમહારાજ સૌ જીવને સુખિયા કરવા માટે સાધુ રૂપે વર્ત્યા.''

વળી વાત કરી જે, ''આપણે ભગવાનના ભક્તને એમ વિચાર કરવો જે, 'હું ભગવાનનો ભક્ત છું તે મારે જગતના જીવની પેઠે શી રીતે વર્તાય? આપણે તો ભગવાનને અને મોટા મુક્તને રાજી કરવા છે તથા અખંડ અલૌકિક સુખને પામવું છે, માટે જગતના જીવની સમજણ ક્યાં! અને આપણી સમજણ ક્યાં!' એવો વિચાર રાખી જગતના જીવની ક્રિયાને વિષે હર્ષ-શોક ન કરવો. અને એમ વિચારવું જે, 'જગતના જીવ ઘણા પ્રકારનાં સુખ-દુઃખને પામે છે, તોપણ પોતાના સ્વભાવને મૂકતા નથી; તો હું તો શ્રીજીમહારાજનો દાસ છું તો હું મારો સ્વભાવ જે શ્રીજીમહારાજની મૂર્તિનું જ સુખ ભોગવવું તેને કેમ મૂકું?'''

''જીવને માયામાંથી નીકળીને પુરુષોત્તમ ભગવાનને પામવા એ પોતા થકી કોઈ સાધને કરીને કે સમજણે કરીને પમાતું નથી. તે તો માછલાંને જેમ જળ જીવન છે તેમ જીવ જ્યારે અતિ મોટા પુરુષ જે અનાદિ મહામુક્ત તેમને વિષે પોતાના જીવને બાંધીને એવા મોટાને

વિષે એકાત્મપણું કરે ત્યારે માયાને તરીને શ્રી પુરુષોત્તમરૂપ થઈને એ મૂર્તિના સુખમાં રમે તેમાં કાંઈપણ કઠણ પડતું નથી. તે વિના તો શ્રી પુરુષોત્તમની સન્મુખ ચાલવાની સામર્થી કોઈ જીવને થતી નથી. માયાના ભાવથી મુકાઈને શ્રી પુરુષોત્તમ સન્મુખ ચાલવું તે આવા મહામોટા સમર્થ અનાદિના જોગથી થાય.''

''જેમ ભૂચર અને ખેચર પંખી છે તેમાં ભૂચર પંખી ઊંચે બેઠું હોય અને ખેચર પંખીનું ઈંડું પૃથ્વી ઉપર પડ્યું હોય પછી તે ઈંડું સેવાય ને બચ્ચું થાય એટલે ઊડીને ઊંચું ચાલ્યું જાય; તેમ શ્રી પુરુષોત્તમની ઉપાસનાવાળા જે મહામુક્ત તેમના જે જોગવાળા છે તે પ્રકૃતિપુરુષ, બ્રહ્મ, અક્ષર આદિ સર્વથી પર શ્રી પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામી ભગવાન તેમને જ પામે છે; પણ વચમાં એ ક્યાંય અટકતા નથી. એવું તેમનું શ્રીજીમહારાજની મૂર્તિના બળે સામર્થ્ય છે.'' ॥૯૬॥

## વાર્તા ૯૭

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૩) પછી બાપાશ્રી એમ બોલ્યા જે, શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે. તે તેજ અતિ શ્વેત છે, શાંત છે, શીતળ અને ઘાટું છે. તેમાં રહી જે મૂર્તિ તે ચંચળ છે. શ્રીજીમહારાજના રોમ તે શું? તો મૂર્તિમાંથી તેજની છટાઓ છૂટે છે અને તેજના અનંત બંબ છૂટે છે. તે મૂર્તિને ચારે તરફ તથા સર્વે ઠેકાણે તેજની ઠઠ છે. તે સામસામી તેજની સેડ્યું દોઢે વળે છે અને અનંત તેજના ઢગલા છે, તે અપાર છે. એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે. એવા મોટા અનાદિની પાસે આ લોકનું કાંઈ માગવું નહિ.''

એ ઉપર વાત કરી જે, ''જેમ હીરા, માણેક, મોતી, ઝવેરાત, રત્ન, ચિંતામણિના વેપારીને કોઈક વેપારી તેની નબળી ચીજનો કોથળો ભરેલો જાળવવાને આપે તો તે મોટા ઝવેરાતના વેપારીને સારું ન લાગે, પણ તે મોટા વેપારી પોતાની મોટાઈ સામું જોઈને મહોબતે કરીને રાખે.

તેમ શ્રીજીમહારાજના લાડીલા અનાદિ મહામુક્તને પોતાના દેહની રક્ષા કરવા તથા સકામપણામાં માયિક પદાર્થની ઈચ્છા પૂરી કરવા ભલામણ કરવી તે આ દૃષ્ટાંત દીધા બરોબર છે. વળી, આ જીવને જેટલો મહારાજનો અને મોટા મુક્તનો મહિમા હોય તેટલું સુખ આવે છે અને જેવો મહિમા સમજાય તેવું થવાય છે. માટે મોટાને વિષે આપોપું રાખવું તથા આત્મબુદ્ધિ કરવી તેથી મોટાને સુખે સુખ અને મોટાને દુઃખે દુઃખ થાય. સદ્. સ્વામી નિર્ગુણદાસજીએ દેહ મૂક્યો ત્યારે કેટલાકને દુઃખ થયું હતું; આત્મબુદ્ધિ એવી કરવી.''

પછી બોલ્યા જે, ''જ્યાં પહોંચાડવાના છે ત્યાં જ્યારે પહોંચાડશું ત્યારે મહિમાની ખબર પડશે. આપણે તો સ્વામિનારાયણનાં ગીત ગાવાં. તરવાર માથામાં મૂકે તો પણ ગાવાં અને સાધુ, સત્સંગી, હરિભક્ત કોઈનો અપરાધ ન કરવો. ભગવાનના ભક્તનો અપરાધ થઈ જાય તો જીવ નાશ થઈ જાય છે.''

પછી નારાયણપુરવાળા ધનજીભાઈએ પૂછ્યું જે, ''બાપા! શ્રીજીમહારાજના સંબંધને પામેલાં વૃક્ષને પરમપદનાં અધિકારી કહ્યાં છે, તો તે પાધરાં ધામમાં જાય કે તેમને સત્સંગમાં આવવું પડે?''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''આવા જોગમાં આવે તો પાધરા અક્ષરધામમાં જાય; કેમ જે આ સભા દિવ્ય છે. આપણે તો પ્રેમમગન થઈ માનસી પૂજા કરવી, સેવા-ભક્તિ કરવી. તે પ્રેમ કેવી રીતે ઉત્પન્ન થાય? તો અતિ હેતે કરીને મૂર્તિમાં જોડાય તો અંગોઅંગને વિષે પ્રેમ પ્રગટ થાય. અને જો શ્રવણ, મનન, નિદિધ્યાસથી આવી વાતો જીવમાં ઊતરી જાય તો જીવમાં સાક્ષાત્કાર થાય. લોચોપોચો રાખે તેથી કામ ન થાય. એક તો વીસ ગાઉ ચાલે અને એક ચાર ડગલાં ચાલે તે સરખો ક્યાંથી આવે?''

''અમારે ત્યાં ભુજમાં શામજીમલ હતા એ ખરેખરા મંડ્યા હતા તે હેતભર્યાં કીર્તન બોલતા આવે, ત્યારે કેટલાક હસે; તોપણ તેનું તેમને

કાંઈ નહિ. પ્રથમ તો એ ઘણા આકરા હતા, પણ ઓળખાણ થઈ ને મહારાજ તથા મોટાનો દિવ્યભાવ આવ્યો ત્યારે બહુ સુખિયા થઈ ગયા. ભોળા ને વિશ્વાસી પણ એવા હતા તે બ્રહ્મચારી નિર્ગુણાનંદજીને ઘણીવાર કહેતા જે, 'મને સેવા બતાવો.' ત્યારે બ્રહ્મચારી કહે, 'તમે શું સેવા કરી શકશો?' ત્યારે તે કહે જે, 'તમો કહો તે કરીશ.' પછી એ બ્રહ્મચારીએ સભાનો દિવ્યભાવ સમજાવીને કહ્યું જે, 'તમારે અહીં બેસીને હાથમાં પંખો રાખી સભાને વાયરો નાખવો ને એમ ધારવું જે શ્રીજીમહારાજ સભામાં પ્રત્યક્ષ બિરાજે છે અને વાયરેથી છોગું ફરકે છે.' પછી તો તે એવી રીતે કરતા. જ્યારે બ્રહ્મચારી પૂછે જે, 'શામજીભાઈ! શું કરો છો?' ત્યારે કહે, 'મહારાજને પવન નાખું છું, તેથી શ્રીજીમહારાજનું છોગું ફરક ફરક થાય છે.' એમ હેત થઈ જવાથી ને મોટાનો મહિમા જણાવાથી ભાવ સાચો હતો તો મુક્ત થઈ ગયા."

તે વખતે મોહનભાઈએ પૂછ્યું જે, "બાપા! જીવને એવો ભાવ કેમ નહિ થતો હોય?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મોટાનો વિશ્વાસ રાખે ને તે કહે તેમ કરે તથા મહારાજની આજ્ઞામાં મંડ્યો રહે તો એવો ભાવ આવે. માથકવાળા કલ્યાણસંગજીને પ્રત્યક્ષ દર્શનનું તાન હતું તે અમોએ મહારાજની મૂર્તિ પાસે લઈ જઈને કહ્યું જે, 'જુઓ, આ ભગવાન ખરા કે નહિ?' ત્યારે તે કહે, 'હા. હવે મારી ખોટ ઓળખાણી.' આમાં સમજવાનું એ છે કે મહારાજની મૂર્તિ છે તે મહારાજ પ્રત્યક્ષ છે, એવો દિવ્યભાવ સમજવો."

રાત્રે મેડા ઉપર આસને બાપાશ્રીએ વાત કરી જે, "સેવકરામ નામનો સાધુ કૃતઘ્ની હતો, પણ મહારાજના હાથથી સેવા થઈ તેથી તેનો મોક્ષ થયો. ભગવાન કે સંત કોઈના અપરાધ સામું જોતા નથી. જે સેવા કરવાનું બતાવ્યું છે તે તો મોક્ષનો માર્ગ છે માટે આપણે સંતની સેવા કરવી ને સંત આપણી સેવા કરે. માવતર છોકરાંની સેવા કરે છે

કે નથી કરતા? એમ ભગવાન અને સંત સેવા કરે છે. તે ચોરાસી લાખ ખાણથી જીવને છોડાવે છે, તેથી તેમનો મોટો પાડ માનવો. જીવ કેટલાય જન્મથી ભમે છે. કહો સંતો! ખરો સિધ્ધાંત છે કે ગપાટા દઈએ છીએ?"

પછી સાધુ મુક્તવલ્લભદાસજીએ પૂછ્યું જે, "બાપા! સેવકરામે તો કૃતઘ્નીપણું કર્યું હતું, તોય તેનો મોક્ષ કેમ થયો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ સેવકરામને અંત વખતે પણ મંદવાડ બહુ થયો હતો. એના શિષ્યો તે વખતે પાસે હતા, પણ તેની કોઈ સેવા કરી શક્યા નહિ. ત્યારે એ એમ બોલ્યો જે, 'હું પ્રથમ વેંકટાદ્રિથી રામેશ્વર જતો હતો ત્યાં માર્ગમાં મને ઘણો મંદવાડ થઈ ગયેલ તેથી મારામાં ચાલવા જેટલી શક્તિ રહી નહિ તે ટાણે મને એક નીલકંઠ બ્રહ્મચારી મળ્યા હતા. તેમણે મારી બહુ ચાકરી કરી હતી. તમે આટલા બધા ભેગા થઈને તેમના હજારમા ભાગની પણ ચાકરી કરી શકતા નથી. અરે! હું કેવો અજ્ઞાની કે મેં એ બ્રહ્મચારીને તે વખતે ખાવાનું પણ આપેલ નહિ. અને તમે તો આ મઠના ધણી થઈ બેઠા છો, તોય મારી કોઈ સેવા કરતા નથી. અત્યારે એ નીલકંઠ બ્રહ્મચારી અહીં ક્યાંથી આવે? મેં એ વખતે બહુ ભૂલ કરી.'"

"એમ મહારાજને સંભારી પસ્તાવો કરતો હતો, તે વખતે પોતાનું બિરદ જાણી મહારાજે તેજોમય દર્શન આપ્યાં ને બોલ્યા જે, 'અમે તો ભગવાન સ્વામિનારાયણ છીએ ને તને તેડવા આવ્યા છીએ.' ત્યારે તે સેવકરામ અતિ સ્નેહથી કહેવા લાગ્યો જે, 'અહો! આ સ્વામિનારાયણ ભગવાન આવ્યા!' પછી તેના શિષ્યોને બોલાવીને કહ્યું જે, 'આ ભગવાનનાં દર્શન કરો ને હવે સૌ એમનું ભજન કરજો.' એમ કહી પ્રાર્થના કરવા લાગ્યો જે, 'હે નીલકંઠ વર્ણી! તમને મેં આવા ભગવાન જાણ્યા નહોતા, તેથી મારે બહુ અપરાધ થયો. હવે મારો ગુનો માફ કરો.' એમ પ્રાર્થના કરતો તે દેહ મૂકી ગયો."

"પછી શ્રીજીમહારાજે તેને સત્સંગમાં જન્મ ધરાવ્યો, પણ

મહારાજને જરાય અન્ન આપેલ નહિ; તેથી તેને દેહ રહ્યો ત્યાં સુધી ખાવા-પીવાનું દુઃખ બહુ રહ્યું હતું. પછી શ્રીજીમહારાજ તેને પોતાનો શરણાગત જાણી અંત વખતે દર્શન દઈ અક્ષરધામમાં તેડી ગયા; એવી મહારાજની દયા છે. માટે એવો સર્વોપરી દૃઢ નિશ્ચય કરવો. જો શ્રીજીમહારાજની દિવ્ય તેજોમય મૂર્તિ ધારે તો નિશ્ચયમાં કસર ન કહેવાય. એમ ધારવાથી સાક્ષાત્કાર થઈ જાય.''

પછી એમ બોલ્યા જે, ''કેટલાંક મંડળ અક્ષરધામમાં પહોંચાડે તેવી વાતો કરે, અને કોઈક તો અક્ષરધામમાંથી પાછા ખણી લાવે તેનું કેમ કરવું? બધાય લૂગડાં સારાં પહેરે તેથી શું ખબર પડે? પણ રાજાને ઓળખવો જોઈએ. જો ઓળખે તો કામ થાય. એમ જેણે પુરુષોત્તમનારાયણનો સર્વોપરી નિશ્ચય નથી કર્યો, ત્યાં સુધી એ જીવ આડો-અવળો ધોબીના કૂતરાની પેઠે વલખાં મારે છે. તે કૂતરે એમ નિશ્ચય કરેલો કે આ ભીના પગવાળો તે મારો ધણી છે, પણ બીજી કાંઈ ખબર નહિ. પછી ચોમાસામાં સર્વેના પગ ભીના જોઈ એકબીજાની કેડે દોડી દોડી મરી ગયો; તેમ ન કરવું. પુરુષોત્તમનારાયણને ઓળખીને દૃઢ નિશ્ચય કરવો. તેમ સંતને પણ ઓળખવા જોઈએ, પણ રૂડાજીના ભદ્દરની પેઠે ન કરવું. ઉપાસના દૃઢ ન હોય તો એવું થાય.''

''આપણા ધણી કેવડા છે! તોય પણ કેટલાક ચાલોચાલ સત્સંગ કરે છે, તેને ખબર પડતી નથી. તેને તો સાધુ-અસાધુનીયે ખબર નહિ, અવતાર-અવતારીની પણ ખબર નહિ; એમ ન કરવું. મોટા મુક્તને ઓળખવા, નહિ તો ક્યાંય ને ક્યાંય અટકી રહે. દેવલોકમાં, વૈકુંઠમાં કાં તો ગોલોકમાં જ્યાં ત્યાં અટકી રહે પછી આ બધું હાથ ન આવે. મુદ્દો હાથ ન આવ્યો હોય તો એવું થાય.''

''સુખ તો એક મહારાજની મૂર્તિમાં જ છે, તે વિના બીજે ક્યાંય નથી. જેને આ લાભ હાથ આવે તે તો મૂર્તિમાં થીજી જાય, સુખિયો થઈ જાય. આપણે સત્સંગમાં એ કરવા બેઠા છીએ. મોટા અનાદિમુક્તને

મન સોંપવું એ કાંઈ રમતવાત નથી. મોટા સંત એ વાત સમજાવે છે, તેથી સંતને મોક્ષના દ્વારરૂપ કહ્યા છે. માટે બત્રીશ લક્ષણે યુક્ત સંત હોય એ અક્ષરધામની વાત કેમ ન કરે? સાડા ત્રણ કરોડ રૂંવાડે રૂંવાડે સ્વામિનારાયણ બોલાય છે. ચમક દેખી લોહા ચળે તેમ અનુભવજ્ઞાને કરી મૂર્તિનું સુખ લેવું. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાં જોડાવું.

"જે શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવે એ સાધુ ખરા. આ નક્કી કરવું જોશે; હરામના સમ ખાઈને કરવું જોશે. સંત તથા હરિભક્ત મોટા કહેવાતા હોય, પણ આટલું તો જરૂર કરવું પડે. મૂર્તિ વિના માયાનું આવરણ ટળે તેવું નથી. માયા ત્રિગુણાત્મક છે. એ મલિન ગુણનો સંબંધ ન રાખવો. સત્સંગમાં દાસના દાસ થઈને રહેવું, તે વિના તો કોઈ જરાક ગોદો મારે તો ચમકી જાય એવું છે. સરકારે હજારો રૂપિયાના કાગળો છપાવી દીધા તે ચાલે છે, કેમ કે આ લોકમાં તેની સત્તા છે; તેમ શ્રી પુરુષોત્તમનારાયણ તો અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે, તે ધારે તેમ કરી શકે. મૂર્તિ રાખ્યા વિના સાજો જન્મારો એમ ને એમ નીકળી જાય, પણ કામ ન થાય."

"સત્સંગમાં ઘણો માલ છે. મોતી, ઝવેરાત, હીરા ભર્યા છે. જે માલ ખપે તે મળે છે. તેમાં જો ખપવાળો થઈને એક નંગ લે, તો નગરશેઠિયો બની જાય. આ જોગ ને વખત સારો છે. જમાડનારા તો તૈયાર છે, પણ જમનારા જોઈએ. મહારાજની મૂર્તિ વિના ઘડી પણ રહેવું નહિ. મહારાજનો પ્રતાપ બહુ જબરો છે. એ પ્રતાપે શું ન થાય? છ મહિનામાં સિદ્ધ કરવું હોય તો થઈ જાય. રાત-દહાડો મૂર્તિમાં ઝીલતો રહે તે આનંદમાં રહે. કેટલાક જળમાં પડે તોય કોરા રહી જાય, એવા જીવના સ્વભાવ છે. આ વર્તમાન કાળે શ્રીજીમહારાજની બહુ દયા છે તેથી મૂર્તિમાં રહે તે સુખિયો થઈ જાય છે. વ્યવહારમાં થોડો રહે તેનું કાંઈ નહિ, પણ ભગવાનની આજ્ઞામાં તો રહેવું જ. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ ને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ તથા ભૂત, ભવિષ્ય, વર્તમાન એ સર્વે કાળમાં મૂર્તિમાં જ રહેવું. આ વાત સર્વેને માટે છે; કેમ કે મહારાજ ને

મુક્ત સત્સંગમાં પ્રત્યક્ષ બિરાજે છે.''

"હીરા, માણેક, મોતીની દુકાનમાં ભાગ રાખે તેને બહુ લાભ મળે અને તે શેઠિયો થઈ જાય; પણ હળદર-મરચાની દુકાનમાં ભાગ રાખે તો આખા દિવસમાં બે-ચાર આના મળે, તેમાં શું? માટે ખરેખરો સત્સંગ કરવો. ત્રો, ત્રો ન કરવું, એમાં કાંઈ વળે નહિ. મોટા સદ્‌ગુરુ કેવા! મોટા હરિભક્ત કેવા! જોગ અને ટાણું સારું છે, કહેનારા સારા છે. આ ટાણે જે ખપે તે લેતા જાય. આવા મહારાજ, આવા મુક્ત, આવી સભા, આ સર્વે અક્ષરધામનો સાજ છે.'' ॥૯૭॥

## વાર્તા ૯૮

સંવત ૧૯૮૩ના ફાગણ વદ-૧૪ને રોજ સવારે મેડા ઊપર નિત્યવિધિ કરીને બાપાશ્રી સંત-હરિભક્તોને મળ્યા.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, "બાપા! આ હરિભક્તો કહે છે કે અમારા પર રાજી રહેજો.''

ત્યારે બાપાશ્રી કહે, "આથી રાજીપો કેટલો ખપે? આપણે આ બધું દિવ્યભાવમાં જોવું ને ઘરમાંજ રહેવું. તે ઘર કયું? તો મહારાજની મૂર્તિ.''

એમ કહી અતિ પ્રસન્ન થકા બાપાશ્રી વાત કરવા લાગ્યા જે, "ભગવાનના ભક્તને પોતાના સ્વરૂપનો તપાસ કરવો. શ્રીજીમહારાજે જાતિએ હરિજનના છોકરાને સો વાર આત્મા કહેવરાવ્યું, પણ જ્યારે પૂછ્યું ત્યારે કહ્યું જે, 'બાપજી, હું તો હરિજન છું'; એમ ન કરવું. દેહરૂપ મટી જાવું. અને ઝળળ ઝળળ તેજોમય દિવ્ય સ્વરૂપ બનાવી મૂર્તિ સાથે રસબસ ભાવે સુખિયા રહેવું. પ્રકૃતિના કાર્યને ખોટું કરે તે એકાંતિક. પરમાત્માને પધરાવીને સાજી સભા તે મૂર્તિ સાથે જુએ તે પરમ એકાંતિક. પછી મૂર્તિની ખુશબો આવી ત્યારે તેને અનુભવજ્ઞાને કરીને મૂર્તિમાં જોડ્યો એટલે મૂર્તિરૂપ થયો; તો પણ સુખનું દાતા-ભોક્તાપણું રહે છે, સ્વામી-સેવકપણું રહે છે. ચમક લોહને ખેંચે તેમ

મૂર્તિમાં ખેંચાય છે. ગરુડ ઊડ્યો પછી અટક્યો એટલે મહારાજ એકલા ઊડ્યા. ગરુડથી પહોંચાણું નહિ કેમ જે તેને અનુભવજ્ઞાન નહોતું. આપણે મહારાજને એકલા ઊડવા દેવા નહિ, પણ ભેગા ઊડતા શીખવું.''

પછી બોલ્યા જે, 'મહંત કોણ? તો ભગવાનને ઓળખાવે અને મૂર્તિમાં રહે તે. જીવને પંચવિષય છે તે વિઘ્નરૂપ છે તેને ઓળખવા જોઈએ. અને નેત્ર-શ્રોત્રાદિકને તો ભગવાનની મૂર્તિમાં જોડી દેવા, નહિ તો મોટી ખોટ આવે. જેના ઘરમાં ભગવાન નહિ તેના ઘરમાં મોટા મોટા કામ-ક્રોધાદિક સર્પ રહે છે; માટે આપણે તો એક ભગવાનની જ મૂર્તિ રાખવી અને જે એ મૂર્તિ રાખે તેને આવરણ ટળી જાય. શ્રીજીમહારાજના કહેવાણા હોય તેની તુચ્છ જેવા દોષ ફજેત કરી કિંમત કરાવે તે ઠીક નહિ. જેમ હીરા-મોતીના હારની ચણોઠીએ કિંમત કરી તેમ આપણી કિંમત બીજા પાસે ન કરાવવી.''

''આપણે તો મહારાજના જેવું બીજે ક્યાંય હેત થવા દેવું નહિ. રાખનાં પડીકાંમાં શું માલ છે! પણ જીવને અજ્ઞાન ભર્યું છે તેથી ખબર પડતી નથી, નહિ તો ભગવાનના જેવો બીજે ક્યાંય આનંદ થાય નહિ. આ તો વાચ્યાર્થ જ્ઞાન છે. તે જ્યારે લક્ષ્યાર્થ થાય ત્યારે સુખિયા થવાય. કેવી રીતે? તો સર્વે વિષયવાસના મૂકીને ભગવાનને તથા મોટા મુક્તને વળગી પડે. તે વિના પિંડ-બ્રહ્માંડમાં કાંઈ છે જ નહિ એવું કરી નાખે ત્યારે બીજે ક્યાંય માલ માનીને આનંદ પામે જ નહિ. આપણને બહુ જ મોટો લાભ મળ્યો છે.''

''આવા સમયમાં ખોટનો વેપાર કરવો નહિ. ખરા ગરજું થઈને પોતાનું પૂરું કરી લેવું. ભગવાનના ભક્તનો અવગુણ ન આવે ને એનો દ્રોહ ન થાય એવો ખટકો રાખવો. વાસના બહુ ભૂંડી છે. એ તો જમપુરીએ લઈ જાય. આપણે આવી વાતનો વિચાર ઘણો રાખવો. અવગુણથી બહુ બીવું. આ સભા અક્ષરધામની છે. તેના અવળા સંકલ્પ

થઈ જાય ત્યારે શું કમાણા? આ ટાણે બહુ ભારે કામ થાય છે. જે જોઈએ તે આ સભામાં છે. આ સંત-હરિભક્ત સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. માટે કોઈને વિષે ભાવ ફરે નહિ એવી સુરત રાખવી. મહારાજની મૂર્તિમાં સર્વે સુખ છે. મૂર્તિને મૂકીને ક્યાંય સુખ નથી. બીજે સુખ મનાય છે તે જ અજ્ઞાન છે. મૂર્તિને રાખ્યા વિના તો કોઈ નોરમાં ચડી જવાય તે ઠેકાણું પણ ન રહે.''

પછી સંતો સામું જોઈને બોલ્યા જે, ''સંતો! તમારે ને અમારે સહુને એમ જ રહેવાનું છે. તમે તો સદાય તે મૂર્તિરૂપી માળામાં જ રહો છો, પણ અમારે વ્યવહારિકને કઠણ ખરું. ખટકો તો બેયને રાખવો જોઈએ. જો તમારામાં ખટકો ન રાખે તોય કેટલાંય વિઘ્ન થાય. ચેલો, પદાર્થ, આસન, પૂજા, પ્રતિષ્ઠા વગેરે વિઘ્નરૂપ થઈ પડે. અને અમારે દ્રવ્ય, છોકરા, ખેતર, મેડી અને સંબંધી એ સર્વે વિઘ્ન કરે, માટે એ વિઘ્નમાંથી ઊગરવાને મહારાજ રાખવા. તે ઉપાય બહુ જબરો છે; માટે મહારાજને ભૂલવા નહિ. આજ મહારાજ ને મોટા સૌને સુખિયા કરે છે. જુઓને! આવી સભા ક્યાંય છે? આવી વાતો ને આવી દિવ્ય સભા તથા આવું સુખ સ્વામિનારાયણ ભગવાનના ઘર વિના બીજે ક્યાંય નથી. એક સત્સંગમાં જ છે. આપણે તો એ અખંડ અવિનાશી વરને મુખ્ય રાખવા. વર મહારાજ ને જાનૈયા મુક્ત. તે જો વર ન રાખે તો કોઈ જમવા આપે નહિ.''

પછી કડીવાળા દલસુખભાઈએ પૂછ્યું જે, ''બાપા! વચનામૃતમાં મહારાજે કહ્યું છે કે, 'માનવાળા તો કોઈ નભી શક્યા નથી.' તે માન ટાળવાનો કોઈ ઉપાય હશે કે નહિ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''માન ક્યાંથી ટળે? તન, મન, ધન અને અનેક જન્મનાં કર્મ તે ભગવાનને આપવાનાં તેમાં કર્મ આપે છે, તન ન આપે, મન ન આપે ને ધન પણ ન આપે. આ તો એકલા કાંકરા આપે છે, તે એકલા કાંકરા કોણ લે? ઘઉં ભેળા હોય તો ચાલે. તેમ

એકલાં કર્મ કોણ લે? તો પણ મહારાજ ને મોટા તો જીવને બહુ જ સુખિયા કરે છે અને સ્વભાવ મુકાવી મૂર્તિના સુખમાં મૂકી દે છે.''

''આ સમયમાં બહુ લાભ છે. માયિકમાંથી માયિક સુખ મળે છે તો દિવ્ય મૂર્તિમાંથી દિવ્ય સુખ મળે તેમાં શું કહેવું? પણ અંતરાય ન રાખે તો સુખ લેવાય. મહારાજ ને મોટા મુક્ત તો જીવને કેવળ સુખ દેવા જ પધાર્યા છે. બીજું કાંઈ એને કામ નથી, પણ માન રાખે તો મોટા રાજી ન થાય. 'મોહનવરને માન સંગાથે વેર.' માન એવું છે કે બધાંય સાધન થોડીકવારમાં બગાડી દે અને આ સભામાંથી ક્યાંય જતું રહેવાય. જ્યાં સુધી ત્રણ ગુણમાં વર્તાય છે ત્યાં સુધી સુખ આવે જ નહિ; માટે સર્વેને દિવ્ય સુખ લેવાનો આગ્રહ રાખવો. મોટા મુક્ત તો તરત એ સુખ પમાડે એવા છે. પછી ઝળળ ઝળળ તેજમાં મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય સુખ મનાય જ નહિ. એ સુખ તો અતિ અલૌકિક છે. એ મૂર્તિમાં સુખ, સુખ અને સુખ જ છે તે સુખનો જે પારખું થયો હોય તેને ખબર પડે.'' ॥૯૮॥

## વાર્તા ૯૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૪) સવારે સભામાં બાપાશ્રીએ વાત કરી જે, ''શ્રીજીમહારાજને રાજી કરવા માટે એ દિવ્ય મૂર્તિનું ધ્યાન જરૂર કરવું પડશે.''

ત્યારે હીરાભાઈએ પૂછ્યું જે, ''બાપા! ધ્યાન કરવા બેસીએ છીએ તે થોડીવારમાં જાણે કેટલીય વાર થઈ ગઈ. અંતરમાં આગ્રહ તો હોય, પણ કલાકના કલાક બેસી શકાતું નથી એનું કારણ શું હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં જોડાવાનો ખરેખરો આગ્રહ નથી અને આગ્રહ છે તોપણ તે વાચ્યાર્થ છે. જીવને ખપ તો હોય, પણ ખપમાં ફેર છે. જુઓને! હીરો ખોવાણો હોય તો રાત્રિ-દિવસ શોધ્યા કરે અને તે ન જડે ત્યાં સુધી કેવો વ્યાકુળ થઈ જાય! તેમ આગ્રહ હોય તો ધ્યાનમાં બેસાય. પછી ધ્યાન કરતાં સમુદ્રના જેવા તરંગ ઊપજે છે

તે પણ મટી જાય. માટે ધ્યાન કર્યા સિવાય છૂટકો નથી. એ તો જરૂર કરવું પડશે. તે જો ખરેખરો આગ્રહ રાખીને ધ્યાન કરવા મંડે તો ત્રણે શરીર ટળી જાય ને મહારાજનો સાક્ષાત્કાર તરત થાય; એવો મૂર્તિનો પ્રતાપ છે.''

''આજ મહાપ્રભુનું સુખ બહુ જ સોંઘું છે, મહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન તેના ફુવારા છૂટે છે તે જ્ઞાનથી મહારાજ ને મુક્ત મૂર્તિમાં ખેંચી લે છે. તે સુખ અનાદિ, સનાતન, અનંત ને અપાર છે. જેને એક મહારાજને સુખે સુખિયા થવું હોય તેને તો એ સુખ તરત આવે એવું છે. પણ માંહી બીજું રહી જાય છે તેથી એ સુખ મળતું નથી. રોટલો તથા શેરડીનો કૂચો બેય ભેળું થાય એટલે સુખ ક્યાંથી આવે? આ સભામાં તો મહારાજ, અનાદિ, સંત, હરિભક્ત સર્વે છે. આ દિવ્ય સભા છે. આ સભાની વાત શું કહેવી? મહારાજ કહે છે કે, 'આ સભાનું કર્યું સર્વે થાય છે.' આ સર્વે દિવ્ય મૂર્તિઓ છે. આ મુક્ત તો ગૌમુખી ગંગા છે તે ગૌમુખીમાંથી મહારાજનું સુખ આવે છે; માટે મહિમા સમજીને તેમનો જોગ કરવો.''

''જેમ ગૃહસ્થને દ્રવ્યની ને પુત્રની આલોચના રહે છે, તેમ આપણે મહારાજની આલોચના રહે તો મૂર્તિ સન્મુખ થઈ જવાય; માટે ઘણો જ વિચાર જોઈએ. તેમાં પણ કોઈ પ્રકારનો અહંકાર આવવા દેવો નહિ. મૂર્તિથી જુદા પડવું નહિ. મૂર્તિમાં રહીને સર્વે ક્રિયા કરવી, તે પણ પ્રસન્નતા માટે કરવી, તેથી કચરો ને કંચન સમાન થાય છે; એવી રીતે વર્તે તે જ સાધુ કહ્યા છે. માટે શબ્દને બારોબાર રજા દેવી નહિ. આપણે મોટી વસ્તુ લેવી છે તેથી શૂરવીર થઈને આજ્ઞારૂપી કોટમાં રહીને અંતરશત્રુને જીતીએ ત્યારે મહારાજની મૂર્તિ મળે. ત્યાગીને ધર્મામૃત ને નિષ્કામશુધ્ધિ પ્રમાણે રહેવું અને ગૃહસ્થ હરિભક્તને શિક્ષાપત્રી પ્રમાણે રહેવું; તો શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ આવે, પણ તે વિના આવે નહિ. તે વિના સુખની આશા કરે છે તે સર્વે વલખાં છે.''

“આપણે મહારાજનો અને અનાદિ મહામુક્તનો મહિમા તથા જશ ગાતા જઈએ જે આવા ગોપાળાનંદ સ્વામી, આવા મુક્તાનંદ સ્વામી, આવા બ્રહ્માનંદ સ્વામી, આવા ગુણાતીતાનંદ સ્વામી, આવા નિષ્કુળાનંદ સ્વામી, એ આદિક મોટા મોટા તપ કરીને નિર્વાસનિક થઈને સુખિયા થઈ ગયા. પણ તેમણે તો જેમ જનુની ઓસડ ખાઈને બાળકને નિરોગી કરે છે; તેવી રીતે પોતે તપ કરીને, ભક્તિ કરીને મુમુક્ષુને બળિયા કર્યા અને મોટા મુક્તોને રાજી કરવાની તથા મહારાજને પામવાની રીત દેખાડી. એ મહા મુક્તો મૂર્તિમાં રસબસ રહેતા ને સદાય એ સુખ ભોગવતા, તોપણ આપણા મોક્ષને અર્થે એમણે સર્વે કરી દેખાડ્યું એમ જાણવું.” ॥૯૯॥

## વાર્તા ૧૦૦

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૪) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “શ્રીજીમહારાજે સમ ખાઈને કહ્યું છે કે, ‘આ સભા અક્ષરધામની છે’ તે દિવ્ય દૃષ્ટિએ દેખાય છે. આ સભાનો તથા મહારાજનો મહિમા ને સુખ કોઈ અનુમાને કરીને કહે છે, કોઈ પ્રમાણ કરીને કહે છે, કોઈ દેખીને કહે છે; તેમાં જે સાક્ષાત્ દેખીને કહે છે તે ખરું છે.”

“તે સાક્ષાત્ દેખાનારા આ સભામાં બેઠા છે, ભેળા મહારાજ પણ સાક્ષાત્ બિરાજે છે. જેમ દ્રવ્ય હોય તેમાં ઘી, સાકર આદિ વસ્તુ રહી છે તેમ એવા મોટા મુક્ત હોય ત્યાં મહારાજ સાક્ષાત્ બિરાજતા હોય; તે ખોળે તો હાથ આવે. માટે જોગ સારો છે, વખત સારો છે તેથી આ કામ અવશ્ય કરી લેવું. આ જોગ તો અક્ષરને પણ નથી; કેમ કે અક્ષર ઐશ્વર્યમાં એટલે જ રહે છે; તેથી આગળ ગતિ નથી. તેથી પર એકાંતિક છે, ત્યાં સુધી અવરભાવ છે. તેના ઉપર પરમ એકાંતિક છે તે પરભાવમાં છે. અને જે અનાદિમુક્ત છે તે તો તેથી પણ પરભાવમાં છે. તેની સ્થિતિ કરવાની પૂરી થઈ રહી.”

"એવા અનાદિમુક્ત અનંત કોટિ દિવ્ય સાકાર રૂપ થકા મૂર્તિમાં રહ્યા છે. એવું એ મૂર્તિનું અપારપણું છે. માટે મૂર્તિનું બીજ સર્વે વાતમાં વારે વારે લાવવું, પણ વાતોને નોરે મૂર્તિથી બહાર નીકળી જવું નહીં. મૂર્તિથી બહાર નીકળે તો માર ખાય છે. માટે માળા, માનસી પૂજા, કથા, વાર્તા, ધ્યાન એ સર્વેમાં મૂર્તિ મુખ્ય રાખવી. આ મુક્ત આદિ જેવા જણાય છે, પણ આદિ નથી; અનાદિમુક્ત છે. એવા મોટાનો જોગ કરી લેવો ને મૂર્તિમાં સદા રસબસ રહેવું, પણ મૂર્તિથી બહાર નીકળવું નહીં. આપણે નિજમંદિર કરવું એટલે મૂર્તિમાં જ રહેવું. તે નિજમંદિર ક્યારે થાય? તો જ્યારે મોટા અનાદિને વિષે આત્મબુદ્ધિ રાખીને વર્તે તો થાય. તે આત્મબુદ્ધિની વાત જબરી છે."

"આજ મહારાજ તથા અનાદિમુક્ત સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે. જો ખરું હેત હોય તો તેને મહારાજ પોતે હેતે કરીને ખેંચે છે. આ સભામાં મહારાજ અને મુક્ત બેઠા છે, આ સંત દિવ્યમૂર્તિ છે, આ સભા ધામની છે, આ સંત સાક્ષાત્ મહારાજ ભેળા રહ્યા થકા દેખાય છે, આ સંત બહુ જબરા છે. તે ઓળખવા લોકાલોક જેવડી જબરી ઘાંટી છે તેથી પ્રત્યક્ષ ભેળા બેઠા હોય, પણ પરોક્ષ જેવો પ્રત્યક્ષનો મહિમા સમજાતો નથી."

પછી એમ વાત કરી જે, "ચાર પ્રકારનો પ્રલય મહારાજની ઈચ્છા પ્રમાણે થાય છે. તેમાં જ્ઞાનપ્રલય તો પુરુષપ્રયત્ને કરીને થાય તે જ્ઞાનપ્રલય સદાય રહે છે અને ચૈતન્યની મૂર્તિ થાય એટલે મહારાજના અનુભવજ્ઞાને કરીને અનાદિમુક્ત થાય છે. તેવા અનાદિમુક્તનો ને મહારાજનો દ્રોહ કરે તો તે દિવ્ય ગુણ પામેલો હોય તોપણ નાશ પામી જાય. જેમ મંદિરનો દ્રોહ કરે તે ભેળો મહારાજનો દ્રોહ થાય તેમ. આત્યંતિક મોક્ષ તો મોટાની કૃપાએ જ થાય, કારણ કે પોતે દિવ્ય મૂર્તિ છે. સત્સંગમાં પ્રસાદીનાં ચરણારવિંદમાં પણ કેટલાકને ખેંચતાણ થાય છે. તેનું કારણ કે એ દિવ્ય વસ્તુ છે, પણ પોતાના ચૈતન્યમાં મૂર્તિ પધરાવે તો લાખો-કરોડો ચરણારવિંદની જોડું થાય, તે ખૂટે નહિ; માટે

આત્માને વિષે મહારાજ પધરાવીને પરમ એકાંતિક થવું, તો તેને પછી મહારાજ તથા અનાદિમુક્ત મૂર્તિના સુખમાં ખેંચી લે છે.''

''સર્વે સંત અક્ષરધામમાં બેઠા છો એટલે વનમાં બેઠા છો, પણ રાજ્યમાં નથી. મહારાજની મૂર્તિ વિના બીજે ક્યાંય તમારો ભાગ નથી, એમ જાણવું અને જે મૂર્તિમાં રહેતા હોય તેમનો જોગ કરવો. તેવા મોટા આજ સત્સંગમાં દયા કરી દર્શન આપે છે. આ સભા તથા આ સંત તે દિવ્ય ચૈતન્યબ્રહ્મની મૂર્તિઓ છે. તેમની અખંડ સ્મૃતિ રાખવી. સમાધિ કરતાં અખંડ સ્મૃતિ વિશેષ છે, કેમ જે સમાધિવાળાને સમાધિ થાય ત્યારે સુખ, પછી ખાલી; માટે અખંડ સ્મૃતિવાળાને મૂર્તિ ન દેખાય તોપણ અધિક છે.''

''આપણે તો સદાય દિવ્યભાવ રહે એવી મહારાજને પ્રાર્થના કરવી, તો મહારાજ તથા મોટા અનાદિ રાજી થાય છે. જો અનાદિમુક્તની કૃપાસાધ્યમાં પડ્યો રહે તો એ મૂર્તિના સુખમાં લઈ જાય, માટે કૃપાસાધ્યમાં કામ બહુ થાય છે. મોટા અનાદિમુક્ત આ સભામાં પ્રત્યક્ષ બેઠા છે ને પોતે કહે છે, પણ પરોક્ષ નથી; માટે દિવ્યભાવ રાખવો ને ચડતો રંગ રાખવો. મહારાજનો અને મોટાનો મહિમા વાચ્યાર્થ જાણે તો કામ ન થાય, પણ જો લક્ષ્યાર્થ જાણે તો કામ પૂરું થઈ જાય.''

''અત્યારે શરદઋતુ ચાલે છે, તેમાં ફળ થાય છે. જેમ ચાર યુગના ફળ થાય છે તેમ મોટા અનાદિના શબ્દ હેત-વિશ્વાસથી સાંભળે તો ભાગવતી તનુરૂપ ફળ થાય છે. મોટાની વાતોમાં કેટલાકનાં હાડકાં વિંધાય જાય છે, પણ નિશ્ચય નથી તેથી મહિમા જણાતો નથી, શ્રધ્ધા આવતી નથી; માટે તર્ક કરે તો મોક્ષ ન થાય. પણ જો લક્ષ્યાર્થ મહિમા જણાય તો તેનું ભાગવતી તનુ બંધાઈને કિશોર અવસ્થા આવે છે અને પુરુષોત્તમના સાધર્મ્યપણાને પામીને પુરુષોત્તમરૂપ થાય છે તેમાં સ્વામી-સેવકપણું દઢ રહે છે ને પુરુષોત્તમના જેવો આકાર થાય છે. અને

અક્ષરાદિક સર્વેને વિષે તો શ્રીજીમહારાજનું તેજ અન્વયપણે રહ્યું છે. મુક્ત તો નકરું મૂર્તિનું સુખ ભોગવે છે; માટે આપણે ખૂબ જમી લેવું."

એમ વાત કરી રહ્યા પછી પોતે બીજે દિવસે કચ્છમાં જવાની ઇચ્છા બતાવી ને હરિભક્તોને કહ્યું જે, "અમારે આ વખતે આઠ દિવસ રહેવાનું હતું, પણ પંદર દિવસ થવા આવ્યા. હવે કાલે અમારે જવું છે."

તે વખતે લાલુભાઈ, મહાદેવભાઈ, દેવજીભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ, હરિભાઈ, માસ્તર પ્રભાશંકરભાઈ, અમીચંદભાઈ, સોમચંદભાઈ, ગોરધનભાઈ, ગોવિંદભાઈ, લાલજીભાઈ આદિક હરિભક્તોએ વિનંતિ કરી જે, "બાપા! હજી આઠ દિવસ રોકાઓ તો સારું; કેમકે ઘણા હરિભક્તો દર્શન-સેવા-સમાગમના પ્યાસી રહી ગયા છે. તમે દયા કરીને પધાર્યા છો તેમ દયા કરી આઠ દિવસ વધુ રહો તો રાજી થઈએ."

ત્યારે બાપાશ્રી કહે, "આઠ દિવસ વધુ રહીએ કે અખંડ રહીએ, બેમાં ક્યું સારું?"

સ્વામી સામું જોઈને કહે, "બોલો સંતો! તમને કેમ લાગે છે?"

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, "બાપા! આપ જેમ રાજી થાઓ તેમ કરો. આઠ દિવસ વધુ રોકાશો તોપણ અખંડ રહ્યા વિના ક્યાં ચાલે તેમ છે? જ્યાં મહારાજ ત્યાં આપ છો તે મહારાજ કયે ઠેકાણે ન હોય? મહારાજ તો સર્વત્ર છે તેમ આપનું પણ એવું છે. માટે જેમ ઠીક લાગે તેમ કરો."

તે વખતે બાપાશ્રીની મરજી કચ્છમાં પધારવાની જાણી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ કોઈ સંતોએ વધુ આગ્રહ કર્યો નહીં.

હરિભક્તોને કહ્યું કે, "તમો કરાંચીવાળા હરિભક્તોએ ઘણા લહાવ લીધા. બાપાશ્રીએ પણ તમને સર્વેને પોતાના જાણી ન્યાલ કરી

મૂક્યા છે. હવે તો જેમ મૂર્તિમાં રાખ્યા છે તેમ મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવજો. મૂર્તિ ભેળા અનંત અનાદિમુક્ત રસબસભાવે એ સુખ લીધા જ કરે છે. વર્તમાન કાળે બાપાશ્રી એ દિવ્ય સુખ પમાડવા દૃષ્ટિગોચર વર્તે છે. ગામોગામ ફરી જે જે શરણે આવે છે તેને મહારાજની મૂર્તિના સુખભોક્તા કરવાનો જ એમનો ઠરાવ છે. માટે તમો જેમ બાપાશ્રી રાજી થાય એમ રાજી રહો.''

''જુઓને! બાપાશ્રીની આ શહેરના હરિભક્તો ઉપર કેટલી દયા છે! તેથી દિવ્ય રૂપે મહારાજની મૂર્તિમાં તો બાપાશ્રી અખંડ રહ્યા છે, પણ આ તો સૌને દેખાય કે બાપાશ્રી પધાર્યા અને આઠ દિવસ રહ્યા કે દસ-પંદર દિવસ રહ્યા; આમ લહાવ લીધા, આવા આશીર્વાદ મળ્યા. એવી રીતે આ શહેરમાં બાપાશ્રીએ ચાર વખત પધારી દર્શન આપ્યાં તેમાં પ્રથમ ૧૯૬૭ની સાલમાં, પછી વળી ૧૯૭૨માં, ત્રીજી વખત ૧૯૭૯ અને આ વખતે ૧૯૮૩માં; એમ ચાર વખત બાપાશ્રીએ પ્રત્યક્ષ નાના-મોટા સ્થિતિવાળા, સ્થિતિ વિનાના, એકાંતિક, પરમ એકાંતિક, મુમુક્ષુ કે સાધારણ અલ્પ જીવો આદિકને દર્શન આપ્યાં તેમાં કેટલાંય પ્રસિદ્ધ કાર્યો કર્યાં.''

''કેટલીક પારાયણો થઈ, ગાડીખાતાના મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, શ્રીજીમહારાજ દિવ્ય રૂપે મૂર્તિઓની પ્રતિષ્ઠા વખતે પધારેલા જેનું સ્મૃતિરૂપ સ્થાન (છત્રી) કરાવી ચરણારવિંદ પધરાવેલાં. ત્યાં મહારાજની મૂર્તિ પધરાવી, ઘેર ઘેર બ્રહ્મયજ્ઞ થયા. મોહનભાઈને ઘેર પણ મૂર્તિ પધરાવી, પારાયણ થઈ તથા સુખશૈયામાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી તે ઉપરાંત મલીરબાગ પ્રસાદીમય થયો. હજારો હરિભક્ત તથા મુમુક્ષુએ સહિત હવાબંદરનો સમુદ્ર કિનારો સ્મૃતિરૂપ કર્યો. વળી કેટલાય જીવોને આત્યંતિક મોક્ષરૂપ અભયદાન આપ્યાં. આવી રીતે બાપાશ્રીએ કરાંચીના હરિભક્તોને ઘણાં સુખ આપ્યાં છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''સ્વામી ઈશ્વરચરણદાસજીએ અમારું

અહીં આવવાનું યાદ ઠીક રાખ્યું છે તોય બે વખતનું તો ભૂલી ગયા.''

ત્યારે સ્વામીશ્રી કહે, ''બાપા! આપ કયે વખતે પધારેલા તે રહી ગયું?''

ત્યારે પોતે કૃપા કરીને બોલ્યા જે, ''અમે નાના હતા ત્યારે અમારા પિતાશ્રીની સાથે આવેલા તથા જ્યારે વીશ વર્ષના હતા ત્યારે પણ આવેલા તે વખતે આ કરાંચી બીજી ભાતની હતી, હવે તો મોટું શહેર બની ગયું છે. અમે આવેલ તે દિવસ તો આવું કાંઈ નહોતું.''

એમ કહી પોતાની બે વખત વધારે આવ્યાની સ્મૃતિ કરાવી આપી. તેથી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ પ્રથમ સાંભળેલ જે બાપાશ્રી નાના હતા ત્યારે કરાંચી આવેલ તે સ્મૃતિ યથાર્થ થઈ. પછી હીરાભાઈ, ઉકાભાઈ તથા સાંવલદાસભાઈએ બાપાશ્રી તથા સદ્‌ગુરુ આદિ સંતમંડળ અને હરિભક્તોને મલીરના પોતાના બગીચામાં તેડી જવાનું આગલે દિવસે નક્કી કરેલ તેથી સમય થયો એટલે સૌને તૈયાર થવાનું કહીને વાર્તાની સમાપ્તિ કરી. બાપાશ્રી તથા સંતોએ ઠાકોરજીને થાળ જમાડ્યા.

હરિભક્તો પણ સાથે ચાલવા હાજર થયા ત્યાં મોટરો આવી. તેમાં બેસીને સંત-હરિભક્તો કીર્તન બોલતાં મલીરના બગીચે જવા નીકળ્યા. વચમાં નદી આવે છે તે ઠેકાણે ઉકાભાઈ તથા બગીચામાં રહેનારા માણસો સામા આવ્યા. રેતીને લીધે મોટર ન ચાલતી હોવાથી સંત-હરિભક્તો ચાલ્યા ને બગીચામાંથી એક ગાડું આવેલ તેમાં બેસી બાપાશ્રી બગીચામાં આવ્યા.

પછી પાથરેલ આસન પર બેસી વૃક્ષની ઘટા સામું જોઈને કહ્યું કે, ''સ્વામી! આ વૃક્ષ બધાં આ દિવ્ય સભાનાં દર્શન કરે છે. તેથી સર્વે દિવ્યભાવને પામી ગયાં. આ સભાની રજ લઈને કોઈ માથે ચડાવે તો તેનાં અનંત જન્મનાં પાપ બળી જાય. આ સ્થાન સર્વે નિર્ગુણ થઈ ગયાં. મહારાજ કહે છે કે, 'તમે જે વૃક્ષ તળે બેઠા હો તથા જે નદી-તળાવને

વિષે પગ બોળો, તે સર્વે તીર્થરૂપ થાય છે.' એમ તમ જેવા ધર્મ-નિયમવાળા સંત તેની તો વાત જ નોખી છે. એવી આ સંતસભા છે. આ તો મૂર્તિના સુખમાં ઝીલનારા સંત તેમનાં દર્શન ક્યાંથી? આવાં દર્શને આત્યંતિક મોક્ષ થઈ જાય."

એમ કહી ઉકાભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ, હરિલાલ, કુંદન આદિક સર્વેની પ્રશંસા કરીને કહ્યું જે, "આ સર્વેનાં હેત બહુ છે તેથી હાથ જોડીને સદાય રાજી કરવા તત્પર રહે છે. એમની સેવા પણ એવી. ભોળા ને વિશ્વાસી બહુ. આવા સ્વભાવથી મહારાજ તરત રાજી થઈ જાય. સત્સંગમાં દાસપણું રાખવું, એ જેવી કોઈ વાત નથી."

પછી હીરાભાઈની પ્રાર્થનાથી હોજમાં સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી નાહ્યા. સંતો કીર્તન બોલતા હતા અને હરિભક્તો પણ પ્રસાદીજળ માથે ચડાવી નહાતા હતા. તે વખતે બાપાશ્રી કીર્તનની ટૂંક બોલ્યા જે, "ઝીણી ઝીણી બુંદ પડે છે મેઘની" એમ બોલતાં સૌને મળ્યા ને કહ્યું જે, "મહારાજની મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે. અનંત મુક્ત એ સુખમાં કિલ્લોલ કરે છે. આ સર્વે દિવ્યભાવમાં જોવું. આપણે તો મૂર્તિ વિના કંઈ છે જ નહિ."

પછી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, "સૌને મૂર્તિના સુખમાં ઝીલાવજો. અમે તો એ જ કામ કરીએ છીએ. સત્સંગમાં કેટલાય જૂના કહેવાતા હોય, પણ આવી વાતની ખબર નહિ. એવાને જ્યારે આવી વાતો સમજાય છે ત્યારે અહો અહો થઈ જાય છે. આવાં તીર્થ સ્મૃતિએ સહિત બહુ મોટું કામ કરે છે. આવી દિવ્ય સભાની સ્મૃતિથી આત્યંતિક મોક્ષ થાય છે."

એમ કહી શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી. પછી વસ્ત્ર બદલી ઓશરી પર આસને આવીને બેઠા. ત્યારે ઉકાભાઈ, હીરાભાઈ, સાંવલદાસભાઈ, હરિલાલ, કુંદન તથા હીરાભાઈના નાના દીકરા આદિ સહકુટુંબે મળી મહારાજની મૂર્તિને અને બાપાશ્રીને તથા

સંતોને હાર પહેરાવ્યાં.

બાપાશ્રીએ પણ તે સર્વેને પ્રસાદી હાર આપ્યા ને આશીર્વાદના વચન કહ્યાં જે, "આમ ને આમ સદાય ચડતો રંગ રાખજો ને મૂર્તિનાં સુખ ભોગવજો." પછી કહ્યું જે, "હીરાભાઈ! તમારો હોજ ભારે પ્રસાદીનો થયો. આવા સંત-હરિભક્તો નાહ્યાં; આ તો મોટું તીર્થ થયું. મહારાજ ને સંત તે તો કેવળ કલ્યાણકારી છે. એમના સંબંધને જે પામે તેનાં બહુ મોટાં ભાગ્ય. ક્યાં જીવ ને ક્યાં ભગવાન ને ક્યાં આવા સંત! અમને આ સંત અહીં લાવ્યા. આ તો અનેકને મહારાજના સુખમાં સંકલ્પ માત્રે પહોંચાડી દે એવા જબરા છે."

પછી હરિભક્તોએ ઉત્સવ કરી કીર્તન ગાયાં ને સર્વેને પ્રસાદી આપીને લાલુભાઈની પ્રશંસા કરી કહ્યું જે, "આવા દેશમાં કેવા મુક્ત મહારાજે રાખ્યા છે! આ તો જંગમ તીર્થ કહેવાય." એમ કહી તેમને મસ્તકે હાથ મૂક્યા.

પછી હીરાભાઈની પ્રાર્થનાથી તેમનો બીજો બગીચો નદીને સામે કાંઠે હતો ત્યાં સંત-હરિભક્તોએ સહિત જવા તૈયારી કરી, પણ નદીમાં રેતી હોવાથી બાપાશ્રી ચાલી નહિ શકે એમ ધારી ઉકાભાઈ તથા સાંવલદાસભાઈ ઘોડી લાવ્યાં. બાપાશ્રીને તે પર બેસારીને કીર્તન બોલતાં સૌ એ બગીચે ગયાં. ત્યાં કૂવાનું જળપાન કરી વૃક્ષો પર દૃષ્ટિ કરતાં, માર્ગમાં ચાલતાં સૌને દર્શન દઈ બાપાશ્રી રેલ્વે સ્ટેશન પર આવ્યા. ગાડીને આવવાની વાર હતી અને સંધ્યા આરતીનો સમય થવાથી ત્યાં સંત-હરિભક્તોએ આરતી-ધૂન કરી. સ્ટેશન માસ્તરે આ દિવ્ય સમૂહ જોઈ ખુરસીઓ મંગાવીને પ્રાર્થના કરી તેથી બાપાશ્રી તથા સંત-હરિભક્તો સહુ બેઠા. ॥૧૦૦॥

## વાર્તા ૧૦૧

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૪) બાપાશ્રીએ તે વખતે કૃપા કરીને વાત કરી જે, "સ્થાવર ને જંગમ બે પ્રકારનાં તીર્થ છે. તેમાં

સ્થાવર તીર્થ વિષયી તથા પામરને માટે છે, તે સ્મૃતિ કરાવી દે. અને સંત તથા અનાદિમુક્ત છે તે તો જંગમ તીર્થ છે, તે માયા પર કરી મૂકે. એવા મહારાજ ને મુક્ત તે આપણા આધાર છે.''

''શું તેજ! શું લાવણ્યતા! શું ઐશ્વર્ય! ઝળળ ઝળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. એ મૂર્તિમાં મુક્ત સદાય રસબસ રહ્યા છે. એમ દૃઢ નિશ્ચય કરે તો જ મૂર્તિ હાથમાં આવે. બીજે હણોહણ કરે, પણ મૂર્તિ કોઈ પધરાવે નહિ. માટે ચોખ્ખો થઈને મંદિર તૈયાર કરે, તો મોટા તરત મૂર્તિ પધરાવી આપે; પણ વાર ન લાગે. જીવ કાર્યમાં ખેંચાય, પણ કારણ મૂર્તિનો એવો આનંદ ને મહિમા નહિ; પણ ખરું સુખ તો મહારાજ અને અનાદિમુક્તના જોગમાં છે. તે અનાદિમુક્ત અનંત કોટિ કલ્પ સુધી મૂર્તિના સુખમાં ઝીલે છે તેમ આપણે પણ સદાય મૂર્તિમાં ઝીલવું; મૂર્તિ બહાર નીકળવું નહિ.''

''અત્યારે મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી આદિક મહામુક્તો પ્રત્યક્ષ બેઠા છે એમ જાણવું. આવા સંતને દિવ્ય જાણવા. આ સંત સર્વે શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે એમ જાણે તો હેત બહુ થાય. જેમ ઝાડને કલમ કરે છે તેમ રસબસ થઈને મૂર્તિમાં જોડાઈ રહેવું. આ સંત અમદાવાદના છે, ભુજના છે, એવો ભાવ ટાળવો. આ તો સર્વે શ્રીજીમહારાજના સંકલ્પ છે એવો ભાવ લાવવો.''

''સંતનું મધ્ય તે શું? તો આ સભામાં મહારાજ બિરાજે છે એ સંતનું મધ્ય છે. ત્યાં જન્મ માગવો ને મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તો નવ મહિનાની કેદ મળે તે કેદમાં વાર ન લાગે, પણ જો બ્રહ્મ તથા અક્ષર આદિનાં ઐશ્વર્યમાં રાગ હોય તો કોટિ કલ્પે છૂટકો ન થાય. માટે ચૈતન્ય ભૂમિમાં જન્મ લેવો તે ચૈતન્ય ભૂમિ એટલે અક્ષરધામ (મહારાજની મૂર્તિનો પ્રકાશ) એ અક્ષરથી પર છે. ગોલોક મધ્યે

અક્ષરધામ, તે મધ્યે સાકાર મૂર્તિ સહજાનંદ શ્યામ. તે ગોલોક મહારાજના તેજની કિરણો તે મધ્યે મહારાજનો ઘાટો પ્રકાશ છે. તે મધ્યે મૂર્તિ છે એ મૂર્તિના સુખમાં રહેવું; તો માયા છેટી થઈ જાય તે ગોતી જડે નહિ. શ્રીજીમહારાજને અંતર્યામી જાણવા ને નાની-મોટી સર્વે આજ્ઞામાં દૃઢપણે વર્તવું અને ઉપાસનામાં તો વાંધો ન જ આવવા દેવો. અજાણમાં કોઈ આજ્ઞામાં ફેર પડ્યો હોય તો તપ કરાવીને અથવા જન્મ ધરાવીને વાંધો ભાંગે, પણ જો ઉપાસનામાં કાચું હોય તો એ વાંધો ભાંગે નહિ. માટે પતિને પડ્યા મેલવા નહિ.''

એમ વાત કરતાં ગાડી આવી તેથી સર્વે સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી મંદિરમાં પધાર્યા. ॥૧૦૧॥

## વાર્તા ૧૦૨

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૪) રાત્રે મેડા પર આસને બાપાશ્રીએ લાલુભાઈને કહ્યું જે, ''તમે તો જંગલમાં મંગલ કરી દીધું છે. આજ અમને અને સંતોને બહુ ફેરવ્યા. બગીચા ને વન સર્વે તીર્થ થઈ ગયાં. આ સંત-હરિભક્ત સર્વે અક્ષરધામના છે. મનુષ્ય જેવા દેખાય છે, પણ બહુ જબરા છે.''

ત્યારે તે કહે, ''બાપા! આપની દયા છે તેથી બધાય મૂર્તિનાં સુખ ભોગવે છે. આપે અમને ન્યાલ કર્યા છે.''

પછી બાપાશ્રી કહે, ''આ બધો શ્રીજીમહારાજનો પ્રતાપ છે. મહારાજ કહે છે કે, 'અમારે કોઈ જીવને મૂકવા નથી, સૌને સુખિયા કરવા છે. આજ તો મહારાજની દયાથી ભારે કામ થાય છે.''

પછી લાલુભાઈએ કહ્યું જે, ''બાપા! આજે આપને થાક લાગ્યો હશે તેથી આરામ કરો.''

ત્યારે બાપાશ્રી કહે, ''સૌ હરિભક્તોને તાણ ઘણી છે જે પાંચ દિવસ હજી વધુ રોકાય તો ઠીક, પણ અમારે હવે જવાનું છે તેથી સૂઈ

રહીએ તો તમને તાણ રહી જાય. અમે તો હરિભક્તોનાં આવાં હેત જોઈએ છીએ એટલે કાંઈનું કાંઈ થઈ જાય છે.''

એમ કહીને બન્ને સદ્‌ગુરુ પ્રત્યે બોલ્યા જે, ''સુખિયો કોણ? તો જે મહારાજની મૂર્તિ રાખે, સાધુતા ખરી રાખે ને સત્સંગમાં દાસભાવે વર્તે તે. એ વિના ગાદી-તકિયાવાળા અધિકારી, મહંત ને કોઠારી આદિકનાં કોઈ નામ જાણતું નથી. અને માન, મોટ્યપ, યશ, કીર્તિનો ત્યાગ કરી સત્સંગમાં દાસત્વપણે વર્તે છે તેને સહુ વખાણે છે. તેનું તો બહુ જ કામ થઈ જાય છે. તેને દેહ મૂક્યા કેડે પણ આ બ્રહ્માંડ રહે ત્યાં સુધી વાંસે સર્વે સંતના આશીર્વાદ જાય છે, જે કેવા સાધુ હતા! કેવા હરિભક્ત હતા! જેમ દાદા ખાચરનાં ને પર્વતભાઈનાં વખાણ થાય છે તેમ.''

''એવા મોટા સત્સંગમાં છે તેમનો વાયરો અડે તો ટાઢું થઈ જાય. માયિક વાયરે પણ ટાઢું થાય છે તો દિવ્યથી કેમ ટાઢું ન થાય? જરૂર થાય જ. એવા અનાદિમુક્ત મૂર્તિનું સુખ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે અને સુખનો વરસાદ વરસાવે છે, તેણે કરીને ચાર ખાણના જીવ સુખિયા થાય છે. એવા મોટાને ખોળે તો તરત હાથ આવે.''

''આપણે તો મૂર્તિના સુખનાં પારણાં કરવાં તે અચળ ને સનાતન છે. મૂર્તિના સુખ વિના બીજું જમવું તે ચળ છે તે ટકે નહિ, માટે એ દિવ્ય સુખનો આહાર કરવો. તે કોઈ કાળે નાશ ન થાય. જો મૂર્તિ વિના બીજો માયાનો આહાર થાય તો અભડાવે છે, કેમ કે માયા વટલાવે એવી છે. તેનાં કાર્યમાં જીવ હણોહણ કરે છે. માટે આપણે તો સર્વેના કારણ ને સર્વેને વશ કરનારા, સર્વોપરી, સર્વે સુખના ધામ શ્રીજીમહારાજ છે એ મૂર્તિના સુખનો જ આહાર કરવો. જે જે કરવું તે એકાંતમાં બેસી એક વૃત્તિએ કરી મૂર્તિમાં જોડાવાય તેવું કરવું, તો તેને મૂર્તિ સાક્ષાત્ દેખાય છે.''

''માયા ઝેરરૂપ છે તેને જીવ ઇચ્છે છે, પણ અમૃતને કોઈ ન

ઇચ્છે. આપણે તો પ્રકૃતિરૂપ માયાને ગણવી જ નહિ. પ્રકૃતિનું જ્ઞાન ખોટું છે. સાચું જ્ઞાન અનુભવ અને સત્ય સનાતન છે. માટે માયા ભેદીને, એકાંતિક તથા પરમ એકાંતિક ભેદીને તેથી પર અનાદિમુક્ત તે ભેળા ભળી જવું. એવા અનાદિમુક્ત અને મહારાજ સદા અનાદિ છે જ, પણ જે અવરભાવવાળા છે તેની દૃષ્ટિ અવરભાવવાળી છે તેથી તેને મહારાજ અને મોટા અનાદિ આદિ જેવા દેખાય છે; પણ તે આદિ નથી. સદા અનાદિ અને સનાતન છે.''

''એવો મહિમા કાલ સાધુ થયા હોય તેનો પણ જાણવો જે આ સાધુ બહુ જ મોટા છે; એમ સર્વેને દિવ્ય જાણવા. અને જ્યારે સંગ કરવો ત્યારે તો મોટાનો જ કરવો. મહારાજે અવરભાવમાં કહ્યું જે, 'મોટા મોટા આગળ બેસો', પણ પરભાવમાં સરખા કહ્યા છે; માટે આપણે સર્વેને દિવ્યભાવે બ્રહ્મની મૂર્તિઓ છે એમ જાણવું.''

''મોટા અનાદિમુક્ત છે તે તો અનંત કોટિ કલ્પ સુધી મૂર્તિનું સુખ ભોગવે છે તોપણ પાર પામતા નથી. તે મૂર્તિમાંથી તરેહ તરેહનાં નવાં નવાં સુખ આવે છે. જેમ પૃથ્વી માયિક છે તોપણ તેમાંથી જુદા જુદા રસ ઘણાક થાય છે. તો આ તો દિવ્ય મૂર્તિ છે તેમાંથી નવીન નવીન સુખ આવે તેમાં શું આશ્ચર્ય હોય? તે સુખની આપણે ત્વરા કરવી ને મૂર્તિમાં વળગવું, પણ મૂર્તિ વિના બીજે હેત કરી બંધાવું નહિ. હેત કરવા જેવા તો એક ભગવાન ને મૂર્તિમાં રહેનારા અનાદિમુક્ત છે. માટે એવા મોટા મુક્તને વિષે કોઈ દિવસ મનુષ્યભાવ આવવા દેવો નહિ; સદાય દિવ્યભાવ રાખવો.''

''અને મહારાજ પાસે એમ પ્રાર્થના કરવી કે, 'કોઈ દિવસ નાસ્તિક તથા કુસંગીનો સંગ ન થાય.' તે કુસંગ તે શું? તો મોટા ભગવદીનો દોષ આપણા જીવમાં ઘાલી દે એ મોટો કુસંગ કહેવાય. આપણે સાજો સત્સંગ દિવ્ય જાણવો, પણ સમાગમ તો મહારાજનો મહિમા તથા સુખ મળે તેવાનો કરવો. ને આજ્ઞા પાળવાનો ખટકો ઘણો

રાખવો; તેનો લોપ ક્યારેય કરવો નહિ. ગંગાજીનું જળ ગૌમુખીમાંથી આવે છે તેમ ગંગાજીને ઠેકાણે મૂર્તિ છે. જળને ઠેકાણે મૂર્તિનું સુખ છે અને ગૌમુખીને ઠેકાણે મુક્ત છે. તે મુક્તરૂપ મહારાજનું મુખ તે દ્વારે મૂર્તિનું સુખ આવે છે. માટે મૂર્તિથી જુદા ન પડે તે મોટા જાણવા ને કોઈનો મન, કર્મ, વચને કરીને દ્રોહ ન થાય તેવો ખટકો રાખવો. કેમ જે આ બધો સત્સંગ આપણું ગોત્ર છે તેથી કોઈનો ભૂંડો સંકલ્પ પણ ન કરવો. જે સ્વામિનારાયણ નામ લેતા હોય તેવાના દોષનો સંકલ્પ થાય તો આપણું ઠીકરું ફૂટી જાય ને વજ્રલેપ થાય. કારણકે જેના જીવમાં સ્વામિનારાયણ હોય તેના મુખથી જ તે શબ્દ નીકળે; માટે તેવાના દ્રોહથી પણ આપણે બીતા રહેવું.'' ॥૧૦૨॥

## વાર્તા ૧૦૩

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૪) બાપાશ્રી બોલ્યા જે, '''મારી મૂર્તિ રે મારા લોક, ભોગ ને મુક્ત સર્વે દિવ્ય છે' એમ મહારાજે કહ્યું છે તેથી આપણે પણ એ દિવ્ય સાથે ભળી જવું, નોખા ન રહેવું. સત્સંગરૂપ સમુદ્રમાં રહ્યા થકા કોરા ન રહેવું. અતિ હેતે મોટા અનાદિ સાથે જોડાવાથી અત્યંત સુખિયા થવાય છે. હેત કેને કહેવાય? તો રોઈ જવાય, ગદ્‌ગદ્ થઈ જવાય; પણ જો પત્થર જેવું હૃદય હોય તો જેમ પત્થર પાણીમાં હોય તોય કોરો રહે છે તેમ તેવા જીવને મોટાનો સંગ અડે નહિ. માટે ગરજુ થઈને મોટા મુક્તનો મન, કર્મ, વચને જોગ કરવો. એવો જોગ કરવાથી ચાલોચાલમાંથી એકાંતિક થઈ પરમ એકાંતિક થાય, પછી અનાદિ થાય. તે પણ જો ખરેખરો વિશ્વાસ હોય અને હેત હોય તો થાય, નહિ તો જેમ રોટલી કરતાં ઘી ચોપડે છે તેથી પડ નોખાં થઈ જાય છે તેમ થાય.''

''સર્વે સંત બ્રહ્મની મૂર્તિઓ છે. આ સભા અક્ષરધામની છે અને અનાદિમુક્ત છે તે તો મૂર્તિના સુખરૂપ અમૃતનો આહાર કરે છે, અમૃતમાં નહાય છે, અમૃતના યજ્ઞ કરે છે. તે સુખ આપણે પામવું છે

તે સારુ ભેગા થયા છીએ. પછી દેહ પડી જાય તો આ જોગ બહુ દુર્લભ થઈ પડે. માટે એવા મુક્તનો જોગ કરવો અને મૂર્તિમાંથી અનુભવજ્ઞાન નીકળે છે, તેનો જ્યારે ખરો લક્ષ્યાર્થ થાય તો મહારાજના ભાવને તથા સુખને પામે. ત્યારે તેને મહારાજ ને મોટા જળસ્નેહી મીનની જેમ જીવનરૂપ થઈ જાય. જેને એ રીતે મોટા જીવનરૂપ થયા હોય તેને મૂર્તિનો વિયોગ થાય તો દેહ પડે તેવું કષ્ટ થાય. મૂર્તિ વિના બીજો સંકલ્પ જ ન થાય એવા નિષ્કામ ભક્ત ખરા છે.''

''જો મોટાને મન સોંપે તો ખરો પાત્ર થાય એટલે દેહ છતે આત્યંતિક મોક્ષ થઈ જાય. જો કોઈ પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કરે તો તેને મહારાજ પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે. પછી મૂર્તિ વિના બીજો ઘાટ જ ન થાય. કલ્પતરુ સંકલ્પ સત્ય કરે છે તો મહારાજ અને મુક્ત સંકલ્પ સત્ય કરે તેમાં શું નવાઈ! ખરો થઈને મંડે તો કાંઈ વાંધો રહે નહિ; પૂરું થઈ જાય. પણ જીવને પરભાવની વાત ભાવતી નથી ને કાર્યમાં ભડાભૂટ કરે છે તેથી ઐશ્વર્ય, ચમત્કાર, દિગ્વિજય આદિકથી ખુશી રહે. પણ મહારાજ મળ્યા, મોટા મુક્ત મળ્યા, એનો કેફ ને આનંદ નહિ તે ઠીક નહિ. માટે મૂર્તિનું સુખ પામવા સજાતિ થવું, તો મૂર્તિનું સુખ આવે. શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'અમે તો દિવ્ય તેજોમય છીએ.' એવું મુક્તનું સમજવું. આ દેખાવામાત્ર મનુષ્યભાવ છે, પણ શ્રીજીમહારાજ તથા મુક્ત તો સદાય દિવ્યભાવમાં રહે છે. આપણે એવા અનાદિનો જોગ કરી માયાનું કાર્ય ખોટું કરીને હીરાના વેપારી થવું, ને મૂર્તિ પામવાનો ઠરાવ રાખવો.''

''જ્ઞાન પ્રલય થઈ જાય તો બીજું કાંઈ રહે નહિ, એક મહારાજ ને તેમના મુક્ત રહે; એટલે સુખિયો. આવો મહારાજ ને અનાદિમુક્તનો જોગ છે તોપણ જીવ ગરજુ ન થાય. એ મોહરૂપ અંધે ઘોડે ચડ્યો છે, માટે ક્યાંથી સુખ આવે? તોપણ મોટાને સંભારીને બીજા સંકલ્પ ન કરે તો મોહરૂપ અંધો ઘોડો ટળી જાય. જીવને માયિક વસ્તુની કિંમત છે ને શ્રીજીમહારાજ તથા અનાદિ તેની કિંમત નથી તે નાસ્તિકભાવ કહેવાય.

મહારાજે તો કાંઈ બાકી રાખ્યું નથી. બધુંય વચનામૃતમાં છે. તે ચોપડો લઈને બેસે તો મહાપ્રભુજીની મૂર્તિ વચનામૃતમાંથી હાથ આવે છે. એકેય શબ્દ મૂર્તિ વિના ખાલી નથી. બધાય શબ્દ એમાં છે. બીજાં શાસ્ત્ર તો વૈરાજ સુધી કે પ્રકૃતિપુરુષ સુધી પહોંચે; તે શાસ્ત્ર મહારાજ સુધી ન પહોંચે. બીજાં શાસ્ત્ર અવરભાવનાં છે ને મહારાજનાં વચનામૃત તો પરભાવનાં છે.'' ॥૧૦૩॥

## વાર્તા ૧૦૪

(સંવત ૧૯૮૩, ફાગણ વદ-૧૪) બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''શ્રીજીમહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાથી બહુ મોટું કામ થાય છે અને મહારાજના આકારે થઈ જાય છે તેને ભાગવતી તનુ કહે છે. એટલે મહારાજ પોતાની મૂર્તિમાં રાખે છે અને અપરિમ્ અપરિમ્ સુખ આપે છે. એ મુક્તને મૂર્તિમાં આવરણ નથી. સાકાર થકા મૂર્તિમાં રહ્યા છે. તે મુક્ત-મુક્તમાં સોંસરા ચાલ્યા જાય છે. જેમ સંતદાસજી ભીંત સોંસરા ચાલતા તેમ મુક્ત-મુક્તને એકબીજાનું આવરણ નથી.''

''આવા મહારાજ અને અનાદિમુક્ત મળ્યા. એવા જોગમાં હારી જવું નહિ. તે હારી જવું એ શું? તો આવા સંતમાં મનુષ્યભાવ રહે ને મૂર્તિઓમાં મનુષ્યભાવ રહે તથા ચિત્રભાવ, ધાતુભાવ રહે કે દોષ પરઠાય તો હારી જવાય, માટે પાત્ર થવું. તે પાત્ર ક્યારે થવાય? તો કામ, ક્રોધ, માન, ઈર્ષ્યા, કપટ, એ સર્વેનો ત્યાગ કરી મોટા અનાદિમુક્તને વિષે આત્મબુદ્ધિ કરે. જેમ મોટી નદીમાં પાણીનો લોટો નાખે તે સમુદ્રમાં પહોંચે છે, તેમ મોટાને વિષે હેત હોય ને તેમને જીવ સોંપે તો મોટા પાત્ર કરીને ધક્કે મારીને ધામમાં લઈ જાય; એમ જાણી હિંમત રાખી મંડવું જોઈએ.''

''આપણે શ્રીજીમહારાજ તથા દિવ્ય સભા એ ભેળું રહેવું; પણ જુદા રહેવું નહિ. અનુભવજ્ઞાન થાય તો બધુંય દેખાય છે; કેમ કે

મહારાજ તથા મોટાને પોતાના સુખમાં જીવને લઈ જવા છે ને પોતાના જેવા કરવા છે. માટે પુરુષપ્રયત્ને કરીને જડ-ચૈતન્ય માયાનો ત્યાગ કરવો. હમણાં એ માયાએ તો ડોકું કાઢ્યું છે, તેથી આજ્ઞામાં ખબડદાર રહેવું. અને વૈરાગ્ય, આત્મનિષ્ઠા, શ્રદ્ધા, અહિંસાધર્મ અને બ્રહ્મચર્ય એ પાંચ સાધને યુક્ત થાય ત્યારે મહારાજની કૃપા થાય ત્યારે તે ભગવાનના તુલ્યપણાને પામે ને શુભ-અશુભ કર્મથી બંધાય નહિ. એમ સ્વતંત્ર થાય છે ને મૂર્તિમાં લીન એટલે મહારાજનાં અંગોઅંગમાં રસબસ રહે છે.''

''એવા મુક્તની સામર્થી મહારાજે રોકી રાખી છે તેથી જાણતાં થકા અજાણતા રહે છે, પણ એ સર્વત્ર જાણે છે. તમને તમારી સામર્થીની ખબર નથી. આ સભા સર્વે ચૈતન્યની મૂર્તિઓ છે. તે મુક્ત ને મહારાજ જ્યાં હોય ત્યાં માયા રહે જ નહિ, મરી જાય, ગોતી હાથ ન આવે. મોટા મુક્તના સંબંધને જે જે પામે છે તે નિર્ગુણ થાય છે. તેવા નિર્ગુણના ગુણ મહારાજ પણ ગાય છે. 'નિર્ગુણના ગુણ ગાય ધર્મસુત લાડીલો' માટે આપણે આપણું કરવું. મહારાજ અને આવી દિવ્ય સભાથી બહાર નીકળવું નહિ. પોતાના ઘરમાં રહેવું એટલે મૂર્તિમાં જ રહેવું.''

પછી એમ બોલ્યા જે, ''આ વખતે કરાંચીમાં આઠ દિવસ રહેવા ધારેલ, પણ હરિભક્તોના હેતને લીધે પંદર દિવસ થઈ ગયા. નાના-મોટા સૌ હરિભક્તોએ લાભ લીધો. સર્વેને સરખી ને સરખી તાણ છે. સત્સંગમાં ચડતો રંગ છે તે શ્રીજીમહારાજનો પ્રતાપ છે. અહીંના સર્વે હરિભક્તોની તાણ એવી છે જે હજી ચાર મહિના રહીએ તોપણ તૃપ્ત ન થાય. પણ સ્વામી! અમારે દેશમાં જવું ખપે.''

એમ કહીને બન્ને સદ્‌ગુરુઓ તથા પુરાણી આદિ સંતોને કહ્યું જે, ''તમો હવે સૂઈ જાઓ.''

પછી પોતાની સાથે આવેલા હરિભક્તો તથા પોતાના પૌત્રાદિકને કહ્યું જે, ''તમારા સામાન બાંધી રાખજો. આ હરિભક્તોનાં હેત ઝાલ્યાં રહે તેવાં નથી. તમને તો કાલે માગ નહિ જડે. આગબોટના

ટાણે પહોંચાય ત્યારે પહોંચ્યા.''

એમ કહીને બાપાશ્રી પોઢી ગયા. ॥૧૦૪॥

## વાર્તા ૧૦૫

સંવત ૧૯૮૩ના ફાગણ વદ ૦)) અમાસને રોજ સવારે સાડા ત્રણ વાગે વહેલા ઊઠી નાહી, પૂજા કરી બાપાશ્રી સૌને મળ્યા. અને જય સ્વામિનારાયણ કરી આસને આવ્યા.

પછી સદ્‌ગુરુ આદિ સંતોને કહ્યું કે, ''સ્વામી! જુઓને! અહીં કેવો દિવ્ય સત્સંગ ફૂલી રહ્યો છે? સૌનાં હેત નવીન ને નવીન. પંદર દિવસ થયા, પણ જાણે પાંચ દિવસેય થયા નથી. સવાર-સાંજ સભા ઊભરાતી જ રહે છે. નાના-મોટા સર્વે મહારાજને તથા મોટાને રાજી કરવા ઘણો ખટકો રાખે છે.''

પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, ''બાપા! દિવ્ય સત્સંગ કેમ જણાય?''

ત્યારે બાપાશ્રી કીર્તનની ટૂંક બોલ્યા જે, '''નરનારાયણ દિવ્ય મૂર્તિ સંતનકો વિશ્રામ' એમ ભગવાનને દિવ્ય જાણે એટલે મૂર્તિને પામેલા સર્વે દિવ્ય.''

ત્યારે સ્વામીશ્રી કહે, ''બાપા! સંત મૂર્તિમાં વિશ્રામ કરીને રહે તેને દેખાય કોણ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિમાં રહ્યા હોય તેને તો શ્રીજીમહારાજ દેખાય.''

એમ કહીને વાત કરવા લાગ્યા જે, ''આપણે ભગવાન ભજી લેવા ને સત્સંગ દિવ્ય સમજવો. મોટા મુક્તનો ખપ કરવો, એમને ઓળખવા.''

પછી વળી સ્વામીશ્રીએ પૂછ્યું જે, ''બાપા! મોટા ઓળખાય કેમ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મોટાને તો એક ભગવાન જીવન હોય એટલે ખપવાળાને ભગવાનની દયાએ મોટા જરૂર ઓળખાય. મોટા અનાદિ ને મહારાજ એ તો ભેગા જ રહે છે. એવા અનંત મુક્ત સાકાર થકા મૂર્તિમાં રહીને મૂર્તિનાં સુખ ભોગવે છે. જેમ સમુદ્રમાં અનંત માછલાં કિલ્લોલ કરતાં થકાં રહ્યાં છે, તેમ મૂર્તિમાંથી મુક્ત સુખ લીધા જ કરે છે. આ લોકના દૃષ્ટાંતમાં મળતું ન આવે એટલે બીજું શું કહેવું? એ સુખ તો મહા અલૌકિક છે, દિવ્ય છે. એ સુખની આગળ કોઈ સુખ ગણતરીમાં ન આવે. આપણે ધ્યાન, ભજન, કથા, વાર્તા, સેવા, ભક્તિ કરીએ; પણ સુખ તો મહારાજ આપે ત્યારે જ આવે અને ટાઢું પણ ત્યારે જ થાય. મહારાજની મૂર્તિમાંથી તેજ ફરર ફરર છૂટે છે. 'શીતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય.'"

"એ સુખ આગ્રહથી નથી મળતું; પ્રસન્નતાથી સાવ સોંઘું છે. આગ્રહથી તો લાડકીબાઈના જેવું થાય. તે એને એવું શીતળ તેજ ન ખમાણું ને ચીસો પાડવા માંડી ને કહ્યું જે, 'હું બળું છું.' તે પછી ગણપતિ ને વિષ્ણુનાં સ્થાનક દેખાડતાં દેખાડતાં પોતાનું સ્વરૂપ સમજાવ્યું ત્યારે શાંતિ થઈ. એમ ત્રણ દેહના ભાવ મેલ્યા વિના શાંતિ થાય નહિ. આપણે એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિ; તેમાં કયા મંડળમાં રહેવું છે તેનો તપાસ કરવો."

"આ લોકનાં દ્રવ્ય, સ્ત્રી, પુત્રાદિક કોઈ કામ નહિ આવે. સ્વામિનારાયણ ભગવાન એક જ કામ આવે એવા છે. એ મૂર્તિ જ અલૌકિક છે, દિવ્ય છે, સનાતન છે. એમના થયા એટલે બધી વાત સમજાણી. એ મૂર્તિમાં જોડાઈ જઈએ તો કામ જબરું થઈ જાય. ચમક લોઢાને ખેંચે તેમ મહારાજ પોતાના થયા હોય તેને પોતાની મૂર્તિમાં ખેંચી લે છે. મહારાજે એટલા સારુ સમ ખાધા છે. આ વાતો પણ ચમત્કારી છે. આ સભામાં બધુંય છે. જુઓને! રાજાભાઈએ મહારાજના રાજીપા સારુ પર્વતભાઈનું સાંતી બાર વરસ ચલાવ્યું."

પછી બોલ્યા જે, "સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી કેવા સમર્થ! તેમના શિષ્ય સ્વામી નિર્ગુણદાસજી અને એ સ્વામીના શિષ્ય આ ઈશ્વરબાવો; તે આવા મોટાના જોગથી મૂર્તિમાં સળંગ જોડાઈ ગયા. આપણે પણ મૂર્તિ રાખવી. એ સાચી વસ્તુ છે. 'શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું' એવું કરવું. ખોટામાં ખોટી થઈએ એટલો બાળકિયો સ્વભાવ કહેવાય. ખોટી વસ્તુ સાચી થાય તેમ નથી. 'માયા જગ ઠગણી.' ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ આપણે ભગવાનની લીલા જાણવી. 'જ્ઞાની મારો આત્મા, મેં જ્ઞાની કો પ્રાણ' આવા મોટા અનાદિનો જોગ દુર્લભ છે. આ તો ઠેઠ મૂર્તિમાં જોડી દે તેવા સંત છે, તે ઓળખાય ને જીવ દેવાય તો બધાંય કામ પૂરાં થઈ જાય. આ તડાકા-ફડાકા નથી, આ તો મુદ્દાની વાતો છે."

હીરાભાઈ તથા સાંવલદાસભાઈ સામું જોઈને કહ્યું કે, "તમને આવા સંત મળ્યા છે તે વાત બહુ જબરી થઈ છે. અખતર ડાહ્યા આવી દિવ્ય સભામાંથી ખોંચું કાઢે. પોતામાં તો કાંઈ માલ ન હોય, પણ આ સભાનો તોલ કરવા બેસે, એને શું ખબર પડે? આ સંત મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે. આ સભા મહા અલૌકિક છે."

એમ અતિ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, "મેં હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ."

એ ટૂંક બોલીને કહ્યું જે, "મહારાજની મૂર્તિમાં જોડાઈ રહેનારાને બીજું બધું મૂકી દીધા જેવું છે. એટલું સમજ્યા તો સર્વે વાત સમજાણી. શ્રીજીમહારાજ અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે, સર્વેના કારણ છે, સર્વના કર્તા-હર્તા છે, સર્વના નિયંતા છે, સર્વોપરી છે, અકળ મૂર્તિ છે. તે આ સભામાં પ્રગટ બિરાજે છે. આ સભા એ ભગવાનની છે. આ મુક્ત સર્વે એ મૂર્તિના સુખભોક્તા છે. આ સભાનો મહિમા બહુ જબરો છે."

"શિવ-પાર્વતી ચાલ્યાં જતાં હતાં. ચાલતાં ચાલતાં માર્ગમાં

આંબલીની ઘાટી છાયા આવી હતી ત્યારે શિવજીએ રજ લઈને માથે ચડાવી ત્યારે પાર્વતીએ પૂછ્યું કે, 'આમ શું કરો છો?' ત્યારે કહે જે, 'મોટા પુરુષ અને ભગવાન આ ઠેકાણે ચાલ્યા છે. તેથી આ ભૂમિનાં હું શું ભાગ્ય કહું?' ત્યારે પાર્વતીને એ વાત સમજાણી.''

''અને એક મકોડો ઇંદ્રના સિંહાસન ઉપર ચડતો હતો, તે જોઈને ઇંદ્રને હસવું આવ્યું. તે સમે મકોડાને વાચા આવી ને બોલ્યો કે, 'હું ઈકોતેર વખત ઇંદ્ર થયો છું.' એમ મહિમાની વાતો જાણવાની છે. બીજાં સુખ-વૈભવ દુર્લભ નથી. ભગવાન ને સંત બે જ દુર્લભ છે.''

''તે આજ સુલભ થયા છે. જીવને જાણવાનું ગજું નહિ, તેથી દયા કરી અગમ સુગમ થાય તોય જીવને મહિમા નહિ તેથી જાણી ન શકે. શિવજીએ મહિમા જાણ્યો ને પાર્વતીએ પૂછ્યું તો ખબર પડી. તેમ આપણામાં શિવ કોણ? માયાથી જે પરના હોય ને મૂર્તિમાં રહ્યા હોય એ અનાદિમુક્ત આપણા શિવ. એમાંથી મનુષ્યભાવ કાઢી નાખવો. નકરો દિવ્યભાવ રાખવો.''

પછી એમ બોલ્યા જે, ''આપણે રંગરાગમાં ન લેવાવું. જુઓને! મહારાજે અમદાવાદની ચોરાસી કરી પછી તે પ્રવૃત્તિ વિસારવા સારુ ગણેશ ધોળકાની રાણ્યોમાં જઈને તે પ્રવૃત્તિ વિસારી દેવાનું શીખવ્યું. કાર્ય તો ગમે તેટલું હોય, પણ કારણને લઈને છે. એમ જાણી આપણે તો કારણ મૂર્તિ એક શ્રીજીમહારાજ રાખવા. એટલે કોઈ આવરણ ન નડે. કાચાને આવરણ ઘણાં છે, માટે બીજી પ્રવૃત્તિ પડી મેલવી. આવો જોગ બહુ દુર્લભ છે; મળે તેવો નથી.'' ॥૧૦૫॥

## વાર્તા ૧૦૬

(સંવત ૧૯૮૩, ફાગણ વદ અમાસ) બાપાશ્રીએ સવારે સભામાં વાત કરી જે, ''મહારાજની મૂર્તિમાં અનાદિમુક્ત રસબસ રહ્યા છે. ને મૂર્તિમાંથી સુખ લીધા કરે છે. કોટિ કલ્પ વીતી જાય પણ એ સુખથી તૃપ્ત થતા નથી. ત્યાં આપણે સર્વેને રહેવું છે. ત્યાં કેમ જવાય?

તો એકાંતિક થઈને પરમાત્મા જે શ્રીજીમહારાજ તેમને પધરાવે એટલે પરમ એકાંતિક થાય ત્યારે તેને મહારાજનું અનુભવજ્ઞાન ખેંચી લે છે. એટલે જેમ સમુદ્રની વેળ આવે છે એમ ઝળળ ઝળળ કરતું મહા તેજોમય સુખ તેના હિલોળામાં પરમ એકાંતિકને લઈ જાય છે. ત્યાં બીજા કોઈની ગતિ નથી. ત્યાં ગયા પછી મહા તેજોમય દિવ્ય સનાતન એવું સુખ તેને અનાદિમુક્ત સાથે ભોગવે છે. આ વાત મુદ્દાની છે. મુદ્દો રાખવો એ શું? તો કારણ મૂર્તિ રાખવી. તે ભેળું બધુંય આવશે. વિશ્વાસ રાખજો. મહારાજ કહે છે કે, 'મારા લોક, ભોગ ને મુક્ત સર્વે દિવ્ય છે.' એ દિવ્ય વસ્તુ આપણને મળી છે. માટે સર્વેના કારણ મહારાજને જાણીને સાધનનો ભાર કાઢી નાખવો."

પછી પ્રથમ પ્રકરણનું ૫૧મું વચનામૃત વંચાણું. ત્યારે બોલ્યા જે, "આમાં પણ એ વાત આવી જે સર્વેના કારણ મહારાજ ને દેહરૂપી ગાડું વીંખી નાખ્યું. માટે કારણને વળગી રહેવું, તો રસ મળશે. આ વાત જેમ છે તેમ કહીએ છીએ. એમાં સ્વામિનારાયણ સાક્ષી છે. માટે આ મુદ્દો જરૂર રાખજો. કાળ, કર્મ, માયા એ કોઈ ભગવાન વિના કાંઈ કરવાને સમર્થ નથી. સર્વ કર્તા શ્રીજીમહારાજને જાણવા. આવો મહિમા જાણે તેનો પાયો સત્સંગમાં અચળ છે, તે કોઈનો ડગાવ્યો મોક્ષના માર્ગમાંથી ડગે નહિ. મુખ્ય કરવાનું તો એ છે જે એક વૃત્તિ કરીને અખંડ મૂર્તિમાં જોડાવું, પણ ચાર-આઠ વૃત્તિ ન કરવી; તો જ મહાપ્રભુ રાજી થાય. અને સુખ પણ જ્યારે એક વૃત્તિ થાય ત્યારે જ આવે છે."

પછી સાધુ દેવજીવનદાસજીએ પૂછ્યું જે, "જામફળીના ઝાડને વિષે ફળ બધાં એક સરખાં હોય છે તેમ મુક્ત દિવ્યભાવમાં બધાય સરખા છે. તેથી પોતાને કેવી રીતે ખબર પડે જે આમને જોગે હું મહારાજને પામ્યો?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અનુભવજ્ઞાન થાય ત્યારે એને કોઈ વાત અજાણી રહે નહિ. એ મૂર્તિ જ અલૌકિક છે. આ સમે

શ્રીજીમહારાજની અપાર કરુણા છે, તેથી પ્રાપ્તિ બહુ મોટી થાય છે. પણ કરવાનું છે તેમાં જીવને આળસ બહુ રહે છે. આવા સમયમાં જે આળસ રાખે તે કેવો કૃતઘ્ની કહેવાય? આપણે મહારાજ સન્મુખ થઈએ તો તે ધક્કે મારીને લઈ જાય એવા છે. પણ જીવને કારણમાં હેત થતું નથી ને કાર્યમાં બહુ રાજી થાય છે. ઉત્સવ, સમૈયા અને ધામધૂમ હોય તેમાં રાજી થાય તેવો કારણનો આનંદ હોય તો કાંઈ વાંધો રહે? અને કાર્ય હોય તેમાં પણ મૂર્તિનો સંબંધ રાખે તો કેવું સુખ થાય! પણ જીવને કાર્યમાં જ ભડાભૂટ કરવાનું બહુ ગમે છે. મોટાને બીજું કહેવાનું નથી, પણ જે કરવાનું છે તે કહેવું જોઈએ. આવું સુખ અને આવા સંત ક્યાંથી હોય! આ સંત તો મૂર્તિમાં રસબસ રહેનારા છે તેથી આપણે ન્યાલ થયા છીએ, નહિ તો ક્યાંય રખડવું પડત. માટે દિવ્ય સભા જાણવી.'' ॥૧૦૬॥

## વાર્તા ૧૦૭

(સંવત ૧૯૮૩, ફાગણ વદ અમાસ) બાપાશ્રીએ વાત કરી જે, ''આપણે શ્રીજીમહારાજના પ્રતાપે સુખિયા છીએ તેથી મોટાં મોટાં હવેલાં તથા જે જે ઇચ્છીએ તે ભેળું હાજર થાય છે. એ બધી મહારાજની કૃપા છે, પણ આપણે વિચાર રાખીને ભોગવવું.''

પછી સભા સામું જોઈને કહ્યું જે, ''કોઈને ખોટું તો નથી લાગતું ને? જો ખોટું લાગતું હોય તો ન કહીએ.''

ત્યારે સંતોએ કહ્યું જે, ''બાપા! કોઈને ખોટું લાગતું નથી. ખોટું લગાડીએ તો મહારાજ કેમ રાજી થાય?''

તે સમે બાપાશ્રી અતિ પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, ''ફકર રાખશો મા. માયાનો શો ભાર છે? તે બાપડી શું કરનારી છે? આપણે તો મારી નાખી છે. આપણે ભેળા ચાલશું. આ તો મરેલ શત્રુથી બીતા રહેવું, નહિ તો એનો શો ભાર છે? જેમ સિંધુ, સરસ્વતી આદિ નદીઓ સમુદ્રમાં આવે છે તેનો એવો વેગ જે મોટાં મોટાં ઝાડ, પહાડ, ખેંચીને

સમુદ્રમાં મળે છે. તે સમુદ્રમાં પણ તેનું પાણી મીઠું જ રહે છે. તેનો રંગ પણ બીજો; તે પડખે ખારું અને એ નદીનું મીઠું. તેમ આપણે તેનો જોગ છે, પણ આ મીઠા પાણીની પેઠે નિર્લપ રહેવું અને બહુ ખટકો રાખવો; નહિ તો જડ માયા તો તાણી જાય એવી છે.''

''આ સત્સંગમાં કોઈનો અવગુણ ન લેવો. સર્વેને દિવ્ય જાણવા, પણ બીજો ઘાટ ન ઘડવો. આપણને કેવું સુખ મળ્યું છે! કેવી પ્રાપ્તિ થઈ છે! કેવા મોટા ધણી મળ્યા છે! દિવ્ય જ્ઞાન અને તે જ્ઞાન આપનારા પણ દિવ્ય મળ્યા છે, તોપણ જીવ એ સુખ લે નહિ. એ તો જેમ ગાંડાને ગાદીએ બેસાડે એવું કરે છે. તે શું? તો શાસ્ત્રમાં ખોળે, અગમ-નિગમમાં ખોળે અને એમ જાણે કે ક્યાંઈક હશે, પણ સત્સંગમાં બધુંય છે તોપણ વલખાં કરે જે હવે સત્સંગમાં કાંઈ નથી; પણ જેમ છે તેમ મહિમા ન સમજાય. તેથી આ સભા ભેગા મહારાજ અને મોટા છે એવું ન મનાય એટલું નાસ્તિકપણું છે. તે ટાળીને ખરા આસ્તિક થવું. ખરેખરા થઈને મહારાજ અને મોટાને વિષે જોડાઈ જવું.''

પછી એમ બોલ્યા જે, ''આંખમાં ઝોંકો વાગે તો વોયકારો થઈ જાય, તેમ જીવમાં ઝોંકો વાગે નહિ એવો ખટકો રાખવો. મોટા મુક્તના અવગુણ લેવાથી જીવને ઘણું દુઃખ વેઠવું પડે છે; માટે એ માર્ગે ચાલવું નહિ. વિચાર ન હોય તો સત્સંગમાં પણ કેટલીક જાતના વેગ ચડી જાય છે. તેથી કોઈ ઝાડ રોપે, કોઈ ઉછેરે અને કોઈ કુહાડા પણ મારે; એવું કેટલુંક અજ્ઞાનથી થઈ જાય છે. માટે ખબડદાર રહેવું. શૂરવીર થઈને આવી સભાનો જોગ કરી લેવો. તમને પોતાના જાણીને કહું છું. આ લોકમાં સમજણ વિના કેટલાકને તનના, મનના ને ધનના, અથવા બુદ્ધિના મદ હોય છે તેથી આવો લાભ લઈ ન શકે ને ઝીણા હોય તે કામ કાઢી જાય. જેને ભગવાનની લગની હોય તેને તો ભગવાન વિના બીજું દેખાય જ નહિ. વ્યવહાર ને લોક, ભોગ બધુંય નાશવંત ને દુઃખરૂપ છે.''

“જેમ પૃથ્વીમાં ડુંગળી, લસણ આદિ વસ્તુ થાય છે, પણ ખવાતી નથી. જો ખાય તો ભગવાનના ગુનેગાર થાય ને દંડ ભોગવવો પડે, પણ તેને વેચીને તેમાંથી ભગવાનની તથા સંતની સેવા કરે તો અક્ષરધામમાં જાય. આવું સમજણનું કામ છે. બીજા કોઈ ગમે તેમ જાણતા હશે, પણ અમને તો એક સ્વામિનારાયણ સ્વામિનારાયણ આવડે છે. એ મૂર્તિ વિનાનો અમારે બીજો એકે ઠરાવ નથી. સૌને મૂર્તિમાં રાખવા છે. તમારે પણ એ મૂર્તિનો ખપ કરવો. એમનો રાજીપો તથા એમની આજ્ઞા એ વિના બીજું કોઈ સુખદાઈ નથી એટલી વાત દૃઢ કરવી. આ વસ્તુ બીજે ન જડે. એમના મુક્ત, સંત પણ એવા જ મોંઘા છે.”

“બજારમાં જાઓ તો જાતજાતના મનુષ્ય તથા પદાર્થો દેખાય, પણ આવા મોટા મુક્ત દેખાય નહિ. એ તો દુર્લભ; ઠામ ઠેકાણે હોય. એમનાં દર્શન, સેવા, પ્રસન્નતા જોતામાં જડે નહિ; એવી વાતો છે. પણ જીવના સ્વભાવ એવા જે નઠારી વસ્તુનાય વેપાર કરે. ડુંગળી તથા લસણ આદિના ખડિયા ખણી ખણીને વેચે, પણ રત્ન તથા ચિંતામણિરૂપ મૂર્તિનું સુખ તેની તાણ ન કરે. અંજારમાં ચાગબાઈ મુક્ત હતાં તે એમ કહેતાં કે, ‘મોટા અનાદિનો જોગ તે તો જંઈનો વેપાર ને લાખનો લાભ.’ તેવું મહારાજ અને સંતના જોગનું છે. આપણે તો મહારાજ અને મુક્ત એ ખરેખરો માલ છે, તે માલનો જ વેપાર કરવો.”

પછી લાલુભાઈ સામું જોઈને કહ્યું જે, “આ બહુ હેતવાળા છે. હીરાભાઈ, સાંવલદાસભાઈ અને નાના-મોટા બધાય સંતોને તથા અમને જવાના સાંભળ્યા છે ત્યારથી આમથી આમ ને આમથી આમ જાય છે ને આવે છે. જાણે ‘કેમે કરતાં બે-પાંચ દિવસ હજી રોકાય’ એવા વિચાર સહુના અંતરમાં છે, પણ કોઈ આગ્રહથી કહી શકતા નથી. અહીં અમને આ ફેરે પંદર દિવસ થયા, પણ પંદર મહિના રહીએ તોય અહીંના હરિભક્ત તૃપ્ત થાય તેમ નથી; એવાં તેમનાં હેત છે.” એમ કૃપા કરીને વાત કરી.”

તે વખતે પુરાણી ધર્મકિશોરદાસજીએ આવીને બાપાશ્રીને તથા સંતોને ચંદન ચર્ચ્યું ને પ્રાર્થના કરી કહ્યું જે, “બાપા! સહુને મૂર્તિમાં રાખજો.” ત્યારે અતિ હેત જણાવીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “તમે સૌ જોજો તો ખરા; આમ ને આમ સાજી સભા અક્ષરધામમાં જઈને બેસશું.” તે વખતે સ્વામી વૃંદાવનદાસજીએ કહ્યું કે, “બાપા! સૌ હેત-રુચિવાળાને મૂર્તિમાં ભેગા રાખજો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સંતો! સહુ રહેજો; અમે રાખશું. જો ન રાખીએ તો અમને હત્યા લાગે. તેના સ્વામિનારાયણ સાક્ષી છે.” એમ કહી ઠાકોરજીનાં દર્શન કરીને બાપાશ્રી સભામાં પધાર્યા. ॥૧૦૭॥

## વાર્તા ૧૦૮

(સંવત ૧૯૮૩, ફાગણ વદ અમાસ) બાપાશ્રીએ સભામાં વાત કરી જે, “શ્રીજીમહારાજના અનાદિ મહામુક્ત છે તે તો પોતે સુખિયા છે ને અનેક જીવોને મૂર્તિના સુખે સુખિયા કરે છે. તે જો પરમ એકાંતિક થાય તો મહારાજ તથા અનાદિ તેને અનુભવજ્ઞાનથી ખેંચીને મૂર્તિમાં રાખે છે. એવા મુક્તની સ્થિતિ જે જાણે તે જ તેમને ઓળખે, પણ સ્થિતિ જાણ્યા વિના ઓળખાય નહિ. તે જો એવા મુક્તથી આવી પરભાવની વિદ્યા ભણે તો બધાય શબ્દ પરભાવમાં લઈ જાય. વચનામૃતના શબ્દ સર્વે પરભાવના છે; એકેય ઓરા નથી, ઠેઠ મૂર્તિના શબ્દ છે. આ સંતમંડળનાં કમળ ખીલી રહ્યાં છે. તે સર્વેની નજર એ કારણ મૂર્તિ સામી છે. તેથી જેટલું રાજાનું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય.”

“આ તો તમને બહુ જ મોટા મળ્યા છે. માટે મૂર્તિમાં રસબસ રહેજો ને સુખમાં ઝીલજો. આ સભાનાં જે જાણે-અજાણે દર્શન કરે તેનો પણ આત્યંતિક મોક્ષ થઈ જાય; એવી આ દિવ્ય સભા છે. અમે તો એ જ ભલામણ કરીએ છીએ કે મહારાજને તથા મોટાને સદાય પ્રત્યક્ષ જાણીને સૌ આજ્ઞા પાળજો અને આમ ને આમ સદાય મૂર્તિનાં સુખ ભોગવજો. આ લોકમાં પ્રકૃતિના કાર્યમાં કાંઈ જોયા જેવું નથી. મહારાજ

અને આ સભા એ બે જ કલ્યાણકારી છે, માટે મહારાજના અનાદિ મહામુક્તનો વિશ્વાસ રાખીને પોતાનું પૂરું કરી લેવું. તમને આ ટાણું ભારે મળી ગયું.''

''સદ્‌ગુરુઓ બેય સુખદાઈ છે. સત્સંગમાં અનેક જીવને મહારાજના સુખે સુખિયા કરવા દેશોદેશમાં ફરીને ન્યાલ કરે છે. મને પણ એ ખેંચી લાવ્યા. મારે શરીરે ઠીક નહોતું તે ઠીક થઈ ગયું. અહીંના હરિભક્તોનાં હેત પણ એવાં. લાલુભાઈ, હીરાભાઈ, અમીચંદભાઈ આદિ નાના-મોટા સર્વેની એક જ રુચિ. રાત-દિવસ મહારાજની મૂર્તિના સુખનું જ તાન. આ નાના નાના હરિભક્તો છે તે પણ સર્વે વચનમાં વર્તે છે. અમને આવા હરિભક્તોને જોઈને બહુ રાજીપો થાય છે. બ્રાહ્મણમાં માસ્તર પ્રભાશંકરભાઈ જેવા ઉત્તમ હરિભક્ત છે એ સર્વે શ્રીજીમહારાજનો પ્રતાપ. નાનાં છોકરાંઓ તો જાણે પૂર્વના સંસ્કારી અહીં આવ્યા હોય ને શું? તેમ એ પણ આવી દિવ્ય સભાને જોગે સુખિયા થઈ ગયા. સાંખ્યયોગી બાઈઓએ પણ સત્સંગ બહુ સાચવ્યો છે.''

''કરાંચી જેવા શહેરમાં હજારો હરિભક્તો તથા બાઈઓનો સમૂહ દેખાય એ બધો મહારાજનો પ્રતાપ છે. શ્રીજીમહારાજે આવા દેશને પાવન કર્યો તેથી આ શહેરમાં ભારે ધામ થયું. અક્ષરધામ ને આવા સ્થાનની એકતા છે. આ સભા સર્વે દિવ્ય છે, મધ્યે મહારાજ તેજોમય બિરાજે છે; એવો સદાય દિવ્યભાવ રાખવો. અમે તો શ્રીજીમહારાજના સંકલ્પથી જીવોને મૂર્તિનું સુખ પમાડીએ છીએ.''

પછી લાલુભાઈ સામું જોઈને બોલ્યા જે, ''લાલુભાઈ! તમે આ સત્સંગરૂપ બગીચો ભારે ખિલાવ્યો છે.''

ત્યારે લાલુભાઈએ કહ્યું જે, ''બાપા! એ બધો આપનો પ્રતાપ છે.'' પછી મહાદેવભાઈને કહ્યું જે, ''તમે પણ બહુ લાભ આપ્યો.''

ત્યારે મહાદેવભાઈ બોલ્યા જે, ''બાપા! આપ તો મહાસમર્થ

છો. શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ પમાડવા ગામોગામ ફરી સૌને સુખિયા કરો છો. કરાંચીના હરિભક્તો ઉપર આપની બહુ દયા છે તેથી અમો મોટાં ભાગ્યવાળા છીએ. ક્યાં મહારાજ! અને ક્યાં આપના જેવા મહાસમર્થ મુક્તો! અમને તો આ વખતે આપે ન્યાલ કરી મૂક્યા છે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''એ સર્વે શ્રીજીમહારાજની દયા છે.'' એમ કહી આસને પધાર્યા.

ત્યાં લાલુભાઈ, હીરાભાઈ, હરિભાઈ તથા સોમચંદભાઈએ બાપાશ્રીની પ્રાર્થના કરી જે, ''બાપા! આપે અમને દયા કરી પોતાના જાણ્યા છે તેથી અમો સર્વે કૃતાર્થ થયા છીએ. આ વખતે સદ્‌ગુરુઓને સાથે લાવીને આપશ્રીએ દર્શન સેવા-સમાગમનું બહુ સુખ આપ્યું. તથા શ્રીજીમહારાજના અદ્‌ભુત પ્રતાપની, અનાદિમુક્તની સ્થિતિની અને તેમની જીવો ઉપર અપાર દયાની નવીન નવીન ઘણી વાતો કરી તેથી સર્વ નાના-મોટા હરિભક્તો સુખિયા થઈ ગયા છે. વળી આવી જ રીતે વારેવારે અમને પોતાના જાણી સુખિયા કરજો.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''આવું ને આવું હેત સૌ મહાપથારી સુધી રાખજો. અમે તો જીવોને શ્રીજીમહારાજના સુખે સુખિયા કરીએ છીએ, અમારે બીજું કાંઈ કામ નથી. અહીં સદ્‌ગુરુ આદિ સંતો હજી રોકાશે.'' એમ કહીને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''તમો બે દિવસ વધુ રહી હરિભક્તોને મહારાજના મહિમાની વાતો કરીને સુખિયા કરજો.''

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, ''બાપા! જેમ આ વખતે સાંવલદાસભાઈ તેડવા આવ્યા ને આપ પધાર્યા તેમ જ્યારે જ્યારે હરિભક્તો તેડાવે ત્યારે પધારવા કૃપા કરશો એમ આ હરિભક્તો પ્રાર્થના કરે છે.''

ત્યારે બાપાશ્રી કહે, ''સ્વામી! હવે અમારો દેહ ખમતો નથી ને જ્યાં જઈએ ત્યાં હરિભક્તોના હેતને છેડો નહિ, તેથી હવે તો એવો

વિચાર થાય છે જે વૃષપુરમાં રહીશું ને મૂર્તિના સુખમાં આનંદ કરીશું. જો જવાય તો અડખે પડખે ગામ હોય ત્યાં જવાય અને ભુજમાં ઠાકોરજીનાં દર્શને તો જવું જ પડે. પણ હવે અવસ્થાના ભાવ જણાય છે તેથી હિંમત ચાલતી નથી.''

એમ કહીને બોલ્યા જે, ''સ્વામી! હવે અમારી વતી સત્સંગમાં તમે ફરજો. અમે ઘણું ફર્યા, અમારાથી થયું એટલું બધુંય કર્યું. હવે શ્રીજીમહારાજ રાખશે તેમ રહીશું. અમે આવા સંત-હરિભક્તોના હેતને લીધે સૌને મૂર્તિનાં સુખ પમાડવા તથા શ્રીજીમહારાજને રાજી કરવા બની તે સેવા કરી.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! અમો આપની પાસેથી દેશમાં જવા નીકળ્યા ત્યારે આપે ઉદાસી જણાવી હતી તથા બીજી વાર જ્યારે કચ્છમાંથી ગુજરાતમાં ગયા ત્યારે પણ ચાલતી વખતે અમને ઘણાં મર્મનાં વચનો કહ્યાં હતાં ને આજ વળી આમ બોલો છો તે આપે શું કરવા ધાર્યું છે? આપ કહો છો કે અમારી વતી તમે સત્સંગમાં ફરજો એ વચન અમને બહુ મૂંઝવે છે.''

ત્યારે બાપાશ્રી કહે, ''સ્વામી! આપણે તો અખંડ ભેગા જ છીએ ને ભેગા રહીશું. હું તમને મૂંઝવું એવો નથી. તમે કેવા સમર્થ છો તે બધુંય હું જાણું છું. તમે તો મારાં સુખ-દુઃખના ભાગિયા છો. આજ દિવસ સુધી મેં જે જે વચનો કહ્યાં હશે તે પ્રમાણે જ તમે કર્યું છે. ક્યારેય દેહનાં સુખ-દુઃખ સામું જોયું નથી. તમારો ઠરાવ શ્રીજીમહારાજ તથા અમને રાજી કરવાનો છે. બીજું તમારે કાંઈ ખપતું નથી. એ વાત મારી અજાણી નથી. તમે અમારે અર્થે દરિયા જંઘીને ઘણીવાર આવ્યા છો એ બધું હું ભૂલી જાઉં એવો નથી.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, ''બાપા! કચ્છમાંથી આસો માસમાં અમે ગુજરાતમાં ગયા ત્યારે જે જે મર્મવચનો આપે કહેલ તે તો અમને ઘણાં ખટકતાં હતાં. તે આ ફેરે કરાંચીમાં અતિ ઉમંગભર્યા

દર્શનથી, અદ્‌ભુત ચમત્કારી વાતોથી અને મૂર્તિની પ્રતિષ્ઠા વખતે તથા બીજા ઘણાક પ્રસંગોએ અતિ પ્રસન્નતા જણાવેલ હોવાથી એ બધું ભુલાઈ જાય તેવું થયું હતું તે પાછું આ ટાણે તાજું કરી દીધું. તેથી આપને અમે બીજું શું કહીએ? અમે તો એટલું માગીએ છીએ કે અમને ક્યારેય જુદા ન રાખશો.''

ત્યારે બાપાશ્રી વળી એ મર્મવચનોને ભુલાવવા બોલ્યા જે, ''સ્વામી! તમે જોજો તો ખરા. આપણે કચ્છમાં મોટો યજ્ઞ કરશું ને સાજોય સત્સંગ તેડાવશું. કથા-વાર્તારૂપી બ્રહ્મયજ્ઞ કરી સંત-હરિભક્તોને જમાડી-રમાડી મૂર્તિનાં સુખ પમાડી સૌના મનોરથ પૂરા કરીશું. અમે તો મહારાજની મૂર્તિમાં રહીએ છીએ; ક્યારેય જુદા પડતા નથી. તમને પણ એવી જ રીતે રાખ્યા છે અને હેતવાળા સર્વને મૂર્તિમાં રાખશું. અમે આજ સુધી એ એક જ કામ કર્યું છે. ન સમજતા હોય તે ગમે તેમ ધારે, ગમે તેમ બોલે, પણ આપણે તો જીવોને સુખિયા કરવા છે. તમે પણ કોઈ વાતે મૂંઝાશો નહિ. અમને હવે અવસ્થાના ભાવ જણાય છે, તેથી કહીએ છીએ જે આમ દરિયા ઊતરીને ક્યાંથી અવાય? તમો તો બધે ઠેકાણે ફરી વળો એવા સમર્થ છો. તેથી સત્સંગમાં ગામોગામ ફરીને શ્રીજીમહારાજના સુખની વાતો કરો છો; માટે સર્વેને મૂર્તિના સુખે સુખિયા કરજો એમ કહીએ છીએ.''

પછી સ્વામીશ્રીનો હાથ ઝાલીને બોલ્યા જે, ''સ્વામી! આ હું ખરું કહું છું.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ જાણ્યું જે, ''બાપાશ્રી આજ પધારવાના છે ને મને આવી વાત કરી. આ ત્રણ-ચાર હરિભક્તો વિના બીજા કોઈ આ વાત જાણશે તો ઉદાસ થાશે.''

તેથી પોતે સાથે કચ્છમાં જવા પ્રાર્થના કરી જે, ''બાપા! અમે આપની સાથે કચ્છમાં આવીએ?''

ત્યારે બાપાશ્રી કહે, ''તમને તો સદાય અમારી સાથે ને સાથે

રાખ્યા છે. અમે યજ્ઞ કરીએ ત્યારે તમે જ્યાં હો ત્યાંથી ઊડીને આવજો. તે વખતે તમારું ગમે તેવું કામ હોય તોય મૂકી દેજો. અમે નક્કી યજ્ઞ કરશું.''

પછી લાલુભાઈ, હરિભાઈ આદિ પાસે બેઠેલા હરિભક્તોને પણ એમ કહ્યું જે, ''જેમ પર્વતભાઈના સેવક સાત્ત્વિક યજ્ઞમાં રહી ગયા હતા તેમ તમે કોઈ રહી જશો નહિ. જ્યારે કંકોત્રી આવે ત્યારે સૌ હેતવાળા યજ્ઞમાં આવી પહોંચજો.''

તે વખતે લાલુભાઈ તથા હરિભાઈ આદિકે સ્વામી ઈશ્વરચરણદાસજીને પ્રાર્થના કરીને કહ્યું જે, ''સ્વામી! બાપાશ્રી આમ કેમ બોલે છે? એમણે શું ધાર્યું છે તે તો આપ જાણતા હશો.''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''બાપાશ્રીએ આજ આવાં વચન કહ્યાં અને અમે જ્યારે કચ્છમાંથી ગુજરાતમાં આવ્યા ત્યારે ચાલતી વખતે જે જે વચનો કહ્યાં હતાં તે ઉપરથી સમજી શકાતું નથી કે બાપાશ્રીએ હવે શું કરવા ધાર્યું છે. વળી એમ પણ કહે છે કે, 'મોટો યજ્ઞ કરશું, બધોય સત્સંગ તેડાવશું, તમે ઊડીને આવજો.' એવાં એવાં વચનથી એમની મરજીની કાંઈ ખબર પડતી નથી.''

તે વખતે લાલુભાઈએ પૂછ્યું જે, ''સ્વામી! કચ્છમાંથી આપ જ્યારે ગુજરાત પધાર્યા ત્યારે બાપાશ્રી એવું શું બોલ્યા હતા?''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''અમે કચ્છમાં બે માસ રહીને જ્યારે ચાલવા રજા માગી ત્યારે ચંદન-પુષ્પથી બાપાશ્રીની સૌ સંતોએ પૂજા કરી, ત્યારે બાપાશ્રીએ પણ સૌ સંતોને ચંદન ચર્ચી હાર પહેરાવ્યા. પછી સૌના માથે હાથ મૂકી એમ બોલ્યા જે, 'સંતો! આ વખતે ચંદન-પુષ્પથી પૂજા થઈ તેને સંભારી રાખજો. આ સભા ને આ પૂજા તેને જે કોઈ સંભારશે તેના ઘાટ-સંકલ્પ ટળી જશે.'''

''પછી મને કહ્યું જે, 'તમો સર્વે અમારા છો, અમારું મંડળ છો તે સદાય ભેળા રહેજો, પણ કોઈ દિવસ અમારું મંડળ વિખાય નહિ.

જો તમારી મરજી હોય તો ચાર દિવસ રહો કે દસ દિવસ રહો અને મરજી ન હોય તો આજ કે કાલ જાઓ, પણ સૌ મૂર્તિમાં રહેજો. આપણે જુદા નથી. મૂર્તિમાં રસબસ ભેગા જ છીએ માટે કોઈ અધિકાર કે વ્યવહારમાં ચિત્ત રાખશો નહિ. સદાય આમ ને આમ મૂર્તિમાં રહેજો. અમે રાજી છીએ. તમને અમે તેડાવીએ ત્યારે આકાશમાર્ગે ઊડીને આવી પહોંચજો. કેમ તમે વિમાન જેવા ખરા કે નહિ? અવાશે કે કેમ?'''

"પછી પોતે જ બોલ્યા જે, 'એ બિચારું વિમાન તે શું? તમે તો બધેય પહોંચી જાઓ એવા છો.' પછી એમ કહ્યું જે, 'સંતો! રહો તો આંખ-માથા ઉપર ને ન રહો તો સદાય મૂર્તિમાં રહેજો. એ મૂર્તિ દિવ્ય તેજોમય છે, કારણ છે, અપાર છે, તેનો કોઈ પાર પામી શકે તેવું નથી.' એમ કહી સંતોને સુખડીની પ્રસાદી વહેંચીને બાથમાં ચાંપી અતિ હેત જણાવી મળ્યા. પછી મને બે-ત્રણ વખત મળીને બોલ્યા જે, 'સ્વામી! હવે આમ કેટલુંક મળાશે? તમો સર્વે સંતો મને પ્રાણ જેવા વહાલા છો.' એમ કહેતાં બાપાશ્રીનાં નેત્રમાંથી પ્રેમનાં આસું વહ્યાં તે વખતે સંતો તથા હરિભક્તો સૌનાં હૈયાં ભરાઈ આવ્યાં."

"પછી બાપાશ્રીએ મને કહ્યું જે, 'સ્વામી! મોડું થાય છે, માટે ગાડે બેસી જાઓ.' એમ આજ્ઞા કરી જેથી કોઈ બોલી શક્યા નહિ ને કાંઈ સૂઝે નહિ જે શું કરવું? પછી વળી એમ કહ્યું જે, 'સંતો! તમે અમારું ખાધાનું ઠામણું ભાંગીને ચાલ્યા.' એમ બોલતાં બહુ ઉદાસી જણાવી તેથી કોઈને ત્યાંથી જવાનું મન જ ન થાય. તે વખતે મેં કહ્યું જે, 'બાપા! આપની મરજી હોય તો હું પાછો વળું, મને અહીંથી જવું સારું લાગતું નથી.' તે વખતે બાપાશ્રી ફરીવાર બોલ્યા જે, 'તમને આ ફેરે જવા દેવા નહોતા, પણ હવે થયું, તમે સૌ ભેળા જાઓ એ ઠીક ગણાય. જુદા પાડીએ તે ઠીક નહિ, પણ તમને અમે તેડાવીએ ત્યારે તરત આવજો.' આવાં વચનોથી મને કોઈ રીતે જવા ઇચ્છા ન હતી, પણ આજ્ઞા થવાથી શું કરવું?"

"પછી બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક તથા મહિમાવાળા હરિભક્તોને તે વખતે મેં ભલામણ કરી જે, 'તમો બાપાશ્રીની સેવા મન, કર્મ, વચને કરજો. આ દિવ્ય મૂર્તિના પ્રતાપે અનંત જીવો મહારાજની મૂર્તિમાં સહેજે પહોંચે છે. આ સમે તમારાં બહુ મોટાં ભાગ્ય છે. આવા મોટાને ઓળખવા તેથી કોઈ મોટું સાધન નથી. એમની સેવા ભેગી મહારાજની સેવા થાય છે; માટે બને તેટલી સેવા કરજો.'"

"એમ ભલામણ કરી અમે ગુજરાતમાં ગયા હતા. તોપણ એ મર્મવચનો વીસરતાં નહિ. તે આ વખતે બાપાશ્રી અહીં પંદર દિવસ રહ્યા તેમાં અતિ કૃપા કરી સૌને જ્ઞાનામૃતનો એવો તો મહારસ પાન કરાવ્યો કે સર્વત્ર દિવ્યભાવ વર્તાઈ રહ્યો. પણ આવાં મર્મવચનોથી વળી ઉદ્વેગ થયો."

એવાં વચન સાંભળી લાલુભાઈ, હરિભાઈ આદિ સૌ વિચારમાં પડ્યા. તેમને સ્વામી ઈશ્વરચરણદાસજીએ ધીરજ આપીને કહ્યું કે, "તમે બીજા હરિભક્તોને આ વાત જણાવી ઉદ્વેગ કરાવશો નહિ. બાપાશ્રી તો મહાસમર્થ છે, અતિ દયાળું છે. તેથી તે જેમ રાજી થાય તેમ આપણે રાજી રહેવું. આ વખતે બાપાશ્રીએ મને આવાં વચનો કહ્યાં તે વાત સંતો તથા હરિભક્તોના જાણવામાં આવે તો જેમ પંદર દિવસ સુધી સૌ મૂર્તિના સુખનો આનંદ લઈ રહ્યા છે તેમ જ સૌને આવાં વચનોથી ઉદ્વેગ થાય માટે તમો કાંઈ મનમાં લાવશો નહિ, અને બીજા હરિભક્તોને આ વાત જણાવશો નહિ."

એ રીતે સ્વામીશ્રીની આજ્ઞા થવાથી બીજા કોઈને આ વાત જણાવી નહિ. ત્યાર પછી બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા મંદિર પર આવ્યા તે વખતે ઠાકોરજીના સેવકે બાપાશ્રીને ગુલાબનો હાર પહેરાવ્યો.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "બ્રહ્મચારી મહારાજ! તમે તો ભગવાનના હજૂરી તે તમારી પાકી મજૂરી." એમ કહીને તેમના પર પ્રસન્નતા જણાવી સભામાં પધાર્યા. ॥૧૦૮॥

## વાર્તા ૧૦૯

(સંવત ૧૯૮૩, ફાગણ વદ અમાસ) બાપાશ્રી આજે પધારવાના હોવાથી એક પછી એક હરિભક્તો બાપાશ્રીની તથા સંતોની ચંદન-પુષ્પહારથી પૂજા કરવા લાગ્યા. ફળ, મેવા આદિ ભેટ મૂકે, હાથ જોડે, દંડવત કરે. બાપાશ્રી સૌને બેઠા થઈ મળે, માથે હાથ મૂકે, કોઈને રમૂજ કરી હસાવે, કોઈને વ્યાવહારિક દુઃખ હોય તેને 'મહારાજ સારું કરશે' એમ આશીર્વાદ આપે. એવી રીતે ઘણાક હરિભક્તો વારાફરતી દર્શનનો લહાવો લેતા તેથી સભામંડપ હરિભક્તોથી ઊભરાઈ જતો હતો. સૌને હજી એ જ તાણ કે બાપાશ્રી તથા સંતો રોકાય તો ઠીક, પણ કોઈ બોલી શકે નહિ. બાપાશ્રી તેમનો આવો સ્નેહભાવ જોઈ અતિશે રાજી થઈ સૌને મૂર્તિમાં રાખવાનાં વરદાન આપી પ્રસન્ન કરતાં, મધુર વચને બોલાવતાં, સર્વ હરિભક્તો પર અમૃત નજર કરી આશીર્વાદ આપતાં, બ્રહ્મચારી તથા હરિભક્ત નાના-મોટા સર્વને મળ્યા ને સૌને જય સ્વામિનારાયણ કહી આગબોટ પર જવા ગાડીમાં બેઠા.

હરિભક્તોની ભીડ તથા મંદિર બહાર બાઈઓનો સમૂહ તે સર્વે બાપાશ્રીનાં ચાલવા સમયનાં દર્શન કરતાં હતાં. સૌને જય સ્વામિનારાયણ કહી, કિયામાડી પર હરિભક્તો રહેતા હતા તેમની તાણે તેમને ઘેર દર્શન દઈ સર્વેને રાજી કરી બાપાશ્રી બંદર પર પધાર્યા.

સમુદ્ર કિનારે હજારો મુમુક્ષુ તથા સંત-હરિભક્તો આવેલાં. નાજુભાઈ પ્રેમભર્યાં કીર્તન બોલાવે, હરિભક્તો ઝીલે. નારાયણપુરના ખીમજીભાઈ આગબોટમાં ઊભા રહી કીર્તન બોલતા હતા. એવી રીતે બાપાશ્રીને સૌએ પ્રસન્ન કર્યા. હરિભક્તો આગબોટ પર જઈ ચંદન-હારથી પૂજા કરતા, પ્રાર્થના કરતા. કેટલાક તો આગબોટ પાસે હરિભક્તો ઊભા રહેલા તે દર્શનની તાણે આઘા ખસે નહિ. બાપાશ્રીને રાજી કરવા કેટલાક નીચે હાથ જોડી ઊભા રહેલા. તે વખતે બાપાશ્રીને હરિભક્તો હાર પહેરાવતા તે પાઘડીમાં અટકી રહેતા હોવાથી માથા

પરની પાઘડી ઉતારી એક ટૂંકું ધોતિયું માથે બાંધ્યું. જાડા કેડિયાએ સહિત ધોતિયું પહેરેલ, ભાલમાં હરિભક્તોએ ચંદન ઝાઝું ચરચેલ અને કંઠમાં ઘણાક હારે સહિત એવા બાપાશ્રીનાં અલૌકિક દર્શન કાંઠે ઊભા રહેલા સર્વને થતાં હતાં.

પછી સૌને જય સ્વામિનારાયણ કરી આગબોટ પર ઊભા રહેલા પરમ કૃપાળુ બાપાશ્રીએ પોતાને ભેટ આવેલાં ફળોમાંથી અતિ ભીડને લીધે નીચે ઊભેલા સદ્‌ગુરુ સ્વામી આદિ સંતોને આપવા એક પછી એક ફળ નાંખવા માંડ્યાં. 'લ્યો! સ્વામી વૃંદાવનદાસજી, લ્યો! સ્વામી ઈશ્વરચરણદાસજી, પુરાણી હરિપ્રસાદદાસજી, દેવજીવનદાસજી, મુક્તવલ્લભદાસજી, આ પુરાણી ધર્મકિશોરદાસજી, આ આશાભાઈ'; એમ કહી ફળ આપવા માંડ્યાં. તે જેને આપે તેના જ હાથમાં આવે. એ જોઈ ઘણાક મુમુક્ષુજનો આશ્ચર્ય પામ્યા. એમ એ વખતે અદ્‌ભુત પ્રતાપ જણાવ્યો.

જ્યારે સમય થયો ત્યારે આગબોટ ચાલી. સૌ નીચે ઊભેલા હરિભક્તો દંડવત કરવા લાગ્યા. આગબોટમાં બાપાશ્રી પોતાના બેય હાથ ઊંચા કરી અભયદાનરૂપ આશીર્વાદ આપતાં 'રાખો, રાખો' એમ કહેવા લાગ્યા. સૌ હાથ જોડી જય સ્વામિનારાયણ કરતા હતા. આગબોટમાં ઊભેલા બાપાશ્રીની સાથે આવેલા હરિભક્તો પણ સૌને જય સ્વામિનારાયણ કરતા હતા. તે વખતે એ દિવ્ય સમૂહ પર સર્વત્ર ચંદનનાં છાંટણાં પડ્યાં તેથી સૌને આનંદ આનંદ થઈ રહ્યો. એ પ્રકારે બાપાશ્રીનાં અલૌકિક દર્શન આગબોટ ચાલતાં સૌને થયાં. આવી રીતે બાપાશ્રી સૌને આત્યંતિક મોક્ષના આશીર્વાદ આપી કચ્છમાં પધાર્યા.

આ વખતે બાપાશ્રી કૃપા કરી પંદર દિવસ કરાંચીમાં રહ્યા તેમાં અનેક મુમુક્ષુજનો ન્યાલ થયા. સવારે જાગતા ત્યારથી સંત-હરિભક્તોનો સમૂહ પાસે બેઠેલ હોય તે રાત્રે સૂએ ત્યાં સુધી એક પછી એક હરિભક્ત આવ્યા જ કરે. કેટલાક તો વ્યવહારનાં કામ મૂકી પાસે રહી દર્શન-

સેવાનો લાભ લીધા જ કરતા.

સવારે મંગળા આરતી થાય તે પહેલાં તો બાપાશ્રી નિત્યવિધિ પૂજા આદિક કરી લે. હરિભક્તો એ ટાણે પ્રભાતિયાં બોલે, પુષ્પહારથી પૂજા કરે, મળે, ચંદન ચર્ચે. તે વખતે વાતોનો પ્રસંગ નીકળે અથવા તો પોતે કૃપા કરીને વાતો કરવા માંડે તે કલાક-બે કલાક થઈ જાય. વાતોમાં મહારાજની મૂર્તિનું જ વર્ણન, દિવ્ય મૂર્તિ, દિવ્ય સભા, દિવ્ય મુક્ત, દિવ્ય ધામ, દિવ્ય પુષ્પ, દિવ્ય પૂજા, દિવ્ય ક્રિયા એમ સર્વત્ર દિવ્યભાવ રાખવાની ચમત્કારી વાતો થાય. પછી ઠાકોરજીની શણગાર આરતી થયા પછી રાજભોગ આરતી સુધી સભામાં, વળી બપોરે મેડા પર કથા-વાર્તા થતી. સાંજે સંધ્યા આરતી પછીથી રાત્રે ૧૨ વાગ્યા સુધી સભામાં તથા આસને હરિભક્તો બેઠા જ હોય.

બાપાશ્રી જ્યારે વાતો કરવા માંડે ત્યારે સંત-હરિભક્તોને શાંતિ શાંતિ થઈ જાય. મૂર્તિના સુખની, રસબસ રાખ્યાની, મહારસનું પાન કર્યાની, અઢળક ઢળ્યાની, દિવ્યભાવની, માહાત્મ્યજ્ઞાનની, એવી વારંવાર નવીન નવીન વાતો થાય. વળી કેટલાક રોગે કરીને પીડાતા મુમુક્ષુ દર્શને આવતા તે પ્રાર્થના કરી આશીર્વાદ લઈ સાજા થતા, તો કોઈ ભૂત-પ્રેતના વળગાડવાળા દર્શને આવી દુઃખથી નિવૃત્ત થતા. આવી રીતે અનેક પ્રકારે હરિભક્તોને બાપાશ્રીએ કરાંચીમાં પધારી શ્રીજીમહારાજનું અલૌકિક સુખ આપવાની સાથે દૈહિક દુઃખ ટાળી સુખિયા કરી મૂક્યા.

ઘણાંક બાળકોને તેનાં સગાં-વહાલાંઓ શરણે લાવી અનેક જન્મનાં કર્મથી રહિત કરી શ્રીજીમહારાજના કૃપાપાત્ર ને મોક્ષના અધિકારી કરી ગયા. કેટલાક પોતાના ભૂલથી થયેલ દોષોની માફી માગી શુદ્ધ થયા. એમ અનેક જીવોનાં આત્યંતિક મોક્ષનું દ્વાર ઉઘાડતાં બાપાશ્રીએ કરાંચીમાં આ વખતે બહુ પ્રતાપ જણાવ્યો. સભામાં મહારાજના અલૌકિક પ્રતાપની એવી ચમત્કારી વાતો કરતા કે જે

હરિભક્ત દર્શને આવે તે ત્યાંથી જઈ શકે જ નહિ. કેટલાય હરિભક્તો પુષ્પના હાર લાવી સભામાં પૂજા કરતા. એમ અનેક રીતે પોતાને વિષે હેતવાળા તથા ગુણબુદ્ધિવાળા હરિભક્તોને તથા મુમુક્ષુઓને સુખિયા કર્યા.

વળી સભામાં હરિભક્તોને ઘેર અથવા બીજે જે જે સ્થળે બાપાશ્રી જતા ત્યાં વારંવાર એવાં વચનો બોલતા જે, “આ બધું અક્ષરધામરૂપ છે, આ સર્વે તેજોમય છે. મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસભાવે સુખ લીધા કરે છે, સભા ભેળી જ છે, આપણને આ દિવ્ય પ્રાપ્તિ થઈ છે, માટે હલરવલર ન કરવું. પ્રકૃતિનાં કાર્યમાં ક્યાંય ખોટી ન થાવું. આ સભાના સંકલ્પ ચાલે છે, આ સભા સનાતન છે, આ સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે, જમે છે, રમે છે, દર્શન દે છે, પોતાના આશ્રિતોની રક્ષા કરે છે, આપણા ઉપર મહારાજની અમૃતનજર છે. અમે તો સૌને એ મૂર્તિમાં રાખીએ છીએ. અમારું કામ ને અમારો વેપાર એ જ છે. કોઈ લો! કોઈ લો! આ સમે મહારાજ અઢળક ઢળ્યા છે. એમના અનાદિમુક્ત પણ એ મૂર્તિની પ્રાપ્તિ કરાવવા આવ્યા છે. આવો અવસર કોઈ વંજાવશો નહિ. આ ટાણું બહુ દુર્લભ છે. આ સમે કાંઈના કાંઈ કામ થઈ જાય છે. પુરુષકોટિ, બ્રહ્મકોટિ તથા અક્ષરકોટિ આદિને મહાપ્રભુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અગમ છે, તે આપણને દયા કરી શ્રીજીમહારાજના લાડીલા અનાદિમુક્તોએ સુગમ કરી છે. આ અવસરે બહુ ભારે કામ થાય છે.”

એવાં દિવ્યભાવનાં વચનોથી સંત-હરિભક્તો ઘણા જ રાજી થતા. હંમેશાં નવીન પ્રસાદીઓ વહેંચાય, આશીર્વાદ લેવાય, દર્શન-સેવા થાય, તેથી હરિભક્તો હેતમાં ગરકાવ થઈ રહેતા. એમ કરાંચીમાં પંદર દિવસ સુધી બાપાશ્રીએ અનેક પ્રકારે મૂર્તિનાં સુખ પમાડ્યાં. ચમત્કારી વાતો કરી તેથી સૌ સંત-હરિભક્તો બાઈ-ભાઈ દિવ્યભાવે એ મહારસનું પાન કરે ને જેમ શ્રીજીમહારાજનું દિવ્ય સુખ, દિવ્ય સ્વરૂપ, દિવ્ય સામર્થી વર્ણવી છે તેમ હૃદયમાં ઉતારી તથા મહાપ્રભુના લાડીલા

અનાદિ મહામુક્ત જે અહોનિશ મૂર્તિના સુખરૂપ અમૃતરસ પાન કરનારા છે, તેમનો અલૌકિક પ્રતાપ વિચારી આ લૌકિક સુખને અસાર જાણી દિવ્ય સુખની ત્વરા કરી પોતાનો મોક્ષ સાધી લેશે, તેના પર શ્રીજીમહારાજ તથા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીની પ્રસન્નતા થશે.

આથી પહેલાં ત્રણ વખત બાપાશ્રી કરાંચીમાં પધારેલા તે વખતે પણ આવી જ રીતે નવાં નવાં સુખ આપેલાં. તેનું યથાર્થ વર્ણન જો લખાયું હોત તો બાપાશ્રીના અધ્યાત્મજ્ઞાનની વાતોનું પુસ્તક ફક્ત આ શહેરમાં આઠ દિવસ, દસ દિવસ કે પંદર દિવસ રહ્યા તેટલામાં જ લખાત. પણ જ્યારે અનરાધાર વરસાદ વરસે ત્યારે તે વરસાદનું માહાત્મ્ય એટલું બધું જાણી શકાય નહિ. પણ જ્યારે વરસાદની તાણ હોય છે ત્યારે તેનો મહિમા સમજાય છે.

તેમ શ્રીજીમહારાજની સાથે આવેલા અને મૂર્તિમાં રસબસ રહેનારા અનાદિ મુક્તરાજ સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી આદિ સંતો તથા અ.મુ. પર્વતભાઈ જેવા મહાસમર્થ મુક્તોએ અનંત શરણાગતને મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી અનંત અદ્‌ભુત કાર્યો કર્યાં. તે વખતે શ્રીજીમહારાજે પરચા, ચમત્કાર, ઐશ્વર્ય, સામર્થી પોતે તથા પોતાના આવા મહાપ્રતાપી મુક્તો દ્વારાએ દેખાડવા સંકલ્પ કરેલો તેથી અનંત જીવને સહેજે કારણ મૂર્તિની સાક્ષાત્કાર પ્રાપ્તિ થઈ. તોપણ આવા અધ્યાત્મ લખાણથી શ્રીજીમહારાજનો અલૌકિક દિવ્યભાવ, સર્વોપરી મહિમા તથા કારણપણું, આધારપણું, અનવધિકાતિશયપણું, નિયામકપણું, એ આદિક અનેક રીતે એ મૂર્તિનો મહિમા સમજાવવાને અર્થે જો અનાદિ મુક્તરાજ પર્વતભાઈ જેવા શ્રીજીમહારાજના હૃદયગત અભિપ્રાયને જાણનાર મોટા પાસેથી તેમની વાતોરૂપ લખાણ સંપ્રદાયને મળ્યું હોત તો સૌ વધુ ભાગ્યશાળી થાત.

શ્રીજીમહારાજનાં ચરિત્ર-પ્રતાપનાં અદ્‌ભુત વર્ણનો લખવામાં અનાદિ મુક્તરાજ સદ્‌ગુરુઓએ જરાયે ઓછપ રાખી નથી. તોપણ એ

સાથે જો પર્વતભાઈ જેવા અનાદિ મહામુક્તોનાં અમૃતવચનો આપણને પ્રાપ્ત થયાં હોત તો વધુ આનંદ થાત. પણ એ તો જેવી શ્રીજીમહારાજની તથા તેવા મહાપ્રતાપી મુક્તોની મરજી. આપણે તો આ સ્થળે બાપાશ્રીએ કરેલા ઉપકારથી પણ એ લાભ મળ્યો જાણીએ તોપણ શ્રીજીમહારાજની તથા તેમની અત્યંત પ્રસન્નતા થાય. ॥૧૦૯॥

## વાર્તા ૧૧૦

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૩ને રોજ સવારે નારાયણપુરના મંદિરમાં બાપાશ્રી નિત્યવિધિ કરીને ધનજીભાઈને ઘેર પધાર્યા. ત્યાં તેમના અતિ આગ્રહથી ઠાકોરજીને જમાડ્યા. તે વખતે કેટલાક હરિભક્તોની પ્રાર્થનાથી હેતવાળા હરિભક્તોને ઘેર ઘેર પધારી દર્શન આપી રાજી કર્યા. પછી મંદિરમાં આવીને થોડીવાર પોઢ્યા. બપોરે બાપાશ્રી નાહવા પધારે છે, એમ ખબર પડવાથી ગામના નાના-મોટા હરિભક્તો સડક પર નદીના ધરામાં જ્યાં પાણી ખળખળાટ કરતું વહે છે તે ઠેકાણે સૌ ગયા. બાપાશ્રી પણ નિત્યે નહાતા તે ઠેકાણે ગાડીમાં બેસીને આવ્યા. પછી સૌ સાથે નાહ્યા.

તે વખતે બાપાશ્રી એમ બોલ્યા જે, “કોઈ મૂર્તિની સ્મૃતિ વિના નહાશો નહિ; અનંત મુક્તે સહિત મહારાજને નવરાવજો.”

તે વખતે હરિભક્તો કીર્તન બોલ્યા જે, “આજ મેં તો દીઠા વાલાને વાટ વેતાં.”

સૌ હરિભક્તો કીર્તન બોલી રહ્યા એટલે બાપાશ્રી પાણીમાં સર્વેને મળ્યા. પછી વસ્ત્ર બદલી રેતીમાં બેઠા ને માનસી પૂજા કરી. હરિભક્તો ચંદન, કુંકુમ તથા ફૂલના હાર લાવેલા તે ચંદન ચર્ચી, ચાંદલા કરી હાર પહેરાવ્યા. બાપાશ્રીએ પણ સર્વેને ચંદન ચર્ચ્યું. હરિભક્તો પોપૈયા તથા કેળાં લાવેલા તે સુધારી ઠાકોરજીને જમાડી સર્વેને પ્રસાદી વહેંચી.

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, “આવા બ્રહ્મયજ્ઞમાં ઉદ્‌ઘોષ

કાંઈ ન મળે, પણ મૂર્તિનું સુખ ઘણું આવે. જીવને કાર્યમાં તાન તેથી આ વાતની ખબર પડે નહિ. આવી દિવ્ય સભામાં બધુંય છે. મહારાજે આ સમે બહુ દયા વાપરી છે તેથી અનાદિમુક્ત રસબસ રહ્યા થકા અનેકને મૂર્તિમાં ખેંચી લે છે. તેમનાં દર્શન, સેવા, સ્પર્શ, ક્યાંથી મળે! આ તો શ્રીજીમહારાજે દયા કરી છે, તેથી આ લાભ મળ્યો છે. આ ટાણું ને આ જોગ બહુ ભારે છે.''

''જુઓને! મહારાજ કચ્છમાં ઘેર ઘેર ફર્યા તેથી ભૂમિ સર્વે પાવન થઈ. આ દેશનાં ભાગ્ય કેવડાં! મોટા મોટા મુક્ત પણ એવા જ પ્રતાપી. આપણે આવા સ્થાનમાં બેઠા છીએ તે કેવી શાંતિ વર્તે છે! મોટા શહેરમાં તો રાત ને દિવસ જ્યાં જોઈએ ત્યાં જંપ મળે નહિ. એટલા સારુ મહારાજ કહે, 'અમને વન, પર્વત ને જંગલ બહુ ગમે છે.' એવી રુચિ આપણે રાખવી જોઈએ. આવા સ્થાનમાં જે કરીએ તે અનંતગણું થાય.''

''આપણને મહારાજે પોતાના કર્યા છે તેથી કૃતાર્થપણું માનવું. આવા મોટાના જોગમાં મહારાજનો તથા મૂર્તિના સુખભોક્તાનો દિવ્યભાવ વધતો ને વધતો જાય છે, એમ જાણવું ને સદાય આનંદમાં રહેવું. મહારાજ આપણા સામું જોઈ રહ્યા છે. એમની સાજા સત્સંગ ઉપર એવી ને એવી દયા છે, નહિ તો જીવનું ગજું શું! જે મહારાજ તથા મોટાને ઓળખે. આ તો મહાપ્રભુ અઢળક ઢળ્યા છે. આપણે એ મૂર્તિને તથા મોટા અનાદિને વિષે ક્યારેય મનુષ્યભાવ ન પરઠવો. લાખો વરસ તપ કરે તોય મહારાજ ને મુક્ત મળવા કઠણ તે આજ ઘેર બેઠા મળે છે, પાત્ર-કુપાત્ર જોતા નથી ને સૌને દર્શન દે છે એ કેવડી મોટી વાત કહેવાય!''

એમ કહી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી ગાડીમાં બેસી હરિભક્તોએ સહિત ધનજીભાઈની પ્રાર્થનાથી તેમને ઘેર ગયા. ત્યાં નવી મેડી પર પાથરેલ આસન પર બાપાશ્રી બેઠા. આખો ઓરડો

હરિભક્તોથી ભરાઈ ગયો.

તે વખતે ધનજીભાઈ તથા તેમના પુત્ર રામજીભાઈ, લાલજીભાઈ અને હરજીભાઈએ બાપાશ્રીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી, દંડવત કર્યા ને પ્રાર્થના કરી જે, “બાપા! અમે સૌ આપનાં બાળક છીએ. તમે અમારા પર કૃપાદૃષ્ટિ રાખો છો તેવી સદાય રાખજો. આપને રાજી કરતાં અમને આવડતું નથી, પણ આપ દયા કરી પોતાના જાણો છો તેથી આવાને આવા રાજી રહેજો. આપને વિષે ક્યારેય મનુષ્યભાવ ન આવે તથા મહારાજના આશ્રિત સંત-હરિભક્ત સૌનો અમારા પર રાજીપો રહે એવી દયા કરજો.”

ત્યારે બાપાશ્રી કહે, “તમારા ઉપર અમે ઘણા રાજી છીએ, કેમ જે તમારાં હેત એવાં છે. તમને અમારા રાજીપાની તાણ ઘણી છે તેથી સૌને મહારાજની મૂર્તિમાં રાખ્યા છે એ વાત ભૂલશો મા. નાના-મોટા સંપ-સંપીને રહેજો. સત્સંગમાં પરસ્પર હેત હોય તો મૂર્તિ ભુલાય નહિ.”

એમ વાત કરતા હતા તે વખતે લાલશંકરભાઈએ બાપાશ્રીને ચંદન ચર્ચ્યું ને માથે પાઘડી બંધાવી પ્રાર્થના કરી.

ત્યારે બાપાશ્રી કહે, “તમે આ શું કર્યું?” ત્યારે ધનજીભાઈ કહે, “બાપા! આ જગ્યામાં લાલશંકરભાઈ એક મહિનો રહ્યા હતા. તે વખતે આપને અહીં તેડાવી પૂજા કરવાનો તેમનો સંકલ્પ હતો તે આજ આપે દયા કરીને પૂરો કર્યો.” તે સાંભળી બાપાશ્રી પ્રસન્ન થઈને તેમને તથા સૌ હરિભક્તોને મળ્યા પછી મંદિરમાં પધાર્યા.

સભામાં કથા પ્રસંગે બાપાશ્રીએ વાત કરી જે, “મહારાજની મૂર્તિને આપણે ઘડીયે મૂકવી નહિ; એટલે સાધનમાત્ર પૂરાં થયાં. તે વિના તો બધુંય કાર્ય છે; તેનો અંત નથી. માટે આપણે તો એક મૂર્તિને સુખે સુખિયા રહેવું. આ લોકમાં બીજું કાંઈ જોયા જેવું નથી. જોયા જેવા તો એક શ્રીજીમહારાજ છે. દોયલી વેળાના દામ અને ખરી વેળાનો ખજીનો પણ એ છે અને એ જ જીવનમૂડી છે. માટે બીજી વાતમાં મન

ન દેવું ને મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ લેવું. આવો જોગ અક્ષરકોટિ સુધી મળે નહિ તે આજ હરતાં ફરતાં દર્શન થાય છે એ મહાપ્રભુની દયા છે.'' ॥૧૧૦॥

## વાર્તા ૧૧૧

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૪ને રોજ બાપાશ્રી સવારમાં નાહી પૂજા કરીને હેતવાળા હરિભક્તોના આગ્રહથી તેમને ઘેર દર્શન દઈ મંદિરમાં આવ્યા. કથા-વાર્તા કરી સમય થયો એટલે ધનજીભાઈને ઘેર ઠાકોરજી જમાડવા પધાર્યા ત્યાં પોતાને વૃષપુર જવાની ઇચ્છા જણાવી.

પછી ધનજીભાઈ તથા તેમના પુત્રોએ પ્રાર્થના કરી જે, ''બાપા! શી ઉતાવળ છે? પાંચ-દસ દિવસ વધુ રહો તો ઠીક.''

તે વખતે બાપાશ્રીએ રમૂજ કરી કહ્યું જે, ''તમે આ નવાં ઘર કર્યાં છે તે અમને રહેવા આપો તો રહીએ.''

ત્યારે હરજીભાઈ કહે, ''બાપા! ભલે આ ઘર આપનાં જ છે; માટે સુખેથી રહો.''

ત્યારે બાપાશ્રી કહે, ''તમે ત્રણે ભાઈ ને તમારો બાપ, તે ચારેય મળીને ઠરાવ કરો. અમે રહીશું ખરા, પણ એકેય ઢીંગલો તમને આપશું નહિ.''

પછી હરજીભાઈ કહે, ''બાપા, ભલે! એ કોઈનું કામ નથી. હું આપની પાસે તુળસીને પત્રે અર્પણ કરું છું. પણ જોજો, બોલ્યા ફરતા નહિ.''

તે વખતે બાપાશ્રીએ હરજીભાઈની પ્રશંસા કરી કહ્યું જે, ''નાનો છે, પણ બળિયો બહુ છે. આખું ઘર એવું છે. આ ધનજીભાઈ પણ શૂરવીર છે. ઘરમાં બધાય હેતવાળા તે અમારું વચન કોઈ દિવસ ફેરવતા નથી. વ્યવહારમાં, સુખ-દુ:ખમાં, મંદવાડમાં જ્યારે જોઈએ ત્યારે બળનાં જ વચન. અમે પણ સૌને અમારા જ માનીએ છીએ.''

પછી બોલ્યા જે, “તમને તાણ છે તેથી બે દિવસ રોકાશું.” એમ કહી મંદિરમાં પધાર્યા.

વળી સાંજના ચાર વાગ્યાને સુમારે બાપાશ્રી ગાડીમાં બેસીને તથા સૌ હરિભક્તો પગે ચાલીને નાહવા જતા હતા અને માર્ગમાં હરિભક્તો કીર્તન બોલતા હતા. તે વખતે નદીના ધરે કેરા, વૃષપુર, રામપુર, દહીંસરા, ભારાસર, સુખપુર, માનકુવા વગેરે ગામના ઘણા હરિભક્તો આગળથી બાપાશ્રીને નાહવા આવ્યાની વાટ જોઈ રહ્યા હતા. તે સર્વે બાપાશ્રીને જોઈને આનંદ પામ્યા. પછી સંતો તથા હરિભક્તોએ સહિત બાપાશ્રી નાહ્યા. હરિભક્તો કીર્તન બોલતા હતાં. ત્યાં પોતે રેતીમાં માનસી પૂજા કરવા બેઠા ને હરિભક્તોએ ગરબી લઈ કીર્તન ગાયાં.

પછી બાપાશ્રી જાગ્રત થયા ને કહ્યું જે, “તમો સૌ ગામોગામથી દર્શનની તાણે કામ ખોટી કરીને દોડ્યા આવો છો તે અમે જાણીએ છીએ. મહારાજને રાજી કરવા સારુ આવા દાખડા છે. સૌને મહારાજની મૂર્તિનું તાન છે. કોઈ દેહધારી મૂંઝાતા હોય તો એ જાણે. તેનું પણ સારું થાય એવો આપણે સંકલ્પ કરવો. અમારે તો જીવને ઠેઠ મૂર્તિમાં મૂકવા છે. બીજો કોઈ અર્થ સારવો નથી. તેથી રાત કે દિવસ જોતા નથી. ક્યારેય નવરા રહેતા નથી. મોટા મોટા નંદ સાધુઓ અમે જોયા છે, તે તો ક્યારેય મૂર્તિને મૂકતા નહિ. માળા, માનસી પૂજા, ધ્યાન, ભજન, સેવા, કથા-વાર્તા નિરંતર કર્યા જ કરતા. એમને તો એમ જે એ સુખ વિના બીજું શું જોયા જેવું છે? આપણે પણ એ માર્ગ લેવો. કેટલાય રાગ-રંગમાં, મારા-તારામાં, પંચવિષયનાં વલખાંમાં આવરદા ખોઈ નાખે છે. આપણને તો શ્રી પુરુષોત્તમનારાયણ અવિનાશી વર મળ્યા છે, તેથી ક્યાંય અટકવું નહિ. કેવડા મહારાજ! ને કેવડા તેમના અનાદિમુક્ત! આ તો ભારે વાત બની ગઈ છે. નહિ તો જીવનું શું ગજું?”

એમ કહી સમય થઈ જવાથી પાછા ગાડીમાં બેસી હરિભક્તોએ સહિત ગામમાં આવતાં ધનજીભાઈની પ્રાર્થનાથી તેમની વાડીએ પધાર્યા.

તે વાડીમાં બધે ફરીને બોલ્યા જે, ‘‘આ વાડીના ધણી ઘનશ્યામ મહારાજ છે; માટે આજથી આનું નામ ‘ઘનશ્યામ વાડી’ કહેજો ને વાડીના નામ ભેગી એ ઘનશ્યામ મહારાજની મૂર્તિ સંભારજો.’’

પછી ધનજીભાઈએ કેળાં તથા પોપૈયા સુધારીને ઠાકોરજીને જમાડ્યાં પછી સૌને બાપાશ્રીએ પ્રસાદી વહેંચી અને હરિભક્તોએ સહિત મંદિરમાં પધાર્યા. ॥૧૧૧॥

## વાર્તા ૧૧૨

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૭ને રોજ સવારે વૃષપુરના મંદિરમાં બાપાશ્રી ચોકમાં તડકે બેઠા હતા તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજી ઉપર કરજીસણથી સાધુનો કાગળ આવેલ તે વાંચતા હતા.

ત્યારે બાપાશ્રી કહે, ‘‘પુરાણી! કાગળ ક્યાંથી આવ્યો છે?’’ ત્યારે પુરાણી કહે, ‘‘બાપા! કરજીસણથી સાધુનો. ત્યાંથી એ સાધુએ તથા ત્યાંના હરિભક્તોએ આપને જય શ્રી સ્વામિનારાયણ લખ્યા છે.’’ ત્યારે બાપાશ્રી અજાણ્યા થકા પૂછવા લાગ્યા જે, ‘‘પુરાણી! એ કરજીસણ કયું?’’

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીએ કહ્યું જે, ‘‘બાપા! શ્રીજીમહારાજે ગુજરાતમાં કરજીસણ અને ડાંગરવામાં ગોવિંદભાઈ તથા જતનબાને ત્યાં બહુ લીલાઓ કરી છે તે. આપ પણ ત્યાં પધાર્યા હતા. તે આપનાં દર્શનથી સૌ સુખિયા થયા છે, એમ કાગળમાં લખે છે.’’

ત્યારે બાપાશ્રી કહે, ‘‘હા, હવે યાદ આવ્યું. અમે મુળીનો યજ્ઞ થયો ત્યાર પછી કરાંચી ગયા હતા ત્યારે સ્વામી વૃંદાવનદાસજી કરજીસણ હતા ત્યાંથી તેમના કાગળો આવતા જે, ‘વળતાં અહીં જરૂર પધારજો.’

પછી અમો કરાંચીથી વળ્યા ત્યારે સ્વામીશ્રીને અમારા દેશમાં આવ્યાના ખબર પડવાથી તાર કર્યો ને સ્ટેશને સૌ સામા આવ્યા હતા. પણ અમો તે વખતે રોકાણા નહિ, પરબારા અમદાવાદ ગયા. ત્યાં સ્વામી વૃંદાવનદાસજી આદિ સંતો તથા ત્યાંના પાંચ-છ હરિભક્તો પણ સાથે આવ્યા હતા. પછી અતિ હેત જણાવીને અમને તેડી ગયા. તેમાં સોમાભાઈ, હરજીવનદાસ, નારણદાસ, ભાઈચંદ, મોહનભાઈ, ઈશ્વરભાઈ આદિક હરિભક્તો ડાંગરવે ગાડાં લાવી કરજીસણ તેડી ગયા હતા. ત્યાં ભારે ધામધૂમ કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં. પછી ત્યાં અમે ઠાકોરજીને જમાડ્યા, તેથી સર્વેને આનંદ આનંદ થઈ રહ્યો. પછી ગોવિંદજીભાઈના માઢમાં મથુરભાઈના ઘેર થઈ સોમાભાઈ તથા મણિભાઈ આદિક ઘણા હરિભક્તો પોતપોતાને ઘેર તેડી ગયા હતા.''

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી કહે, ''બાપા! આ કાગળમાં તો એક હરિભક્તને ત્યાં તેમનો ઈચ્છિત મનોરથ આપે પૂરો કર્યો હતો તેવું લખે છે.''

ત્યારે બાપાશ્રી કહે, ''એ શું?''

તે વખતે પુરાણીએ કહ્યું જે, ''આ કાગળમાં હરિભક્તો લખે છે કે બાપાશ્રીને અમારા સૌ હરિભક્તોના દંડવતે સહિત જય સ્વામિનારાયણ કહેશો અને સાથે એટલી યાદી આપશ્રીને આપવા તેમની વિનંતી છે જે એક હરિભક્તે પોતાને ત્યાં દીકરા થવાનું માગેલ ત્યારે આપ એમ બોલ્યા હતા જે, 'અમે તો મહારાજની મૂર્તિ આપીએ છીએ. દીકરાનું તો શ્રીજીમહારાજની મરજી પ્રમાણે થાય.' તોપણ તેમણે ફરીવાર પ્રાર્થના કરેલી, જેથી આપે કહ્યું હતું જે, 'અમારે વચને તમારો સંકલ્પ મહારાજ પૂરો કરતા હોય તો અમે રાજી છીએ.' ત્યાર પછી તે હરિભક્તનો મનોરથ મહારાજે પૂરો કર્યો છે. એ યાદી આપીને આપને તેમણે જય સ્વામિનારાયણ કહેવાનું લખ્યું છે.''

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, ''જુઓને! આ લોકનાં કેવાં તાન

છે? આવું હેત મહારાજની મૂર્તિમાં હોય તો કાંઈ વાંધો રહે નહિ. આ સમે મહારાજે કોઈ વાતે સુખ આપવામાં મણા રાખી નથી. મોટા મોટા સંતો તથા સ્થિતિવાળા હરિભક્તો તો મૂર્તિમાં ગુલતાન જ રહે છે, પણ ઉત્તમ સ્થિતિને ન પામ્યા હોય તે આવાં લૌકિક પદાર્થમાં સુખ માને. તોપણ સત્સંગમાં જેનો જન્મ આવે તેનાં મોટાં ભાગ્ય; કેમ કે આ સત્સંગ દિવ્ય છે, તેથી મહારાજ તથા મોટા મુક્તોનો જોગ અહીં તરત મળે.''

એમ કહી પોતે ઠાકોરજીને થાળ જમાડવા ઘેર પધાર્યા. ll૧૧૨ll

## વાર્તા ૧૧૩

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૮ને રોજ સવારે બાપાશ્રી નાહી પૂજા કરી ઠાકોરજીનાં દર્શન કરી ઘેર ગયા; થોડીવાર પછી સભામાં પધાર્યા. પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ અમદાવાદનું ૭મું વચનામૃત વાંચ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આમાં તો મહારાજ કહે છે કે, 'સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા હું જ છું. તથા અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગોલોક, બ્રહ્મપુર અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને મારે પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે. તથા સૂર્ય, ચંદ્ર, તારા આદિ મારે તેજે તેજાયમાન છે તથા અનંત કોટિ બ્રહ્માંડનો આધાર ને સર્વનો કારણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહિ. એવો સર્વોપરી હું તે મારે વિષે આમ સમજીને નિશ્ચય કરે તો તે નિશ્ચય ડગે નહિ.'''

''આમાં તો શ્રીજીમહારાજ સર્વના કારણ થયા. તોપણ જેને આવો મહિમા સમજાતો નથી તે બીજા અવતારનું તથા સર્વોપરી પુરુષોત્તમનારાયણનું ભેળું ને ભેળું વર્ણન કરે છે. પણ ક્યાં મહારાજ!

ને ક્યાં અવતાર! શ્રીજીમહારાજની કોઈ જોડ નથી. એમના જેવા તો એ એક જ છે. 'આ મૂર્તિ સૌથી નોખી અચરજકારી છે' તથા 'જોવા રાખી નહિ જોડ પુરુષોત્તમ પ્રગટી' એવી એ કારણ મૂર્તિ છે. મહારાજને સર્વના કારણ, સર્વના નિયંતા, સર્વોપરી, સર્વાધાર જાણ્યા વિના જીવનો આત્યંતિક મોક્ષ ન થાય. એટલા માટે શ્રીજીમહારાજ કહે છે કે, 'શ્વેતદ્વીપ તથા ગોલોક, વૈકુંઠ, બદરિકાશ્રમ આદિ ધામોની સભા કરતાં આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશે પ્રકાશે યુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.' આવી રીતે મહારાજે સમ ખાધા છે તોય કેટલાક નવા આદરવાળા અવતાર-અવતારીની વાત સમજી શકતા નથી અને મોટા મુક્ત દયા કરી સમજાવે છે તે સમજતા નથી, પણ જો આ અમદાવાદનું ૭મું વચનામૃત વાંચી મનન કરે તો સમજાય તેવું છે.''

પછી સોની મગનભાઈએ પૂછ્યું જે, ''બાપા! આપણા દેશમાં ૨૭૩ વચનામૃત છે અને વરતાલ દેશની પ્રતમાં ૨૬૨ છે, તે ૧૧ વચનામૃત એ દેશની પ્રતમાં ઓછાં કેમ હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''પહેલાં ૨૬૨ વચનામૃત હતાં તે જ્યારે સભામાં વંચાવા માંડ્યાં ત્યારે અમદાવાદના કુબેરસિંહ છડીદારે ધર્મધુરંધર આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજને કહ્યું જે, 'મહારાજ! આ શું વંચાય છે?' ત્યારે તેમણે કહ્યું જે, 'શ્રીજીમહારાજે જે જે ગામમાં વાર્તાઓ કરેલી તે મોટા સદ્‌ગુરુઓએ લખી હતી. એ બધી ભેગી કરીને શ્રીજીમહારાજનાં વચનામૃત લખાયાં છે, તે વંચાય છે.'''

''ત્યારે કુબેરસિંહજી છડીદારે કહ્યું જે, 'અહીં શ્રીજીમહારાજે જે જે વાતો કરેલી તથા તે વખતે જે જે પ્રશ્નો મેં પૂછ્યા હતા તેના મહારાજે પ્રસન્ન થઈને ઉત્તર કરેલા તે વાતો મેં પણ લખી રાખી છે.' પછી જેતલપુરના આશજીભાઈએ પણ એમ જ કહ્યું જે, 'મહારાજે જેતલપુરમાં તથા અશ્લાલીમાં વાતો કરેલી તે મારા પાસે લખેલી છે.'''

“પછી તે બન્નેને આચાર્યજી મહારાજે કહ્યું જે, ‘તમે એ વાતો અમારી પાસે લાવો.’ પછી તરત જ તેમણે લખેલી વાતોના ખરડા મહારાજશ્રીને આપ્યા. તેમાં ચમત્કારી પ્રશ્નોત્તર જોઈ ધ.ધુ. અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા મોટા સંતો રાજી થયા ને કહ્યું જે, ‘તમે આ વાતો લખી તે બહુ સારું કર્યું.’ પછી તેમાંથી એ સંતો પાસે વાતો એકંદર કરાવી તેનાં ૧૧ વચનામૃત થયાં.”

“પછી ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ વરતાલ મંદિરમાં પત્ર લખ્યો ને કહેવરાવ્યું જે, ‘આપણે વચનામૃતો તૈયાર કર્યાં છે તે ઉપરાંત અમને અહીંથી આ રીતે ૧૧ વચનામૃતો થયાં તેટલા ખરડાઓ મળ્યા છે, તેમાં શ્રીજીમહારાજનું સર્વોપરીપણાનું વર્ણન સારું છે. તેથી તમો એ વચનામૃત ૧૧ લખી લો ને તેમાં કાંઈ ફેરફાર ન કરશો; કેમ કે તેમાં મહારાજનો સર્વોપરી ભાવ તથા શ્રી નરનારાયણ નામથી માહાત્મ્ય કહેલ છે.’ ત્યારે વરતાલથી ધર્મધુરંધર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે સંતોને પૂછીને તે ૧૧ વચનામૃતો જેમ બીજાં વચનામૃતો શોધ્યાં હતાં તેમ શોધીને નાખવા ઇચ્છા જણાવી. પછી અમદાવાદથી આચાર્ય મહારાજનો બીજો પત્ર ગયો જે, ‘આમાં શ્રીજીમહારાજે પોતાનું પુરુષોત્તમપણું વર્ણવેલું છે તેથી તેમાં શોધવાની જરૂર જણાતી નથી એવો અહીં મોટા મોટા સંતોનો અભિપ્રાય છે તેથી અમોને એ વચનામૃતમાં કાંઈ શોધવા જેવું જણાતું નથી. માટે તમો એ વચનામૃતો જેમ છે તેમ જ લખો તો ઠીક.’ ત્યારે વરતાલથી આચાર્યશ્રીનો જવાબ આવ્યો જે, ‘અમે તો શોધ્યા વિના જેમ છે તેમ ઠીક લાગે તો લખીએ; કેમ કે બીજાં વચનામૃતો શોધાયાં છે તેથી આ વધારાનાં શોધવાં પડે.’”

“પછી અમદાવાદથી આચાર્યજી મહારાજે જાણ્યું જે, આ વચનામૃતોમાં જે સર્વોપરી ભાવ છે તથા શ્રીજીમહારાજ સર્વના કારણ છે એવું શ્રીમુખે બોલ્યા છે તેવાં વચનથી આગળ ઘણો સમાસ થશે. એમ જાણી મોકલ્યાં નહિ.”

"તેથી તે દેશની પ્રતમાં એ ૧૧ વચનામૃતો લખાયાં નથી એમ અમે મોટા સંતો પાસેથી સાંભળ્યું છે. એ ૧૧ વચનામૃતમાં વાતો ચમત્કારી થઈ છે; કેમ જે તેમાં શ્રીજીમહારાજ સ્વયં પુરુષોત્તમનારાયણ છે તેવું સ્પષ્ટ વર્ણન છે. માટે આપણા દેશની પ્રતમાં એ ૧૧ વચનામૃત વધારે છે. તેને કેટલાક સમજ્યા વિના નવાં કહે છે, પણ એવું કહેનારા આવી વાત જાણે તથા એ વચનામૃતો વાંચે-વિચારે તો શ્રીજીમહારાજનો મહિમા વધુ સમજાય તેવું છે." ॥૧૧૩॥

## વાર્તા ૧૧૪

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૧૦ને રોજ સવારે ગામ શ્રી કેરાના મંદિરમાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, "આ ગામમાં સાત કુંડ છે. તે ગંગાએ શ્રીજીમહારાજે એક મહિનો લાગઠ કથા કરી હતી. અને આ ગઢમાં સદાબા રહેતાં હતાં તે મહાસમર્થ હતાં. તેમણે અને માનકુવાના અદાભાઈએ કથા (પારાયણ) કરાવી હતી. વળી એ સ્થળે સદ્. સ્વામી શ્રી નિર્ગુણદાસજીએ પણ આવીને સભા કરીને મહારાજના સર્વોપરીપણાની તથા લીલા-ચરિત્રની બહુ વાતો કરી હતી."

"તે વખતે એક બાવો આ ગઢના તિલાટનો માનીતો હતો, તે સંવાદ કરવા લાગ્યો. તેને સ્વામીશ્રી શાસ્ત્રનાં વચનોથી સમજાવતા હતા, પણ તે સમજે નહિ. પછી પુરાણી દેવચરણદાસજી શ્લોક બોલ્યા, ત્યારે તેણે કહ્યું જે, 'તમે ન બોલો. તમારું પ્રમાણ નહિ કરું. આ બૂઢ્ઢા સ્વામી ભલે બોલે.' પછી સ્વામી સાથે સંવાદ કરતાં કરતાં મિથ્યા જ્ઞાનીની પેઠે બ્રહ્મ નિરૂપણ કરવા લાગ્યો જે, 'બ્રહ્મ તો નિર્ગુણ હે, ઉનકું કોઈ પાપ-પુણ્ય નહિ હે.' પછી તો છકમાં બોલવા લાગ્યો જે, 'મા કોન હે? બાપ કોન હે? બહેન કોન હે? સ્ત્રી કોન હે? સબહી કા સરખા આકાર હે. પત્થરમે ઓર મૂર્તિમે ક્યા ભેદ હે?' પછી સ્વામીએ કેટલાંક શાસ્ત્રનાં પ્રમાણ આપી પકડ્યો તેથી તે કાંઈ બોલી શક્યો નહિ."

“પછી સ્વામીશ્રીએ તિલાટને કહ્યું કે, ‘જુઓ! આ તમારા ગુરુ. એના બોલ કેવા છે? એણે તો બધુંય બોળ્યું.’ પછી તે તિલાટને પણ રીસ ચડી, તેથી તેને કાઢી મૂક્યો. જગતમાં આવા મિથ્યા જ્ઞાનીને પણ કેટલાક વળગે છે. આપણા ઉપર તો ભગવાને બહુ દયા કરી છે, તેથી સુખિયા છીએ. મહારાજનો મહિમા તથા પ્રતાપ જાણે તેને સુખ બહુ આવે. જુઓને! શ્રીજીમહારાજ પૂર્વમાં પ્રગટ્યા અને પશ્ચિમમાં આવીને રહ્યા. વળી દેશોદેશમાં ફરી અનંત જીવો ઉપર અપાર કરુણા કરી તેમનો ઉદ્ધાર કર્યો. એ કેવડી મોટી દયા કહેવાય!” ॥૧૧૪॥

## વાર્તા ૧૧૫

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૧૧ને રોજ ગામ શ્રી કેરાના મંદિરમાં સવારે સભામાં વચનામૃતની કથા વંચાતી હતી.

તે સમયે મનજી હરજી પાંચાણી એમ બોલ્યા જે, “બાપા! આપણે શું થઈએ?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “અમને મનુષ્ય જેવા જાણો તો અમે કુટુંબી થઈએ, અને જેવા છીએ તેવા જાણો તો સર્વના સ્વામી શ્રી પુરુષોત્તમ ભગવાન તેમની મૂર્તિમાં જ રસબસ છીએ. અમે જીવોને એ મૂર્તિના સુખમાં રાખવા આવ્યા છીએ, પણ અમે કોઈના બાપ, દીકરા કે સંબંધી નથી. અમે તો અનાદિમુક્ત જ છીએ. અમારી આ લોકમાં કોઈ જોડ નથી.” એમ પોતાનો અલૌકિક દિવ્યભાવ જણાવ્યો.

પછી બાપાશ્રી કુંવરજીભાઈની વાડીએ નાહવા પધાર્યા અને સંતોને કહ્યું જે, “તમે જમીને ત્યાં આવજો.” બાપાશ્રી નાહીને કુંવરજીભાઈની વાડીએ બેઠા હતા, તે વખતે વૃષપુરથી ભુજના સ્વામી ભક્તિપ્રિયદાસજી તથા શ્રીવલ્લભદાસજી આદિ સંતો આવ્યા.

તેમણે પૂછ્યું જે, “બાપા! આપની અમોએ માંદાઈ સાંભળી હતી તે હવે આપને શરીરે કેમ છે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમે માંદા નથી. માંદા તો દેહધારી હોય. અમે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં રહ્યા થકા સદાય સુખ લઈએ છીએ. અમને જે ઓળખે તેને પણ એવા જ સુખિયા કરીએ છીએ. તમે સૌ અમારા જેવા સુખિયા રહેજો. કેટલાક અમારે વિષે મનુષ્યભાવ પરઠીને દુખિયા થાય છે તેવું કોઈ કરશો મા. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં રસબસ છીએ, તેના સ્વામિનારાયણ સાક્ષી છે. અને જે અમારી સામે દૃષ્ટિ રાખશે તેને પણ મૂર્તિને સુખે સુખિયા કરીશું."

એમ કહીને પછી સંતોએ સહિત મંદિરમાં પધાર્યા. ॥૧૧૫॥

## વાર્તા ૧૧૬

સંવત ૧૯૮૪ના કારતક સુદ-૧૩ને રોજ વૃષપુરના મંદિરની મેડી કરવાનું કામ ચાલતું કરવા સાધુ ભક્તિપ્રિયદાસજી આદિ સંતમંડળ ભુજથી આવેલા અને પુરાણી કેશવપ્રિયદાસજી પણ ત્યાં રહેતા હતા તેમણે તથા હરિભક્તોએ વિચાર કરી બાપાશ્રીને માણસ મોકલી તેડાવ્યા તેથી તરત સૌ હરિભક્તોને રાજી કરી બાપાશ્રી વૃષપુર આવ્યા. સવારે ઓસરીમાં સંત-હરિભક્તોની સભા બેઠી હતી. તે સૌ ઊઠીને મળ્યા.

પછી બાપાશ્રીને સંતોએ વાત કરી જે, "હવે મેડીનું તથા કૂવો ફેરવવાનું કામ ચાલતું કરવું છે તો આપની મરજી થાય તેમ કરીએ."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ મંદિરમાં જે જે કામ થયાં તેમાં આપણને બધાયને સરખી જ લાગણી છે ને અહીં સત્સંગ સારો છે, હરિભક્તો પણ બનતી સેવા કરશે, માટે મેડી થતાં મંદિર બહુ સારું થઈ જશે. કૂવો અહીં છે તે આગળ કરવો. હવે તમો બધા મૂર્તિ ધારીને કામ ચલાવો. મહારાજ તથા મોટા મોટા સંતોએ મંદિરોની સેવાનો મહિમા બહુ કહ્યો છે તેથી સૌ હરિભક્તો સેવામાં બને તેટલો લાભ લેજો. અમે પણ થાશે તે કરશું. આપણે અવરભાવમાં મંદિર તે અક્ષરધામ ને માંહી મહારાજ બિરાજે છે તે અક્ષરધામના ધણી. પરભાવમાં તો શ્રીજીમહારાજે દયા કરી મૂર્તિમાં રાખ્યા ત્યારથી અનંત મુક્તે સહિત

મહારાજ ભેગા ને ભેગા છે એમ જાણી આનંદમાં રહેવું.'' એમ વાત કરી.

પછી જ્યારે કૂવો ફેરવવાનું કામ ચાલતું કર્યું ત્યારે બાપાશ્રી ઓસરીમાં બેઠા હતા. તે હરિભક્તો પાસે બોલ્યા જે, ''જેમ કૂવામાં પાણી ખારું-મોળું કે મીઠું એમ જુદા જુદા પ્રકારનું નીકળતું જણાય છે તેમ પાત્રની તારતમ્યતાએ સુખમાં ફેર પડે છે. એવી જ રીતે મોટા મુક્ત, સંત તથા હરિભક્ત જુદા જુદા જણાય છે. સર્વેને કારણ મૂર્તિ એક જ છે, તોપણ સુખભોક્તામાં ભેદ પડે છે તે પાત્રપણાનો છે. કેમ કે સૌ એક મૂર્તિમાંથી જ સુખ ભોગવે છે. માટે ઉત્તમ પાત્ર થવું ને અનાદિનો જોગ કરવો. કેમ જે અનાદિમુક્ત તો રસબસભાવે સુખ લીધા જ કરે છે. તેમને તો મૂર્તિ વિના બીજુ કાંઈ છે જ નહિ. માટે એવા ઉત્તમ જોગથી ઉત્તમ પાત્ર થવાય.''

પછી મેડીનું કામ ચાલવા માંડ્યું ત્યારે બાપાશ્રી ક્યારેક ઓસરીમાં આસન કરતા, મંદિરને ખૂણે મોદ બાંધેલી હતી ત્યાં પણ બેસતા. સવારે, બપોરે વચનામૃત વંચાય. પુરાણી વચનામૃત વાંચે ત્યારે બાપાશ્રી વાતો કરતા. કામ કરનારા સૌ નાના-મોટાને બાપાશ્રીને રાજી કરવાનું તાન અને બાપાશ્રી પણ હરિભક્તો પર ઘણી પ્રસન્નતા જણાવતા હતા.

એક દિવસ સભામાં એમ વાત કરી જે, ''તમે કામ કરો છો તે મૂર્તિમાં વૃત્તિ રાખીને કરજો. સર્વેના કારણ શ્રીજીમહારાજ છે તે કારણ સામી નજર રાખવી. મહારાજે આ લોકમાં દર્શન આપી અક્ષરધામ તુલ્ય સુખ વર્તાવી દીધું છે. તમે સેવા કરો છો તે મહારાજ જોઈ રહ્યા છે.''

પછી સંતોને કહ્યું જે, ''તમારા દાખડા પણ ઘણા છે.'' પછી એમ બોલ્યા જે, ''અહીં જે જે સેવા કરે છે તેના પર મહારાજ અમૃત નજરે જુએ છે, અતિ રાજી થાય છે. જેને એવો દિવ્યભાવ હોય તેને તો મહારાજ સદાય પ્રગટ છે. 'જ્યાં દેખું ત્યાં રામજી બીજું કાંઈ ન

ભાસે' એવું અ.મુ. સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે તથા 'રસબસ હોઈ રહી રસિયા સંગ' એવાં વચન મૂર્તિ આકારે દૃષ્ટિ થઈ હોય તેને સમજાય છે; બહાર દૃષ્ટિવાળાને એવું પ્રગટપણું જણાય નહિ માટે અંતરદૃષ્ટિ રાખવી. મૂર્તિ વિના બીજું કાંઈ જોવું નહિ. આપણે એક કારણનું કામ છે.'' ॥૧૧૬॥

## વાર્તા ૧૧૭

સંવત ૧૯૮૪ના કારતક વદ-૨ને રોજ સવારમાં વચનામૃતની કથા થતી હતી. ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, ''મહારાજ ને મોટા રાજી થાય તો જરાક વારમાં કામ થઈ જાય; તે વિના નકરાં સાધનથી લાખો-કરોડો જન્મે કામ થાય નહિ. મોટા અનાદિની વાત નોખી છે. એ તો મૂર્તિમાં સળંગ રહ્યા છે, તોપણ મહારાજે માયાનું બળવાનપણું કહ્યું ત્યારે મુક્તાનંદ સ્વામી જેવાને પણ એના પ્રસંગે ઠેકાણું રહે કે ન રહે એવું એનું પ્રધાનપણું જીવોને સમજાવવા કહ્યું છે, પણ મોટા તો સદાય નિર્લેપ છે. કેમ કે કાળ, કર્મ ને માયાનો ભગવાનના ભક્તને માથે હુકમ નથી; તો આ તો મૂર્તિમાં રસબસ રહેનારા અનાદિમુક્ત તેને શું હોય? પણ જ્યારે જીવોને એવી વાત સમજાવવી હોય ત્યારે મહારાજ મોટા મોટા મુક્તનાં નામ લઈને વાત કરતા એમ જાણવું. મોટાની છાયામાં રહે તેને પણ માયા નડી શકે નહિ તો એવા મોટાની તો વાત જ શી કહેવી?''

''જીવને ઘાટ-સંકલ્પ નડતા હોય તો મહિમાએ સહિત ગદ્ગદ્ કંઠ થઈને મહારાજ તથા મોટા મુક્તને પ્રાર્થના કરે તો ટળી જાય. જેમ નોળિયો નોળવેલ સૂંઘી આવે તો સર્પનું ઝેર ઊતરી જાય છે તેમ આ લોકમાં મોટપ, સારપ, કામ, ક્રોધ, આદિ કોઈ વસ્તુ જ નથી. મોટપ ને સારપ તો એક મહારાજની મૂર્તિમાં જ છે. શીતળતા વગેરે ગુણ પણ એમાં જ છે; પણ જેને મહિમા હોય તેને ખબર પડે. શ્રીજીમહારાજ તથા મૂર્તિમાં રહેનારા મુક્ત એ બે અનાદિ છે. મહારાજની વ્યતિરેક સાક્ષાત્

મૂર્તિનું સુખ આપણને મળ્યું છે. તે એવા અનાદિમુક્તની કૃપાએ મળ્યું છે. તપથી કે સાધનથી એ સુખ મળે તેવું નથી. આ કાંઈ થોડી વાત ન કહેવાય. મોટાને પ્રતાપે આપણો તો ખરેખરો આત્યંતિક મોક્ષ થઈ ગયો છે એમ જાણી મૂર્તિમાં સળંગ જોડાય તો સુખની ધારાઓ છૂટે. 'અમૃતના સિંધુ ઊલટ્યા, રંગડાની વાળી છે રેલ, પુરુષોત્તમ પ્રગટી' એવું છે. આ તો દિવ્ય મૂર્તિ ને અલૌકિક પ્રાપ્તિ છે. માટે એ મૂર્તિને મૂકીને શાસ્ત્ર ભણે, કથા-કીર્તન કરે તોપણ મોટા સંતે દિનકઢણી કહી છે."

પછી એમ બોલ્યા જે, "પાણો હોય તે અગ્નિથી શેકાઈ જાય છે ને પાણી અડે એટલે ચૂરેચૂરા થઈ જાય છે. અને ઔષધીમાં પણ એવો ચમત્કાર છે જે સોના આદિક વસ્તુને ગાળીને શુદ્ધ કરી નાખે છે. તો આ તો સર્વોપરી ભગવાન અને સર્વોપરી મુક્ત મળ્યા છે. તોપણ અંતર ગળતું નથી તેનું કારણ એ જે મહારાજનો તથા અનાદિમુક્તનો જેવો છે તેવો મહિમા જાણ્યામાં આવ્યો નથી. ને સર્વોપરી ભગવાન તથા મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવનારા અનાદિમુક્ત તેમની ઓળખાણ થઈ નથી. કદાપિ ઓળખાણ થઈ છે તો તે સંગાથે જીવ જોડ્યો નથી. તે જો મન, કર્મ, વચને જીવ જોડે તો કાંઈ ખામી રહે નહિ. જેટલી ખામી રહે છે તેટલી જીવ જોડવામાં તથા આજ્ઞા પાળવામાં કસર છે તેથી અંતર ગળતું નથી. કેમ કે અગ્નિ તથા ઔષધી તે તો જડ છે તોય સોના આદિકનો મેલ મુકાવી દે છે, તો આ તો દિવ્ય મહારાજ ને દિવ્ય મુક્ત તે શું ન કરે? પણ અંતરાય રહે છે તેથી જેમ છે તેમ સમજાતું નથી; માટે સાચે ભાવે જોડાવું." પછી એમ બોલ્યા જે, "સાંખ્ય ને યોગ તે શું? તો શ્રીજીમહારાજ વિના સર્વે ખોટું જાણવું તે સાંખ્ય અને મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું તે યોગ." ॥૧૧૭॥

## વાર્તા ૧૧૮

(સંવત ૧૯૮૪, કારતક વદ-૨) સાંજે સંત ગોડી બોલ્યા તેમાં 'ત્રિગુણાતીત ફીરત તન ત્યાગી, રીત જગતસે ન્યારી; જગતમેં સંત

પરમ હિતકારી' તે ટૂંક બોલી રહ્યા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સંતો તમારી તો રીત ન્યારી છે. અમારે વ્યવહારમાર્ગમાં કૂટારા ઘણા. આજ તો અમે ઘેર છોકરાને કથામાં મોડા આવે છે તેથી વઢ્યા તે જરા ગુણમાં આવી ગયા."

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી કહે, "બાપા! આપ તો સદાય નિર્ગુણ છો. આપના જોગે અનેક નિર્ગુણ થઈ જાય છે તો તમારે ગુણમાં આવવાનું શું હોય!"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આ તો અમે ગુણમાં આવીને કોઈને ન વઢવું એવી ભલામણ કરીએ છીએ. અમે તો મૂર્તિ વિના બીજું કાંઈ રાખ્યું નથી ને રાખવુંય નથી. મહારાજના અનાદિમુક્ત તો મૂર્તિના સુખરૂપ અમૃત વિના બીજો આહાર કરતા જ નથી. તેમની સામર્થી અપાર છે, પણ જીવને ખબર પડે નહિ. મહારાજે તો રાજાનું રાજ્ય તેટલું રાણીનું રાજ્ય કહ્યું છે. તોપણ અનાદિ મહામુક્તરાજ ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામીને સત્સંગમાં કેટલાક મૂળઅક્ષર નામે કહે છે. તેમ કહેવાનું તાન એ છે કે બીજા મુક્ત અક્ષર ને આ તેમનાથી મોટા એટલે મૂળઅક્ષર."

"વળી કેટલાક તો સમજ્યા વિના એમ બોલે છે જે, 'અક્ષર વિના પુરુષોત્તમ પમાય નહિ. સ્વામી અને નારાયણ એમ જુદું જુદું નામ છે તે મહારાજે અક્ષર-પુરુષોત્તમનું ભજન કરાવવા ભેળું કરેલ છે.' આવા પોતાના ઠેરાવે મહિમા સમજાવવા જાય છે અને કહે છે કે, 'બધાય અવતારને જોડ ને મહારાજને જોડ નહિ?' એવી સમજણ બંધ બેસારે છે. પણ તે જો મહારાજનો મહિમા મોટા અનાદિ થકી સમજે તો આપણે કહીએ છીએ તેથી મોટપ વધે છે કે ઘટે છે તેની ખબર પડે. મહારાજના અનાદિમુક્તને તો મહારાજરૂપ જ કહેવાય."

"મહારાજનું તેજરૂપ ધામ તો સર્વત્ર પૂર્ણ સચ્ચિદાનંદપણે અખંડ છે. મહારાજ તે તેજના કારણ એટલે જ્યાં મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય.

એ મૂર્તિ અખંડ અનાદિ છે તેથી તે મૂર્તિમાં રસબસ રહેનારા મુક્તોને મહારાજથી પૃથક્ જે જે ઉપમા દેવાય તે અધૂરી જ છે. મહામુક્તને તો એક શ્રીજીમહારાજ જ છે, તેથી તે મૂર્તિરૂપ છે. અને 'જોવા રાખી નહિ જોડ પુરુષોત્તમ પ્રગટી', ક્ષર-અક્ષરને પોતાની શક્તિએ કરીને ધરી રહેનારા મહારાજ તેથી તેમને મહારાજની જોડે ગણાય નહિ.''

''જો એમ એ કહેતા હોય કે, 'અમે તો અક્ષર દરજ્જાવાળાને નથી કહેતા', તો મહારાજના અનાદિ મહામુક્ત તો મહારાજની મૂર્તિથી પૃથક્ રહેતા નથી. 'રસરૂપ મૂર્તિ રે શ્રી હરિ કેવળ કરુણા કંદ' એ દિવ્ય મૂર્તિના મહારસનું સદાય પાન કરનારા છે. એ દિવ્ય સુખના જ ભોગી છે. અનાદિ મહારાજ, એટલે એ પણ અનાદિ; તેને જે જે બીજી ઉપમા દેવાય તે ઓછી છે. આવા જે મહા અનાદિ તે તો મહારાજની મૂર્તિમાં સુખભોક્તાપણે રસબસભાવે રહ્યા છે. અને પરમ એકાંતિક સન્મુખ રહ્યા છે તેને પણ 'સર્વ મુક્તથી અધિક આ મુક્ત' એમ નથી; સર્વ મુક્તોને સર્વોપરી એક મૂર્તિ જ છે ને મુક્તોને તો એ મૂર્તિના સુખમાં ક્યારેય પાર પામવાપણું નથી, સદાય અપાર ને અપારપણું છે. એવો મહિમા જેને સમજાય તેને એ મૂર્તિ વિના બીજા કોઈનો ભાર રહે નહિ.'' ॥૧૧૮॥

## વાર્તા ૧૧૯

સંવત ૧૯૮૪ના કારતક વદ-૩ ને રોજ સવારે સભામાં બાપાશ્રીએ વાત કરી જે, ''મહારાજની આજ્ઞામાં જે ખબડદાર ન રહે ને ઉપર ઉપરથી મોટા મુક્ત પાસે આવે જાય ને પ્રાર્થના કરે તેથી તેનું કામ થાય નહિ. એ તો જ્યારે મહારાજને તથા મોટા અનાદિને અંતર્યામી જાણી તેમનાં વચન સામી સુરત રાખે તો મોક્ષ થતાં કાંઈ વાર ન લાગે. નહિ તો સો ગાઉ સામો ચાલીને આવે તોપણ મૂર્તિનું સુખ તેને મળતું નથી; માટે દેખાવનો સત્સંગ ન કરવો. મહારાજ તથા મોટાનાં વચન પ્રમાણે નિયમ-ધર્મ પાળ્યા વિના ચાલે નહિ. મોટા

અનાદિમુક્ત તો બહુ દયાળુ હોય તેથી મહારાજનાં વચનમાં વર્તે તેને તરત મૂર્તિમાં મૂકી દે છે.''

''જીવને મોટાના સંબંધનું ફળ જતું નથી, પણ જેવું તેમના ગમતા પ્રમાણે રહે ને ફળ મળે તેવું ઉપરના દેખાવથી મળે નહિ. મોટાને વિષે હેત કરવું તેમાં પણ કોઈ વાતનો અંતરાય ન રાખે ને કામ, ક્રોધ, લોભ, માન, ઈર્ષ્યા, કપટ એ સર્વેને મૂકીને દાસભાવે વર્તે તેને તો મહારાજ તથા મોટા અનાદિ પળમાં ન્યાલ કરી મૂકે; કેમ જે શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જીવના વાંક-ગુના સામું જોતા નથી એવા દયાળુ છે. પણ મહારાજને તથા મોટા મુક્તને જીવ સોંપવો જોઈએ. તે વિના ત્રણ દેહનું આવરણ ઉલંઘાય તેવું નથી. આવી વાતનો નામામેળ કરવો જોઈએ. મહારાજના તથા મોટા મુક્તના પ્રતાપે જ જીવોનો મોક્ષ થાય છે, એ વાતમાં કાંઈ સંશય નથી. તેથી મોટા મુક્તોએ શાસ્ત્રમાં લખ્યું જે, 'હરિ કાં હરિના મળેલાનો ખપ કરવો જોઈએ.'''

''બહારદષ્ટિએ વર્તે ને સાધન ઘણાં કરે, પણ સમાસ થાય નહિ. અક્ષરધામ અંતર્વૃત્તિએ આ રહ્યું. બહારવૃત્તિએ લાખ મણ લોઢાનો ગોળો વાયુએ કરીને ઘસાઈ જાય એટલું છેટું કહ્યું છે તેથી સાધને પાર ન આવે. માટે મૂર્તિ આકારે વૃત્તિ થાય ત્યારે અણુ જેટલું છેટું નહિ. એમ આ જ શ્રીજીમહારાજ તથા મોટાને આશરે વધુ સુગમ છે. 'ગાજ વીજ ને વરસવું રે, અગમ સુગમ કર્યું સોય; પુરુષોત્તમ પ્રગટી રે. સૌ જનને સુખ આપિયું રે, દુઃખી રહ્યું નહિ કોય; પુરુષોત્તમ પ્રગટી રે' એવું છે.''

''શ્રીજીમહારાજ તથા મોટા મુક્તોએ અક્ષરધામમાંથી દયા કરી દર્શન આપ્યાં એટલે જીવને આવો જોગ થયો. માટે એવા મોટાને ઓળખીને તેમની સાથે હેત કરીને વચનમાં વર્તે તથા અંતર્યામી જાણે અને તેમની ક્રિયા અલૌકિક સમજે તો મોક્ષ થતાં જરાય વાર નથી. આવી વાત જો ખરેખરી મનાય તો ટૂક ટૂક થઈ જવાય. માટે પાત્ર થઈને

મહારાજ તથા અનાદિને રાજી કરવા ને પોતાને કરવાનું છે તેમાં કસર ન રાખવી.''

''કેટલાકને આજ્ઞા-નિયમનો પત્તો હોય નહિ ને આસુરી જીવ જેવી ક્રિયા કરતા હોય તેવા પણ ઉપરનો આટાટોપ રાખી આજ્ઞા પાળવાની બીજાને વાતો કરે. એવાને બહુ મોટી ખોટ આવે, માટે કોઈએ એવું ન કરવું. કેટલાક તો દ્રોહને માર્ગે ચડી જાય છે તે કોઈના સમજાવ્યા પણ સમજે નહિ. એવા જીવને મોક્ષમાર્ગમાં બહુ વિઘ્ન થાય.''

''ફેર આવો જોગ મળવો દુર્લભ. અ.મુ. ગુણાતીતાનંદ સ્વામી એમ કહે છે કે, 'મંદિર તો સોનાનાં થશે, પણ આવા કહેનારા નહિ મળે.' તેમ કહેવાનું કારણ એવા મોટા મુક્ત દુર્લભ છે, તેથી તેમની પ્રસન્નતા થાય એ માર્ગે ચાલવું. જો પ્રસન્નતા ન લઈ શકાય તોપણ અપરાધને માર્ગે ચાલી મોટા કચવાય એવું તો કરવું જ નહિ. જેમ વહાણ કાંઠે આવ્યું હોય તેમ મહારાજ ને મોટા મળ્યા તેને એવું થયું છે. માટે આ ટાણે મોક્ષ સુધારી લેવો.'' ॥૧૧૯॥

## વાર્તા ૧૨૦

સંવત ૧૯૮૪ના કારતક વદ-૪ને રોજ સવારે સભામાં પુરાણી કેશવપ્રિયદાસજી સંતના મહિમાની વાત કરતા હતા.

ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, ''પ્રથમ તો આસુરી જીવો સંતોને બહુ દુ:ખ દેતા, તે જ્યાં જાય ત્યાં કોઈ મારે, કોઈ કાઢી મૂકે, કોઈ તિરસ્કાર કરે. ગામમાં મંદિર નહિ તેથી જ્યાં ત્યાં ઊતરવાનું હોય. વળી તે વખતે ત્રણ વર્ણની તૈયાર ભિક્ષા લેવાની આજ્ઞા હતી તેથી જ્યાંથી મળે ત્યાંથી મહારાજને સંભારી જમી લેતા, પણ આવું સાનુકૂળ નહોતું. એક વખત કોઈ હરિભક્તે સાધુઓને જમાડવા બાજરાની ઘેંશ કરાવી. તે સાધુ જમવા બેઠા તેની કુસંગીને ખબર પડી એટલે ત્યાં આવીને પથરા મારવા માંડ્યા તેથી સાધુઓ જમતાં જમતાં ઊઠીને ભાગી ગયા, એવાં દુ:ખ હતાં. રાજ્યમાં પણ કોઈ વાત સાંભળે નહિ.''

“આજ તો મોટાં મોટાં મંદિરમાં રહેવાનું, નાહવાનું, જમવાનું સરખું, હરિભક્તો પણ બહુ બળિયા અને રાજ્ય પણ એવું જે કોઈ આંગળી ચીંધી ન શકે. અત્યારે તો એકલા છપૈયે ચાલ્યા જાઓ તોપણ કોઈ વાટમાં પૂછે નહિ. પ્રથમ તો એક ગામથી બીજે ગામ જવામાં વિચાર થતો. સાધુનાં મંડળ દેશમાં ફરીને આવતાં ત્યારે અજ્ઞાની જીવોએ આપેલાં દુઃખની વાતો સાંભળીને મહારાજનાં નેત્રમાંથી આંસુ આવતાં. હવે તો સ્વામિનારાયણના સાધુને જુવે તો જાણે ભગવાનનાં દર્શન જેવો મહિમા. એવો મોટા સંતના વૃત્તાંતથી ભાર પડતો, પણ હવે પાછો કેટલાકને મહારાજનાં વચનમાં ફેર પડતો જણાય છે તેથી એકબીજાનાં રૂપ ઉઘાડાં થાય છે, કલેશ થાય છે. એ માર્ગ જ એવો છે.”

“જેને આ દેહે એક મહારાજને રાજી કરી લેવા હોય તેને તો પોતાના ઠરાવ પડ્યા મૂકી શીળા થઈ જવું; તો મૂર્તિનું સુખ આવે. મહારાજ સર્વ કર્તા-હર્તા છે, અંતર્યામી છે; તેથી એ જે કરશે તે ઠીક જ કરશે. માટે સત્સંગમાં દાસપણું અને નિર્માનીપણું રાખવું અને ઢાળ પણ એવો જ પાડવો; તેમાં સુખ બહુ છે. એ ઢાળમાં મહારાજની પ્રસન્નતા વહેલી થાય છે. તે વિના તો ‘હું અધિકારી, હું મહંત, હું કોઠારી’ એવું માન આવી જાય અને પક્ષાપક્ષી વધે. આ જીત્યો ને આ હાર્યો એમ થાય, પણ ખરી હાર-જીત એ નથી. મહારાજ તથા મોટાને આશરે રહી તેમને રાજી કરે તેની જીત છે અને એ દિવ્ય મૂર્તિઓને ભૂલીને એ કુરાજી થાય તેવું કરે તેની હાર છે.”

“જેને મૂર્તિનું સુખ લેવું હોય તેને તો બધી તાણાતાણ મૂકી મહારાજનું ધ્યાન કરવું. મૂર્તિનું સર્વે વાતમાં બીજ લાવવું. અમો ખેતરમાં પણ બીજ પ્રથમથી વાવી મૂકીએ; કેમ જે એ ખેતરનું કારણ ગણાય. તેમ શ્રીજીમહારાજને અનંત કોટિ બ્રહ્માંડ, અનંત અવતાર તથા અનંત મુક્તના કારણ જાણીને સર્વે વાતમાં એ મૂર્તિ મુખ્ય રાખવી, તે વિના કોઈથી આત્યંતિક મોક્ષ થાય તેવું નથી. એ મૂર્તિને લઈને જ બધાની મોટાઈ છે. શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે તે મૂકે તેવા

તો નથી, પણ આપણે અહંમમત્વ કરીને મૂર્તિથી જરાય જુદા ન પડવું; નહિ તો માયા ખિજાણી છે તે રૂપ ઉઘાડાં કરાવે.'' ॥૧૨૦॥

## વાર્તા ૧૨૧

સંવત ૧૯૮૪ના કારતક વદ-પને રોજ સભામાં પ્રથમ પ્રકરણનું ૭૧મું વચનામૃત વંચાતું હતું. તેમાં એમ આવ્યું જે શ્રીજીમહારાજ જીવના કલ્યાણને અર્થે જ્યારે મૂર્તિ ધારણ કરે છે ત્યારે પોતાનું અક્ષરધામ ને ચૈતન્યમૂર્તિ એવા જે પાર્ષદ તથા પોતાનાં સર્વે ઐશ્વર્ય તે સહિત પધારે છે.

તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજીએ પૂછ્યું જે, ''બાપા! આ વચનામૃતમાં મહારાજ તથા મુક્ત પધારે છે, એ ભેગું અક્ષરધામનું નામ છે. એવાં વચનથી સત્સંગમાં કેટલાક અક્ષરધામ એ 'અક્ષર' અને મહારાજ તે 'પુરુષોત્તમ' તથા ચૈતન્ય મૂર્તિ પાર્ષદ જે મુક્તો તે સહિત પધારે છે એમ કેમ સમજતા હશે?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''વરુણ ને જળ નોખું ન પડે, અગ્નિ ને પ્રકાશ જુદા ન રહે, સૂર્ય ને પ્રકાશનું પણ એમ જ; તેમ મૂર્તિ તેજોમય, તેથી તેજ જુદું ને મહારાજ જુદા એમ કેમ કહેવાય? મહારાજ તેજના કારણ છે, એ તેજ દેખાડવું કે નહિ તે તેમની મરજી. શ્રીજીમહારાજની મોટ્યપ જેવી છે તેવી જેની જાણ્યામાં આવે તે તો એમ ન કહે. કેમ જે મોટા મુક્તોએ મહારાજને સર્વોપરી, સર્વકારણ, સર્વાધાર લખ્યા અને એ બધી વાત સમજાવી છે તેવો મહિમા જેને સમજાણો હોય તેને તો ચોથા ભેદવાળા મૂર્તિમાન અક્ષર આદિ બીજા કોઈની મોટાઈ નજરમાં ન આવે. કેમ કે 'મૂર્તિ આકારે દૃષ્ટિ થાય તે તો આત્માના સુખે કરીને તથા અક્ષરના સુખે કરીને અકળાઈ જાય ને મૂર્તિ વિના રહી શકે જ નહિ.' એવું અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીએ ઘણું કહ્યું છે, પણ તે વિચારે તો ખબર પડે. મહારાજની મૂર્તિ પાસે અક્ષર આદિકની મોટપ શી ગણતીમાં? એ તો જેમ રાજા ને ચાકરમાં ભેદ, સૂર્ય ને પતંગિયામાં

ભેદ તથા ચંદ્ર ને તારામાં ભેદ; એવો ભેદ છે. શ્રીજીમહારાજ તો એ અક્ષરાદિક સર્વના નિયંતા ને પ્રકાશક છે.''

''કેટલાક કહે છે કે, 'મહારાજ અક્ષરના આધારે રહ્યા છે.' એવાને શ્રીજીમહારાજના મહિમાની શું ખબર પડે? 'જે હરિ અક્ષરબ્રહ્મ આધાર પાર કોઈ નવ લહે' એમ એ તો અક્ષરના અને અનંત કોટિ બ્રહ્માંડના આધાર છે. મહારાજ ઘોડે બેઠા હોય ત્યારે ઘોડો મહારાજને ઉપાડીને ચાલે છે એવું દેખાય, પણ એ તો સર્વના આધાર છે. જેથી 'અક્ષરના આધારે મહારાજ રહ્યા છે' એમ કહેનારાને મહારાજની મોટ્યપ હાથ આવી જ નથી. શ્રીજીમહારાજ તો એ અક્ષરાદિક સર્વના આધાર છે. 'અક્ષરના છો આત્મા રે અનંત ભુવનના ઈશ' એવી રીતે શ્રીજીમહારાજ સર્વના નિયંતા છે, આધાર છે, કારણ છે, સૌને પ્રકાશના દાતા છે. એમના તેજે અક્ષરાદિક સર્વે તેજોમય છે અને એ સર્વેને વિષે શક્તિએ કરીને અન્વયપણે રહ્યા થકા પણ પોતે તો પોતાના પ્રકાશરૂપ અક્ષરધામને વિષે સ્વતંત્રપણે રહ્યા છે.''

''એ મૂર્તિને પામ્યા જે મુક્ત તે તો એ મૂર્તિના સુખભોક્તાપણે મૂર્તિમાં અખંડ રહ્યા છે. મૂળપુરુષ તથા અક્ષર એ આદિ સર્વના ભક્ત પરતંત્ર છે, અને શ્રીજીમહારાજના મુક્ત છે તે તો સ્વતંત્ર છે; તેમને તો એ કારણ મૂર્તિને સુખે જ સુખ છે.''

''અનંત કોટિ બ્રહ્માંડના આધાર સર્વોપરી, કારણ મૂર્તિ, શ્રીહરિ સહજાનંદ સ્વામી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિના સુખ તુલ્ય કોઈ સુખ કહેવાય જ નહિ. માટે અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયે કરીને શ્રીજીમહારાજની મૂર્તિમાં અતિ પ્રેમલક્ષણા ભક્તિએ સ્નેહ કરીને એ મૂર્તિના સુખમાં ગુલતાન રહેવું, પણ અક્ષર આદિકની મોટ્યપ તથા સુખમાં લેવાવું નહિ. કેમ જે અક્ષર સૃષ્ટિ સમે મહાપુરુષ સામું જુવે છે ત્યારે તે મહાપુરુષ માયાને પ્રેરવાને સમર્થ થાય છે. માટે તેના સુખનું અધિકપણું પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષાદિકને હોય; પણ જેને

શ્રીજીમહારાજની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ છે તે તો જ્યારે એ મૂર્તિના સુખનો વિચાર કરે ત્યારે એ અક્ષરનું સુખ પણ તુચ્છ થઈ જાય છે. માટે શ્રીજીમહારાજની મૂર્તિ તો અદ્વિતીય છે.''

''તે મૂર્તિ પમાડવા અનાદિ મહામુક્ત વિના કોઈ અવતારાદિકની સામર્થી નથી. કેમ જે અવતારોનાં ધામ જુદાં છે ને મહામુક્તોને તો શ્રીજીમહારાજનો સાક્ષાત્ સંબંધ છે. અક્ષર, મૂળપુરુષ આદિકને તો મહારાજ પોતાની અંતર્યામી શક્તિએ કરીને પ્રકાશ કરે છે, પણ તેને બીજા કોઈ જાણી શકતા નથી.''

''જેમ કોઈ પુરુષ બરછી કે તીર નાખે તે બરછી કે તીરમાં નાખનારની શક્તિ જાય ખરી, પણ હાથમાં જેટલી શક્તિ હોય તેટલી ન જાય, લેશ માત્ર જાય; તેમ તે શક્તિ પણ એવી અને પોતાને વિષે તો અપાર શક્તિ હોય. તેથી મહારાજે કહ્યું છે જે, 'ક્ષર-અક્ષરને અમારી શક્તિએ કરીને ધરી રહ્યા છીએ.' મોટાએ પણ એવું સમજાવ્યું, તોપણ જાણ્યા વિના 'અક્ષરના આધારે મહારાજ રહ્યા છે' એમ જે કહે છે તેને શ્રીજીમહારાજના મહિમાની ખબર શું પડે! અને મોટા પુરુષના સામર્થ્યની પણ શું ખબર પડે!''

''આપણે તો સદાય મૂર્તિમાં રહ્યા છીએ એમ જાણવું. શ્રીજીમહારાજને તથા મોટા મુક્તને જીવના પાત્રપણાની ખબર પડે; કેમ કે તેમને સર્વે વાત હસ્તામળ હોય. તેથી જીવને ધીરે ધીરે સમજાવવા પ્રથમ મહારાજે સત્પુરુષ રૂપે પોતાને ઓળખાવ્યા, પછી અવતારરૂપે, પછી પોતે અવતારીપણે જણાણા. મુક્તોને પણ એવું. નારદ, શુક, સનકાદિક તથા વ્યાસાદિક કહ્યા. કોઈને દત્તાત્રેય, કપિલજી જેવા, તો કોઈને અવતાર જેવા કહ્યા, પછી અક્ષરની ઉપમા આપી. પછી વળી 'સિદ્ધ મુક્ત મૂર્તિની સન્મુખ રહી એકકાળાવિચ્છિન્ન મૂર્તિનું સુખ ભોગવે છે' એમ જણાવી એકાંતિક, પરમ એકાંતિક મુક્તના નામે કહ્યા અને અનાદિ તો મૂર્તિમાં જ રસબસ રહ્યા છે તેમ પણ સમજાવ્યું. એ રીતે

જેમ જેમ જીવો સમજતા ગયા તેમ તેમ મહારાજ તથા મોટા અનાદિમુક્ત સમજાવતા ગયા.''

''કેટલાક એમ કહે છે જે, 'મોટા પુરુષોએ લખ્યું તે સાચું નહિ ને તમો કહો તે સાચું?' પણ તેને આવી વાતોની ખબર નહિ જે, મોટા મુક્તોએ તો ધીમે ધીમે પચ પડતું જાય તેમ વાતો કરી સમજાવ્યું છે અને જેમ છે તેમ પણ લખ્યું છે. 'એક હરિજન પર્વતભાઈ આચરજકારી છે; સદા રહે મૂર્તિમાંહી આચરજકારી છે.' વળી, 'એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ રહ્યાં છે' એમ પણ લખ્યું છે. તથા જેમ 'જળ તરંગ નહિ ભેદ જદા, તેમ તેજ અગ્નિ નહિ ભિન્ન તદા; એમ હરિહરિજન એક સદા', 'રસબસ હોઈ રહી રસિયા સંગ' એમ મહારાજ તથા અનાદિની આવાં દૃષ્ટાંતે એકતા બતાવી છે. તોપણ સદા સાકારપણું, સ્વામી-સેવકપણું, દાતા-ભોકતાપણું ક્યારેય ટળતું નથી.''

''તેથી આપણે તો કારણ મૂર્તિને જ સર્વોપરી જાણી સુખિયા રહેવું. મહારાજ જેવા તો મહારાજ એક જ છે. તેથી જેને જેટલો મહારાજનો મહિમા સમજાય તેટલો તેને આનંદ આવશે તથા પ્રાપ્તિ થશે.'' ॥૧૨૧॥

## વાર્તા ૧૨૨

સંવત ૧૯૮૪ના કારતક વદ-૬ને રોજ રાત્રે કથા પ્રસંગે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, '''સત્સંગમાં આગળ મોટા મોટા મુક્ત હતા તે હવે જતા રહ્યા', એમ કેટલાક બોલે છે. તેને તો શ્રીજીમહારાજના પ્રતાપની ને મહિમાની ખબર નથી. કેમ જે મહારાજ તથા મોટા તો સદાય પ્રગટ પ્રમાણ છે, તેજોમય છે, દિવ્ય છે એવો દિવ્યભાવ આવવો જોઈએ. દિવ્યભાવ આવ્યા પછી આનંદ સમાય નહિ.''

''અમારે અહીં એક સંતને છેલ્લી અવસ્થાએ દિવ્યભાવ આવી ગયો એટલે આ ઓસરી, ઓરડા, ડેલી, મંદિર, ચારે તરફ તેજના

ફુવારા છૂટ્યા ને તેજ તેજ થઈ રહ્યું. એ તેજમાં કુંડાળા જેવો ચક થયો તે વચમાં શ્રીજીમહારાજ બિરાજેલા એવું દેખાણું. તે જોઈને તેમની સર્વે વૃત્તિઓ તદાકાર થઈ ગઈ તેથી મૂર્તિમાં જોડાઈ ગયા એટલે દિવ્ય દેહ થઈ ગયો. પછી હેતે કરીને મહારાજને મળ્યા. બીજા સાધુએ પૂછ્યું તો કહે, 'અહો! શું મૂર્તિનું તેજ! દેહધારી એ તેજ ઝીલી ન શકે. મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે તથા મૂર્તિને ફરતા મુક્તની ઠઠ છે. તેજ શીતળ ને શાંત છે તેનું વર્ણન કેવું કરવું!' એમ બોલ્યા. એવા તેજોમય શ્રીજીમહારાજ આપણને મળ્યા છે તોપણ રાખનાં પડીકાં જેવા માયિક પદાર્થ માટે મારું-તારું થાય એ કેવું અજ્ઞાન કહેવાય!"

"મહારાજની મૂર્તિમાંથી તેજના અંબાર છૂટે છે. અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે, તે મહારાજના તેજ વડે છે. એવા શ્રીજીમહારાજ આ લોકમાં પોતાનું તેજ-ઐશ્વર્ય ઢાંકી મનુષ્ય જેવા દર્શન આપે છે તોપણ તે તો જેમ છે તેમ ને તેમ જ છે. સાકરના નાળિયેરની પેઠે ત્યાગ-ભાગ નથી."

"મોટા મુક્તોએ એ મૂર્તિનો મહિમા જીવોને સમજાવવા અંગોઅંગની ઉપમા આપી તે મુખારવિંદ સૂર્ય-ચંદ્ર જેવું, નાસિકા પોપટની ચાંચ કે દીપકની સગ જેવી, હોઠ પરવાળા સમાન, દાંત દાડમના બીજની શોભા હરે તેવા, કંઠ કંબુ જેવો, ઉદર પીપળ પાન સમું, હાથ હાથીની સૂંઢ જેવા, નાભિ નૌતમ, કેડ કેસરી સિંહને મોહ પમાડનારી, સાથળ કેળના સ્થંભ જેવા, આંગળીઓના નખ લાલ મણિ જેવા, એમ ઉપમા આપી એ મૂર્તિનો મહિમા વર્ણવ્યો; કેમ કે જીવને ઝાઝું સમજવાની ગતિ નહિ તેથી એવી રીતે કહ્યું."

"શ્રીજીમહારાજે એક વખત સભામાં રમૂજ કરી કહ્યું કે, 'આવી ઉપમાથી તો અમારો મહિમા ન કહેવાણો, પણ જીવોને સમજાવવા અમને વગોવ્યા જેવું થયું. અને અમારા સંતને પણ નારદ, શુક, સનકાદિક, જડભરતની ઉપમા કેમ અપાય! પણ મોટા મુક્તને એમ જે,

જે તે પ્રકારે જીવને મૂર્તિમાં હેત થાય ને દેહ તથા માયિક પદાર્થમાંથી વૃત્તિઓ ઊખડે.'"

"તેમાં પણ જીવને મોટો કુસંગ તો આ દેહનો છે તે દેહભાવ ટળવો કઠણ છે; એ તો કર્મની કોટડી છે. તે દેહને લઈને જીવને ઘણા જન્મ ધરવા પડ્યા છે, પણ તેનો ઊંડો અભાવ થતો નથી ને મોઢેથી 'દેહ નાશવંત છે, અસત્ય છે, દુ:ખરૂપ છે' એમ કહેવાય છે ને બીજાને સમજાવાય છે, પણ પોતાને એ વાત પૂરી સમજાણી ન હોય. તેની ખબર કેમ પડે? તો હમણાં પડખેથી સર્પ નીકળે તથા ઘર સળગ્યું હોય ને ફરતી ઝાળું નીકળતી દેખાય તે વચમાં પોતે રહી ગયો હોય અથવા પોતે વહાણમાં બેઠો હોય ને દરિયામાં સઢ ભાંગે ને વહાણમાં પાણી ભરાવા માંડે તે વખતે સમજણની ખબર પડી જાય."

પછી બોલ્યા જે, "આપણે તો એક મૂર્તિનું જ અનુસંધાન રાખવું, નહિ તો દેહનો મમત્વ મટે તેવો નથી. માટે દેહ, લોક, ભોગ, વિષય એ બધાંમાંથી વૃત્તિઓ ઉખાડી એક મૂર્તિ આકારે રહેવું. શ્રીજીમહારાજ સુખના નિધિ છે, જીવનદોરી છે. એ મૂર્તિને ચિંતામણિ, પારસમણિ, કલ્પતરુ એવી ઉપમા અપાય છે એ પણ ઘટતું નથી. તોપણ એથી વધુ શું કહેવું? પરભાવમાં તો બોલવાનું રહેતું નથી. સિદ્ધદશાવાળાને તો મૂર્તિ જ દેખાય એટલે સર્વત્ર સુખ, સુખ ને સુખ જ છે." એમ વાતો કરતાં સમાપ્તિ કરી, હરિભક્તોને કેળાંની પ્રસાદી વહેંચી. ॥૧૨૨॥

## વાર્તા ૧૨૩

સંવત ૧૯૮૪ના કારતક વદ-૭ને રોજ સભામાં નારાયણપુરવાળા ખીમજીભાઈ 'આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ પુરુષોત્તમ પ્રગટી રે' એ કીર્તન બોલ્યા.

પછી બાપાશ્રીએ સભામાં વાત કરી જે, "આ સમયે તો જ્યારથી મહારાજ પ્રગટ થયા ત્યારથી શરદ ઋતુ બેઠી છે તે આનંદના

ફુવારા છૂટ્યા કરે છે. તેથી આવા જોગમાં જીવ બહુ સુખિયા થાય છે. જે જોઈએ તે આ સભામાં છે. મહારાજના સુખનો જેને અનુભવ થયો હોય તેને બીજું કાંઈ નજરમાં જ આવે નહિ.''

તે ઉપર વાત કરી જે, ''અ.મુ. સદ્. સ્વરૂપાનંદ સ્વામી મહારાજની આજ્ઞાથી દેશમાં ફરવા ગયા, પણ ક્યાંય મૂર્તિ વિના મનુષ્ય દેખ્યાં નહિ. તેમ આપણે પણ મહારાજ તથા આવી દિવ્ય સભા વિના બીજે ક્યાંય મનુષ્ય નથી એમ જાણી મૂર્તિમાં વળગી પડવું. આ સભામાં મનુષ્યભાવ પરઠી અવળા સંકલ્પ કરે તેને ઘણો વાંધો આવી જાય છે.''

તે ઉપર વાત કરી જે, ''જય-વિજય ભગવાનના ધામને દરવાજે હતા, પણ પોતાને માને કરીને ખબર ન રહી, તેથી સનકાદિકનું અપમાન કર્યું. પછી શ્રાપ થયો એટલે ત્રણ જન્મ અસુરભાવે ભજન કર્યું, ત્યાં સુધી દ્રોહનું ફળ ભોગવવું પડ્યું. માટે ભગવાનના ભક્તનો દ્રોહ કરે તેની આસુરી મતિ થઈ જાય છે, તેથી એ માર્ગે ચાલવું જ નહિ. આ સભામાં મહારાજ તથા અનાદિ બિરાજે છે. આ તો અક્ષરધામની સભા છે એવો દિવ્યભાવ રાખવો. હેત ને વિશ્વાસ લાવીને મોટા મુક્તનો બહુ મહિમા જાણે તો કામ ભારે થઈ જાય.''

''જો આપણે એક ભગવાનની મૂર્તિ રાખીએ તો આવરણ સર્વે ટળી જાય ને સુખિયા થવાય. ઘણાક જીવ મુમુક્ષુ, એકાંતિક તથા પરમ એકાંતિક થાય છે. તેને પહેલું પૃથ્વીનું આવરણ ટળે છે તેની આપણને ખબર કેમ પડે? તો જ્યારે કોઈ ફૂલનો હાર સારો-નરસો પહેરાવે ત્યારે ખબર પડી જાય. બીજું આવરણ રસનું છે તે જો ઇંદ્રિયો રસમાં લેવાય તો તેમાં તણાણો કહેવાય. એવી રીતે બીજાં બધાંય આવરણની વાત જાણવી. આપણે તો ગરજુ થઈને આજ્ઞા પ્રમાણે વર્તવું; તેટલું જ કરવાનું છે.''

તે ઉપર વાત કરી જે, ''એક વાણિયાને લાખ રૂપિયાની ખોટ ગઈ. પછી લેણાવાળાએ રૂપિયા માગ્યા, પણ તે ક્યાંથી આપે? ત્યારે

તે શાહુકારે એક હજાર રૂપિયા માગ્યા ને કહ્યું જે, 'એટલા રૂપિયા આપ તો બધું દેણું માંડી વાળું.' ત્યારે તે વાણિયો કહે જે, 'મારી પાસે કાંઈ નથી તે હું ક્યાંથી આપું?' પછી તો તે શાહુકારે કહ્યું જે, 'એક સો રૂપિયા આપ એટલે થયું.' પણ તે કહે જે, 'મારી પાસે કાંઈ નથી.' ત્યારે લેણાવાળાએ કહ્યું જે, 'હું કહું તેમ કર. તું મારા ઘરના દરવાજે બેસ ને જે કોઈ માગવા આવે તેને સદાવ્રત આપ અને કૂતરાં, ગધેડાં આદિકને ઘરમાં પેસવા ન દેવાં, એટલું કર તો તારું સર્વ દેણું માંડી વાળું.' પછી તેણે તેમ કર્યું."

"આપણે પણ જાણપણારૂપ દરવાજે રહેવું અને સદાવ્રત જે શ્રીજીનું જ્ઞાન તે સર્વેને આપવું. અને કૂતરાં-ગધેડાંની પેઠે નબળા દોષ કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર આદિક તેમને જીવમાં પેસવા દેવા નહિ, તો સર્વ દેણું વળી જાય એટલે પાપ નાશ પામે; અને એમ કરે તો જ ધણીની મરજી સાચવી કહેવાય. આપણે શ્રીજીના કહેવાણા માટે તુચ્છ જેવા દોષ ફજેત કરે નહિ તે જાળવવું અને મહારાજ તથા મોટા મુક્તને રાજી કરી પોતાનું પૂરું કરી લેવું." ॥૧૨૩॥

## વાર્તા ૧૨૪

સંવત ૧૯૮૪ના કારતક વદ-૮ને રોજ સવારે સભામાં બાપાશ્રી તથા સર્વ સંત-હરિભક્તોની સભા ભરાઈને બેઠી હતી.

પછી બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું જે, "મુનિ સ્વામી! કથા ચલાવો ને અમૃત રસ વરસાવો એટલે કે મૂર્તિના સુખની વાતો કરો." એમ કહી તેમના માથે હાથ મૂકીને બોલ્યા જે, "આ મંદિર, આ સભા ને આવી વાતો જે સંભારે તે તરત મૂર્તિના સુખમાં પહોંચે."

પછી જ્યારે કથાની સમાપ્તિ થઈ ત્યારે પુરાણીને પાસે બેસારીને બાપાશ્રીએ કહ્યું જે, "આપણે આ મેડીનું કામ પૂરું થાય એટલે મોટો યજ્ઞ કરવો છે. અમોએ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ મંડળને કહ્યું

છે જે, 'અમો યજ્ઞ કરશું તે ટાણે તમો સૌ આવી પહોંચજો. આ અમારો છેલ્લો યજ્ઞ છે તેથી સંત-હરિભક્ત સર્વેને તેડાવીને સુખિયા કરવા છે.'''

પછી પુરાણી કેશવપ્રિયદાસજીએ કહ્યું જે, "બાપા! આપે સદ્‌ગુરુઓને રજા આપી ત્યારે કેટલાંક મર્મવચનો કહ્યાં હતાં ને વળી 'આજ છેલ્લો યજ્ઞ કરીશું' એમ કહો છો તેથી આપની કેવી મરજી છે તે કાંઈ સમજણ પડતી નથી."

ત્યારે બાપાશ્રી કહે, "પુરાણી! છેલ્લો યજ્ઞ એટલે છેલ્લી સ્થિતિ અનાદિની કરવાનો બ્રહ્મયજ્ઞ. તેમાં તમામ હેતવાળા સંત-હરિભક્તોને તેડાવીને મૂર્તિના સુખની વાતો કરશું. સૌને મૂર્તિના સુખમાં રહેવાની છેલ્લી પ્રાપ્તિ કરાવશું, ઘેર ઘેર જઈશું, ઉતારે ઉતારે ફરશું, સૌને દિવ્ય ભોજન જમાડશું. સભામાં બેઠા હઈશું અને જે સંભારશે તેના મનોરથ પૂરા કરશું, એમ સૌને રાજી કરવા છે. આ ફેરે કોઈને તાણ રહેવા દેવી નથી."

તે વખતે વાલજી લાલજી દર્શને આવ્યા ને કહ્યું જે, "બાપા! આપને માંદાઈ બહુ ગઈ." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમને કોણ માંદા કરે એવું છે?" તે વખતે જાદવજી કડિયા પાસે ઊભા હતા તેના સામું જોઈને બાપાશ્રી બોલ્યા જે, "આ માંદો જણાય છે."

ત્યારે જાદવજીભાઈ કહે જે, "બાપા! હું માંદો નથી, હું તો કડિયાકામે જાઉં છું. મને ખબર પડતી નથી જે હું કેમ માંદો?"

ત્યારે બાપાશ્રી કૃપા કરીને બોલ્યા જે, "મહારાજના અનાદિમુક્ત દયા કરી જીવોને મૂર્તિને સુખે સુખિયા કરવા દૃષ્ટિગોચર વર્તતા હોય તેમને ન જાણીને તેમને વિષે મનુષ્યભાવ પરઠે તે મંદવાડ."

ત્યારે તે જાદવજીભાઈ કહે, "બાપા! આપને વિષે મને ક્યારેય મનુષ્યભાવ આવ્યો જણાતો નથી; તોપણ જાણે-અજાણે કોઈ વખત મન, કર્મ, વચને સંકલ્પ થઈ ગયો હોય તો દયા કરી માફ કરો."

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "અમે તો બધાયના મંદવાડ ટાળીને શુદ્ધ અનાદિ કૈવલ્ય મુક્ત કરીને એટલે શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ કરીને મૂર્તિને સુખે સુખિયા કરવા આવ્યા છીએ; એમ તમે સમજો એટલે સાજા."

પછી તે બોલ્યા જે, "બાપા! હવે હું આજથી એમ જ સમજીશ." તે વખતે બાપાશ્રીએ રાજી થઈને તેના માથા પર હાથ મૂકી પ્રસન્નતા જણાવી. ॥૧૨૪॥

## વાર્તા ૧૨૫

વૃષપુરના મંદિરની મેડીનું કામ ચાલતું હતું, ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી ભુજ ગયા હતા. તે સંવત ૧૯૮૪ના માગશર માસમાં વૃષપુર બાપાશ્રીનાં દર્શને આવેલા, સાથે ભોગીલાલભાઈ તથા ધનજીભાઈ આવ્યા હતા.

તે સર્વેને બાપાશ્રી મળ્યા ને કહ્યું જે, "અમારે તો હમણાં મંદિરની મેડીનું કામ ચાલે છે તેથી હરિભક્તો સવાર-સાંજ કામમાં પડ્યા હોય છે. રાત્રે થાક્યા હોય તેથી કથા-વાર્તા ટાણે પતાવી લઈએ છીએ."

એમ કહી ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને પાણી મંગાવીને પાયું. પછી બાપાશ્રી ખુરશી પર ચોકમાં બેઠેલા ને હરિભક્તો કામ કરતા હતા. તેમની બાપાશ્રીએ પ્રશંસા કરી કે, "નાના-મોટા સૌ હરિભક્તોને સેવા કરવાની તાણ સારી છે. વાડીઓનાં કામકાજ મેલીને સૌ દાખડા કરે છે. મંદિરના કામમાં સંત-હરિભક્તો સૌને સરખી તાણ ને હોંશ છે. કેમ જે આ સેવાથી શ્રીજીમહારાજ રાજી થશે, એમ એ બધા જાણે છે."

એમ કહી ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને કહ્યું જે, "મોટા મોટા નંદ સદ્‌ગુરુઓ તથા હરિભક્તોએ આવાં મંદિર તૈયાર કરી દીધાં છે તેથી આપણે કાંઈ કરવું રહ્યું નથી. એમના દાખડા બહુ જબરા. ગામોગામ નાનાં-મોટાં મંદિર તથા મોટાં ધામ પણ જબરાં બાંધ્યાં, દિવ્ય શાસ્ત્રો કર્યાં, મોટા મોટા મુક્તો લાવ્યા; એવી શ્રીજીમહારાજે જીવો ઉપર

ઘણી દયા કરી છે. હવે તો એ મૂર્તિને મુખ્ય રાખીને પોતાનું પૂરું કરી લેવું.''

પછી પુરાણી કેશવપ્રિયદાસજી આવ્યા. ત્યારે ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને કહ્યું જે, ''આ પુરાણી શ્રીજીમહારાજને સુખે સુખિયા છે. અર્જુને મચ્છ વેંધવા એક વૃત્તિ કરી હતી તેમ મૂર્તિ આકારે વૃત્તિ તેમણે કરી મેલી છે.''

''જેને મૂર્તિના સુખનો મહિમા સમજાય તેને બીજાં સુખ કચરા જેવાં થઈ જાય છે. આપણને તો મૂર્તિની પ્રાપ્તિનો લાભ જબરો મળ્યો છે, પણ જો સમજણ ન હોય તો અફસોસ મટે નહિ. આપણે હવે મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપ કરી રાખવા; કેમ કે તે થકી આપણું આત્યંતિક મોક્ષરૂપ કામ થાય છે. મોટા મુક્ત દયા કરીને હિંમત આપે છે ત્યારે કસરમાત્ર ટળી જાય છે તેથી જીવમાં તત્કાળ બળ આવે છે. એમના રાજીપા વિના કારણ શરીર નાશ પામે નહિ. મોટા અનાદિ તો મહારાજના સંકલ્પ ભેગો સંકલ્પ મેળવીને અનેક જીવને સુખિયા કરી મૂકે છે. તેની જીવને શું ખબર પડે! સાધનદશાવાળાને મૂર્તિના સુખની પ્રાપ્તિ થઈ હોય તોપણ બીજી ક્રિયામાં તેને વિક્ષેપ થઈ જાય અને મોટા મુક્તને તો શ્રીજીમહારાજની પેઠે કોઈ વિક્ષેપ છે જ નહિ. એવા સ્વતંત્ર મુક્તની વાત જુદી છે. માટે એમને રાજી કરવા, મહિમા જાણી જોગ કરવો.''

''શ્રીજીમહારાજે કેવળ કરુણા કરી પોતાના અનાદિમુક્તોએ સહિત આ લોકમાં દર્શન આપ્યાં. એ કેવડી દયા! નહિ તો લાખ વરસ ઊંધે માથે વાયુ ભક્ષણ કરીને તપ કરે તોય એમનાં દર્શન ન થાય એવા મોંઘા છે. મહારાજ તથા મોટા મુક્તનાં દર્શન થયાં હોય, વાયરો અડ્યો હોય, અથવા બે શબ્દ જીવમાં પડી ગયા હોય તોય બહુ બળ આવે છે. ઝાડ, પહાડ, વૃક્ષ, વેલી આદિ જે જે તેમની દૃષ્ટિએ પડે તેનાં પણ ધન્ય ભાગ્ય. આપણે તો બહુ ભારે ટાણું આવી ગયું છે, માટે અખંડ સોહાગી

થવું. જીવ માયાને આધીન થઈને સુષુપ્તિમાં જાય છે, પણ જો અંતર્વૃત્તિ કરીને મૂર્તિમાં ઉપશમ કરે તો સુખિયો થઈ જાય. આવો જોગ ને આ સુખ ખોળ્યું પણ જડશે નહિ, માટે લક્ષ્યાર્થ કરવો અને આવી વાત એકબીજાને કહેવી. આ જોગ અત્યારે બહુ સુગમ છે, પણ અગમ થાય તો પસ્તાવો ઘણો થાય. માટે કથા, વાર્તા, ધ્યાન, ભજન કરીને મૂર્તિમાં જોડાવું."

"સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે. આવી વાતો કરતાં કરતાં જીવમાં સાક્ષાત્કાર થઈ જાય. મોટા અનાદિના શબ્દ તો બહુ ચમત્કારી હોય, તેથી એવા શબ્દ જીવમાં જેમ જેમ ઊતરતાં જાય તેમ તેમ સુખ, સામર્થી ને પ્રકાશ વધતાં જાય; માટે તેમના જોગ-સમાગમની, રાજીપાની ને સેવાની ગરજ રાખવી. મોટા તો મૂર્તિના સુખમાં જ રમ્યા કરે છે ને મૂર્તિમાં રહ્યા થકા મહારાજના સંકલ્પે દેખાય છે. તેથી એવા મોટા, મહારાજનો જેવો છે તેવો મહિમા સમજાવે તો સુખ લેવાની ગતિ વધારે થાય. મોટાની દૃષ્ટિમાં તથા રાજીપામાં જે આવ્યા હોય તે કેમ ઓળખાય? તો એ મૂર્તિ વિના રહી શકે નહિ. એ તો કથા, વાર્તા, ધ્યાન, ભજન કર્યા કરે. એની દરેક વાતમાં મૂર્તિનું મુખ્યપણું આવતું હોય. સત્સંગમાં સૌ તેનું પ્રમાણ કરે ત્યારે જાણવું જે આના ઉપર મોટાનો રાજીપો છે."

પછી ભોગીલાલભાઈ તથા ધનજીભાઈએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, "બાપા! આપે અમને પોતાના જાણ્યા છે, તેમ સદાય કૃપાદૃષ્ટિ રાખજો."

ત્યારે બાપાશ્રી પુરાણી કેશવપ્રિયદાસજીને માથે હાથ મૂકીને બોલ્યા જે, "આવા સાધુને સેવજો, આ સાધુ ખરા છે. કારણ મૂર્તિને વળગી પડ્યા છે અને બ્રહ્મચારી નિર્ગુણાનંદજી જેવા નિર્ગુણ છે. તેને મારું-તારું નથી, હર્ષ-શોક નથી, તેમ કોઈ પ્રકારનો મમત્વ નથી. અમારા સારુ અમદાવાદથી અહીં આવીને બેઠા છે. અમે પણ આવા

સાધુને અખંડ સંભારીએ છીએ.''

એમ કહી ભોગીલાલભાઈ તથા ધનજીભાઈને બાપાશ્રી મળ્યા ને કહ્યું જે, ''આ મેડીનું કામ પૂરું થયે હવે અમારે એક મોટો યજ્ઞ કરવો છે એમ અમે સદ્‌ગુરુઓને કહ્યું છે; તે ચૈત્ર માસમાં જરૂર કરશું.''

ત્યારે ભોગીલાલભાઈ કહે, ''બાપા! આપ તો સદાય એ જ કરો છો અને એવો સંકલ્પ કરશો તો તે પણ થશે.''

એમ કહી તે બન્ને ભુજ ગયા, અને પુરાણી કેશવપ્રિયદાસજી પણ બે દિવસ રહી પછી ભુજ ગયા. બીજા સંત-હરિભક્તો દર્શને આવે ને જાય તે સર્વને કથાપ્રસંગે બાપાશ્રી વાતો કરે. એમ મેડીનું કામ પૂરું થયું ત્યાં સુધી બાપાશ્રી પણ સવારે કથા-વાર્તા કરી કામ કરનારા પાસે સવારે તથા સાંજના આવી બેસે, જે જે સેવાઓ કરતા તેના પર ઘણો રાજીપો બતાવી પ્રસાદીઓ આપે, રાત્રે સભામાં વાતો કરે, એમ મહા વદમાં લગભગ કામ પૂરું થઈ રહ્યું. ॥૧૨૫॥

## વાર્તા ૧૨૬

(સંવત ૧૯૮૪) ફૂલડોલ પર બાપાશ્રી ભુજ ઠાકોરજીનાં દર્શન કરવા ગયેલા ત્યારે સાધુઓએ તથા વૃષપુરના હરિભક્તોએ સેવા બહુ કરી તેની સભામાં વાત કરી રાજીપો જણાવ્યો ને કહ્યું જે, ''આવાં મોટાં મંદિર ને આવાં સ્થાન છપૈયા સુધી જ્યાં જઈએ ત્યાં દેખાય છે, એ બધા સંતોના ને હરિભક્તોના દાખડા છે. એ સેવાએ કરીને અનેક અક્ષરધામમાં મહારાજની મૂર્તિના સુખભોક્તા થઈ ગયા છે; કેમ જે આવાં સ્થાનમાં મહારાજે આત્યંતિક મોક્ષનું સદાવ્રત ચલાવ્યું છે, તેથી અહીં સર્વે ક્રિયા મૂર્તિના સંબંધની જ હોય.

''મહારાજના અનાદિમુક્ત જીવને મૂર્તિનાં સુખ પમાડવા દૃષ્ટિગોચર વર્તતા હોય તેમનો રાજીપો થાય ને એ જે કહે તેમાં વિશ્વાસ હોય તો એ લટક હાથ આવે ને મૂર્તિને સુખે સુખિયો થઈ જાય; નહિ તો દાખડો ઘણો ને ફળ થોડું થાય. શ્રીજીમહારાજે 'મોટા મુક્તને જોગે

તથા સેવાએ સો જન્મની કસર ટળવાની હોય તે આ જન્મે ટળે' એમ કહ્યું છે, તેનું કારણ પણ એ જ છે. માટે અવસર ન ચૂકવો.''

''કેટલાક સત્સંગમાં જૂના કહેવાતા હોય, પણ સમજવામાં કાંઈ ન આવ્યું હોય તેથી મહારાજને તથા બીજા અવતારોને એકમેક વર્ણન કરે, તેને મોટા અનાદિનો મહિમા જીવમાં ક્યાંથી ઊતરે? કેટલાક તો જગતના જીવની સમજણની પેઠે એમ બોલે છે જે, 'બધાય ભગવાનના અવતાર સરખા.' તેમ આ વાત ન સમજ્યા હોય તે પણ એમ કહે જે, 'રામ, કૃષ્ણ આદિ જે અવતાર થયા તે જ મહારાજ. એ ટાણે થોડી સામર્થી જણાવી હતી ને આ ટાણે ઘણી જણાવી છે.' વળી એમ પણ કહે છે કે, 'ભગવાન તો એક છે. તે એના એ ભગવાન, તેમાં વળી નાના-મોટા કેમ કહેવાય?' એવી સમજણ પોતાને તો હોય, પણ તેનો જે વિશ્વાસ કરે તેના જીવમાં પણ એવી સમજણ નાખે, તેથી તેના ઉપર મહારાજનો ને મોટાનો રાજીપો ક્યાંથી થાય!''

''મોટા મુક્તોએ સમજાવવામાં કાંઈ બાકી રાખ્યું નથી તોય સર્વોપરીપણાની, અવતાર-અવતારીની વાત જીવમાં ઊતરે નહિ. તેને મહારાજનું સુખ ક્યાંથી આવે! અનંત કોટિ રામ ને અનંત કોટિ કૃષ્ણ અને અનંત કોટિ મુક્ત એ સર્વના કર્તા, સર્વના આધાર, સર્વના નિયંતા ને સર્વના કારણ મહારાજને સમજે, ત્યારે જ્ઞાન થઈ રહ્યું. 'આ તો અનંત ભગવાનના ભગવાન છે તે આપણે ઘેર આવીને બેઠા છે', એમ અ.મુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. તથા અ.મુ. ગોપાળાનંદ સ્વામીએ પણ મહારાજનો સર્વોપરી મહિમા બહુ જ કહ્યો છે.''

''જો મોટા અનાદિમુક્તનો વિશ્વાસ હોય તો એ વાત સમજાય, પણ પોતાની બુદ્ધિબળે સમજાય એવું નથી. કેટલાક ભણેલા-ગણેલા કહેવાતા હોય, પણ પરોક્ષ શાસ્ત્રમાં આ વાત ખોળે તે ક્યાંથી જડે! શ્રીજીમહારાજ તો એમ કહે છે જે, 'આવ્યા નથી ને આવશું ક્યાંથી રે, તે તો વિચારોને મનમાંથી રે.' તેથી એ મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્ત

વિના શ્રીજીમહારાજનો મહિમા કોણ સમજાવે! જ્યારે શ્રીજીમહારાજ અ.મુ. રામાનંદ સ્વામીને મળ્યા ત્યારથી સ્વામીશ્રી તો એમ જ કહેતા જે, 'આ નીલકંઠ બ્રહ્મચારી તો મોટા મોટા રામ, કૃષ્ણ, વાસુદેવ ને અક્ષરાદિક એ સર્વેને પ્રાર્થના કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે; પણ આવા શબ્દ જીવમાં ઉતારે નહિ ને મોટા કહે તે મનાય નહિ, તેને મહારાજનું સુખ કેમ આવે? માટે સૌ મહારાજને જેવા છે તેવા જાણજો."

એમ વાતો કરી હરિભક્તોને રાજી કરી બાપાશ્રી વૃષપુર પધાર્યા. ॥૧૨૬॥

## વાર્તા ૧૨૭

સંવત ૧૯૮૪ના ફાગણ વદ-૭ને રોજ નારાયણપુરના ધનજીભાઈને મંદવાડ વધુ જણાવાથી તેમના નાના દીકરા હરજીભાઈએ વૃષપુર આવી બાપાશ્રીને પ્રાર્થના કરી તેથી તેમને દર્શન દેવા પોતે નારાયણપુર પધાર્યા. બાપાશ્રીને જોઈને ધનજીભાઈ બેઠા થઈ ગયા અને જય સ્વામિનારાયણ કહી મળ્યા. તે વખતે બાપાશ્રીએ તેમના શરીર પર હાથ ફેરવીને કહ્યું જે, "કાંઈ ફિકર રાખશો નહિ, મહારાજ સારું કરશે."

ત્યારે ધનજીભાઈએ કહ્યું કે, "બાપા! આપની કૃપાએ મારે કાંઈ ફિકર નથી. પણ આપને મારે અરજ એટલી કરવાની છે જે આથી પહેલાં જ્યારે જ્યારે મંદવાડ થઈ ગયેલો ત્યારે ત્રણ-ચાર વખત સાંધા દઈ દઈને મને રાખ્યો છે. તો આ વખતે મારી માગણી એવી છે કે હવે મને દયા કરી મહારાજની મૂર્તિમાં જોડી દો. મારે હવે મૂર્તિ વિના બીજો કાંઈ સંકલ્પ નથી."

ત્યારે બાપાશ્રી કહે જે, "તમે સાવ ઉદાસ કાં થાઓ? અમારે તમારું આ લોકમાં કામ પડે તો રાખવાય જોઈએ."

ત્યારે ધનજીભાઈએ બહુ પ્રાર્થના કરી જે, "બાપા! હવે મને આ લોકમાં રહેવાની મુદ્દલ ઇચ્છા નથી, માટે દયા કરી મહારાજના

સુખમાં મૂકી દો.''

એવાં વચન સાંભળી બાપાશ્રી અતિ પ્રસન્ન થયા ને કહ્યું જે, ''ભલે, તમે જાઓ. અમે પણ પાછળથી આવીએ છીએ.'' એમ કહી તેમના ત્રણે દીકરાઓને ભલામણ કરી જે, ''તમો સર્વે હવે ધનજીભાઈની સેવા બરાબર કરજો. તેમની વૃત્તિ હવે મહારાજની મૂર્તિ સન્મુખ થઈ ગઈ છે.''

પછી બાપાશ્રી તથા સૌ ઘરનાં માણસો પાસે બેઠા હતા. તે વખતે ધનજીભાઈ પ્રાર્થના કરવા લાગ્યા જે, ''બાપા! આપે જે જે વરદાન આપ્યાં હતાં તે બધાંય સત્ય કર્યાં.'' એમ કહી નેત્ર પ્રેમનાં આંસુથી ભરાઈ ગયાં.

પછી હાથ જોડીને બોલ્યા જે, ''બાપા! બહુ દયા કરી. મહારાજને લાવ્યા, સંતોને લાવ્યા, સર્વે દિવ્ય તેજોમય. બાપા! તમે પણ આવા તેજોમય છો.'' એમ કહી ઊંડા ઊતરી ગયા. વળી થોડી વારે જાગૃત થઈ હાથ જોડીને બોલ્યા જે, ''બાપા! તમે બહુ દયા કરી. તમે આવા દયાળુ છો.''

ત્યારે બાપાશ્રી કહે, ''ધનજીભાઈ! મહારાજમાં વૃત્તિ જોડી મેલો. એ મૂર્તિમાં તેજની સેડ્યો તથા ફુવારા છૂટે છે. માંહી અનંત મુક્ત સાકાર થકા રહ્યા છે, માટે મૂર્તિ વિના બીજું કાંઈ જોવું નહિ અને કાંઈ બોલવુંય નહિ.'' એમ કહી ધનજીભાઈને શાંત કર્યા. પછી બાપાશ્રીએ તેમના પુત્રાદિકને ભલામણ કરીને કહ્યું જે, ''તમે હવે ચિંતા મ કરજો. ધનજીભાઈ તો મૂર્તિના સુખે સુખિયા થઈ ગયા છે.''

ત્યારે તેમના સંબંધીઓએ કહ્યું જે, ''બાપા! આ ધનજીભાઈ વિના અહિં તો દુકાળ જેવું લાગશે.''

તે વચન સાંભળી પોતે બોલ્યા જે, ''આ દુકાળ તો બહુ નહિ જણાય, પણ જ્યારે મોટો દુકાળ પડશે ત્યારે સૌને ખબર પડશે.'' એમ કહી સૌને પાસે રહેવાની ભલામણ કરી બાપાશ્રી વૃષપુર પધાર્યા.

વળી ધનજીભાઈ પાછલી રાત્રે બેઠા થઈને પગે લાગવા મંડ્યાં ને બોલ્યા જે, ‘‘વાહ મહારાજ! વાહ મારા બાપ! મારા પર ઘણી દયા કરી.’’

સાથે બાપાશ્રીનાં દર્શન થતાં હતાં. તેમને પણ કહ્યું જે, ‘‘બાપા! ઓરા આવો. તમે આવા તેજોમય! આજ દિવસ સુધી આવા કેમ દેખાતા નહોતા? આજ તો ભારે દયા કરી.’’

તે વખતે ઘરમાં તેમના સંબંધી તથા ત્રણ પુત્રો રામજીભાઈ, લાલજીભાઈ તથા હરજીભાઈ આદિ જાગતા હતા. તે વખતે નાના દીકરા હરજીભાઈએ કહ્યું જે, ‘‘બાપા! તમે આ શું બોલો છો?’’

ત્યારે તેના સામું જોઈને કહે, ‘‘હરજી બચ્ચા! ઘરનાં સૌ દર્શન કરો, આવડી સભા અહીં બેઠી છે ને તું મને એમ કેમ પૂછે છે જે શું થાય છે? આ મહારાજ! આ બાપા! આ સંત બધાય તેજોમય બેઠા છે.’’

એમ કહી વળી ઊંડા ઊતરી ગયા. ઘરના માણસોએ એમ જાણ્યું જે આમની વૃત્તિ મૂર્તિ આકારે થઈ ગઈ છે ને બાપાશ્રીએ આપણને સેવા કરવાનું કહ્યું છે, તેમાં જમવાનું તથા પાણી પાવાનું એમની મરજી પ્રમાણે આપણે કરીએ છીએ, પણ બીજી સેવા કરવાની હવે રહી નહિ. પણ તેમને શ્રીજીમહારાજ તથા દિવ્ય સભાનાં દર્શન થાય છે તે લાભ આપણને મોટો મળ્યો. એમ વિચારી ઘરનાં નાનાં-મોટાં સૌ પ્રાર્થના કરી પગે લાગ્યાં ને કહ્યું જે, ‘‘અમારા સૌની ઉપર રાજી રહેજો.’’

તે વખતે ધનજીભાઈ પણ સર્વેને હાથ જોડી જય સ્વામિનારાયણ કહી પગે લાગવા મંડ્યા ને બોલ્યા જે, ‘‘વાહ મહારાજ! વાહ દયાળુ! ભલે આવ્યા. ઘણી ખમા! બહુ દયા કરી. હે મહારાજ! તમે ભક્તવત્સલ ખરા. આ ટાણે મારી સંભાળ લીધી, મહારાજ તમે મારી લાખેણી લાજ રાખી.’’

એમ કહી હાથ જોડી વળી સૂઈ ગયા અને સૂતાં સૂતાં હાથ જોડી પગે લાગતાં બોલ્યા જે, ‘‘બાપા! તમે ખરે ટાણે મહારાજને લઈને

પધાર્યા.'' એમ કહી મૌન રહ્યા.

થોડી વાર થઈ ત્યારે પોતે સૂતાં સૂતાં હાથ જોડતા હતા. તે વખતે તેમના દીકરાઓએ પૂછ્યું જે, ''શું કરો છો?'' ત્યારે ધનજીભાઈ કહે, ''બાપાને પગે લાગું છું.'' ત્યારે તેમના દીકરાઓએ કહ્યું જે, ''બાપા ક્યાં છે?'' તો કહે, ''આ રહ્યા. આ નદીના ધરે નહાય.''

પછી તેમના દીકરા હરજીએ ખબર કાઢી તો બાપાશ્રી નહાતા હતા. તે તેડી આવી દર્શન કરાવ્યાં. એ રીતે બાપાશ્રીએ ધનજીભાઈને નિરાવરણ કરી દીધા. ॥૧૨૭॥

## વાર્તા ૧૨૮

બીજે દિવસે સંવત ૧૯૮૪ના ફાગણ વદ-૯ને રોજ ધનજીભાઈ જાગ્રત થયા ને પાસે બેઠેલા ઘરનાં માણસોને જય સ્વામિનારાયણ કહ્યા. ત્યારે તેમના દીકરાઓએ કહ્યું કે, ''બાપાશ્રીને તેડી આવીએ?''

ત્યારે ધનજીભાઈ કહે, ''તમે મારી રાત-દિવસ સેવા કરો છો. વળી વચનામૃતનું પારાયણ વાંચી, ભક્તચિંતામણિની કથા કરી, તોય તમે બાપાશ્રીને તેડી આવીએ એમ કેમ કહો છો? બાપાશ્રી તો આ રહ્યા. મહારાજ તથા અનંત મુક્ત પણ આ બેઠા. જુઓને! આ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આદિ અનેક સંતો બેઠા છે. સર્વે તેજામય છે. તોપણ તમે આમ કેમ બોલો છો?'' એમ એ વખતે ધનજીભાઈને મહારાજ તથા બાપાશ્રી આદિ અનેક મુક્તોનાં દર્શન થયાં. પછી સૌને જય સ્વામિનારાયણ કહી ધનજીભાઈએ દેહ મૂક્યો.

તે વાત વૃષપુરમાં બાપાશ્રીએ હરિભક્તોને કહી પછી પોતે નારાયણપુર જવા નીકળ્યા. ધનજીભાઈને પાલખીમાં બેસારી હરિભક્તો ઉત્સવ કરતાં કરતાં અગ્નિદાહ દેવા જતા હતા, તે ઝાંપામાં બાપાશ્રી સામા મળ્યા. પછી હરિભક્તોએ પાલખી ઉતારી દંડવત કર્યા.

ત્યારે બાપાશ્રી ધનજીભાઈ ઉપર હાથ ફેરવીને બોલ્યા જે, “ધનજી બચ્ચા! જા, અમે આવીએ છીએ.” એમ કહીને પોતે એક કોરું વસ્ત્ર તેમના પર ઓઢાડ્યું. પછી હરિભક્તોને પાલખી લેવા કહ્યું. જ્યારે પાલખી લઈને સૌ ચાલ્યા ત્યારે ગુલાલની ધોખડ થઈ રહી અને બહુ સુગંધી આવવા માંડી, તેથી બધા ઊંચું જોવા લાગ્યા જે આટલો બધો ગુલાલ અને આટલી બધી સુગંધ ક્યાંથી આવે છે! પછી તેમને દેન દેવા માટે નદીને ધરે લઈ ગયા. ત્યાં અગ્નિસંસ્કાર કર્યો, ત્યારે પણ બાપાશ્રી સૌની સાથે હતા.

તે વખતે બોલ્યા જે, “નારાયણપુરમાં આજે કાળ પડ્યો અને કચ્છમાં તથા સાજા સત્સંગમાં કાળ પડ્યો, પડ્યો અને પડ્યો; એમ સમજી લેજો.” એવી રીતે પોતાને અંતર્ધાન થવાની વાત મર્મમાં જણાવી.

ફાગણ વદ-૧૨ને રોજ ધનજીભાઈના ખરખરે કણબીની નાતના માણસો આવેલા, ત્યારે પણ બાપાશ્રી તે સર્વે પ્રત્યે એમ બોલ્યા જે, “ધનજી ગયો તે ખાલું પડ્યું તે આ લોકની દૃષ્ટિએ બહુ ખોટું થયું. અમો પણ મહેમાન છીએ, જાવાની તૈયારીમાં છીએ.”

આવું સાંભળીને હરિભક્તોને અંતરમાં બહુ દુઃખ થયું. તેથી સૌએ પ્રાર્થના કરી જે, “બાપા! તમે કેમ વારેવારે ઉદાસી જણાવો છો?”

ત્યારે બાપાશ્રી કહે, “મહારાજની મરજી હશે તે પ્રમાણે બોલાતું હશે. આપણે તો ધનજીભાઈની પેઠે મૂર્તિમાં જોડાઈ જાવું ને સુખિયા થાવું.” એમ કહી સૌને ધીરજ આપી. ॥૧૨૮॥

## વાર્તા ૧૨૯

સંવત ૧૯૮૪ના ચૈત્ર માસમાં બાપાશ્રીએ મહામોટો યજ્ઞ કરવા ધાર્યું હતું તે યજ્ઞનું પરિયાણ કરવા સારુ કણબીની નાતના ગામોગામના હરિભક્તોને તેડાવેલા, તે ફાગણ વદ-૧૪ને રોજ આવ્યા હતા.

તે સર્વે પ્રત્યે બાપાશ્રીએ કહ્યું જે, "આ અમારો છેલ્લો યજ્ઞ છે માટે તમો સૌ ભાઈઓ મળીને અમારો યજ્ઞ સુધારી દો. અમે તમારી નાત નથી, જાત નથી, કોઈના બાપ નથી, કોઈના દીકરા નથી, કોઈના સગા-સંબંધી નથી. અમે તો અવતારી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના અવતાર જે અનાદિમુક્ત તે છીએ. આ યજ્ઞમાં આવી જે કોઈ જમશે તેનો આત્યંતિક મોક્ષ કરશું, માટે જેને આત્યંતિક મોક્ષ જોઈતો હોય તે જમવાની હા પાડો." પછી સર્વે બોલ્યા જે, "બાપા! અમે સર્વે જમવા આવશું અને સેવા બતાવશો તે કરશું."

તે વખતે પણ બાપાશ્રી એમ બોલ્યા જે, "હવે અમને તમે ત્રણ મહિના સુધી દેખશો, પછી આ મુખ જોવાની આશા રાખશો નહિ." એમ કહીને વાડીએ પધાર્યા. ત્યાં પરદેશથી બે હરિભક્તો દર્શને આવ્યા હતા તેમણે બાપાશ્રીની દીકરી રાધાબા ધામમાં ગયેલાં તેનો ખરખરો કર્યો.

ત્યારે પણ બાપાશ્રી એમ જ બોલ્યા જે, "આ તો કરવરિયું વર્ષ થયું, તેમાં શું શોક કરો છો? કાળ તો હવે પડવાનો છે, તે થોડા વખતમાં પડશે."

યજ્ઞ પ્રસંગે ગુજરાતમાંથી સંતોને કાગળો લખી તથા તાર કરી તેડાવેલા હોવાથી ચૈત્ર સુદ-૧ને રોજ અમદાવાદથી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઘનશ્યામજીવનદાસજી, સ્વામી ઈશ્વરચરણ-દાસજી આદિ બાવીશ સંતો ભુજમાં ઠાકોરજીનાં દર્શન કરી વૃષપુર ગયા અને સૌ મહારાજને દંડવત કરી બાપાશ્રીને મળ્યા.

પછી બાપાશ્રી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહે જે, "આવડલી વાર ક્યાં લગાડી વીરા!" એમ કહીને બોલ્યા જે, "અમે પોષ માસમાં તમોને પત્ર લખ્યો હતો જે, 'આપણે છત્રી ઉપર ધર્મશાળા કરી છે, તે નિમિત્તે યજ્ઞ કરાવવાનો ઠરાવ આપણે કર્યો હતો, તે હવે નક્કી કર્યું છે. અને આ મંદિરની જે મેડી કરી છે તેનું ભર્યું કરવાનું સંત-હરિભક્તો

અમને કહે છે. તો તે બન્ને જગ્યાઓનું ભર્યું કરવા નિમિત્ત આપણે પારાયણ કરવાની છે. માટે પંદર દિવસ અગાઉથી એટલે ફૂલડોલ પછી તરત જેટલા સંતોને લાવવા હોય તેટલા સંતોને સાથે લઈને જરૂર આવજો.' પછી કથાનો દિવસ ચૈત્ર સુદ-૧૩ સોમવારથી ચૈત્ર વદ-૬ બુધવારનો નક્કી કરીને તાર કર્યો જે, 'તમે જલદી આવો અને કંકોત્રી છપાવતા આવજો. તમે આવશો તે પછી કંકોત્રી લખાશે.' એવી વિગતનો પત્ર પણ તમને લખ્યો હતો તેથી તમે આવી પહોંચ્યાં તે બહુ સારું કર્યું."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી બોલ્યા જે, "અમે ચૈત્ર સુદ-૧ને રોજ ભુજ આવ્યા. ત્યાંથી દેશદેશના હરિભક્તોને આપશ્રીના લખવા પ્રમાણે કંકોત્રી લખી મોકલી અને ચૈત્ર સુદ-૪ને રોજ સાંજના નારાયણપુર થઈને અહીં આવ્યા."

પછી બાપાશ્રી બહુ રાજી થયા ને બોલ્યા જે, "અમે વાટ જોતા હતા ત્યાં તમો સર્વે આવ્યા તેથી આ દિવ્ય મૂર્તિઓનો મેળાપ થયો. આ યજ્ઞ તમને અને સર્વ હરિભક્તોને તેડાવીને મૂર્તિનું સુખ આપવા સારુ કરીએ છીએ. અમે ભુજ યજ્ઞનો દિવસ નક્કી કરવા ગયા હતા, ત્યાં સંતોએ કહ્યું જે, 'કથા વાંચવા કેને બોલાવશું?' ત્યારે અમે કહ્યું જે, "આપણે કોરીઓ ખરચીને સાધુઓને ભણાવ્યા છે તે શું કરશે? અમે તો એમની પાસે જ કથા વંચાવશું.' ત્યારે સંતોએ કહ્યું જે, 'બહુ સારું; આપની મરજી.'"

તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "બાપા! ધનજીભાઈની ખોટ બહુ આવી, પણ તેના દીકરાઓ સમજુ સારા છે."

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "તે પણ ખરેખરા છે. અમને આવીને એમ કહ્યું જે, 'બાપા! આપે યજ્ઞની તિથિ નક્કી કરી છે તે ફેરવશો નહિ.' અને ધનજીની તો વાત જ શી કહેવી! દેહ મૂકતી વખતે તેમના દીકરાઓએ કહ્યું જે, 'બાપાને અહીં તેડાવીએ?' ત્યારે ધનજીએ એમ

કહ્યું જે, ‘એમણે તો મને નિરાવરણ કરીને મૂર્તિનું સુખ દેખાડ્યું છે. મહારાજ તથા મોટા મોટા સંત આ રહ્યા, બધાય તેજોમય છે. બાપાશ્રી પણ આ રહ્યા.’ ત્યારે તેમના દીકરાઓ કહે, ‘બાપા ક્યાં છે?’ ત્યારે ધનજીભાઈ કહે, ‘બાપા તો આ નદીના ધરામાં નહાય; જાઓ તેડી આવો.’ પછી અમે ખળખળીએ નહાતા હતા ત્યાં તેના દીકરા તેડવા આવ્યા એટલે અમે ગયા. વાહ રે વાહ! ધનજી!” એમ કહીને બાપાશ્રીનાં નેત્ર સજળ થઈ ગયાં.

પછી બોલ્યા જે, “દીકરા પણ એવા જ છે. અમે એમને કહ્યું જે, ‘તમે ધનજીની પાછળ કોઈ રોક્કળ કરશો નહિ, તે તો મૂર્તિના સુખમાં બેઠા છે.’ અમારાં વચનથી તેમણે એક આંસુ પણ પડવા આપ્યું નહિ અને વિવાહ જેવો ઉત્સવ કર્યો. આ યજ્ઞ પણ વિવાહ જેવો કરવો છે.”

ત્યારે સંતોએ કહ્યું જે, “આપ જેને મળ્યા ને કૃપાદૃષ્ટિ કરી તેને એવું હોય તેમાં શું કહેવું?”

એમ વાત કરતા હતા તે વખતે રાત્રિના બાર વાગ્યા. પછી સંતોને કહ્યું જે, “તમે હવે સૂઈ જાઓ.” એમ કહી પોતે પણ પોઢી ગયા. ॥૧૨૯॥

## વાર્તા ૧૩૦

સંવત ૧૯૮૪ના ચૈત્ર સુદ-૬ને રોજ સવારે વૃષપુર મધ્યે બાપાશ્રી પૂજા કરીને શિક્ષાપત્રીનો પાઠ કરતા હતા.

તે વખતે હરિભક્તો પ્રત્યે એમ બોલ્યા જે, “આ શિક્ષાપત્રી મહારાજે લખી છે તે આચાર્ય, સંત, બ્રહ્મચારી, પાર્ષદ, હરિભક્તો, બાઈ, ભાઈ સર્વેને પાળવાની છે. તેને મહારાજે પોતાનું સ્વરૂપ કહ્યું છે. મહારાજના આશ્રિત હોય તે સર્વે એમાં લખી આજ્ઞા પ્રમાણે રહે. ખરા સાધુ કે ખરા હરિભક્ત પણ એને જ કહેવાય. આજ્ઞાપરાયણ અંગ હોય તેને વચનનિવાસી કહ્યા છે. મહારાજ એવા ભક્ત ઉપર અતિ પ્રસન્ન

થાય, પણ જો એ માંહેલું એકેય વચન લોપે તો રાજી ન થાય. માટે અધિકાર, મોટાઈ, આદિમાં લેવાઈ કોઈ વચનનો લોપ ન કરવો.''

પછી બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરી ઓસરીમાં સભામાં આવીને બેઠા ને સૌને જય સ્વામિનારાયણ કહ્યા. પછી સંતો પ્રત્યે એમ બોલ્યા જે, ''તમે મહારાજના સંત છો તે મહારાજ વિના બીજું કાંઈ ઈચ્છશો નહિ. તમને શ્રીજીમહારાજે વ્યવહારમાર્ગમાં અમંગળિક ગણ્યા છે માટે તમારે એક મહારાજ વહાલા રાખવા. ત્યાગીની રીત ભૂલીને ગૃહસ્થને માર્ગે ચલાય તો મોટી ખોટ આવે. માટે કોઈ સંત મૂર્તિ વિસારીને અમંગળિક થશો નહિ. અમંગળિક તે શું? તો દ્રવ્ય, ખેતર, આદિ રાખવું તે. તેવું કાંઈ ન હોય ને એક શ્રીજીમહારાજની મૂર્તિ હોય તે ખરા મંગળિક. તમારે તો મહારાજની મૂર્તિ વિના બધુંય મૂકી દીધા જેવું છે. અમે આમ વાતો કરીએ છીએ, પણ મૂર્તિને ભૂલીએ નહિ અને સંત-હરિભક્ત અહીં આવે છે તેમને એક મૂર્તિ આપવાનો જ અમારો ઠરાવ છે.''

''આ અમારો અહિંસામય યજ્ઞ છે. તેમાં કોઈનું મન દુઃખાય નહિ એવો ખટકો રાખીએ છીએ; કેમ જે આપણો અહિંસા ધર્મ છે. સાધુને બીજે ગામ જવા ટાણે ગાડાં જોડાવવા તેમાં આવો વિચાર કરવો ખપે. અમારો ઠરાવ એવો જે ક્યાંઈક જવું હોય ને કોઈ ગાડું જોડે, પણ બળદ ઘરડા-દૂબળા હોય તો અમે કાંઈક બાનું કાઢીને જઈએ નહિ. એવા અબોલ જીવને દુઃખ થાય તે કરતાં પગે ચાલીને જવું એ ઠીક ને એમાં મહારાજ રાજી થાય. મોટા સંતો પ્રથમ એમ કરતા. એવી રીતે બીજા કામમાં પણ કોઈનું મન ન દુઃખાય એવો ખટકો રાખીએ છીએ. અમે આ યજ્ઞમાં સૌને કહ્યું છે જે, 'કોઈનો બળદ માંદો હોય અથવા ઘરડો કે દૂબળો હોય તેને ગાડે જોડવો નહિ.' કોઈ એવાને જોડે તેથી તેને પરાણે ચાલવું પડે એટલે એ નિસાસા નાખે તેનું પાપ અમને લાગે. અમે કોઈને દુઃખ દઈએ એવા નથી.''

“ધર્મ પળાવવામાં તો મન દુઃખાય તોય કહ્યા વિના ચાલે નહિ; કેમ જે ધર્મ લોપનારને આગળ દુઃખ બહુ વેઠવું પડે તે કરતાં તેને ઠપકો આપીને કે પ્રાયશ્ચિત્ત કરાવીને પણ ઠેકાણે પાડીએ તો તેનું સારું થાય. હમણાં એક ગામથી એક જણનો કાગળ આવ્યો હતો જે, ‘મારે યજ્ઞમાં આવવું છે તે તમો લખો તો આવું’; પણ તેણે પ્રાયશ્ચિત્ત કર્યું નથી એટલે અમે તેને હા પાડીએ જ નહિ. કોઈકને ભૂલચૂક થઈ હોય અને પ્રાયશ્ચિત્ત કરે તો તેને સત્સંગમાં લઈએ. તે જો ન કરે તો તેને પડ્યો મૂકીએ.”

પછી કેરાના હરિભક્તો દર્શને આવ્યા તેમાં પણ એકને પ્રાયશ્ચિત્ત આપવાનું હતું તેથી તેમને કહ્યું જે, “તમારા ગામના હરિભક્તો ઠરાવ કરીને એક કે બે તમારામાંથી ભુજ જાઓ અને સંતો કહે તેમ શ્રી નરનારાયણ દેવની સમક્ષ કરાવી આવો. તેમાં ઝાઝા મનુષ્યને સંભળાવવું નહિ. ઝાઝાને જણાવવું તે પૂંઠ દેખાડવા જેવું છે, માટે પાંચ મનુષ્ય જાણતા હોય તે જ જાણે. તે રીતે જેમ બને તેમ છાનું કરાવી ચોખ્ખો કરવો.” પછી માથકના ભગવાનજીભાઈએ હાથ જોડીને પ્રાર્થના કરી જે, “બાપા! અમારું અને અમારા કુટુંબનું કલ્યાણ કરજો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સારું, સૌનું કલ્યાણ કરશું, પણ જેને શ્રીજીમહારાજનો આશરો નહિ હોય તે તો ચોરાશીમાં અથડાશે. આ સમે શ્રીજીમહારાજે કલ્યાણ બહુ સોંઘું કર્યું છે, પણ અભાગિયા જીવ ઓળખે નહિ એટલે કલ્યાણ થાય નહિ. જો ઓળખે તો મહારાજ અથવા મહારાજના મુક્ત એક ઘડીમાં મોક્ષ કરી દે એવા છે. અમારી દૃષ્ટિ તો એવી છે જે નજરે ચડે એટલામાં કલ્યાણ કરીને મૂર્તિમાં મૂકી દઈએ.”

પછી વચનામૃતની કથા થઈ રહી ત્યારે બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, “સત્સંગમાં જેને દિવ્યભાવ આવે તેને મહારાજ ને મુક્ત સર્વે તેજોમય ભાસે. આ મંદિર, મેડી, ઘર, ઓસરી સર્વે તેજોમય છે, તેજનો અંબાર છે, વચ્ચે મહારાજ બિરાજે છે. એ મૂર્તિમાં અનંત મુક્ત

કિલ્લોલ કરે છે, ફરતી સભા બેઠી છે, સર્વે તેજોમય છે. મહારાજ કહે છે કે, 'જ્યાં પુરુષોત્તમની મૂર્તિ ત્યાં અક્ષરધામનું મધ્ય', એટલે મૂર્તિને ફરતું તેજ, તેમાં ચારેકોર મુક્તનાં મંડળ બેઠાં છે. મહારાજના અનાદિમુક્તનો વિશ્વાસ હોય તેને આ વાત મનાય ને આઠે પહોર આનંદ આનંદ રહે, મૂર્તિના સુખની ખુમારી રહે."

તે વખતે નારાયણપુરવાળા ખીમજીભાઈ ચંદન તથા હાર લઈને આવ્યા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "સોઢીનું શણગારમાં ગયું. તે સોઢી હતી તે શણગારમાં રહી ત્યાં તો જાન જતી રહી. તેમ તમે પૂજાની સામગ્રી કરવા રહ્યા, ત્યાં કથા-વાર્તા જતી રહી એવું થયું. અત્યારે સંત-હરિભક્તની સભામાં બ્રહ્મયજ્ઞ થાય છે. આ જુઓ! ગામોગામના હરિભક્ત આવ્યા છે અને હજી સંઘ આવ્યા કરે છે. સભામાં કાંઈની કાંઈ વાતો થાય છે, મૂર્તિના સુખના અમૃત ઘન વરસે છે માટે અત્યારે તો જેટલો લાભ લેવાય તેટલો લેવો." એમ ખીમજીભાઈ નિમિત્તે સૌ સંત-હરિભક્તોને મહિમા સમજવાની વાત કરી. ॥૧૩૦॥

## વાર્તા ૧૩૧

સંવત ૧૯૮૪ના ચૈત્ર સુદ-૭ને રોજ સવારે બાપાશ્રી નિત્યવિધિ કરી સભામાં આવ્યા. ત્યારે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી આદિ સંતો યજ્ઞ સંબંધી વાતો કરતા હતા.

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, "સ્વામી! આપણે આ યજ્ઞ કરવો છે તેમાં જે કોઈ આવે તેને મૂર્તિમાં મૂકી દેવા છે. શ્રીજીમહારાજની મરજી આ યજ્ઞમાં એવી છે એમ જાણજો. તમે ટાણે આવી ગયા તે બહુ સારું કર્યું. તમે મહારાજના સંકલ્પથી દર્શન આપો છો તેથી બધુંય જાણો, પણ તમે તમારું સામર્થ્ય ઢાંકીને ફરો છો. મોટા મોટા અક્ષરાદિક અવતારોને આ સભા દુર્લભ છે. આ સભામાં તમે ન આવ્યા હો ત્યાં સુધી સૌ વાટ જુએ. અમે આ યજ્ઞ કરવાની વાત સર્વે હરિભક્તોને ભેળા

કરીને જણાવી ત્યારે ઝીણોભાઈ તથા મૂળજીભાઈ આદિ સૌ કહે કે, ‘બાપા! તમે સંકલ્પ કરશો એટલે જેવો ધારશો તેવો યજ્ઞ કરશો, પણ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ મંડળને બોલાવો તો ઠીક; કેમ જે એ સદ્‌ગુરુઓ વિના કોઈની એવી નજર નહિ પહોંચે.’ એમ કહ્યું એટલે અમે તમને તેડાવ્યા તે તમો તરત આવ્યા.”

“હવે યજ્ઞની સામગ્રી સર્વે તૈયાર કરો. જે જે માલ ખપે તે બધો આગળથી મંગાવી લો, ગોદડાં તથા તાડપત્રીના કોસનું નક્કી કરો. ગોળ, ઘી તો અમે લઈ રાખ્યાં છે. ઘઉં તથા ચોખા, દાળ વગેરે બધુંય તૈયાર છે. ઉતારાની સગવડ પણ કરી છે. વધુ કરાવવા જેવું લાગે તો કરાવીએ. શીરાના હોજ કરવાનું અથવા રસોડામાં જેમ જેમ ગોઠવણ કરાવવી હોય તેમ કરાવો. અમારે તો તમે આવ્યા એટલે બધુંય કામ પૂરું થયું. મહારાજને સંભારીને આ યજ્ઞમાં સૌને સુખિયા કરો.”

“અમે તો જે જે હરિભક્તો આવશે તેને મૂર્તિના સુખની વાતો કરશું. અમારા છોકરા કહે, ‘બાપા! સ્વામીને પહેલા તેડાવજો’, પણ અમને ખાત્રી હતી જે તમને એક કાગળ લખશું કે તમે આવી પહોંચશો. જેથી તમને વહેલા તેડાવ્યા નહિ; કેમ કે તમારે મંદિરનાં કામકાજ હોય, તે ઉપરાંત જે જે ગામમાં જાઓ ત્યાં હરિભક્તોને મૂર્તિના સુખે સુખિયા કરો તેથી ટાણે તેડાવ્યા. આ યજ્ઞમાં કોઈ વાતની કસર રાખવી નથી.” એમ ત્રણેય સદ્‌ગુરુઓ પર અતિ પ્રસન્નતા જણાવી.

ચૈત્ર સુદ-૧૧ને રોજ બાપાશ્રીએ સ્વામીશ્રી આદિ સંતોને વાત કરી જે, “આજ સર્વે હરિભક્તો બેઠા છે તેથી તમો સર્વેને ભલમણ કરો જે યજ્ઞની સેવા સૌ ખબડદાર થઈને કરે. આ યજ્ઞમાં મહારાજની ઘણી પ્રસન્નતા છે.” એમ કહી સંતોને કહ્યું જે, “તમો પણ તમારાથી થાય તે બધી સેવા કરજો. પરમ દિવસે પારાયણનો આરંભ થશે જેથી ચોકમાં ચંદની બંધાવો, વચ્ચે કથામંડપ સારો શણગારી મહારાજ પધરાવજો. પુરાણી તો આપણા કેશવપ્રિયદાસજી તથા બીજા ઉત્તમપ્રિયદાસજી છે તે

મૂર્તિ ધારીને કથા કરશે. આ સભામાં શ્રીજીમહારાજ તથા અનંત મુક્ત બિરાજશે, માટે તેમને રાજી કરવાનું સૌ તાન રાખજો.''

પછી દેશોદેશથી જે જે હરિભક્તો આવે તેની સરભરા કરવાની જેને જેને આજ્ઞા કરવાની હતી તેને કરી. આ રીતે યજ્ઞમાં કામકાજની ગોઠવણ ઉપરાંત સવારે, બપોરે, રાત્રે કથા-વાર્તા થાય. પણ સૌ ચૈત્ર સુદ-૧૩ને સોમવારની સવાર ક્યારે આવે તે વાટ જોતા હતા. આગલે દિવસે કેળના સ્થંભથી સુશોભિત કથામંડપ શણગાર્યો તથા ચંદની બંધાઈ. હરિભક્તો ઘણાં ગામના આવવા લાગ્યા. સૌ ઉમંગભર્યા શ્રીજીમહારાજ તથા બાપાશ્રી અને સંતોનાં દર્શન કરે તેથી સૌના અંતરમાં આનંદ આનંદ થઈ રહ્યો હતો. ॥૧૩૧॥

## વાર્તા ૧૩૨

સંવત ૧૯૮૪ના ચૈત્ર સુદ-૧૩ની સવારે ચોઘડીયાં વાગવા લાગ્યાં તે તો જાણે આવા બ્રહ્મયજ્ઞમાં તેડાવવા આમંત્રણ કરવાના નાદ થતા હોય તેમ જણાતું હતું. સંતો તૈયારી કરતા હતા. હજારી ફૂલના હાર, ચંદન, કુંકુમ, શ્રીફળ, સોપારી, અક્ષત, ધૂપ, દીપ, આદિક જે જે સામગ્રી વિધિમાં જોઈએ તે સર્વે તૈયાર કરી હતી. મહારાજની મૂર્તિને ઘણાંક ગુલાબ અને હજારી ફૂલના હાર પહેરાવેલા. આગળ ઘીના દીવા તથા અગરબત્તીના ધૂપ થઈ રહ્યા હતા. કથાના વક્તા પુરાણી કેશવપ્રિયદાસજી તથા ઉત્તમપ્રિયદાસજી પાટ પર બેઠા. બાપાશ્રી તથા તેમના પુત્ર-પૌત્રાદિક પૂજા કરવા તૈયાર થયા, તે વખતે વિપ્ર દેવશંકરે પૂજાવિધિ કરી મહારાજનું ધ્યાન ધરી શ્લોક બોલી બાપાશ્રીને કાંડે મંગળસૂત્ર બાંધવા માંડ્યું.

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, ''ગોર મહારાજ! કાંડાને બરાબર બાંધજો. આ મૂર્તિ ઊડી જાય એવી છે.''

એવાં મર્મવચનથી સૌ સંત-હરિભક્તના મનમાં અનેક જાતના તર્ક થયા, પણ એ મર્મ કોણ જાણી શકે? પછી બાપાશ્રીએ તથા તેમના

પુત્ર-પૌત્રાદિકે મળી શ્રીજીમહારાજની તથા પુસ્તકની અને પુરાણીની ચંદન-પુષ્પહારથી પૂજા કરી. પછી બાપાશ્રીએ થાળીમાં વાટો પ્રગટાવી આરતી ઉતારી. તે વખતે ચોકમાં ચંદની નીચે હરિભક્તોની ઘણી ભીડ હતી. સૌએ ઊંચે સાદે સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી દંડવત કર્યા. એ રીતે કથા ચાલતી થઈ. પછી સંતોને ચંદન ચર્ચી બાપાશ્રી સૌને જય સ્વામિનારાયણ કરી સભામાં બેઠા.

પછી ક્યારેક ધ્યાનમાં બેઠા હોય તેમ જણાય, તો ક્યારેક સભા સામું પ્રસન્ન નજરે જુએ, નાના-મોટા હરિભક્તો આવે તેને માથે હાથ મૂકે, સમાચાર પૂછે, એમ સવારના ૧૦ વાગ્યા સુધી કથા ચાલે. પછી સમય થાય એટલે હરિભક્તોને જમવાનો સાદ પડે ત્યારે વાડીમાં પંક્તિ થાય. મંદિરમાં સંતોની પંક્તિ વખતે બાપાશ્રી દર્શન દેવા પધારે, વાડીમાં હરિભક્તોની પંક્તિ થઈ હોય ત્યાં પણ પોતે ચાલીને જાય, કાં માંચીમાં બેસારીને હરિભક્તો તેડી જાય, ત્યાં સૌને દર્શન આપે. ક્યારેક સભામાં બેસી વાતો કરે. રાત્રે કથા, વાર્તા, ચેષ્ટા આદિ નિયમ થઈ રહે ત્યારે કાં તો ચોકમાં જ આસન કરે, ક્યારેક ઓસરીમાં ને ક્યારેક નવી મેડીના છેલ્લા ઓરડે પોઢે. સવારે વહેલા ઊઠી નિત્યવિધિ કરી સભામાં બેસે, ઘેર જઈ આવે, સંતોને બોલાવે. એ રીતે યજ્ઞમાં જે જે સંત-હરિભક્તો આવેલા તેમને અત્યંત સુખિયા કરવા બાપાશ્રી મહારાજના દિવ્યભાવની, મૂર્તિમાં રસબસ રાખ્યાની તથા અદ્‌ભુત પ્રતાપની વાતો કરતા તેથી સર્વત્ર આનંદ આનંદ વર્તી રહ્યો હતો. ॥૧૩૨॥

## વાર્તા ૧૩૩

બાપાશ્રીએ કાંડું બાંધતી વખતે મર્મવચન કહેલ તેથી કેટલાક હરિભક્તો મનમાં વિચાર કરે અથવા સંતો એ વાતનું વર્ણન કરતા હોય ત્યાં પોતે તેમના સંકલ્પને જાણી અચાનક આવી રમૂજે યુક્ત વચન કહી તેમને રાજી કરી એ વાત ભુલાવી દેતા. સભામંડપમાં વચ્ચે બાપાશ્રીનું આસન રાખેલું તેથી સર્વેને દર્શન થાય. હરિભક્તો જય સ્વામિનારાયણ

કરે ત્યારે તેમના માથા ઉપર હાથ મેલે. કોઈને પોતે ચંદન ચર્ચી હાર પહેરાવે. ક્યારેક સભામાંથી ઊઠી હાથમાં ચંદનનો વાટકો લઈ સંતોને ચંદન ચર્ચે. એવી રીતે હરિભક્તોની સભામાં પણ ચંદન ચરચતાં કોઈ હરિભક્તો કહે, “બાપા! લાવો હું ચંદન ચર્ચું, આપ બેસો.” ત્યારે પોતે એમ બોલે જે, “આ સભા દિવ્ય છે, તેજોમય છે, આ તો મહારાજ તથા અનંત મુક્તોની પૂજાઓ થાય છે.” એમ કહી પોતે જ ચંદન ચર્ચે.

કોઈ હરિભક્તોના માથા ઉપર ચંદનવાળા હાથ લૂઈને હસાવે અને કહે જે, “આ તો અક્ષરધામનું ચંદન છે. અમે તમને ચંદન ચરચવા અક્ષરધામમાંથી અહીં આવ્યા છીએ એમ જાણજો. આ અવસર બહુ દુર્લભ છે. આ તો મહારાજે દયા કરી તથા તમે પણ દરિયા ઊતરીને અહીં આવ્યા તેથી અમે તમારા ઉપર રાજી થઈએ છીએ. અમે તમને આ અમારો છેલ્લો યજ્ઞ છે એમ લખીને તેડાવ્યા છે, તેથી સર્વેને રાજી કરવા છે; એટલા સારુ આ દાખડા કરીએ છીએ.”

ત્યારે હરિભક્તો કહે જે, “બાપા! આપે સુખ આપવા ધાર્યું છે, તેથી આવો મહાયજ્ઞ કરી બધાયને ખેંચી લાવ્યા.” એમ કહી સર્વેને રાજી કરતા.

વળી જ્યારે પંક્તિમાં દર્શન દેવા જાય ત્યારે નાનાં-મોટાં બાઈ-ભાઈ સર્વે હાથ જોડી જય સ્વામિનારાયણ કરે. પંક્તિમાં પીરસનારા હરિભક્તોને પોતે ભલામણ કરે કે, “જો જો, પીરસવામાં કસર મ રાખજો. મહારાજ આ પંક્તિમાં દર્શન દેવા દિવ્ય રૂપે ફરે છે. મંદમંદ હસે છે, તેથી કોઈને જમાડવામાં કસર રાખશો તો મહારાજ રાજી નહિ થાય. માટે સૌને તાણ કરી કરીને ખૂબ જમાડજો. કોઈ ગમે તેવો આવીને જમવા બેસે તેને ના પાડશો નહિ.”

વળી બાપાશ્રી કોઈને એમ પૂછે જે, “તમે ક્યારે આવ્યા છો? કેટલા છો? આ તો આપણા છે.” એમ કહે. વળી કોઈને કાંઈ જરૂર હોય ને તે સંભારે એટલાકમાં તો કોઈ મિષ લઈ પાસેથી પોતે નીકળે

અથવા સામેથી ચાલ્યા આવીને તેમની ઈચ્છા પ્રમાણે કહે ને કોઈને અજાણ્યા થકા કહે.

સભામાં બેઠા હોય તે વખતે કોઈક ઉતારામાં સંભારે તો એમના સંકલ્પને જાણી ત્યાં જઈ તેમના મનોરથ પૂરા કરવા જય સ્વામિનારાયણ કહે ને પૂછે જે, "તમને ઉતારા મળ્યા છે ને? ગોદડાં તથા જે કાંઈ જોઈએ તે હીરજીભાઈને તથા જાદવાભાઈને કહેજો, અમારા મનજીને કહેજો. આપણા ઘેરથી જોઈએ તે લઈ લેજો. કાંઈ મૂંઝાશો મા. અહીં તો સ્વામી ઈશ્વરચરણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ તથા બીજા બધા સંતોએ આ યજ્ઞનું કામ માથે લીધું છે. તેથી તમને જે કાંઈ ચીજ જોઈતી હોય તો તેમને કહેજો. તમે અજાણ્યા તેથી અમે કહીએ છીએ."

પછી જ્યારે સંતની પંક્તિ થાય ત્યારે પોતે ત્યાં આવી દંડવત કરવા માંડે, સંતો ઊભા થઈ જાય, સદ્‌ગુરુઓ ના પાડે, "બાપા! રાખો, તમારાથી ન થાય." એમ કહે તોય દંડવત કરે.

કેટલાક સંતો ઊભા થઈ રહ્યા હોય ત્યારે પોતે એમ કહે જે, "તમને તો મહારાજે મૂર્તિમાં રાખ્યા છે, તમે મૂર્તિમાં રહ્યા થકા દર્શન કરો છો. મહારાજ જમે છે તેથી અમે દંડવત કરીએ છીએ. તમે તો સર્વે અનાદિમુક્ત છો. મૂર્તિના સુખમાં કિલ્લોલ કરો છો." એમ મહિમાનું વર્ણન કરે. ॥૧૩૩॥

## વાર્તા ૧૩૪

એક વખતે ભુજથી વિઠ્ઠલજીભાઈ તથા મગનભાઈ દર્શને આવ્યા ને સાથે લીલી દ્રાક્ષ લાવેલા. તે વખતે બાપાશ્રી હરિભક્તોની પંક્તિમાં દર્શન દેવા પધાર્યા હતા ત્યાં આવી તેમણે દર્શન કર્યાં ને તે દ્રાક્ષ બાપાશ્રીને આપીને પ્રાર્થના કરી જે, "બાપા! આ મેવો અંગીકાર કરો."

ત્યારે બાપાશ્રી પ્રથમ તો એમ બોલ્યા જે, "અમે આ લોકના મેવા જમનારા નહિ; અમે તો મહારાજની મૂર્તિના સુખરૂપ દિવ્ય ભોજન

સદાય જમીએ છીએ, પણ તમે આખી વાટ સંકલ્પ કરતાં આવ્યા છો તેથી લાવો મહારાજને જમાડીએ.'' એમ કહી ઠાકોરજીને જમાડી બે દાણા બાપાશ્રી જમ્યા.

પછી પાસે ઊભેલા નાના-મોટા હરિભક્તોને બબે દાણા પ્રસાદી આપીને કહ્યું જે, ''આ વિઠ્ઠલજીભાઈ તથા મગનભાઈનો યજ્ઞ.''

પછી એક હરિભક્ત છોકરાને તેડીને પગે લગાડવા પાસે ઊભેલ તે છોકરાને પોતે દ્રાક્ષનો દાણો મોઢામાં આપીને બોલ્યા જે, ''આ અત્યારે નાનો બાળક છે, પણ મોટો થશે ત્યારે બહુ બળિયો થશે.'' એમ કહી તેના માથા પર હાથ મૂકી બાપાશ્રી મંદિરમાં પધાર્યા.

મંદિરના ચોકમાં જરા વાર સૂવાની ઇચ્છા જણાવી. પછી સેવકે આસન પાથર્યું તે પર આવીને બેઠા. તે વખતે પુરાણી કેશવપ્રિયદાસજીને પાસે બોલાવીને કહ્યું જે, ''તમે જરા વાર આરામ કેમ કરતા નથી? તમારે કથા વાંચવી તેથી જરા વિસામો કરવો ખપે.''

ત્યારે પુરાણી કહે, ''બાપા! તમને જોઈએ છીએ એટલે આરામ થઈ જાય છે. સંત, હરિભક્તો, નાના-મોટા આપની કૃપાથી સુખિયા છે. આ સમયે આપે દયા કરી આ બ્રહ્મયજ્ઞરૂપી મોટું સદાવ્રત ઉઘાડું મેલ્યું છે તેથી કંઈકનાં કામ થઈ જાય છે. આવા મૂર્તિના સુખરૂપ દિવ્ય ભોજન આપના વિના બીજા કોણ જમાડે? આપની દયાનું અધિકપણું તો મોટા સદ્‌ગુરુ સ્વામી જેવા છે તે જેમ છે તેમ જાણી શકે. સંત-હરિભક્ત સર્વે નાના-મોટાને આપની કૃપાએ આનંદ વર્તે છે. પણ આપે કાંડું બાંધતી વખતે 'આ મૂર્તિ ઊડી જાય નહિ' એમ જે મર્મવચન કહેલ છે તેથી કેટલાયને વિચાર થઈ પડ્યો છે.''

ત્યારે બાપાશ્રી કહે જે, ''પુરાણી! શ્રીજીમહારાજ બધું સારું કરશે. આપણે ઊડીને ક્યાં જવું છે? આપણને તો ધણી બહુ જબરા મળ્યા છે, તેથી મૂર્તિમાં જ રાખ્યા છે; માટે અમે જે બોલીએ તેમાં કોઈએ બીજો વિચાર ન કરવો. મહારાજ ગમે તેમ રાખે. આપણે તેમની મરજી

પ્રમાણે રાજી રહેવું. અમને સદ્‌ગુરુઓ તથા શેઠ બળદેવભાઈ, ચતુરભાઈ, નાગરદાસભાઈ આદિ પૂછતા હતા જે, ‘બાપા! તમે કાંડું બાંધતી વખતે સભામાં સૌના સાંભળતાં એમ બોલ્યા હતા જે ગોર મહારાજ! કાંડું તાણીને બાંધજો. જો જો, આ મૂર્તિ ઊડી જાય નહિ. તે આપની શી મરજી છે? અમારા ઉપર આપ ઘણી પ્રસન્નતા જણાવો છો, આવા મોટા બ્રહ્મયજ્ઞ કરો છો તથા કાંઈ કાર્ય આદરો છો ત્યારે અમને કહો છો કે આનું કેમ કરશું? આપનાથી અજાણ્યું કાંઈ નથી. તોપણ અમને રાજી કરવા આપ એમ કહો છો, પણ આટલી વાત અમારાથી અજાણી રાખો છો તેનું કારણ અમે સમજી શકતા નથી.’ ત્યારે અમે તેમને કહ્યું જે, ‘સ્વામી, આપણે ક્યાં જુદા છીએ? મૂર્તિમાં સદાય ભેગા જ છીએ. આ લોકમાં તો કોઈનું ધાર્યું કાંઈ કામ આવતું નથી. ‘મારી મરજી વિના રે કોઈથી તરણું નવ તોડાય’ એમ શ્રીજીમહારાજે કહ્યું છે. માટે એમની મરજી પ્રમાણે આપણે રહેવું. તમારે કોઈ વાતનો વિચાર મનમાં લાવવો નહિ. આપણે તો અખંડ મૂર્તિમાં ભેગા જ છીએ; ક્યારેય જુદા નથી.’ એમ કહ્યું હતું.’’

એ પ્રમાણે પુરાણી કેશવપ્રિયદાસજીને કહીને ધીરજ આપી.

સાંજે બાપાશ્રી સભામાં આવ્યા ત્યારે શ્રીજીમહારાજની તથા પુસ્તકની અને પુરાણીની ચંદન-પુષ્પાદિકે પૂજા કરી. સભાને જય સ્વામિનારાયણ કરી આસને બેઠા. તે વખતે બાપાશ્રી કેડિયું તથા પાઘડી ઉતારી ધોતિયું ઓઢી હાથમાં ચંદનનો વાટકો લઈ સંત-હરિભક્તોને ચંદન ચર્ચવા લાગ્યા. ત્યારે બાપાશ્રીના મોટા દીકરા કાનજીભાઈએ હાથમાંથી વાટકો લઈ બાપાશ્રીને સભામાં બેસવાની પ્રાર્થના કરી સૌને ચંદન ચર્ચ્યું. ॥૧૩૪॥

## વાર્તા ૧૩૫

બીજે દિવસે સવારે સભામાં એવી જ રીતે મહારાજની તથા પુરાણી આદિ સંતોની પૂજા કરી આસને બેઠા. થોડીવારે કથામાં વાતોનો

પ્રસંગ ચાલ્યો.

તે વખતે બાપાશ્રીએ વાત કરી જે, "જુઓ તો ખરા! આ સંતની સભામાં મહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. અનંત મુક્તો એ મૂર્તિ સામું જોઈ રહ્યા છે. આ દિવ્ય સભામાંથી તેજ ફરર ફરર નીકળે છે. અનંત કોટિ બ્રહ્માંડમાં આવા સંત અને આવી દિવ્ય સભા હોય તો શોધી લાવો! આ તો બ્રહ્મની મૂર્તિઓ છે. આ બધાયનાં તેજ શ્રીજીમહારાજે ઢાંકી રાખ્યાં છે."

આ રીતે વાતો કરતા સવાર અને સાંજ સંત-હરિભક્તોથી મંદિર ઊભરાઈ જતું હતું. કથા વાંચનાર બન્ને પુરાણી મૂર્તિ ધારીને કથા વાંચતા હતા અને શ્રોતાજનો પણ મૂર્તિમાં વૃત્તિ રાખી સાંભળતા હતા. સાંજે હરિભક્તોની પંક્તિ થાય તે વખતે પણ બાપાશ્રી વાડીમાં ફરીને સૌને દર્શન આપી સુખિયા કરતા.

એક દિવસ સવારે સભામાં બાપાશ્રીએ વાત કરી જે, "મહારાજે આ સમે જીવો પર બહુ દયા કરી છે, તેથી શરણે આવે તેનાં જન્મ-મરણનાં ખાતાં વાળી નાખે છે. આવા બ્રહ્મયજ્ઞમાં શ્રીજીમહારાજ દિવ્ય રૂપે દર્શન દઈ અનેકને પોતાની મૂર્તિનું સુખ આપે છે; મોટા મુક્ત દ્વારે પોતાનો મહિમા સમજાવે છે. આવા સંતો પણ જીવને ઉગારવા ભાતાં બાંધીને ઘેર ઘેર ફરે છે, વાંક-ગુના માફ કરી દે છે. મહારાજે અનેક પ્રકારનાં લીલા-ચરિત્રો કર્યાં તથા અનાદિ મહામુક્તોએ જે જે કર્યું તેમાં એ એક જ તાન છે; પણ જીવને એ વાતની શી ખબર પડે! આ તો 'અનંત જીવ ઉદ્ધારવાને આવિયા રે લોલ, બ્રહ્મમોહોલ વાસી હરિરાય' એવું છે. ક્યાં જીવ! ને ક્યાં જીવન! આ તો મહાપ્રભુએ અતિ કરુણા કરી છે."

"મોટા મુક્તોએ એ મૂર્તિનો અપાર મહિમા વર્ણવ્યો છે જે સદા સાકાર, નિર્ગુણ મૂર્તિ, સ્વતંત્ર થકા પોતાના તેજે અનંત બ્રહ્માંડને તથા અનંત ઐશ્વર્યાર્થીઓને પ્રકાશના દાતા, સુખમય મૂર્તિ, સર્વના આધાર,

પરમ એકાંતિક તથા અનાદિ મહામુક્તોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા અને એ મુક્તોને રસબસ ભાવે સળંગ પોતાની મૂર્તિનું નવીન નવીન સુખ પમાડનાર, સુખના ધામ, મનોહર મૂર્તિ, અક્ષરબ્રહ્મના આધાર, અક્ષરના આત્મા, દિવ્ય મૂર્તિ, અનંત બ્રહ્માંડમાં અન્વય શક્તિ વડે પ્રકાશના કરનારા, સર્વના કારણ શ્રીહરિ, એ જેવા એ એક; એમ શાસ્ત્રમાં લખ્યા એવા અખંડ અવિનાશી મહારાજ તેમની પ્રાપ્તિ આપણને થઈ છે તેની ખુમારી રાખવી.''

''એ મહાપ્રભુ આ સભામાં અખંડ બિરાજે છે, સભા સામું અમૃતનજરે જોઈ રહ્યા છે, માટે આપણે પોતાનાં અહોભાગ્ય માની કૃતાર્થપણું માનવું. જીવને વિષે નાદારપણું તો રાખવું જ નહિ. આવી દિવ્ય સભાનો મહિમા અતિશે જાણવો. 'ભવબ્રહ્માદિકને નિશ્ચે મળતી નથી, પુરુષોત્તમ પાસે બેઠ્યાની જાગ્ય જો' એવી પ્રાપ્તિ આપણને થઈ છે એમ જાણવું. શ્રીજીમહારાજે કૃપા કરી આ જોગ આપ્યો તેથી જ તેમના આવા અનાદિ મહામુક્ત ઓળખાણા છે, માટે આપણે પોતાનું અહોભાગ્ય માનવું ને સદાય આનંદમાં રહેવું.'' ॥૧૩૫॥

## વાર્તા ૧૩૬

સંતની પંક્તિ થઈ ત્યારે બાપાશ્રી દંડવત કરવા લાગ્યા ત્યારે સંતોએ કહ્યું જે, ''બાપા! તમે દંડવત ન કરો.''

ત્યારે પોતે એમ બોલ્યા જે, ''શ્રીજીમહારાજ સંતની પંક્તિમાં દિવ્ય રૂપે દર્શન દેવા પધાર્યા છે. અમે એમને દંડવત કરીએ છીએ, તમે ફિકર ન કરો. મહારાજે આ યજ્ઞમાં પ્રસન્નતા બહુ જણાવી છે. આજે સભામાં પણ દિવ્ય તેજોમય દર્શન આપી સંત-હરિભક્ત સામું અમૃતનજરે જોઈ પ્રસન્નતા જણાવી મંદમંદ હસતા હતા.''

એમ કહી પીરસનારા સંતોને કહ્યું જે, ''તમારે મહારાજને રાજી કરવા હોય તો સંતોને સિંહગર્જના કરે ત્યાં સુધી પીરસજો. આ બ્રહ્મયજ્ઞમાં તો જમવું, રમવું ને આત્યંતિક મુક્તિના કોલ લેવા એટલું

કરવાનું છે. અમારે તો સર્વેને મૂર્તિને સુખે સુખિયા કરવા છે. આ યજ્ઞમાં શ્રીજીમહારાજનો રાજીપો ઘણો જણાય છે.''

એમ વાત કરીને પછી વચનામૃતની કથા પ્રસંગે બાપાશ્રી બોલ્યા જે, ''આ ફેરે કોઈને તાણ રહેવા દેવી નથી.'' સ્વામી ઈશ્વરચરણદાસજીને કહે, ''સ્વામી! તમે ત્રણે સદ્‌ગુરુઓ સૌને કથા-વાર્તારૂપી બ્રહ્મયજ્ઞથી આનંદનો સાગર ઉલટાવજો. આ તો કપિલા છઠ ને મહોદય પર્વ આવ્યું છે, આવો સમૈયો વારે વારે થવો દુર્લભ છે.''

આવી રીતે સવારે, બપોરે, સાંજે, રાત્રે કથામાં તથા પંક્તિમાં દર્શન દેવા પધારે ત્યારે વાતો કરી બાપાશ્રી અત્યંત પ્રસન્નતા જણાવતા હતા.

એક વખત સવારે સભામાં અતિ હેત જણાવીને બાપાશ્રીએ પુરાણી કેશવપ્રિયદાસજીને ચંદન ચર્ચતાં કહ્યું જે, ''પુરાણી મહારાજ! તમે તો ભારે કામ કરી લીધું. મૂર્તિમાં રહ્યા થકા કથા કરો છો તેથી મહારાજ તથા સંત-હરિભક્ત સર્વે ઘણા રાજી થાય છે. આ સભામાં મધ્યસ્થ મહારાજ તેજોમય બિરાજે છે, મૂર્તિ ફરતા અનંત મુક્ત બેઠા છે. અનાદિ તો રસબસ ભાવે સુખ લીધા જ કરે છે. સર્વે તેજોમય છે, તેજ ઝળળ ઝળળ થાય છે. જેને એવો અલૌકિક ભાવ આવે તે તો દીવાના (મસ્તાના) થઈ જાય. ક્યાં અનંત કોટિ બ્રહ્માંડના પતિ! ને ક્યાં પામર જેવા જીવ! આ તો ન બનવાની વાત બની ગઈ છે.'' એમ કહીને સભામાં બેઠા.''

પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે સહુ સંતો પાસે આવીને બેઠા. તે વખતે હરિભક્તોને જમવાનો સાદ થયો એટલે સર્વે ગયા. ત્યારે બાપાશ્રીએ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી સામું જોઈને બીજા સંતોને કહ્યું જે, ''આ અમારા મોટા સંત. જુઓને! મૂર્તિમાં સદાય ગુલતાન રહે છે. તમો સર્વે આવા થજો. મૂર્તિ વિના બીજે ક્યાંય અક્ષરકોટિ આદિમાં ભાગ-લાગ રાખવો નહિ. આપણે એ

એક જ કામ કરવા આવ્યા છીએ. કેટલાકને વ્યવહારમાં ડહાપણ ઘણું હોય તેથી મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે, તો તે શું કમાણા? આપણે તો પુરુષોત્તમનારાયણના થયા છીએ, માટે એ મૂર્તિનો સદાય કેફ રાખવો.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું, ''આવો સ્વામી! સંત-હરિભક્તોને ખૂબ સુખિયા કરજો. આ બધાય હરિભક્તો દરિયા ઊતરી ઊતરીને તમને રાજી કરવા આવ્યા છે.''

ત્યારે સ્વામી ઘનશ્યામજીવનદાસજી કહે, ''બાપા! ચમકરૂપ તો આપ છો, અમે તો તમારા વાંસે છીએ.''

ત્યારે બાપાશ્રી કહે, ''સ્વામી! તમે તમારું સામર્થ્ય ઢાંકો છો, પણ હમ સબ જાનતા હે. તમે તો મહાનુભાવાનંદ સ્વામીનો ચીલો રાખ્યો છે. તમે મૂર્તિ વિના કાંઈ વહાલું રાખ્યું નથી.''

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''આ સ્વામી આજ્ઞા પાળવામાં શૂરવીર ખરા. તેમની પાસે કોઈ મોળી વાત કરી શકે નહિ. મહાનુભાવાનંદ સ્વામીની પ્રસાદી એવી જ હોય. મોટા મોટા નંદ સદ્‌ગુરુ શ્રીજીમહારાજ વિના ઘડીયે રહેતા નહિ; તેથી એ સભાનો અલૌકિક પ્રતાપ સહેજે જણાતો. એ સર્વે મહારાજના સંકલ્પથી દેખાતા. એમની ગતિ જીવ શું જાણી શકે! મુક્તાનંદ સ્વામી કહે છે કે, 'હરિ હરિજનની ગતિ છે ન્યારી, એને દેહદર્શી દેખે પોતા જેવા સંસારી' એમ દિવ્યભાવ થયા વિના જેવા છે તેવા ઓળખાય નહિ. આ સભા અલૌકિક છે, દિવ્ય તેજોમય છે, નિર્ગુણ છે. આ સભાના સંકલ્પ ચાલે છે. આ ટાણે કંઈક ન્યાલ થાય છે. આવા સંતની સર્વે ક્રિયા કલ્યાણકારી જાણવી. સભામાં સંતો બેસે છે તે જાણે સૂર્યમુખી કમળનાં વન ખીલ્યાં હોયને શું! તેમ મૂર્તિ સન્મુખ સૌની નજર હોય છે. આવા મોટા સદ્‌ગુરુ આગળ બેઠા હોય તેથી આ દિવ્ય સભા ચમત્કારી લાગે છે. શ્રીજીમહારાજ સર્વેને અમૃત નજરે હેરે છે.''

રાત્રે સભામાં વચનામૃતની કથા થતી હતી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "આમાં મહારાજે બધુંય સમજાવ્યું છે; કાંઈ કહેવાનું ને સમજાવવાનું બાકી રાખ્યું નથી. પણ જીવની વૃત્તિ અધર-પધર રહે છે તેથી આ વાતની ખબર પડતી નથી. આ અધ્યાત્મ વાતો કેટલાક બુદ્ધિબળે સમજવા જાય તે ક્યાંથી સમજી શકે? મહારાજ કહે છે કે શાસ્ત્રમાં લખ્યું તો હોય, પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય ત્યારે તેના મુખ થકી સમજાય. તે રીતે આવા સંત રાત-દિવસ સમજાવે છે, પણ જીવને માયાના ફેર બહુ ચડી ગયા છે તેથી જેમ મહારાજ કહે છે તેમ સમજાતું નથી. કેટલાક તો મહારાજને બીજા અવતાર જેવા સમજી બેઠા છે. કેટલાક અક્ષરાદિકમાં અટકી રહે છે. પણ મહારાજ વિના બીજું બધુંય કાર્ય છે. કારણ વિના આત્યંતિક મોક્ષ ન થાય. આ તો અતિ અગમ વાત, તે મહારાજ તથા મોટાએ સુગમ કરી દીધી છે, તેથી કલ્યાણ સોંઘું થયું છે. અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય, પણ તે વિના ન થાય. સાધને કરીને કેટલુંક થાય? મૂર્તિમાં તો મહારાજ કેવળ કૃપાએ કરીને રાખે છે. માટે મહાપ્રભુના અનન્ય આશ્રિતને એ મૂર્તિના બળની ખુમારી રાખવી." ॥૧૩૬॥

## વાર્તા ૧૩૭

એક વખત સભામાં બાપાશ્રીએ વાત કરી જે, "મહારાજની મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. આ તો 'અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ પુરુષોત્તમ પ્રગટી રે' એવું છે. આ યજ્ઞમાં મહારાજ અનંત મુક્ત સાથે દર્શન દઈ સૌને સુખિયા કરે છે તેથી સર્વેને આનંદ આનંદ વર્તે છે. સવારમાં ચાર વાગ્યાથી સ્વામિનારાયણ, સ્વામિનારાયણ થઈ રહે છે. કૂવા પર એ નામના જ ઉચ્ચાર થાય છે. મંદિરમાં તથા ઓસરીમાં અને ચોકમાં પૂજા કરવાની જગ્યા રહેતી નથી. કેટલાક હરિભક્તો વાડીઓમાં નાહી પૂજા કરી આવે છે. કથા વખતે મંદિર, ઓસરી ને ચોકમાં હરિભક્તો સમાતા નથી. કથાની સમાપ્તિ

થાય છે ત્યારે કીર્તન બોલાય છે. ચોઘડિયાં વાગે ત્યારે તો જાણે આકાશમાર્ગે દુંદુભિના તથા જય જયના નાદ થતા હોય તેમ જણાય છે. રાત્રે, પ્રભાતે કેટલાક ચમત્કાર થાય છે.''

''કંઈકને મહારાજ જાગ્રત તથા સ્વપ્નમાં દર્શન દે છે. તે કેવી રીતે? તો શ્રીજીમહારાજ જાણે સભામાં બિરાજતા હોય, કથા થતી હોય, માણકીએ ચડી પંક્તિમાં દર્શન દેવા પધારતા હોય, ઉઘાડે શરીરે બેઠેલા, ચંદનની ભાલમાં આડે સહિત તથા ગુલાબ કે મોગરાના હારથી ગરકાવ એવા અને ક્યારેક ચોકમાં ચંદની નીચે પોઢેલા એવા જુદા જુદા પ્રકારે સંતો તથા હરિભક્તોને દર્શન થાય છે. એ દર્શનની સભામાં આવીને કેટલાક વાતો કરે છે. એવી મહારાજે આ યજ્ઞમાં દયા વાપરી છે. આ સાયલાના ચુનીલાલભાઈને સભામાં બેઠા હતા ત્યારે મહારાજે સામા ઢોલિયા પર બેઠેલા એવાં દર્શન આપ્યાં હતાં.''

''આ કરાંચીના લાલુભાઈને પૂછી જુઓ. તે સવારમાં અમે પૂજા કરતા હતા ત્યારે આવીને એમ કહેવા લાગ્યા જે, 'બાપા! આજ તો શ્રીજીમહારાજ સભામાં ગાદી-તકિયા પર સોનેરી વસ્ત્રોએ સહિત બિરાજેલા હતા, અને તે મૂર્તિમાંથી તેજની સેડ્યો નીકળતી હતી. સભા સર્વે તેજોમય. મહારાજ સભા સામું જોઈ મંદમંદ હસતા હતા. મને પાસે બોલાવીને મારા માથા પર હાથ મૂક્યા. તે વખતે મહારાજે કંઠમાં મોટો ગુલાબનો હાર પહેરેલો હતો તે હારમાં બહુ સુગંધ હતી. સભામાં સંતો તથા હરિભક્તો મહારાજની સામે જોઈ રહ્યા હતા.'

''એવી રીતે આ યજ્ઞમાં શ્રીજીમહારાજે અપાર દયા કરી છે તેથી સહુ સુખિયા છે. તમે સંતો રાત ને દિવસ ઉજાગરા કરો છો. ભુજના, આ ગામોના તથા દેશોદેશના હરિભક્તો આવી ગયા છે એ સર્વેને આનંદ આનંદ થઈ રહ્યો છે. નાગજીભાઈ તથા ભૂરાભાઈ જેવા ઉત્તમ સ્થિતિવાળા તે તો મૂર્તિના સુખને ઢાંકીને વર્તે એવા છે. તમે સંતો પણ કોઈને જણાવો નહિ, પણ આ લાલુભાઈ જેવા તો અમારા વિશ્વાસી

તેથી અમને કહે અને આનંદમાં ને આનંદમાં કોઈ સંત-હરિભક્તને પણ કહે.''

''આ માલણિયાદના હરિભક્તો તથા મેડા, મણિપરા, જોશીપરા આદિ ગામોના હરિભક્તો આ યજ્ઞમાં ખબડદાર થઈને બહુ જ સેવા કરે છે. બધાય મહેનતુ અને મહિમાવાળા છે. મુળીના યજ્ઞમાં પણ એ બધા શીરાના હોજ ઉપર હતા. તેમાં પણ ચતુરભાઈ જેવા તે તો સ્થિતિવાળા ને સુખિયા, પણ કોઈને જણાવે નહિ. સરાવાળા મનસુખભાઈ તથા જામનગરના રતિલાલભાઈ જેવા તો કાને સાંભળે ઓછું, પણ હેત બહુ ભારે. ભુજના ભોગીલાલભાઈ, ધનજીભાઈ, વાલજીભાઈ, નાનાલાલભાઈ, લાલશંકરભાઈ, મોતીભાઈ, તેમના દીકરા તથા વિઠ્ઠલજીભાઈ આદિક બળિયા બહુ છે. કરાંચીનો સંઘ તો બધોયે વિશ્વાસી, નાના-મોટા સહુ વચનમાં વર્તનારા. આ દેશના હરિભક્ત પણ મહિમા જાણી સેવા ઘણી કરે છે. સૌને મહારાજના રાજીપાની તાણ છે.''

''અમે પણ તેમનાં હેત જોઈને ઘણા રાજી થઈએ છીએ. આ ફેરે અમને એમ જ થયું જે સંત-હરિભક્તોને તેડાવીને કથા-વાર્તારૂપી બ્રહ્મયજ્ઞ કરી સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા. અમારે બીજું કાંઈ કામ નથી, એ એક જ કામ છે. કેટલાક આવી વાત નથી સમજતા તે આ ટાણે રહી જાય છે. તેને આવો લાભ મળવો દુર્લભ છે. આ તો જેમ સમુદ્રમાં વેળ આવે છે તે જે કાંઈ વસ્તુ માંહી આવે તેને સમુદ્રમાં ખેંચી જાય છે તેમ અમારે તો આવા જોગમાં જે જે આવે તેને મૂર્તિમાં ખેંચી લેવા છે. મહારાજે આ સમે પાત્ર-કુપાત્ર જોયા નથી. મહારાજના અનાદિ મહામુક્તનો ઠરાવ પણ એવો જ છે. એમની દૃષ્ટિમાં મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. તમો સંતો સર્વે એ જ કામ કરો છો, પણ તમે તમારી સામર્થી ઢાંકીને વર્તો છો તે બીજા કોણ જાણી શકે! પણ મહારાજની કૃપાએ અમે તો જાણી જઈએ છીએ. અમને તો એમ છે જે કોઈ હાથ જોડે તેટલામાં ન્યાલ કરી મૂકીએ એટલે મૂર્તિના સુખમાં

પહોંચાડી દઈએ, પણ જીવો અનાદિકાળના અજ્ઞાને કરીને ભૂલેલા છે તથા માયામાં પરાધીન જેવા થઈ રહ્યા છે તેથી આવા દિવ્ય સુખની એ બિચારાને શી ખબર પડે!'' ।।૧૩૭।।

## વાર્તા ૧૩૮

એક વખત વાડીમાં હરિભક્તોની પંક્તિ જમવા બેઠી હતી. ત્યાં બાપાશ્રી પધારેલા તે સર્વેને દર્શન દઈ આંબાના વૃક્ષ હેઠે બેઠા હતા. અને ડો. નાગરદાસભાઈ તથા મણિલાલભાઈ, કરાંચીના લાલુભાઈ, હીરાભાઈ, ગોરધનભાઈ, ગોવિંદભાઈ, અમીચંદભાઈ, સોમચંદભાઈ આદિ તથા સરાવાળા મનસુખભાઈ તથા માથકવાળા ભગવાનજીભાઈ અને બીજા કેટલાક હરિભક્તો પંક્તિનાં દર્શન કરતા હતા. તે સૌએ મળી બાપાશ્રીના ભાલે કુંકુમના ચાંદલા કર્યા.

પછી બાપાશ્રીએ પણ સૌને ચાંદલા કર્યા ને બોલ્યા જે, ''આ કંકુના ચાંદલા મ જાણજો. આ તો અક્ષરધામના ચાંદલા થાય છે.''

એમ કહી નાગરદાસભાઈ તથા મણિલાલભાઈને કહ્યું જે, ''અમે ધનજીભાઈના હરજીને તાવ બહુ આવી ગયો છે તે નારાયણપુર ગયા હતા. ત્યાં જઈ તેમને ધીરજ આપી છે ને કહ્યું છે જે, 'કાલે તાવ ઊતરી જશે.' પણ તમે બેય ભાઈ ત્યાં જઈ આવજો ને કહેજો કે, 'કાંઈ મૂંઝાશો નહિ. મહારાજ સારું કરી દેશે.' તેથી તેને યજ્ઞમાં દર્શને અવાશે એવી સુવાણ થઈ જશે. ઘણો તાવ છે તેથી તેને એમ રહે જે, 'હું આવા યજ્ઞમાં રહી જઈશ', પણ તમે ધીરજ દેજો. આ લાલુભાઈને પણ સાથે તેડી જજો. હરજી તો મહિમાવાળો બહુ છે તેથી લાલુભાઈ અને તમારાં દર્શન થશે એટલે સાજો થઈ જશે.''

એમ તેમને ભલામણ કરી બાપાશ્રી મંદિરમાં આવવા સૌ હરિભક્તો સાથે ચાલ્યા. માર્ગમાં લાલુભાઈને કચ્છી ભાષામાં વાત કરતાં બાપાશ્રીએ રમૂજ કરી જે, ''લાલુભાઈ! આંઈ કીતે હુઆ? (તમે ક્યાં હતા?)''

ત્યારે લાલુભાઈ કહે, “બાપા! મહારાજજી મૂર્તિ મેં.”

પછી એમ કહ્યું જે, “વાડી મેં કુરો થિયો? (વાડીમાં શું થયું?)”

ત્યારે લાલુભાઈ બોલ્યા જે, “બાપા! વાડી મેં તો અક્ષરધામજા ચાંદલા, આંઈ શ્રીજીમહારાજજો પ્રસાદ મીલ્યો (અક્ષરધામના ચાંદલા તથા મહારાજની પ્રસાદી મળી).” તેવાં વચન સાંભળી હરિભક્તો પાસે તેમનું તથા હીરાભાઈ, સાંવલદાસભાઈ આદિનાં હેત અને વિશ્વાસનું વર્ણન કરતાં બાપાશ્રી મંદિરમાં પધાર્યા. ॥૧૩૮॥

## વાર્તા ૧૩૯

સંવત ૧૯૮૪ના ચૈત્ર વદ-૪ને રોજ કણબીની ચોવીશ ગામની નાતના હરિભક્તો આવવા માંડ્યા, સાથે મંડળીઓ ઝાંઝ-મૃદંગ વગાડે, કીર્તન બોલે. કોઈ ‘આજ સખી આનંદની હેલી’, તો કોઈ ‘લટકાળો લટકંતો આવે’, ‘માણકીએ ચડ્યા રે મોહન વનમાળી’ તથા ‘ઓરા આવો મારા લેરખડા લેરી.’ કોઈ હરખભર્યા બોલે જે, ‘રાય રે તારાં શહેર બહુ સાંકડાં, મારા હરિવરના હાથીડા ન માય.’ વળી, ‘ઊઠ ઊઠ રે ભીમકની નાર તોરણે આવ્યા જગદાધાર.’ એવાં એવાં કીર્તન બોલે, ચોઘડિયાં વાગે, સભામાં સૌ બેઠા હોય.

સંતની સભામાં સૌના કંઠમાં હજારી ફૂલના હાર, મહારાજ પાસે જે દર્શને આવે તે શ્રીફળ, મેવા આદિક લાવીને મૂકે, પુરાણી અને પુસ્તકની પૂજા કરી બાપાશ્રીને હાર પહેરાવે, ચંદન ચર્ચે; તેવાં દર્શનથી સૌના હૃદયમાં આનંદ સમાય નહિ. ગામ અને સીમમાં હરિભક્તો ઊભરાતા દેખાય. એ સર્વેને જમાડવા સુખડીના મોટા ઓરડા ભરેલા તથા શીરાના હોજ કરેલા; અને ખીચડી, શાક આદિ ભોજન તૈયાર કરવા તથા પીરસવા ઘણા હરિભક્તો તત્પર થઈ રહ્યા હતા.

બાપાશ્રી તથા સંતોએ મહારાજની મૂર્તિ લઈને હરિભક્તોએ સહિત તે પાકશાળામાં પધારી, જ્યાં સુખડીના ઓરડા ભરેલા હતા ત્યાં મહારાજને પધરાવ્યા, આગળ ઘીના દીવા કર્યા. પછી સૌએ થાળ બોલી

મહારાજને જમાડ્યા અને જળપાન કરાવ્યું.

તે વખતે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આ સુખડી મહારાજ હેતે કરીને જમ્યા છે. તેથી આ પ્રસાદી જમનારા અપાર સુખમાં પહોંચશે; કેમ કે મહારાજ તથા અનંત કોટિ મુક્તો જમ્યા એવી પ્રસાદી ક્યાંથી મળે?’’

તે વખતે સાધુ દેવજીવનદાસજી પંખેથી વાયુ નાખતા હતા. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘તમે મહારાજને વાયરો નાખો છો તે બોલતા જાઓ જે, ‘તમે જમો ને ઢોળું હું તો વાયરે વારી જાઉં વાલમજી.’’’ એમ રમૂજ કરી.

પછી થાળીમાં વાટો પ્રગટાવી બાપાશ્રી તથા સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોએ મળી આરતી ઉતારી.

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, ‘‘આપણે આવા યજ્ઞ કારણ મૂર્તિ શ્રીજીમહારાજને રાજી કરવા કરીએ છીએ. તેથી જુઓને! મહારાજ મંદમંદ હસે છે, સૌને અમૃત નજરે જુએ છે.’’ તે વખતે નારાયણપુરના ખીમજીભાઈએ છડી પોકારી સૌને રાજી કર્યા.

પછી બાપાશ્રીએ સ્વામી આદિ સંતોને કહ્યું જે, ‘‘આ સુખડી જે જમશે તેનો અમે આત્યંતિક મોક્ષ કરી મૂર્તિના સુખમાં રાખશું. તમો પણ સર્વે એવો સંકલ્પ કરજો. આપણે કોઈને મૂકવા નથી. આ સભાનો દિવ્યભાવ આવે એટલે કાંઈનું કાંઈ કામ થઈ જાય અને જો અભાવ આવે તો મોક્ષમાં વાંધો આવી જાય.’’

એમ કહીને ત્યાંથી શીરાના હોજ પાસે જવા સૌ ચાલ્યા. મારગમાં હરિભક્તો કીર્તન બોલતા હતા તેથી સર્વે નાના-મોટા દર્શન કરી રાજી થતા. પાકશાળામાં શીરો આદિક પાક તૈયાર કરનારા બાપાશ્રી તથા સંતોને આવતાં જાણી અતિ હર્ષાયમાન થયા અને પોતપોતાનાં સ્થાનકે ઊભા રહી બાપાશ્રીને હાથ જોડી જય સ્વામિનારાયણ કહ્યા. ત્યારે બાપાશ્રીએ સેવા કરનારા હરિભક્તો ઉપર અમૃત નજરે અતિ

પ્રસન્નતા જણાવી.

પછી શીરાના હોજ ભરેલા હતા ત્યાં રેશમી ચાકળાએ સહિત બાજોઠ ઉપર મહારાજને પધરાવ્યા. આગળ ઘીના દીવા તથા અગરબત્તીના ધૂપ થયા. સંત તથા હરિભક્તો ફરતા ઊભેલા ત્યાં વચમાં આસન પાથરી બાપાશ્રી તથા સદ્‌ગુરુઓને બેસાડ્યા. સંતો 'અવિનાશી આવો રે જમવા કૃષ્ણ હરિ, શ્રી ભક્તિ ધર્મ સુત રે જમાડું પ્રીત કરી' એ થાળ બોલવા લાગ્યા. થાળ બોલી રહ્યા ત્યાં સુધી બાપાશ્રી ધ્યાનસ્થ બેઠા હતા. તે જાગૃત થઈ અતિ પ્રસન્નતા જણાવી મહારાજને જળપાન કરાવ્યું. ત્યાં પણ શ્રીજીમહારાજની બાપાશ્રી તથા સદ્‌ગુરુઓએ આરતી ઉતારી શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી. ત્યાં કરાંચીવાળા સોમચંદભાઈએ છડી પોકારી.

પછી બાપાશ્રી એમ બોલ્યા જે, "શ્રીજીમહારાજે કાંકરીએ યજ્ઞ કર્યો તે વખતે અતિ પ્રસન્નતા જણાવી પોતે અનંત મુક્તોએ સહિત થાળ જમ્યા હતા. તે રીતે આપણા યજ્ઞમાં આજ પણ મહારાજે ઘણી પ્રસન્નતા જણાવી છે. આ શીરો, સુખડી તો સર્વે દિવ્ય વસ્તુ થઈ ગઈ. આ મહાપ્રસાદી જે કોઈ જમશે તેને વગર સાધને મહારાજની મૂર્તિનું સુખ મળશે."

એમ આશીર્વાદ દઈ સંતોએ સહિત માર્ગમાં હરિભક્તો કીર્તન બોલતાં આવે એ રીતે બાપાશ્રી મંદિરમાં પધાર્યા. આવી રીતે વૃષપુરમાં બાપાશ્રીની કૃપાથી હજારો સંત-હરિભક્તો આત્યંતિક મુક્તિના ભાગ્યવાન બન્યા.

સંતોમાં સદ્. સ્વામી વૃંદાવનદાસજી, સદ્. સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સદ્. સ્વામી ઘનશ્યામજીવનદાસજી, પુરાણી ધર્મકિશોરદાસજી, હરિપ્રસાદદાસજી, કેશવપ્રિયદાસજી, તથા સ્વામી શ્વેતવૈકુંઠદાસજી, સ્વામી ભગવત્સ્વરૂપદાસજી, દેવજીવનદાસજી, મુક્તવલ્લભદાસજી આદિ તથા અમદાવાદ, મુળી, વરતાલ, ગઢડા,

જૂનાગઢ આદિક ધામોના સંતો આવેલા હતા તે આ યજ્ઞમાં હરિભક્તોની સરભરા કરવામાં, કથા-વાર્તા કરી સુખિયા કરવામાં તત્પર હોવાથી બાપાશ્રી પણ તેમને વારંવાર બોલાવતા, રમૂજ કરી હસાવતા, પ્રશંસા કરતા. તેથી સંતો પોતાનું અહોભાગ્ય માનતા હતા.

હરિભક્તોમાં અમદાવાદના શેઠ બળદેવદાસ, શંકરભાઈ, બહેચરભાઈ, ચુનીલાલભાઈ, સોમચંદભાઈ આદિ તથા સરસપુરના કોઠારી ઈશ્વરદાસ વગેરે ઘણાક હરિભક્તો તથા વિરમગામના ડો. નાગરદાસ અને તેમના ભાઈ મણિલાલ તથા વઢવાણવાળા માસ્તર કેશવલાલ, પાટડીના નાગજીભાઈ, વાંસવાના શામજીભાઈ, માંડલના ઠક્કર મોતીભાઈ, રણછોડભાઈ, મેરાઈ લવજીભાઈ આદિ, મેડાના મોહનભાઈ, જટાભાઈ આદિ તથા ડાંગરવાના મિસ્ત્રી દલસુખરામ, મણિપરાના જીવા પટેલ, ઝવેરભાઈ આદિ તથા જોષીપરાના કલ્યાણદાસ, ખોડીદાસ આદિ તથા ધરમપુરના ઝવેરભાઈ, ભાવજીભાઈ આદિ તથા કડી, કરજીસણ આદિ ઘણાંક ગામોના હરિભક્તો અને અશ્લાલીના જેઠાભાઈ તથા રાવસાહેબ બાલુભાઈ, વહેલાલના ચતુરભાઈ તથા કણભાવાળા આશાભાઈ તથા પટેલ ભલાભાઈ, છોટાભાઈ, ગોધાવીના માસ્તર જગન્નાથ તથા તેમના દીકરા મણિલાલ આદિ, મોડાસરના માસ્તર લલ્લુભાઈ તથા રનોડા, ઉપરદળ, રેથલ આદિ નળકંઠાના ઘણાક હરિભક્તો સૌ બાપાશ્રીને રાજી કરવા અતિ હર્ષાયમાન થકા સેવા કરતા હતા. તથા ભાલ, ચરોતર, કાઠિયાવાડ, ઝાલાવાડ, હાલાર, કલકત્તા, કટક, ઝરિયા, કરાંચી, સુરત, ભરૂચ, ખંભાત આદિ દેશોદેશના હરિભક્તોથી વૃષપુરમાં ચાલવાની જગ્યાએ પણ ભીડ થઈ રહી હતી. માલણિયાદના ચતુરભાઈ, વેલસીભાઈ, જેઠાભાઈ, ઈશ્વરલાલ, પ્રાણજીવન આદિ સવારથી રાત સુધી સેવાઓ કરતા.

જ્યારે ગરબી ગવાય ત્યારે તેમનાં હેત સૌને દેખાઈ આવતાં. તેથી બાપાશ્રી પોઢ્યા હોય તોય જાગીને એ ગાતા હોય ત્યાં વચ્ચે

આવીને બેસે, પ્રશંસા કરે, પ્રસાદી આપે, મળે. એ જ રીતે ગામોગામના હરિભક્તો પણ જુદી જુદી રીતે બાપાશ્રીને રાજી કરી પોતાને કૃતાર્થ માનતા હતા. બાઈઓનો સમૂહ પણ જ્યાં બાપાશ્રીનાં દર્શન થાય ત્યાં છેટેથી જય સ્વામિનારાયણ કરતાં તથા યજ્ઞની સામગ્રી તૈયાર કરવાની સેવા કરી બાપાશ્રીની પ્રસન્નતા મેળવી મહારાજને રાજી કરવા કોઈ રાત કે દિવસ જોતાં નહિ. હરિભક્તો કોઈ થાકને તો ગણે જ નહિ. જાગ્રત, સ્વપ્નમાં એક જ તાન— મહારાજ તથા બાપાશ્રી અને સંત-હરિભક્તનાં દર્શન. કથા-કીર્તન તથા પંક્તિ ટાણે દર્શન. વળી આરતી થાય, ચોઘડિયાં વાગે એ સર્વેમાં પણ આનંદ ને આનંદ. એવી રીતે સૌ આત્યંતિક મુક્તિના ભાગ્યવાન થતા હતા.

બે દિવસ રાત્રે પાલખીમાં મહારાજને પધરાવી આગળ ગામોગામની મંડળીઓ ઉત્સવની ઝીંક વગાડે, આરતી વાગે, છડીદાર 'મહારાજાધિરાજાને ઘણી ખમ્મા' એમ ઊંચે સ્વરે બોલે, ચમર ઢોળે. શેરીઓમાં કોઈ આવે-જાય એટલી જગ્યા પણ મળે નહિ. સૌને હર્ષ સમાય નહિ, ગુલાલ ઊડે, વચમાં હેતવાળા હરિભક્તો મંડળીઓને પાણી પાય.

કીર્તનમાં પણ હેત ઊભરાય. 'મારો વાલોજી વરતાલ આવ્યા', 'મહારાજ આજ વરતાલથી આવશે', 'માણકીએ ચડ્યા રે મોહન વનમાળી', 'લટકાળો લટકંતો રે આવે', એવાં જુદાં જુદાં કીર્તન બોલે.

એ રીતે શેરીએ શેરીએ પાલખી લઈ જાય. સૌ દર્શન કરે, શ્રીફળ તથા રૂપામહોર મહારાજને ભેટ કરે. ચોક વચ્ચે સલોકા બોલાય; એમ ગામ આખામાં ફરી પાછા ગાજતે-વાજતે સૌ મંદિર આવે. મંદિરના બારણેથી મંડળીઓને કીર્તન બોલતાં બબ્બે કલાક થઈ જાય, પણ એકબીજા થાકે નહિ. એ બધા જ્યારે ચોકમાં આવે ત્યારે બાપાશ્રી સૌને રાજી થઈ પ્રસાદી આપે. રાત્રે વાડીઓમાં ગામોગામના હરિભક્તો કીટસન લાઈટો વચમાં રાખી ગરબીઓ ગાય, કેટલીક મંડળીઓ ઉત્સવ

કરે. એકબીજા થાકે નહિ, ઊંઘ-ઉજાગરાનું તો કોઈ યાદ જ ન કરે. સવારોસવાર કીર્તન બોલાય. આ રીતે આ યજ્ઞમાં વૃષપુર મહામોટું ધામ બની ગયું હોય તેમ શોભી રહ્યું હતું. ॥૧૩૯॥

## વાર્તા ૧૪૦

સંવત ૧૯૮૪ના ચૈત્ર વદ-૬ને રોજ સવારમાં અમદાવાદના શેઠ બળદેવભાઈ તથા ભુજના ભોગીલાલભાઈ, ધનજીભાઈ, લાલશંકરભાઈ તથા રામપુરના દેવરાજભાઈ અને ભારાસર તેમજ નારાયણપુરના મોટેરા હરિભક્તો તથા કરાંચીના લાલુભાઈ અને પાટડીના નાગજીભાઈ, ડો. નાગરદાસભાઈ, મણિલાલભાઈ, શિવલાલભાઈ આદિ મોટા મોટા હરિભક્તોને બાપાશ્રીના મોટા પુત્ર કાનજીભાઈએ કહ્યું કે, "આજે આપણે ત્યાં ઠાકોરજીની છાબો ભરાય છે માટે તમે ઘેર ચાલો." એમ કહી સૌને ઘેર તેડી ગયા.

મંદિરમાં કથા ચાલુ થઈ. સમાપ્તિનો દિવસ હોવાથી જરિયાની તથા સોનેરી વસ્ત્ર અને રૂપામહોરભરી છાબો તૈયાર કરી મંદિરમાં લાવતાં આગળ મંડળીઓએ ઉત્સવ કરી કીર્તન બોલવા માંડ્યા જે, 'વાલો વધાવું મારો વાલો વધાવું; આજની ઘડી રળિયામણી રે મારો વાલો વધાવું' એ કીર્તન બોલતાં સૌ મંદિરમાં આવ્યા. છાબો સભામાં મૂકી સહજાનંદ સ્વામી મહારાજની જય બોલ્યા. કથાની સમાપ્તિ થઈ ત્યારે બાપાશ્રી તથા તેમના પુત્ર-પૌત્રાદિકે મળી આરતી ઉતારી. પુરાણી આદિક સર્વે સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં. સભામાં 'આનંદ આપ્યો અતિ ઘણો રે' એ કીર્તન બોલાતું હતું. પછી હરિભક્તોને પૂજા કરવાની છૂટી થઈ. ત્યારે સૌએ સંતોની પૂજા કરી અને ભુજના મંદિર તરફથી કોઠારીએ બાપાશ્રીને તથા તેમના પુત્રોને પાઘડીઓ બંધાવી. પછી સદ્ગુરુઓએ તથા બધા સંતોએ બાપાશ્રીને ચંદન ચર્ચ્યાં અને હરિભક્તોએ પણ સંતોને ધોતિયાં ઓઢાડ્યાં તથા બાપાશ્રીને પાઘડીઓ બંધાવવા માંડી. એમ બે કલાક થઈ, ત્યારે બાપાશ્રી કહે, "હવે હરેને

મોડું થાય છે તે રાખો ને સહુ પંક્તિમાં જાઓ. સંતો પણ ઠાકોરજીને જમાડવા જાય. આવા દિવ્ય સુખમાં કોઈને મૂર્તિ વિના બીજું કાંઈ સાંભરે તેવું નથી.''

તે વખતે કાલાવડથી રાજકવિ માવદાનજી આવેલા તેમણે સંતો પાસે પ્રાર્થના કરી બાપાશ્રીના ગુણનું તથા દિવ્યભાવનું વર્ણન કવિતામાં કરેલ તે બોલ્યા. તેની પ્રથમ ટૂંક 'કળિયુગમાં કલ્યાણકારી આજ અબજીભાઈ છે' તે ઘણી કડીઓ એક પછી એક બોલતાં સંત-હરિભક્તો સૌ પ્રસન્ન થઈ રહ્યા. તેમાં સાર એવો હતો કે આ સમયમાં સત્સંગમાં આપે મહારાજનું સુખ આપવાનો સુગમ માર્ગ કર્યો, આત્યંતિક મુક્તિના કોલ આપ્યા, અનાદિની સ્થિતિ કરાવવા અતિ સામર્થી વાપરી, કણબી કુળમાં પ્રગટ થવા છતાં તત્ત્વજ્ઞાનીને પણ અગમ્ય એવા ગૂઢ જ્ઞાનની લહાણી કરી, અનેકને તાર્યા, ઉગાર્યા, દુખિયા મટાડી સુખિયા કર્યા, શરણાગત પર અઢળક ઢળ્યા.

શ્રીજીમહારાજની પ્રસન્નતા જેને આ સમયે જોઈતી હોય તેને થોડે દાખડે ને વગર સાધને 'કળિયુગમાં કલ્યાણકારી આજ અબજીભાઈ છે' એવાં વચનોની ટૂંક વારંવાર બોલી બાપાશ્રીને પાઘડી બંધાવી, સંતો તથા હરિભક્તોને અતિ રાજી કર્યા ને પોતે સભામાં બોલ્યા જે, ''મહારાજે મારા પર દયા કરી જેથી મને આ યજ્ઞમાં બાપાશ્રીને પ્રસન્ન કરવાનો લાભ મળ્યો.'' એ પછી બીજા હરિભક્તો પણ એ યજ્ઞના મહિમાના શ્લોક બોલ્યા.

તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''હવે સૌ રાખો. ઠાકોરજીને જમાડવાનું હવે મોડું થાય છે.'' એમ કહી સભાની સમાપ્તિ કરી. પછી બાપાશ્રી સંતોને તાણ કરી જમાડી હરિભક્તોની પંક્તિમાં બે-ત્રણ કલાક ફર્યા. હરિભક્તો હાથ જોડે, હાર પહેરાવે, દંડવત કરે, ચંદન ચર્ચે, કોઈ નાનાં નાનાં છોકરાને બાપાશ્રી પાસે લાવી માથે હાથ મુકાવે, બાપાશ્રી પંક્તિની વચમાં જરા ટૂંકુ ધોતિયું પહેરેલ ને ઢીંચણથી

નીચે સુધી જાડી ઘેરવાળી આંગડી ને માથે સાદી પાઘડી, ખભે ખેસ અને હાથમાં લાકડીએ સહિત ફરે. હરિભક્તોનો સમૂહ ફરતો ચાલે.

એ રીતે ધીરે ધીરે ચાલતાં સૌને દર્શન દેતાં પીરસનારાઓને કહે જે, "ખૂબ પીરસજો, કસર મ રાખજો; નહિ તો મહારાજ લડશે." એમ કહી પીરસવાનું કહેતા.

કોઈ લે નહિ તેને એમ કહે જે, "આ પ્રસાદ દુર્લભ છે. શ્રીજીમહારાજ ને અનંત મુક્ત જમ્યા એવી પ્રસાદી ક્યાંથી મળે! તમે ના ન પાડો, નહિ તો દેવતા આકાશમાંથી આવીને લઈ જશે."

વળી પીરસનારા તથા પાકશાળાના આગેવાન હરિભક્તોને બાપાશ્રી કહે જે, "પંક્તિમાં શીરો તથા સુખડી પીરસાવવામાં ખટકો રાખજો. જરાય બીશો નહિ કે કેમ થાશે. જેતલપુરના યજ્ઞ વખતે દેવ સરોવરમાં બ્રાહ્મણોએ લાડવા નાખી દીધા હતા તથા કાંકરિયે યજ્ઞ થયો ત્યારે લાખો મનુષ્યો તથા પશુ-પક્ષી જમતાં હતાં, પણ મહારાજે એક કૂડલામાંથી ઘી કાઢી સૌને જમાડી દીધા ને જરાય ખૂટવા ન દીધું. એ જ મહાપ્રભુ આ પાકશાળામાં દિવ્ય રૂપે બધાયની સેવા તથા ભક્તિભાવ જોઈ રહ્યા છે, સેવા કરનારા પર રાજી થાય છે. માટે કોઈ વાતે ફિકર મ રાખજો ને ખૂબ પીરસજો. આ પંક્તિમાં શ્રીજીમહારાજ પોતે સંતોએ સહિત ફરે છે. એ મૂર્તિને રાજી કરવા આ યજ્ઞ છે તેથી સૌ ખટકો રાખજો."

એમ કહી બાપાશ્રી પંક્તિમાં ફરતા હતા, તે વખતે ભડાકા થયા એટલે જમવાની છૂટી થઈ. ચોઘડિયાના નાદથી તથા મંડળીઓના ઉત્સવથી વૃષપુર ગાજી રહ્યું હતું.

પછી બાપાશ્રી પોતે હરિભક્તોની પંક્તિમાં સૌને સુખડી પીરસવા લાગ્યા. આગળ હરિભક્તો સુખડીનાં પાત્ર ઉપાડી ચાલે તેમાંથી પોતે ધીરે ધીરે ચાલતાં ઊભા ઊભા મોટા મોટા કટકા સહુને આપે, હરિભક્તો હાથ ધરે, પાત્ર ધરે, તેને સુખડી આપે. એમ પંક્તિમાં દર્શન

દઈ સહુને રાજી કરતાં ટૂંક બોલ્યા જે, "સુખડી સુખ દેશે અપાર, જમ્યા છે પોતે ધર્મકુમાર."

એમ બોલી અતિ પ્રસન્નતા જણાવીને કહ્યું જે, "અમારે તો આમ સુખડી જમાડીને, શીરા જમાડીને, કથા-વાર્તા રૂપી બ્રહ્મયજ્ઞ કરીને સર્વને મૂર્તિનું સુખ આપવું છે. આ સમે શ્રીજીમહારાજની અપાર દયા છે તેથી મૂર્તિમાં રહી મૂર્તિનું સુખ ભોગવવું. મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ જોયા જેવું નથી. અમે તો ગમે તે કામ કરીએ, વાતો કરીએ, કોઈને હેતે કરીને મળીએ, કોઈને વઢીએ, કોઈને વખાણીએ, જમીએ કે જમાડીએ; એવી અનેક ક્રિયા કરીએ, પણ મૂર્તિને ઘડીવાર મૂકીએ નહિ. આવી દિવ્ય સભાનો જે ગુણ લેશે તેને પણ મૂર્તિમાં મૂકી દેશું. આવો અમારો અભિપ્રાય છે તે જે જાણતા હોય તેને આનંદ વર્તે. આ લોકમાં તો એકે કાંઈ કીધું ને બીજાએ કાંઈ કીધું એવું ચાલે છે, પણ જેને મહારાજ તથા મોટા મુક્ત મળ્યા છે તેને એ કામનું નથી. આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું; એ અમૃતરસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. આ સમે મહારાજે જીવો ઉપર ઘણી દયા કરી છે તેથી વાંક-ગુના સામું જોતા નથી. નજરે ચડ્યા તે ન્યાલ થાય છે." એવી રીતે વાતો કરતા.

બાપાશ્રી સૌને દર્શન દઈ આંબાની છાંયે પાથરેલ આસન પર બેઠા. પછી સૌ જમી જમીને આવતાં મોટી સભા ભરાઈ.

બાપાશ્રીએ તે વૃક્ષ નીચે વાત કરી જે, "આ યજ્ઞમાં જે જે આવ્યા અને જે આ મહાપ્રસાદી જમ્યા તેનો છેલ્લો જન્મ થયો જાણજો. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે. આ મુક્ત સર્વે અક્ષરધામના છે, મૂર્તિમાં રહેનારા છે. મહારાજના અનાદિમુક્તોએ દયા કરીને મૂર્તિનું સુખ પમાડવા આવા માર્ગ કાઢ્યા છે. અમે તો આજ સુધી આવાં જ કામ કર્યાં છે. અમને બીજું કાંઈ આવડતું નથી. તમો આ યજ્ઞ, આવાં દર્શન, આ જમવું-રમવું અને

મળવું, એ બધુંય સંભારી રાખજો.''

એમ કહીને આશાભાઈને આગળ બોલાવ્યા ને એમ કહ્યું જે, ''આવો આશાભાઈ!'' પછી પોતાના હાથે તેમના માથે પાઘડી બાંધવા માંડી.

ત્યારે આશાભાઈ કહે, ''બાપા તમે રાજી છો, દયા કરી સેવામાં રાખો છો તે મને ખરેખરી સાચી પાઘડી બંધાવી છે. આ સેવા ક્યાંથી મળે! તમે આવા ને આવા સદાય રાજી રહેજો એટલે મને બધુંય આપ્યું.''

ત્યારે સૌ હરિભક્તોને સાંભળતાં બાપાશ્રી બોલ્યા જે, ''આ આશાભાઈ મારી રાત ને દિવસ સેવા કર્યા કરે છે. તેને ઊંઘ, ઊજાગરો, ભૂખ કે થાકની ગણતરી નથી. આ તો મહિમાની મૂર્તિ છે. હું આને વઢું, વખાણું, બોલાવું કે ન બોલાવું, રહેવાનું કહું કે જવાનું, પણ ક્યારેય અકળાય નહિ. પૂરી ઊંઘ એણે કરી મેં જોઈ નથી. હું કહું એ તો કરે, પણ ઘરમાં નાનું છોકરું હોય ને તે કહે, 'આશા બાપા!', તો કહે, 'હા, બાપા!' એમ કહેતાં તરત ઊઠીને જાય. અમારે વાડીમાં કામ હોય તો ત્યાં પણ પહોંચી જાય. મંદિરમાં સાધુ કે હરિભક્ત સર્વે તેમની સેવાએ રાજી રાજી થઈ જાય છે.''

''આ આશાભાઈ ને આ ભુજના મોતીભાઈ બંને મારા કામમાં બહુ આવે છે. મોતીભાઈ તો ઢૂંકડા રહે જેથી સમાચાર મોકલીએ કે તરત આવ્યા જ છે. તેમના દીકરા પણ એવા. અહીંના હીરજી તથા જાદવજી પણ મારી સેવા ઘણી કરે છે. અમારા કાનજી ને મનજી તો બેસવાનું કહીએ તો બેસે ને ઊઠવાનું કહીએ તો ઊઠે એવા. આ નાનો માવજી તથા જાદવો અને હરજી વગેરે મહિમાવાળા છે. એ બધાય સેવા કરનારા ખરા, પણ આ આશોભાઈ તો આશોભાઈ.''

એમ કહી પ્રસન્નતા જણાવી તેમને પોતાને હાથે પાઘડી બંધાવી અને મોતીભાઈ આદિક સૌને પણ પાઘડીઓ બંધાવી.

પછી બોલ્યા જે, "આ હીરજીભાઈનો પ્રેમજી નાનો તે પણ મારી સેવા બહુ કરે છે. નાહવા ટાણે એ પાસે આવીને ઊભો જ હોય, નવરાવે. રાત્રે એમ ને એમ પાથર્યા વિના સૂએ, ઓચિંતાનો જાગીને મારી પાસે આવે, 'બાપા! શું કામ છે?' ત્યારે હું કહું, 'પ્રેમજી બચ્ચા! આ ટાણે હજી રાત છે. સૂઈ જા.' ત્યારે જાય. સભામાં બેસે, વાતો થાય તેમાં સમજે ને સાધુ આવે ત્યારે તો દોડી દોડીને સેવા કરે. આટલી નાની ઉંમરમાં સમજણે સહિત મહિમા તે મોટાના રાજીપાનું ફળ છે." એમ કહી તેને કંઠમાંથી હાર ઉતારીને આપ્યો ને માથે હાથ મૂક્યા.

પછી પાકશાળામાં કામ કરનારા તથા ગામોગામના આગેવાન હરિભક્તોને બાપાશ્રીએ પાઘડીઓ બંધાવવા માંડી ત્યારે સૌએ પ્રથમ બાપાશ્રીની તથા તેમના પુત્રોની ચંદન-પુષ્પહારે પૂજા કરી લહાવ લીધો. એમ યજ્ઞની સમાપ્તિ સુધી અનેક પ્રકારે બાપાશ્રીએ સૌને મૂર્તિનાં નવાં નવાં સુખ પમાડ્યાં.

પછી ગામેગામની મંડળીઓ અને નાતના તથા આસપાસનાં ગામડાંના જે જે હરિભક્તો જવા તૈયાર થાય તે સર્વેને મળીને બાપાશ્રી એમ બોલે જે, "આવા યજ્ઞ હવે થવા દુર્લભ. આ યજ્ઞ, આ સભા, સંત, હરિભક્ત સૌને સંભારી રાખજો. આ તો શ્રીજીમહારાજના સંકલ્પથી આમ દેખાય છે, પણ આ સભા સનાતન છે, દિવ્ય છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ છે. આપણે સર્વે મૂર્તિમાં જ છીએ."

એમ કહેતાં હરિભક્તો પ્રાર્થના કરે તેને આશીર્વાદ આપી, મળી, માથે હાથ મૂકી રાજી કરતાં મહાયજ્ઞની પૂર્ણાહુતિ કરી સૌને વિદાય કર્યા.

પછી વાંસે રહેલા સંત-હરિભક્તોને કહ્યું જે, "તમો કાલે છત્રીએ રહસ્યાર્થવાળાં વચનામૃતનું પારાયણ સૌ મળીને કરો, એવો મને સંકલ્પ થયો છે." ત્યારે સંતો રાજી થયા.

ત્યાર પછી બીજે દિવસે સવારે બાપાશ્રી નિત્યવિધિ કરીને

છત્રીએ આવવા તૈયાર થયા. આગળ ઠાકોરજીની પાલખી તથા ઉત્સવિયા ઝાંઝ-મૃદંગે સહિત કીર્તન બોલતાં આવે એ રીતે બાપાશ્રી છત્રીએ પધાર્યા. સદ્‌ગુરુ સ્વામી આદિ સંતોએ પારાયણ કરવા તૈયારી કરી હતી તેથી બાપાશ્રીએ પુસ્તકની તથા સંતોની ચંદન-પુષ્પહારે પૂજા કરી. સૌ આજ્ઞા થતાં વાંચવા લાગ્યા. પછી જ્યારે સમાપ્તિ થઈ ત્યારે સંતોને વળી ચંદન ચર્ચ્યાં તે વખતે હરિભક્તો કીર્તન બોલ્યા. પછી બાપાશ્રીની સૌ સંત-હરિભક્તોએ ચંદન-પુષ્પે પૂજા કરી.

ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, "આ સભા દિવ્ય છે, તેમાં કોઈ મનુષ્યભાવ પરઠશો નહિ. આ તો બહુ અલૌકિક પ્રાપ્તિ છે. અમારે તો સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા છે. આ વાત જે જાણી રાખશે તેને મોહ નહિ થાય. પણ જે આવી દિવ્ય સભાને વિષે તથા અમારે વિષે સંશય કરશે તેને તો આ સભાથી છેટું થઈ જશે. માટે ભલા થઈને સહુ દિવ્યભાવ રાખજો. અમારે તો સૌનું સારું કરવું છે તેથી તમને કહીએ છીએ."

પછી એમ બોલ્યા જે, "હવે હરે વખત થઈ ગયો છે, તે સમાપ્તિ કરો." એમ કહી સંત-હરિભક્તોએ સહિત મંદિરમાં આવ્યા ને સંતોને જમાડી, હરિભક્તોની પંક્તિમાં પોતે ફરી દર્શન દઈ ઘેર ઠાકોરજીને જમાડવા પધાર્યા. થોડીવારે આવ્યા. પછી જે જે હરિભક્તો પોતાને ગામ જાય તેને મળીને અત્યંત પ્રસન્ન થઈ આશીર્વાદ આપી રજા આપે, મર્મવચનો કહે, પણ સાથે રમૂજ કરે એટલે કોઈ સમજી શકે નહિ જે, બાપા આમ કેમ બોલે છે.

તે મર્મવચન તે શું? તો "મહારાજને અંતર્યામી જાણજો. હવે સૌ આજ્ઞામાં ખબડદાર રહેજો. વચનમાં ફેર પડે તો જાણજો જે આ બાપો તે વખતે આવીને ઊભા રહેશે, પણ આમ પ્રત્યક્ષ દેખો છો તેમ તો ક્યાંથી દેખશો?"

વળી કોઈને એમ કહે જે, "આ મળવું કેવું સુગમ છે! પણ

અક્ષરધામમાં મળવા જવું હોય તો કેટલું ખર્ચ કરવું પડે! અત્યારે મળો છો તે તો મહારાજે અગમ સુગમ કર્યું છે, પણ આ જોગમાં રહી જશે તેને તો આમ સુગમ ક્યાંથી થશે? આ ટાણે તો રોકડું કલ્યાણ છે. ભાદરવામાં મેહ મોંઘા ન હોય, પણ પછી તો મોંઘા ખરા. આ સભા ભેગી રાખજો. હવે મનુષ્યભાવે આમ સહેજમાં મળાય કે નહિ, પણ દિવ્યભાવે મૂર્તિમાં ભેગા જ છીએ એમ જાણજો.''

એવાં કેટલાંક વચનોમાં મર્મ કરતા, પણ સર્વેને યજ્ઞમાં બહુ સુખ આપેલાં તેથી કોઈ બાપાશ્રી આમ કેમ કહે છે તે સમજી શકે નહિ. એવી રીતે બાપાશ્રીએ મહાયજ્ઞમાં આવેલા સૌ સંતોને તથા દેશોદેશના હરિભક્તોને અપાર સુખ આપ્યાં. ॥૧૪૦॥

## વાર્તા ૧૪૧

સંવત ૧૯૮૪ના ચૈત્ર વદ ૦)) અમાસને રોજ શ્રી વૃષપુરના મંદિરમાં સવારે સભામાં બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આ સંત અમારી ગાયો છે. આ સંત સુખી તો અમે સુખી અને આ સંત દુઃખી તો અમે દુઃખી. કેમ જે આવા સંતને જોગે ભગવાન ઓળખાય. તે વિના સર્વોપરી ભગવાન પ્રત્યક્ષ વિચરતા હોય તોપણ ઓળખાય નહિ. સૂર્ય, ચંદ્ર, શિવ, બ્રહ્માદિક કોઈ આ બ્રહ્માંડથી આગળ નથી ગયા. પુરુષોત્તમનારાયણ તો સર્વેના કારણ છે, એમનો કોઈ કર્તા નથી. એ સૌના કારણ છે, કર્તા છે, નિયંતા છે, આધાર છે; એમ સમજે તો કામ થાય. કાં તો મહારાજની મૂર્તિના સુખભોક્તા આવા સંત મળે તો આગળ જાય એટલે એ વાત સમજાવે. આ બધા સંત આવ્યા છે તે મૂકશે નહિ, ઉપાડી જશે એટલે ઠેઠ મહારાજની પાસે લઈ જશે.'' એમ રમૂજ કરી.

પછી બપોરના ત્રણ વાગે બાપાશ્રી તથા સંત-હરિભક્તો સર્વે છત્રીએ ગયા ત્યાં સૌ દર્શન કરી ધર્મશાળામાં બેઠા. પછી બાપાશ્રીએ મહારાજના મહિમાની ઘણીક વાતો કરીને સર્વેને સુખિયા કર્યા. તે વખતે

નારાયણપુરથી ખીમજીભાઈ તથા હરજીભાઈ આદિ ચંદન ઘસીને તથા હજારી ફૂલના હાર તૈયાર કરીને લાવેલા તેથી બાપાશ્રીની અને સંતોની પૂજા કરી હાર પહેરાવ્યા.

બાપાશ્રીએ પણ સૌના ભાલે ચંદન ચર્ચ્યું ને બોલ્યા જે, "આ ચંદન દુર્લભ છે, ચર્ચનારા પણ એવા જ છે. આ સંત પણ મૂર્તિમાં રહેનારા છે તેથી સૌને ચમકની પેઠે ખેંચે છે. એ જ્યાં બેઠા હોય ત્યાં સભા ભરાઈ જાય છે."

સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોની પ્રશંસા કરતા બોલ્યા જે, "અમે આવા સંતના જોગ-સમાગમ ને રાજીપાથી સુખિયા છીએ."

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, "બાપા! આપે સાજા સત્સંગને સુખિયો કર્યો છે. અમે જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં આપના એવા સમાચાર મળે છે કે, 'આજ અમને બાપાશ્રીનાં દર્શન થયાં, અમારા પર અતિ પ્રસન્નતા જણાવી, મહારાજ તથા સંતનાં મંડળ પણ સાથે હતાં, આમ કહ્યું, આમ ભલામણ કરી.' આવી રીતે આપે આ સમે સત્સંગમાં બહુ દયા વાપરી છે."

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "શ્રીજીમહારાજ સૌને સુખ આપે છે. એ મૂર્તિ જ એવી ચમત્કારી છે. મૂર્તિમાં રહેનારા મુક્ત તો મૂર્તિ ભેળા જ હોય."

એમ વાત કરતા હતા ત્યાં ગોધાવીના માસ્તર જગન્નાથ તથા તેમના દીકરા મણિલાલે આવી બાપાશ્રીને પગે લાગી જય સ્વામિનારાયણ કર્યા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "બાપા! આ માસ્તરને ઓળખ્યા?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "હા, આ તો ખરેખરા વિશ્વાસી ને પ્રેમી. આપણે જ્યારે સાણંદ દરબારને ત્યાં ગયા હતા ત્યારે ત્યાં તેડવા આવેલા જે, 'બાપા! સ્વામી આદિ સંતોને લઈને અમારે ગામ ગોધાવી

પધારો.' પણ આપણે ઉતાવળ હતી તેથી એમ કહ્યું જે, 'માસ્તર, આપણે સદાય ભેળા જ છીએ. અમે તમારે ગામ આવ્યા એમ જાણી રાજી રહો.' ત્યારે તે કહે, 'બહુ સારું, જેવી આપની મરજી.' એવા વિશ્વાસી છે.'' એમ કહી તે બન્નેને બાપાશ્રીએ ચંદન ચર્ચી પોતાના કંઠમાંથી ઉતારી હાર પહેરાવ્યા ને માથે હાથ મૂકી અતિ પ્રસન્નતા જણાવી.

પછી સૌ સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી છત્રીની ધર્મશાળા પર અગાસીમાં પધાર્યા. ત્યાં સંતોએ બાપાશ્રીનું વચમાં આસન કર્યું ને ફરતા સૌ ગરબી ગાયા. પછી એ સર્વેને મૂર્તિમાં રાખવાનો વર આપી સંત-હરિભક્તોએ સહિત બાપાશ્રી મંદિરમાં પધાર્યા. ॥૧૪૧॥

## વાર્તા ૧૪૨

સંવત ૧૯૮૪ના વૈશાખ વદ-૨ને રોજ સવારે શ્રી વૃષપુરના મંદિરમાં સભામાં વચનામૃતની કથા વંચાતી હતી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''વૈરાગ્ય શ્રેષ્ઠ કે ભક્તિ તે કહો?'' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ ભક્તિ વિશેષ કહી.

પછી બાપાશ્રી બોલ્યા જે, ''ભક્તિમાંથી વૈરાગ્ય આવે.'' પછી સંતો સામું જોઈને એમ કહ્યું જે, ''ભક્તિ કરશો તો મહારાજ રાજી થશે. કેમ વૈરાગ્યને ઓળખો છો? પત્તર ભરીને ખાઈએ તો કૂખો ફાટી જાય, માટે ખૂબ ખાવું નહિ. સ્વામી અક્ષરજીવનદાસજી સંતની પંક્તિમાં પીરસે તે વખતે જુએ, ત્યારે કેટલાક દાળ પીને પૂર્ણ રહે; કેટલાક કહે, 'લાવો બે, ત્રણ, ચાર, પાંચ લાડુ.' અને સ્વામી તો અડધો લાડુ કાં અડધી રોટલી અને ઉપર દાળ નાખીને પીએ. જ્યારે ડોલું આવે ત્યારે લોઢાની આર ઢીંચણમાં ટચકાવે તે લોહી નીકળે. અને સમૈયો આવે ત્યારે સંતો દર્શન કરવા ગયા હોય, પણ તેમાંથી જેને મહારાજનાં વચનમાં ફેર પડ્યો હોય તેને પાછળથી લખે કે, 'તમે અહીં આવશો નહિ.' એમ આજ્ઞા વિરુદ્ધ વર્તનારાને બારોબાર રજા આપી દેતા, પણ તેવાને એટલે

ધર્મામૃત, શિક્ષાપત્રી પ્રમાણે ન વર્તતા હોય તેને મંદિરમાં રહેવા દે નહિ. જ્યારે મંડળ ફરીને આવે ત્યારે ઝોળીઓ તપાસે તે ચપ્પુ કે કાગળ જે હોય તે કાઢી લે અને કાગળ તો મંડળધારી જ લખે. સાધુ વિશ્વજીવનદાસજી નાનાં છોકરાં રાખતા તેથી તેમને ભુજમાંથી કાઢી મૂક્યા. પછી તે અમારી પાસે આવ્યા અને એમ કહ્યું જે, 'સ્વામીએ મને રજા આપી છે.' ત્યારે અમે કહ્યું જે, 'જેમ સંતની રીતિ હશે તેમ સ્વામી કરતા હશે.' એનું નામ વૈરાગ્ય. મોટા હોય ત્યાં સુધી એવું પ્રવર્તાવે."

પછી એમ બોલ્યા જે, "અમે પણ મોટા મોટા સંતોના પ્રતાપે સુખિયા છીએ. અમને ભૂખ હોય તોપણ કોઈ દિવસ જમીએ છીએ? જો જમીએ તો સ્વામિનારાયણ તાજેણા મારે. કહો સંતો! મઠની ખીચડી અને બાજરાના રોટલા વિના લાડુ, પ્રસાદી કે ઘી, ગોળ, સાકર, ખાંડ દેખો છો? કોઈક પ્રેમમાં કરે તે દિવસ ભૂખે મરીએ. અમારી વાત આવી છે. કેટલાકને તો ખૂબ પત્તર ભરાય તો જ ઠીક પડે."

પછી એમ કહ્યું જે, "હું તો ગરીબ માણસ છું, પણ જો એમ થાય તો વૈરાગ્ય શાનો? અમે તો ભુજમાં જઈએ ત્યારે પણ મઠની ખીચડી કરાવી ઠાકોરજીને જમાડીએ; લાડુ કે બીજી વસ્તુ નહિ. ખોટી વાત હોય તો પૂછો. આવા કહેનારા નહિ મળે, નહિ મળે, નહિ મળે. તમે અમારા છો તેથી કહું છું. માટે નિસ્વાર્થી રહેવું, સ્વાદે જાવું નહિ. એ વાતનો ખટકો ન રાખે તો એમાંથી સ્વામિનારાયણ રાજી ન થાય. માટે વૈરાગ્ય ને ભક્તિ અવશ્ય રાખવાં. ઓ તો ઝેર છે, ખટકો ન રાખીએ તો વૈરાગ્ય શાનો? જ્ઞાન સમ વસ્ત્ર નહિ, ધીરજ સમ નહિ ઢાલ, શિયળ સમ સિંહાસન નહિ, એવું કરી રાખવું તો ગલોલી આવે તોપણ લાગે નહિ. હું તો તમારા ભલામાં છું તે તમને સાચી વાત કહું છું. તમે પણ ખબડદાર રહેજો. લાડુ પત્તરમાં ન આવે તો ઠીક ન લાગે અને એક આવે તો બીજો ઇચ્છે, ત્રીજો ઇચ્છે એમ ન કરવું. જો વૈરાગ્ય ન રાખો તો તમે અમારા શાના થયા? સંતો! કેમ સાચી વાત કે ખોટી? આ લોકમાંથી જેમ-તેમ કરીને લૂખા થાવું છે. સમજ્યા કે?"

પછી હાથ જોડીને બોલ્યા જે, “કેમ મહારાજ! સુરત રાખી જોશે ને?” પછી પાસે બેઠેલા એક હરિભક્તને કહ્યું જે, “લડધાં સુકાશે તો કામ આવશે. અમે સાચું કહીએ છીએ. વૈરાગ્ય ખરેખરો હોય તોપણ બહુ તો પ્રકૃતિનાં કાર્ય સુધી જાય. આ તો ક્ષર-અક્ષરથી પર પુરુષોત્તમ પામવા છે.” એમ કહીને સ્વામી ઘનશ્યામજીવનદાસજી સામું જોઈને બોલ્યા જે, “સ્વામી! કેમ ખરી વાત કે ખોટી? આવા પુરુષ કોઈ બ્રહ્માંડમાં મળે તેવા નથી. આ સંત તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. અમને તો વૈરાગ્ય નથી તોપણ તમને કહીએ છીએ; કેમ જે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને આપણે રાજી કરવા છે.”

પછી લાલશંકરભાઈ સામું જોઈને બોલ્યા જે, “હરિભક્તો! આપણે પણ વૈરાગ્યની વાત જાણવી જોઈએ; નહિ તો દૂધપાક, પૂરી આદિક ખૂબ ખાઓ, એ વાત તો સંતોને કહી છે એવું થાય; માટે એમ ન કરવું. અમે તો એ વસ્તુનાં પૂરાં નામ પણ ન જાણીએ.”

પછી બોલ્યા જે, “સંતો! તમારે તો દૂધપાક, માલપૂઆ વગેરેના નિત્ય થાળ થાય. આજ શિખંડ છે, આજ જલેબી છે, એવી રસોઈઓ કરો તો વિચારતા રહેજો. વિચાર ન હોય તો એ તો આંતરડા કાઢે. ‘રાંડીની પાસે માંડી જાય, આવ બાઈ તું પણ હું જેવી થા’ એમ કોઈએ ન કરવું. કામાદિક શત્રુ છે તેનો ઓછાયો પણ ન લેવો. વૈરાગ્યવાળા ન હોય તો એ માથું ઉડાડી દે. રસનામાંથી કામાદિક ઉત્પન્ન થાય છે. એ જાણી રાખવું. સ્થૂળ ઇંદ્રિયો જીતાય ત્યારે કારણ શરીર બળે. એ કારણ શરીર તો અનાદિ અજ્ઞાનમય જીવમાં રાગ રહ્યો છે તે છે. તે તો આત્યંતિક પ્રલય જે જ્ઞાન પ્રલયના ઉપશમે કરીને શ્રીજીમહારાજનું ધ્યાન કરે ત્યારે ટળે.” ॥૧૪૨॥

## વાર્તા ૧૪૩

સંવત ૧૯૮૪ના વૈશાખ સુદ-૪ને રોજ શ્રી વૃષપુરના મંદિરમાં સભામાં બાપાશ્રીએ વાત કરી જે, “સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ

ભુજની ધર્મશાળા કરાવી ત્યારે દરબારી જગ્યામાં પાયો ખોદાવ્યો અને બોલ્યા જે, 'એ જગ્યા આપણને આવશે.' પછી સ્વામીશ્રીના કહ્યા પ્રમાણે દરબારશ્રીએ તે જગ્યા આપી; એવા વચનસિદ્ધ હતા. તેમના પ્રતાપથી એ હવેલી થઈ. તે વખતે સ્વામી અક્ષરજીવનદાસજી જેવા મોટા હતા તે સ્વામી નિર્ગુણદાસજીનો મહિમા જાણતા. આજ તો એકબીજાને કહેવે જાણે, પણ મહિમા ન મળે.''

પછી એમ વાત કરી જે, ''અમે પુરાણી શ્રીકૃષ્ણદાસજીને ચાર મહિના સુધી છાના ખાવાનું પહોંચાડતા. દિવસના એ પાન્યમાં સંતાઈ રહેતા અને રાત્રિએ આપણી છત્રી પાસે દહેરી છે તેમાં સૂઈ રહેતા; એવાં દુઃખ સાધુ થવા સારુ સહન કર્યા છે. એવા વૈરાગ્યવાન થવું જોઈએ. પૂર્વાશ્રમમાં એનો બાપ પ્રેમજી હતો તે કહેતો જે, 'મારો ભીમજી જો હાથ આવે તો માર કાઢું', પણ તેને હાથ આવવા દીધા નહીં. અને કાગળ લખીને, એક ઝાલાવાડનો બ્રાહ્મણ અહીં આવ્યો હતો તેની સાથે સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી પાસે મોકલ્યા અને ખરચી સારુ એંસી કોરી આપી. પછી તેમણે વઢવાણ પાસે રામપરામાં સ્વામી હતા ત્યાં જઈને કાગળ આપ્યો. કાગળ વાંચીને સ્વામીશ્રી તેમના પર રાજી થયા ને સાધુ કરીને ભણાવ્યા તે પુરાણી થયા.''

''તેમને બાર વર્ષ થઈ ગયાં ત્યારે પ્રેમજીએ અમને કહ્યું જે, 'મારા ભીમજીનાં દર્શન કરાવો તો તમને ઈનામ આપું.' ત્યારે અમે બોલ્યા જે, 'અમારે તારું ઈનામ ખપતું નથી, પણ તને દર્શન કરાવશું.' પછી અમે સ્વામીશ્રીને કાગળ લખ્યો જે, 'શ્રીકૃષ્ણદાસજીને સાથે લઈને કચ્છમાં પધારશો.' ત્યારે સ્વામીશ્રી અમારો કાગળ વાંચીને મંડળે સહિત ભુજ આવ્યા એટલે અમે પ્રેમજીને ભુજ લઈ જઈને શ્રીકૃષ્ણદાસજીને બતાવ્યા. તેના સામું જોઈને કહે જે, 'આ નહિ, આ તો બહુ જાડા છે. મારો ભીમજી તો પાતળો હતો.' પછી એના ગળામાં રસોળી કપાવી હતી તેનું ચિહ્ન હતું તે બતાવ્યું. ત્યારે કહ્યું જે, 'હા, હવે ખરા.' તે વખતે અમે તેને કહ્યું જે, 'એમને તું ધોતિયું ઓઢાડ.' ત્યારે તે કહે જે,

'ના, એક ચોટ તો ખૂબ માર કાઢું.' એમ બોલ્યો. પણ અમે આગળથી નાયબ દીવાન માધવલાલભાઈ ઠાસરાવાળાને સિપાઈઓ સાથે લઈને સભામાં બેસાર્યા હતા. તેમણે તેને ધમકી દીધી જે, 'જો તું મારીશ તો તને બેડિયું પહેરાવી દઈશ.' એમ કહ્યું તેથી તે દબાઈ ગયો અને ધોતિયું ઓઢાડ્યું.''

''તેમને તથા યોગેશ્વરદાસજીને સ્વામીશ્રી પાસે મોકલ્યા હતા, તેથી ભુજવાળા કૃષ્ણચરણદાસજીએ કહ્યું જે, 'તમે આ દેશમાંથી સાધુને અમદાવાદ સ્વામીશ્રીની પાસે કેમ મોકલો છો?' ત્યારે અમે કહ્યું જે, 'સ્વામીએ તમને સભામંડપ કરી આપ્યો તે વખત તમારી પાસે બે સાધુ માગ્યા હતા. ત્યારે તમે કહ્યું હતું જે, 'આ સાધુમાંથી બે લઈ જાઓ.' પછી સ્વામીશ્રીએ કહ્યું જે, 'એવા નહિ, અમારે તો નવા સાધુ કરી તેમને ભણાવીએ એવા જોઈએ.' તેથી અમે મોકલ્યા છે.' પછી તે કાંઈ બોલ્યા નહિ.''

''અને બીજા ગોવિંદપ્રિયદાસ તે પણ અહીંના હતા. તે જ્યારે ઘેર હતા ત્યારે તેમને ભુજના મંદિરમાંથી એનો બાપ ઊંધે માથે ઊંટિયાને કાઠે લટકાવીને મેઘપુર પટેલિયા પાસે લઈ ગયો ને બધી વાત કરી તેથી પટેલિયે તેને બાંધીને પાંટિયા પાસે તાજેણા મરાવ્યા. પછી શ્રીજીમહારાજે કોઈ કુસંગી દ્વારે કહેવરાવ્યું જે, 'તમે આવા અન્યાય કરો છો ને કોઈની બીક મનમાં રાખતા નથી, પણ આવાં કામ કરતાં બધાય જેલમાં જશો તે વિચારજો.' એ વાત સાંભળીને તેને મારતાં અટક્યા ને છોડી મૂક્યા. એવી રીતે શ્રીજીમહારાજે તેની રક્ષા કરી.''

''તેમની પાસે પૂજા હતી તે આપણા કાનજીભાઈના સસરા શામજી ભક્ત હતા તે દર્શન કરાવીને પાછા લઈ લેતા. પછી એક દિવસે ઘરામાંથી મૂર્તિઓ કાઢી લઈને કહ્યું જે, 'આ લો, પૂજા રાખો.' ત્યારે શામજી ભક્તે પૂજા રાખી અને ગોવિંદપ્રિયદાસજી જતા રહ્યા તે બીજે દિવસે પૂજા જોઈ ત્યારે ઘરામાં મૂર્તિઓ ન મળે. ખાલી ઘરા જોઈને કહ્યું

જે, 'આ તો લકડે કા ભારા છે; ભગવાન તો જતા રહ્યા છે.' પછી તેનો બાપ બોલ્યો જે, 'હવે હાથ આવે તો બાંધીને આ કૂવામાં લટકાવી મૂકું અને કાં તો પગ ભાંગી નાખું તે ક્યાંય જઈ શકે નહિ. તેવી તેને ઉપાધી હતી. તેમને પણ અમે સંતાડી છાના રાખતા ને ઘસિયો-સુખડી ખાવા આપી આવતા. એમ કરી કરીને સાધુ કર્યા છે. એવાં કામ અમે કરતા.'' પછી એમ બોલ્યા જે, ''તમે અમારા છો તે આવા ઉપકારી થાજો.''

પછી સાંજના સભામાં પ્રથમ પ્રકરણનું ૫૬મું વચનામૃત વંચાતું હતું. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મૂર્તિનું સુખ અને મૂર્તિના સુખભોક્તાનો મહિમા સમજે તો કલ્પેકલ્પ વીતી જાય તોપણ સુખ આવતું જ રહે. એમાંથી પૂરું થવાય જ નહિ. પકવાન્ન જમતાં પૂર્ણ થવાય, પણ મૂર્તિના સુખમાંથી પૂર્ણ ન થવાય. એ સુખ તો માંહી ને માંહી ભોગવે તેથી આનંદ આનંદ રહ્યા કરે. મૂર્તિનો ખરેખરો દિવ્યભાવ વર્તે એ જ સુખ જાણવું.'' ॥૧૪૩॥

## વાર્તા ૧૪૪

સંવત ૧૯૮૪ના વૈશાખ સુદ-૫ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''શ્રીજીમહારાજ અથવા મોટા મુક્ત જ્યારે આ પૃથ્વી ઉપર દયા કરીને દર્શન આપે ત્યારે જે જીવ સંત-સમાગમે કરીને તેમનો આશરો કરે, દિવ્યભાવ રાખે અને અનુવૃત્તિમાં રહે એટલે મોક્ષ થાય. કેમ જે ભોમિયા હોય તે જ માર્ગ બતાવે તેમ એ મુક્ત મૂર્તિના સુખભોક્તા છે તેથી એ દિવ્ય સુખમાં પહોંચાડે. તે વિના કોટિ ઉપાયે એ સુખ પમાય નહિ. જેવડા શ્રીજીમહારાજને જાણી શકો તેવડા જાણો તોય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે, પણ જેમ છે તેમ કહીએ તો ખમાય નહિ. જે વાતની જેને ખબર ન હોય તે શું જાણે! મહારાજની મૂર્તિમાં તો અપરંપાર તેજ છે. એ મૂર્તિમાં અનાદિમુક્ત રસબસ રહ્યા છે. અહીં તો મૃત્યુલોકના જેવા ભાવ દેખાય, પણ બધુંય દિવ્ય છે. મહારાજ કહે છે કે, 'મારી

મૂર્તિ રે મારા લોક ભોગ ને મુક્ત, સર્વે દિવ્ય છે રે ત્યાં તો જોયાની છે જુક્ત.' એ બધુંય કારણ મૂર્તિનું અપારપણું છે.'' એમ વાત કરી.

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીને કહ્યું જે, ''સ્વામી! આપણે તો શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાવું અને વચનામૃતમાંથી પરભાવ જાણવા ને શીખવા.''

સાંજે સભામાં મધ્ય પ્રકરણનું ૧૨મું વચનામૃત વંચાતું હતું. તેમાં કાયાનગરને વિષે જીવ રાજા છે તે જેમ રાજા રાજનીતિ ભણીને રાજ્ય ચલાવે છે તેમ કાયાનગરને વિષે સર્વે ઇંદ્રિયોને નિયમમાં રાખીને વર્તાવે તો જીવને મૂર્તિનું સુખ આવે ને સુખિયો થાય; એમ આવ્યું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કાયાનગરને વિષે જીવ કાને કરીને નબળા શબ્દ સાંભળે નહિ, નેત્રે કરીને ભગવાન વિના બીજું રૂપ જુએ નહિ, નાકે કરીને ભગવાનની પ્રસાદી વિના બીજી અત્તર-ચંદનાદિકની સુગંધી ન લે, જીહ્વાએ કરીને ભગવાનની પ્રસાદી વિના બીજો રસ ન લે; એવી રીતે દસ ઇંદ્રિયો તથા ચાર અંતઃકરણ એ સૌને વશ કરીને ભગવાન સંબંધી ક્રિયા કરાવે તો સુખિયો થાય એટલે મહારાજની મૂર્તિને દેખે. એવું આવા સંત હોય ત્યાં થાય. આ સંત નૈમિષારણ્ય ક્ષેત્ર છે. ત્યાં દશ ઇંદ્રિયોની ધારા બુઠ્ઠીઓ થઈ જાય. મનોમય ચક્ર તે મન છે અને દશ ઇંદ્રિયો તે મનની ધારા છે. તે આવા સંતના સમાગમથી બુઠ્ઠીયું થાય. જીવરૂપી રાજા ગાંડો થાય તો મોક્ષના માર્ગથી પડી જાય; નહિ તો પોતે રાજ્ય કરે એવો છે. માટે ઇંદ્રિયોને નિયમમાં રાખવી.''

પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''સંતો! બોલો ગોડી તે મહારાજ આવે દોડી.'' ॥૧૪૪॥

## વાર્તા ૧૪૫

સંવત ૧૯૮૪ના વૈશાખ સુદ-૬ને રોજ બાપાશ્રીએ કૃપા કરીને વાત કરી જે, ''આવો સમય ફેર ફેર નહિ મળે, માટે બીજાં બધાંય કામ ખોટી કરીને આ જોગ કરી લેજો. આ લાભ અક્ષરધામમાં છે કે અહીં

છે.''

એમ કહીને પ્રસન્નતા જણાવી સૌ સંતોને બોલાવીને કહ્યું જે, ''આવો સંતો! આજ બ્રહ્મરસ વરસે છે. આ દિવ્ય સભામાં શ્રીજીમહારાજ તેજોમય બિરાજે છે. મૂર્તિમાંથી સુખની ધારાઓ છૂટે છે. આપણે એ દિવ્ય સુખનો આહાર કરવો.

''સંતો! તમે અમારા માટે દરિયામાં આગબોટ તથા વહાણનાં દુઃખ વેઠો છો ને અહીં આવી જોગ-સમાગમ કરો છો તેથી તમને સમાસ ઘણો થાય છે અને અહીંના છે તે લાભ લઈ શકતા નથી. કેટલાક તો 'હમારા ઘરકી બાત હે' એમ જાણતા હશે, પણ તમારા પર શ્રીજીમહારાજની તથા મોટાની દયા છે તેથી મહિમા જાણી જોગ-સમાગમ કરો છો. અમારે તો સૌને મૂર્તિમાં રાખવાનો જ ઠરાવ છે, બીજું કાંઈ કામ નથી. તેથી ઘેર ઘેર જઈએ, ગામ-પરગામ જઈએ, પણ ઠરાવ એ એક જ. આ વાત જે જાણતા હોય તે જાણે. સત્સંગમાં બધાય પોતાના મોક્ષ માટે આવ્યા છે તે ગરજું તો હોય, પણ નબળાના સંગદોષે મહિમા જાણી ન શકે. કેટલાક તો સમજ્યા વિના ખોટનો વેપાર કરી બેસે એવાય હોય. એવા જીવનું પણ આપણે તો સારું થાય એવો સંકલ્પ કરવો.''

''મહારાજ તથા મોટા મુક્તને તો સૌ જીવને સુખિયા કરવા છે એવી જ એમની દયા છે. તેથી મોટા સંતો એમ કહે છે કે, 'જીવને કલ્યાણ માટે મહારાજ તથા મોટા મુક્તના વેચાણ થઈ રહેવું', પણ જીવમાં અનાદિકાળનું અજ્ઞાન ભર્યું છે તેથી એવો મહિમા જાણી ન શકે. શ્રીજીમહારાજ સર્વત્ર છે, તેમ આ સભા પણ એ પુરુષોત્તમ ભગવાનની છે તેથી સર્વત્ર છે. કયા ઠેકાણે ન હોય? માટે સંતો! મહારાજ તથા આવી દિવ્ય સભાને ભેગી ને ભેગી રાખજો. આ સભા છેટી છે કે બીજે છે એમ જાણશે તેને ખોટ જશે. પછી દાખડો ઘણો પડશે, પણ આવું સુગમ નહિ થાય. માટે મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું ને

સદાય એમ જ વર્તવું અને વાતો પણ એવી જ કરવી, પણ મૂર્તિ ભૂલીને વાતોને નોરે ચડી જવું નહિ. મૂર્તિ વિનાની બીજી વાતો કરવી તે તો ખોટી થવા જેવું છે, માટે ખરા અનુભવી થવું. આવો અવસર ફેર આવવો બહુ દુર્લભ છે.''

એમ વાતો કરી સૌ સંતોને રાજી કર્યા. પછી નારાયણપુરથી ધનજીભાઈના ત્રણે દીકરા વૃષપુર આવ્યા ને બાપાશ્રીનાં દર્શન કરીને પ્રાર્થના કરી જે, ''બાપા! સંતો અહીં ખપે એટલા દિવસ રહે, પણ જ્યારે દેશમાં પધારે ત્યારે તમો આ સદ્ગુરુ તથા સંતોને સાથે લઈને નારાયણપુરમાં સૌને દર્શન દઈ જજો.''

ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, ''સંતો દેશમાં જવાની ઉતાવળ કરે છે; કેમ જે તેમને માથે મંદિરના વ્યવહાર, તેથી કથા-વાર્તા કરવા ગામડાંમાં જવું પડે, ધર્માદા પણ ઉઘરાવવા હોય; એવાં કામ તેમને ઘણાં તેથી તાણ કરીને રોકીએ તો રાજી ન થાય; નહિ તો એક-બે મહિના હજી રાખીએ.''

પછી સંતોને પૂછતાં એકાદ માસ રહેવામાં તાણ પડશે એમ માંહોમાંહી વાત કરતા હતા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''તમારે કામ હોય તો સુખે જાઓ. જો રહો તો રાજી છીએ અને જાઓ તો સદાય ભેગા છીએ.'' એમ કહી પુરાણી કેશવપ્રિયદાસજીને ભુજ જવાની આજ્ઞા કરીને કહ્યું જે, ''તમે ત્યાં જઈને કથા-વાર્તા કરજો ને સૌને મૂર્તિને સુખે સુખિયા કરજો. આ સદ્ગુરુઓ સંતોએ સહિત નારાયણપુર થઈને ભુજ આવશે તે ત્યાં ચાર દિવસ રોકાશે.''

એમ કહી તેમને વિદાય કર્યા. પછી પોતે પણ સંતોએ સહિત નારાયણપુર પધાર્યા. ત્યાં સૌ હરિભક્તોને દર્શન દઈ, વાતે-ચીતે સુખિયા કરી ધનજીભાઈને ઘેર ઠાકોરજી જમાડ્યા.

પછી સંતોને દેશમાં જવાની આજ્ઞા કરી સર્વેને મળ્યા ને કહ્યું જે, ''તમો ચાર દિવસ ભુજમાં રોકાજો.'' ત્યારે સંતોએ પ્રાર્થના કરી

જે, ‘‘બાપા! અમારા ઉપર આપ રાજી છો તેવા ને તેવા સદાય રાજી રહેજો.’’

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘અમે તમારા ઉપર સદાય રાજી છીએ. તમો પણ સદાય મૂર્તિમાં રહી મૂર્તિનાં સુખ ભોગવજો.’’ એમ આશીર્વાદ આપી બાપાશ્રી વૃષપુર પધાર્યા અને સંતો ભુજ ગયા. ||૧૪૫||

## વાર્તા ૧૪૬

સંવત ૧૯૮૪ના વૈશાખ સુદ-૧૨ને રોજ બાપાશ્રીએ અરજણભાઈના દીકરા રામજીને સદ્‌ગુરુ આદિ સંતોને પાછા તેડી લાવવા માટે મોકલ્યા. તેમણે ભુજ આવીને વાત કરી જે, ‘‘તમને બાપાશ્રીએ તેડાવ્યા છે તેથી તમો સર્વે સંતો વૃષપુર આવો.’’

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ‘‘બહુ સારું.’’ પછી સંતો સુદ-૧૩ને રોજ વિઠ્ઠલજીભાઈની રસોઈ હતી તે ઠાકોરજીને થાળ જમાડીને વૃષપુર આવ્યા.

તે વખતે બાપાશ્રી ચોકમાં સૂતા હતા તે સંતોને જોઈને બોલ્યા જે, ‘‘અમે તમારી વાટ જોઈ રહ્યા હતા. તમો આવ્યા તે બહુ સારું કર્યું.’’ એમ કહી ઊઠીને સર્વે સંતોને મળ્યા. પછી એમ બોલ્યા જે, ‘‘તમારા વિના સૂનું દેખીને મનમાં એમ થયું જે, ‘સખી સૂનાં સર્વે લોક ચડે મારી નજરે’, ‘મારે એકે ન રહ્યું આધાર ક્યાં જઈ ઊભિયે’, ‘સખી પિયુ રીઝાવ્યાની રીત એકે મુને ન જડી.’ એમ તમને ન દેખીને અમે ઉદાસ થઈ ગયા હતા, તે તમે આવ્યા તેથી બહુ આનંદ થયો.’’

પછી સ્વામી ઘનશ્યામજીવનદાસજીને કહ્યું જે, ‘‘તમારે જવું હતું અને અહીં આવવાનું નહોતું, પણ અમે પાછા વાળ્યા. અમે તમને નેવળ બાંધીને રાખીએ એવા છીએ. તે આગળ ફરી વળ્યા ને પાછા વાળી લાવ્યા. હવે જવાના સંકલ્પ કરતા નહિ.’’

પછી સાંજના પ્રથમ પ્રકરણનું ૬૩મું વચનામૃત વંચાતું હતું, તેમાં એમ આવ્યું જે તત્ત્વે કરીને ભગવાનને ઓળખવા.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "'તત્ત્વે કરીને ભગવાનને જાણે એટલે મૂર્તિનું સુખ યથાર્થ આવે', એમ મહારાજ કહે છે. માટે આવા અનાદિમુક્તનો તથા આવા સંતનો જોગ-સમાગમ કરી મહારાજને જેવા છે તેવા જાણી પોતાનું પૂરું કરી લેવું. આવો જોગ ફેર આવવો બહુ દુર્લભ છે. અહીં હાલ વિવાહ ચાલે છે તે લોકો ગાંડા જેવા થઈ ગયા છે. આપણે તો પુરુષોત્તમવિવાહ કર્યો હતો, એવો વિવાહ તો મોટા રાજાથી પણ બની શકે નહિ. આપણે તો 'સાહેબ સરીખા શેઠિયા, વસે નગર કે માંહી; તાકું ધન કી ક્યા કમી જ્યાકી હુંડી ચલે નવ ખંડ માંહી' એવું હતું. અહીં તો સર્વે મહિમાએ સહિત સેવા કરે, પણ સૌની નજર મૂર્તિમાં હોય; બીજું કાંઈ દેખેય નહિ, તેમ બીજું કાંઈ પેસેય નહિ. સૌની એક જ વૃત્તિ. એવી મહિમાએ સહિત સેવા કરતાં દેહને તો ગણતા જ નહિ. આ રીતે પુરુષોત્તમવિવાહ થાય."

પછી દેવરાજભાઈએ પૂછ્યું જે, "મૂર્તિમાં મુક્ત રહ્યા છે તે મૂર્તિ જેવડા જ મૂર્તિમાન છે એમ મોટા સંતો કહે છે તે બધા કેવી રીતે રહ્યા હશે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "એ વાત આ લોકના દૃષ્ટાંતથી સમજાય તેવી નથી. એ તો સાક્ષાત્કારવાળા જેમ છે તેમ જાણે અથવા મહારાજ દયા કરીને બતાવે તે દેખે. મૂર્તિમાં મુક્ત સર્વે સાકાર થકા રસબસભાવે સળંગ મૂર્તિમાં રહ્યા છે. મહારાજની મૂર્તિમાં એવું જ અલૌકિક ઐશ્વર્ય છે. જેમ ચિંતામણિમાંથી બ્રહ્માંડ ભરાઈ જાય એટલા પદાર્થ નીકળે તોપણ ચિંતામણિ દૂબળી પડતી નથી. અને એ બધું એમાં પાછું સમાઈ જાય તેણે કરીને પુષ્ટ પણ થતી નથી એ તો જેવી હોય તેવી ને તેવી જ રહે છે. એવું સામર્થ્ય જેના પ્રતાપથી જડ વસ્તુમાં છે તો પોતાને વિષે અલૌકિક સામર્થ્ય હોય તેમાં શું કહેવું? એ તો હોય

જ. માટે મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ ભોગવવું.''

પછી એમ પૂછ્યું જે, ''બાપા! મૂર્તિમાં અનંત મુક્ત રહ્યા છે તે સર્વેને સુખ સરખું આવતું હશે કે અધિક-ન્યૂન આવતું હશે?''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''સર્વે મુક્તને એક સરખું જ સુખ આવે છે. અધિક-ન્યૂન આવે તે તો સાધનિકની સ્થિતિના ભેદ છે. સાધનકાળમાં અધિક-ન્યૂન ખરું, પણ સિદ્ધકાળમાં તો અધિક-ન્યૂન કહેવાય નહિ.''

પછી વળી પૂછ્યું જે, ''ધ્યાનની લટક તો સન્મુખપણાની હોય અને સમજણ તો મૂર્તિમાં રહેવાની હોય તેને કેવી પ્રાપ્તિ થાય?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''જેવી સમજણ છે તેવી પ્રાપ્તિ થાય. જેને મૂર્તિમાં રહેવાની સમજણ છે તેને મહારાજ મૂર્તિમાં જ રાખે, પણ કાંઈ બાકી રહે નહિ.''

તે વખતે વળી દેવરાજભાઈએ પૂછ્યું જે, ''મૂર્તિઓને વિષે દિવ્યભાવ હોય જે, 'આ મૂર્તિઓ તે પ્રત્યક્ષ ભગવાન છે', પણ મનુષ્યરૂપે મહારાજ તથા મુક્ત વિચરતા હોય તેમને ઓળખે નહિ તેનું શું કારણ?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજ અને મુક્ત મનુષ્યરૂપે વિચરતા હોય તેમને ઓળખે નહિ તેણે મૂર્તિઓને વિષે પૂરો દિવ્યભાવ જાણ્યો નથી; તે તો મુખેથી કહેવા માત્ર જ છે. પણ જો મૂર્તિઓને દિવ્ય જાણી હોય તો તે મનુષ્યરૂપે મહારાજ અને મુક્ત વિચરતા હોય તેમને જરૂર ઓળખે. એમને જે ન ઓળખે તેમને તો મૂર્તિઓને વિષે દિવ્યભાવ છે જ નહિ.'' ॥૧૪૬॥

## વાર્તા ૧૪૭

(સંવત ૧૯૮૪, વૈશાખ સુદ-૧૪) સવારે નિત્યવિધિ કરીને બાપાશ્રી સભામાં પધાર્યા, સૌને જય સ્વામિનારાયણ કરી ધ્યાનસ્થ બેઠા,

તે વચનામૃતની કથા થઈ રહી ત્યાં સુધી એમ ને એમ બેસી રહ્યા.

પછી સ્વામી વૃંદાવનદાસજી, સ્વામી ઈશ્વરચરણદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોને કહ્યું જે, “તમને અમે પાછા તેડાવ્યા તે ઠીક થયું ને?”

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “બાપા! બહુ દયા કરી.”

ત્યારે બાપાશ્રી કહે, “સ્વામી! આ ફેરે તમે ગયા હતા પણ અમને તમારા વિના સારું લાગ્યું નહિ. રામપુર એક રાત જઈ આવ્યા, પણ આ સભા વિના સૂનું લાગ્યું. અમને આવી સભા અખંડ ખપે. તમે પણ આ લાભ લઈ લેજો. અમે તો સૌને કારણ મૂર્તિમાં રાખીએ છીએ.”

“અહીં કેટલાક એમ જાણે છે જે, ‘બાપો અમારી નાતના છે.’ એવાને આ વાતની ખબર ન પડે. તમારામાંય કેટલાક અહીં મૂર્તિનું સુખ લેવા આવ્યા હોય ને હેત બહુ જણાવતા હોય, પણ જ્યાં કોઈ બે શબ્દ આમતેમ બોલે તેટલામાં તો બીજી રીતના ઘાટ-સંકલ્પ કરવા માંડે છે. એવાને આ જોગમાં સુખ આવે નહિ. પણ જેને દિવ્યભાવ છે તે તો આ સભાના જોગે ન્યાલ થાય છે.”

“મહારાજ સૌને સુખ આપે છે. બહારવૃત્તિવાળાને આવી વાતની ખબર ન પડે. આજ તો અમૃતના ઘન વરસે છે, તેથી એ સુખમાં સૌ રસબસ નાહ્ય છે. આમ સમજાય તો કાંઈ અધૂરું ન રહે. આવી બ્રહ્મસભામાં જે આવે તેનાં અનેક જન્મનાં પાપ નાશ પામી જાય છે. મહારાજના અનાદિની વાત જ જુદી છે. કેટલાક સત્સંગમાં આવી વાત જાણ્યા વિના દૃષ્ટાંત-સિદ્ધાંત મેળવતા હોય તેવાને કહીએ, સમજાવીએ તોય માને નહિ તેમ સમજે પણ નહિ અને તમારા જેવા વિશ્વાસી છે તે કામ કાઢી જાય છે.

“જ્યારે અનંત જન્મનાં સુકૃત ઉદય થાય ત્યારે આવા મોટાની ઓળખાણ થાય છે. ‘શ્રીજીમહારાજને તથા મોટા મુક્તને જે ન ઓળખે

તે તો ખીજડા જેવા છે. અને આ દિવ્ય સભાને વિષે નિષ્ઠા હોય તે તો આંબા જેવા છે.' એમ અ.મુ. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. તે ખીજડામાં તો સાંગર્યો જ આવે. મહારાજ તથા મોટા મુક્તને વિષે હેત ન હોય તો તેનો મોક્ષ કેમ થાય?'' એવી રીતે બાપાશ્રી સવાર-સાંજ કથા પ્રસંગે મહારાજના મહિમાની ઘણીક વાતો કરતા.

એક દિવસ બપોરે બાપાશ્રી તથા સર્વ સંત-હરિભક્તો વાડીએ નાહવા ગયા હતા. ત્યાં નાહીને માનસી પૂજા કરી.

પછી બાપાશ્રીએ વાત કરી જે, ''સ્વામી! અમે તો આવા ડુંગરામાં બેઠા છીએ, પણ મૂર્તિને સુખે સુખિયા છીએ. અમે મૂર્તિ વિના બીજું કાંઈ રાખ્યું નથી. અમારે તો એક મૂર્તિ આપવાનો જ ઠરાવ છે. આ વખતે સૌને તેડાવી યજ્ઞ કરવાની તાણ હતી તે પૂરી થઈ. તમને પણ ઠીક રાખ્યા. અમારે તો તમને સર્વે સંતોને આ ફેરે રાખવાનો વિચાર ઘણો હતો. અમને એમ હતું જે, આ આંબામાં હજી કેરીઓ નાની છે તે અષાઢ મહિનો બેસતાં બરાબર પાકી જશે, ત્યાં સુધી જો સંતો રાજી થઈને રહે તો રસપુરીની રસોઈ કરી ઠાકોરજીને તથા સંતોને જમાડીએ; કેમ કે હવે આપણે આવો જોગ વારે વારે ક્યાંથી આવે! તમ જેવા સંતનું મળવું બહુ મોંઘું છે. અંતર્વૃત્તિએ તો સદાય ભેગા છીએ, પણ આમ પ્રત્યક્ષ ક્યારે મળાય!''

''આ વખતે સત્સંગમાં શ્રીજીમહારાજે બહુ સુખ આપ્યું, તેમ આવા અનાદિના જોગ-સમાગમે અનેક મૂર્તિના સુખભોક્તા થયા. ધ્યાને કરીને મૂર્તિમાં સ્થિતિ થઈ હોય તોપણ આવા જોગની વાત દુર્લભ છે. આ સભામાં જે કામ આ ટાણે થાય છે તે લાખો વરસ સાધન કરે તોપણ ન થાય. સ્થિતિવાળો પોતે તો સુખિયો રહે, પણ આમ કરોડો જીવને મૂર્તિના સુખમાં પહોંચાડી ન શકે. આ તો શ્રીજીમહારાજના સંકલ્પથી આવું સુગમ છે. એ લાભ આપણને મળ્યો છે, તે કેવાં મોટાં ભાગ્ય!''

''તમે રાજી થઈને રહો તો જ્ઞાનયજ્ઞ થાય. તમે અહીં રહેવામાં

કાંઈ બીજો વિચાર ન કરશો, કેમ જે આપણે ઘેર કોઈ વાતની ખોટ નથી. અમારા છોકરા બાજરો પકવે છે તે આપણે ભેગા મળી ઠાકોરજીને જમાડશું ને મૂર્તિના સુખની વાતો કરશું. આ વખતે તો તમને જવા દેવાની મારી ઈચ્છા જ થતી નથી. હવે તમે બધા ભેળા થઈ વિચારી નક્કી કરો. જો જવાનું કરો તોય તમારી મરજી, ને રહો તો આપણે ભુજ, માધાપુર ભેગા જશું ને બ્રહ્મયજ્ઞ કરશું. આ ફેરે અહીં રહો તો ઠીક. અમે તમને અષાઢ માસમાં જરૂર છૂટા કરશું. તમારે તો જ્યાં જાઓ ત્યાં આ એક જ કામ કરવાનું છે. વળી, અમને પણ એવો જ સંકલ્પ થાય છે જે તમ જેવા સંત ભેળા બે મહિના રહેવાય તો ઠીક. તમે જો રહો તો ભલે અને તાણ હોય તો સુખેથી જાઓ.''

એમ કહી બાપાશ્રી મંદિરમાં પધાર્યા. રાત્રે કથા-વાર્તા થઈ રહી પછી પોતે પોઢી ગયા અને સંતો વાડીમાં બાપાશ્રીએ વાતો કરેલ તેથી રહેવાનો કે જવાનો વિચાર કરતા હતા, પણ કાંઈ નિર્ણય થયો નહિ. પછી સર્વે સૂઈ ગયા. ॥૧૪૭॥

## વાર્તા ૧૪૮

બીજે દિવસે સવારે બાપાશ્રી નિત્યવિધિ કરી સભામાં પધાર્યા ત્યારે પૂછ્યું જે, ''સ્વામી! તમે શું નક્કી કર્યું? રાત્રે વિચાર કર્યો હોય તે અમને કહો.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી કહે, ''બાપા! મારે તો આપ રાખો ત્યાં સુધી રહેવું છે. બીજા સંતો હજી વિચાર કરે છે, પણ તમે રાજી હો તેમ કરે.''

ત્યારે બાપાશ્રી કહે, ''સંતોને જવાની તાણ અમને જણાય છે, તેથી જવાનું કરો. થોડા જાય ને થોડા રહે એમ જુદા પડો એ ઠીક ન કહેવાય.''

એમ કહીને બોલ્યા જે, ''સ્વામી! આપણે મૂર્તિ વિના બીજું કાંઈ જોવું નહિ. મહારાજે દયા બહુ કરી પોતાના જાણ્યા તે કામ ભારે થયું.

આવા અનાદિમુક્ત મળ્યા એ કાંઈ સાધારણ વાત નથી. અક્ષરધામમાં મળવા જવું હોય તો શું બને? આ તો સહેજમાં મેળાપ, એ કાંઈ જેવી તેવી વાત નથી.'' પછી કહ્યું જે, ''સ્વામી! તમે તો ઘણા જીવોને મૂર્તિને સુખે સુખિયા કરો છો.''

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''બાપા! આપ આ વખતે અમારા પર બહુ રાજીપો જણાવો છો. તેથી હેતે કરીને મળતાં, જમાડતાં, પ્રશંસા કરતાં, બોલાવતાં સંતો ઘણા સુખિયા થાય છે.''

તે વખતે બાપાશ્રી કહે, ''સ્વામી! વારે વારે આવો અવસર ક્યાંથી આવે! આ તો તમને ભુજથી પાછા તેડાવ્યા ત્યારે આ મેળાપ થયો. જો બે મહિના રહેવાનું થયું હોત તો તમને ને અમને ઘણો લાભ થાત, પણ એ તો સૌની મરજી પ્રમાણે કરવું.''

એમ કહી બાપાશ્રી ઘેર ગયા. પછી ઠાકોરજી જમાડીને મંદિરમાં પધાર્યા. તે વખતે સંતો વચનામૃતની કથા વાંચતા હતા. તે સર્વેને જય સ્વામિનારાયણ કહી એમ બોલ્યા જે, ''સ્વામી! જવાનો શો વિચાર કર્યો?''

ત્યારે સ્વામીશ્રી કહે, ''બાપા! આપ અંતર્યામીપણે બધુંય જાણો છો તેથી જેમ આજ્ઞા કરો તેમ કરીએ. અમે તો હજી કાંઈ નક્કી કર્યું નથી.''

ત્યારે બાપાશ્રી કહે, ''આ સ્વામી ઈશ્વરચરણદાસજી કહે છે કે, 'અમે રહીએ ને બીજા સંતોને જવું હોય તે ભલે જાય; કેમ કે થોડાક સંતોને જવાની તાણ છે.' એમ કહે છે, પણ અમને એમ થાય છે કે જે નોખા નોખા ન જાવું. તાણ હોય તો બધાય સાથે જાઓ. જુદા પડો એ ઠીક નહિ. આજ પાછલી રાત્રે ચાલજો ને ભુજ જઈ રેલે બેસી જાજો.''

એમ કહી પોતે ઘેર પધાર્યા. પછી બપોરના બાપાશ્રી હરિભક્તોને બોલાવીને ગાડાનું નક્કી કરવા લાગ્યા. તે વખતે પણ ગાડાવાળાને એમ કહ્યું જે, ''સંતોને રોકાવાનું છે એમ જાણીને તમને

મેં કહેલ નહોતું, પણ હવે સંતોને જવાનું નક્કી થયું છે તેથી તમો ગાડાં જોડીને સંતોને ભુજ મૂકી આવજો.'' એમ હરિભક્તોને આજ્ઞા કરી.

પછી વળી સાંજના સ્વામી ઈશ્વરચરણદાસજીએ પોતાને રહેવા માટે પ્રાર્થના કરી. તે વખતે પણ એમ બોલ્યા જે, ''તમને તો આ ફેરે મારે જવા જ દેવા નહોતા; કેમ જે આપણે બે મહિના ભેગું રહેવાનું થાય તો કેટલો લાભ મળે! અમારે તો અખંડ કથા-વાર્તા ખપે. તે તમે હો તો સદાય કથા-વાર્તા થયા જ કરે.''

એમ કહીને બોલ્યા જે, ''સ્વામી! જો રહ્યા હોત તો આપણે એકાંતનો છેલ્લો યજ્ઞ થાત. હમણાં યજ્ઞ બહુ મોટો થયો તેમાં હજારો સંત-હરિભક્ત સુખિયા થઈ ગયા, પણ ઉદ્‌ઘોષ બહુ, પ્રવૃત્તિ પણ ખરી. ને આમાં તો નકરી મૂર્તિની જ વાતો થાત જેથી સમાસ ઘણો હતો, પણ તમારા ભેગા સંતો છે તેમને જવાના વિચાર રહે છે તેથી સૌ સાથે જાઓ. આપણે મૂર્તિમાં સદાય ભેગા રહીશું. અષાઢ મહિના સુધી રહેવાણું હોત તો સાત્ત્વિક યજ્ઞ થાત, પણ જેવી શ્રીજીમહારાજની મરજી. હવે તમે તૈયાર થઈ રહેજો. ગાડાંનું નક્કી કર્યું છે એટલે ટાણું થયે આવશે. તમે એ વખતે મોડું કરશો નહિ ને અહીંથી પરબારા સ્ટેશને જજો, ત્યાં નાહી પૂજા કરી લેજો.''

પછી સ્વામીશ્રીએ સૌ સંતોને બાપાશ્રીની મરજી જણાવી, પણ જવાનો વિચાર સૌએ કરેલો તેથી બાપાશ્રી આ બધું મર્મમાં કહે છે તે કોઈને ખબર પડી નહિ. રાત્રિના બે વાગ્યા પછી ગાડાં આવ્યાં. સંતો પણ સર્વે તૈયાર થતા હતા ત્યારે બાપાશ્રી જાગીને મંદિરમાં આવ્યા ને ઠાકોરજીનાં દર્શન કર્યાં, તે વખતે સૌ સંતો દંડવત કરવા લાગ્યા. તે સર્વેને બાપાશ્રી બાથમાં ઘાલીને મળ્યા.

તે વખતે સંતોએ પ્રાર્થના કરી જે, ''બાપા! અમારા પર આપ કૃપાદૃષ્ટિ રાખજો. અમે આપની મરજી ન જાણી શક્યા હોઈએ તોપણ આપ દયાળુ છો તેથી આવા ને આવા રાજી રહેજો.''

ત્યારે બાપાશ્રી કહે, "અમે તો સદાય રાજી છીએ. મૂર્તિમાં આપણે સૌ ભેળા રહેશું; તમે પણ ભેળા રહેજો. દિવ્યભાવે મૂર્તિમાં રસબસ રહીએ એટલે સદાય સાથે ને સાથે. તમે સૌ આમ ને આમ આ દિવ્ય સભાને સંભારજો."

એમ વાત કરતા હતા ત્યાં ગાડાંવાળાઓ ઉતાવળ કરવા લાગ્યા, ત્યારે બાપાશ્રી પણ વળાવવા આવવા તૈયાર થયા. સંતો બાપાશ્રીનાં દર્શન કરે, બાપાશ્રી પણ સંતો પર પ્રસન્નતા જણાવીને વાતો કરે જે, "સ્વામી! આ સુખની કાંઈ તૃપ્તિ થાય તેવું છે? લાખ વર્ષ સુધી આમ ને આમ દર્શન કરીએ, વાતો કરીએ તોય તૃપ્ત ન થવાય." એમ કહેતાં વળી સૌ દંડવત કરી મળ્યા.

પછી બાપાશ્રી કહે, "ચાલો સંતો! હવે તમારે મોડું થાય છે." એમ કહી પોતે માંચીમાં બેસી ગાડાની આગળ ચાલ્યા. જ્યારે ગામ બહાર આવ્યા ત્યારે સૌ સંતો બાપાશ્રીને પગે લાગ્યા. બાપાશ્રી પણ હેત જણાવી સૌ સંતોને મળ્યા ને બોલ્યા જે, "સ્વામી! હવે દિવ્યભાવે સદાય ભેળા રહેજો."

એમ પોતાને અંતર્ધાન થવાનું મર્મમાં જણાવ્યું, પણ તે વખતે કોઈ એ મર્મવચનને સમજી શક્યા નહિ. સ્વામી ઈશ્વરચરણદાસજીએ તો રહેવાની બહુ ઇચ્છા જણાવી, પ્રાર્થના કરી, પણ સૌ સંતોની સાથે જવાની બાપાશ્રીએ આજ્ઞા કરવાથી એ પણ કાંઈ બોલી શક્યા નહિ. એ રીતે સદ્‌ગુરુઓ તથા સંતો ચાલતાં બાપાશ્રી ફરી વાર સર્વેને મળ્યા, માથે હાથ મૂકીને "સદાય મૂર્તિનાં સુખ ભોગવજો" એમ આશીર્વાદ આપી તથા "આમ ને આમ દિવ્યભાવે આ સભા સંભારજો" એમ આજ્ઞા કરી સંતોને વિદાય કર્યા ને પોતે મંદિરમાં પધાર્યા. ॥૧૪૮॥

## વાર્તા ૧૪૯

સંવત ૧૯૮૪ના જેઠ વદ-૨ને રોજ બાપાશ્રી ભુજ ગયા ને ઠાકોરજીનાં દર્શન કરીને સભામાં બેઠા.

વચનામૃતની કથા થઈ રહી ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજીને કહ્યું જે, “પુરાણી! કાલે સવારમાં કથા પ્રસંગે એમ વાત આવી હતી જે કારણ શરીરને બાળીને મૂર્તિમાં જોડાઈ જાય તો ખરું સુખ મળે.”

ત્યારે પુરાણી કહે, “બાપા! અમારાં કારણ શરીર બાળીને કૃપા કરીને મૂર્તિમાં જોડી દેજો.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “તમારે કારણ શરીર ક્યાં છે? તમને તો અતિ મોટા કર્યા છે ને મૂર્તિમાં જ રાખ્યા છે, માટે સદાય આનંદમાં રહેવું. કેમ ભોગીલાલભાઈ!”

ત્યારે તે કહે જે, “હા બાપા. મોટા તો હતા, પણ તમે મળ્યા ને કૃપા કરી તેથી બહુ મોટા કર્યા. અમને પણ ન્યાલ કર્યા.”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જે આશરે આવે તે ન્યાલ થાય. જુઓને! સત્સંગમાં સંત, હરિભક્ત, બાઈ, ભાઈ, નાના, મોટા એ કારણ મૂર્તિને પ્રતાપે સુખિયા થકા એ મૂર્તિનું સુખ ભોગવે છે. માટે કારણ મૂર્તિને મૂકીને કાર્યમાં એટલે હલરવલરમાં ભળવું નહિ. વચનામૃતમાં પણ એ જ વાત આવી હતી. વચનામૃત શ્રીમુખનાં વચન છે. એ વચનમાં વજ્રની પેઠે જોડાઈને વર્તવું.”

એમ કહીને બોલ્યા જે, “સ્થૂળ, સુક્ષ્મ અને કારણ; ભૂત, ભવિષ્ય ને વર્તમાન; એ કાંઈ નથી; એક મહારાજની મૂર્તિ જ છે એવું કરવું ખપશે. મહારાજ વિના બીજું કોઈ સુખદાઈ નથી. એ મૂર્તિમાં રહ્યા તે સુખિયા થઈ ગયા. કેમ પુરાણી મહારાજ! એમ હશે કે નહિ?”

ત્યારે પુરાણી કેશવપ્રિયદાસજી કહે, “હા બાપા, એમ જ છે.”

તે વખતે પોતે કૃપા કરીને બોલ્યા જે, “પુરાણી! અમે તો જ્યાં હશું ત્યાં સુખિયા હશું. વન, પર્વત, જંગલ, વાડી, ખેતર, જ્યાં હોઈએ ત્યાં મૂર્તિ વિના એકલું ન રહેવાય. એ મૂર્તિ અગમ્ય છે, તપ કરી કરીને મરી જાય તોપણ ન મળે. એવા શ્રીજીમહારાજ તે આપણને ઘેર બેઠાં

મળ્યા તે કેવી દયા! નવલખામાં જોગી તપ કરીને સુકાઈ ગયા ત્યારે એક વખત એ મૂર્તિનાં દર્શન થયાં, અને આપણને તો ગામની વચમાં વન કરી દીધાં છે ને ઘેર બેઠા મહારાજ મળ્યા છે. માટે એ મૂર્તિમાં રસબસ રહેવું. આવા મહારાજ, આવા સંત, આવા હરિભક્ત ક્યાંથી મળે! માટે ખરેખરા પાત્ર થઈને મોટા સંત જે અનાદિ મહામુક્ત તેમનો સમાગમ કરીને શ્રીજીમહારાજનો દૃઢ નિશ્ચય કરવો. એવો નિશ્ચય જેને હોય તેને આમ હથેળીમાં મૂર્તિ બતાવીએ- મૂર્તિના સુખે સુખિયો કરી મૂકીએ. પણ જો આવા સંતને તથા આવા મુક્તને ઓળખે નહિ તો કલ્યાણ થવું કઠણ. જીવને સત્સંગની લટક હાથ આવે તો કામ થઈ જાય. આજ તો કૃપાસાધ્ય ભગવાન છે, ક્રિયાસાધ્ય નથી એમ જાણી દિવ્ય મૂર્તિનું સુખ ભોગવવું. એ મૂર્તિ વિના આત્યંતિક મોક્ષ ન થાય.''

''મેં હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ'' એમ કહીને બોલ્યા જે, ''અમે તો બધુંય જાણીએ છીએ. કેટલાક એમ કહે છે કે, 'અમારે ત્યાં મંદિર બહુ સારું થયું' તે મંદિર તો કાર્ય છે, પણ માંહી શ્રીજીમહારાજ બિરાજે છે તે કારણ સામું જોવું. એ મૂર્તિમાં જ સર્વે સુખ છે. આપણે એનું જ કામ છે. કેમ જે 'સૌના કારણ શ્રીહરિ રે.''' એમ બોલ્યા.

પછી માધાપુરના હરિભક્તોએ બાપાશ્રીને પ્રાર્થના કરી જે, ''બાપા! આ ભુજમાં આપે દયા કરી સૌને સુખિયા કર્યા તેમ અમારે ગામ જેઠ વદ-૨ થી ૯ સુધી પારાયણ બેસારવાનું નક્કી કર્યું છે. તો આપને તેડવા અમારે વૃષપુર આવવું હતું, પણ આપ અહીં પધાર્યા છો તેથી દયા કરી પારાયણમાં સૌને દર્શન દઈ, નાના-મોટા હરિભક્તોને સુખિયા કરો એવી અમારી પ્રાર્થના છે.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''ભલે, અમે આવશું; કથા-વાર્તા રૂપી બ્રહ્મયજ્ઞ કરો.''

એમ કહી પોતે માધાપુર પધારી સૌને આનંદ પમાડ્યો. ॥૧૪૯॥

## વાર્તા ૧૫૦

સંવત ૧૯૮૪ના જેઠ વદ-૫ને રોજ માધાપુરના મંદિરમાં બાપાશ્રીએ સભામાં વાત કરી જે, ‘‘પુરાણી! મહારાજની મૂર્તિ ધારીને કથા કરજો, પણ અમથા પુરાણી મ થાજો. મહારાજ ને મુક્ત આ સભામાં દિવ્ય તેજોમય દર્શન દે છે, તેથી સંત-હરિભક્તો સર્વેને આનંદ આનંદ વર્તે છે. આ દિવ્ય સભાનો મહિમા બહુ જબરો છે. જેને મહારાજ તથા મોટાની ઓળખાણ થઈ તેનું તો બહુ ભારે કામ થઈ જાય છે. જેવો છે તેવો મહિમા સમજાય તો ગાંડું થઈ જવાય. આ અમે વાત કરીએ છીએ તેમાં લેશ માત્ર ફેર ન જાણશો. જેનાં બહુ મોટાં ભાગ્ય હોય તેને શ્રીજીમહારાજનાં તથા આ દિવ્ય સભાનાં દર્શન થાય છે. તપ, ત્યાગ, વ્રત, યોગ, યજ્ઞાદિક કોઈ સાધને ન મળે તે આજ સહેજમાં મળે છે. આજ તો રોકડું કલ્યાણ છે, ઉધારાની વાત નથી.’’ એમ વાત કરી.

તે વખતે મંદિરનું સિંહાસન કરવાવાળા કડિયા દર્શને આવ્યા, ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, ‘‘વડોદરાનો કડિયો મંદિરનું સિંહાસન કરતો હતો તે કારીગર સારો હતો. ઘડતો ઘડતો ઊંચું પણ ન જુએ. ત્યારે મહારાજે કહ્યું જે, ‘તમારું નામ જાણીતું છે, પણ સાથે સાથે અમને રાખજો.’ એમ કહ્યું, પણ તે તો ઘડતો જ રહ્યો ને ઊંચું પણ જોયું નહિ. ત્યારે મહારાજ કહે, ‘ઊંચું જોઈને અમારાં દર્શન કરો.’ પછી તેણે દર્શન કર્યાં. એવું કામ છે. માટે કામકાજ કરતાં મૂર્તિમાં વૃત્તિ રાખવી, પણ ક્રિયારૂપ થઈ જવું નહિ. આ હું કોઈને વઢતો નથી, પણ મૂર્તિ મુખ્ય રાખવી તો સુખિયું થવાય. એ વિના કોટિ સાધને કામ થાય તેવું નથી.’’ એમ વાત કરી.

પછી તે કડિયાએ ખૂબ દંડવત કર્યા ત્યારે બાપાશ્રી ઊભા થઈને તેમને મળ્યા ને પ્રસન્નતા જણાવીને બોલ્યા જે, ‘‘તમે અમારા છો તેથી તમને કહ્યું.’’ ॥૧૫૦॥

## વાર્તા ૧૫૧

સંવત ૧૯૮૪ના જેઠ વદ-૬ને રોજ માધાપુરના મંદિરમાં સભામાં લોયાનું ૧૩મું વચનામૃત વંચાતું હતું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આમાં મહારાજે કહ્યું છે તે પ્રમાણે સર્વેને કરવાનું છે; પણ કાર્યમાં તાન છે જેથી કારણમાં જીવ બેસે નહિ. તપ કરી કરીને થાકી જાય, પણ જો આવી વાત હાથ ન આવે તો મોક્ષમાં ખામી રહી જાય. માલ તો મળ્યો છે, પણ ભોગવે તો કામ થાય એટલે મૂર્તિમાં જોડાય તો સુખ આવે.’’

પછી દેવરાજભાઈએ પૂછ્યું જે, ‘‘બાપા! સમાધિમાં અને દેહ મૂક્યા પછી મૂર્તિનું સુખ યથાર્થ આવે એમ વચનામૃતમાં કહ્યું છે તેનું કેમ સમજવું?’’

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘સમાધિ કરતાં અખંડ સ્મૃતિ શ્રેષ્ઠ છે. સમાધિ બે પ્રકારની છેઃ સકામ અને નિષ્કામ. ભૂત, ભવિષ્ય ને વર્તમાન તથા અગમ-નિગમ જાણવાની ઇચ્છા રહે એ સકામ માર્ગ. રવજીભાઈની પેઠે તે સત્સંગમાંથી પાડે. અ.મુ. સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી તથા સચ્ચિદાનંદ સ્વામી જેવા મોટાને મહારાજની મૂર્તિ સિવાય કાંઈ ઇચ્છા જ નહિ ને અખંડ મૂર્તિમાં જ રહે, જે નિષ્કામ માર્ગ છે. તે સિદ્ધદશાવાળા કહેવાય.’’

એમ કહીને બોલ્યા જે, ‘‘આ જીવને દેહનું આવરણ બહુ મોટું છે. તે દેહને જ્ઞાને કરીને ખોટો કરી નાખવો, નહિ તો સુખ આવવા દે તેવો નથી. એ દેહ જડ છે તોય જીવને છેતરી જાય છે અને ચાળાચૂંથણો પણ છે. તે અહીં બેઠા રામપુર કે વૃષપુર પહોંચી જાય. માટે એને નાશવંત ને દુઃખરૂપ જાણી દેહરૂપે વર્તવું નહિ. મહારાજ તથા મોટા મુક્તનું જ્ઞાન જેને થાય તેને તો અખંડ સ્મૃતિ રહે; મૂર્તિ ભુલાય નહિ. ક્યાં ભગવાન ને ક્યાં તેમના લાડીલા મુક્ત! ને ક્યાં જીવ! આ તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. જેને મૂર્તિનું સુખ આવે તથા મોટા મુક્તનો મહિમા

સમજાય તેને આનંદ આનંદ થઈ જાય, માટે સાંખ્ય ને યોગ એ બેય સિદ્ધ કરવા. જનક વિદેહી જેવું જ્ઞાન થાય તો અર્ધા શરીરને ચંદન ચર્ચે ને અર્ધા શરીરને તલવારથી કાપે એ સરખું થાય; કેમ જે મૂર્તિના સુખમાં પહોંચ્યા પછી તેને કોઈ વાતની અપેક્ષા રહેતી નથી.''

પછી લાલશંકરભાઈએ પૂછ્યું જે, ''બાપા! મોટા પુરુષ સાથે આત્મબુદ્ધિ કેમ કરવી?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''દેહ ને દેહના સગાં-સબંધી સાથે છે તેમ કરવી. આ અગાસી જો હમણાં પડે તો બધાય ભાગે; એવું કામ છે. આપણે તો શ્રી પુરુષોત્તમરૂપ થઈને પુરુષોત્તમને ભજવા. શ્રીજીમહારાજ કહે છે કે, 'દેવ જેવો થઈને દેવની પૂજા કરે તો તેની પૂજા દેવ અંગીકાર કરે.'''

તે વખતે ધનજીભાઈએ પ્રાર્થના કરી જે, ''બાપા! સત્પુરુષની આપેલી બુદ્ધિએ કરીને જેવી આવડે તેવી આત્મબુદ્ધિ કરવી છે, તોપણ જેમ છે તેમ મહિમા નથી સમજાતો અને સુખ નથી આવતું તે કૃપા કરો.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આમ ને આમ કરતાં થઈ જશે. વચનામૃત તો મનવાર જેવાં છે. શ્રીમુખનાં વચન છે તેથી કોઈ રહી જાય નહિ, પણ જીવને આવો મહિમા નહિ તેથી પૈસા રોડરોડ (ભેળા) કરે, પણ આ ન થાય. આપણે ઘેર ભારે સુખ છે. મહારાજ તથા આવા મુક્ત મળ્યા તોપણ વ્યવહારમાં ડૂબી પડ્યા હોય તે કેવી સમજણ! કેમ રામજીભાઈ! આ અમે વાત કરીએ છીએ તે સાચી હશે કે નહિ?'' ત્યારે રામજીભાઈ કહે, ''બાપા! એમ જ.''

પછી વળી બાપાશ્રી બોલ્યા જે, ''જુઓને! આવા સર્વોપરી મહારાજ મળ્યા, આવા અનાદિમુક્ત મળ્યા, આવા સંત મળ્યા, તોય ઓળખાય નહિ. તેવાને શું લાભ! શ્રીજીમહારાજે કહ્યું છે જે, 'જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી

રાખવી.' તે અવતાર આ સમજવા. પૂર્વે આવાં કલ્યાણ થયાં નથી. આજ તો અનંતનાં સહેજે આત્યંતિક કલ્યાણ થાય છે. પણ જીવમાં અજ્ઞાન છે તેથી મનાય નહિ. આ સંત-હરિભક્ત સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે.''

પછી દેવરાજભાઈએ પૂછ્યું જે, ''બાપા! બ્રહ્મને તો નિરાકાર કહે છે તે કેમ સમજવું?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ દેહનો ભાવ ટાળી ક્ષર-અક્ષરથી પર શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ થઈને મૂર્તિમાં જોડાઈ જવું. જેમ વાયુ આકાશમાં ચોંટી જાય છે તેમ. જુઓ તો ખરા! આપણે ઘેર કેવાં રત્ન પડ્યાં છે! અરે વાહ રે વાહ! 'જાણે જીવ, ઈશ્વર, માયાના મર્મને રે, રટે બ્રહ્મ થઈને પરિબ્રહ્મને રે.' આમ ને આમ જોગ કરતાં, મૂર્તિમાં વૃત્તિ રાખતાં, પુરુષોત્તમરૂપ થઈ જવાશે. કેમ દેવરાજભાઈ! આ લોકમાં એવા હશે કે નહિ હોય?'' ત્યારે દેવરાજભાઈ કહે, ''હા બાપા! શ્રીજીમહારાજે દયા કરી છે તે બધુંય અહીં છે.''

એવી રીતે અલૌકિક વાતો કરીને ગામમાં સૌ હરિભક્તોને દર્શનદાને સુખિયા કરતાં બાપાશ્રી કથાની સમાપ્તિ થયા પછી વૃષપુર પધાર્યા. ॥૧૫૧॥

## વાર્તા ૧૫૨

સંવત ૧૯૮૪ના અષાઢ સુદ-૨ સુધી બાપાશ્રીએ પોતાના જોગમાં જે જે સંત હરિભક્ત આવેલા, તેમને શ્રીજીમહારાજની મૂર્તિના સુખભોક્તા કર્યા. મોટા મોટા સંતો તથા સ્થિતિવાળા હરિભક્તો બાપાશ્રીના અદ્ભુત પ્રતાપને જાણી, દેહના કષ્ટને ન ગણીને મહિનો મહિનો, કોઈ પંદર દિવસ, તો કોઈ પાંચ-આઠ દિવસ પોતપોતાનાં કામકાજ છોડીને કેવળ બાપાશ્રીની પ્રસન્નતાને અર્થે વૃષપુરમાં આવતા. સૌને એમ જે, ''અત્યારે શ્રીજીમહારાજના સંકલ્પથી બાપાશ્રી દૃષ્ટિગોચર વર્તે છે અને અનાદિમુક્ત મૂર્તિમાં રસબસ રહ્યા છે એવી સ્થિતિ કૃપાએ

કરીને કરાવે છે.'' એમ સૌ જાણતા હોવાથી હજારો સંત-હરિભક્તો નાનાં-મોટાં, બાઈ-ભાઈ દર્શને આવી કૃતાર્થ થતાં.''

બાપાશ્રીએ મહામોટા યજ્ઞ કર્યા તેમાં પણ એવો જ સંકલ્પ જે, ''આ યજ્ઞમાં જે કોઈ આવે, તેનો અમારે આત્યંતિક મોક્ષ કરવો.''

શ્રી પુરુષોત્તમનારાયણના અનાદિમુક્ત પુરુષોત્તમરૂપ છે, તેથી એ દ્વારે સર્વે ક્રિયા શ્રીજીમહારાજ કરે છે. એ મુક્ત તો મૂર્તિમાં રસબસ રહ્યા થકા અનંત કોટિ કલ્પ સુધી મૂર્તિના સુખમાંથી તૃપ્ત થતા નથી.

શ્રીજીમહારાજે સંકલ્પ કરી આ સમયમાં અ.મુ. બાપાશ્રી દ્વારે અનંત જીવોને મૂર્તિમાં ખેંચી લીધા. બાપાશ્રી કહે, ''અમે તો ખંપાળી નાખી છે.'' ખંપાળી એટલે કૃપાસાધ્ય. સાધને કરીને આ સ્થિતિ થાય તેમ ન હોવાથી મહારાજે નિજ આશ્રિત ઉપર કરુણા કરી તેથી આવા અનાદિ મહામુક્તરાજ બાપાશ્રી દ્વારે અનેક જીવો મૂર્તિના સુખમાં પહોંચ્યા. શ્રીજીમહારાજની મૂર્તિમાં અનાદિમુક્તો રસબસ ભાવે અનાદિ કાળના છે જ. જેમ શ્રીજીમહારાજ અખંડ, તેમ અનાદિની સભા પણ અખંડ. એ વાત બાપાશ્રીએ બહુ સુગમપણે સમજાવી, આશીર્વાદ આપી કંઈકને ન્યાલ કર્યા.

જે જે શહેરમાં અથવા જે જે ગામોમાં ગયા, ત્યાં એ એક જ વાત. મોટાં મોટાં ધામ (મંદિરો)માં ગયા હોય ત્યાં પણ બાપાશ્રી તો પ્રસિદ્ધ થયા વિના રહે જ નહિ. સભામાં જ્યારે વાતો કરવા માંડે ત્યારે સૌ સંત-હરિભક્તોને સહેજે આકર્ષણ થતું. જે જે વાતો થાય તેમાં મુખ્યપણું તો મૂર્તિનું જ હોય. તેમાં પણ કેટલાંક મુખ્ય વચનો આ પ્રમાણે બોલતાઃ

''આપણે સંવત ૧૮૩૭થી મહારાજ ને મુક્ત પ્રગટ થયા છે ત્યારથી શરદ ઋતુ બેઠી છે. આજ હજૂરી પધાર્યા છે તે ઠેઠ મહારાજની મૂર્તિના સુખમાં લઈ જશે. શ્રીજીમહારાજની મૂર્તિમાં મુક્ત રમે છે ને કિલ્લોલ કરે છે. મોટા રાજી થઈને કહે જે, 'માગો', ત્યારે

શ્રીજીમહારાજની મૂર્તિ માગવી. શ્રીજીમહારાજની મૂર્તિના રસરૂપી મહાપ્રસાદ લેવો.''

''આજ શ્રીજીમહારાજ મુક્ત દ્વારે સત્સંગમાં સુખ આપે છે. આ મુક્તને દર્શને મોટા મોટા અવતારાદિક આવે છે. આ તો સાક્ષાત્ પુરુષોત્તમ તુલ્ય એવા અનાદિમુક્ત તમને મળ્યા છે. આ મુક્ત તો પુરુષોત્તમ ભગવાન આગળ હજૂરી છે. મૂર્તિ, ધામ ને મુક્ત સાથે રાખવાં. મહારાજ ને મુક્ત પૂરું કરી દેશે, ડંકો દઈને જઈશું તે અનંત મુક્ત દેખશે. શ્રીજીમહારાજનું સુખ છે તે મોટા ચાલતાં આપી દે છે. મોટાની સેવા ને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે. આપણે શ્રી સ્વામિનારાયણના દીકરા છીએ માટે અક્ષરધામના રાજ્યને લાયક થાવું. મૂર્તિને ભૂલી જવાય તો રાંડીને ખૂણે બેઠી એવું કહેવાય.''

''શ્રીજીમહારાજના સુખની અવધિ નથી. મુક્તના જોગ વિના અંતર ખુલ્લાં કરી શકે એવું કોઈ સાધન કે વિધિ નથી. સાધનમાત્રનું ફળ મહારાજની મૂર્તિ છે. અનાદિમુક્ત અને શ્રીજીમહારાજ તો જળ-તરંગવત્ એક જ છે. પુરુષોત્તમના ઉપાસક છે તે તો મહાપ્રભુની સભાના છે. મોટા અનાદિમુક્તને સંભારવા; તો મૂર્તિથી બહાર નીકળાય નહિ. મહાપ્રભુના અનાદિ મળ્યા એટલે આપણાં દારિદ્ર કપાઈ ગયાં. આજ અક્ષરધામમાંથી જાન આવી છે તેમાં પતિ મહારાજ છે ને મુક્ત જાનૈયા છે તેની ખુમારી રાખવી. અક્ષરધામના ધામી શ્રી પ્રગટ પુરુષોત્તમનો ચાંદલો આવ્યો તે વાત કેવડી મોટી! બીજું બધું મળે, પણ આ વસ્તુ જે શ્રીજીમહારાજ તથા મુક્ત તે ન મળે. આજ તો સ્વાંત વરસે છે.''

''મહારાજને તથા મુક્તને ઉપમા દેવાય એવું કાંઈ છે જ નહિ. મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા જેવું છે. શ્રીજીમહારાજની મૂર્તિરૂપી મોટી વસ્તુ હાથ આવે તો બીજું બધું

ખોટું થઈ જાય. શ્રીજીની મૂર્તિ વિના સર્વે ખોટું કરી નાખવું. મૂર્તિમાં રહીને મૂર્તિનું સુખ લેવું તેને અનુભવજ્ઞાન કહીએ.

"શ્રીજીમહારાજના ગુણનો કે સુખનો કે મહિમાનો કે સ્વરૂપના જ્ઞાનનો પાર પમાય તેમ નથી; એ તો અપાર છે. આ વસ્તુ બહુ મોંઘી છે. જેના ભેળા મહારાજ હોય તેની વાતમાં શાંતિ, સુખ અને આનંદના ફુવારા આવે છે. લાખ જન્મ ધરે તોપણ કલ્યાણ ન થાય તે આજ દેહ છતાં જ કલ્યાણ થાય છે. આ તો બગાસું ખાતાં સાકરનો ગાંગડો મળ્યો છે. કારણ મૂર્તિના પધરાવનારા તો મુક્ત છે, માટે આ જોગ કરી લેવો. મુક્ત તો એકલા હોતા જ નથી. અનાદિ સાથે હેત થયું તે તો છેડો હાથ આવ્યો. આજ તો અવતારી જે શ્રીજીમહારાજ ને તેમના મુક્ત તે કરોડો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરે છે. આ મુક્ત શ્રીજીમહારાજના અવતાર છે તે અનંત જીવોનાં કલ્યાણ સારુ મનુષ્યરૂપે દેખાય છે. આ સત્સંગમાં શ્રીજીમહારાજના સંત છે તે ફૂલવાડી છે તેમાંથી સુગંધરૂપી ગુણ લેવા. મહારાજને સંભારે તો મુક્ત ભેળા આવી જાય ને અનાદિમુક્તને સંભારે તો મહારાજ ભેળા આવી જાય. આવા મુક્ત આ સત્સંગમાં છે તે જ તમને મળ્યા છે."

"મહારાજની મૂર્તિ વિના અન્ય પદાર્થમાં રુચિ તે જ મંદવાડ છે. સ્વામિનારાયણ આ સભામાં આ ઊભા! જેને જોઈએ તે લો. જેના બેલી મહારાજ ને મુક્ત છે તેને કાંઈ બાકી રહેતું જ નથી. મોટાના સંકલ્પ તો કરોડો બ્રહ્માંડોને ધામમાં લઈ જાય એવા બળવાન છે."

"આજ સનાતન મહારાજ ને સનાતન મુક્ત મળ્યા છે તેમની બરાબર બીજું કોઈ છે જ નહિ. આ જ તો મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. શ્રીજીમહારાજને મૂકીને બીજો સંકલ્પ કરવો નહિ. આજ અમૃતનું નોતરું આવ્યું છે તે શું? તો સર્વે જીવોને મુક્ત કરીને મહારાજની મૂર્તિનું સુખ જેવું છે તેવું જ આપવું છે. અંતર્વૃત્તિ કરીને મહારાજની મૂર્તિમાં જોડાવું. સત્સંગની સર્વે ક્રિયામાં મહારાજને ધણી રાખવા, પણ પોતે

ધણી થાવું નહિ. મહારાજને જે વખતે ભૂલી જવાય તે વખતે તે વાંઝિયો કહેવાય. મૂર્તિને સાથે ન રાખે તો તેને સુખ ન આવે. મોટા તો ધક્કો મારે તોય સર્વે આવરણ ટાળીને શ્રીજીમહારાજની મૂર્તિના સુખમાં લઈ જાય. મહારાજની ને મોટાની સાથે રસબસ થઈ રહેવું. કલ્યાણમાં ફેર પડે તેના જોખમદાર અમે છીએ.''

''શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો નાદ થાય છે તે નાદ જેને મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય તે સાંભળે. શ્રીજીમહારાજ તો આ દ્વિભુજવાળા બેઠા. ક્યાં અનાદિમુક્ત! ને ક્યાં મહારાજ! તેમનું પ્રમાણ અવરભાવવાળા શું કરી શકે! મૂર્તિ તો આ રહી. મૂર્તિનો વાંક નથી, પણ મૂર્તિને લેનારાની ખોટ છે. મૂર્તિમાંથી તેજ ઝળક ઝળક કરે છે ત્યાં આ સભા બેઠી છે. રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. આ તો શ્રીજીમહારાજની ચૂંદડી ઓઢી છે તે ધન્યભાગ્ય છે. લાખો-કરોડો જન્મનાં કર્મ તે પણ દર્શન માત્રમાં નાશ કરી નાખે એવો મોટાનો પ્રતાપ છે. આપણે તો કારણ મૂર્તિનું જ કામ છે. મૂર્તિ વિના બીજું સર્વે વિષ જેવું છે.''

''શ્રીજીમહારાજ જેવા ભગવાન ને આવા મુક્ત તે અનંત કોટિ બ્રહ્માંડમાં ક્યાંયે નથી. આ વર્તમાન કાળમાં લાખો-કરોડો જીવને મહારાજની મૂર્તિના સુખમાં લઈ જઈએ છીએ. અનંત કાળનાં સુકૃત ઉદય થયાં હોય ને છેલ્લી પ્રાપ્તિ થવાની હોય તેને આવા મોટા ઓળખાય છે.''

''મહારાજની મૂર્તિમાં જ સુખ છે; બીજે બધે તો રોગી વાની ઊડે છે. શ્રીજીમહારાજ ને મુક્ત સાક્ષાત્ બિરાજે છે એવું જણાતું નથી ત્યાં સુધી મહિમા સમજાય નહિ. મહારાજનું સુખ તો બહુ જ જબરું છે. આજ તો શ્રીજીમહારાજે ચીંથરામાં રત્ન વીંટીને રાખી મૂક્યાં છે. શ્રીજીમહારાજ તથા તેમના મુક્ત પાસેથી જેટલું ચિંતવીએ તેટલું દિવ્ય સુખ મળે. આ સભા દિવ્ય છે એવું સમજાય તો શ્રીજીમહારાજ હડેડાટ

તેડી જાય છે. તમારે તો જીતનો ડંકો વાગી ગયો છે.''

''મહાપ્રભુજી અક્ષરધામનું જેટલું સુખ છે તેટલું બધુંય આપણા સારુ લાવ્યા છે. મૂર્તિથી ઓરું જે જે સુખ છે તે ગુંદાના ઠળિયા જેવું છે. અંત વખતે મહારાજનું સુખ જેવું છે તેવું તમને બતાવી દેશું. મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે, ગરીબનિવાજ છે. સત્સંગમાં જે મુદ્દો છે તે આપણને મળ્યો છે. તે મુદ્દો શું? તો મહારાજની મૂર્તિ. અમારો વેપાર તો જીવને કારણ મૂર્તિમાં પહોંચાડવા એ જ છે. મહારાજ વિના જો ખોટો ઘાટ થાશે તો જન્મ ધરવો પડશે.''

''મહારાજ અને આ મુક્તનાં દર્શન-સ્પર્શાદિકનાં ફળનું માપ થાય નહિ; એ તો અપાર ને અવિનાશી છે. અનાદિમુક્ત અનાદિ કાળથી મૂર્તિમાં સળંગ રહીને નવીન નવીન સુખ લે છે એમને પણ મૂર્તિનો કે સુખનો પાર આવતો નથી. વચનામૃતમાં શ્રીજીમહારાજનો એકલો રસ ભર્યો છે. મહારાજ આજ મધ્યસ્થ બિરાજે છે ને ફરતા મુક્ત બેઠા છે. આ સત્સંગમાં અવતારાદિકને, બ્રહ્મકોટિને તથા અક્ષરકોટિને પણ આવ્યા વિના છૂટકો નથી. શ્રીજીમહારાજ અને તેમના મુક્તને મુકરદમ રાખવા. શ્રીજીમહારાજ ને એમના મુક્તની સેવાથી, એમને જમાડવાથી મૂર્તિનું સુખ મળે છે. શ્રીજીમહારાજ અને મોટા મુક્તને સાથે રખવાળા રાખવા. એક મૂર્તિ ને મુક્ત તેમને બાઝવું. શ્રીજીના ભક્તની તો મોટા મોટા અક્ષરકોટિ પણ પ્રાર્થના કરે છે. આજ સંવત ૧૮૩૭થી મોક્ષનો માર્ગ શ્રીજીમહારાજે ચલાવ્યો છે માટે બીજે ભટકાવું નહિ.''

''શ્રીજીમહારાજનો મહિમા તો અનાદિમુક્તોથી પણ પૂરો કહેવાય તેમ નથી. માટે મોટાનાં વચનમાં શાસ્ત્રની સાખ ન લેવી. સુખ તો મૂર્તિમાં જ છે, પણ બીજે નથી. પુરુષોત્તમ ભગવાન ને મુક્ત તો જુદા પડતા જ નથી. મૂર્તિની સભાના કહેનારાનું ન માનીએ તો આપણે કઈ જગ્યામાં રહેવું? મોક્ષનો દરવાજો બંધ કરવો નહિ. આથી પછી બીજા કિયા કહેનારા આવશે? આજ અભયદાન આપે છે તે સર્વે

આવરણ ટાળીને મહારાજની મૂર્તિમાં બેસારી દે છે. આજ મહારાજ ને મુક્ત ખરેખરો સ્વાંત વરસાવે છે તેને જો અધરથી ઝીલે તો મૂર્તિના સુખે સુખી થવાય. આ સભાનો અક્ષરધામની સભા જેટલો મહિમા સમજાય તો દેહ મૂકીને છેટે જાવું નથી. માયાનો પડદો ટળે તો આ સભા દિવ્ય તેજોમય ઝળઝળાટ તેજમાં મૂર્તિ ને મુક્ત દેખાય. જીવ ઝીણો ને મહારાજ ને મુક્ત મોટા; તેનો પાર ક્યાંથી પમાય?''

''આ સભાને શ્રીજીમહારાજે મોકલી છે– મહારાજ પણ ભેળા બિરાજે છે ને સુખ આપે છે. જેમાં શ્રીજીમહારાજના જેવા ગુણ હોય તેને કલ્યાણની કૂંચી આપે છે ને તેને જ કલ્યાણની સોંપણી કરે છે. શ્રીજીમહારાજે પોતાના જે લાડીલા જે ખાનગી હજૂરી છે તેને કલ્યાણની કૂંચી સોંપી છે. આ જીવને લેવા શ્રીજીમહારાજ ને એમના મુક્ત આવ્યા છે. આજ ન્યાલકરણ પધાર્યા છે; જે લેવું હોય તે લ્યો. ખોટ બધી આ સભાના જોગથી નીકળે છે ને જાત-કુજાત જોતા નથી, સર્વેને ન્યાલ કરે છે. અનાદિ તો મૂર્તિમાં જ રહ્યા છે એ તો બહુ સુખિયા છે. આ સભામાં દિવ્યભાવ આવે તો છતે દેહે ધામમાં બેઠા છીએ એવું થઈ જાય.''

''શ્રીજીમહારાજ જેને પ્રત્યક્ષ મળ્યા તેને વૈભવ ઘણા મળ્યા છે; માટે અયોગ્ય ક્રિયા ન કરવી. શ્રીજીના આશ્રિત બીજે માથાં ભટકાવવા જાય તે બહુ જ અજ્ઞાન છે. આપણે તો શ્રીજીની સભામાં જ બેઠા છીએ, પણ મરીને જાવું નથી.''

''આ જોગમાં રહીને ધ્યાન કરીને મૂર્તિ સિદ્ધ નહિ કરે તો મહારાજના ને મોટાના ગુનેગાર થાશે. મૂર્તિની વાત કરીએ ત્યારે જાણે વજ્ર કમાડ દીધાં! પણ એ તો જરૂરાજરૂર કરવું જોશે. ધ્યાનનો આગ્રહ કરે તો છ મહિનામાં ઝળળળ તેજમાં મૂર્તિ દેખાય ને સાક્ષાત્કાર થઈ જાય. દેહ રાખવાનું જેટલું તાન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ દેખાય. આજ મહારાજ ને મોટા સભામાં બિરાજે છે તે આગ્રહ કરો તો સાક્ષાત્કાર કરાવી દે; એની આ સભા સાક્ષી છે. આ વખતે

મૂર્તિનો સાક્ષાત્કાર થઈ જાય તેવું છે. આ ટાણે સાક્ષાત્કાર નહિ કરો તો પછી કોણ કરાવશે? આવી વાત પછી કોણ કરશે? માટે આ કરો, આ કરો, બીજું સર્વે પડ્યું મૂકો. મૂર્તિ રાખો તો બધુંય આવ્યું. આ લાભ આ ટાણે મળ્યો છે તે લેવો ને જરૂર મૂર્તિ સિદ્ધ કરવી.''

''એક શ્રીજીમહારાજની મૂર્તિમાં જ સુખ માનવું ને હેત કરવું. મૂર્તિમાં રહે તેને મારું નહિ, તારું નહિ, સાધુ નહિ, ગૃહસ્થ નહિ; એને કાંઈ જોઈએ જ નહિ. અનુભવજ્ઞાનમાંથી ખુશબો આવે છે તે મૂર્તિમાં લઈ જાય છે ત્યારે એક પુરુષોત્તમ જ રહે છે. આ સભાનો મહિમા તો અતિશે મોટો છે.''

''જે મૂર્તિ અક્ષરધામમાં છે તે જ મૂર્તિ મનુષ્યરૂપે અને પ્રતિમારૂપે દર્શન આપે છે એમ સમજાય તો કામ નીકળી જાય. અક્ષરધામમાં મૂર્તિ છે તે જ પ્રતિમા છે, પણ એક રોમનો ફેર નથી. જો ફેર જાણે તો દ્વેષ કર્યો કહેવાય.''

''આજ ધણીયે મોટા મળ્યા ને પ્રાપ્તિયે મોટી મળી; માટે હવે એ કરવા મંડવું. જો ન કરે તો કૃતઘ્ની કહેવાય. મહારાજની ઉપાસના તો આ સત્સંગમાં છે, પણ બીજે ગોલોક, વૈકુંઠ, બ્રહ્મકોટિ કે અક્ષરકોટિમાં ક્યાંયે નથી. બીજી સભાઓના મુક્તોથી તથા તેમના સ્વામીઓથી પણ આ સત્સંગમાં શ્રીજીમહારાજના મુક્ત વિશેષ છે. એક શ્રીજીમહારાજનો જ આધાર હારલની લકડીની પેઠે રાખવો. મૂળઅક્ષરકોટિને પણ આ મુક્તનાં દર્શન નથી તે તમને મળ્યા છે. જો મહારાજને ને અનાદિમુક્તને સાથે ને સાથે રાખે તો સત્સંગ દિવ્ય જણાય. તમને બધાયને મૂર્તિમાં મૂક્યા છે. સુખમાત્ર બધું આ સભામાં છે, પણ મફતનું અપૂર્ણપણું રાખે છે. આ મુક્ત તો શ્રીજીમહારાજના પડછંદા છે.''

''શ્રીજીમહારાજની મૂર્તિ વિના બીજી ઇચ્છા રહે તે દુષ્ટ વાસના જાણવી. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અનુભવજ્ઞાન છૂટે તે મૂર્તિમાં લઈ

જાય છે. અમે તો ધણીનો ને ધણીના લાડીલા મુક્તનો મહિમા કૃપા કરીને કહીએ છીએ. શ્રીજીમહારાજને જેવા છે તેવા સમજો ને આજ્ઞા પાળો તો અમે સહાય કરીને મૂર્તિના સુખમાં મૂકી દઈશું. આ શબ્દ નીકળે છે તે સ્વામિનારાયણની મૂર્તિમાંથી નાદ નીકળે છે. આ મહિમા સમજાય તો કાંઈ બાકી રહે જ નહિ. સાધને કરીને કલ્યાણ લેવું તે દહાડી કર્યા જેવું છે ને આશરે આવીને દેહ, મન ને જીવ સોંપી દે તો કલ્યાણ થાય તેમાં કાંઈ વાર લાગે નહિ. આ વખત ને આ દાવ જો ભૂલ્યા તો પૂરું થાય એમ નથી; માટે ચાલોચાલ સત્સંગ ન કરવો. જેમ ચમક લોહને ખેંચે છે તેમ અનાદિમુક્ત મૂર્તિમાં ખેંચી લે છે.''

''મહારાજ મોંઘા બહુ છે તે તપે કરીને, સેવાએ કરીને, ભક્તિએ કરીને કે કોટિ સાધને કરીને પણ મળે તેમ નથી; પણ આજ સોંઘા થયા છે. મુક્તનું ને મહારાજનું સુખ, મહિમા ને સામર્થી તેનો કોઈ પાર પામે તેમ નથી. જેવા છીએ એવા ઓળખો તો દરિયામાં દોટ દેવાનું કહીએ તોપણ દો. સ્વામિનારાયણને જેવા જાણશું તેવા કરશે. આવા મહારાજ ને આવા મુક્ત તે ક્યાંય નથી; અહીં જ છે, માટે તેનો કેફ રાખવો. શ્રીજીમહારાજ ને મોટા તો જેવા ધામમાં છે તેવા ને તેવા જ દિવ્ય છે. મૂર્તિના ઘરાક થાવું; જે એના ઘરાક નથી થાતા તે તો મૂર્તિ વિના વાંઝિયા પડ્યા છે. સત્સંગમાં આજ શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બિરાજે છે. આજ મોટા મુક્ત મૂર્તિમાં રમ્યા કરે છે. આ તો દિવ્ય સભા છે. શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્તનો જોગ એક સરખો જ છે.''

''શ્રીજીમહારાજ રોઝે ઘોડે સત્સંગમાં ફરે છે, મુક્તો ભેળા ફરે છે અને સત્સંગની રમત જુએ છે. આજ સત્સંગમાં ભગવાન બિરાજે છે, પણ પાપી અને અધર્મી છે તેના મતે નથી. આ સભા તો અક્ષરધામનો દરવાજો છે. મહારાજને સંભારશો તો સદ્‌ગુરુ થાશો અને મહારાજને મૂકશો તો કોઈ ભાવ નહિ પૂછે. આ સત્સંગમાં શ્રીજીમહારાજ ઘોડે ચડીને ફરે છે, આજ્ઞા લોપે તેને ચાબુક મારે છે. આ સભા દિવ્ય તેજોમય અક્ષરધામની સમજવી. આજ શ્રીજીમહારાજ

સત્સંગમાં પ્રત્યક્ષ વિચરે છે તેમને પાપી અસુર તે ન જાણે.''

''શ્રીજીમહારાજની મૂર્તિનો સુખભોક્તા થયો તેને ઝળળળ ઝળળળ મૂર્તિનું તેજ છૂટે, પૂરું ન થવાય કે હવે જમી રહ્યા. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી તેજ ઝળેળાટ નીકળે છે તેનો ઘોષ થાય છે તેને પ્રણવનાદ કહેવાય. અક્ષરથી પર આનંદઘન જે પોતાનું તેજ તેમાં શ્રીજીમહારાજ મુક્તે સહિત રહે છે ત્યાં તેજના ફુવારા છૂટે છે તેમાંથી ખુશબો આવે છે. મહારાજે ધર્મધુર માર્ગ બાંધ્યો છે. આ સભા અક્ષરધામની જાણે તો સુખના સમુદ્રમાં ઝીલે. મૂર્તિમાં રસબસ થઈ જાય તો ત્રિવિધ તાપ ન નડે. આવા સ્વામિનારાયણ ભગવાન અને સંત અનંત કોટિ બ્રહ્માંડમાં ન મળે તે આજ મળ્યા છે. મહારાજે તો સુખ ઘણું આપ્યું છે, પણ જીવથી ભોગવાય નહિ. અમે તો અનંત જીવનો ઉદ્ધાર કરવા આવ્યા છીએ. શીતળ શાંત જે અક્ષરધામ તેમાં મહારાજ બેઠા છે તે આપણે નજરે દેખીએ છીએ.''

''મહારાજની મૂર્તિથી જુદા પડવું નહિ. અમે તો જીવને શ્રીજીમહારાજ પાસે લઈ જવા આવ્યા છીએ; માટે અમારો દાખડો સુફળ કરજો. આજ તો કૃપાસાધ્ય ભગવાન છે તે કૃપા અપાર કરે છે. અમે અક્ષરધામમાંથી તમને સર્વેને ખણવા આવ્યા છીએ. આપણે તો એ કારણ મૂર્તિનું જ કામ છે. મૂર્તિમાંથી ઝળળળ ઝળળળ તેજ છૂટે છે- તે તેજમાં મૂર્તિ રહી છે. મહારાજ તો કેવળ કૃપાસાધ્ય છે તે કૃપા કરીને આજ જીવના ઉદ્ધાર કરે છે. આ સભા મૂર્તિ પધરાવે છે. શ્રીજીમહારાજે પોતાની મૂર્તિ વિના બીજું કોઈ પ્રધાન રહે તેવું રાખ્યું નથી. બીજા અવતારમાં સ્વામિનારાયણ ભગવાન જેવો ભાવ બેસે તો પતિવ્રતાપણું જાય. આજ સાક્ષાત્ શ્રીજીમહારાજ મધ્યસ્થ બિરાજે છે અને મુક્ત ફરતા બેઠા છે; માટે સદાય પ્રત્યક્ષ છે. અમારે તો સર્વેને મહારાજની મૂર્તિમાં રાખવા છે. અક્ષરધામમાં બે ભુજાવાળા ભગવાન બિરાજે છે. આપણા પતિ બે ભુજાવાળા સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને ઓળખવા. આપણને તો મહારાજે ન્યાલ કર્યા છે. એ કારણ મૂર્તિના આધારે સૌ

સુખિયા છે.''

''સર્વે સાધનનું ફળ શ્રીજીમહારાજની મૂર્તિ છે. મહારાજની મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે. મૂર્તિમાંથી તેજની સેડો છૂટે છે. શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિમાંથી અનંત અપાર સુખ ઉત્પન્ન થઈ અનાદિ મહામુક્ત દ્વારે સત્સંગમાં ફેલાય છે. મોટાની સેવા અને સમાગમ કરવાથી મહારાજની મૂર્તિરૂપી ફળ પ્રાપ્ત થાય છે. અનંત પ્રકારનાં સુખ માત્ર શ્રીજીની મૂર્તિમાં રહ્યાં છે. મહારાજની મૂર્તિમાંથી તેજ ફરર ફરર છૂટે છે. આપણે તો એક ચિંતામણિરૂપ મહારાજની મૂર્તિ રાખવી ને અનાદિમુક્તનો જોગ રાખવો.''

''વસમી વેળાએ વહાર કરનાર આ મુક્ત છે. મહારાજનો કે મોટાનો જોગ થયો એટલે સંપૂર્ણ માનવું. આપણને મહારાજ ને મોટા મળ્યા; હવે કોઈ વાતનો વાંધો રહે તેમ નથી. મહારાજના મહિમાનું બીજ સર્વે વાતમાં લાવવું. મહારાજના પ્રસંગ વિનાની લૂખી વાત ક્યારેય પણ કરવી નહિ. મહારાજ અને અનાદિમુક્તને જુદાપણું નથી. આ લોકમાંથી લૂખા થઈને મહારાજની મૂર્તિમાં જોડાઈ જાય તો અવયવ ફર્યાં કહેવાય. આ સભા અક્ષરધામની છે, આપણે અક્ષરધામની મધ્યે જ બેઠા છીએ. આ જીવને ઉગારવા સંત ભાતાં બાંધી બાંધીને ફરે છે તેથી એમના થઈ રહેવું.''

''કલ્યાણ સ્વામિનારાયણને ઘેર છે- બીજે ક્યાંય નથી. શ્રીજીમહારાજ સૌને અભયદાન આપે છે તેથી સત્સંગમાં સર્વે સુખિયા છે. આપણે સાચી વસ્તુ જે મહારાજની મૂર્તિ તે રાખવી. સાધુ તો અક્ષરધામનો દરવાજો છે, તે દ્વારા મહારાજ સુખ આપે છે. આપણે કારણ મૂર્તિ રાખવી. શ્રીજીમહારાજને જેવા છે તેવા જાણવા એ તો બહુ ભારે વાત છે. મહારાજની મૂર્તિમાંથી નવીન નવીન ખુશબો છૂટે છે. અનાદિ તો રસબસ થકા રોમરોમનાં સુખ લે છે. મહાપ્રભુ ન્યાલકરણ પધાર્યા છે.''

“મહારાજની મૂર્તિ આવી તો સર્વે વસ્તુ હાથ આવી. આપણે તો એક સ્વામિનારાયણ રાખવા. ધણી સત્સંગમાં અખંડ બિરાજે છે. મૂર્તિ વિના અમે બીજું જોતા નથી. આજ મોટા સોંઘા થઈને દર્શન દેવા આવ્યા છે. શ્રીજીમહારાજ ને આવા મોટા સંત હરકોઈ બ્રહ્માંડમાંથી ખોળી લાવે તો ઈનામ દઈએ, પણ મળે જ નહિ; તે તો સત્સંગમાં છે. આજ શ્રીજીમહારાજ સત્સંગમાં બિરાજે છે. આવા મહારાજ ને તેમના અનાદિ આ સભામાં દર્શન દે તે કાંઈ થોડી-ઘણી વાત નથી. આ ટાણે તો અમૃત લૂંટાય છે. આવા જોગમાં કોણ રહી જાય! આવી દિવ્ય સભાનાં સુખ કોણ મૂકી દે! મૂર્તિમાંથી તેજના ફુવારા છૂટે છે.”

“શ્રીજીમહારાજ તથા મોટાને લઈને આપણી મોટ્યપ છે. મહારાજે અનંત મનવારો ભરવાનું ધાર્યું છે. એમના મુક્તનું પણ એ જ કામ છે. આ સમે મહારાજે કલ્યાણનું બહુ સુગમ કર્યું છે. શ્રીજીમહારાજનો પ્રતાપ તો બહુ જબરો. ગામોગામ મોક્ષના દરવાજા ઉઘાડા મેલ્યા છે. મહારાજનો સાક્ષાત્કાર થયો તેને બધુંય દિવ્ય થઈ ગયું.”

“મહારાજનો સંકલ્પ છે કે અમારી નજરે ચડ્યો તેને મૂકવો નથી. એમના અનાદિને પણ એ એક જ કામ છે. ભગવાનના ભક્તને તો એક ભગવાન ખપે; એનો આનંદ ને એની ખુમારી જોઈએ. એક પુરુષોત્તમ ભગવાન ને તેમના અનાદિ રાખીએ તો બીજું કાંઈ ભાસે જ નહિ- આનંદ આનંદ થઈ જાય. મૂર્તિથી નોખું પડાય તો સત્સંગમાં તેની જય થાય નહિ. અનાદિમુક્ત તો મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને જીવને ઢસરડી લે છે. આપણે તો એક છોગલાવાળા સ્વામિનારાયણને રાખવા. જો એ આપણી ભેળા હોય તો હય્યો. અમારે ઘેર એ જ વેપાર છે; બીજો વેપાર કોઈ કરશો નહિ. જેવી અક્ષરધામમાં સભા છે તેવી આ સભા છે; કેમ જે આ સભામાં મોટા અનાદિ બેઠા છે. સત્સંગમાં હજારો-લાખો મુક્ત બધાય સહાયમાં છે. મહારાજ સત્સંગની વહારે ચડ્યા છે. આ તો અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે.”

"પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી ખુશબો ઊઠે છે તે ખુશબો મુક્તને ખેંચે છે અને મૂર્તિ સાથે રસબસ કરે છે તે અનુભવજ્ઞાન. સ્વામિનારાયણને ઘેર બધી વસ્તુ છે. મહારાજે આ સભાને અક્ષરધામનો દરવાજો કહ્યો છે. અનાદિ વસ્તુ ઓળખવી બહુ કઠણ છે. આ સભા અક્ષરધામની છે તેને ચૂંથી ન નાખવી. મહારાજ અને તેમના અનાદિ તો આ રહ્યા– પ્રત્યક્ષ છે. તેજોમય ફુવારા ઝળળ ઝળળ છૂટે છે. આપણે તો મહારાજ ને મહારાજના મુક્તને વળગી રહેવું. અમારો સિદ્ધાંત તો એવો છે કે મૂર્તિ અને મુક્ત વિના બીજી કોઈ વાત જ નથી. મૂર્તિ છે તે ચિંતામણિ છે, કલ્પતરુ છે, મહામોંઘી વસ્તુ છે– તેને મોટા મુક્ત પારખે છે. જેવા-તેવાનું આમાં કામ નથી."

"મહારાજ તથા મોટા મુક્ત અધમ જેવા જીવને વિષે પણ સારો સંકલ્પ કરે છે. ખરો ઝવેરી હોય તે આવા હીરાનું પારખું કરે. મહારાજનો ખરો મહિમા તો અનાદિમુક્ત જ જાણે. ભગવાન પાસે સુખના ઢગલે ઢગલા છે તેથી માગીએ તો મૂર્ખ કહેવાઈએ. મહારાજ અને મોટા અનાદિને ક્યારેય પણ છેટા ન જાણવા ને પોતાને પણ છેટે ન રહેવું. એક મહારાજની મૂર્તિ વિના બીજું જોવાનો ઠરાવ રાખવો નહિ. તેજનો સમૂહ દેખાય તો તેમાં શ્રીજીમહારાજની મૂર્તિ જોવી ને તેમાં વળગી જાવું, પણ તેજમાં સુખ માનીને મૂર્તિ વિના એને જોવું નહિ. આજ તો સ્વામિનારાયણ ભગવાન ને તેમના મુક્ત અઢળક ઢળ્યા છે. આવી દિવ્ય સભામાં મોક્ષનું દાન માગવું."

"મહારાજની મૂર્તિમાંથી અલૌકિક સુખ આવે છે. મહારાજ અને અનાદિમુક્ત અરસપરસ છે. સત્સંગમાં લક્ષાવધિ મનુષ્ય છે તે સર્વે શ્રીજીમહારાજ તથા મોટા અનાદિને લઈને છે. મોટા મુક્તના જોગે કરોડો સુખિયા થઈ ગયા. આપણે તો અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણના રાજ્યમાં છીએ. આપણને પુરુષોત્તમનારાયણ જેવા પતિ એટલે અવિનાશી વર મળ્યા એમ જાણી આનંદના સમુદ્રમાં ઝીલવું. મોટા મુક્ત મહારાજ વિના એક ક્ષણ માત્ર પણ જુદા રહેતા નથી. મોટા

તો પુરુષોત્તમ ભગવાનના લાડીલા મુક્ત છે. અમારે તો કોઈને મૂકવા નથી; ઠેઠ મૂર્તિના સુખમાં પહોંચાડવા છે. મહારાજ અને મોટાને આશરે સુખિયા રહેવું.''

''તેજના સમૂહને વિષે શ્રીજીમહારાજ છે, ચારે બાજુ મુક્તની સભાથી બધું બ્રહ્માંડ ઠસાઠસ ભરાઈ ગયું છે, તેજનાં કુંડાળાં પડે છે, મહારાજની મૂર્તિ છે ત્યાં સર્વે મુક્ત બેઠા છે. આ તો દિવ્ય સભા છે તેને મૂકીને એકલા ન રહેવું. મહારાજ અને મોટા અનાદિ મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. આપણે તો મહારાજ અને મોટાના ખોળામાં મસ્તક મૂકી દેવું. અનાદિના સંકલ્પે મૂર્તિ મળે છે. મહારાજ તો ચક્રવર્તી રાજાને ઠેકાણે છે. ખરી મોટ્યપ એક મહારાજની મૂર્તિમાં છે. એક પારસથી પારસ બને એવા મહારાજ છે. આ તો સુખનો સમુદ્ર છે. અમે તો એવો જ આશીર્વાદ દઈએ છીએ કે બધોય સત્સંગ સાજો આબાદ ભગવાન પાસે જાય અને બધાય અનાદિની પંક્તિમાં ભળી જાય. સ્વામિનારાયણને ત્યાં મડદું નહિ શોભે. મોટા અનાદિને તો અવતારાદિક પણ વંદે છે. જેટલાં ભગવાનનાં અવયવ એટલાં અનાદિમુક્તનાં અવયવ.''

''તેજોમય મૂર્તિ ઝળક ઝળક ઝળકે છે તેમાં મુક્ત સર્વે રહ્યા છે. આ સમે મહારાજ કહે, 'અમારે પાત્ર-કુપાત્ર જોવા નથી, અમે તો અનંત જીવને અભયદાન આપવા આવ્યા છીએ.' આપણને તો કારણ મૂર્તિ શ્રીજીમહારાજ મળ્યા છે. આ સભા સ્વામિનારાયણ ભગવાનની છે. આ સભામાં બહુ મોટું કામ થાય છે. અનાદિની તો વાત જ શી કહેવી? તેમને તો મૂર્તિ વિના બીજું કાંઈ છે જ નહિ. આ સભામાં મહારાજ અખંડ બિરાજે છે, તે ભગવાન જેવા બીજા કોઈ અનંત બ્રહ્માંડમાં નથી. આ તો ન્યાલકરણ પધાર્યા છે. મહારાજ ને મોટા કૃપાસાધ્ય છે. આપણું પૂરું કરવું તે મહારાજ અને મોટા મુક્તના હાથમાં છે. આ તો ખરો મુદ્દો હાથ આવ્યો છે, તે જો મૂકી દઈએ તો રખડી પડીએ. શ્રીજીમહારાજ પોતાનો દિવ્ય સાજ લઈ પધાર્યા છે. મહારાજની

સાક્ષાત્ વ્યતિરેક મૂર્તિનું સુખ આપણને મળ્યું છે. આ બધા હરિભક્તો જમે છે તે બધું અક્ષરધામનું દિવ્ય સુખ છે. કોણ પીરસે છે અને કોણ સુખ આપે છે એ જોવું. આ તો દિવ્ય મુક્ત, દિવ્ય મહારાજ, સર્વે સાથે મળ્યું છે.''

''શ્રીજીમહારાજે આ સમે આત્યંતિક મોક્ષ કરવા અક્ષરધામનાં બારણાં ઉઘાડાં મેલ્યાં છે. અનાદિમુક્તનો મહિમા અતિશે જાણવો; કેમ જે એમનું પ્રગટપણું અનંત જીવોનાં કલ્યાણને અર્થે છે. એક એક મુનિમાં અનેક મુનિનાં વૃંદ; એવા આ મોંઘા મુક્ત છે, તે શ્રીજીમહારાજે સોંઘા કર્યા છે. આ તો મહારાજના પડછંદા છે. મુક્ત તો હજૂરના રહેનારા છે, મહારસના પાન કરનારા છે. મહારાજની દયાનું માપ થાય તેવું નથી. અમૃતના સિંધુ ઊલટ્યા છે. કોઈ આવો! કોઈ આવો! આ ટાણે મહારાજે મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે. આ વખતે મહારાજે ખંપાળી નાખી છે તેથી નજરે પડ્યો તેનું કામ થઈ જાય છે.''

''મહારાજે તો એમ કહ્યું છે જે, 'અક્ષરધામમાં મૂર્તિ ને આ મૂર્તિમાં એક રોમનો ફેર નથી.' સ્વામિનારાયણમાં ત્યાગ-ભાગ નથી. આ તો અચળ, સનાતન ને અનાદિ છે ને સર્વેના ઉપરી છે. આપણે કારણનું સુખ, કારણની સભા, કારણનું તેજ ને કારણની સામર્થી તેનું કામ છે. મહારાજ વિના બીજું સંભારવું તે તો ખોટી થવા જેવું છે; માટે આપણે તો એક મૂર્તિ જ રાખવી. મહારાજ તો ઝળઝળાટ તેજમાં દર્શન દે છે. દિવ્ય દૃષ્ટિ થાય એટલે આ રહ્યા. અપરિમ્ અપરિમ્ સુખનું સ્થાન એ મહાપ્રભુ છે. મહારાજ ને મુક્ત વિના આપણો ક્યાંય ભાગ નથી અને એ બે વિના બીજું ઠરવાનું ઠામ ક્યાંય નથી. મહારાજ કહે છે કે, 'અમારે અનંત જીવના ઉદ્ધાર કરવા છે તેથી મોક્ષનાં સદાવ્રત બાંધ્યાં છે.' કારણ મૂર્તિનું એ જ કામ છે. શ્રીજીમહારાજનો સાક્ષાત્કાર કરવાનું આ ટાણું છે. મહાપ્રભુ દયાએ કરીને પધાર્યા છે. સુખનો સમુદ્ર તો એક શ્રીજીમહારાજ જ છે. મહારાજ તથા તેમના અનાદિમુક્ત સદાય સાથે જ છે. એ જેમ છે તેમ દેખાય તો દીવાના-મસ્તાના થઈ જવાય.''

"શ્રીજીમહારાજ અને મોટા અનાદિ વર્તમાન કાળે સાવ સોંઘા છે. આ બધી સ્વામિનારાયણની ફૂલવાડી છે. આ સંત-હરિભક્તરૂપ દિવ્ય વિમાન અક્ષરધામ સુધી ઊડે છે, તે ઠેઠ મહારાજની મૂર્તિમાં ઠરીને બેસે છે. આપણે જોયા જેવું તો એક મહારાજનું રૂપ છે. મહારાજની મૂર્તિ વિના બીજે રોગી વાની ઊડે છે. ભગવાન તો એક પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ જ છે, તે સિવાય બીજા કોઈ ભગવાન નથી."

"મહારાજ ને મહારાજના અનાદિમુક્ત તે તો એક સંકલ્પે અક્ષરધામમાં પહોંચાડી દે છે એવા સમર્થ છે. આવા અનાદિમુક્ત મૂર્તિમાં કિલ્લોલ કરનારા તેમના પગરખામાં પણ આ જીવને બેસવા ન મળે તે આપણને દયા કરીને કહે, 'આવો, અહીં બેસો.' આમ સર્વે અક્ષરધામના દરવાજા ઉઘાડા મૂક્યા છે. આજ ખરેખરી શરદઋતુ છે. આ વાતો ક્યાંથી આવે છે? તો મહારાજની મૂર્તિમાંથી આવે છે. મોટા વાતો કરે તે ચકોર પક્ષીની પેઠે સાંભળવી. પુરુષોત્તમના અનાદિ ને લાડીલા કહેનારા ક્યાંથી મળે? તે આ ટાણે છે. આપણે એક શ્રીજીમહારાજ સારુ ભેગા થયા છીએ. અમારે તો કોઈને બીજે જવા દેવા નથી; ઠેઠ અક્ષરધામમાં મહારાજની મૂર્તિમાં મૂકી દેવા છે– કેટલાયને મૂકી દીધા છે. સમર્થ ધણીએ હાથ ઝાલ્યો છે તે મૂકે એવા નથી. આ અભયદાન છે એ છેલ્લો લેખ છે. આ તો કૃપાસાધ્ય પુરુષ મળી ગયા છે."

"સુખમાં સુખ તો શ્રીજીમહારાજની મૂર્તિ છે, તે કારણ મૂર્તિને બાઝવું. પુરુષોત્તમનારાયણની મૂર્તિમાંથી ખુશબો છૂટે છે. મૂર્તિથી બહાર નીકળે તે સુખિયા ન થાય. મૂર્તિ વિનાનું બીજું જ્ઞાન તે પ્રકૃત્તિનું છે. મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. સૌને માથે ઠેક દઈને પુરુષોત્તમનારાયણ પાસે પહોંચવું."

"સ્વામિનારાયણ ભગવાન સત્સંગમાં અખંડ બિરાજે છે, તેમની બીક ન લાગે એ કેવડું બધું અજ્ઞાન! મહારાજની આજ્ઞા લોપાય તો

અપમૃત્યુ થયું જાણવું. સુખમાત્ર શ્રીજીમહારાજની મૂર્તિ અને મોટા અનાદિમુક્તને આશરે રહ્યું છે. મહારાજના અનાદિમુક્ત તો કરોડોને મૂર્તિનું સુખ આપે એવા સમર્થ છે. મહારાજે તથા અનાદિમુક્તે હાથ ઝાલ્યો તે કોઈ દિવસ મૂકે નહિ. મહારાજ ને મોટા મુક્ત મળ્યા એટલે જીતનો ડંકો થઈ ગયો. છેલ્લી વખતે આવું ને આવું રહે એટલે બસ છે. આ સમયે મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે. લાખો-કરોડો જન્મે આવું થાય તેમ નથી. આપણે કૂદી કૂદીને દેહ પાડી નાખીએ એટલો આનંદ થાય, પણ સમજાતું નથી. શ્રીજીમહારાજનો ચમત્કાર બહુ મોટો છે. અક્ષરધામમાં મૂર્તિ ને સભા તેનું યથાર્થ જ્ઞાન થાય તેને અણુ જેટલું છેટું નથી. આ ટાણે ખરો મુદ્દો હાથ આવ્યો છે. આવા મુક્ત કોઈ બ્રહ્માંડમાં નથી.''

''શ્રીજીમહારાજ ભેળા અનંત કોટિ મુક્ત છે. મહારાજ ને સભા બન્ને અનાદિ છે. મહારાજના મહિમાનો કોઈ પાર પામતા નથી. આ તો અનંત રાજાઓના રાજા માંહી બેઠા છે, તે ભગવાનને મૂકીને બીજે મન લોભાવા દેવું નહિ. અક્ષરધામમાં મહારાજ ને મુક્ત બે જ છે. શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ અપરંપાર છે તેનો અનાદિ મહામુક્ત પણ પાર પામતા નથી. શ્રીજીમહારાજનો અવતાર કેવળ કૃપાસાધ્ય છે; તેમના અનાદિમુક્ત મળ્યા તે પણ કૃપાસાધ્ય છે. મહારાજને સર્વોપરી સમજવા; બીજા કોઈના હાથમાં હુકમ નથી. અમને તો એક સાચી જણસ સ્વામિનારાયણની મૂર્તિ લાગે છે.''

''મૂર્તિમાં અપાર, અલૌકિક, અનહદ સુખ છે. શ્રીજીમહારાજની મૂર્તિમાંથી અપરંપાર તેજ છૂટે છે, તેજની છટાઓ છૂટે છે, તેજના અનંત બંબ છૂટે છે, મૂર્તિની ચારે તરફ તથા સર્વ ઠેકાણે તેજની ઠઠ છે, સામસામી તેજની સેડ્યું દોઢે વળે છે, અનંત તેજના ઢગલા છે તે અપાર છે. એવી અલૌકિક મૂર્તિમાં અનંત અનાદિમુક્ત રસબસ રહ્યા થકા પુરુષોત્તમના સંકલ્પે અહીં દેખાય છે. પુરુષોત્તમનારાયણ તો અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે. મૂર્તિ રાખ્યા વિના સાજો જન્મારો એમ ને

એમ નીકળી જાય, પણ કામ ન થાય. મહારાજની મૂર્તિ વિના ઘડી પણ રહેવું નહિ.''

''મહારાજનો પ્રતાપ બહુ જબરો છે– એ પ્રતાપે શું ન થાય? આજ મહારાજ ને મોટા સૌને સુખિયા કરે છે. આવું સુખ સ્વામિનારાયણ ભગવાનના ઘર વિના બીજે ક્યાંય નથી. આપણે તો એ અખંડ અવિનાશી વરને મુખ્ય રાખવા. મૂર્તિમાં સુખ, સુખ ને સુખ જ છે; તે સુખનો જે પારખું થયો હોય તેને ખબર પડે. આજ મહાપ્રભુનું સુખ બહુ જ સોંઘું છે. મહારાજની મૂર્તિનું અનુભવજ્ઞાન તેના ફુવારા છૂટે છે. મૂર્તિનું બીજ સર્વે વાતમાં વારેવારે લાવવું. મૂર્તિથી બહાર નીકળે તો માર ખાય છે. અનાદિમુક્તની કૃપાસાધ્યમાં પડ્યો રહે તો એ મૂર્તિના સુખમાં લઈ જાય. આ સભાની રજ લઈને કોઈ માથે ચડાવે તો અનંત જન્મનાં પાપ બળી જાય.''

''મહારાજની મૂર્તિમાંથી સુખના ધોધ છૂટે છે. મહારાજ ને મુક્ત તો આપણા આધાર છે. ઝળળ ઝળળ મૂર્તિમાંથી સુખના ફુવારા છૂટે છે. અનાદિમુક્ત મૂર્તિનું સુખ લઈ સત્સંગમાં પ્રવર્તાવે છે અને સુખનો વરસાદ વરસાવે છે. આપણે તો મૂર્તિના સુખનાં પારણાં કરવાં. મૂર્તિના સુખનો જ આહાર કરવો. સર્વ સુખના ધામ શ્રીજીમહારાજ છે. મૂર્તિમાંથી તરેહ તરેહનાં નવાં નવાં સુખ આવે છે. આપણે સાજો સત્સંગ દિવ્ય જાણવો. આ સભા અક્ષરધામની છે. અને અનાદિમુક્ત છે તે તો મૂર્તિના સુખરૂપ અમૃતનો આહાર કરે છે, અમૃતમાં નહાય છે ને અમૃતના યજ્ઞ કરે છે. તે સુખ આપણે પામવું છે. મહારાજ અને આવી દિવ્ય સભાથી બહાર નીકળવું નહિ.''

''શ્રીજીમહારાજ અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ છે, સર્વના કારણ છે, સર્વના કર્તા-હર્તા, સર્વના નિયંતા, સર્વોપરી, અકળ મૂર્તિ છે. બીજા કોઈ ગમે તેવા જાણતા હશે, પણ અમને તો એક સ્વામિનારાયણ સ્વામિનારાયણ આવડે છે. એ મૂર્તિ વિનાનો અમારો

બીજો એકે ઠરાવ નથી– સૌને મૂર્તિમાં રાખવા છે. જો જો તો ખરા, આમ ને આમ સાજી સભા અક્ષરધામમાં જઈને બેસશું. મહારાજ ને આ સભા એ બે જ કલ્યાણકારી છે. આ તો મહાપ્રભુ અઢળક ઢળ્યા છે. કેવડા મહારાજ ને કેવડા અનાદિમુક્ત! આ તો ભારે વાત બની ગઈ છે. આવા મહારાજ અને અનાદિમુક્ત મળ્યા એવા જોગમાં હારી જવું નહિ. અમે તો સદાય મહારાજની મૂર્તિમાં જ રસબસ છીએ તેના સ્વામિનારાયણ સાક્ષી છે. આ સભા સનાતન છે. આપણા ઉપર મહારાજની અમૃત નજર છે. દોયલી વેળાના દામ ને ખરી વેળાનો ખજાનો એક શ્રીજીમહારાજ છે. આ સમે મહારાજે કોઈ વાતે સુખ આપવામાં મણા રાખી નથી. અમે તો મહારાજની મૂર્તિ આપીએ છીએ. મહારાજે આ લોકમાં દર્શન આપી અક્ષરધામ તુલ્ય સુખ વર્તાવી દીધું છે. શ્રીજીમહારાજ ન્યાલકરણ છે તેથી જીવના વાંક-ગુના સામું જોતા નથી એવા દયાળુ છે. આવી વાત જો ખરેખરી મનાય તો ટૂક ટૂક થઈ જવાય.''

''શ્રીજીમહારાજે આપણો હાથ ઝાલ્યો છે તે મૂકે તેવા તો નથી, પણ આપણે અહંમમત્વ કરીને મૂર્તિથી જરાય જુદું ન પડવું. મહારાજની મૂર્તિમાંથી તેજના અંબાર છૂટે છે. અનંત બ્રહ્માંડમાં જે જે તેજોમય છે તે મહારાજના તેજ વડે છે. આપણને તો મૂર્તિની પ્રાપ્તિનો લાભ જબરો મળ્યો છે, પણ જો સમજણ ન હોય તો અફસોસ મટે નહિ. આપણે હવે મહારાજ તથા મોટા અનાદિને ખરેખરા જીવનરૂપ કરી રાખવા. આપણે તો બહુ ભારે ટાણું આવી ગયું છે. સર્વે સારનું સાર શ્રીજીમહારાજની મૂર્તિ છે. અમે તો અવતારી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના અવતાર જે અનાદિમુક્ત તે છીએ. અમારો ઠરાવ તો એક મૂર્તિ આપવાનો જ છે. આ સમે શ્રીજીમહારાજે કલ્યાણ બહુ સોંઘું કર્યું છે, પણ અભાગિયા જીવ ઓળખે નહિ એટલે કલ્યાણ થાય નહિ. જો ઓળખે તો મહારાજ અથવા મહારાજના મુક્ત એક ઘડીમાં મોક્ષ કરી દે એવા છે. અમારી દૃષ્ટિ તો એવી છે જે નજરે ચડે એટલામાં

કલ્યાણ કરીને મૂર્તિમાં મૂકી દઈએ.

"મૂર્તિમાં અનંત મુક્ત કિલ્લોલ કરે છે, ફરતી સભા બેઠી છે, સર્વે તેજોમય છે, સભામાં મૂર્તિના સુખના ઘન વરસે છે. આ સભા દિવ્ય તેજોમય છે. આ દિવ્ય સભામાંથી તેજ ફરર ફરર નીકળે છે. અનંત કોટિ બ્રહ્માંડમાં આવા સંત ને આવી દિવ્ય સભા હોય તો શોધી લાવો. આ સભાના સંકલ્પ ચાલે છે. આ ટાણે કંઈક ન્યાલ થાય છે. ક્યાં અનંત કોટિ બ્રહ્માંડના પતિ! ને ક્યાં પામર જેવા જીવ! આવો અલૌકિક ભાવ આવે તો દીવાના થઈ જવાય. મૂર્તિને ભૂલીને કાર્યમાં હણોહણ કરે તો શું કમાણા! અનાદિ થકી અનાદિની સ્થિતિ થાય, પણ તે વિના શું થાય?"

"મહારાજ પોતાની મૂર્તિમાં કેવળ કૃપાએ કરીને રાખે છે. મહાપ્રભુના અનન્ય આશ્રિતને મૂર્તિના બળની ખુમારી રાખવી. અમને તો એમ છે જે કોઈ હાથ જોડે એટલામાં ન્યાલ કરી મૂકીએ એટલે કે મૂર્તિના સુખમાં પહોંચાડી દઈએ. જેનાં મોટાં ભાગ્ય હોય તેને શ્રીજીમહારાજનું ને આ સભાનું દર્શન થાય છે. આજ તો રોકડું કલ્યાણ છે; ઉધારાની વાત નથી. આપણે તો મૂર્તિ મુખ્ય રાખવી તો સુખિયું થવાય; એ વિના કોટિ સાધને આત્યંતિક મોક્ષરૂપ કામ થાય તેવું નથી. મહારાજ તથા મોટા મુક્તનું જ્ઞાન થાય તેને તો અખંડ સ્મૃતિ રહે, મૂર્તિ ભૂલાય નહિ. આ તો સર્વે બ્રહ્મની મૂર્તિઓ છે. આપણે ઘેર ભારે સુખ છે. જેને મૂર્તિનું સુખ આવે તથા મોટા મુક્તનો મહિમા સમજાય તેને આનંદ આનંદ થઈ જાય. આવા સર્વોપરી મહારાજ મળ્યા, આવા અનાદિમુક્ત મળ્યા, આવા સંત મળ્યા તોય ઓળખાય નહિ તેવાને શું લાભ?"

"આપણે તો મૂર્તિના સુખરૂપ મહારસનું પાન કરવું; એ અમૃતરસ મેલીને પ્રકૃતિના કાર્યમાં કુટાવું નહિ. અમે તો સૌને મૂર્તિમાં રાખવાનો સંકલ્પ કર્યો છે. આ સભા દિવ્ય છે તેમાં કોઈ મનુષ્યભાવ

પરઠશો નહિ. આ તો બહુ અલૌકિક પ્રાપ્તિ છે. અમારે તો સૌને મૂર્તિને સુખે સુખિયા કરવા છે. જેવડા શ્રીજીમહારાજને જાણી શકો તેવડા જાણો તોય મહારાજ તો સર્વેને અપાર ને અપાર રહે છે. મહિમા તો ઘણો સમજવાનો છે, પણ જો જેમ છે તેમ કહીએ તો ખમાય નહિ. મૂર્તિમાંથી સુખની ધારાઓ છૂટે છે. આ સભા પુરુષોત્તમ ભગવાનની છે તેથી સર્વત્ર છે. મહારાજની મૂર્તિમાં અખંડ જોડાઈ રહેવું ને સદાય એમ જ વર્તવું.''

આવી રીતે બાપાશ્રી વાતોમાં પ્રસંગે પ્રસંગે શ્રીજીમહારાજની મૂર્તિનો અલૌકિક પ્રતાપ તથા અનાદિમુક્તની સ્થિતિનું તથા સુખનું વર્ણન કરતા. આવી દિવ્ય ચમત્કારી મૂર્તિના તદાકાર ભાવને પમાડે તેવી વાતોથી સત્સંગમાં ઘણા સંત-હરિભક્તો શ્રીજીમહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે ને થાય છે. ॥૧૫૨॥

## વાર્તા ૧૫૩

સંવત ૧૯૮૪ના અષાઢ સુદ-૩ને રોજ બાપાશ્રી સવારે નાહી પૂજા કરી ઓસરીમાં આસને સૂતા હતા. સમય થયે હરિભક્તોએ કથા કરી, પણ પોતે કાંઈ બોલ્યા જ નહિ. સૌને એમ જે આજે બાપાશ્રીને શરદી જેવું છે. પછી જ્યારે ઘેર ઠાકોરજીને જમાડવા ગયા ત્યારે પણ 'મને આજ રુચિ નથી' એમ કહી થોડી ખીચડી અને છાશ જમ્યા. પાછા મંદિરમાં આવી ઓરડે સૂતા, તે સાંજે હળવે હળવે ઘેર ગયા. રાત્રે સભામાં આવ્યા, પણ એમ જણાય જે આજે બાપાશ્રીને શરીરે ઠીક નથી. એમ ને એમ સભામાં કથા થઈ રહી ત્યાં સુધી બેઠા. પછી ઊઠતી વખતે ઊભા થઈ સભાને હાથ જોડી જય સ્વામિનારાયણ કર્યા. તે વખતે લડથડિયું આવી ગયું, તેથી પૌત્ર જાદવજી તથા હીરજીભાઈના દીકરા પ્રેમજીએ હાથ ઝાલ્યા ને ઓરડામાં આસન પર લઈ ગયા.

ત્યારે જાદવજી કહે, ''બાપા! આજ આપને ઠીક નથી?''

ત્યારે બાપાશ્રી કહે, ''જાદવા! મને કાંઈ નથી. જરા ટાઢ વાય છે તેથી ગોદડું ઓઢાડ.''

એમ કહેવાથી બાપાશ્રીને ચોફાળ તથા ગોદડું ઓઢાડ્યું.

હરિભક્તો જાય, આવે ને પૂછે તે સૌને એમ કહે જે, “આજ મને જરા ટાઢ વાય છે. હું પછાડનો નાહ્યો ત્યારથી ટાઢ ચડી છે. વળી, આજ ખીચડીમાં છાશ લીધી હતી તેથી શરદી થઈ ગઈ જણાય છે. હવે ગોદડું ઓઢીને સૂતાં સૂતાં મહારાજને સંભારશું એટલે વાંધો નહિ આવે.” એમ સૌને કહેતાં બાપાશ્રી પોઢી ગયા.

બાપાશ્રીના દીકરા બન્ને ઘણીવાર બેઠા ને સેવા કરવા લાગ્યા. બાર વાગ્યા એટલે સર્વે સૂતા. બાપાશ્રી પોઢી ગયા હતા તે ઓચિંતાના એક વાગ્યાને સુમારે બેઠા થઈ ગયા.

ત્યારે સેવક પ્રેમજીએ જાગીને પૂછ્યું જે, “બાપા! કેમ બેઠા થયા? નહાવું છે?”

તે વખતે એમ બોલ્યા જે, “પ્રેમજી બચ્ચા! નહાવું નથી, પણ જવું છે.” ત્યારે પ્રેમજી કહે, “બાપા! ઘેર જાવું છે?” તો કહે, “હા.” એટલે પ્રેમજીએ બાપાશ્રીને પાઘડી લાવીને આપી.

ત્યારે તે પાઘડી હાથમાં લઈને કહ્યું જે, “પ્રેમજી! તું અહીં આવ, તને પાઘડી બંધાવું. મારે તો અક્ષરધામની પાઘડી છે.” એમ કહી પાઘડી નીચે મૂકી દીધી.

ત્યારે સેવક પ્રેમજીને એમ થયું જે બાપાશ્રીને ટાઢિયો તાવ આવ્યો છે તેથી આમ બોલે છે. એમ જાણી કહ્યું જે, “બાપા! સૂઈ જાઓ.”

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “પ્રેમજી! તેં મારી નિષ્કામભાવથી સેવા કરી છે તેથી તું મારી પાસે આવ.” એમ કહી તેને બાથમાં ચાંપી હેત જણાવી મળ્યા, માથે હાથ મૂક્યા ને કહ્યું જે તું મારી સેવામાં રહીશ ને? મને એમ થાય છે જે આ ટાઢ નડશે ખરી. આ ટાઢ ઊતરે એમ મને જણાતું નથી.”

ત્યારે પ્રેમજીએ વિચાર્યું જે, "બાપાશ્રી યજ્ઞમાં બોલ્યા હતા કે, 'ગોર મહારાજ! જો જો, આ મૂર્તિ ઊડી જાય નહિ.' તથા સ્વામીશ્રી આદિ સંતોને આ વખતે મર્મમાં રોકવાની ઈચ્છા ઘણી જણાવતા હતા તેથી આ મંદવાડ વધશે તો બાપાશ્રીની મરજી કેવી છે તેની કોઈને ખબર નહિ પડે."

એમ વિચાર કરે છે એટલામાં બાપાશ્રી કહે, "પ્રેમજી બચ્ચા! તું તારા મનમાં સંકલ્પ કર્યા કરે છે તે કરતાં સૂઈ જા. હું તારા સંકલ્પ જાણું છું." ત્યારે પ્રેમજી કહે, "બાપા! આજનું આપનું દર્શન સંકલ્પ કરાવે છે." એમ કહી દિલગીરી જણાવી." ત્યારે બાપાશ્રી કહે, "બચ્ચા! તું મારું માનીશ કે નહિ?" ત્યારે તે કહે, "બાપા! હું આપનું કેમ ન માનું! જે કહેશો તે કરીશ."

પછી બાપાશ્રી બોલ્યા જે, "જોજે, તું મારું વચન લોપીશ તો નહિ ને?" ત્યારે પ્રેમજી કહે, "બાપા! આપનું વચન હું ક્યારેય નહિ લોપું."

ત્યારે તેના ઉપર અતિ પ્રસન્નતા જણાવી માથે હાથ મૂકી કહ્યું જે, "તારે આ વાત કોઈને કહેવી નહિ. તું સંકલ્પ કરે છે કે, 'બાપો જતા રહેશે તો! અને સ્વામી આદિકને ખબર નહિ પડે તો મને ઠપકો મળશે.' પણ હું જાઉં તેવો નથી; હું તો અખંડ છું, પણ હવે આ દેહ દેખાય કે નહિ તે મહારાજની મરજી."

તે સાંભળી પ્રેમજીને ધીરજ રહી નહિ તેથી ખોળામાં માથું મૂકી રોવા લાગ્યો તે છાનો જ રહે નહિ.

ત્યારે તેને ધીરજ આપતાં બાપાશ્રી બોલ્યા જે, "તું આમ દિલગીર મ થા."

ત્યારે સેવક પ્રેમજી કહે કે, "બાપા! તમે મને બોલવાની બંધી કરી તેથી કોઈને કહેવાય પણ નહિ અને જો આ વાત કોઈને કહું તો આપનું વચન લોપાય."

ત્યારે બાપાશ્રી કહે, "કહેવાનું કાંઈ નહિ; મહારાજ બધું સારું કરશે."

તે વખતે પ્રેમજીએ પ્રાર્થના કરી જે, "બાપા! આપણા ઘરમાં સૌને તથા સર્વે હરિભક્તોને આપનાં દર્શનથી સુખ વર્તે છે. સાજો સત્સંગ આપની કૃપાદૃષ્ટિએ સુખિયો છે. તે કોઈને આ વાતની ખબર ન પડે તો કેવું લાગે? વળી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને તો આ વાત જરૂર જણાવવી ખપે. હું તેમને આપના આ મંદવાડની ખબર આપું?"

ત્યારે બાપાશ્રી કહે, "એમને ખબર પડે એટલે તો સત્સંગમાં સૌને ખબર પડી જાય તેથી બધા અહીં આવે, કરગરે, દિલગીર થાય, પ્રાર્થના કરે અને મને જવા દે નહિ; તેમ જ ઘણા હરિભક્તો પણ આવે ને તે બધાય પ્રાર્થના કરે ને કરગરે. સ્વામીશ્રીને તો મારે આ વખતે રોકવા હતા, પણ બીજા સંતોને જવાની તાણ હતી તેથી રોક્યા નહિ. એ જતાં મને ઠીક ન લાગ્યું તેથી છેલ્લો મેળાપ કરવા માટે ઠેઠ ભુજથી માણસ મોકલી પાછા અહીં બોલાવી સુખિયા કર્યા છે તેથી કાંઈ ખબર આપવાની જરૂર નથી."

આ વાત સાંભળી પ્રેમજીને વધુ દિલગીરી થઈ ને જાણ્યું જે આ વખતે બાપાશ્રી રહે તેવું જણાતું નથી, તેથી દંડવત કરી પ્રાર્થના કરવા લાગ્યો.

ત્યારે બાપાશ્રી કહે, "તું કહેતો હતો કે, 'હું તમારું માનીશ.' હવે આમ શોક શું કરે છે? હું ક્યાં જાઉં એવો છું! પણ આ વાત હમણાં તારે કોઈને જણાવવી નહિ. જો કોઈને કહીશ તો હું રાજી નહિ થાઉં. હવે હું બોલીશ નહિ. હું તારા ઉપર બહુ રાજી છું. મેં આજ દિવસ સુધી સૌને મૂર્તિના સુખની વાતો કરી. હવે શ્રીજીમહારાજની આવી મરજી છે એમ જાણી તારે રાજી રહેવું. હું તને મૂર્તિના સુખમાં રાખીશ." એમ કહી તેનો હાથ ઝાલીને પોઢી ગયા.

પ્રેમજીને તે વખતે ઘણા વિચારો આવે, પણ બાપાશ્રીએ કોઈને કહેવાની બંધી કરેલી તેથી શું કરે! ઘણીવાર સુધી એમ ને એમ તેનો હાથ ઝાલી રાખ્યો.

પછી ઊઠીને બીજી વાર કહ્યું જે, ''પ્રેમજી! જોજે, મારું વચન લોપતો નહિ હો! હું તારા ઉપર બહુ રાજી છું.'' એમ કહીને સૂઈ ગયા. ॥૧૫૩॥

## વાર્તા ૧૫૪

સંવત ૧૯૮૪ના અષાઢ સુદ-૪ને રોજ સવારે બાપાશ્રીએ નાહવાની ઈચ્છા જણાવી, પણ શરીરમાં અશક્તિ જણાતાં ઊઠી શકાણું નહિ. તે વખતે બાપાશ્રીના પુત્રો કાનજીભાઈ તથા મનજીભાઈ આવ્યા ને પૂછ્યું જે, ''બાપા! આ ટાણે કેમ છે? નાહવા ઊઠશો?'' પણ બાપાશ્રીએ તો કાંઈ વાત જ કરી નહિ, ને સેવક પ્રેમજીના મુખ ઉપર અતિ ઉદાસીપણું જોઈ તે બંનેએ પૂછ્યું જે, ''પ્રેમજી! તું આમ કેમ થઈ ગયો છું? તને કાંઈ કસર છે કે શું?''

ત્યારે પ્રેમજી કહે, ''મને કસર ઘણી છે, પણ કાંઈ કહેવાતું નથી.'' પછી કહ્યું જે, ''હમણાં બાપાશ્રીએ નાહવાનું કહ્યું હતું, પણ અશક્તિ વધારે જણાવે છે તેથી ઊઠ્યા નહિ.'' ત્યારે કાનજીભાઈએ કહ્યું જે, ''બાપા! માંચી લાવીએ?'' ત્યારે હા કહી. પછી સેવકો ઓરડા પાસે માંચી લાવ્યા, તેમાં બાપાશ્રીને બેસાડ્યા ને દાતણ આપ્યું. ત્યારે ઊલટી થઈ તેથી સેવકે કોગળા કરાવ્યા. તે વખતે કેટલાક હરિભક્તો પાસે ઊભા હતા. ત્યારે પોતે એમ બોલ્યા જે, ''પ્રેમજી! જાદવા! આપણે કયા સ્થાનમાં છીએ?'' ત્યારે કાનજીભાઈ કહે, ''આપણે આ મંદિરના ચોકમાં છીએ.'' ત્યારે બાપાશ્રી એમ બોલ્યા જે, ''આપણે તો બધા અક્ષરધામમાં છીએ. આ મહારાજ ને આ અનંત મુક્તો રહ્યા.'' એમ કહી હાથ જોડ્યા ને સૌને કહ્યું જે, ''દંડવત કરો.''

તેથી સૌ દંડવત કરવા લાગ્યા. તે વખતે સૌને એમ થયું જે

બાપાશ્રી આ બધું દિવ્યભાવમાં બોલે છે. સેવકોએ નવરાવ્યા, પણ કાંઈ બોલ્યા નહિ. તેથી સૌને ઉદાસી થઈ. પછી વસ્ત્ર બદલાવી પૂજાનાં દર્શન કરાવ્યાં ને એમ ને એમ માંચીમાં બેસાડી હરિભક્તો મંદિરમાં લઈ ગયા. ત્યારે પોતે મૂર્તિ ઉપર હાથ ફેરવી પગે લાગ્યા ને ઝાઝી વાર મૂર્તિ સામું જોઈ રહ્યા. પછી ઓરડામાં લાવી સુવાર્યા. તે વખતે મનજીભાઈએ કહ્યું જે, "બાપા! કાંઈ જમશો? જે જમવાની રુચિ થાય તે ઘેરથી કરાવી લાવું."

ત્યારે તેમના માથા ઉપર હાથ મૂકીને બોલ્યા જે, "મનજી! હું તો સદાય મૂર્તિના સુખરૂપ દિવ્ય ભોજન જમું છું." એમ કહી કાંઈ પણ બોલ્યા નહિ. થોડીવારે બાપાશ્રીના પૌત્ર માવજી ઘેરથી સાકર નાખીને કઢેલું દૂધ મહારાજને ધરાવીને લાવ્યા ને બહુ પ્રાર્થના કરી તેથી થોડુંક પીધું ને બોલ્યા જે, "હવે મને કોઈ જમવાનું પૂછશો નહિ." તે સમયે જાદજીભાઈ તથા હીરજીભાઈ આવ્યા ને દંડવત કરીને પૂછ્યું જે, "બાપા! આપને શું જણાય છે?"

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "મને સાંજે ટાઢ બહુ હતી ને આ ટાણે ગરમી બહુ થાય છે તેથી તમે મને વાડીએ લઈ ચાલો તો ઠંડક થાય." આવી બાપાશ્રીની રુચિ જાણી જાદવજી ગાડી લેવા ગયા. ત્યારે વળી બીજીવાર ઊલટી થઈ એટલે સેવકે કોગળા કરાવી પાણી પાયું. તે વખતે કાનજીભાઈએ કહ્યું જે, "બાપા! તમારે શરીરે અશક્તિ છે ને ઊલટી થાય છે તેથી વાડીએ ન જાઓ તો?" ત્યારે બાપાશ્રી કહે, "મને ગરમી બહુ થાય છે માટે વાડીએ જવું છે." પછી ગાડી આવી એટલે હરિભક્તોએ ગાડીમાં બેસાર્યા.

તે વખતે પોતાના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ એ બન્નેને પોતાની પાસે બોલાવીને કહ્યું જે, "હવે મારા દેહનો નિરધાર નથી. તેથી તમે સૌ ખબડદાર રહેજો. તમે મારો ચીલો રાખજો. મૂર્તિથી ક્યારેય જુદા રહેશો નહિ; ધ્યાન, ભજન, કથા, વાર્તા, નિરંતર કર્યા કરજો!

હવે તમને હું વધુ કહીશ નહિ. તમે મૂંઝાશો મા; હું જાઉં તેવો નથી, સત્સંગમાં અખંડ રહ્યો છું, મૂર્તિથી ક્યારેય જુદો રહેતો નથી, પણ તમે હવે આમ નહિ દેખો.''

આવાં વચન સાંભળી કાનજીભાઈ, મનજીભાઈ, માવજી, જાદવજી, સેવક પ્રેમજી, હીરજીભાઈ, જાદવજીભાઈ, નારાયણપુરવાળા ખીમજીભાઈ આદિક પાસે ઊભેલા સૌ અતિ ઉદાસ થઈ ગયા અને સૌના નેત્રમાંથી જળ પડવા લાગ્યાં. તે સર્વેને બાપાશ્રીએ કહ્યું જે, ''તમે કોઈ દિલગીર મ થાઓ. તમને સૌને મૂર્તિમાં રાખ્યા છે, તેથી આપણે સદાય ભેળા જ છીએ.'' એમ કહીને કાનજીભાઈ તથા મનજીભાઈને બહુ ઉદાસી જોઈ બોલ્યા જે, ''સ્વામી ઈશ્વરચરણદાસજી આવશે ત્યારે તમને બધુંય ઠીક કરી દેશે.'' એમ ધીરજ આપી વાડીએ પધાર્યા.

ત્યાં પાસે રહેનારા સેવકોને કહ્યું જે, ''મને કૂવાના થાળામાં બેસારી મારા ઉપર ખૂબ પાણી રેડો તો મને ગરમી મટે.'' તે વખતે સૌએ પ્રાર્થના કરી જે, ''બાપા! આપને ઠીક નથી ને શરીર ઉપર પાણી નાખીએ તે કરતાં વાયરો નાખીએ તો?'' ત્યારે બાપાશ્રી કહે, ''હું કહું તેમ કરો.'' એમ કહી ઘણીવાર શરીર પર પાણી રેડાવ્યું. પછી ખીમજીભાઈએ પ્રાર્થના કરી જે, ''બાપા! હવે રાખો તો ઠીક.''

ત્યારે કહે, ''ભલે.''એમ કહી ધોતિયું બદલાવી ખાટલા પર આવીને સૂતા. તે વખતે નારાયણપુરથી હરિભક્તો દર્શને આવેલ તેમણે ઘેરથી લાવેલા થાળમાંથી જમવા પ્રાર્થના કરી, પણ પોતે રુચિ જણાવી નહિ; તોપણ બહુ તાણ કરી તેથી એક ગ્રાસ જમ્યા ને બોલ્યા જે, ''હવે મને કાંઈ જમવાની રુચિ જ થતી નથી.'' તે વખતે હરિભક્તો હાર લાવેલ તે પહેરાવ્યા. તેમના માથે હાથ મૂકીને બોલ્યા જે, ''આમ ને આમ મૂર્તિમાં રહી સુખ ભોગવજો.'' એમ કહી પોતે ઊઠવા લાગ્યા ત્યારે સેવકે કહ્યું જે, ''બાપા! કેમ ઊઠો છો?''

તો કહે, ''મારે લઘુ કરવા જવું છે તે મારો હાથ ઝાલો.'' પછી

થોડેક છેટે લઘુ કરી આગળ ચાલવા મંડ્યા. ત્યારે મનજીભાઈ કહે, “બાપા! આમ ક્યાં જશો?” ત્યારે બાપાશ્રી કહે કે, “હજી મારે નહાવું છે.” તે વખતે ઘણી પ્રાર્થના કરી તોપણ નાહવાની રુચિ જણાવી. એ રીતે થોડી વાર નવરાવી પાછા ખાટલા ઉપર સુવાર્યા. તે સમયે બાપાશ્રીનું શરીર ટાઢું બહુ જણાયાથી સૌ મૂંઝાયા. મનજીભાઈ ઘેર ગયા. ત્યાં રામપુરથી હરિભક્ત દર્શને આવેલ તેમણે તથા ઘરના સૌએ સમાચાર પૂછતાં બધી હકીકત કહી તેથી સૌ ઉદાસ થઈ ગયા ને હરિભક્તોને માંચી લઈને મોકલ્યા, તેમાં બેસારી બાપાશ્રીને ઘેર તેડી લાવ્યા. પછી બહુ નાહ્યાથી ઠંડક થઈ ગઈ છે એમ જાણી પાતળી રાબ કરી બાપાશ્રીને પાવા સારુ લાવ્યા ને કહ્યું જે, “બાપા! થોડી રાબ પીઓ!” ત્યારે બાપાશ્રી કહે, “હવે મને એક મૂર્તિના સુખ વિના બીજું કાંઈ રુચતું નથી, માટે કોઈ જમવાનું પૂછશો નહિ.” એમ કહી પોઢી ગયા.

બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક કોઈને કાંઈ સૂઝે નહિ; તેથી ભુજ, રામપુર આદિ ગામોમાં ખબર મોકલાવ્યા. લાલશંકરભાઈ, મોતીભાઈ, મગનભાઈ વગેરે ભુજથી આવ્યા. તે સૌએ દંડવત કરી જય સ્વામિનારાયણ કર્યા, પણ બાપાશ્રી બોલ્યા નહિ તેથી પ્રાર્થના કરી. ત્યારે નેત્ર ઉઘાડી સૌની સામું જોઈ તરત જ નેત્ર મીંચી ગયા. ઘરમાં સમાચાર પૂછતાં બાપાશ્રીએ સવારથી આ મંદવાડ વધુ જણાવ્યો છે તે વાત કરી. થોડીવારે રામપુરથી દેવરાજભાઈ પણ આવ્યા; તેમણે દંડવત કરી પ્રાર્થના બહુ કરી, પણ બોલ્યા નહિ. તેથી જાણ્યું જે બાપાશ્રી ઊંડા ઊતરી ગયા છે તે બોલશે નહિ. એમ જાણી અંતર્વૃત્તિએ પ્રાર્થના કરતા હતા. બીજું શું કરે!

બાપાશ્રી લઘુ કરવા ઊઠતા ત્યારે સેવક લઘુ કરાવતા ને પાણી પીવું હોય ત્યારે સાન કરે એટલે સેવક પાણી પાતા, પણ કોઈ સાથે વાત ન કરે, તેમ બહુ નેત્ર પણ ઉઘાડે નહિ. કોઈ પ્રાર્થના કરે ત્યારે સામું જોઈ નેત્ર મીંચી લે. આ રીતે બાપાશ્રીના મંદવાડની જેને જેને

ખબર પડતી ગઈ તેમ તેમ હરિભક્તો દર્શને આવવા લાગ્યા. સૌ હાથ જોડે, પ્રાર્થના કરે ત્યારે સહેજ નેત્ર ઉઘાડી સામું જુએ, પણ બોલે નહિ; તેથી ઘરમાં સૌ મૂંઝાયા.

આવા સમાચાર સાંભળી ભુજના સંતો તથા ભોગીલાલભાઈ, ધનજીભાઈ, ઘેલાભાઈ વગેરે હેતવાળા હરિભક્તો પણ આવ્યા. સૌ મંદિરમાં દર્શન કરી ઘેર આવી બાપાશ્રીને દંડવત કરી જય સ્વામિનારાયણ કર્યા, પણ બાપાશ્રી કાંઈ જ બોલે જ નહિ. પછી સંતો, હરિભક્તો કીર્તન બોલ્યા અને વચનામૃત વાંચી ઘણી વાર ધૂન કરી તોપણ બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ. એમ ભુજથી તથા ગામડાંમાંથી હરિભક્તો આવી દર્શન કરવા લાગ્યા. સાંજના સંતો તથા ભોગીલાલભાઈ આદિક કેટલાક હરિભક્તો પાછા ગયા; પણ કોઈને કાંઈ ચેન પડે નહિ.

પછી રાત્રિએ ઘણી પ્રાર્થના કરી બાપાશ્રીને દૂધ પાયું તે થોડું પીધું ને જાગૃત થઈ અમૃત નજરે કૃપા કરી સૌના સામું જોયું. તે સમયે જે સંત-હરિભક્તો પાસે હતા તેમણે બાપાશ્રીની અતિ પ્રસન્નતા જોઈ ચંદન, કુંકુમ તથા પુષ્પથી પૂજા કરવા ઇચ્છા કરી શ્રીજીમહારાજની મૂર્તિ આગળ ઘીનો દીવો તથા અગરબત્તીનો ધૂપ કરી મૂર્તિને હાર પહેરાવ્યા. પછી બાપાશ્રીને પણ ચંદન ચર્ચી, કુંકુમના ચાંદલા કરી, પુષ્પના હાર પહેરાવ્યા. પછી આરતી ઉતારી સૌએ દંડવત કર્યા. તે સમયે બાપાશ્રીએ સૌના ઉપર પ્રસન્નતા જણાવી હોય તેમ સામું જોઈ રહ્યા.

સૌએ પ્રાર્થના કરી તોપણ કાંઈ બોલ્યા નહિ, નેત્ર મીંચી દીધાં તે જાણે સમાધિ થઈ હોય ને શું! તેમ ઘણી વાર દર્શન આપ્યાં જેથી કોઈ સમજી શક્યા નહિ કે બાપાશ્રીએ શું કરવા ધાર્યું છે. બાપાશ્રી તો સ્વતંત્ર છે, એમની મરજી આપણે જાણી શકીએ નહિ, એમણે તો અનેકને મૂર્તિના સુખમાં મૂકી દીધા છે, ઘણીવાર આશીર્વાદ આપ્યા છે, કોઈને સુખ આપવામાં મણા રાખી નથી, હવે એ જેમ રાજી રહે તેમ

આપણે રાજી રહેવું, એમ પરસ્પર વિચાર કરતાં સૌ એક નજરે બાપાશ્રી સામું જોઈ ઊંચે સ્વરે ધૂન કરવા લાગ્યા. તે વખતે બાપાશ્રીએ પણ લીલા-વિગ્રહ બંધ કર્યો. એમ બાપાશ્રી આ લોકમાંથી અષાઢ સુદ-૪ની રાત્રિએ એક વાગ્યે અંતર્ધાન થયા. તે વખતે બાપાશ્રીએ બધાયનાં નાડી-પ્રાણ આકર્ષણ કરી એવી તો ધીરજ પ્રેરી કે કોઈ વિલાપ કરી શક્યા નહિ. ॥૧૫૪॥

## વાર્તા ૧૫૫

સંવત ૧૯૮૪ના અષાઢ સુદ-૫ને રોજ બાપાશ્રીએ સ્વતંત્ર થકા શ્રીજીમહારાજના સંકલ્પથી ૮૪ વરસ આ લોકમાં દર્શન દઈ, અનેકને મહારાજની મૂર્તિના સુખભોક્તા કરી આજ પોતાનું પ્રત્યક્ષ દર્શન અદૃશ્ય કર્યું. તેથી પોતાના પુત્ર-પૌત્રાદિક તથા પાસે રહેનારા હરિભક્તોને આ દુઃખ અસહ્ય થયું, પણ શ્રીજીમહારાજની મરજી આમ હશે એમ જાણી સૌએ ધીરજ રાખી. પછી ચોવીસે ગામના હરિભક્તોને સાયકલો, ઘોડાઓ તથા માણસો મોકલી બાપાશ્રીના અંતર્ધાન થવાના ખબર મોકલાવ્યા. કેટલેક ઠેકાણે તો તે વખતે પોતે પ્રત્યક્ષ દર્શન આપ્યાં. લાલશંકરભાઈ બાપાશ્રીની ગાડી લઈને ભોગીલાલભાઈ વગેરેને ખબર આપવા તથા સુખડ લેવા ભુજ ગયા. તે વખતે ભોગીલાલભાઈ ઘેર જાગતા હતા. તેમને લાલશંકરભાઈએ બાપાશ્રીના અંતર્ધાન થયાના સમાચાર કહ્યા.

ત્યારે ભોગીલાલભાઈએ પૂછ્યું જે, "બાપાશ્રી કેટલા વાગે અંતર્ધાન થયા?" ત્યારે તેમણે કહ્યું જે, "એક વાગ્યે."

ત્યારે ભોગીલાલભાઈએ કહ્યું જે, "બાપાશ્રીએ મને હમણાં હાથ ઝાલી ઉઠાડ્યો ને માથે હાથ મૂકી અતિ પ્રસન્નતા જણાવી મળ્યા ને કહ્યું જે, 'હવે અમે જઈએ છીએ.' એમ કહી અદૃશ્ય થઈ ગયા. તે વખતે મેં ઊઠીને જોયું તો એક વાગ્યો હતો. ત્યારથી હું એ જ વિચાર કરું છું કે આ શું થયું! ત્યાં તો તમે આવીને આ સમાચાર આપ્યા."

પછી ધનજીભાઈ આદિક સૌ હરિભક્તોને ખબર આપી સુખડ લઈને સર્વે વૃષપુર આવ્યા. તે વખતે બાપાશ્રીને માટે પાસે રહેલા હરિભક્તો પાલખી તૈયાર કરતા હતા. દિવસ ઊગ્યા પહેલાં તો ચોવીસે ગામની મંડળીઓ તથા હરિભક્તો જ્યાં જેને ખબર પડી ત્યાંથી ગાંડા-ઘેલાની માફક ઉતાવળા ઉતાવળા આવ્યા. દિવસ ઊગ્યા સમયે તો આઠ-દશ હજાર માણસ ભેગું થઈ ગયું. તે સર્વેના હાથમાં ઘીનો લોટો તથા નાળિયેર એવી રીતના સૌએ આવી બાપાશ્રીનાં દર્શન કર્યાં. તે વખતે બાપાશ્રીના પુત્રોએ તથા પાસે રહેનારા હરિભક્તોએ તૈયાર કરેલી પાલખીમાં બાપાશ્રીને પધરાવ્યા. પછી ચંદન, કુંકુમ તથા પુષ્પના હાર અને ગુલાલથી પૂજા કરી. હરિભક્તો દર્શન કરવા લાગ્યા ને ગુલાલ ઉડાડતાં, વાજતે-ગાજતે વિરહનાં કીર્તન બોલતાં બાપાશ્રીની પાલખી લીધી.

“તે વખતે સૌને એમ જણાતું હતું જે, જેમ હંમેશાં બાપાશ્રી દર્શન આપતા તેમ ને તેમ જ અત્યારે પણ બેઠા છે ને જાણે હમણાં બોલાવશે! હરિભક્તોનો તો જાણે સમુદ્ર ઊલટ્યો હોય તેમ કોઈ ગાડીથી તો કોઈ ઘોડા ઉપર, કોઈ સાયકલથી તો કેટલાક પગે દોડતાં, પડતાં, આખડતાં આવ્યા. પાલખીમાં બાપાશ્રી સામું સૌ એક નજરે જુએ, પાછા પગે ચાલે, તેમાં કોઈ પડે, કાંટા-કાંકરા વાગે તેનું પણ કોઈને ભાન રહે નહિ. હરિભક્તો તો આવ્યા જ કરે, ગુલાલના ગોટા આકાશમાં ઊડે, નીચે પૃથ્વી ઉપર પણ ગુલાલ જણાય. તે વખતે હરિભક્તો તથા ઉત્સવિયા “આવું નહોતું કરવું નાથજી કે, ચાલ્યા મારગડામાં મેલી” તથા “સજની શ્રીજી મુજને સાંભરિયા રે” એવાં વિરહનાં કીર્તન બોલતાં ચાલતા હતા. વાંસે હરિભક્તો ઝીલતાં આવે. સૌની વૃત્તિ બાપાશ્રી સામી જણાતી. કેટલાક તો ઊંચે સ્વરે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરતા, કોઈ દિલગીર થઈ રુદન કરતા, કોઈ સમજણે કરી શોક સમાવતા જણાતા હતા, કોઈકને તો પોતાના દેહનું ભાન પણ ન રહેતું.

એ રીતે બાપાશ્રીનાં દર્શન કરતાં કરતાં સૌ ચાલ્યા આવે; એમ

પાંચ કલાકે છત્રીના વંડા પાસે પહોંચ્યા. ત્યાં બહાર પાલખી પધરાવી. એ સમયે હરિભક્તો દર્શન માટે અધીરા થઈ ગયા. સૌ દંડવત કરી હાથ જોડી પગે લાગે, પ્રાર્થના કરે; એમ જ્યારે સૌને દર્શન થઈ રહ્યાં ત્યારે શાંતિ પામ્યાં.

પછી ભોગીલાલભાઈ તથા મોતીભાઈએ કહ્યું જે, "બાપાશ્રીએ મર્મમાં એક વખત કહ્યું હતું જે, 'અમારા દેહનો છેલ્લો વિધિ (અગ્નિ સંસ્કાર) છત્રીની દક્ષણાદિ બાજુએ કરજો.'" એમ વાત કરી.

તે સૌને ઠીક લાગ્યું. પછી સંત-હરિભક્તોએ બાપાશ્રીની ચંદન, પુષ્પહારથી પૂજા કરી આરતી ઉતારી. પછી સુખડ તથા નાળિયેરથી 'ચેહ' રચી તે વખતે છેલ્લાં દર્શનની તાણે હરિભક્તો ઉપરાઉપરી પડવા લાગ્યા. તેમને ભોગીલાલભાઈ તથા લાલશંકરભાઈ આદિકે હાથ જોડી, વિનય કરી સમજાવી શાંત પાડ્યા. એમ બાપાશ્રીની દેહક્રિયા સમયે સૌ ઉદાસ ને શોકાતુર થઈ રહ્યા હતા.

તે હરિભક્તોના સમૂહમાં સૌને શાંતિ પમાડી ધીરજ આપવા ભોગીલાલભાઈ વાતો કરવા લાગ્યાઃ "આપણે શ્રીજીમહારાજને સંભારી સૌ સંત-હરિભક્તોએ ધીરજ રાખવાની છે. આપણે એમ જાણવું જે બાપાશ્રી જાય તેવા નથી; સદાય આપણી સાથે જ છે, છે ને છે. આપણામાંથી જે પાસે હતા તે કહે છે કે બાપાશ્રી કાંઈ બોલ્યા નહિ, પણ આપણે જાણવું જોઈએ કે બાપાશ્રી તો બોલતા જ હતા અને મર્મમાં ઘણી વાર જણાવતા, પણ આપણે સમજી શક્યા નહિ. એમણે તો એક એક જણને એક એક વાત લાખ લાખ વાર સમજાવી છે અને અંતર્ધાન થવાની ઇચ્છા તો ઘણી વાર જણાવી હતી. જ્યારે જ્યારે બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કરેલા ત્યારે આપણને તો એમ જ લાગે જે આ ફેરે બાપાશ્રી અંતર્ધાન થઈ જશે, પણ સંત-હરિભક્તોનાં હેત જુએ એટલે સંકલ્પ ફેરવી નાખે. એવું બહુ વાર જોયું છે."

"સંવત ૧૯૪૮ના વૈશાખ-જેઠમાં બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ

કર્યો હતો ત્યારે સદ્‌ગુરુ શ્રી નિર્ગુણદાસજી સ્વામીની ભલામણથી ભુજના સંતો સેવામાં રહ્યા હતા. તે વખતે કેટલાય દિવસ જમ્યા ન હતા તેથી સૌને એમ જે બાપાશ્રી અંતર્ધાન થઈ જશે, પણ સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીએ શ્રીજીમહારાજની પ્રાર્થના કરેલી તેથી મહારાજે આપણા ઉપર દયા કરી બાપાશ્રીને રાખ્યા.''

''સંવત ૧૯૭૫માં પણ મંદવાડની રીત એવી જ હતી. છેલ્લી વ્યવસ્થા પણ કરેલી જે બધાં મંદિરોમાં રસોઈ આપવી તથા થાળ કરવા, આટલી કોરીની આમ સેવા કરવી, આટલી કોરી અહીં વાપરવી, એમ લખત કરી સૌને રાજી કરી રજા માગી તૈયાર થયેલા; પણ તે વખતે આપણા બ્રહ્મચારી નિર્ગુણાનંદજી તથા પુરાણી કેશવપ્રિયદાસજી તથા બન્ને સદ્‌ગુરુઓ અને ઘણા સાધુઓ પાસે હતા, તે એમ ને એમ સૌ ઠાકોરજીના થાળ કર્યા વિના ઉદાસ થઈ બેસી રહેલા. બ્રહ્મચારી તો જાણે ઉપશમ અવસ્થા ગ્રહણ કરી હોય તેમ બોલે જ નહિ. દેવરાજભાઈ જેવા પણ પાસે હતા. મહામુક્ત ધનબાઈ પણ રામપુરથી આવ્યા ને બાપાશ્રીની જવાની તૈયારી જોઈ દિલગીર થઈ ગયાં ને શ્રીજીમહારાજને પ્રાર્થના કરવા લાગ્યાં. તે સર્વેની આવી સ્થિતિ જોઈ બાપાશ્રીએ પોતાના ઠરાવ ફેરવી નાંખ્યા.''

''એક વખત શરીરમાં 'વા' બહુ જણાવેલ ને સાથે પડખામાં શૂળ બહુ આવે. જેથી આ કાનજીભાઈ, મનજીભાઈ આવે ને જાય. હીરજીભાઈ, જાદવજીભાઈ તથા નાનાં છોકરાં બાપા! બાપા! કરે, ઘડીકમાં મેથી ને ઘડીકમાં તીખાં લાવે, પણ એ ઓસડ કાંઈ બાપાને હોય! આ તો દિવ્ય મૂર્તિ! પણ આપણને જ્યારે મનુષ્યભાવ વર્તે ત્યારે પોતે પણ બરાબર મનુષ્ય જેવા જ થઈ જાય. એવો મને પણ કેટલોક અનુભવ થયો છે.''

''એક વખત મંદવાડમાં હું અને ધનજીભાઈ બાપાશ્રીને જોવા નિમિત્તે આવેલા એટલે તો એ મંદવાડનું જ વર્ણન કરેને! મને પાસે

ખુરશી પર બેસાર્યો ને તરત મારી સાથે લીલા આદરીઃ 'ભોગીલાલભાઈ! હું બહુ માંદો થઈ ગયો છું, નથી મને ખાધાની ખબર રહેતી કે નથી ઉઠાતું-બેસાતું. ઘરમાં મને ફાવે નહિ તેથી મંદિરમાં ખાટલો રાખ્યો છે. આવતાં-જતાં હરિભક્તોને જોઈને દિવસ કાઢું છું. કેમ ભોગીલાલભાઈ! મંદવાડ છે ને?' તે વખતે મેં કહ્યું જે, 'બાપા! આપ તો જેમ છો તેમ ને તેમ જ છો.' ત્યારે બોલ્યા જે, 'તો તો ઠીક.' તોપણ આપણને એવે વખતે એમ થઈ જાય જે આજ બાપાને શરદી છે, આજ ગરમી છે, આજ શરીરે સારું નથી, આજ આમ છે, તેમ છે; પણ જે દિવ્યભાવ સમજવાનો છે તે ન સમજાય.''

''એક વખત એવું નિમિત્ત કર્યું હતું જે પોતે ઘોડી ઉપરથી પડી ગયા. પાસે કોઈ નહિ તેથી માર્ગમાં કોઈક ગાડાવાળાને ખબર પડી કે આ કોણ? પાસે જઈને જોયું ત્યાં તો આ બાપાશ્રી! પછી બેઠા કરી ગાડે બેસાડી ઘેર લઈ આવ્યા. તે વખતે પણ સૌ સમાચાર પૂછે, શેક કરે, કોઈ ચાંપે, તેનું કારણ? મનુષ્યપણાના ભાવ. તેમાં ભલભલા પણ ભૂલ ખાઈ જાય. મોટા મોટા સંતોના તથા પર્વતભાઈ, દાદા ખાચર જેવાનાં લખાણો આપણે વાંચ્યાં છે, પણ ટાણે યાદ ન આવે.''

''એક વખત બાપાશ્રીને કાનનો દુઃખાવો ઊપડ્યો તે જાણે રહેવાય જ નહિ. તે વખતે સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે હતા. તે પણ આપણી પેઠે સમાચાર પૂછે, શેક કરે. એક વખત સ્વામી પાછલી રાતના સૂતેલા. એમના સાધુને બાપાશ્રી કહે, 'મને કાનની પીડા બહુ ઊપડી છે તેથી સ્વામીને જગાડો.' સાધુએ જાણ્યું જે સ્વામી હમણાં સૂતા છે તે ઉઠાડવા કે નહિ તે વિચાર કરતા હતા, ત્યાં તો પોતે સાદ પાડી જગાડ્યા ને કહ્યું જે, 'સ્વામી! મને પીડા થાય છે ને તમને કેમ ઊંઘ આવે છે? મને શેકો.' ત્યારે સ્વામીશ્રીએ શેક કર્યો. તે વખતે પોતે એમ બોલ્યા જે, 'આ તમારા સેવક જાણે સ્વામી હમણાં સૂતા છે તે જગાડવા કે કેમ? પણ અમે જગાડવા ધારીએ તો મોટા રાજાને પણ એક ચપટી વગાડી જગાડી દઈએ.' એમ કહીને બોલ્યા જે, 'તમે શેક કર્યો તેથી પીડા મટી

ગઈ.' વળી સવારે બોકાની વાળી સભામાં આવ્યા. એમ તે કાનની પીડા લાંબી ચલાવી. આપણે અહીં એક ડૉક્ટર છે તેને આ વાતની ખબર પડી તેથી તે દર્શને આવ્યા ને કહ્યું જે, 'બાપા! પિચકારી મારવા દો તો પીડા મટી જાય.' તેની પ્રાર્થનાથી બાપાશ્રીએ કાન ધોવરાવ્યો ને સાજા થઈ ગયા. પણ મને તો એમ લાગ્યું જે કાન દ્વારે એ ડૉક્ટરનું કલ્યાણ કરવું હશે.''

''સંવત ૧૯૮૨ના ભાદરવા માસમાં બાપાશ્રીએ મોટો મંદવાડ ગ્રહણ કરેલો. ત્યારે પણ સૌને એમ થયું જે આ ફેરે તો બાપાશ્રી નક્કી અંતર્ધાન થવાના. એ વરસમાં વરસાદ બહુ થયો હતો ને બાપાશ્રીને પણ મંદવાડ બહુ અને ગામેગામમાં પણ એવી જ રીત હતી. જેમ પિંડ-બ્રહ્માંડની એકતા જણાવી હોય તેમ સર્વત્ર મંદવાડ જણાતો હતો. તે વખતે સદ્‌ગુરુઓ આવ્યા ને ગામોગામથી હેતવાળા હરિભક્તો પણ આવી પહોંચ્યા. તે સર્વેને જોઈ બાપાશ્રીને દયા આવી ગઈ, તેથી આજ સુધી આપણને દર્શન આપી સુખ આપ્યાં.''

''એવી રીતે જે જે વખતે લીલા-વિગ્રહ સંકેલવા ઇચ્છા કરી હશે તે તે સમયે સંત-હરિભક્તોની હેતભરી પ્રાર્થનાથી દયા લાવી રહી ગયા. આ વખતે તો જાણે કોઈને કાંઈ કહેવું જ નહિ એવું નક્કી કરીને સૂતા હોય ને શું! તેમ બોલવાનું જ બંધ રાખ્યું. માંદાઈ પણ પૂરી બે દિવસ રાખી નહિ. અમે નજીક હતા તોપણ છેલ્લો મેળાપ અમને ન થયો, એટલે તે સમયે પોતે જ દયા કરી દર્શન આપ્યાં. આ મંદવાડમાં તો બોલવાનો ઠરાવ જ ન હતો. તે વાત મને આ પ્રેમજીએ હમણાં કરી જે, 'બાપાશ્રીએ મને અંતર્ધાન થવાનું જણાવ્યું હતું, પણ કોઈને કહેવાની ના પાડી હતી ને કહ્યું હતું જે હમણાં તું કોઈને કહીશ તો હું તારા ઉપર રાજી નહિ થાઉં.' સ્વામીશ્રીને ખબર આપવાનું પૂછ્યું તોપણ ના પાડીને બોલ્યા જે, 'તેમને મેં મારો છેલ્લો મેળાપ કરવા ભુજથી પાછા બોલાવી સુખિયા કર્યા છે. હવે હું બોલીશ નહિ. મહારાજની મરજી આવી છે.' વગેરે કહ્યું હતું. માટે જે કાંઈ બાપાશ્રીએ કર્યું તેમાં આપણે રાજી રહેવું.''

"હમણાં આ યજ્ઞ કર્યો તેમાં પણ સૌને લખાવ્યું હતું જે, 'આ અમારો છેલ્લો યજ્ઞ છે માટે સૌ કામકાજ મૂકીને આવજો; કોઈ રહી જશો નહિ.' તેથી સર્વે હેત-રુચિવાળા હરિભક્તો આવી પહોંચ્યા હતા. તે સૌને બાપાશ્રીએ અદ્‌ભુત પ્રતાપ જણાવી મૂર્તિના સુખની વાતો કરી જમાડી અલૌકિક સુખ આપ્યાં હતાં. હમણાં ભુજમાં આવી સૌ હરિભક્તોને સુખિયા કર્યા. માધાપુરમાં પણ આઠ દિવસ રહી સૌને રાજી કર્યા. કરાંચી જેવા દૂર દેશમાં પણ હરિભક્તોના પ્રેમને આધીન થઈને ત્યાં પણ તેડાવ્યા તેટલી વખત ગયા. ત્યાં પંદર પંદર દિવસ રહીને મૂર્તિના સુખની અલૌકિક વાતો કરી હરિભક્તોને બહુ સુખિયા કર્યા. એવી જ રીતે દેશોદેશમાં ઘણે ઠેકાણે ફરીને સત્સંગમાં બહુ સુખ આપ્યાં. શ્રીજીમહારાજના સ્વરૂપને જેમ છે તેમ સમજાવવાની ઘણી વાતો કરી કંઈકને એ દિવ્ય મૂર્તિના સુખમાં મૂકી દીધા."

"એમ સત્સંગમાં બાપાશ્રીએ ઘણો સમાસ કર્યો. આપણને તો દરેક વાતની પાછળથી ખબર પડે. એ તો અગાઉથી સર્વે વાત જણાવતા હોય. તે સ્વામી ઈશ્વરચરણદાસજીને આ ફેરે મર્મમાં ઘણાં વચનો કહેલાં કે, 'સ્વામી! અમને એમ થાય છે જે તમ જેવા સંત ભેળા બે મહિના રહેવાય તો ઠીક. તમે પણ એમ જાણો તો રહો. તમને જવા દેવાની મારી ઈચ્છા જ થતી નથી. જો રહો તો આપણે ભુજ, માધાપુર જઈશું ને બ્રહ્મયજ્ઞ કરશું. આ ફેરે બે મહિના રહો તો ઠીક. અમે તમને અષાઢ માસમાં છૂટા કરશું.' એમ ઘણુંય સૂચવ્યું હતું તેથી તેમને પણ જવું જ ન હતું. રહેવાની માગણી બહુ કરી, પણ બીજા સંતો રહ્યા નહિ એટલે એમને પણ રજા આપી કે, 'તમે પણ સાથે જાઓ, જુદા પડી રહેવાય નહિ.' એમ આજ્ઞા થવાથી તે ગયા હતા. એવા મોટા સંતોને પણ આ વખતે પાસે રાખવા માટે રોક્યા નહિ; તો આપણે 'પાસે નહોતા, કાંઈ બોલ્યા નહિ', એમ જાણી દિલગીર થઈએ કે શોક કરીએ તે કરતાં શ્રીજીમહારાજની મરજી પ્રમાણે એમણે જે કર્યું તે ખરું એમ જાણી ધીરજ રાખીએ તે ઠીક."

"આપણને જે બાપાશ્રીની ખોટ પડી છે તે કોઈ રીતે પુરાય એવી નથી. આમ પ્રત્યક્ષ સાક્ષાત્કાર સુખ ભોગવાવતા, લાડ લડાવતા, હાર આપે, પ્રસાદી આપે, માથે હાથ મૂકે, બાથમાં ઘાલીને મળે, જ્ઞાનવાર્તાઓ કરી મૂર્તિનો સાક્ષાત્કાર કરાવી છતે દેહે મૂર્તિનું સુખ પમાડતા; એ હવે આ રીતે બંધ થયું. ગાયો પીયાવા ઉપરથી પાછી વળશે, સહેજમાં મળતું મોક્ષનું સદાવ્રત સુગમ હતું તે આજ અગમ થયું. આપણને તો અક્ષયપાત્ર આપ્યું છે તેમાંથી લઈ લઈને જમશું.

"આ સમયમાં શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ અપાવવાનું બાપાશ્રીએ બહુ સુગમ કર્યું. આવી રીતે જ્ઞાનદાન આપી મૂર્તિનો સાક્ષાત્કાર કરાવવો એ કાંઈ થોડી દયા ન કહેવાય. આ તો બધુંય મૂર્તિમાન થયું. શ્રીજીમહારાજ અને તેમના અનાદિ મહામુક્તોની અપાર દયાનો સાક્ષાત્કાર અનુભવ જેમણે સાંભળ્યો હતો, પણ નજરે દેખ્યો નહોતો તેમને પોતાના વર્તનથી મૂર્તિના સુખનું સુગમપણું કરીને અનેક સંત-હરિભક્તોને મહારાજની મૂર્તિના સુખે સુખિયા કરવાનો અનુભવ કરી દેખાડ્યો. કોઈને એમ થાય જે મૂર્તિમાં રહેલા અનાદિમુક્ત કેવા હશે? તો તેને બાપાશ્રીનાં દર્શન કરવાથી સાક્ષાત્કાર અનુભવ થતો; એટલું જ નહિ, પણ બાપાશ્રીનાં દર્શનથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ઉપશમ, નિર્વિકલ્પ સમાધિ, સ્થિતપ્રજ્ઞપણું વગેરેનો સાક્ષાત્કાર અનુભવ થતો. સંતનાં બત્રીસ લક્ષણ તથા કલ્યાણકારી ઓગણચાલીશ ગુણ બાપાશ્રીમાં પ્રત્યક્ષ દેખાતા."

"બાપાશ્રીએ જન્મથી આરંભી દેહોત્સવ પર્યંત પોતાનું અણિશુદ્ધ વર્તન રાખ્યું ને દરેક ક્રિયાની પણ એવી જ શુદ્ધિ રાખી હતી. કોઈને આ ને આ જન્મે ખરા ભાવથી પોતાનો આત્યંતિક મોક્ષ કરી લેવાની અતિ તીવ્ર ત્વરા થાય તો સહેલામાં સહેલો અને સુગમમાં સુગમ રસ્તો બતાવનાર બાપાશ્રી હતા. તેમની સેવા, સમાગમ, દર્શન, સ્પર્શ, પ્રસન્નતા વગેરેથી કેટલાયને પોતાનો આત્યંતિક મોક્ષ એટલે મૂર્તિનો સાક્ષાત્કાર થઈ ગયો. એવી રીતે અનેકને પૂર્ણકામપણું અને કૃતાર્થપણું

મનાવી મૂર્તિના સુખની પ્રાપ્તિ કરાવવારૂપ સદાવ્રત હવે પોતે કરેલ વચનામૃત રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા તથા તેમની કરેલ વાતોથી મળ્યા કરશે. આપણને આમ અંતર્ધાનપણું દેખાડ્યું તે તો બાપાશ્રીની મરજી. હવે તો તેમનાં વચન મુજબ વર્તવાની આપણી સૌની ફરજ છે.''

એવી ઘણીક વાતો કરી સૌને ધીરજ આપી. પછી બાપાશ્રીને ઘૃતથી નવરાવી, અગ્નિસંસ્કાર વિધિ કર્યો. ત્યારે પણ હરિભક્તો નાળિયેર તથા ઘી હોમવા સારુ અધીરા થઈ વ્યાકુળ થયા અને વિરહની વેદના સમાય નહિ. તે વખતે બાપાશ્રીએ સર્વેને ધીરજ પ્રેરી એટલે સર્વે શાંત થઈ ઊંચે સ્વરે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ ધૂન કરવા લાગ્યા. એમ અગ્નિસંસ્કાર થઈ રહ્યા પછી સર્વે સ્નાનવિધિ કરી વિરહનાં કીર્તન બોલતાં બોલતાં બાપાશ્રીને ઘેર આવી મંદિરમાં દર્શન કરી શ્રીજીમહારાજને સંભારતાં અને બાપાશ્રીએ આપેલાં સુખ તથા તેમના ગુણોનું વર્ણન કરતાં કરતાં સૌ પોતપોતાને ગામ ગયા.

ત્યાર પછી બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ તથા મનજીભાઈ અને ભુજના ભોગીલાલભાઈ તથા મોતીભાઈ આદિક તથા રામપુરવાળા દેવરાજભાઈ વગેરે હરિભક્તોએ મળી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને તાર કરી બાપાશ્રી અંતર્ધાન થયાના ખબર આપ્યા. બીજા હેતવાળા સંત-હરિભક્તોને પણ તારથી તથા કાગળોથી ખબર મોકલાવ્યા. ॥૧૫૫॥

## વાર્તા ૧૫૬

સંવત ૧૯૮૪ના અષાઢ સુદ-૮ને રોજ સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ બાપાશ્રીના અંતર્ધાન થવાના ખબર મળવાથી કચ્છમાં ગયા. ત્યારે બાપાશ્રીના પુત્ર કાનજીભાઈ, મનજીભાઈ તથા રામપુરવાળા દેવરાજભાઈ આદિ બાપાશ્રીના કાર્ય નિમિત્તે ત્યાંના સંતો તથા હરિભક્તો સાથે મળી નિર્ણય કરવા ભુજ આવેલા, ત્યાં સ્વામીશ્રી આદિ મળ્યા. ઠાકોરજીનાં દર્શન

કરી બાપાશ્રીના અંતર્ધાન સંબંધી હકીકત પૂછી, એટલે હરિભક્તોએ સર્વે સમાચાર કહ્યા. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ પોતાને મર્મવચનો કહી બે મહિના રાખવાની તાણ બતાવી હતી વગેરે વાત કરી તથા "મહારાજની મરજી હોય તેમ આપણે રાજી રહેવું"; એમ કહી સૌને ધીરજ આપી.

પછી કાર્ય કેમ કરવું તે વાત થતાં સદ્‌ગુરુઓ કહે, "બાપાશ્રીનાં કાર્ય નિમિત્તે પારાયણ બેસારવી. તેમાં કચ્છ દેશ તથા દેશોદેશથી સર્વ સત્સંગ તેડાવવો ને મોટો યજ્ઞ કરવો."

ત્યારે સંત-હરિભક્તોએ કહ્યું કે, "બહુ સારું."

એવી રીતે નિર્ણય કરી સર્વે ઠેકાણે કાગળો લખ્યા. પછી ભુજના હરિભક્તો સાથે સ્વામીશ્રી આદિ સંતો વૃષપુર આવ્યા, ત્યાં બાપાશ્રીના પ્રત્યક્ષપણે દર્શન ન થતાં જોઈ સૌને દિલગીરી થઈ, પણ બાપાશ્રીએ અનાદિમુક્તની સ્થિતિ કરાવવા પોતાનું પ્રગટપણું જણાવેલું હોવાથી એ સ્થિતિમાં મહારાજ તથા અનાદિમુક્તનું સદાય પ્રગટપણું રહે છે એવા વિચારે શોક સમાવી દીધો.

પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ ત્યાંના અરજણ ગોવિંદ તથા બીજા સેવા કરવામાં તત્પર રહેલા હરિભક્તો પાસે યજ્ઞનો સામાન મંગાવ્યો ને બીજી જોઈતી સામગ્રી તૈયાર કરાવી.

મંદિરમાં ઠાકોરજીની સમીપે 'સત્સંગિજીવન'ની પારાયણ બેસારી. તે પારાયણ પ્રસંગે ગામોગામના હરિભક્તો આવેલા હોવાથી મંદિરમાં સભા ઠસોઠસ ભરાઈ જતી. શ્રીજીમહારાજની મૂર્તિ પાસે બાપાશ્રીનાં દર્શન થતાં હતાં તેથી એમની કૃપામય દૃષ્ટિ સર્વે સભા ઉપર પડતી હતી. સંત-હરિભક્તો બાપાશ્રીના બોલાવવા તથા મળવાની અને જમવા-જમાડવાની સર્વે ચેષ્ટા આગળની રીતે બાપાશ્રીએ બંધ કરી, ને આમ મૂર્તિરૂપે દર્શન દે છે એ વિચારે મનમાં ને મનમાં એ સુખને સંભારતાં, કથાનું શ્રવણ કરતા હતા. સૌના મુખ ઉપર બાપાશ્રીના

અંતર્ધાન થયાનો ભાવ સહેજે જણાઈ આવતો. વૃષપુરમાં બાપાશ્રીએ ઘણા યજ્ઞ કર્યા અને તે પ્રસંગે લાખો સંત-હરિભક્તો આવી ગયા, પણ દરેક યજ્ઞમાં સૌ આનંદમાં ને આનંદમાં કિલ્લોલ કરતા. ત્યારે આ પારાયણમાં કથા-વાર્તા સમયે તથા જમવા જતાં પંક્તિ વખતે સૌ શાંત દેખાતા હતા. બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક કુટુંબીજનો તો જેમ સત્ત્વ વિનાના પદાર્થ હોય તેવા એ વખતે બની રહ્યા હતા.

બન્ને સદ્‌ગુરુઓ સવાર-સાંજ સૌને ધીરજ આપવા સભામાં વાતો કરતા જે, “જેમ શ્રીજીમહારાજ અખંડ છે તેમ બાપાશ્રી પણ મૂર્તિમાં રસબસ રહ્યા થકા અખંડ છે તથા અનંત મહામુક્તોની સભા જ્યાં મહારાજ બિરાજે છે ત્યાં છે, છે ને છે જ. આપણા ઉપર તો બાપાશ્રીએ અપાર દયા કરી છે. શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ રાખવા એ જ એમનું કામ હતું. બાપાશ્રી તો અનાદિમુક્તની સ્થિતિ કરાવવાને અર્થે જ દૃષ્ટિગોચર વર્તતા હતા. તેમની વાતોમાં એ જ સાર હતો કે, ‘મહારાજની મૂર્તિમાં રહેવું, બીજે રોગી વાની ઊડે છે. બ્રહ્મકોટિ, અક્ષરકોટિ આદિકમાં ક્યાંય અટકવું નહિ.’”

“શ્રીજીમહારાજ, અક્ષરધામ તથા અનાદિમુક્ત, પરમ એકાંતિક, એકાંતિક આદિનાં સ્વરૂપ તથા સામર્થ્યનું વર્ણન સત્સંગમાં લક્ષાવધિ મનુષ્યના સમાસને અર્થે કરતા. પણ મુખ્ય તો એટલું જ રાખતા જે ‘રસબસ હોઈ રહી રસિયા સંગ જ્યું મિસરી પય માંહી ભળી.’ એ રીતે એક મૂર્તિ, મૂર્તિ ને મૂર્તિ જ આપવાનો તેમનો ઠરાવ હતો. અમને પણ અંતર્ધાન વખતે પ્રત્યક્ષ મેળાપ ન થયો તોપણ અમે એમ જાણીએ છીએ કે જેવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીની મરજી. તેમની મરજીમાં આપણને સુખ છે. તમારે પણ એ જ રીતે હિંમત રાખવી. જ્યાં શ્રીજીમહારાજ છે ત્યાં જ અનંત અનાદિમુક્ત છે; પરમ એકાંતિકની ફરતી સભા છે. આપણે દિવ્યભાવે એવાં દર્શન કરીએ તો બાપાશ્રી જરાય છેટા નથી, તેમ ક્યાંય ન હોય તેમ પણ નથી.”

આવી રીતે સદ્‌ગુરુઓ નવીન નવીન વાતો કરતા તેથી હરિભક્તોને બાહ્યદૃષ્ટિએ થયેલ શોક અને વિરહનું દુઃખ નિવૃત્ત થતું. એ રીતે 'સત્સંગિજીવન' ની કથા પ્રસંગે દિવ્યભાવની વાતો થતાં સૌ હરિભક્તો શાંતિ પામતા હતા. જ્યારે પારાયણની સમાપ્તિનો દિવસ આવ્યો ત્યારે બાપાશ્રીના દીકરા કાનજીભાઈ તથા મનજીભાઈએ પુસ્તકની તથા પુરાણીની પૂજા કરી શ્રીજીમહારાજની આરતી ઉતારી ઠાકોરજીને વસ્ત્રાદિક ભેટ કરી સંતોને વસ્ત્ર ઓઢાડ્યાં. તે વખતે પણ એક કલાક લગભગ સદ્‌ગુરુઓએ વાતો કરી બાપાશ્રીના પ્રતાપ અને અતિ અપાર કરેલા ઉપકારો વર્ણવ્યા.

પછી સૌને એમ કહ્યું જે, "હવે આપણે બાપાશ્રીને દિવ્યભાવે જોવાના રહ્યા. હેત કરી બોલાવવું, મળવું, માથે હાથ મૂકવા, કંઠથી ઉતારી હાર આપવા; એ સર્વે દુર્લભ થયું. અતિ હેતવાળાને તો એ એમ ને એમ સુખ આપવાના. આ તો આ રીતે દેખાવાનો સંકલ્પ બંધ કર્યો એટલું જ. શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી દાદા ખાચરે અતિ હેતે સંભાર્યા ત્યારે સભાએ સહિત મહારાજે તરત જ દર્શન આપ્યાં. તથા અ.મુ. ગોપાળાનંદ સ્વામી જેવા મહામોટા શ્રીજીમહારાજના લાડીલા મુક્ત સંતો તથા પર્વતભાઈ જેવા અનાદિમુક્તને પણ અતિ હેતે સંભારે તેને હજી પણ દર્શન આપે છે તેમ બાપાશ્રી પણ સૌને દર્શન દેશે. વર્તમાન કાળે શ્રીજીમહારાજની સાથે અંત સમયે બાપાશ્રી ઘણાંને દર્શન દે છે અને દેશે. એમની દયાનો કાંઈ પાર જ નથી."

"બાપાશ્રીએ આ લોકમાં ૮૪ વરસ દર્શન આપ્યાં તેમાં પ્રગટ થયા ત્યારથી આજ દિવસ સુધી જે જે પ્રકારે પોતે સુખ આપ્યાં તેમાં દિન પ્રતિદિન નવીન ને નવીન જ હતું. કેટલાક તો એમની આવી દિવ્ય ચેષ્ટા ન જાણી શકતા તેથી એમ બોલતા જે, 'જુઓને! આ ગાંડા થઈને બાપા વાંસે ફરે છે.' એમ કહેનાર જો અમારી પાસે આવે તો તેને અમે કહીએ કે, 'એમનો મહિમા સમજનાર તો ગાંડા મટીને ડાહ્યા થયા છે ત્યારે જ આવા મહા સમર્થ અનાદિમુક્તને ઓળખ્યા. તમે પણ ડાહ્યા

થઈ બાપાશ્રીનો મહિમા જાણી મહારાજની પ્રસન્નતાનો લાભ લ્યો.' આ દેશમાં પણ કોઈ કોઈ એમ બોલતા જણાય છે. કેટલાક પાસે રહેનારામાં પણ એવો ભાવ રહેતો હોય એમ જ જણાય છે, પણ અમે તો સૌને કહીએ છીએ કે કોઈ મહિમાએ રહિત જાદવની પેઠે ભાગ્ય વિનાના થશો નહિ.''

''આ દેશમાં બાપાશ્રી પોતાનું ઘર માની રહ્યા તેથી અહીં તો કોઈને સુખ આપવામાં જરાય કસર રાખી નથી. તેમની છાયામાં રહેનારા તમે સૌ તેમના કરેલા ઉપકાર ભૂલશો નહિ ને કોઈ અવગુણની વાતો કરે તે હૈયે ધરશો નહિ. સૌ બાપાશ્રીને દિવ્યભાવે સંભારજો. અમે તથા કેટલાક દૂર દેશના હરિભક્તો દરિયા ઊતરીને બાપાશ્રીનાં દર્શનની ને સેવાની તાણે આવતા. હવે તો જે આવનારા હશે તે પણ આમ દોડીદોડીને નહિ આવે. સત્સંગમાં અત્યારે કચ્છનો સત્સંગ દિવ્ય ગણાઈ ગયો છે. એમ સદાય દિવ્ય ને દિવ્ય રાખજો. પરસ્પર હેત રાખી સૌ મૂર્તિનાં સુખ ભોગવજો. કથા-વાર્તા ભેળા મળી કરજો. બાપાશ્રીએ મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા છે તે વિસારશો નહિ. શ્રીજીમહારાજ તથા બાપાશ્રીની સત્સંગ ઉપર અપાર દયા છે.''

''અનંત મુક્તો મૂર્તિમાં સદાય રસબસ રહ્યા છે, પણ જે વખતે જે મુક્ત શ્રીજીમહારાજના સંકલ્પથી દૃષ્ટિગોચર વર્તતા હોય તે થકી આત્યંતિક મોક્ષ સહેજમાં થાય છે. અક્ષરધામમાં અનંત કોટિ મુક્ત છે એમ આપણે સૌએ સાંભળ્યું છે, પણ સત્સંગમાં પાંચસો પરમહંસ ઉપરાંત ઘણા સંતો, હજારો હરિભક્તો, એથી વધુ લાખો કહીએ, પણ જો એક કરોડ (કોટિ) કહીએ તો ઘણા વર્ણવ્યા ગણાય. એવા અનંત કોટિ મુક્ત મહારાજની મૂર્તિમાં રસબસ રહ્યા છે, તેમના આકાર શ્રીજીમહારાજના જેવા જ દિવ્ય છે. એવા મુક્તોમાંથી જેટલા મુક્ત મહારાજે અહીં દેખાડ્યા, તેટલા આપણે જોયા. તેવા મહામુક્તને દર્શને, સ્પર્શે તથા સેવાએ અનંત જીવોના આત્યંતિક મોક્ષ થયા. કોઈ અન્ય અવતારોમાં મહારાજના અનાદિમુક્તની પેઠે દર્શને-સ્પર્શે આમ સહેજમાં

આત્યંતિક મોક્ષ થયા લખાણા નથી. આજ તો મહાપ્રભુએ અગમ તે સુગમ કર્યું છે. આપણાં દરેક શાસ્ત્રોમાં એ વાત લખાણી છે.''

''વર્તમાન કાળે બાપાશ્રીએ ચોરાસી વરસમાં અસંખ્ય ઉદ્ધાર્યા ને છેલ્લી પ્રાપ્તિ અનાદિમુક્તની સ્થિતિ કરાવી. જે જે પોતાની દૃષ્ટિમાં આવ્યા, હાથ જોડ્યા, એટલામાં જ તેમને મૂર્તિમાં રાખવાના કોલ આપતા. આવી અપાર દયાને સદાય સંભારજો. બાપાશ્રીનો કોઈને અયોગ્ય ઘાટ-સંકલ્પ કે મન, કર્મ, વચને અપરાધ થઈ ગયો હોય તે પણ આ સભામાં મૂર્તિ પાસે માફી માગી લેજો અને હવેથી સદાય દિવ્યભાવે જોવાનું દૃઢ કરી રાખજો.''

આવી ઘણીક વાતો કરી. તે વખતે મંદિરમાં સભા ઠસોઠસ ભરાયેલી હતી. મંદિરની ઓસરીમાં પણ હરિભક્તો ઊભા ઊભા સમાતા ન હતા. તે વખતે જામનગરવાળા રતિલાલભાઈએ સભામાં ઊભા થઈ બાપાશ્રીના દિવ્યભાવની, અદ્‌ભુત પ્રતાપની વાતો કરી સૌને બાપાશ્રીએ કરેલા ઉપકારો ન ભૂલવાની ભલામણ કરી હતી. આ પ્રસંગે ટપ્પરવાળા ફોજદાર રામજીભાઈ આવેલા. તેમણે સભામાં પોતે ઊભા થઈ સદ્‌ગુરુઓને પ્રાર્થના કરી કહ્યું કે, ''સ્વામી! આ સભામાં મને બે વચન બોલવાની આજ્ઞા આપો.'' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''ભલે બોલો.''

ત્યાર પછી તેમણે સભાને હાથ જોડીને કહ્યું કે, ''સંતો! હરિભક્તો! હું અહીં આ ફેરે દર્શને આવ્યો છું, ને પ્રથમ પણ જ્યારે જ્યારે આવતો ત્યારે શ્રીજીમહારાજની મૂર્તિનાં તથા બાપાશ્રીનાં દર્શન કરતો, તે વખતે શ્રીજીમહારાજની મૂર્તિ તથા બાપાશ્રીના દેખાવમાં જેમ સગા બે ભાઈ હોય અને એકબીજાનાં મુખ મળતાં આવતાં હોય તેમ એવો ભાવ મને મુખનો જણાતો, પણ મારા મનમાં એમ થતું જે ભગવાનને ભાઈ હોય કે ન હોય. આવા વિચારોને હું મનમાં ને મનમાં સમાવી રાખતો. પણ બાપાશ્રી જ્યારે મંદિરમાં હોય ત્યારે તો ખાસ

કરીને શ્રીજીમહારાજના તથા બાપાશ્રીના મુખ સામું ઘણી ઘણીવાર જોયા કરતો. અમારું કામ એવું છે કે અમે બે વરસનું છોકરું નાનપણમાં જોયું હોય પછી તેને ચાલીસ-પચાસ વરસ થાય તોપણ મોઢા ઉપરથી પારખી શકીએ કે આ નાનપણમાં જે જોયેલ તે જ છે. તેમ બાપાશ્રીના અને મહારાજની મૂર્તિના મુખારવિંદના ભાવમાં મળતાપણું દેખાતાં મને આશ્ચર્ય થતું તે હું આજ કહું છું. હમણાં આ સ્વામીએ વાતોમાં કહ્યું કે, 'મહારાજની મૂર્તિમાં અનંત મુક્ત રસબસ રહ્યા છે તેમના આકાર મહારાજના જેવા જ દિવ્ય છે.' તેથી મને તો એમ જ થયું કે આ બાપાશ્રી પણ મૂર્તિમાં રહેલા સ્વતંત્ર અનાદિમુક્ત જ છે. મારે સત્સંગનો અનુભવ થોડો, પણ બાપાશ્રી તથા સંત-હરિભક્તોની કૃપાનો લાભ મળે એમ જાણી આ પ્રસંગે મારા મનના વિચારો સભા સમક્ષ કહ્યા તેથી સૌ મારા ઉપર રાજી રહેજો ને બાપાશ્રીના કરેલા ઉપકારોને આ સ્વામીશ્રી કહે છે તે પ્રમાણે ભૂલશો નહિ.'' એમ કહ્યું.

તે વખતે સૌ સહજાનંદ સ્વામી મહારાજની જય બોલાવી સમાપ્તિ કરી કીર્તન બોલ્યા. પછી સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીએ રામજીભાઈ ઉપર પ્રસન્ન થઈને પાઘડી બંધાવી ને રહસ્યાર્થ પ્રદીપિકા ટીકાવાળું વચનામૃત તથા એક મૂર્તિ ભેટ આપી તેથી તે ઘણા રાજી થયા. સમય થયો એટલે સૌ હરિભક્તો ઠાકોરજી જમાડવા ગયા. બપોરે પણ સદ્‌ગુરુઓએ સભામાં શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના મહિમાની ઘણી વાતો કરી સૌને રાજી કર્યા.

પછી કાર્યની સમાપ્તિ થયે બન્ને સદ્‌ગુરુ આદિ સંતોની પ્રસન્નતા માગી સૌ હરિભક્તો પોતપોતાને ગામ ગયા. એવી રીતે બાપાશ્રીના કાર્યમાં આવેલા દેશોદેશના તથા કચ્છના ગામોગામના હરિભક્તોને આ બ્રહ્મયજ્ઞનાં દર્શન થયાં. તે પ્રસંગે બાપાશ્રીએ ઘણાક હરિભક્તોને તથા સંતોને દિવ્યરૂપે દર્શન આપેલાં; એવી બાપાશ્રીની સત્સંગ ઉપર અપાર દયા છે. ॥૧૫૬॥

## વાર્તા ૧૫૭

બાપાશ્રીના કાર્ય પ્રસંગે અમદાવાદ તથા મુળીથી આવેલા સંતો અને આશાભાઈ જેવા બાપાશ્રીની સેવામાં નિરંતર રહેનારા હરિભક્તો પંદર-વીસ દિવસ રહીને જ્યારે ગુજરાત તરફ જવા નીકળ્યા, ત્યારે બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક સંબંધીજનો તથા ગામ-પરગામના ઘણા હરિભક્તો એક ગાઉ સુધી વળાવવા આવ્યા. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી સૌને ''પાછા વળો, ઊભા રહો'' એમ કહે, પણ કોઈ પાછા જ ન વળે. કેમ જે હવે બાપાશ્રી અંતર્ધાન થયા પછી મૂર્તિના સુખની વાતો કરનાર આ બન્ને સદ્‌ગુરુઓ હોવાથી સૌ હાથ જોડી પ્રાર્થના કરે, આશીર્વાદ માગે.

એ સર્વેને ઊભા રાખી સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું કે, ''તમે હવે બાપાશ્રીની આજ્ઞા પ્રમાણે પરસ્પર મૂર્તિના સુખની વાતો કરી સુખિયા રહેજો. બાપાશ્રી ક્યાંય ગયા નથી. જ્યાં શ્રીજીમહારાજ છે ત્યાં બાપાશ્રી છે, અનંત કોટિ મુક્ત છે એમ જાણી તેમને સંભારી રાજી રહેજો.''

એમ કહી સૌને પાછા વાળ્યા ને સંતો ભુજ ગયા. ત્યાં બે દિવસ રહ્યા ત્યારે ભુજના ભોગીલાલભાઈ, ધનજીભાઈ, લાલશંકરભાઈ, મોતીભાઈ, નારાયણભાઈ આદિક ભક્તોએ પ્રાર્થના કરી જે, ''સ્વામી! આપ હજી એકાદ માસ વધુ રોકાઈને બાપાશ્રીને દેન દીધેલ છે તે ઠેકાણે સ્મૃતિરૂપ સ્થાન કરાવો તો સારું; કેમ કે એ જગ્યા મહા પ્રસાદીરૂપ છે. શ્રીજીમહારાજ જ્યાં બિરાજેલા હતા, તે ઠેકાણે બાપાશ્રીએ છત્રી કરાવી મોટો યજ્ઞ કરી મહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે અને ત્યાં દર્શન કરનારાઓને આત્યંતિક મોક્ષનો આશીર્વાદ આપ્યો છે. એવી પવિત્ર ભૂમિમાં જ બાપાશ્રીના પ્રગટ થવાનું નિમિત્ત થયું. વળી તેમનો છેલ્લો વિધિ પણ ત્યાં જ થયો તેથી એ સ્થાન બહુ ચમત્કારી ગણાય છે. માટે આપ દયા કરી જ્યાં બાપાશ્રીને દેન દીધેલ છે ત્યાં છત્રી કરાવીને પછી

જાઓ તો સારું.”

પછી સદ્‌ગુરુઓ આદિ સંતોને એ વાત ઠીક લાગી એટલે વૃષપુરથી મિસ્ત્રી ગોવિંદ અરજણ મેપાણીને તેડાવીને નકશો કરાવ્યો તે જોઈ સૌ હરિભક્તો રાજી થયા ને કહ્યું જે, “સ્વામી! આપે રોકાવાનું કર્યું તે ઠીક થયું.”

પછી મિસ્ત્રી ગોવિંદ અરજણ તથા બીજા જે જે એ કામ કરી શકે તેવા માણસોને સાથે લઈને થોડાક સંતોએ સહિત સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર આવ્યા. ત્યાં ગામના હરિભક્તોને આ વાત કરી ત્યારે તે પણ રાજી થયા ને કહ્યું જે, “સ્વામી! આ કામ માટે તમો ભુજથી પાછા આવ્યા તે બહુ સારું કર્યું. આવું બાપાશ્રીની સ્મૃતિરૂપ સ્થાન થતાં અનેક જીવોનો મોક્ષ થશે.” એમ કહી એ કામ ચાલતું કર્યું. ગામના હરિભક્તો પણ આ કામમાં અતિ હેતે સહિત સેવા કરતા. સૌને એમ જે આવી દિવ્ય સેવા આપણને ક્યાંથી મળે?

પછી વેકરાના મિસ્ત્રી વીરજી મનજીભાઈને મિસ્ત્રી ગોવિંદભાઈએ તેડાવીને કહ્યું જે, “આપણે છત્રીનું કામ કરવું છે તે માટે સ્વામીશ્રીએ તમને તેડાવ્યા છે.” એવું સાંભળી તે પણ બહુ રાજી થયા ને ઠાકોરજીનાં તથા સ્વામી આદિ સંતોનાં દર્શન કરીને બોલ્યા જે, “સ્વામી! આપે મારા પર ઘણી દયા કરી ખબર આપ્યા તે ઠીક કર્યું. મને બાપાશ્રીના રાજીપાની તાણ ઘણી રહી છે; કેમ કે જ્યારે માધાપુરના મંદિરનું કામ ચાલતું હતું ત્યારે નારાયણભાઈની મેડી ઉપર બાપાશ્રીએ પ્રસન્ન થઈને મને એમ કહેલ જે, ‘તમે કારીગર છો, પણ જે જે કામ કરો તે મહારાજની મૂર્તિને સંભારીને કરજો.’ એમ કહ્યું છે ત્યારથી મને એ વચન સાંભર્યા કરે છે. તેથી આવી બાપાશ્રીના સ્થાનની સેવા મારા જેવાને ક્યાંથી મળે?” એમ કહી તેમણે ઘણો ઉત્સાહ જણાવ્યો.

બીજા પણ જે જે કામ કરનારા હતા તે સર્વે બાપાશ્રીની પ્રસન્નતાનું આ કાર્ય જાણીને હેતે સહિત સેવા કરતા હતા. તેમને તથા

ઘરમાં બાપાશ્રીના પુત્ર-પૌત્રાદિક અને આ કામમાં સેવા કરવા તત્પર રહેલા હરિભક્તોને પોતાનો દિવ્યભાવ જણાવતાં બાપાશ્રી વારંવાર દર્શન દેતા હતા, તેથી સૌના મનમાં એમ જે આ કામમાં બાપાશ્રીનો ઘણો રાજીપો છે. એક દિવસ થાંભલા ઘડવાનું કામ ચાલતું ત્યારે રાત્રિના દસ વાગ્યે મિસ્ત્રી વીરજીભાઈને બાપાશ્રીએ પ્રત્યક્ષ દર્શન દઈને કહ્યું જે, "તમે તો છત્રીના થાંભલા ઘડો છો ને?" ત્યારે તે કહે, "હા, બાપા." તે વખતે બાપાશ્રીએ કહ્યું જે, "માધાપુરમાં અમે તમને કહ્યું છે તે સંભારી રાખજો ને કામ બરાબર કરજો." એમ કહી અદૃશ્ય થઈ ગયા.

તે વાત તેમણે સ્વામીશ્રી આદિ સંતોને કહી. અતિ હેતેભર્યા સૌ છત્રી કરવાના કામમાં તત્પર રહેતા. એમ એક મહિનામાં કામ પૂરું થયું એટલે સ્વામીશ્રીએ મિસ્ત્રી ગોવિંદભાઈ તથા વીરજીભાઈને પાઘડીઓ બંધાવી. પછી તેમને તથા સેવા કરનારા સર્વે હરિભક્તોને બાપાશ્રીની પ્રસન્નતાના તથા મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપીને કહ્યું જે, "તમોએ આ છત્રીના કામમાં સેવા બહુ સારી કરી. આ સ્થાન થવાથી અનેક સંત-હરિભક્તોને આત્યંતિક મોક્ષરૂપ એક નવું સદાવ્રત ચાલતું થયું; કેમ કે અહીં જે કોઈ દર્શને આવશે તેમને બાપાશ્રીનું સહેજે સ્મરણ થાશે તેથી બાપાશ્રીના ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ, તથા અપાર અપાર કરુણામય દૃષ્ટિ વડે શ્રીજીમહારાજની અનંત મુક્તોએ સહિત સ્મૃતિ થતાં અનેક મુમુક્ષુજનોનાં મોક્ષરૂપી કાર્ય સિદ્ધ થશે." એમ કહી સૌ સંત-હરિભક્તોને પ્રસન્ન કરી સ્વામીશ્રી આદિ સંતો ભુજ થઈને ગુજરાત તરફ આવ્યા. ॥૧૫૭॥

# સમાપ્ત

# પરચા

# પરચો ૧

સંવત ૧૯૪૨ની સાલમાં બાપાશ્રી છસો હરિભક્તોના સંઘે સહિત કચ્છથી મુળી આવ્યા, ને ત્યાં બે રસોઈઓ આપી. ત્યાં બાપાશ્રીને સમાધિ થઈ હતી. પછી જ્યારે સંઘ ગઢડે ચાલ્યો ત્યારે સમાધિમાંથી તો જાગ્યા, પણ માંદા થઈ ગયા; તેથી જઈ શક્યા નહિ. તેમની સેવામાં મુક્તરાજ રત્ના ભક્તના પૌત્ર કાનજી ભક્ત રહ્યા. જ્યારે સંઘ ગઢડે પહોંચ્યો ત્યારે મુ. ધનબા ડોસીને શ્રીજીમહારાજ તથા મુક્તોનાં દર્શન થયાં.

તે વાત કેશરાભાઈને જગાડીને કરી જે, "આજ શ્રીજીમહારાજ અનંત મુક્તોએ સહિત અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીને તેડવા મુળીએ ગયા, તે સત્સંગમાં આપણું મોટું સુખ ગયું."

ત્યારે કેશરાભાઈ કહે, "મા! હું તમારો દીકરો છું. તે તમારા જેટલું તો ન જાણું, પણ એટલું તો મને નક્કી છે જે આપણું સુખ નહિ જાય; કેમ કે મુળીથી આપણે ચાલ્યા ત્યારે બાપાશ્રીએ મને કહ્યું છે કે, 'અમે જરૂર ગઢડે આવશું.' તેથી જો મહાપ્રભુજી આવ્યા હશે તોપણ તેડી નહિ જાય." એમ વાત કરીને સૂઈ ગયા.

બીજે દિવસે બાપાશ્રીને શરીરે ઠીક થયું એટલે કાનજી ભક્તને સાથે લઈને ગઢડે જવા નીકળ્યા. જ્યારે ગઢડું અડધો ગાઉ દૂર રહ્યું ત્યારે કેશરાભાઈએ સર્વે સંઘને કહ્યું જે, "બાપાશ્રી આવે છે, માટે ચાલો આપણે સામા જઈએ." એમ કહી હરિભક્તો સહિત સામા ચાલ્યા તે ગામ બહાર ભેગા થયા. ત્યાં સૌને મળ્યા ને બહુ પ્રસન્નતા જણાવી સંઘે સહિત બે દિવસ ગઢડામાં રહી મહારાજના મહિમાની ઘણીક વાતો કરી ઘણા સંત-હરિભક્તોને સુખિયા કર્યા.

ત્યાંથી ધોલેરા થઈ ધોળકે આવ્યા. તે વખતે જેતલપુરમાં મોટા સંત સદ્‌ગુરુ શ્રી ધ્રુવાનંદ સ્વામીને દેહ મૂકવા સમયે શ્રીજીમહારાજ તેડવા આવેલા ત્યારે બાપાશ્રીએ મહારાજની પ્રાર્થના કરી જે, "આ સંઘ બે

દિવસમાં જેતલપુર પહોંચી જશે માટે સ્વામીશ્રીને બે દિવસ રાખો તો આ સંઘને સંભારવા થાય.'' એવાં વચન સાંભળી શ્રીજીમહારાજે ધ્રુવાનંદ સ્વામીને રાખ્યા. જ્યારે સંઘ ધોળકેથી જેતલપુર પહોંચ્યો ત્યારે જસા ભક્ત મંદિરની વાડીમાં રહેતા હતા. તેમને શ્રીજીમહારાજ માણકી ઘોડી પર બેઠેલા ને વતું વધેલું એવાં દર્શન થયાં. ત્યારે જસા ભક્તે કહ્યું જે, ''મહારાજ! તમે આવા દૂબળા કેમ દેખાઓ છો? ઘોડી પણ દૂબળી જણાય છે, વતું પણ વધેલું છે તેનું શું કારણ?''

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''આ કચ્છનો સંઘ જ્યારથી નીકળ્યો છે ત્યારથી અમે એમના ભેળા ચાલીએ છીએ. એ સંઘ મોટો બહુ છે અને કેડા મોર સૌ ચાલે છે તેથી કોઈ તેમને લૂંટી ન જાય તેમ માર્ગ પણ ન ભૂલે એટલા માટે સાથે જ રહીએ છીએ તેથી તમને આવા દેખાઈએ છીએ.''

એટલામાં તો સંઘ જેતલપુર જઈ પહોંચ્યો ને સર્વેને દર્શન થયાં. પછી બે દિવસ રહીને જ્યારે અમદાવાદ તરફ ચાલવાની તૈયારી કરી ત્યારે સ્વામીશ્રીએ અદ્‌ભુત પ્રતાપ જણાવી દેહત્યાગ કર્યો. તે વખતે ચંદનની વૃષ્ટિ થઈ તે સર્વત્ર સુગંધ સુગંધ થઈ રહ્યો. તે ચંદનની ગોળીઓ કરીને સંઘમાંના કેટલાક મનુષ્યોએ લઈ લીધી હતી તે હજી પણ છે.

પછી સંઘ અમદાવાદ આવ્યો ને ત્યાં રસોઈઓ આપી. અને બાપાશ્રી ઠાકોરજીનાં દર્શન કરી સ્વામી શ્રી નિર્ગુણદાસજીના આસને દર્શને ગયા. ત્યાં સ્વામીને દંડવત કરીને મળ્યા ત્યારે બાપાશ્રી કહે, ''સ્વામી! ઘણા દિવસે દર્શન થયાં.''

ત્યારે સ્વામીએ કહ્યું જે, ''વૃષપુરમાં અણદા ભક્તે દેહ મેલ્યો ત્યારે તમે પાસે બેઠા હતા તે વખતે તમારા ભત્રીજા ગોવિંદ ભક્તને બહુ તેજ દેખાણું તે તેજ દેખીને બીન્યા તેમને તમે ધીરજ આપીને કહ્યું જે, 'આ તો મહારાજનું અને મુક્તનું તેજ છે.' પછી આપણે અણદા

ભક્તને તેડી ગયા, તેને બે મહિના થયા છે અને ઘણે દહાડે ભેગા થયા એમ કેમ કહો છો?'' ત્યારે બાપાશ્રી હસ્યા.

પછી સ્વામીશ્રીએ કહ્યું જે, ''અણદા ભક્તની મહાપથારી હતી તે ઠેકાણે શ્રીજીમહારાજ સંવત ૧૮૬૨ની સાલમાં થાળ જમ્યા હતા ત્યાં ઓટો કરાવજો.'' પછી જ્યારે બાપાશ્રી કચ્છમાં પધાર્યા ત્યારે તે ઠેકાણે ઓટો કરાવ્યો છે.

બીજે દિવસે સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને આસને મહારાજના મહિમાની વાતો થતી હતી. સભામાં બાપાશ્રી પણ બેઠેલા હતા, તેથી સભા મોટી થઈ હતી. ત્યાં અમદાવાદના શેઠ ચીમનલાલભાઈ તથા વકીલ સોમેશ્વરભાઈ આદિ હરિભક્તો આવીને સ્વામીને પગે લાગીને આગળ બેસતાં જાય ને બાપાશ્રી પાછા ખસતાં જાય.

તે જોઈને સ્વામીશ્રી બોલ્યા જે, ''તમે પગે લાગી લાગીને નજીક બેસો છો અને આ અનાદિમુક્ત પાછા ખસતાં જાય છે તેમની તમે મર્યાદા સાચવતા નથી, પણ એ કેવા છે? તો જેતલપુરમાં સદ્. શ્રી ધ્રુવાનંદ સ્વામીને મહાપથારીમાંથી મહારાજને કહીને રખાવ્યા ને ચંદનની વૃષ્ટિ કરાવી એવા છે. શ્રીજીમહારાજ આ મુક્તનું માને છે. એવા મોટા છે તેમને તમે ગણતા નથી ને આગળ આગળ આવીને બેસો છો, પણ આ તો અનાદિ મહામુક્ત છે. તેમને શ્રીજીમહારાજે અનંત જીવોના મોક્ષને માટે મોકલ્યા છે.''

એવાં સ્વામીશ્રીનાં વચન સાંભળી ચીમનલાલ શેઠ આદિ સૌ ઊઠીને બાપાશ્રીને દંડવત કરી પ્રાર્થના કરવા લાગ્યા જે, ''અમે તમને બીજા હરિભક્ત જેવા જાણીને મર્યાદા ન રાખી એ અપરાધ દયા કરીને માફ કરો.'' પછી સ્વામીશ્રીને પણ પ્રાર્થના કરીને ચીમનલાલ શેઠે કહ્યું કે, ''એમને મારી ભલામણ કરો જે મને અક્ષરધામમાં લઈ જાય.'' પછી સ્વામીશ્રીએ બાપાશ્રીને કહ્યું જે, ''આ જીવ તમારો છે તેને અંત વખતે

સંભાળી લેજો.'' ત્યારે બાપાશ્રી કહે જે, ''બહુ સારું, આપનું વચન માથે ચડાવશું.''

પછી ચીમનલાલ શેઠને બાપાશ્રીને વિષે ઘણું હેત થઈ ગયું તેથી હાથ જોડી વિનય કરી બાપાશ્રીને પોતાને ઘેર તેડી ગયા ને પુત્રની ઈચ્છા જણાવી. તેમનાં વિનયવચનથી બાપાશ્રી રાજી થઈને બોલ્યા જે, ''મહારાજ તમારી ઈચ્છા પૂરી કરશે. આપણે તો શ્રીજીમહારાજને ઘડીએ વિસારવા નહિ.'' એ આશીર્વાદથી તેમને હાલમાં જેઠાલાલભાઈ પ્રોફેસર છે તે દીકરા થયા. ॥૧॥

## પરચો ૨

સંવત ૧૯૪૪ની સાલમાં અનાદિ મુક્તરાજ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી મુળીમાં ચાતુર્માસ કરવા રહ્યા હતા. ત્યાં બાપાશ્રી તથા કુંવરજી પટેલ આદિ ઘણા હરિભક્તો આવેલા હતા. એક દિવસે બપોરના ત્રણ વાગે જ્યાં સ્વામીને નાહવા માટે ચોકડી કરી છે ત્યાં સ્વામીશ્રી તથા બાપાશ્રી શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા હતા. તે વખતે પુરાણી શ્રીકૃષ્ણદાસજી તથા માળિયા ઠાકોર મોડજી દરબાર પાસે બેઠા હતા.

તે વખતે સ્વામી નિર્ગુણદાસજીએ બાપાશ્રીને પૂછ્યું જે, ''અહીં બેઠા થકા જીવને મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દે એવા કોઈ અત્યારે હશે?'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''હા. ત્યાગીમાં તો મારી પાસે બેઠા છે તે અને ગૃહસ્થમાં તમારી પાસે બેઠા છે તે છે.'' એમ મર્મવચનથી દિવ્યભાવ જણાવ્યો. ॥૨॥

## પરચો ૩

સંવત ૧૯૪૮ની સાલમાં અમદાવાદમાં સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામી માંદા હતા તે વખતે વૃષપુરમાં બાપાશ્રીએ પણ મંદવાડ ગ્રહણ કર્યો. જેથી સ્વામીશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે એક કાગળ

ભુજના મહંત સદ્. સ્વામી અક્ષરજીવનદાસજી ઉપર લખાવ્યો જે, "વૃષપુરમાં અનાદિ મહામુક્તરાજ બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો છે. તેમનો ખાટલો મંદિરમાં રાખશે માટે તેમની સેવામાં તમો બે સાધુ તરત મોકલજો." અને બીજો કાગળ બાપાશ્રી ઉપર પણ લખાવ્યો જે, "તમારો ખાટલો મંદિરમાં રાખજો અને ભુજથી બે સાધુ તમારી સેવામાં આવશે."એવી રીતે બે કાગળ લખાવ્યા.

પછી ભુજથી સાધુ જગજીવનદાસજી તથા નારાયણચરણદાસજી વૃષપુર ગયા ને ખાટલો મંદિરમાં લાવ્યા. તે વખતે બાપાશ્રી ઊંડા ઊતરી ગયા તેને દસ દિવસ થયા, પણ બહાર આવ્યા જ નહિ. ત્યારે સેવામાં રહેલા સાધુ તથા ગામના અને ફરતાં ગામોના સેવા કરનારા હરિભક્તોએ વિચાર કર્યો જે, "બાપાશ્રી કદાપિ બહાર નહિ આવે ને આમ ને આમ ધામમાં જતા રહેશે તો આપણે કાંઈ પ્રાર્થના નહિ થાય અને આશીર્વાદ પણ નહિ મંગાય. માટે જગાડીએ તો ઠીક."

એમ વિચાર કરી બહુ બોલાવી હલાવીને જગાડ્યા ત્યારે બાપાશ્રીએ નેત્ર ઉઘાડીને કહ્યું જે, "મને શું કરવા જગાડ્યો?" ત્યારે સંત-હરિભક્તો બોલ્યા જે, "આપ ઊંડા ઊતરી ગયા હતા તે એમ ને એમ ધામમાં જતા રહો તો અમારે આપની પાસે આશીર્વાદ માગવા છે તે રહી જાય તે સારુ જગાડ્યા." ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "અમે એવા પરતંત્ર નથી; અમે તો સ્વતંત્ર છીએ. તેથી અમારે જવાનું થશે ત્યારે તમારા સર્વના મનોરથ પૂર્ણ કરીને જઈશું. માટે તમે કાંઈ ફિકર રાખશો નહિ ને અમને જગાડશો પણ નહિ." એમ કહીને નેત્ર મીંચી ગયા.

તે એમ ને એમ સત્તર દિવસ થયા એટલે સંત-હરિભક્તો વિચાર કરવા લાગ્યા જે, "બાપાશ્રીએ આ ફેરે શું કરવા ધાર્યું છે તે કાંઈ ખબર પડતી નથી. આપણને કહ્યું છે જે તમારા મનોરથ પૂર્ણ કરીશું, પણ આમ ને આમ ક્યાં સુધી આપણી ધીરજ રહેશે?" પછી સૌએ મળી એમ વિચાર કર્યો જે આપણને બાપાશ્રીએ ના પાડી છે તેથી

જગાડાય તો નહિ, પણ ભુજમાં સ્વામી અક્ષરજીવનદાસજીને ખબર આપીએ જે, ''બાપાશ્રીનું શરીર રહે તેમ લાગતું નથી; માટે સંત-હરિભક્તોને દર્શન કરવાં હોય તે કરી જાઓ.''

પછી ભુજ મનુષ્ય મોકલીને ખબર પહોંચાડ્યા તેથી સ્વામી અક્ષરજીવનદાસજી આદિ સંતો, બ્રહ્મચારી, પાર્ષદ સર્વે રાત્રે આઠ વાગે ભુજથી ચાલ્યા તે વૃષપુર આવીને બાપાશ્રીના ખાટલાને ફરતા બેઠા. પછી સ્વામીશ્રીએ પ્રાર્થના કરી, પણ બોલ્યા નહિ તેથી સંત-હરિભક્તો ફરતા બેસી રહ્યા. પછી સવારમાં ચાર વાગે બાપાશ્રી ખાટલેથી પોતાની મેળાએ ઊઠીને મહારાજને પ્રદક્ષિણાઓ ફરવા માંડ્યા ત્યારે બાપાશ્રી પડી જશે એમ જાણીને સામત્રાના મૂળજી ભક્તે ઝાલ્યા.

તેમને બાપાશ્રી કહે જે, ''નહિ પડીએ, મૂકી દો.'' એટલે તેમણે મૂકી દીધા. પછી પચીસ-ત્રીસ પ્રદક્ષિણાઓ ફરીને પચીસ-ત્રીસ દંડવત કર્યા અને પગે લાગીને સિંહાસન આગળ બેઠા ને બોલ્યા જે, ''અમારો દાખડો નિષ્ફળ ગયો; કેમ જે અમારે અક્ષરધામમાં શ્રીજીમહારાજની આગળ સત્તાવીશ દિવસ ચોવટ ચાલી જે મને અક્ષરધામમાં લઈ જાઓ. ત્યારે મહારાજે છેલ્લીવારે હા પાડી, પણ સ્વામીશ્રી નિર્ગુણદાસજીએ ના પાડી ને સ્વામીશ્રીને લઈ જવાનું ઠરાવ્યું. માટે તમે સૌ મોટા મોટા સંત તથા હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શન કરી આવો; પછી નહિ થાય.''

ત્યારે સંત અને હરિભક્તો બોલ્યા જે, ''અષાઢ મહિનો બેઠો છે ને વરસાદ પણ આવું આવું થઈ રહ્યો છે, માટે આખરના દિવસમાં દરિયામાં તોફાનને લીધે હેરાન બહુ થવાય તેથી દિવાળી ઉપર જઈએ તો કેમ?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''ત્યાં સુધી સ્વામીશ્રી રહેશે નહિ.'' ત્યારે હરિભક્તો કહે, ''જન્માષ્ટમી ઉપર જઈએ તો?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તે દહાડે દરિયામાં તોફાન હશે માટે હાલ જાઓ; તમે દરિયામાં જરાય દુઃખી નહિ થાઓ. મારે પણ આવવાની તાણ ઘણી રહે છે, પણ મંદવાડને લીધે અવાશે નહિ. પણ

તમે તો જાઓ અને સ્વામીશ્રીને અમારા જય સ્વામિનારાયણ કહેજો. એવા મોટા સંતનાં દર્શન ફેર મળે તેવાં નથી.'' પછી સંત-હરિભક્તો અમદાવાદ આવ્યા ત્યાં ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રીને આસને આવી દંડવત કરવા લાગ્યા.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, ''તમે આટલા બધા સંત-હરિભક્તો આવ્યા અને જીવનપ્રાણ મુક્તરાજ કેમ ન આવ્યા?'' ત્યારે રામપુરવાળા વશરામભાઈ બોલ્યા જે, ''એ તો પડખું પણ બીજા ફેરવે ત્યારે ફરે એવા માંદા છે તેથી પોતે ન આવી શક્યા ને અમને મોકલ્યા ને આપને જય સ્વામિનારાયણ કહ્યા છે.'' પછી સ્વામીશ્રી બોલ્યા જે, ''એ તો કાલે બપોરે અહીં આવશે.'' પછી બીજે દિવસે સંતોએ રસોઈ કરીને સ્વામીશ્રીને ઠાકોરજી જમાડવાનું કહ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, ''અમે તો અનાદિ મુક્તરાજ ભાઈશ્રી આવશે ત્યારે તેમની સાથે જમશું.''

સભામાં પણ સૌ હરિભક્તોને સ્વામીશ્રીએ કહ્યું હતું જે, ''આજે જરૂર ભાઈશ્રી ગાડીમાં આવશે. માટે જેને સામા જવું હોય તે જજો.'' તેથી રેલ ઉપર ઘણા હરિભક્તો ગયા હતા. જ્યારે બાપાશ્રી ગાડીએથી ઊતર્યા ત્યારે સૌ મળ્યા ને 'સ્વામીશ્રીએ અમને સભામાં વાત કરી હતી' એમ કહી સાથે સાથે મંદિરમાં આવ્યા. પછી ઠાકોરજીનાં તથા સંતોનાં દર્શન કરીને સ્વામીશ્રી પાસે આવી દંડવત કરવા લાગ્યા ત્યારે સ્વામીશ્રી ઊભા થઈ ગયા ને બહુ હેત જણાવીને મળ્યા. તે વખતે બાર વાગ્યા હતા. બાપાશ્રીના તથા સ્વામીશ્રીના મંદવાડની પરસ્પર વાતો કર્યા પછી સ્વામીશ્રીએ કચ્છનાં સંત-હરિભક્તોને કહ્યું જે, ''જુઓ! આ અનાદિ મુક્તરાજ આવ્યા.'' ત્યારે સૌ સંત-હરિભક્તો રાજી થયા ને બાપાશ્રીને કહ્યું જે, ''તમે બહુ માંદા હતા ને શી રીતે આવ્યા?''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમારા નીકળ્યા પછી અમને એમ સંકલ્પ થયો જે મારે પણ સ્વામીશ્રીનાં દર્શન કરવાં. એવો વિચાર કર્યો ત્યાં તો મંદવાડ મટી ગયો એટલે ભાતું કરાવ્યું. અર્ધી રાત્રિએ વાડીએ

આવીને અણદા ભક્તના લાલજીને જગાડીને સાથે લઈને ચાલ્યા તે ખારીરોલે આવ્યા. ત્યાં વહાણ મળ્યું તેમાં બેસી ગયા ને વવાણીએ થઈને અહીં આવ્યા.''

ત્યારે સંત-હરિભક્તો બોલ્યા જે, ''અમે ગઈ કાલે પહોંચ્યા ત્યારે અમને સ્વામીશ્રીએ કહ્યું હતું જે, 'કાલે બપોરે અહીં આવશે.' તે અમને એમ થતું જે આવો મંદવાડ ગયો છે ને બાપાશ્રી કેમ આવી શકે? પણ સ્વામીશ્રી કહેતા હતા તે પ્રમાણે જ તમે આવ્યા.''

પછી બાપાશ્રીએ નાહી પૂજા કરી એટલે સ્વામીશ્રી તથા બાપાશ્રીએ પાસે બેસીને ઠાકોરજીને જમાડ્યા. સાંજના પણ સ્વામીશ્રી પાસે ઘણીવાર બેઠા. બીજે દિવસે સવારે સ્વામીશ્રી પાસે આવીને બાપાશ્રી તથા સર્વ સંત-હરિભક્તો બેઠા હતા. ત્યાં કથા-વાર્તા થઈ રહ્યા પછી સૌ સંત-હરિભક્તો સદ્. જ્ઞાનાનંદ સ્વામીના મેડા ઉપર જ્યાં ઉતારો હતો ત્યાં ગયા ને બાપાશ્રી તો સ્વામીશ્રી પાસે બેસી રહ્યા. હરે થયા એટલે સંતો જમવા ગયા.

તે વખતે સ્વામીશ્રી બોલ્યા જે, ''આપનાં દર્શન મને બરાબર થતાં નથી, માટે મારી પાસે આવીને દર્શન આપો.'' પછી બાપાશ્રી સ્વામીશ્રીની પાસે આવ્યા ત્યારે સ્વામીશ્રીએ ચશ્મા પહેર્યા ને બોલ્યા જે, ''હજી બરાબર દર્શન થતાં નથી, માટે આંગડી કાઢી નાખો.'' એટલે બાપાશ્રીએ આંગડી કાઢી કે તુરત તેજનો સમૂહ નીકળ્યો, તે ચારે કોરે તેજ તેજ છાઈ રહ્યું. એ જોઈને સ્વામીશ્રી બોલ્યા જે, ''અહોહો! આવા તમે તેજોમય મૂર્તિ છો! આ તો એકલું તેજ જ ભર્યું છે.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''તમે પણ આવા જ તેજોમય છો.'' એમ કહી તેજ સંકેલી લીધું ને આંગડી પહેરીને બેઠા.

તે વખતે મુળીવાળા સ્વામી બાલકૃષ્ણદાસજી ઉપવાસી હતા તે સ્વામીશ્રી પાસે બેઠા હતા, તેમણે કહ્યું જે, ''બાપજી, મને તેજ બતાવો ને!'' પણ એમને તો ન બતાવ્યું. પછી સંતો જમીને આવ્યા ત્યારે આ

બધી વાત સ્વામી બાલકૃષ્ણદાસજીએ સર્વેને કહી. પછી વચનામૃતની કથા વાંચીને સમાપ્તિ કરી સૌ પોતપોતાના આસને ગયા.

ત્યારે સ્વામીશ્રીએ બાપાશ્રીને કહ્યું જે, ‘‘મહારાજ મને ધામમાં ક્યારે લઈ જશે તે સમાધિ કરીને પૂછો.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘વૃષપુરમાં સત્તાવીસ દિવસ મહારાજ પાસે આપણી ચોવટ ચાલી હતી તે તમારો ઠરાવ થઈ ગયો છે ને હવે શું પૂછવાનું બાકી છે? આ લોકની રીત પ્રમાણે આવવાનું ને જવાનું કહેવાય છે, પણ આપણે તો મહારાજની મૂર્તિમાં જ રહ્યા છીએ ને સ્વતંત્ર છીએ તે બધુંય જાણીએ છીએ. મૂર્તિમાં રહ્યા થકા જ મહારાજના સંકલ્પથી દેખાઈએ છીએ.’’

ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, ‘‘એ તો આપણે બે જ જાણીએ, પણ સમાધિ કરો તો કેટલાકને આશ્ચર્ય થાય જે સમાધિમાં જઈને મહારાજને પૂછી આવે છે. માટે સમાધિ કરો તો ઠીક.’’ પછી બાપાશ્રીએ સમાધિ કરી ને સાંજના જાગ્યા ને પાંચ વાગે સંત-હરિભક્તોની સભા ઈસ્પિતાલના મેડા ઉપર સ્વામીશ્રીને આસને થઈ.

તે વખતે બાપાશ્રીએ વાત કરી જે, ‘‘અમે ધામમાં શ્રીજીમહારાજની મૂર્તિમાં અ.મુ. સદ્. ગોપાળાનંદ સ્વામી જેમ રસબસ રહ્યા છે તેવી રીતે આ સ્વામીશ્રી નિર્ગુણદાસજીને જોયા. અને શ્રીજીમહારાજે મને કહ્યું જે, ‘એ તો અનંત જીવોનાં કલ્યાણ કરવા અમારી ઈચ્છાથી અમારી મૂર્તિમાં રહ્યા થકા દેખાય છે એવા સમર્થ છે. અને તમારી પાસે સમાધિ કરાવીને પુછાવ્યું તે તો મનુષ્યચરિત્ર કરે છે.’ એમ શ્રીજીમહારાજે કહ્યું.’’

એમ કહીને બોલ્યા જે, ‘‘આસો સુદ-૧ પડવેને રોજ રાત્રિએ એક વાગે સ્વામીશ્રી દેહોત્સવ કરશે. માટે સંતો તથા હરિભક્તો આ સ્વામીશ્રીનો મહિમા જાણી ખૂબ સેવા કરી લેજો. આ સેવા ફેર મળે એવી નથી. માટે ઊંઘ, ઉજાગરો, ભૂખ કે થાક કોઈ ગણશો નહિ.’’ એમ વાત કરી.

પછી કથા વાંચવા માંડી એટલાકમાં ઈશ્વરલાલભાઈ દર્શને આવ્યા, તે સર્વે હરિભક્તોના સોંસરા પડીને સ્વામીશ્રીના પગે અડવા ગયા ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, ‘‘આ મોટા મોટા હરિભક્તો બેઠા છે તેમની મર્યાદા રાખતા નથી?’’ ત્યારે ઈશ્વરલાલભાઈએ કહ્યું જે, ‘‘સ્વામી! આમાં મોટા કોણ છે? આ તો સર્વ કચ્છના કણબી છે. એમને તો હું ભુજમાં દીવાન હતો ત્યારથી ઓળખું છું.’’

ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, ‘‘આ અબજીભાઈ અખંડ મહારાજની મૂર્તિમાં રહ્યા છે તેમને તમારો પગ વાગ્યો તેથી શ્રીજીમહારાજનો અપરાધ થયો.’’ તે સાંભળીને ઈશ્વરલાલભાઈ તુરત બાપાશ્રીને દંડવત કરવા મંડી પડ્યા એટલે બાપાશ્રીએ ઊભા થઈને ઝાલી લીધા ને મળ્યા. પછી કથાની સમાપ્તિ થઈ ત્યારે ઈશ્વરલાલભાઈએ સ્વામીશ્રીની પ્રાર્થના કરી જે, ‘‘બાપાશ્રીને મારે ઘેર પધારવાનું કહો. તમે મારા પરમ હેતુ છો, તે આ વાત મને સમજાવી. આવી મોટ્યપ તો હું જાણતો નહોતો.’’ એમ કહી બાપાશ્રીને પોતાને ઘેર લઈ ગયા. ત્યાં તેમને બાપાશ્રીએ મહારાજના મહિમાની ઘણી વાતો કરી તેથી બહુ હેત થઈ ગયું. પછી જ્યારે બાપાશ્રી કચ્છમાં જવા તૈયાર થયા ત્યારે સ્વામીશ્રી તથા સૌ સંત-હરિભક્તો બાપાશ્રીને મળ્યા.

તે વખતે સૌ સભાને સાંભળતાં સ્વામીશ્રીએ વાત કરી જે, ‘‘આ પુરુષની કોઈ જોડ નથી. શ્રીજીમહારાજે એમને અનેક જીવોના મોક્ષને માટે મોકલ્યા છે તેથી સૌ આ પુરુષનો જોગ-સમાગમ કરજો, પણ બીજે ક્યાંય ધોડા કરશો નહિ. સત્સંગમાં ક્યાંય આમના જેવા નથી.’’ એમ બોલ્યા. પછી બાપાશ્રી આદિક સંત-હરિભક્તો સૌ કચ્છમાં પધાર્યા. ॥૩॥

## પરચો ૪

એક વખત ઉપરદળના રામજીભાઈ સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીને દર્શને અમદાવાદ આવ્યા. ત્યાં સ્વામીશ્રીને શરીરે મંદવાડ

જોઈને અતિ હેતને લીધે રોવા લાગ્યા ને બોલ્યા જે, "બાપજી! તમે તો ધામમાં જવા તૈયાર થયા ને હું કોને આધાર જીવીશ? મારાથી તમારો વિયોગ કેમ સહન થશે?"

ત્યારે સ્વામીશ્રીએ તેમને કહ્યું જે, "અમારા વિયોગનું દુઃખ ટાળે એવા કચ્છ દેશમાં વૃષપુર ગામમાં શ્રી અબજીભાઈ અનાદિ સિદ્ધ મુક્ત છે તે શ્રીજીમહારાજના સંકલ્પથી દેખાય છે. તે તમને સુખિયા કરશે, માટે ત્યાં જજો; પણ બીજે ક્યાંય જશો નહિ." એવાં સ્વામીશ્રીનાં વચન સાંભળી રામજીભાઈ સંતોષ પામ્યા ને થોડા દિવસ રહી પોતાને ગામ ગયા. ॥૪॥

## પરચો ૫

સંવત ૧૯૪૮ના આસો સુદ-૧ને રોજ એક વાગે રાત્રિએ (બાપાશ્રીએ કહ્યું હતું તે પ્રમાણે) સ્વામીશ્રીએ દેહોત્સવ કર્યો તે વખતે સ્વામીશ્રી અક્ષરજીવનદાસજી મંડળે સહિત વૃષપુર હતા. તેમને તથા ગામના હરિભક્તોને બાપાશ્રીએ જગાડીને કહ્યું જે, "આપણા ગુરુ આ વખતે અમદાવાદમાં અંતર્ધાન થયા, માટે આપણે સૌ સ્નાન કરીએ." પછી સર્વ નાહ્યા. સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સ્વામીશ્રીની આજ્ઞાથી સ્વામીશ્રી ધામમાં ગયા ત્યારથી બાપાશ્રીનો જોગ-સમાગમ કરતા હતા અને રામજીભાઈ તો એ વાત ભૂલી ગયા. તેને બાર મહિના થઈ ગયા.

ત્યારે બાર મહિને સદ્. શ્રી નિર્ગુણદાસજી સ્વામીએ દિવ્યરૂપે દર્શન આપીને કહ્યું જે, "તમને મેં મુક્તરાજ અબજીભાઈનો સમાગમ કરવાનું કહ્યું હતું તે કેમ ભૂલી ગયા?" પછી રામજીભાઈ સ્વામીશ્રીની આજ્ઞાથી બાપાશ્રીનાં દર્શને ગયા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "રામજીભાઈ! તમે સ્વામીશ્રીને ફેર દાખડો કરાવ્યો ને!" એમ કહીને મળ્યા. પછી પાસે બેસારીને કહ્યું જે, "તમે તો અમારા જૂના સેવક છો." એમ કહીને પૂર્વની સ્મૃતિ કરાવી એટલે રામજીભાઈને બાપાશ્રી

સાથે એકતા થઈ ગઈ. પછી રામજીભાઈએ જે જે વર માગ્યા તે પ્રમાણે સર્વે આપ્યા.

એવી રીતે થોડા દિવસ રહી જ્યારે પાછા દેશ તરફ જવા નીકળ્યા ત્યારે બાપાશ્રીએ મહારાજના અલૌકિક પ્રતાપની વાતો કરી સુખ આપેલાં તેનું ચિંતવન કરતાં આનંદમાં ને આનંદમાં ચાલ્યા જતા હતા. ત્યાં બાપાશ્રીએ આપેલાં વચનોની પરીક્ષા કરવાનો સંકલ્પ થયો એટલામાં તો તેજનો મોટો સમૂહ પોતા પાસે હમહમાટ શબ્દ કરતો ચાલ્યો આવે. તે જોઈને રામજીભાઈ ઝબક્યા ને બેસી ગયા. ત્યાં તો એ તેજ નજીક આવ્યું ને એમના દેહ સોંસરું થઈને વૃષપુર તરફ ચાલ્યું ગયું ને પોતે તો બાપાશ્રીનો પ્રતાપ જાણી રાજી થયા થકા ઘેર ગયા. પછી રામજીભાઈ ઘણીવાર કચ્છમાં જઈને બાપાશ્રીનો સમાગમ કરતા, અને કેટલાક સાધુઓને પણ પોતાનું ભાડું આપીને કચ્છમાં તેડી જતા. એમ ઘણા સંત-હરિભક્તોને બાપાશ્રીની ઓળખાણ પડાવીને શ્રીજીમહારાજના સ્વરૂપનું જ્ઞાન કરાવ્યું. ॥૫॥

## પરચો ૬

સંવત ૧૯૫૦ની સાલમાં ભુજમાં સત્સંગિજીવનની પારાયણ થઈ હતી. ત્યાં કુંભારિયાવાળા મિસ્ત્રી હરજીભાઈ કારખાનામાંથી આવ્યા હતા, તેમનો ઉતારો બાપાશ્રી પાસે હતો. તે બાપાશ્રી ને જાદવજીભાઈ તથા ઉપરદળવાળા રામજીભાઈ રાત્રિએ શ્રીજીમહારાજના મહિમાની વાતો કરતા.

તે સાંભળીને હરજીભાઈને એમ થયું જે મેં આટલા દિવસ સુધી સત્સંગ કર્યો, પણ આવો મહિમા જાણ્યો નહિ. આ તો સર્વે અવતારાદિકથી ને બ્રહ્મકોટિથી ને અક્ષરકોટિથી પર એવા મહામુક્ત છે ને સ્વામિનારાયણ સર્વોપરી ભગવાન છે તે મેં જાણ્યા નહિ. આવા મોટા મુક્ત આગળ હું ઢોલિયામાં સૂઈ રહું છું તે મારે અપરાધ થયો એમ જાણીને ઢોલિયેથી ઊતરી દંડવત કરવા મંડી પડ્યા અને પ્રાર્થના કરીને

અપરાધ માફ કરાવ્યો. સાધુ રસોઈ કરીને જમાડતા અને પાળા પાણી મૂકીને નવરાવતા તેમને ના પાડીને પછી ચાંદ્રાયણ કર્યું. પછી તાંસળામાં સાધુની પેઠે ભેળું કરીને પાણીમાં મેળાવીને જમવા મંડ્યા અને વસ્ત્ર પણ સાદાં પહેરવા મંડ્યા. અને પારાયણ થઈ રહ્યા પછી બાપાશ્રી સાથે વૃષપુર ગયા ને મઠની ખીચડી ને જાર, બાજરી, નાગલીના રોટલા ખાવા મંડ્યા.

પછી સંવત ૧૯૫૩ની સાલમાં બાપાશ્રીએ તેમને કહ્યું જે, “તમે કુંભારિયે જાઓ”, પણ તેમણે જવાની ના પાડી. પછી બાપાશ્રીએ કહ્યું જે, “એક મહિનો જઈને પાછા આવજો.” એટલે તે ગયા ને ત્યાં માંદા પડ્યા. દેહ મૂકવાને આગલે દિવસે તેમને સૂઝી આવ્યું જે કાલે મારો દેહ પડશે. પછી એમની માતુશ્રીને કહ્યું જે, “બાપાશ્રીને વૃષપુરથી તેડાવો.”

પછી ઊંટવાળાને તૈયાર કર્યો એટલામાં બાપાશ્રીએ દર્શન આપ્યાં ને સવારે દેહ મૂકવા ટાણે હરજીભાઈને કહ્યું જે, “કાંઈ ચમત્કારની ઈચ્છા હોય તો તમારી સાથે જે આવવાની હા પાડે તેનો દેહ મેલાવીએ.” પછી તેમણે સર્વેને પૂછી જોયું જે, “જેને મારી સાથે આવવું હોય તેને બાપાશ્રી દેહ મેલાવે.” ત્યારે એમના ભાઈ ગોવામલભાઈની દીકરીએ હા પાડી. પછી તેનો દેહ મેલાવ્યો ને બેયને સાથે તેડી ગયા.

પછી હરજીભાઈને દેહ મેલે દશ દિવસ થયા ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી ત્યાં હતા, તેમને બાપાશ્રીએ કહ્યું જે, “અમારે હરજીભાઈની લોકાઈએ જવું છે ત્યાં એમની માતુશ્રીને કંઠી બંધાવવી છે માટે કંઠી આપો.” પછી એમણે કંઠી આપી. પછી બાપાશ્રી કુંભારિયે પધાર્યા ત્યારે હરજીભાઈની માતુશ્રી બોલ્યાં જે, “તમે મનુષ્ય નથી. મારા હરજીને ને મારા ગોવાભાઈની દીકરીને સાથે તેડી ગયા તે મેં નજરે જોયું. માટે તમે મોક્ષ કરો એવા સમર્થ છો, માટે મને કંઠી બાંધો ને સત્સંગી કરો.” પછી બાપાશ્રીએ તેમને કંઠી આપીને કહ્યું જે,

"રામપરામાં ધનબાઈ ડોશી મહામુક્ત છે તેમની વાતો એક મહિનો જઈને સાંભળો તો સ્વામિનારાયણ ભગવાનનો મહિમા સમજાશે. પછી અમે તમને હરજીભાઈની પાસે તેડી જઈશું." પછી તેમણે એવી રીતે સમાગમ કર્યો ને ધામમાં ગયાં. ॥૬॥

## પરચો ૭

સંવત ૧૯૫૧ની સાલમાં બાપાશ્રી કચ્છથી મોટો સંઘ લઈને અમદાવાદ તરફ આવતાં મુળી, લખતર આદિ ગામોમાં થઈને ઉપરદળ આવ્યા. ત્યારે રામજીભાઈએ બાપાશ્રીને પૂછ્યું જે, "હું ગયે વર્ષે આપની પાસેથી આ દેશમાં આવતો હતો ત્યારે માર્ગમાં તેજ દેખાણું તે શું હશે?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "તમે અમારાં આપેલાં વચનની પરીક્ષા લેવાનો સંકલ્પ કર્યો હતો તેથી મહારાજે અને અમે પરીક્ષા આપી હતી." તે સાંભળી રામજીભાઈ વિસ્મીત થયા. એવી રીતે તેમને આપેલાં બધાંય વરદાન સત્ય કર્યાં.

પછી બાપાશ્રી સંઘે સહિત ભાયલા, કેસરડી આદિ ગામોમાં થઈ ધોળકે ગયા. ત્યાંથી જેતલપુર દર્શન કરીને ચૈત્ર સુદ-૮ને રોજ અમદાવાદ પધાર્યા. ઠાકોરજીનાં દર્શન કરી સંઘે સહિત કાંકરિયામાં નાહવા ગયા હતા. ત્યાં ઈશ્વરલાલભાઈ કાંકરિયા તરફ ઘોડાગાડીએ બેસીને હવા ખાવા ગયેલા તે ભેળા થયા. એટલે બાપાશ્રીને બહુ વિનંતી કરીને પોતાની ગાડીમાં બેસારીને મંદિરમાં લાવ્યા. પછી જ્યાં સુધી સંઘ રહ્યો ત્યાં સુધી બાપાશ્રીનો સમાગમ કર્યો. અને જ્યારે સંઘ કચ્છ તરફ જવા નીકળ્યો ત્યારે ઈશ્વરલાલભાઈ મંદિરમાં આવ્યા ને કચ્છના હરિભક્તોને દેખ્યા નહિ.

પછી સાધુને પૂછ્યું જે, "કચ્છના હરિભક્ત ક્યાં ગયા?" ત્યારે તેમણે કહ્યું જે, "એ તો સ્ટેશને ગયા." પછી પોતે સ્ટેશન પર આવીને, સમય થઈ ગયો હતો તોપણ ગાર્ડ પાસે ગાડી ઊભી રખાવીને બાપાશ્રીને ઘણા હાર પહેરાવ્યા ને દંડવત કરીને પ્રાર્થના કરી જે, "સદ્.

નિર્ગુણદાસજી સ્વામીએ આપની ઓળખાણ કરાવીને મારો હાથ આપના હાથમાં આપ્યો છે ત્યારથી હું આપનો છું ને મારો મોક્ષ આપના હાથમાં છે. મેં કાંઈ પણ સાધન કર્યાં નથી, માટે તમે તમારા પ્રતાપથી મારું આત્યંતિક કલ્યાણ કરજો. હું આપની પાસે મારા મોક્ષ માટે આવ્યો છું.'' એમ ઘણીક પ્રાર્થના કરી.

ત્યારે બાપાશ્રીએ માથે હાથ મૂકીને કહ્યું જે, ''તમારું કલ્યાણ અમે કરશું. તમે કાંઈ ફિકર રાખશો નહિ. આજથી તમે મહારાજની મૂર્તિમાં રહ્યા છો, પણ આ લોકમાં કે આ દેહમાં નથી રહ્યા એમ જાણજો.'' એવો આશીર્વાદ આપી બાપાશ્રી સંઘે સહિત કચ્છમાં પધાર્યા. પછી પંદર દિવસે સદ્. નિર્ગુણદાસજી સ્વામીના આસને સદ્. પુરાણી દેવચરણદાસજી સ્વામી તથા સંત-હરિભક્તોની સભામાં ઈશ્વરલાલભાઈ આવીને બેઠા કે તરત દેહ પડી ગયો ને બાપાશ્રીએ મૂર્તિના સુખમાં મૂકી દીધા. ॥૭॥

## પરચો ૮

સંવત ૧૯૫૩ની સાલમાં ધ. ધુ. આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ કચ્છમાં પધાર્યા હતા. તે જ્યારે કેરા ગામમાં પધાર્યા ત્યારે બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સૌ સંત તથા વૃષપુરના હરિભક્તો કેરામાં દર્શને ગયા હતા. ત્યાં બાપાશ્રીને પોતાના તંબુમાં તેડાવીને કહ્યું જે, ''તમને શ્રીજીમહારાજે જીવોના ઉદ્ધાર કરવા સારુ મોકલ્યા છે; એમ અમે સદ્. નિર્ગુણદાસજી સ્વામીના કહેવાથી જાણીએ છીએ. માટે અમને તમારી પેઠે મૂર્તિનું સુખ આવે એવા આશીર્વાદ આપો. તમને મારે અમદાવાદ તેડાવી બે મહિના રાખીને જોગ કરવો છે.''

પછી બાપાશ્રીએ કહ્યું જે, ''બહુ સારું મહારાજ.'' પછી વ્યાવહારિક વાત પૂછી જે, ''અમારાથી અબડાશામાં જવાણું નહિ તેથી તે દેશ ફર્યા વિનાનો રહી ગયો અને મિસ્ત્રીઓનાં ગામોમાં પણ ઝાઝું

રોકવાનું કહે છે માટે ત્યાં રોકાઈએ તો શ્રીહરિ નવમીએ અમદાવાદ પહોંચાય નહિ. માટે તે સમૈયો અહીં ભુજ કરીએ કે અમદાવાદ કરીએ?'' પછી બાપાશ્રીએ કહ્યું જે, ''એ સમૈયો તો અમદાવાદ કરવો.'' ત્યારે મહારાજશ્રીએ કહ્યું જે, ''તમે મિસ્ત્રીઓનાં ગામોમાં ભેળા આવીને તેમને સમજાવીને વહેલી રજા અપાવો તો અમદાવાદ પહોંચાય.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''ભલે, અમે ભેળા આવીને સમજાવશું. તમે કચ્છ મૂકીને ગુજરાત તરફ ચાલશો ને ધ્રાંગધ્રે પહોંચશો ત્યારે અમદાવાદથી કાગળ આવશે જે, 'પ્લેગના રોગથી સમૈયો સરકારે બંધ કરાવ્યો છે માટે અહીં પેસવા દેશે નહિ.' અને ધ્રાંગધ્રાના રાજા શ્રી માનસિંહજી બે મહિના સુધી રોકાવાનો આગ્રહ કહેશે અને તમારા ભેળા મોટા મોટા સંત છે તે પણ ત્યાં રોકાવાનું કહેશે, પણ રોકાશો નહિ. સમૈયા નજીક અમદાવાદ ઢૂંકડા થઈ જજો. પછી ફેર કાગળ આવશે કે, 'સમૈયાની છૂટી થઈ છે', એટલે અમદાવાદ પધારશો.''

એમ વાત કરીને પછી રાત્રિએ બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર ગયા. બીજે દિવસે મહારાજશ્રી વૃષપુર પધાર્યા. ત્યાં બે દિવસ રહીને પછી મિસ્ત્રીઓનાં ગામોમાં જવા નીકળ્યા. તેમના ભેળા બાપાશ્રી ચાલીશ-પચાસ હરિભક્તોને લઈને ગયા. તે મિસ્ત્રીઓને સમજાવીને સત્તર રસોઈઓ હતી તે ભેળી કરાવીને ત્રણ દિવસમાં રજા અપાવી ને રસોઈઓને બદલે બીજી સેવા કરાવરાવી. પછી કુંભારિયેથી ચાલ્યા તે દેવળિયા, સિનોગરા થઈને અંજાર સુધી વળાવીને ત્યાંથી પાછા વળ્યા.

ત્યારે ગોવાભાઈએ બાપાશ્રીને કહ્યું જે, ''કુંભારિયે પધારો.'' પછી કુંભારિયે ચાલ્યા તે ચાલતાં માર્ગમાં એક ઉંદર દરમાંથી બહાર નીકળ્યો તેને સમળીએ ઝડપ નાખી, પણ સમીપે ઘણા મનુષ્ય જોઈને ઉંદરને પકડ્યા વિના ઊડી ગઈ, પણ પાંખની ઝાપટ લાગવાથી ઉંદરને કળ ચડી ને તડફડવા લાગ્યો. તેના ઉપર બાપાશ્રીએ ધૂળની ચપટી

નાખીને વર્તમાન ધરાવ્યાં ને ઉંદરે દેહ મૂકી દીધો. ત્યારે સ્વામી અક્ષરજીવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોએ તથા કેશરાભાઈ આદિક હરિભક્તોએ પૂછ્યું જે, “એની શી ગતિ થઈ હશે?” ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આત્યંતિક મોક્ષ થયો.”

પછી કુંભારિયે ગયા ને ત્યાં બે-ત્રણ દિવસ રહીને ભુજના સંત હતા તે ભુજ ગયા અને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સૌ બાપાશ્રી ભેળા વૃષપુર ગયા. અને આચાર્ય મહારાજશ્રી તથા સર્વે સદ્‌ગુરુઓ અંજારથી ચાલ્યા તે ધ્રાંગધ્રે પહોંચ્યા. ત્યાં અમદાવાદથી કાગળ આવ્યો જે, “અહીં સરકારે સમૈયાની બંધી કરી છે માટે અમદાવાદમાં પેસવા દેશે નહિ.” ત્યાંના રાજાએ પણ બે માસ સુધી રોકાવાનો આગ્રહ કર્યો અને સદ્. વૃંદાવનદાસજી સ્વામી તથા સદ્. દેવચરણદાસજી સ્વામી તથા શાસ્ત્રી બાળમુકુંદાનંદજી બ્રહ્મચારી આદિ ઘણા સંતોએ પણ કહ્યું જે, “અહીં આગ્રહ કરીને રોકે છે ને અમદાવાદમાં પેસવા દેશે નહિ માટે રહીએ તો ઠીક.”

પણ મહારાજશ્રીએ કહ્યું જે, “ચાલો, જેમ થનાર હશે તેમ થશે.” પછી ત્યાંથી ચાલ્યા તે લીલાપુર આવ્યા. ત્યાં અમદાવાદથી કાગળ આવ્યો જે, “સમૈયાની છૂટી થઈ છે માટે પધારો.” પછી સર્વે અમદાવાદ આવ્યા અને સમૈયો થયો. ॥૮॥

## પરચો ૯

એક દિવસ બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા રામકૃષ્ણદાસજી ત્રણે વૃષપુરના મંદિરમાં સૂતા હતા. રાત્રિના બાર વાગે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે કાલે તમારે અમારો વિયોગ થાશે.” તેમણે કહ્યું જે, “કેમ, આપને ક્યાંય જાવું છે?”

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “આજ અમારા કુટુંબમાં નાનજીનો દીકરો દેવશી કૂવામાં પડી ગયો છે તેને અમે ધામમાં મૂકી દીધો છે, પણ હજી સુધી એ છોકરો પાણી બહાર દેખાયો નથી. તે સવારે દેખાશે

ત્યારે ભુજથી ફોજદાર આવશે ને પંચાતનામું થાશે, પછી તેને દેન દેવાશે તે સાંજ પડી જશે ત્યાં સુધી રહેવું પડશે, માટે તમારી પાસે નહિ અવાય.'' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''તમે જાણો છો ત્યારે તો તમારે સ્નાન આવે.''

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''અમે તો જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા સારુ અક્ષરધામમાંથી આવ્યા છીએ અને અમે તો દિવ્ય મૂર્તિ છીએ માટે અમારે તો સ્નાન-સૂતક આવે જ નહિ. બગદાલવ ઋષિ દેહધારી હતા તોપણ એક વાળ તાણી નાખતા, તેમાં સ્નાન-સૂતક બેય જતાં; તો અમારે હોય નહિ એમાં શું કહેવું? પણ લોકના ભેળા રહ્યા તે લોકની રીતે ચાલવું જોઈએ. અત્યારે સૌ કહે છે કે, 'જડતો નથી', તો તે ભેળા અમે પણ એમ જ કહીએ છીએ અને સવારે 'જડ્યો' કહેશે તે ભેળા અમે પણ 'જડ્યો' એમ કહેશું. જો કૂવામાં પડ્યો છે એમ કહીએ તો ઘણા માણસો અમારું અંતર્યામીપણું જાણી જાય. માટે લોકની પેઠે વરતીએ છીએ.'' ॥૯॥

## પરચો ૧૦

સંવત ૧૯૫૫ના અષાઢ માસમાં બાપાશ્રી તથા દહીંસરાના ખીમજીભાઈ આદિ સૌ ઉપરદળ રામજીભાઈને મંદવાડ વધુ હતો, તેમને દર્શન દેવા જતાં દરિયામાં તોફાન થયું. તેથી ખીમજીભાઈ આદિ સૌ હરિભક્તો બીવા અને ધ્રૂજવા લાગ્યા જે આ વહાણ ડૂબશે ને આપણે મરી જઈશું.

ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''કોઈ ફિકર રાખશો નહિ. વહાણ ડૂબશે તો તમારું અધૂરું રહેવા દેશું નહિ; ઠેઠ મહારાજના સુખમાં મૂકી દઈશું.'' એમ કહી સૌને ધીરજ આપી. પછી વહાણનો કાંઠો ઝાલીને બાપાશ્રી ઊભા થયા ને સમુદ્રને કહ્યું જે, ''આ ટાણે તોફાન હોય કે?'' એટલે તરત પવન બંધ થઈ ગયો ને સમુદ્ર સ્થિર થઈ ગયો. પછી વહાણમાં બેઠેલા સર્વે મનુષ્યો તથા ખેવટિયા રાજી થયા ને બાપાશ્રીની

પ્રાર્થના કરી જે, ‘‘તમે સર્વને ઉગાર્યા, નહિ તો આજ કોઈ ઉગરવાના નહોતા.’’

પછી બાપાશ્રી ઉપરદળ આવ્યા, ત્યારે રામજીભાઈએ બાપાશ્રીને કહ્યું જે, ‘‘બાપા! ત્રણ મહિના સુધી અહીં રહીને દર્શન આપો.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘ત્રણ દિવસમાં તમે અમને રજા આપશો અને અમે જઈશું.’’ પછી તો બાપાશ્રીનાં દર્શને ઘણા સંત-હરિભક્તો આવ્યા તેથી ઉતારાની, વાસણની, સીધાની સગવડ થઈ શકી નહિ. પછી રામજીભાઈએ રજા આપી જે હવે પધારો. પછી બાપાશ્રી ત્યાંથી ચાલ્યા તે ભાયલા, ધોળકા, ભાત થઈને જેતલપુર આવ્યા અને જેતલપુરથી અમદાવાદ આવ્યા. પછી છપૈયે પધાર્યા. ॥૧૦॥

## પરચો ૧૧

છપૈયામાં અષાઢ વદ-૧૦ને રોજ સવારના દશ વાગે બાપાશ્રી બોલ્યા જે, ‘‘રામપરાના કાનજી વશરામની દીકરી આ ટાણે દેહ મૂકી ગઈ તેને અમે ધામમાં મૂકી આવ્યા. તે કુટુંબીમાં છે તેથી નહાવું પડશે.’’ એમ કહ્યું, તેથી પ્રેમજી ભક્તે નવરાવ્યા. પછી જ્યારે બાપાશ્રી વૃષપુર આવ્યા ત્યારે પ્રેમજી ભક્તે પૂછ્યું તે તિથિવાર પ્રમાણે મળ્યું. ॥૧૧॥

## પરચો ૧૨

છપૈયામાં એક વખત રાત્રિએ સૂતી વખતે નારાયણપુરના પ્રેમજી ભક્તને સંકલ્પ થયો જે, ‘‘કચ્છમાંથી બાપાશ્રી અહીં આવવા નીકળ્યા ત્યારે અમદાવાદ જઈને પાછા કચ્છ તરફ વળવાનો વિચાર હતો અને અહીં આવવાનું થયું તેથી દિવસ વધારે લાગશે. વળી છોકરાને ભલામણ કરી નથી તે ખેતીનું કામ શી રીતે ચલાવશે?’’ તે વખતે બાપાશ્રીએ એમને કહ્યું જે, ‘‘ઊઠો, નાહવા જવું છે.’’

પછી તે ઊઠ્યા ને બાપાશ્રી દરવાજા તરફ ચાલ્યા ત્યારે પ્રેમજીભાઈ બોલ્યા જે, ‘‘દરવાજો બંધ છે માટે માંહીલે કૂવે નાહવા

પધારો.'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''તમે આંખો મીંચો.'' એટલે એમણે આંખો મીંચી. પછી કહ્યું જે, ''હવે ઉઘાડો.'' ત્યારે ઉઘાડી તે નારાયણસરના કાંઠા ઉપર આવ્યા એમ દેખ્યું. પછી બાપાશ્રીને કહ્યું જે, ''આપ વસ્ત્ર બદલો, હું પાણીનો લોટો ભરી લાવું.'' ત્યારે બાપાશ્રી કહે જે, ''હમણાં બેસો, હવા સારી આવે છે.''

એટલાકમાં તો આકાશમાંથી હમહમાટ કરતું વિમાન આવ્યું ને કાંઠા ઉપર ઊભું રહ્યું. પછી બાપાશ્રી માંહી બેસી ગયા અને પ્રેમજીભાઈને કહ્યું જે, ''તમે બેસો.'' પછી તે પણ બેઠા. પછી વિમાન ઊડ્યું તે બે મિનિટમાં નારાયણપુરમાં પોતાની વાડીએ આવ્યા. ત્યાં તેમના દીકરાઓએ બાપાશ્રીને દંડવત કર્યા અને મળ્યા. તે પ્રેમજીભાઈ ઊભા ઊભા જોતા હતા. તે વખતે બાપાશ્રીએ પ્રેમજીભાઈના દીકરાઓને કહ્યું જે, ''આ વર્ષમાં કાળ પડવાનો છે. માટે વાડી સિવાય બીજાં ખેતરો વાવશો નહિ.'' એમ કહીને વિમાનમાં બેસી એક મિનિટમાં પાછા છપૈયાના મંદિરમાં ચોકમાં આવ્યા ને વિમાનમાંથી ઊતર્યા કે તરત વિમાન અદૃશ્ય થઈ ગયું.

પછી આસને આવીને સૂતા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''કેમ! તમારો સંકલ્પ સિદ્ધ થયો કે નહિ?'' ત્યારે પ્રેમજીભાઈ બોલ્યા જે, ''હા બાપા! તમે સત્ય કર્યો.'' પછી જ્યારે છપૈયેથી કચ્છમાં આવ્યા ત્યારે પ્રેમજીભાઈને એમના દીકરાઓએ કહ્યું જે, ''તમે ને બાપાશ્રી બેય પંદર દિવસ પહેલાં રાત્રિએ આપણી વાડીએ આવ્યા હતા ને પાછા ફેર ક્યાં ગયા હતા?'' ત્યારે પ્રેમજીભાઈએ કહ્યું જે, ''એ તો બાપાશ્રી એમની સામર્થીએ કરીને લાવ્યા હતા.'' ।।૧૨।।

## પરચો ૧૩

સંવત ૧૯૫૫ની સાલમાં બાપાશ્રી ઉપરદળ રામજીભાઈને દર્શન દેવા જતાં મુળી ત્રણ દિવસ રહીને ચાલ્યા તેમને સદ્. સ્વામી હરિનારાયણદાસજી તથા સ્વામી બાળકૃષ્ણદાસજી આદિ સંતો વળાવવા

ગયા અને સ્વામી શ્વેતવૈકુંઠદાસજી કોઠારના કામમાં રોકાવાથી જઈ શક્યા નહિ, તેથી દિલગીર થયા. બાપાશ્રી તેમને દર્શન આપીને મળ્યા ને કહ્યું જે, ‘‘તમારે માટે અમે પાછા આવ્યા.’’ એમ કહી અદૃશ્ય થઈ ગયા. ॥૧૩॥

## પરચો ૧૪

સંવત ૧૯૫૫ના ભાદરવા માસમાં રામજીભાઈને વધારે મંદવાડ થવાથી પોતાને કચ્છમાં જવાનો સંકલ્પ થયો એટલે સગાં-સંબંધીને કહ્યું જે, ‘‘મારે તો જરૂર બાપાશ્રી પાસે જવું છે. માટે મેનામાં સુવારી મને કચ્છમાં લઈ જાઓ.’’ ત્યારે તેમના સંબંધીઓએ કહ્યું જે, ‘‘તમારો દેહ માર્ગમાં પડી જાય એવો છે માટે જવાય નહિ.’’ ત્યારે રામજીભાઈ બોલ્યા જે, ‘‘દેહ પડે તો ભલે પડે, પણ મારે તો નક્કી જવું છે.’’ પછી સર્વે સંબંધી મૂંઝવણમાં પડ્યા જે હવે આમને શી રીતે લઈ જવા.

તે રાત્રિએ બાપાશ્રીએ રામજીભાઈને તેજના સમૂહમાં દર્શન આપ્યાં અને બોલ્યા જે, ‘‘રામજીભાઈ! ‘અમે કચ્છમાં છીએ અને અહીં નથી’ એમ ન જાણશો. અમે તો તમારી પાસે જ છીએ; કેમ જે અમે તો સર્વત્ર છીએ. માટે તમો કચ્છમાં જવાનો સંકલ્પ મૂકી દઈ મહારાજ તથા મોટાને સંભારો. અને આજથી છઠ્ઠે દિવસે તમને તેડી જઈશું.’’ એમ બોલીને અદૃશ્ય થઈ ગયા. પછી રામજીભાઈ બહુ રાજી થયા ને પોતાના સંબંધીઓને કહ્યું જે, ‘‘મને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું છે જે, ‘તને છઠ્ઠે દિવસે ધામમાં તેડી જઈશું.’ માટે તમે ચિંતા કરશો નહિ ને મારે હવે કચ્છમાં જવું નથી.’’ પછી છઠ્ઠે દિવસે મહારાજ તથા બાપાશ્રી સૌને દર્શન આપીને તેડી ગયા. ॥૧૪॥

## પરચો ૧૫

સંવત ૧૯૫૬ની સાલમાં બાપાશ્રી હરિભક્તો સાથે આગબોટમાં બેસીને ગુજરાત તરફ પધારતા હતા તે આગબોટમાં મેમણ લોકો તથા બીજા માણસો પણ બેઠા હતા. આગબોટ બરાબર સમુદ્રના કંડલાના

મધ્યોમધ્ય આવી ત્યાં તોફાન થયું તે બૂડવાનો સંભવ થયો. ત્યારે ખારવાઓએ કહ્યું જે, ‘‘ભાઈઓ! સૌ સૌના ઈષ્ટદેવ સંભારો. અમારું હવે કાંઈ કારીગરું ચાલે તેમ નથી ને આગબોટ બૂડવા માંડી છે.’’

પછી સહુ ત્રાસ પામ્યા ત્યારે બાપાશ્રીએ આગબોટમાં બેઠે બેઠે લાંબા હાથ વધારીને બેય બાજુએ આગબોટ હેઠે ઘાલ્યા ને આગબોટને ઉપાડી તે એક મેમણ જબરો શેઠીયો માંહી બેઠેલ તેણે જોયું. પછી તો આગબોટ તરીને સમી થઈ. ખારવાએ ચાલતી કરી ને વવાણિયાના ખાળે આવી ને સૌ ઉતારુઓ ઊતરી પડ્યા.

પછી મેમણે ઊતરીને પોતાની પાસે મેવાનો ભરેલો કંડિયો હતો તે બાપાશ્રીને આપ્યો અને સૌના સાંભળતાં બોલ્યો જે, ‘‘આ પુરુષે આપણ સર્વેને જીવતા રાખ્યા, નહિ તો આજ સર્વેનું મોત હતું. આ તો બહુ જ મોટા સમર્થ પુરુષ છે તે લાંબા હાથ વધારીને આગબોટ હેઠે રાખીને આગબોટ ઊંચી ઉપાડી તે ઠેઠ અહીં લગી હેઠે હાથ રાખતાં આવ્યા છે તે હું જોતો આવું છું.’’ તે વાત સાંભળી સર્વે વિસ્મિત થઈ ગયા. પછી બાપાશ્રી ટ્રામમાં બેઠા. તે કંડિયામાં જે મેવા હતા તેની પ્રસાદી મુળી સુધી સૌને વહેંચતાં વહેંચતાં આવ્યા. ॥૧૫॥

## પરચો ૧૬

સંવત ૧૯૫૭ની સાલમાં લુણાવાડાના કાશીરામભાઈને શ્રીજીમહારાજ દર્શન આપી કહી ગયા જે, ‘‘તમને આજથી ચોથે દિવસે રાત્રિના સવા આઠ વાગે અમે તેડી જઈશું.’’ પછી તેમણે પોતાના મોટાભાઈ જે રણછોડલાલભાઈ મોરબીમાં સર ન્યાયાધીશ હતા તેમને તાર કરીને તેડાવ્યા ને વાત કરી જે, ‘‘મને આજ રાત્રે સવા આઠ વાગે શ્રીજીમહારાજ તેડી જવાનું કહી ગયા છે તે તેડી જશે.’’

પછી રણછોડલાલભાઈએ બાપાશ્રીની પ્રાર્થના કરી જે, ‘‘કાશીરામભાઈને તેડી જવા દેશો નહિ.’’ ત્યારે બાપાશ્રીએ શ્રીજીમહારાજને વિનંતિ કરી જે, ‘‘કાશીરામભાઈને તેડી જશો નહિ.’’

તેથી મહારાજ તેડવા ન આવ્યા. ત્યારે કાશીરામભાઈએ મહારાજને પ્રાર્થના કરી.

પછી શ્રીજીમહારાજ દર્શન દઈને બોલ્યા જે, “તમારા મોટાભાઈની અપીલ અમારી પાસે અક્ષરધામમાં આવી છે, માટે અમારાથી તેડી નહિ જવાય; કેમ જે રણછોડલાલભાઈને વશ અમારા અનાદિ મુક્તરાજ શ્રી અબજીભાઈ છે ને એમને વશ અમે છીએ. માટે રણછોડલાલભાઈએ એમની પ્રાર્થના કરી ને તેમણે અમારી પ્રાર્થના કરી એટલે હવે અમારાથી તેડી જવાશે નહિ. જો રણછોડલાલભાઈ રજા આપે તો તેડી જઈએ.” એમ કહીને શ્રીજીમહારાજ અદૃશ્ય થઈ ગયા.

પછી સવાર થયું ત્યારે કાશીરામભાઈ દાતણ કરવા બેઠા. તે વખતે રણછોડલાલભાઈએ કહ્યું જે, “મહારાજ તમને તેડી ન ગયા ને હવે તમે સાજા થઈ જશો.” ત્યારે કાશીરામભાઈ બોલ્યા જે, “મને મહારાજે રાત્રિમાં દર્શન આપીને કહ્યું છે જે, ‘તમારા મોટાભાઈની અપીલ અમારા પાસે આવી છે જે કાશીરામભાઈને તેડી જશો નહિ.’ પણ મારે તો કોટિ ઉપાયે રહેવું નથી, માટે તમે રાજી થઈને રજા આપો તો મહારાજ મને તેડી જાય.” એમ બે દિવસ ઘણી પ્રાર્થના કરી. ત્યારે રણછોડલાલભાઈએ ત્રીજે દિવસે રજા આપી. પછી શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તેડી ગયા. ॥૧૬॥

## પરચો ૧૭

સંવત ૧૯૫૭ની સાલમાં સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો કચ્છમાં ગયા હતા. ત્યાં બાપાશ્રી ઉપર મોરબીથી રણછોડલાલભાઈનો કાગળ આવ્યો જે, “કાશીરામભાઈ દેહ મૂકી ગયા છે તેથી મને અશાંતિ રહે છે. માટે આપ સાત-આઠ દિવસ અહીં પધારી વાતે-ચીતે કરીને સુખિયા કરશો.”

પછી બાપાશ્રી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ વૃષપુરથી

મોરબી જવા ચૈત્ર વદ-૯ને રોજ નીકળ્યા. તે ભુજ થઈને અંજાર ગયા. ત્યાં સાધુ જગજીવનદાસજીનું મંડળ હતું. તેમણે કહ્યું જે, ‘‘આજ એકાદશી છે, માટે સવારે પારણાં કરીને જજો.’’ તોપણ ચાલ્યા તે મારગમાં ચાલતાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ‘‘આપણે સાધુના રોક્યા રહ્યા નહિ, પણ કાલે ખારીરોલમાં રહેવું પડશે ને ત્યાં પાણી મળશે નહિ.’’ પછી તેમણે કહ્યું જે, ‘‘જ્યાં રહીશું ત્યાં આપ ભેળા છો તો બધુંય છે.’’

પછી ખારીરોલમાં જઈને રાત્રિ રહ્યા અને સવારે ખીચડી કરીને શ્રી ઠાકોરજીને જમાડી. મીઠું પાણી તો ત્યાં મળ્યું જ નહિ. અને તેરસને દિવસે સવારમાં આગબોટ ચાલવાની હતી. તે વખતે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘ટીમણ કરશો તો તરસ બહુ લાગશે, માટે ટીમણ કરશો નહિ.’’ પછી આગબોટમાં બેઠા તે એક ખેતરવા ચાલી એટલે બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ‘‘આગબોટ તો માંદી છે.’’ ત્યારે તેમણે કહ્યું જે, ‘‘કેવી માંદી છે?’’ ત્યારે બાપાશ્રીએ કહે જે, ‘‘મરે એવી છે.’’

ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ‘‘પહેલાં બોલ્યા હોત તો આપણે બેસત નહિ; હવે તો જે થયું તે ખરું.’’ પછી આગબોટ ચાલતી થઈ તે ચાર-પાંચ ગાઉ જેટલે જઈને ભાંગી, તેથી દરિયામાં ત્રણ દિવસ સૌ રહ્યા ને બીજી આગબોટ મંગાવીને ઊતર્યા. પછી વવાણીએ થઈને મોરબી ગયા. ત્યાં ગોવિંદભાઈના દીકરા લધુભાઈ ત્રણ દિવસ સુધી દહીંસરેથી પાણી લઈને વવાણીએ લાગટ આવ્યા. તેમના ઉપર બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, ‘‘આ છોકરો નાનો છે તેણે આપણી સેવા કરી તેને આપણે મહારાજને સુખે સુખિયા કરશું.’’

પછી મોરબી આઠ દિવસ રહી મૂર્તિના સુખની તથા મહિમાની ખૂબ વાતો કરીને જૂનાગઢ, ગઢડે, મુળી થઈ પાછા કચ્છમાં પધાર્યા. અને સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર થોડાક દિવસ રહીને બાપાશ્રીની આજ્ઞાથી ગુજરાત તરફ આવ્યા. ।।૧૭।।

# પરચો ૧૮

સંવત ૧૯૫૮ની સાલમાં સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો ગુજરાતમાંથી કચ્છમાં જતાં મોરબીથી નવલખીએ જઈને આગબોટમાં બેઠા. આગબોટ ચાલતી થઈને આગળ જતાં સામું વહાણ આવ્યું. તે વહાણનો શઢ આગબોટના થાંભલામાં ભરાયો તે આગબોટને આડી પાડી દીધી તેથી તેનો થાંભલો ભાંગી ગયો. પછી આગબોટ સમી થઈ ગઈ અને ચાલી તે ખારીરોલે ઊતર્યા. ત્યાં એક ઘેલાભાઈ પુરુષોત્તમ નામે ભાટિયા અંજારના રહીશ હતા. તેમણે સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતોને પોતાના સિગરામમાં બેસાર્યા.

તેને સ્વામીશ્રીએ પૂછ્યું જે, "તમે સત્સંગી છો?" ત્યારે તેણે કહ્યું જે, "હું સત્સંગી તો નથી, પણ શેઠ કરમશીભાઈ દામજી તમારા સત્સંગી છે તેમનો મિત્ર છું. તે હું મુંબઈથી નીકળ્યો ત્યારે વિચાર કર્યો જે બૈરાં-છોકરાં અને બધી કમાણી સાથે છે. તે ખાડીમાં જઈએ તો હરકત ન આવે. એમ જાણી મુંબઈથી પાધરો આગબોટમાં ન આવ્યો ને અહીં આવ્યો. ત્યારે અહીં પણ ડૂબવાનું થયું, તેમાંથી ઊગર્યા. એથી મને વિચાર થયો જે આ સ્વામિનારાયણના સાધુ બહુ ધર્મવાળા છે તેમને પ્રતાપે આગબોટ બચી. એમ જાણી તમને સિગરામમાં બેસાર્યા છે."

પછી અંજાર ગયા. ત્યાં એમણે માણસ મોકલી પુછાવ્યું કે, "તમારે સીધું કેટલું જોઈએ?" ત્યારે સ્વામીશ્રીએ કહેવરાવ્યું જે, "આજ તો આગબોટમાં બેઠા છીએ, માટે જમાય નહિ." પછી બીજે દિવસે ગાડું મળ્યું તેમાં બેસીને ભુજ ગયા ને તેમણે સીધું મંદિરમાં મોકલાવ્યું, ત્યાં તો સ્વામીશ્રી આદિ નહોતા. પછી તે ઘોડાઘાડી લઈને ભુજ ગયા અને રસોઈ આપી ધોતિયાં ઓઢાડ્યાં.

પછી તેને સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "જેના પ્રતાપે થાંભલો ભાંગ્યો ને આગબોટ બચી છે તેમનાં દર્શને અમે જઈએ છીએ." પછી તે સાથે ગયા ને બાપાશ્રી વૃષપુરના મંદિરમાં પગથિયેથી

ઊતરતા હતા ત્યાં સામા મળ્યા ને સ્વામીશ્રી આદિ સંતોને મળીને બોલ્યા જે, “થાંભલો ન ભાંગ્યો હોત તો તમે ક્યાં હોત?” ત્યારે સ્વામીએ કહ્યું જે, “તમારા ભેળા હોત.”

પછી બાપાશ્રી બોલ્યા જે, “તમને ઉગારવાને માટે અમે થાંભલો ભાંગીને આગબોટ બચાવી અને એ થાંભલો ગોઠવીને મૂક્યો તે કોઈને વાગવા દીધો નહિ.” એમ બોલ્યા. તે સાંભળીને તે શેઠને ઘણું આશ્ચર્ય થયું. અને પ્રાર્થના કરી જે, “આપ મહાસમર્થ છો તેથી આપને પ્રતાપે મારો મોક્ષ કરજો.” એમ પ્રાર્થના કરી પોતાને ગામ ગયા.

પછી બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “તમને કમળી થઈ છે તેથી દેહ મૂકવાનો સંકલ્પ કરીને અહીં આવ્યા છો, પણ તમને મરવા દેવા નથી.” એમ કહીને બાજરાનો રોટલો જમવાનું કહ્યું. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, “મને કાંઈ ભાવતું નથી.” પછી બાપાશ્રી કહે, “જમજો, હવે ભાવશે.” પછી ઠાકોરજીના થાળ થઈ રહ્યા એટલે પાસે બેસીને બાજરાનો રોટલો ચોથા ભાગનો સ્વામી ઈશ્વરચરણદાસજીને જમાડ્યો. એવી રીતે છ દિવસ સુધી સેવા-સમાગમથી સુખિયા કરીને કહ્યું જે, “તમે હવે જેતલપુર જાઓ અને ભુજ, મુળી, અમદાવાદ ક્યાંય રોકાશો નહિ.”

પછી સ્વામીશ્રી આદિ સંતો ભુજ ગયા. ત્યાં માનકુવાના હરિભક્ત સંતોને તેડવા ગાડાં લઈને આવ્યા હતા. ત્યાં પારાયણ થવાની હતી, તેથી સ્વામીશ્રી અક્ષરજીવનદાસજીએ તથા હરિભક્તોએ આગ્રહ કરીને માનકુવે લઈ ગયા. ત્યાં બાપાશ્રી આવ્યા ને મળીને બોલ્યા જે, “તમને જેતલપુર જવાનું કહ્યું હતું અને અહીં કેમ આવ્યા?” ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “સંતોના ને હરિભક્તોના આગ્રહથી આવવું થયું. હવે તો આ કથા થઈ રહેશે ત્યારે જવાનું કરશું.” પછી બોલ્યા જે, “હવે તો આપણે વૃષપુર જઈશું; કેમ જે તમારી સાથે સ્વામી ભગવત્ચરણદાસજીના નવા સાધુ બળદેવચરણદાસ

છે તે માંદા પડવાના હતા તેની તમારે ચાકરી કરવી પડે એટલા સારુ તમને રજા આપી હતી, પણ હવે તો નહિ જવાય. અને કાલે સ્વામી વૃંદાવનદાસજી તથા ધોળકાના મહંત બળદેવચરણદાસજી તથા કાણોતરના બાપુભાઈ તથા રનોડના પીતાંબરભાઈ આદિ હરિભક્તો આવશે એટલે સેવાની ફિકર નહિ રહે.''

પછી બીજે દિવસે સ્વામી વૃંદાવનદાસજી આદિ સૌ આવ્યા અને કથાની સમાપ્તિ સાત દિવસે થઈ રહી. પછી સ્વામીશ્રી આદિ સૌ વૃષપુર ગયા. ત્યાં તે સાધુ માંદા પડ્યા તેને મંદવાડમાં વાસના સ્ફુરી આવી.તેને દેહ મૂકવા સમયે બાપાશ્રીએ સ્વામી વૃંદાવનદાસજીને તથા સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, ''આ સાધુનો દેહ આજ પડશે, માટે તેને ઉપદેશ કરીને મૂર્તિમાં વૃત્તિ રખાવો.'' પછી બન્ને સદ્‌ગુરુઓએ ઘણો ઉપદેશ કર્યો, પણ તેમને કાંઈ સમજાયું નહિ અને વાસના પણ મૂકી નહિ. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સ્થાનમાં દેહ મૂકે ને ભૂત થઈને ઘેર જઈને ધૂણે તો અમારી આબરૂ જાય. માટે એનું અધૂરું રહેવા દેશું નહિ.''

પછી બાપાશ્રી તથા સંતો એની પાસે ગયા અને ખાટલો ઓરડામાં હતો તે ઓસરીમાં લાવ્યા ને બાપાશ્રીએ મહારાજનાં દર્શન કરાવીને દેહની વિસ્મૃતિ કરાવી દીધી. ને સ્વામીશ્રી આદિ સંતોને કહ્યું જે, ''તમો ઠાકોરજીને થાળ કરીને જમાડો.'' પછી સંતોએ થાળ જમાડીને કહ્યું જે, ''હવે એને દેહ મુકાવો.'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''મહારાજને પોઢવું છે; પછી લઈ જશે.'' પછી દોઢ વાગ્યો ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, ''હવે મહારાજ જાગ્યા હશે.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''તમે નાહી આવો.'' પછી સ્વામીશ્રી આદિ સંતો નાહી આવ્યા ને કહ્યું જે, ''હવે તેડી જાઓ.''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''મહારાજને કીર્તન સાંભળવાં છે તે કીર્તન બોલો.'' પછી સંતો કીર્તન બોલ્યા. તે વખતે સ્વામી

ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “હવે ત્રણ વાગ્યા અને સાંજ પડશે.” ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “મહારાજ કહે છે કે અમને ભૂખ લાગી છે તે કાંઈ જમાડો તો પછી લઈ જઈએ.” પછી સ્વામીશ્રીએ કહ્યું જે, “સુખડી કરી દઉં.” ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “એટલી વાર તો ખમે તેમ નથી, માટે કાંઈક ફળ જમાડીએ.” એમ કહીને પોતે જામફળી ઉપર ચઢીને ફળ ઉતારી લાવ્યા. તે સ્વામી ઈશ્વરચરણદાસજી પાસે સુધરાવીને પોતે મહારાજની મૂર્તિને જમાડતા હતા ત્યારે સ્વામીશ્રી પાસે ઊભા હતા, તેમને કહ્યું જે, “મહારાજ તો થાળ જમી રહ્યા ને સાધુને તેડવા ગયા. તમે જાઓ, નહિ તો ગોદડાં અભડાશે.” પછી સ્વામી ઈશ્વરચરણદાસજી ઉતાવળા ગયા ને સાધુને હેઠે ઉતાર્યા કે તરત દેહ મૂકી દીધો.

પછી બીજે દિવસે સભામાં બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “તમો માંદા હતા ને તમારો વિચાર અહીં આવીને દેહ મૂકવાનો હતો, પણ તમે તો સાજા થઈ ગયા ને બીજા સાધુ દેહ મૂકી ગયા, માટે તમને હમણાં રાખવા છે.” પછી સ્વામી વૃંદાવનદાસજીએ પૂછ્યું જે, “એ સાધુને ક્યાં મૂક્યા?” ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “સ્વામી ઈશ્વરચરણદાસજીને બદલે લઈ ગયા, માટે બીજે ક્યાં મુકાય? શ્રીજીમહારાજની મૂર્તિમાં મૂકી દીધા.” એમ બોલ્યા. ॥૧૮॥

## પરચો ૧૯

સંવત ૧૯૫૮ની સાલમાં કાણોતરના બાપુભાઈ બાપાશ્રીનો સમાગમ કરવા આવ્યા હતા. તેમને એમના પિતાશ્રી બોઘા પટેલનો કાગળ આવ્યો જે તરત આવો. પછી તે જવા તૈયાર થયા. તેમને બાપાશ્રીએ કહ્યું જે, “ચાલો વાડીએ નાહવા જઈએ છીએ, ત્યાંથી જજો.” પછી વાડીએ જઈને નાહ્યા ને માનસી પૂજા કરીને એમને ઘેર જવાની આજ્ઞા કરી. પછી તે બોલ્યા જે, “બાપા! મને એકલાને જવું

કેમ ફાવશે?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સામા ડુંગરામાં જુઓ.'' પછી ડુંગરામાં જોયું ત્યારે તેજના મંડળમાં શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. તે જોઈ બાપુભાઈ કહે જે, ''આમ ને આમ દર્શન રહે એવી કૃપા કરો.'' પછી બાપાશ્રી બોલ્યા જે, ''બહુ સારું, એમ ને એમ દેખાશે.''

પછી તે ઘેર આવ્યા ત્યાં સુધી દર્શન થયાં. અને બીજે વર્ષે દર્શને આવ્યા ત્યારે પણ ઘેર જતી વખતે બોલ્યા જે, ''બાપજી! હું એકલો શી રીતે જઈશ?'' પછી બાપાશ્રી બોલ્યા જે, ''આ રસ્તામાં જુઓ. સામું કોણ દેખાય છે?'' પછી જોયું ત્યારે બાપાશ્રીને દેખ્યા. ત્યારે કહ્યું જે, ''ઠેઠ આમ ને આમ દેખાશે.'' એમ કહીને ચાલ્યા તે ઠેઠ ઘેર પહોંચ્યા ત્યાં સુધી છેટે ને છેટે આગળ બાપાશ્રી દેખાયા. તેમને પહોંચી વળવા સારુ બાપુભાઈ ઘણાય દોડે, પણ એટલું ને એટલું છેટું રહે ને ધીમે ચાલે તોપણ એટલું ને એટલું છેટું રહે. એવું ઘેર પહોંચ્યા ત્યાં સુધી રહ્યું. ॥૧૯॥

## પરચો ૨૦

બાપુભાઈએ નવાં ઘર કર્યાં હતાં. ત્યારે બાપાશ્રીએ દિવ્ય દર્શન દઈને કહ્યું જે, ''તમારા વાડામાં કાંઈક બીક છે તે કાઢવા આવ્યા છીએ; માટે ચાલો વાડામાં.'' પછી વાડામાં ગયા. ત્યાં તો એક કાળાં લૂગડાંવાળી સ્ત્રી નીકળી. તે તેમના ઘર સોંસરી થઈને દક્ષિણ તરફ ચાલી ગઈ તે બાપુભાઈએ પણ દીઠી. પછી બાપાશ્રી બોલ્યા જે, ''હવે વાડામાંથી બીક ગઈ.'' એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ॥૨૦॥

## પરચો ૨૧

એક સમયને વિષે બાપુભાઈને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, ''તમારી સ્ત્રીને તથા મોટા દીકરાને અમે થોડાક દિવસમાં તેડી જઈશું.'' ત્યારે બાપુભાઈએ કહ્યું જે, ''આપની મરજી હોય તેમ કરો, પણ હાથે રસોઈ કરવી પડશે. મારા પિતાશ્રીને મોટા દીકરા ઉપર હેત

બહુ છે તેથી તેમને પણ માઠું લાગશે. તે કરતાં નાનો દીકરો જન્મવાનો છે એમ આપ કહો છો તે દીકરાની આયુષ્ય કેટલી છે?''

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''એની આયુષ્ય તો વધારે છે.'' ત્યારે બાપુભાઈ કહે જે, ''તેની આયુષ્ય આ મોટા દીકરાને આપીને નાનો દીકરો જન્મે ત્યારે તેને તેડી જાઓ તો ઠીક અને આપની મરજી હોય તો એની માને પણ તેડી જજો.'' પછી બાપાશ્રીએ કહ્યું જે, ''સારું.'' પછી મોટા દીકરાને રાખવાનું કર્યું ને બોલ્યા જે, ''એની માને પણ એક વર્ષે તેડી જઈશું.'' પછી બરાબર એક વર્ષ થયું ત્યારે તેને દર્શન આપીને તેડી ગયા. ॥૨૧॥

## પરચો ૨૨

બાપાશ્રીએ સંવત ૧૯૫૯ના વૈશાખ માસમાં મોટો યજ્ઞ કર્યો હતો ને 'સત્સંગિજીવન'ની ને 'શિક્ષાપત્રી ભાષ્ય'ની કથા પંદર દિવસ સુધી કરાવી હતી. ત્યારે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ આગળથી ગયા હતા. તેમની પાસે બેય દેશમાં કંકોત્રીઓ લખાવેલ હોવાથી દેશ-દેશાંતરના ઘણા સંત-હરિભક્તો ગયા હતા. તે યજ્ઞમાં બાપાશ્રીએ પોતાનો અલૌકિક પ્રતાપ જણાવવાથી અનેક મુમુક્ષુજનો મૂર્તિના સુખે સુખિયા થતા. કેટલાકને સામા જઈને દર્શન આપતા, તો કોઈને ઉતારે જઈને ખબર પૂછે, સભામાં બેઠા હોય ને પાકશાળામાં પણ દર્શન દેતા હોય, કોઈને પીરસતાં જણાય, વાડીએ હરિભક્તો ગયા હોય ત્યાં કૂવે નહાતા હોય, ઘેર જાય તો ત્યાં પણ દેખાય, સભામાં તો જાણે બેઠા જ હોય. એમ સૌ સંત-હરિભક્તોને આશ્ચર્ય પમાડતાં શ્રીજીમહારાજના મહિમાની ને મૂર્તિના સુખભોક્તા અનાદિમુક્તના સામર્થ્યની નવીન નવીન વાતો કરી બહુ સુખ આપ્યાં હતાં. પછી યજ્ઞની સમાપ્તિ થઈ રહી ત્યારે સૌને સુખડીની પ્રસાદી આપી રાજી કર્યા. અને શાસ્ત્રી બાળમુકુંદાનંદજીને મૂર્તિના સુખે સુખિયા થવારૂપ ભાતું આપ્યું.

તે પારાયણમાં ભુજથી નડિયાદવાળા ઝવેરીલાલભાઈ તથા તેમના ભેળા સ્વામી બાળમુકુંદદાસજી તથા બીજા એક સાધુ ઘોડાગાડીમાં બેસીને ગયા હતા. પછી સ્વામી ઈશ્વરચરણદાસજીએ બાપાશ્રીને કહ્યું જે, "આ બાળમુકુંદદાસજી સ્વામી ગાડીમાં બેસતા નહિ ને દૂધ પણ પીતા નહિ ને હવે તો ગાડીએ બેસે છે તથા દૂધ પીએ છે તેનું શું કારણ?" ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "બાળમુકુંદદાસજી તથા મુક્તજીવનદાસજી એ બન્ને માંદા થયા હતા ત્યારે બાળમુકુંદદાસજીના ચૈતન્યને દેહમાંથી કાઢીને મહારાજની મૂર્તિમાં મૂકી દીધો હતો અને મુક્તજીવનદાસજીના જીવને ફેર જન્મ ન ધરાવવો પડે એટલા માટે તપ કરાવવા બાળમુકુંદદાસજીના દેહમાં મૂક્યા છે તે મુક્તજીવનદાસજીથી એમના જેટલું તપ થઈ ન શકે." પછી ભુજવાળા સ્વામી અક્ષરજીવનદાસજી બોલ્યા જે, "અહો! તમે આવી રીતે દેહ બદલાવો છો?" ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "હા, મહારાજના પ્રતાપે કરીએ છીએ." તે વાત સાંભળી સંત-હરિભક્તો ઘણા આશ્ચર્ય પામ્યા. ॥૨૨॥

## પરચો ૨૩

સંવત ૧૯૬૨ની સાલમાં દેવ દિવાળીના સમૈયે બાપાશ્રી કચ્છનો સંઘ લઈને અમદાવાદ પધાર્યા હતા. ત્યાંથી જેતલપુર થઈને ડભાણ જતાં નવાગામમાં ડાહ્યાભાઈને રાત્રિએ અઢી વાગે દર્શન આપ્યાં. ત્યારે ડાહ્યાભાઈ પગે લાગ્યા ને બોલ્યા જે, "બાપા! સ્વામી ઈશ્વરચરણદાસજી ક્યાં?" એમ સ્વામીશ્રીનાં દર્શનની તેમની ઈચ્છા જાણી બાપાશ્રીએ સ્વામી ઈશ્વરચરણદાસજીનાં દર્શન કરાવ્યાં. પછી ડભાણ થઈ વરતાલ ગયા ને વાડીમાં ઉતારો કર્યો. ત્યાં કાણોતરના બાપુભાઈએ આખી રાત પ્રદક્ષિણાઓ ફરીને ચોકી ભરી.

તેમને સવારે બાપાશ્રીએ રાજી થઈને કહ્યું જે, "વર માગો, જે માગો તે આપીએ." પછી તેમણે કહ્યું જે, "આ સંઘ લઈને કાણોતર પધારો." પછી બાપાશ્રીએ કહ્યું જે, "આ સંઘ લઈને અમે તમારે ગામ

બે મહિને આવીશું.'' પછી બે દિવસ રહીને બાપાશ્રી આદિક સર્વ નીકળ્યા તે સ્પેશિયલ ગાડીમાં બેસીને અમદાવાદ આવતાં નડિયાદના સ્ટેશને એક મુસલમાનના છોકરાને બાપાશ્રીએ દિવ્ય દર્શન આપ્યાં. તેથી તે છોકરો ટોપી ઉતારીને પગે લાગ્યો ને બોલ્યો જે, ''મેરા અચ્છા કરીઓ. હમ તમારા ગુલામ હય.'' એમ વંદના કરવા માંડ્યો. એની પાસે બ્રાહ્મણનો એક છોકરો ઊભો હતો તેને કહ્યું જે, ''અબે બમન, ક્યા દેખ રહેતા હે. પાઉંમે શીર ધર દે, તેરા અચ્છા હો જાયગા.'' પણ તે છોકરો નમ્યો નહિ. પછી તેને કહ્યું જે, ''અબે બમન, નમતા નહિ હે; ક્યા બમન હુઆ હય?'' એમ લડવા માંડ્યો. પછી રેલ ઊપડી તે સર્વે અમદાવાદ આવ્યા ને ત્યાંથી કચ્છમાં પધાર્યા. પછી બે મહિને કાણોતરમાં બાપુભાઈને સંઘે સહિત દર્શન આપીને તેડી ગયા. ॥૨૩॥

## પરચો ૨૪

પાટડીના ઠક્કર ત્રિભોવનભાઈનાં પત્ની માંદાં હતાં. તેમને ત્રણ દિવસ લાગટ શ્રીજીમહારાજે અને બાપાશ્રીએ ભૂરા હાથી ઉપર બેઠેલા એવાં દર્શન આપ્યાં. ત્યારે તે બાઈએ કહ્યું જે, ''મને તેડી જાઓ.'' પછી બાપાશ્રીએ કહ્યું જે, ''હમણાં નહિ.'' એમ કહી અદૃશ્ય થઈ ગયા. ॥૨૪॥

## પરચો ૨૫

એક વખત બાપાશ્રી વૃષપુરના મંદિરમાં વાતો કરતા હતા. ત્યાં શેદલાના પુરાણી પ્રાણજીવનભાઈને ડોલું આવ્યું. તેમાં પૂર્વજન્મની સ્મૃતિ થઈ આવી. પછી તેમણે જાગીને બાપાશ્રીને કહ્યું જે, ''સ્વપ્ન આવે તે સાચું હોય કે નહિ?'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ સ્વપ્નું સાચું.'' એમ પૂર્વજન્મનું જ્ઞાન તેમણે ક્ષણમાત્રમાં કરાવી દીધું. ॥૨૫॥

## પરચો ૨૬

શેદલાના હીરજીભાઈ દેહ મૂકતી વખતે બોલ્યા જે, ''આ મને

બાપાશ્રી તેડવા આવ્યા છે ને હું ધામમાં જાઉં છું.'' એમ કહીને દેહ મૂક્યો તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. ॥૨૬॥

## પરચો ૨૭

વનાળિયાના ભગવાન ઠક્કર બાપાશ્રીનાં દર્શન કરવા વૃષપુર ગયા ને ત્યાં બાપાશ્રીનાં ચરણ ઝાલ્યાં, ત્યાં તો અપાર તેજનો મોટો સમૂહ દીઠો અને તેના મધ્યે શ્રીજીમહારાજની મૂર્તિ દેખાણી. તે મૂર્તિમાંથી તેવા જ આકારવાળી બાપાશ્રીની મૂર્તિ દીઠી. એમ ઘણી વાર દર્શન થયાં. પછી બાપાશ્રી મહારાજની મૂર્તિમાં લીન થયા ને મહારાજ ને તેજ અદશ્ય થઈ ગયું. ॥૨૭॥

## પરચો ૨૮

સંવત ૧૯૬૩ની સાલમાં ભુંભલી ગામમાં પાર્વતીબાઈને મંદવાડ હતો તેને બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, ''હમણાં તમને તેડી નહિ જઈએ. તમને બીજો મંદવાડ આવશે, ત્યાર પછી ફરી ત્રીજો મંદવાડ આવશે ત્યારે મહારાજ ને અમે આવીને તેડી જાશું. હજી સાત વર્ષ સુધી તમને રાખવાં છે.'' એમ કહીને અદશ્ય થઈ ગયા. ॥૨૮॥

## પરચો ૨૯

એક સમયે લુણાવાડાના રણછોડલાલભાઈ વૃષપુર ગયા હતા ત્યારે બાપાશ્રીને દાડમ જમવા આપ્યું તે જમ્યા ને એક દાણો ચાકળા તળે નાખેલો હતો. તે કાઢીને રણછોડલાલભાઈને આપ્યો ને કહ્યું જે, ''તમને કેસરોભાઈ વાત કરશે; દહીંસરે જાઓ.'' પછી તે દહીંસરે ગયા ને કેસરાભાઈને કહ્યું જે, ''વાતો કરો.'' પછી કેસરોભાઈ કહે જે, ''બાપ! હું શું જાણું? ભાઈ! તમે બાપાશ્રીને દાડમ જમાડ્યું અને એક દાણો તમને ચાકળા હેઠળથી આપ્યો.'' પછી રણછોડલાલભાઈ કહે કે, ''તમે ક્યાં હતા?'' ત્યારે કેસરાભાઈ કહે જે, ''બાપાશ્રીએ મારા પર કૃપા કરી મને નિરાવરણ કર્યો છે.'' તે સાંભળી આશ્ચર્ય પામ્યા.॥૨૯॥

## પરચો ૩૦

સંવત ૧૯૬૨ની સાલમાં ગામ સરસપુરમાં પટેલ જેઠાભાઈ તથા ઈશ્વરદાસની ફઈ પાર્વતીબાઈને બાપાશ્રી તેડવા આવ્યા. તે સમે બાઈ બોલ્યાં જે, ‘‘બાપા! તમે મને અડશો નહિ. મને સંગ્રહણીનો રોગ છે તેથી ખાધેલું ને પાણી પેટમાં ટકતું નથી તેથી બોળે છું.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘આ ખાટલો ને ગોદડું બધુંય કાઢી નાખીને લીંપાવો ને બીજો ખાટલો ને ગોદડાં પાથરો અને જેટલી ચીજો જમવી હોય તેટલી આજ આખો દિવસ જમો અને પાણી પીઓ, પણ સાંજ સુધીમાં લઘુ તથા દિશાએ જવાનું નહિ થાય.’’ પછી સર્વ વસ્તુઓ આખો દિવસ જમ્યાં ને પાણી પીધું અને બાપાશ્રીએ પાટ ઉપર બેઠેલા એવાં સવારથી સાંજ સુધી દર્શન આપ્યાં ને રાત્રિ પડી એટલે શ્રીજીમહારાજ તથા ઘણાય મુક્તનાં દર્શન થયાં. તેવી રીતે બીજા ઘણાક મનુષ્યને પણ બાપાશ્રીનાં દર્શન થયેલાં. એ રીતે એ બાઈને દેહ મૂકતી વખતે ચમત્કાર જણાવી તેડી ગયા. ॥૩૦॥

## પરચો ૩૧

ગામ ધ્રાંગધ્રાના સલાટ હરનારાયણભાઈ શ્રી વરતાલ કામ કરતા હતા તે ગણપતિના ઉપાસક હતા. ત્યાં સત્સંગી થયા તેમને શ્રીજીમહારાજે દર્શન આપ્યાં અને જોડે નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ દેખાયા ને તે મહારાજની મૂર્તિમાં લીન થઈ ગયા. પછી ગણપતિએ હરનારાયણનું કાંડું ઝાલીને શ્રીજીમહારાજને કહ્યું જે, ‘‘આ તમારું બાળક.’’ પછી તેને શ્રીજીમહારાજે સમગ્ર પરમહંસનાં દર્શન કરાવીને કહ્યું જે, ‘‘આ ગોપાળાનંદ સ્વામી તારા ગુરુ.’’ એમ કહીને અદૃશ્ય થયા.

પછી તે જ્યારે ધ્યાન કરે ત્યારે પાંચસો પરમહંસનાં દર્શન શ્રીજીમહારાજનાં ભેળાં થાય. પછી તે ધ્રાંગધ્રાના મંદિરમાં ગયા. ત્યાં શ્રીજીમહારાજ ખુરશી ઉપર બેઠેલા એવાં દર્શન થયાં. સંવત ૧૯૬૪ની

સાલમાં માંદા થયા તે સમયે તેને એમ જણાણું જે મુળીમાં સભામંડપમાં શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ પાસે બેઠો છું. એમ એકવીસ દિવસ સુધી દર્શન થયાં. પછી જ્યારે પુરાણી ધર્મકિશોરદાસજી ધ્રાંગધ્રે ગયા ત્યારે તેમને વાત કરી જે આવી રીતે મને દર્શન થાય છે.

પછી તેમણે કહ્યું જે, "મહારાજ કે સંત તમારી સાથે બોલે છે?" ત્યારે તે કહે, "ના." પછી તેમણે કહ્યું જે, "વરતાલના પમા વચનામૃતમાં કહ્યું છે જે પ્રત્યક્ષ સત્પુરુષ મળે તો સો જન્મની કસર મટે ને આ જન્મે શુદ્ધ કરે. માટે પ્રત્યક્ષ મળે તો કામ થાય." એમ કહીને બાપાશ્રીની ઓળખાણ કરાવીને કહ્યું જે, "મહારાજ અને સંતના ભેળા બાપાશ્રીને ધારજો." પછી ઘેર જઈને ધ્યાન કર્યું ત્યારે સદ્. શ્રી ગોપાળાનંદ સ્વામી અને બાપાશ્રીની વચ્ચે શ્રીજીમહારાજનાં દર્શન થયાં. પછી બન્ને મહારાજની મૂર્તિમાં અદૃશ્ય થઈ ગયા ને એક શ્રીજીમહારાજ રહ્યા. પછી તે મુળી ગયા.

બ્રહ્મચારીને ત્યાં બ્રહ્માનંદ સ્વામીની મોટી મૂર્તિ છે તે ઠેકાણે દર્શન કરતાં બ્રહ્માનંદ સ્વામીની મૂર્તિએ હરનારાયણ સામો હાથ કરીને કહ્યું જે, "તમને અનાદિમુક્ત મળ્યા છે તે બહુ મોટા છે તેથી કાંઈ અધૂરું નહિ રહે." પછી તે પાટણ ગયા. ત્યાં તેમના ભાઈનો દીકરો માંદો પડ્યો. તેને હરનારાયણે બાપાશ્રીને સંભારીને મહારાજની પ્રસાદીનું પાણી પાયું તેથી તે સાજો થયો. પછી તેને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, "એની આવરદા થઈ રહી હતી, પણ તમે અમારું નામ લીધું તેથી સાજો કરવો પડ્યો."

પછી મુળી દેવનાં દર્શન કરવા ગયા. તેમની પાસે જોખમ હોવાથી બીક લાગી, ત્યારે મહારાજ ને બાપાશ્રીએ દર્શન દઈને બે બાજુ કાંડાં ઝાલ્યાં ને બેય કોરે અનંત મુક્તો દિવ્ય તેજોમય દેખાય એવી રીતે સ્ટેશનથી મંદિરમાં આવ્યા. પછી મહારાજ ને બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા. તે વખતે મૂર્તિઓ ને સભા દિવ્ય તેજોમય દેખી. પછી રાત્રિએ

તાપ કરવા સારુ સાંઠીઓ લેવા ગયા. ત્યાં સંકલ્પ થયો જે સાંઠીઓમાં કાંટા હશે તો? ત્યારે બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું જે, “કાંટા નથી.” પછી સાંઠીઓ લઈને આવ્યા ને સદ્. રામકૃષ્ણદાસજી સ્વામી તથા પુરાણી ધર્મકિશોરદાસજીને એ વાત કહી. તેથી રામકૃષ્ણદાસજી સ્વામીને બાપાશ્રીને વિષે બહુ હેત થઈ ગયું. પછી સ્વામી જ્યારે માંદા થયા ત્યારે નિરંતર શ્રીજીમહારાજની મૂર્તિમાં જોડાઈ રહેતા. તેમને અંત સમયે મહારાજ અને બાપાશ્રી દર્શન આપીને તેડી ગયા. ॥૩૧॥

## પરચો ૩૨

એક સમયે બાપાશ્રી ભુજ પધાર્યા હતા. તે પાછા વૃષપુર તરફ જવા તૈયાર થયા એટલે બ્રહ્મચારી તથા સંતો કહે જે, “બે દિવસ રહો ને વાત કરો.” પછી બાપાશ્રી કહે જે, “ઘર સુધી જઈ આવીએ, પછી પાછા આવશું.” એમ કહીને ચાલ્યા તે આઘા જઈને પાછા વળ્યા ને કહે જે, “કોઈક સંત-હરિભક્ત અમને ખેંચે છે તે નહિ જવાય.”

એટલામાં તો રામજીભાઈ અંજારથી ભુજ ગયા. ત્યાં બાપાશ્રી મંદિરના ચોકમાં મળ્યા અને ઉત્તમાનંદ બ્રહ્મચારી તથા સંત-હરિભક્તોએ કહ્યું જે, “બાપાશ્રી તો ચાલ્યા હતા ને પાછા વળ્યા ને બોલ્યા જે, ‘કોઈક હરિભક્ત ખેંચે છે તે અમને નહિ જવા દે’ એમ કહેતા હતા એટલી વારમાં તો તમે આવ્યા.” પછી બાપાશ્રી તેમને બાથમાં ઘાલીને મળ્યા ને કહ્યું જે, “અમે સર્વેને કહ્યું હતું જે અમને કોઈક ખેંચે છે તે નહિ જવાય તેથી રોકાણા છીએ.” પછી તેમણે હાથ જોડીને કહ્યું જે, “એક ગાઉ ઉપર નંદવાણાં મોંઘીબાએ આપના સમાચાર આપ્યા ને કહ્યું જે, ‘બાપાશ્રી ભુજ છે ને હમણાં વૃષપુર જવાના છે.’ ત્યાંથી જ મને બહુ ખેંચ થઈ હતી.” એમ કહીને પોતે ભુજ રહીને બાપાશ્રીની સાથે વૃષપુર ગયા. ॥૩૨॥

## પરચો ૩૩

એક વખતે વૃષપુરમાં સ્વામી ઈશ્વરચરણદાસજીના સાધુ

પુરુષોત્તમપ્રિયદાસજી ઠાકોરજીનાં દર્શન કરતા હતા, તે વખતે સ્વામીએ બાપાશ્રીને કહ્યું જે, "આ સાધુ તમારા છે, તેમને દયા કરીને સુખિયા કરજો." ત્યારે બાપાશ્રીએ માથે હાથ મૂકીને કહ્યું જે, "મહારાજની મૂર્તિ સામું જોઈ રહો."

એટલે તે મૂર્તિ સામું જોઈ રહ્યા ત્યાં તો તેમને મૂર્તિમાં અનંત મુક્ત સોંસરા દેખાવા લાગ્યા. જેમ બિલોરી કાચમાં અનંત રૂપ દેખાય તેમ અનંત મુક્ત એકબીજામાં નિરાવરણ જોઈ નેત્ર સ્થિર થઈ ગયાં. એમ ઘણીવાર સુધી મૂર્તિ સામું જોઈ રહ્યા. પછી બાપાશ્રીએ કહ્યું જે, "કેમ! મૂર્તિનું સુખ કેવું!" ત્યારે તે કહે જે, "બાપા! બહુ દયા કરી મને કૃતાર્થ કર્યો." એમ બાપાશ્રીએ તેમને મૂર્તિનો અલૌકિક ભાવ બતાવી સુખિયા કર્યા. ॥૩૩॥

## પરચો ૩૪

ભારાસરના ગોવિંદ ભક્ત અંત વખતે બાપાશ્રી પાસે દેહ મુકાય એવી ઈચ્છાથી વૃષપુર રહેવા આવ્યા હતા. એક સમયે ઘણા હરિભક્તો કરાંચી કમાવા જતા હતા તેથી તે બાપાશ્રીને પૂછવા આવ્યા, ત્યારે બાપાશ્રીએ ના પાડી તોપણ ત્યાં ગયા ને ત્યાં માંદા પડ્યા. પછી પોતાના દીકરા લીંબાને વાત કરી જે, "બાપાશ્રીએ ના પાડી છતાં આપણે અહીં આવ્યા ને મારો સંકલ્પ એવો હતો જે બાપાશ્રી મારી પાસે બેઠા હોય ને મારો દેહ પડે." એટલામાં તો બાપાશ્રીએ તેમને દર્શન આપ્યાં. ત્યારે બોલ્યા જે, "બાપાશ્રી પધાર્યા ને મને કહે છે જે ચાલો ધામમાં." એમ કહીને દેહ મૂક્યો. ॥૩૪॥

## પરચો ૩૫

એક સમયે ઘણા હરિભક્તો આફ્રિકા કમાવા જતા હતા ત્યારે નારાયણપુરના પ્રેમજીભાઈ બાપાશ્રીને પૂછવા આવ્યા જે, "હું જાઉં?" ત્યારે બાપાશ્રીએ ના પાડી. પછી ચોમાસામાં વરસાદ ઘણો થવાથી ડુંગરામાં ખડ ખૂબ થયું. પછી તેમને બાપાશ્રીએ આજ્ઞા કરી જે, "આ

ખડ લાવીને મોટી ગંજી કરો.'' પછી તેમણે તેમ કર્યું. પછી જેઠ મહિનામાં એક જણે એ ગંજી પાંચસો કોરીએ માગી ત્યારે બાપાશ્રીએ ના પાડી. પછી વળી એક હજાર કોરીએ માગી ત્યારે પણ ના પાડી. પછી વળી થોડા દિવસ કેડે પાંચ હજાર કોરીએ માગી.

ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''હવે તારું કરજ વળી જશે માટે આપી દે.'' પછી તેમણે આપી દીધી ને તેમનું કરજ વળી ગયું. અને બીજા આફ્રિકા ગયા હતા, તે ત્યાં પ્લેગ હોવાથી બધાને પાછા આવવું પડ્યું હતું. ॥૩૫॥

## પરચો ૩૬

એક વખતે સ્વામી ઈશ્વરચરણદાસજીને આંખમાં રોગ હતો તે પીડા બહુ થતી હતી ને કાંઈ ગરમ વસ્તુ ખવાતી નહિ ને વંચાય પણ નહિ. પછી બાપાશ્રીએ કહ્યું જે, ''આંખોનો રોગ મટી જશે ને જે મળે તે સર્વે જમજો. તમને નડશે નહિ.'' વળી એક વખત સ્વામીને કેડમાં આંટી પડી હતી તે બેઠું રહેવાતું નહોતું તેથી સૂઈ રહ્યા હતા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''સભામાં તો બેઠા રહેવું જોઈએ.'' પછી સ્વામીએ કહ્યું જે, ''કાંઈક ભાર ઉપાડવાથી કેડે આંટી પડી ગઈ છે તેથી બેઠું રહેવાતું નથી ને સૂઈ રહેવું પડે છે.'' પછી તેમનું કાંડુ ઝાલીને બોલ્યા જે, ''બેઠા થાઓ.'' એટલે તરત આંટી છૂટી ગઈ ને પીડા ટળી ગઈ.

વળી એક સમયે મુળી જતાં સ્વામીને રેલમાં બહુ શૂળ આવતું હતું તે ખમાયું નહિ, ત્યારે બાપાશ્રીને કહ્યું જે, ''શૂળ ખમાતું નથી.'' પછી તેમણે હાથ ફેરવ્યો એટલે મટી ગયું. ॥૩૬॥

## પરચો ૩૭

જેતલપુરના મંદિરમાં એક બળદને ખરીમાં પૈડું વાગવાથી ખરી તૂટી ગઈ હતી. તે જોઈને બાપાશ્રી બોલ્યા જે, ''આ બળદને ચાકરી કરનાર હશે તો આઠ મહિને મટશે.'' ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજી

કહે જે, “ચાકરી કરનાર કોઈ નથી.” પછી બાપાશ્રી બોલ્યા જે, “એક પાટો બાંધજ્યો; આઠ દિવસે મટી જશે.” પછી એમ કરવાથી તે બળદને મટી ગયું ને અગિયારમે દિવસે જોડ્યો. તે બાર ગાઉથી સુડતાળીસ મણ ઘઉં લઈ આવ્યો. ॥૩૭॥

## પરચો ૩૮

એક વખતે જેતલપુરમાં સાધુ પુરુષોત્તમપ્રિયદાસજીને કૂતરું કરડ્યું હતું, તેની પીડા બહુ થતી. તેમને સ્વામી ઈશ્વરચરણદાસજી મહારાજની ને મોટાની વાતો કરી શાંતિ પમાડતા.પછી એક દિવસ સ્વામી અમદાવાદ આવ્યા તેથી તે સાધુ ઉદાસ થઈ ગયા. તેથી પછી બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, “તમે ઉદાસ થઈ ગયા તેથી અમે પાણી પીવા પણ ન રહ્યા ને તરત આવ્યા. અમે તમારા ભેળા જ છીએ, છેટે નથી અને સ્વામી ઈશ્વરચરણદાસજી બે દિવસ પછી આવશે; કેમ જે શહેરમાં પાકી છે તેથી જે વસ્તુ લેવા ગયા છે તે મળશે નહિ. તમે આંબવા (પ્રબોળિયા)નાં પાંદડાં વાટીને બાંધજો ને ત્રીજે દિવસે પાટો છોડજો. એવી રીતે ત્રણ પાટા બાંધવા પડશે.” એમ કહીને અદૃશ્ય થઈ ગયા. અને પછી ત્રણ પાટે મટી ગયું. ॥૩૮॥

## પરચો ૩૯

માનકુવાના વીરજીભાઈએ લસણ વેચ્યું હતું તેની કોરી છસો પોતાના ઘરમાં મૂકી હતી અને પોતે મંદિરમાં સૂતા હતા. તેમને બાપાશ્રીએ તેજોમય દર્શન આપીને જગાડીને ઘેર મોકલ્યા અને કહ્યું જે, “કોઈક લઈ જશે તો મહારાજને ને અમારે માથે બદ દેશો.” પછી તે ઘેર ગયા ને ચોર જતા રહ્યા! પછી કોરી ઠેકાણે મૂકીને તાળું દઈને મંદિરમાં ગયા, ત્યાં બાપાશ્રીને દેખ્યા નહિ. પછી બીજે દિવસે તે વૃષપુર ગયા. ત્યારે બાપાશ્રીએ વાત કરી જે, “અમે રાત્રિએ આવીને જગાડ્યા ન હોત તો ચોર કોરીઓ લઈ જાત.” ॥૩૯॥

## પરચો ૪૦

સરસપુરના કોઠારી ઈશ્વરદાસ પ્લેગ હોવાથી ગામ બહાર રહેતા. તેમના ઘરમાં રાત્રિએ ચોર પેઠા ને પટારો તોડ્યો. તેમને બાપાશ્રીએ કાઢી મૂક્યા ને કોઠારીને જગાડીને કહ્યું જે, "તમારા ઘરમાં ચોર પેઠા માટે જાઓ સંભાળી આવો." પછી તે ઘેર ગયા ને પટારામાં જોયું તો સર્વ વસ્તુ હતી. એમ બાપાશ્રીએ રક્ષા કરી. ॥૪૦॥

## પરચો ૪૧

એક સમયે બાપાશ્રી મંદિરમાં સૂતા હતા ને પોતાની વાડીમાંથી ચોર ચાસટિયો કાપીને ચોફાળમાં નાંખે, તે પોતે મંદિરમાં સૂતાં સૂતાં ચોફાળ ને ચાસટિયો ખેંચી લીધો. પછી તે ચોર ભાગી ગયો ને જાણ્યું જે આ કોણે લીધું? પછી બે-ચાર દિવસે તે ચોરને ચોફાળ આપીને કહ્યું જે, "આવું કામ હવે કરીશ નહિ. અને જો કરીશ તો અમે બધેય દેખીએ છીએ અને જાણીએ છીએ." પછી તેણે વિનંતી કરીને માફી માગી.॥૪૧॥

## પરચો ૪૨

એક સમયે નારાયણપુરના પ્રેમજીભાઈ આદિ છ-સાત જણા બાપાશ્રીની સાથે કાંઈક કામે જતા હતા. તે બીજા સર્વે આગળ ચાલતા હતા ને બાપાશ્રી વાંસે ચાલતા હતા. પછી વાટમાં કૂવો આવ્યો તે બીજા સર્વે ફરીને ચાલ્યા ને બાપાશ્રી તો કૂવામાં પડ્યા તે ધુબાકો થયો. ત્યારે સર્વેએ પાછું વાળી જોયું ત્યાં કાંઠા ઉપર ઊભેલા ને લૂગડાં પણ કોરાં. પછી પ્રેમજીભાઈએ કહ્યું જે, "ધુબાકો થયો તે તમે પડી ગયા હતા કે શું?" ત્યારે બાપાશ્રી કહે જે, "અમે નાહવા પડ્યા હતા." ત્યારે તેમણે કહ્યું જે, "લૂગડાં તો કોરાં છે." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમારાં નાહવાં એવાં." ॥૪૨॥

## પરચો ૪૩

એક સમયે પ્રેમજીભાઈ માંદા હતા. તેમનો ખાટલો ઉગમણી

વાડીમાં હતો. ત્યાં બાપાશ્રી પધાર્યા ને તેમને બોલાવી જગાડ્યા. પછી તે બેઠા થયા ને દર્શન કર્યાં. પછી કલાક વાર થઈ એટલે દિવ્ય વહેલ લાવેલા તેમાં બેસીને વૃષપુર તરફ ચાલી નીકળ્યા તે થોડેક સુધી દેખાયા, પછી ન દેખાણા. વળી એક વખતે પોતે બહુ માંદા હતા ને આંખો બહુ દુખતી હતી ને ફૂલાં છવાઈને આંખો ધોળી થઈ રહી હતી. તેમને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, "એક આંખ સારી થશે." એમ કહીને અદૃશ્ય થઈ ગયા તે એક આંખ સારી થઈ. ॥૪૩॥

## પરચો ૪૪

એક સમયે બાપાશ્રી હરિભક્તોએ સહિત અમદાવાદ આવેલા ને કચ્છમાં પોતાના સંબંધીએ દેહ મૂક્યો. ત્યારે બાપાશ્રી કહે જે, "અમારે નાહવું પડશે; ગરમાઈ લાગે છે." એમ કહીને નાહ્યા, પણ બીજાને વાત કરી નહિ. પછી કચ્છમાં જતાં મારગમાં ખબર પડી ત્યારે તે સર્વે નાહ્યા. પછી બાપાશ્રીને કહ્યું જે, "તમે નહાઓ." ત્યારે બાપાશ્રી કહે જે, "હું તો એણે દેહ મૂક્યો તે દિવસે જ નાહ્યો છું." ॥૪૪॥

## પરચો ૪૫

વળી એક સમયે બાપાશ્રી છપૈયા પધાર્યા હતા, ત્યાં નારાયણસરમાં સાબોળ નાહ્યા. તે વખતે સરખેજના બ્રાહ્મણ નારાયણભાઈ ભેળા હતા. તેમણે પૂછ્યું જે, "બાપા! સાબોળ કેમ નાહ્યા?" ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "ઠીક કર્યું." પછી ત્યાંથી અમદાવાદ આવ્યા ને કચ્છથી કાગળ આવ્યો. તે બીજા સર્વ નાહ્યા ને બાપાશ્રી કહે જે, "અમે તો તે દિવસે જ નાહ્યા હતા, તેનો આ નારાયણ સાક્ષી છે." ॥૪૫॥

## પરચો ૪૬

એક સમયે રામપરામાં વાઘજી પટેલ માંદા થયા. તેને દર્શન દેવા બાપાશ્રી પધાર્યા હતા. તેમની મૂર્તિમાંથી તેજ નીકળ્યું તે થોડીકવાર

રહીને પાછું સમાઈ ગયું. પછી બાપાશ્રીએ તેમની ખબર પૂછી ને બેઠા. એટલામાં તો એમના ઘરના વળામાં મોટા મોટા તેજના ગોળા વળગેલા તે ચળક ચળક થાય. તે જોઈને આશ્ચર્ય પામ્યા ને બાપાશ્રીને પૂછ્યું જે, "આ શું છે?" ત્યારે બાપાશ્રી કહે જે, "જ્યાં મહારાજ ને મોટા પધારે ત્યાં અવતારાદિક દર્શન કરવા આવે તે આવ્યા છે." પછી તે ઘડીકવાર દેખાઈને અદશ્ય થઈ ગયા. ॥૪૬॥

## પરચો ૪૭

એક સમયે અમદાવાદથી સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો વૃષપુર ગયા હતા. સાંજના નિત્ય-નિયમ પછી બાપાશ્રીના ભત્રીજા ગોવિંદ ભક્તે કહ્યું જે, "બાપા! વાડીએ હાલશું?" ત્યારે બાપાશ્રી કહે જે, "આજ તો સંત આવ્યા છે તેથી અમારાથી નહિ અવાય; અને અમારા બળદને ચરો નાખજો." પછી તે ગયા ને બાપાશ્રીના બળદને ચરો નીર્યો ને તેમાંથી પોતાના બળદને પણ નીર્યો. પછી બાપાશ્રીએ લાંબો હાથ કરીને એના માથેથી પાઘડી લઈને પોતાના ઓસીકા તળે ઘાલી. ત્યારે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, "બાપા! ઓસીકું નીચું પડે છે?"

ત્યારે કહે જે, "ના. આ તો ગોવિંદ ભક્તે અમારો ચરો એના બળદને નીર્યો તેથી એની પાઘડી અમે લઈને ઓશીકા તળે મૂકી." પછી તે સવારે મંદિરમાં ગયા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "અમારો ચરો તારા બળદને નીર્યો તેથી આ પાઘડી અમે લઈ લીધી. માટે હવે આવું કામ કરીશ નહિ." પછી તેણે પ્રાર્થના કરીને કહ્યું જે, "જી બાવા! મારો ગુનો માફ કરો; હવેથી આવું નહિ કરું." ॥૪૭॥

## પરચો ૪૮

બાપાશ્રીની લખાઈ વાડીમાં કૂવા ઉપર વડનું ડાળ નડતું હતું તે કાપવા બાપાશ્રીના ભત્રીજા ગોવિંદ ભક્ત ચઢ્યા હતા. તે કાપતાં કાપતાં હાથમાંથી કુહાડો નીકળીને કૂવામાં પડ્યો. તેને બાપાશ્રીએ લાંબો હાથ

વધારીને કૂવામાંથી કાઢ્યો ને વડ ઉપર લાંબો હાથ કરીને ગોવિંદ ભક્તને આપ્યો, પછી હાથો ઘાલીને ડાળ કાપ્યું. ॥૪૮॥

## પરચો ૪૯

એક સમયે રાત્રિએ બાપાશ્રી વાડીએ ન ગયા અને સંતો પાસે પોઢી રહ્યા. તે રાત્રિના દોઢ વાગે સ્વામી ઈશ્વરચરણદાસજીને કહ્યું જે, “વાડીમાં સૂવર પેસી ગયાં છે તે બાજરામાં ભંજવાડ કરે છે અને છોકરાઓ ઊંઘી ગયા છે ને રખવાળ બીજે ગયો છે, માટે અમારે જાવું પડશે.”

ત્યારે સ્વામી કહે જે, “ભલે, પધારો.”

પછી બાપાશ્રી વાડીએ જતા હતા ત્યાં ડાબા હાથ તરફ એક ઓટો છે તેમાં જન રહેતો હતો તે વળગવા આવ્યો. તેને પોતાની મૂર્તિમાંથી તેજ દેખાડ્યું તેથી તેજમાં અંજાઈ ગયો ને ઊભો થઈ રહ્યો. પછી બાપાશ્રી તો ચાલ્યા ગયા ને તેજ જોઈને સૂવર પણ ભાગી ગયાં ને પછી તેજ સંકેલી લીધું. તે જોઈને જનને આશ્ચર્ય થયું જે આ તો બહુ સમર્થ લાગે છે. પછી તે બાપાશ્રીનાં પગલાં પડેલાં હતાં તેમાં આળોટ્યો તેથી તેની બુદ્ધિ નિર્મળ થઈ એટલે ત્યાં ને ત્યાં ઊભો રહ્યો.

પછી બાપાશ્રી જ્યારે વાડીએથી પાછા મંદિર જતા હતા ત્યારે તેમના પગમાં પડ્યો ને પ્રાર્થના કરવા મંડ્યો જે, “તમે તો મહા સમર્થ છો તે તમારા પ્રતાપે મારું કલ્યાણ કરો. મેં તો બહુ જીવ લીધા છે ને અત્યંત પાપી છું, પણ તમારાં દર્શન નિત્ય થાય છે એટલું પુણ્ય છે. હું તમારે શરણે આવ્યો છું ને તમે તો મોક્ષદાતા છો માટે મારો મોક્ષ કરો.” ત્યારે બાપાશ્રીએ તેને કહ્યું જે, “જા બદરિકાશ્રમમાં.” પછી તે બોલ્યો જે, “જ્યાં તમારાં દર્શન થતાં હોય ત્યાં મૂકો.” પછી બાપાશ્રીએ તેના ઉપર દયા લાવી પોતાની ઓઢેલી પછેડી હતી તેનો છેડો મારીને કહ્યું જે, “જા અક્ષરધામમાં.” એમ તે જનનો મોક્ષ કર્યો. પછી આ વાત બાપાશ્રીએ મંદિરમાં જઈને સ્વામી ઈશ્વરચરણદાસજીને કહી. ॥૪૯॥

## પરચો ૫૦

એક સમયે બાપાશ્રી ડુંગરામાં ધૂળ ખોદતા હતા. તેમને દર્શને બે હરિભક્ત ગયા. તેમણે બાપાશ્રીના હાથમાંથી કોદાળી લઈને ધૂળ ખોદવા માંડી. પછી બાપાશ્રી ધ્યાનમાં બેસી ગયા તે સંધ્યા સમયે ઊઠ્યા. ત્યારે તેમણે કહ્યું જે, ‘‘અમે તો તમારી વાતો સાંભળવા આવ્યા હતા ને તમે તો ધ્યાનમાંથી ઊઠ્યા જ નહિ.’’ ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ‘‘આ ગામમાં એક છોકરે દેહ મૂક્યો તેને ધામમાં મૂકવા ગયા હતા.’’ પછી જ્યારે ઘેર આવ્યા ત્યારે તે છોકરો દેહ મૂકી ગયેલો જોઈને તે હરિભક્તો આશ્ચર્ય પામ્યા. ॥૫૦॥

## પરચો ૫૧

વૃષપુરમાં આએશપીર સેવાનાથજીએ દેહ મૂક્યો ત્યારે તેના શિષ્ય આએશપીર બાળનાથજીએ બાપાશ્રીની પ્રાર્થના કરી જે, ‘‘મારી પાસે પૈસા નથી તેમ કાંઈ સગવડ નથી. માટે આપ કૃપા કરો તો મને ગાદી મળે.’’ પછી બાપાશ્રીએ કહ્યું જે, ‘‘ભુજ પરબારા હજૂરશ્રી પાસે જાઓ; તમને ગાદી આપશે.’’ પછી તે ભુજ ગયા ને રાવસાહેબે તેને ગાદી આપવાનો હુકમ કર્યો. ત્યારથી બાપાશ્રીને બહુ મોટા પુરુષ જાણીને જ્યારે મળે ત્યારે પ્રાર્થના કરી રાજી કરતા. ॥૫૧॥

## પરચો ૫૨

રામપુરમાં ધનબા ડોશીના ભત્રીજા કાનજીએ દેહ મૂક્યો તે વખતે બાપાશ્રીએ વૃષપુરના મંદિરમાં પુ. કેશવપ્રિયદાસજી તથા શ્રીરંગદાસજીને કહ્યું જે, ‘‘મહારાજ તથા અમે અત્યારે કાનજી ભક્તને ધામમાં મૂકી દીધા.’’

પછી સાંજના રામપુરના હરિભક્તો વૃષપુર ગયા તેમણે કહ્યું જે, ‘‘કાનજી ભક્તને મહારાજ તથા બાપાશ્રી દિવ્ય ચમત્કાર જણાવી તેડી ગયા, તે એવાં ઘણાંકને દર્શન થયાં.’’ ॥૫૨॥

## પરચો ૫૩

ગામ દહીસરામાં કેશરાભાઈના દીકરા દેવજીભાઈના પૌત્ર હરજીએ દેહ મૂક્યો તે જોઈને દેવજીભાઈ બહુ ઉદાસ થઈ ગયા. તે વખતે બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, "તમે ઉદાસ કેમ થઈ ગયા છો? અમે તમારા હરજીને સાજો કરવા આવ્યા છીએ." ત્યારે દેવજીભાઈએ કહ્યું, "બાપા! એ તો દેહ મૂકી ગયો." પછી બાપાશ્રી બોલ્યા જે, "જુઓ, તે તો સાજો થયો છે." ત્યારે દેવજીભાઈએ તેની પાસે જઈને જોયું ત્યાં તો હરજી બેઠો થયો ને બાપાશ્રી અદશ્ય થઈ ગયા. તે જોઈ દેવજીભાઈ અતિ આશ્ચર્ય પામ્યા. ॥૫૩॥

## પરચો ૫૪

એક સમયે નારાયણપુરમાં ફૂલડોલને દિવસે બાપાશ્રી ધનજીભાઈની વાડીએ ગયા હતા. ત્યાં આંબા તળે ધ્યાનમાં બેસી રહ્યા. પછી અર્ધા કલાકે જાગ્યા, ત્યારે ધનજીભાઈ આદિક હરિભક્તોએ કહ્યું જે, "અમારે રંગ નાખવાની હોંશ હતી, પણ આપ તો ધ્યાનમાં બેસી રહ્યા." ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "ગોડપરમાં કુંવરજીએ દેહ મૂક્યો તેને ધામમાં મૂકવા ગયા હતા."

પછી કુંવરજીનો ભાઈ કાનજી ત્યાં હતો તેને જોઈને બાપાશ્રી બોલ્યા જે, "કાનજી! તારો ભાઈ દેહ મૂકી ગયો છે માટે તું ઝટ ઘેર જા." ત્યારે કાનજી ઘેર ગયો. ત્યાં કુંવરજીને દેન દેવા લઈ ગયા હતા તે અગ્નિસંસ્કાર કરતી વખતે ભેગો થયો, ને બાપાશ્રીએ કરેલી વાત કહી તે સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા. ॥૫૪॥

## પરચો ૫૫

એક સમયને વિષે બાપાશ્રી નારાયણપુર જાદવજીભાઈને ઘેર પધાર્યા હતા ને મેડા ઉપર રાત્રિએ ખાટલા ઉપર સૂતાં સૂતાં ઘણીવાર વાતો કરી તે ધનજીભાઈના ઘરનાં કેશરબાઈ પણ સાંભળતાં હતાં. પછી

જાદવજીભાઈએ કહ્યું જે, "સર્વે સૂઈ રહો." પછી સર્વે સૂઈ ગયા, પણ કેશરબાઈ તો નીસરણીનાં પગથિયે બેસી રહ્યાં. અને ઘડીકવાર થઈ ત્યાં તો તાળીઓ પડવા માંડી. પછી ઘણાક મોટા મોટા સંતો આવ્યા. તે પરસ્પર મળ્યા ને સામસામી વાતો કરે તે આપણા જેવું બોલે તે બધુંય સંભળાય, પણ સમજાય નહિ. એમ આખી રાત્રિ દેખ્યું.

પછી તો પરોઢિયું થયું ત્યારે બાપાશ્રીએ ઊઠીને નીસરણીના પગથિયાં તરફ જોયું, ત્યાં કેશરબાઈને પગથિયે બેઠેલાં દેખીને કહ્યું જે, "અમે તો સૂઈ રહ્યા હતા અને તમે તો હજી બેઠાં છો?" ત્યારે તેણે કહ્યું જે, "તમારું સૂઈ રહેવું તે બધું આજ જાણ્યું." ત્યાં જાદવજીભાઈ ઊઠ્યા ને કહ્યું જે, "શું જાણ્યું?" પછી તે કહે જે, "કાંઈ નહિ." પછી જાદવજીભાઈએ કહ્યું જે, "ના, કાંઈ છે ખરું." પછી કેશરબાઈએ આ બધી વાત કહી. ત્યારે જાદવજીભાઈ કહે જે, "જેમ ઈતરડી ઔમાં રહે તોય દૂધનો સ્વાદ ન લે અને વાછરડું છેટે રહે તોય દૂધ ધાવે; તેમ હું ભેગો પાસે સૂઈ રહ્યો ને કાંઈ જાણ્યું નહિ અને તમે જાગીને બધી વાતનું સુખ લીધું." ॥૫૫॥

## પરચો ૫૬

એક સમયે કેશરાભાઈ નારાયણપુર ગયા ત્યાં રાત્રિએ સૂતા હતા તેમને બાપાશ્રીએ દર્શન દીધું. ત્યારે તે ઊઠીને બાપાશ્રીને મળવા ગયા ત્યાં તો બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા એટલે તે નિરાશ થઈને બેઠા. પછી સવારે ઊઠીને વૃષપુર બાપાશ્રી પાસે ગયા ને મળ્યા. ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "રાત્રિએ કેમ ન મળ્યા?" ત્યારે કેસરાભાઈએ કહ્યું જે, "બાપ! હું તો તમને મળવા ઘણોય ઊઠ્યો, પણ તમે સંતાઈ ગયા પછી હું કોને મળું! પણ તમે રાત્રે નારાયણપુરના મેડા ઉપર શી રીતે આવ્યા?" ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "જ્યારે કોઈક હેતવાળા હરિભક્ત અતિ હેતે કરીને સંભારે ને ચિંતવન કરે ત્યારે મોટા સંકલ્પ કરે તે સંકલ્પ મૂર્તિમાન થઈને દર્શન આપે." એમ વાત કરી. ॥૫૬॥

## પરચો ૫૭

એક સમયે બાપાશ્રી દહીંસરા કેશરાભાઈને ઘેર પધાર્યા. ત્યાં કેશરાભાઈએ કહ્યું જે, ‘‘બાપા, આપની ગગીનું સગપણ ઝીણોભાઈ આ ગામમાં કરી ગયા છે. તેનું તો અમે પાણી પણ પીતા નથી, એવા આચારભ્રષ્ટ છે.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘આપણે સારે ઠેકાણે આવતી કાલે સગપણ કરીશું તે તમે પરમ દિવસે જાણશો.’’ એમ કહીને સવારે વૃષપુર પધાર્યા ને તે દીકરીને માતા નીકળ્યાં. તેની પાસે બાપાશ્રી તથા ગામના હરિભક્તો તથા નારાયણપુરના જાદવજીભાઈ તથા પ્રેમજીભાઈ આદિ ફરતાં ગામોના કેટલાક હરિભક્તો રાત્રે બેઠા હતા.

તે વખતે બાપાશ્રીએ તે દીકરીને કહ્યું જે, ‘‘તારે ધામમાં જાવું છે કે મટાડવું છે?’’ ત્યારે તે બોલી જે, ‘‘ઠેઠ મહારાજ પાસે મૂકો તો જાવું છે.’’ પછી તેને કહ્યું જે, ‘‘અમારા સામું જોઈ રહે.’’ પછી તે દીકરી બાપાશ્રી સામું જોઈ રહી અને દેહ પડી ગયો ને ધામમાં મૂકી દીધી. અને બે દીકરાઓને પણ માતા નીકળ્યાં હતાં તે મેડા ઉપર સૂતા હતા. તેમને પૂછ્યું જે, ‘‘તમારી બહેનને તો ધામમાં મૂકી દીધી ને તમારે જાવું હોય તો વગર સાધને ઠેઠ મૂકી દઈએ.’’ ત્યારે તે દીકરા બોલ્યા જે, ‘‘કલ્યાણ તો તમે મળ્યા ત્યારથી થઈ જ રહ્યું છે, પણ અમારે આપની સેવા કરવાની ઇચ્છા છે.’’ પછી તેમને રહેવા દીધા. ।।૫૭।।

## પરચો ૫૮

એક સમયે નારાયણપુરમાં જાદવજીભાઈ માંદા થયા હતા. તેમને તેડવા બાપાશ્રી પધાર્યા. તે વખતે જાદવજીભાઈના મનમાં એમ થયું જે મને તેડવા તો આવ્યા, પણ મેં પૂરાં સાધન કર્યાં નથી, માટે મને બીજે ક્યાંઈક મૂકશે તો શું થશે? એવો વહેમ આવ્યો. પછી બાપાશ્રીએ રહેવા દીધા ને સાજા થયા. ને થોડા દિવસ પછી ધનજીભાઈનાં માતુશ્રી માંદાં પડ્યાં. તેમને જોવા સારુ દિવસમાં એક વાર બાપાશ્રી આવતા. તે એક દિવસ કાંઈક કામ આવ્યું તેથી જવાણું નહિ ને બીજે દિવસે

ગયા. ત્યારે તે બાઈ બોલ્યાં જે, “ગઈ કાલે કેમ ન આવ્યા?” ત્યારે કહે જે, “કામ હતું તેથી અવાણું નહિ.” ત્યારે તે બાઈ બોલ્યાં જે, “આવતી કાલે કેમ કરશો?” ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “આવતી કાલે તો આવ્યા વિના છૂટકો જ નથી, માટે જરૂર આવીશું.”

પછી બીજે દિવસે સવારમાં વહેલા વૃષપુરથી ચાલ્યા તે નારાયણપુરના ઝાંપામાં આવ્યા. ત્યાં શ્રીજીમહારાજ તથા બાપાશ્રી આદિ અનંત મુક્ત રંગ રમે છે એવું એ બાઈના દેખવામાં આવ્યું. પછી બાપાશ્રી એમના ઘરમાં આવ્યા. ત્યારે તે બાઈએ શ્રીજીમહારાજ સાથે રંગ રમેલા તે રંગવાળી પછેડી બાપાશ્રી પાસેથી માગી લીધી અને કહ્યું જે, “આ પછેડી મારા ઉપર ઓઢાડજો.” પછી એમણે દેહ મેલ્યો. તેમના ઉપર એ પછેડી ઓઢાડી તેમાંથી ખુશબો ઘણી આવતી હતી. તે જોઈને સર્વે આશ્ચર્ય પામ્યા જે આ પછેડીમાંથી આવી અલૌકિક ખુશબો ક્યાંથી આવતી હશે? ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “અમે તથા શ્રીજીમહારાજ અને અનંત મુક્ત આ નારાયણપુરના ઝાંપામાં હમણાં જ રંગ રમ્યા તેની ખુશબો છે.” પછી જાદવજીભાઈને કહ્યું જે, “તમારા કલ્યાણનો વહેમ છે કે મટી ગયો?” ત્યારે તે બોલ્યા જે, “આ ધનજીની માનું કલ્યાણ કર્યું એ પ્રમાણે તો મારે હવે વહેમ નથી રહ્યો.” પછી જાદવજીભાઈને પણ તેડી ગયા. ॥૫૮॥

## પરચો ૫૯

બાપાશ્રીને ત્રણ વાર સર્પ કરડ્યો. તેમાં એક વાર ગાડામાં નાખવા ઘરમાં આડાં લેવા ગયા ત્યાં કરડ્યો. તે ગાડું જોડીને ચાલ્યા ને વાટમાં જતાં ચડ્યો. તે ગાડું બીજા મનુષ્યે હાંક્યું ને ઘેર લાવ્યા, પણ ઉતરાવ્યો નહિ ને કોઈને વાત પણ કરી નહિ ને ઊતરી ગયો. બીજી વાર વાડીમાં બપોર વખતે સામો આવીને કરડ્યો તેને ચડવા દીધો નહિ. તે વાત વાદીના જાણવામાં આવી. તેણે વાડીએ આવીને બાપાશ્રીને કહ્યું જે, “તમને નાગ ચડ્યો નહિ, માટે તમારી પાસે બહુ ચમત્કારી મંત્ર

અથવા બુટ્ટી હોવી જોઈએ તે મને આપો.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''અમારે તો સ્વામિનારાયણ એ જ મંત્ર અને એ જ બુટ્ટી છે.''

પછી તે વાદીએ પોતાની વિદ્યાથી ઝેર ચડાવ્યું એટલે બાપાશ્રી ઊંડા ઊતરી ગયા ને વાદી બેસી રહ્યો. પછી થોડીકવારે બાપાશ્રી બહાર આવ્યા તે જોઈને આશ્ચર્ય પામ્યો જે આ મંત્ર કે બુટ્ટીવાળા નથી. આ તો કોઈક મોટા પુરુષ છે. એમ જાણીને પગમાં પડ્યો અને પ્રાર્થના કરી જે, ''મેં તમને ઝેર ચડાવીને દુઃખ દીધું તે મારો ગુનો માફ કરો.'' પછી બાપાશ્રીએ કહ્યું જે, ''અમને તો કાંઈ દુઃખ જ નથી. તમે જ્યાં જતા હોય ત્યાં જાઓ.'' પછી તે ચાલી નીકળ્યો. વળી ત્રીજે ફેરે કરડ્યો ત્યારે પણ ચડવા દીધો નહિ. તે સર્પ એ ગામનો કણબી હતો. તેની સ્ત્રીને ભગવાન ભજવા દેતો નહિ. પછી બાપાશ્રીએ ત્યાગી બાઈઓના ભેળી તેની સ્ત્રીને મોકલી દીધી. તેનું વૈર હતું તે મૂઆ પછી સર્પ થઈને કરડ્યો હતો. ॥૫૯॥

## પરચો ૬૦

લુણાવાડાના રણછોડલાલભાઈ બહુ માંદા હતા. તેમને એમ વિટંબણા થતી જે શ્રીજીમહારાજ તથા મોટાનાં દર્શન થતાં નથી, તે મારી સંભાળ કેમ લેતા નહિ હોય? પછી બાપાશ્રીએ તેમનાં ઘરનાં રુક્ષ્મણીબાઈને દર્શન આપીને કહ્યું કે, ''તમારા પતિ વિટંબણા કરે છે ને જમતા કેમ નથી?'' ત્યારે તે બાઈ કહે જે, ''જમે છે એટલે મરડો આવે છે તે બીકે જમતા નથી.'' પછી બાપાશ્રીએ કહ્યું જે, ''આ ફેરે એમને તેડી જવા નથી. અને આ એલચી લ્યો, તે જમાડીને પછી અનાજ જમાડજો. હવેથી મરડો નહિ આવે.'' પછી તેમણે તે પ્રમાણે કર્યું તેથી જમાણું અને રોગ મટી ગયો. ॥૬૦॥

## પરચો ૬૧

એક સમયે અમદાવાદ અને મુળીના સંતો તથા ગુજરાત ઝાલાવાડના ઘણાક હરિભક્તો વૃષપુરના મંદિરમાં રાત્રે નવ વાગે બેઠા

હતા. તેમાં એક હરિભક્તને એમ સંકલ્પ થયો જે બાપાશ્રીની આગળ હજારો માણસ હાથ જોડીને ઊભા રહે છે અને મોટા મોટા સંત પણ સમાગમ કરે છે તેથી મોટા તો હશે ખરા, પણ કાંઈક ચમત્કાર જણાવે તો ખાત્રી થાય. એટલામાં તો મંદિરમાં અને ફળિયામાં પ્રકાશ પ્રકાશ થઈ ગયો તે ઘણીવાર સુધી દેખાયો. પછી ઘરેરાટ શબ્દ ઘણીવાર થયો. તે જોઈને સૌ આશ્ચર્ય પામ્યા ને બાપાશ્રીને પૂછવા લાગ્યા જે, “આ શું હશે? ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “કોઈને ચમત્કાર જોવાની ઈચ્છા થઈ હશે તેને ખાત્રી થવા સારુ જણાવ્યું.”

પછી બીજે દિવસે સંત-હરિભક્તો નારાયણપુર ગયા. ત્યાં ધનજીભાઈએ વાત કરી જે, “કાલે રાત્રે અગાસી ઉપર બેઠો હતો તે વખતે વૃષપુર તરફથી તેજોમય વિમાન આવ્યું તે મારા માથા ઉપર બે હાથ ઊંચું ઊભું રહ્યું. તેમાં શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા સ્વામી શ્રી અક્ષરજીવનદાસજી તથા સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી તથા મારા પિતા જાદવજીભાઈ બેઠેલા તે હું જરા વાર દર્શન કરીને લાંબો હાથ કરી સ્પર્શ કરવા ગયો ત્યાં તો ઉત્તર દિશા તરફ ચાલ્યું ગયું.” ॥૬૧॥

## પરચો ૬૨

મુળીના સાધુ સંતદાસજી તથા ભગવત્સ્વરૂપદાસજી તથા શ્વેતવૈકુંઠદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજીના શિષ્ય પુરુષોત્તમપ્રિયદાસજી આદિ સંવત ૧૯૬૮ના ફાગણ માસમાં શ્રી વૃષપુર ગયા હતા. ત્યાં બાપાશ્રીએ સર્વેને અતિ પ્રસન્ન થકા જળ હાથમાં આપીને મૂર્તિમાં રાખવાના આશીર્વાદ આપ્યા. ત્યારે સંતદાસજી કહે જે, “બાપા! હું તુંબડુ ભરવા ગયો હતો તે રહી ગયો છું માટે મને પણ હાથમાં જળ આપીને આશીર્વાદ આપો.” ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “પાણી અધિક કે વચન અધિક?” એમ કહીને બોલ્યા જે, “સત્પુરુષ વાક્યં ન ચળંતિ ધર્મ.” પછી કાંડું ઝાલીને કહ્યું જે, “લ્યો! આ મૂર્તિ

આપી.'' એમ કહીને અંતર્વૃત્તિ કરાવી દીધી.

પછી બપોરના કાકરવાડીએ નાહવા ગયા ત્યાં નાહ્યા અને પુરુષોત્તમપ્રિયદાસજી આંબા નીચે વાતો કરતા હતા. તે બોલ્યા જે, ''સંતદાસજી! અહીં આવો ને, કેમ તડકે બેઠા છો?'' ત્યારે કહે જે, ''તાવ આવ્યો છે તે તડકો ઠીક લાગે છે.'' પછી મંદિરમાં આવ્યા. ને સાંજ વખતે બાપાશ્રી ગાજર લાવીને સુધારીને બોલ્યા જે, ''જેમ સાધુ બળદેવદાસચરણનો જામફળનો દહાડો કર્યો હતો તેમ આજ સંતદાસજીનો રાતડિયાનો દહાડો કરીએ છીએ.'' પછી ઠાકોરજીને જમાડીને સર્વેને વહેંચી આપ્યા અને બોલ્યા જે, ''હવે સંતદાસજી ધામમાં જશે.'' ત્યારે નાના સનાતનદાસજી બોલ્યા જે, ''બાપા! મેં કોઈને દેહ મૂકતાં જોયા નથી.'' ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ''જાઓ ઓરડીમાં; સંતદાસજી દેહ મૂકે છે તે જુઓ.'' પછી તે ગયા ને સંતદાસજીએ દેહ મૂક્યો. ॥૬૨॥

## પરચો ૬૩

મુળીમાં બાપાશ્રી પાસે લીંબડીથી દીવાનજી સાહેબ ઝવેરભાઈ તથા મેઘાભાઈ આવ્યા અને દીવાનજીએ બાપાશ્રીને હાર પહેરાવ્યો. પછી સ્વામી હરિનારાયણદાસજી, સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી ત્રણેએ બાપાશ્રીને કહ્યું જે, ''આ હાર ઝવેરભાઈને પહેરાવો.'' ત્યારે બાપાશ્રી બોલ્યા જે, ''આ મેઘાભાઈનો એવો સંકલ્પ છે જે મને હાર પહેરાવે તો હું મોટા માનું. માટે એમને પહેરાવવો પડશે.'' એમ કહીને તે હાર મેઘાભાઈને આપ્યો. ત્યારે મેઘાભાઈએ કહ્યું જે, ''અંતર્યામીપણાની ખાત્રી કરવા સારુ મેં આવો સંકલ્પ કર્યો હતો.'' ॥૬૩॥

## પરચો ૬૪

મુળીમાં સ્વામી શ્વેતવૈકુંઠદાસજીના સાધુ સનાતનદાસજી માંદા હતા. તેમને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, ''તમને અન્નકૂટને

દિવસે બપોરે તેડી જઈશું.'' પછી તે દિવસે શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તેડી ગયા. ।।૬૪।।

## પરચો ૬૫

સંવત ૧૯૭૦ની સાલમાં કરાંચીના લાલુભાઈનાં ઘરનાં ગંગાબાઈ માંદાં થઈ જવાથી બે દિવસ અવાચક રહ્યાં. પછી ઓચિંતા ઊઠીને સિંધી ભાષામાં બોલવા લાગ્યાં જે, ''મહારાજ મુખે સદ કરીંતા ચવિંતા જે હલો (મહારાજ મને કહે છે જે ચાલો).'' ત્યારે લાલુભાઈ પૂછવા લાગ્યા જે, ''મહારાજ કીથે આંઈન? આઉં તો નથો ડીસા (મહારાજ ક્યાં છે? હું તો નથી દેખતો).'' ત્યારે એ બાઈએ કહ્યું જે, ''મથે વિમાનમેં બીઠા આંઈન મં જ બાપા આહે (માથે વિમાનમાં બેઠા છે માંહી બાપા છે). મુખે ચવંતા જલ્દ સ્નાન કર તૈયાર થી (કહે છે કે જલ્દી નાહીને તૈયાર થાઓ).''

ત્યારે લાલુભાઈએ પોતાની સાસુ અને વૈદને કહ્યું જે, ''મહારાજ ને બાપા આને તેડવા આવ્યા છે તે ભલે તેડી જાય; હવે એને નવરાવીએ.'' ત્યારે વૈદે તથા તેમની સાસુએ કહ્યું જે, ''હાણે હીતો ગાલાઈંતા હાણે હીતો ચંગા ભલા થયા ઈન જો સ્નાન કરાંઈધા તો બિમારી બધી વેંધી સ્નાન ન કરાયો (હવે તો વાતો કરે છે તે સાજાં થઈ ગયાં છે અને જો નવરાવશો તો બિમારી વધી જશે માટે નવરાવશો નહિ).'' પછી લાલુભાઈએ કહ્યું જે, ''મહારાજ તથા બાપાશ્રી તેડવા આવ્યા છે તો નવરાવો; ભલે તેડી જાય.''

પણ બન્નેએ માન્યું નહિ. ત્યારે વળી તે બોલ્યાં જે, ''બાપા ચવીંતા જે જલદી તૈયાર થિયો; હાણે અધ કલાકજી દેર આહે મુખે સ્નાન કરાયો (બાપા કહે છે જે જલ્દી તૈયાર થાઓ, અડધી કલાકની વાર છે માટે મને નવરાવો).'' પછી લાલુભાઈએ એ બાઈને કહ્યું જે, ''મહારાજ કે વંજી પ્રાર્થના કરીઓ જે મુંજા શરીર તે કપડાં અંઈન સે મીડે પવિતર આઈન હાણે મુખે હેતાં જ વઠી હલો (મહારાજને પ્રાર્થના કરો જે લૂગડાં

છે તે પવિત્ર છે માટે અહીંથી જ તેડી ચાલો).''

ત્યારે તેમણે મહારાજની એવી રીતે પ્રાર્થના કરી. ત્યારે મહારાજે કહ્યું જે, ''તું સબનીખાં મોકલ વઠ તો આઉં તોખે કોઠી હલાં (તમે બધાયની રજા લ્યો તો તેડી જાઉં).'' પછી એ બાઈએ સર્વેને હાથ જોડ્યા જે, ''મુખે ચયો-ચવાયો તેંજી માફ કીજા મુખે મોકલ દયો આઉં હાણે વંજાતી (બોલ્યું-ચાલ્યું માફ કરજો; હવે હું જાઉં છું).'' એમ કહીને સર્વની પાસે માફી માગી રજા લીધી. એટલે બાપાશ્રી કહે, ''હવે મહારાજની મૂર્તિ સામું જોઈ રહો.'' ત્યારે તેમણે એકતાર વૃત્તિ મૂર્તિમાં જોડી દીધી ને મૂર્તિના સુખમાં ઊતરી ગયાં. આવાં દર્શનથી તેમનાં સગાંવહાલાંએ મહારાજ તથા બાપાશ્રીનો બહુ પ્રતાપ જાણ્યો. ॥૬૫॥

## પરચો ૬૬

ભુજના કોટવાળ સાહેબ ધનજીભાઈ બાપાશ્રીના યજ્ઞ ઉપર રજા ન મળી તેથી નોકરી છોડી દેવાનો સંકલ્પ કરીને વૃષપુર ગયા ને બાપાશ્રીનાં દર્શન કર્યાં. ત્યારે બાપાશ્રીએ તેમને કહ્યું જે, ''તમે નોકરી છોડી દેવાનો સંકલ્પ કરી અહીં આવ્યા છો તે મૂકી દો અને જેમ ચાલે છે તેમ ચલાવો. તમને અમે મહારાજની મૂર્તિમાં રાખ્યા છે; કાંઈ પણ અધૂરું માનશો નહિ.'' પછી તે યજ્ઞની સમાપ્તિનાં દર્શન કરી ભુજ પાછા ગયા. ॥૬૬॥

## પરચો ૬૭

વૃષપુરમાં એક ખોજાને મહારોગ થઈ ગયો હતો તેથી ડોક્ટર, વૈદો વગેરે છૂટી પડ્યા હતા. એનો બાપ માંચીમાં ઉપડાવી બાપાશ્રી પાસે લાવ્યો ને પ્રાર્થના કરી જે, ''મારે આ એક જ છોકરો છે તેનો રોગ મટાડો.'' પછી બાપાશ્રીએ કહ્યું જે, ''આ વાલોળનું પોણો શેર શાક છે તે બધું જમી જાઓ તો બધો રોગ મટે અને થોડું જમો તો થોડો રોગ મટે.'' પછી તે બધું જમી ગયો ને સાજો થયો ને ચાલીને ઘેર ગયો ને તેને બાપાશ્રીને વિષે હેત બહુ થઈ ગયું. પછી જ્યારે બાપાશ્રીએ

સંવત ૧૯૭૧ની સાલમાં યજ્ઞ કર્યો હતો ત્યારે તેણે પોતાનાં નવાં મેડીબંધ મકાનો ઉતારા માટે આપ્યાં હતાં તેમાં ભુજના મોટા મોટા અમલદારો ઊતર્યા હતા.

તેમણે પૂછ્યું જે, ‘‘કણબી તો બાપાશ્રીની નાતના ગણાય, પણ તમે તો મુસલમાન કહેવાઓ ને આવાં નવાં ઘર યજ્ઞમાં વાપરવા આપ્યાં તેનું શું કારણ?’’ ત્યારે તે કહે જે, ‘‘ઘર તો શું, પણ મારું સર્વસ્વ અર્પણ કરું તોય ઓછું છે; કેમ જે હું કોઈ ઉપાયે જીવું તેમ ન હતો, પણ બાપાશ્રીએ મને વાલોળનું શાક જમાડીને જીવતો રાખ્યો તે મહાન ઉપકાર મારાથી કેમ ભુલાય?’’ તે વાત સાંભળીને ગિરજાશંકરભાઈ આદિ અમલદારોને બાપાશ્રીને વિષે મુક્તપણાનું હેત થઈ ગયું. ।।૬૭।।

## પરચો ૬૮

વાંકાનેરના સોની રવજીભાઈ ૧૯૭૧ના યજ્ઞમાં વૃષપુર ગયા હતા. તેમણે બાપાશ્રીની પ્રાર્થના કરીને વર માગ્યો જે, ‘‘મને તેડવા આવજો.’’ પછી ઘેર ગયા અને પક્ષઘાત થયો હતો. તેમને દોઢ મહિના સુધી લાગટ શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા સંતોનાં દર્શન થયાં અને દેહ મુકાવીને તેડી ગયા. ।।૬૮।।

## પરચો ૬૯

એક સમયે કરાંચીનાં સાંખ્યયોગી ભાણુબાઈને મંદવાડ થઈ ગયો. તે શ્રીજીમહારાજને ને બાપાશ્રીને બહુ સંભારતાં. તેમણે દેહ મૂકવાને દિવસે લીરૂબા આદિ બાઈઓને કહ્યું જે, ‘‘તમે સૌ આજ મારી પાસે રહેજો.’’ પછી દેહ મૂકવાને દિવસે શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા અનંત સંતોનાં દર્શન થયાં એટલે પગે લાગવા મંડ્યાં. ત્યારે લીરૂબાએ કહ્યું જે, ‘‘શું થાય છે?’’ ત્યારે તે બોલ્યાં જે, ‘‘મહારાજ તથા બાપા અને સંત આવ્યા છે તે કહે છે કે તમને દશ વાગે તેડી જઈશું.’’ પછી બરાબર દશ વાગે સૌને જય સ્વામિનારાયણ કહી દેહ મૂકી મૂર્તિના સુખમાં ઊતરી ગયાં. તે બાઈએ દેહ મૂક્યા અગાઉ પોતાનું સર્વસ્વ

શ્રીજીમહારાજનું છે એવું લખત કર્યું હતું. ॥૬૯॥

## પરચો ૭૦

પાટડીમાં એક જણના ઘરમાં જન રહેતો. તે ઘરમાં રાત્રિએ કોઈથી રહેવાતું નહિ ને જે રહે તેનો જીવ લેતો. તે ઘર લઈને ભાઈઓનું મંદિર કરવાની બાપાશ્રીએ નાગજીભાઈને આજ્ઞા કરી તેથી નાગજીભાઈએ લઈને મંદિર કરાવ્યું. ત્યાં મૂર્તિની પ્રતિષ્ઠા કરવા બાપાશ્રી સંવત ૧૯૭૨ના ફાગણ વદ-૧૨ને રોજ પધાર્યા હતા. તે દિવસે પ્રતિષ્ઠા કરતી વખતે બાપાશ્રી બોલ્યા જે, “આ ખૂણામાં જન ઊભો છે તે અમારાં દર્શન કરવા સારુ રહ્યો હતો. તેને અમે મૂર્તિના સુખમાં મૂકી દીધો. એના રહેવાથી ઘર સોંઘું મળ્યું, એટલી એની સેવા માની એનો મોક્ષ કર્યો.” પછી કાલિદાસભાઈને ઘેર પધાર્યા ને ત્યાં વર આપ્યો જે, “આ ઘરના બારણામાંથી જે નીકળશે તેને અમે અક્ષરધામમાં લઈ જઈશું.” ॥૭૦॥

## પરચો ૭૧

બાપાશ્રી કચ્છમાંથી ગુજરાત તરફ સંઘે સહિત આવ્યા હતા. તે પાછા કચ્છમાં જતાં વાંકાનેર ઊતર્યા. ત્યાં ઢુવાવાળા દરબાર રવાજીભાઈએ આવીને બાપાશ્રીને ઢુવા લઈ જવા પ્રાર્થના કરી. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, “હાલ ઢુવા આવી શકાશે નહિ, પણ અમે ઢુવામાં સદાય છીએ.” એમ કહીને બોલ્યા જે, “આવો આપણ મળીએ.” પછી મળ્યા તે રવાજીભાઈની દૃષ્ટિ નિરાવરણ થઈ ગઈ તેથી તે બહુ રાજી થયા. ॥૭૧॥

## પરચો ૭૨

રાજકોટના મિસ્ત્રી કલ્યાણજીભાઈની દીકરીને જન વળગ્યો હતો તે ઘણા ઉપાયથી ન ગયો. પછી બાપાશ્રી મુળીએ સમૈયો કરવા આવ્યા હતા, ત્યાં એ દીકરીને લઈને આવતાં રેલમાં એ બાઈને બાપાશ્રીનાં

શ્વેત વસ્ત્ર પહેરેલાં એવાં તેજોમય દર્શન થયાં. પછી તે ધ્રૂજવા લાગી ને તેમાં જન હતો તે બોલ્યો જે, “આ મને બાળે છે.” એમ બોલતાં બોલતાં મંદિરમાં આવ્યા ને ઉતારો કરીને ઠાકોરજીનાં દર્શન કર્યાં.પછી કલ્યાણજીએ બાપાશ્રીને આસને આવીને પ્રાર્થના કરી જે, “મારી દીકરીને જન વળગ્યો છે તેથી હું બહુ દુખિયો છું માટે કૃપા કરીને એને કાઢો.” પછી બાપાશ્રીએ કહ્યું જે, “આ સભાની ચરણરજ લઈ જઈને એ બાઈને માથે નાખજો.” પછી તે બાઈને માથે નાખી એટલે તરત જન ભાગી ગયો. ॥૭૨॥

## પરચો ૭૩

મુળીમાં સદ્. સ્વામી હરિનારાયણદાસજી માંદા થયા ત્યારે ઢુવાવાળા રવાજીભાઈએ શ્રીજીમહારાજની ને બાપાશ્રીની પ્રાર્થના કરી જે, “સ્વામીશ્રીને પાંચ વરસ રાખો તો ઘણો સમાસ થાય.” ત્યારે બાપાશ્રીએ તેમને દર્શન આપ્યાં ને બે પડખે સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી દેખાયા. પછી બાપાશ્રી બોલ્યા જે, “એમને અહીં રહેવાની મરજી નથી માટે અમે તેડી જઈશું.” એમ કહીને અદૃશ્ય થયા. દેહ મૂકવાને દિવસે સુસવાઈના ચંદનસિંહજી દર્શને આવવાના હતા. ત્યારે સ્વામીશ્રી બોલ્યા જે, “સૌ હરિભક્તો ઘણીકવાર દર્શન કરી ગયા, પણ એક હરિભક્ત દર્શન કરવા આવનાર છે તેને દર્શન દેવા અમે દેહોત્સવ મોડો કરશું.”

પછી તે આવ્યા ને દર્શન કર્યાં. પછી સ્વામીશ્રી બોલ્યા જે, “ગુણાતીતદાસજી! હવે અમને આસનથી ભોંય ઉતારો.” ત્યારે તેમણે કહ્યું જે, “સ્વામી! હજી તો નાડી સારી ચાલે છે માટે વખત થશે એટલે ઉતારશું.” ત્યારે સ્વામીશ્રીએ કહ્યું જે, “ઝટ ઉતારો; એની ખબર તમને ન પડે.” પછી ઉતાર્યા ને દેહોત્સવ કરી દીધો. ॥૭૩॥

## પરચો ૭૪

એક સમયે ગોધાવીના માસ્તર જગન્નાથ વૃષપુર ગયા હતા. તે

પાછા ગોધાવી જવા તૈયાર થયા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, "કાલે એકાદશીને દિવસે જજો." ત્યારે તે બોલ્યા જે, "મારે રજા પૂરી થઈ ગઈ છે તેથી મારો પગાર કપાઈ જાય." એમ કહી ચાલ્યા તે આગબોટ ઊપડી જવાથી તુણે ખમવું પડ્યું. તે વાત વૃષપુરમાં બાપાશ્રીએ સભામાં કરી જે, "આ ગોકળભાઈ માસ્તર આજ જાય છે તેમની સાથે માસ્તર જગન્નાથ પહોંચશે; કેમ જે તુણે બોટ ન મળવાથી રોકાઈ ગયા." પછી હરિભક્તોએ કહ્યું જે, "ત્યારે તો એમનો પગાર કપાશે." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "પગાર નહિ કપાય." ॥૭૪॥

## પરચો ૭૫

વિરમગામના કોઠારી ફૂલચંદભાઈ માંદા થયા હતા. તેમને બાપાશ્રીએ દર્શન આપ્યાં ને કહ્યું જે, "આજથી ત્રીજે દિવસે તમને મહારાજના ધામમાં તેડી જઈશું." તે પ્રમાણે તેડી ગયા. ॥૭૫॥

## પરચો ૭૬

માંડલમાં વિરમગામના ઠક્કર મોરારજીભાઈ બહુ માંદા હતા. તેમણે બાપાશ્રીને કાગળ લખાવ્યો જે, "મને બહુ પીડા થાય છે માટે આ દેહમાંથી છૂટકો કરો." પછી બાપાશ્રીએ તેજોમય દર્શન આપ્યાં ને મહારાજના ધામમાં લઈ ગયા. ॥૭૬॥

## પરચો ૭૭

વઢવાણ કાંપમાં પોસ્ટલ ઈન્સ્પેક્ટર મોહનલાલભાઈની દીકરી ઝવેરીબાઈ માંદાં હતાં. તેને અંત વખતે મૂર્તિમાંથી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં અને તેનો દેહ પડી ગયો. તે દિવસે રાત્રિએ આખા ઘરમાં તેજ તેજ થઈ રહ્યું અને કંકુની ત્રણ ઢગલીઓ થઈ. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. વળી તેમની બીજી નાની બહેન મંગળાએ પણ દેહત્યાગ કર્યો તેને પણ સિંહાસનમાં પધરાવેલી મૂર્તિનાં તેજોમય દર્શન થયાં તે વાત સર્વેને કહીને દેહ મૂક્યો. ॥૭૭॥

## પરચો ૭૮

ચૂંવાળના ડાંગરવામાં દલસુખ મિસ્ત્રીની મા ઝવેરબાઈ માંદાં થયાં તેમને બાપાશ્રીએ આગલે દિવસે દર્શન આપીને કહ્યું જે, “કાલે તમને તેડી જઈશું.” પછી તેને જે જોવા આવે તે સર્વેને કહે જે, “કાલે બાપાશ્રી મને તેડી જશે.” તે પ્રમાણે બાપાશ્રી તેને તેડી ગયા. ॥૭૮॥

## પરચો ૭૯

સંવત ૧૯૭૬ના માગશર વદ-૮ને રોજ ગામ મેડાના મંદિરમાં મૂર્તિ પધરાવવાનું મુહૂર્ત હતું તેથી નરભેરામ પૂજારીને બાપાશ્રીને તેડી લાવવા કચ્છમાં મોકલ્યા. તેને બાપાશ્રીએ કહ્યું જે, “વચલી મોટી મૂર્તિ પધરાવવાની ઉચ્છવણી રૂ. ૫૦૦ની મોહનભાઈ ભલાભાઈ બોલશે, તે મૂર્તિ તમારા હાથે પધરાવાય તો જાણજો જે અમે આવ્યા છીએ.” પછી નરભેરામ મેડા ગયા અને મૂર્તિ પધરાવતી વખતે મોહનભાઈને બોલાવવા ગયા, પણ તે ઉચ્છવણીના કામમાં રોકાવાથી તેમણે નરભેરામને કહ્યું જે, “મારે સાટે તમે પધરાવજો.” પછી તે મૂર્તિ નરભેરામે પધરાવી ને સૌને ઉપરની વાત કરી. ॥૭૯॥

## પરચો ૮૦

સંવત ૧૯૭૮ની સાલમાં વઢવાણના દાક્તર નાગરદાસભાઈ તથા તેમના ભાઈ મણિલાલ તથા અશ્લાલીના રાવસાહેબ બાલુભાઈ આદિ વૃષપુર ગયા હતા. પછી તે રામપુર જવા તૈયાર થયા ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “તમે સર્વે નાહીને પૂજા કરીને જાઓ.” પછી તે સર્વે પૂજા કરીને ચાલ્યા તે રામપુરની ગંગામાં મણિલાલભાઈ લપસી પડ્યા ને વાગ્યું તેથી દેહનું ભાન ન રહ્યું. પછી તેમને વૃષપુર લાવ્યા ત્યારે બાપાશ્રીએ વાગેલા ઉપર હાથ ફેરવ્યો કે તરત દુઃખાવો બંધ થઈ ગયો ને દંડવત કરી શક્યા. પછી ખબર પડી કે નાહ્યા પૂજા કર્યા વિના ગયા હોત તો નાહવાનું કે પૂજા કરવાનું થઈ શકત નહિ. ॥૮૦॥

## પરચો ૮૧

બાપાશ્રીનાં દીકરી રાધાબાને મંદવાડ ઘણો હતો ને દેહ રહે તેમ નહોતું. પછી દાક્તર મણિલાલે બાપાશ્રીની પ્રાર્થના કરી જે, "રાધાબાને રાખો તો અમારે આપની સેવા-સમાગમનું સુખ આવે." પછી બાપાશ્રી બોલ્યા જે, "રાધાબાને સારું થશે." પછી બીજે દિવસે બાપાશ્રીએ તે સર્વેને કહ્યું જે, "પરચા શું? આ રાધાબાનો દેહ રહે તેમ નહોતો તે રાખ્યો એ જ પરચો છે." ॥૮૧॥

## પરચો ૮૨

એક સમયે બાપાશ્રી તથા સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંત-હરિભક્તો કરાંચી પધાર્યા હતા. ત્યાં એક દાક્તર હતો. તેણે નીકળતી વખતે રોકવાનો આગ્રહ કર્યો. ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમારા દાક્તર નાગરદાસભાઈ વિરમગામમાં માંદા છે ત્યાં જવું છે." તો પણ બહુ આગ્રહ કરીને રોક્યા તેથી રહ્યા. તે વખતે વિરમગામમાં નાગરદાસભાઈને બાપાશ્રી તથા સંતોનાં દર્શન થયાં તેથી બહુ આનંદ પામ્યા ને બોલ્યા જે, "બાપા! આપ કરાંચી હતા ને ત્યાંથી અહીં ક્યારે આવ્યા? આપે મને દર્શન આપીને સુખિયો કર્યો." ત્યારે બાપાશ્રી બોલ્યા જે, "અમે એક દાક્તરના રોકવાથી કરાંચી છીએ, પણ તમે બહુ સંભાર્યા તેથી દિવ્ય રૂપે દર્શન આપ્યાં." એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ॥૮૨॥

## પરચો ૮૩

મોરબીના ફોજદાર સાહેબ કાળુભાને સ્વામી શ્વેતવૈકુંઠદાસજીએ કહ્યું જે, "તમે વર્તમાન ધારો." ત્યારે તેમણે કહ્યું જે, "શ્રીજીમહારાજ અને બાપાશ્રી મને દર્શન આપે તો કંઠી બાંધું." પછી તે માંદા થયા. તેમને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, "તમારી આયુષ્ય પૂરી થઈ છે, પણ તમને રાખવા છે ને તમે કંઠી બાંધજો." એમ કહીને અદૃશ્ય થઈ ગયા. પછી તે સાજા થયા ને મંદિરમાં આવીને

વર્તમાન ધરાવ્યાં. પછી જ્યારે બાપાશ્રી સંઘે સહિત છપૈયે જતા હતા ત્યારે મોરબીથી ગોવિંદભાઈ તથા કાળુભા રાજકોટમાં આવીને મળ્યા.

પછી કાળુભા બોલ્યા જે, ‘‘તમે મને મંદવાડમાં દર્શન આપ્યાં હતાં ત્યારે તો તેજોમય દેખાયા હતા.’’ એમ કહીને બીજી વાર મળ્યા. અને તેમને ફેર વર્તમાન ધરાવીને પ્રસાદીની કંઠી આપી અને બોલ્યા જે, ‘‘અમે તમને તેડવા આવશું.’’ પછી બાપાશ્રી મુળી ગયા અને તે બન્ને મોરબી ગયા. તેમણે દેહ મૂક્યો ત્યારે બાપાશ્રી ઘણાકને દર્શન આપી તેડી ગયા હતા. ॥૮૩॥

## પરચો ૮૪

એક સમયે ગામ બળોલમાં બાપાશ્રી પધાર્યા હતા. ત્યાં એક કોળીએ પ્રાર્થના કરી જે, ‘‘મને બહુ તાવ આવે છે તે કૃપા કરીને મટાડો.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘કાલે અમે તને ધામમાં તેડી જઈશું.’’ પછી બીજે દિવસે બાપાશ્રી તેને દર્શન આપીને તેડી ગયા. ॥૮૪॥

## પરચો ૮૫

એક સમયે બાપાશ્રી ધ્રાંગધ્રે પધાર્યા હતા, તે વખતે ઘણા હરિભક્તો સ્ટેશને સામા આવ્યા હતા. તે વખતે ત્યાંનાં સાંખ્યયોગી ચંચળબાઈએ બાપાશ્રીની પ્રાર્થના કરી જે, ‘‘બાપા! મને મહારાજની મૂર્તિના સુખમાં મૂકી દો.’’ ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, ‘‘કાલે સવારે સૌને દર્શન આપીને તમને તેડી જઈશું. આ વાત સર્વને કહેજો.’’ પછી બીજે દિવસે સવારે બાપાશ્રી અનંત મુક્તોએ સહિત દર્શન આપી તેડી ગયા તેથી આખા ગામમાં સૌને આનંદ આનંદ થઈ ગયો. ॥૮૫॥

## પરચો ૮૬

સંવત ૧૯૭૯ની સાલમાં ધ્રાંગધ્રાના સોની લીલાધર કુટુંબે સહિત વૃષપુર ગયા હતા. પછી પોતાના ગામ પાછા આવતી વખતે બાપાશ્રીએ

એમના ત્રણ દીકરાનાં કાંડાં ઝાલ્યાં, તે બે ભાઈનાં મૂકી દીધાં ને નાના ભાઈ મોહનનું કાંડું ઝાલી રાખ્યું ને કહ્યું જે, "તને તો સેવામાં રાખવો છે." એમ કહીને એનું કાંડું પણ મૂકી દીધું. પછી તે ધ્રાંગધ્રે ગયા. ત્યાં મોહનને મંદવાડ થઈ ગયો તેને બાપાશ્રીએ દર્શન આપીને કહ્યું જે, "તને પૂનમના રોજ બપોરે બાર વાગે તેડી જઈશું." એમ કહીને અદશ્ય થઈ ગયા.

પછી આ વાત તેના બાપને કરી તેથી તેના બાપે બાપાશ્રીને તાર કર્યો જે, "મોહનને સાટે મને લઈ જાઓ, પણ એને રાખો." પછી બાપાશ્રીએ તારનો જવાબ આપ્યો જે, "તમારી પ્રાર્થના મંજૂર." તે જોઈને તાર માસ્તર મણિલાલભાઈ સત્સંગી થયા અને મોહનને મંદવાડ મટી ગયો. ॥૮૬॥

## પરચો ૮૭

એક સમયે વિરમગામના મંદિરમાં એક માણસ આવ્યો તેને રાત્રિએ મંદિરમાં સૂવા દીધો. પછી તે માણસ રાજકવિ હમીરદાનજીનો ટ્રંક ઉપાડી બહાર જતો રહ્યો. ત્યારે પૂજારી નરભેરામને બાપાશ્રીએ દર્શન આપી કહ્યું જે, "પેલો માણસ ટ્રંક લઈને બહાર જતો રહ્યો તેની કેડે જાઓ." પછી તે તથા સાધુ ગોપીવલ્લભદાસજી આદિક કેડે ગયા. પછી એને પકડીને ટ્રંક લઈ આવ્યા. ॥૮૭॥

## પરચો ૮૮

સંવત ૧૯૮૦ના પોષ માસમાં અમદાવાદથી નાગર બ્રાહ્મણ દીવાળીબાઈ વૃષપુર બાપાશ્રીનાં દર્શને ગયાં હતાં. ત્યાં તેમને મંદવાડ બહુ થઈ ગયો તેથી બાપાશ્રીની પ્રાર્થના કરી જે, "બાપા! મને મૂર્તિના સુખમાં મૂકી દો." ત્યારે બાપાશ્રી કહે જે, "કાલે તમને મહારાજના સુખમાં મૂકી દઈશું." પછી બીજે દિવસે સવારે તે બાઈને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં ઘણી વાર સુધી દર્શન થયાં ને દેહ પડી ગયો. તે ટાણે કરાંચીના લાલજીભાઈને પણ તેવાં દર્શન થયાં હતાં. ॥૮૮॥

## પરચો ૮૯

એક સમયે માનકુવાથી બે બાઈઓ બાપાશ્રીને દર્શને જતાં ડુંગરામાં શ્રીજીમહારાજની પ્રસાદીનું સ્થાન છે ત્યાં આગળ વાતો કરતાં જતાં હતાં જે, "બાપાશ્રીનાં દર્શન કરશું પછી અન્ન-જળ લઈશું." તે સાંભળી જુમલો નામનો જન હતો તેણે જાણ્યું જે, "આ કોઈક મહાત્મા પુરુષ પાસે જાય છે માટે હું પણ ભેળો જાઉં તો મારો મોક્ષ થાય." એમ જાણી એક બાઈમાં પ્રવેશ કર્યો. પછી તે બાઈએ જાંબુડાવાળી નવી વાડીમાં આવી બાપાશ્રીનાં દર્શન કર્યાં ત્યાં જે બાઈમાં જને પ્રવેશ કર્યો હતો તે બાઈ ધૂણવા લાગી. ત્યારે બાપાશ્રીએ પૂછ્યું જે, "તું કોણ છે?" ત્યારે તે બોલ્યોઃ "હું જુમલો છું, મારો મોક્ષ કરો. તમે બહુ મોટા છો અને હું મોક્ષ માટે જ આવ્યો છું." પછી એને અક્ષરધામમાં પહોંચાડી દીધો. ॥૮૯॥

## પરચો ૯૦

સંવત ૧૯૮૧ની સાલમાં નારાયણપુરના રામજી ધનજીનો દીકરો દેવરાજ અઢી વરસનો હતો તે ઊંડી કૂંડીમાં પાણી ભરેલું હતું તેમાં પડી ગયો. તેને બાપાશ્રીએ દર્શન આપીને હાથે ઝાલીને બહાર કાઢી લીધો. તે ભીને લૂગડે રોતો રોતો વાડીમાં રામજીભાઈ આદિ માણસો કામ કરતા હતા ત્યાં આવીને વાત કરી જે, "હું કૂંડીમાં પડી ગયો હતો ને બૂડતો હતો ત્યાં અજવાળું થઈ ગયું ને બાપા દેખાણા. તેમણે હાથે ઝાલીને મને બહાર મૂકી દીધો." ॥૯૦॥

## પરચો ૯૧

સંવત ૧૯૮૨ની સાલમાં બાપાશ્રી સરસપુરમાં હતા. અને કાનજીભાઈ તથા મનજીભાઈનાં માતુશ્રીને જે દિવસે તાવ આવવાનો હતો તે દિવસે બાપાશ્રીએ અનંત સંતો ને મહારાજ સાથે વૃષપુરમાં એક હરિભક્તને દર્શન આપ્યાં. ત્યારે તેણે કહ્યું જે, "આટલા બધા સંતોને ક્યાં ઉતારશો? ને શું ખાવા આપશો?" ત્યારે બાપાશ્રી બોલ્યા જે,

"તારાં માતુશ્રીને આજ તાવ આવશે ને પરમ દિવસે અમે તેડવા આવીશું." એમ કહીને અદશ્ય થઈ ગયા. પછી તેમને તાવ આવ્યો ને ત્રીજે દિવસે બાપાશ્રી એવી જ રીતે તે હરિભક્તને દર્શન આપી તેડી ગયા. તેમનો દેહ મૂક્યાનો તાર બાપાશ્રી ઉપર આવ્યો.

પછી બાપાશ્રીએ સ્વામીને કહ્યું જે, "ગયે વર્ષે એ મેડીથી પડ્યાં હતાં અને બહુ વાગ્યું હતું તેમને ધામમાં મૂકવાં હતાં, પણ તમે ના પાડી. પછી અમે કહ્યું જે, 'તમે રાખવાનું કહો છો, પણ તમને આડાં આવશે.' તોપણ તમે રખાવ્યાં. તે આજે આડાં આવ્યાં; કેમ જે આપણે પંદર-વીસ દિવસ અહીં રહેવું હતું તે હવે જવું પડશે." એમ વાત કરી તૈયાર થઈ પોતે વૃષપુર પધાર્યા. ત્યાં પારાયણ બેસારી અને એમનું કાર્ય બહુ મોટું કર્યું હતું. ॥૯૧॥

## પરચો ૯૨

એક સમયને વિષે કરાંચીના લાલુભાઈને મારગમાં ચાલતાં સામેથી ગાડી ભટકાવવાથી ઘણું લાગ્યું ને રુધિર ઘણું નીકળવાથી શરીરની શુદ્ધિ રહી નહિ. તેથી તેમને મોટી ઈસ્પિતાલમાં લઈ ગયા. જ્યારે શુદ્ધ આવી ત્યારે કહે જે, "મને ઘેર લઈ ચાલો, મારે અહીં રહેવું નથી." ત્યારે તેમનાં સગાં-સંબંધીઓએ પ્રાર્થના કરી રાખ્યા. પછી રાત્રિએ શ્રીજીમહારાજ તથા બાપાશ્રી તથા ઘણા સંતોએ સહિત તેજોમય આકાશમાર્ગે અધરથી આવતા હોય એમ તેમને દેખાયા. તે ખાટલા પાસે આવીને ઊભા રહ્યા તેથી લાલુભાઈને બહુ જ આનંદ થયો. પછી મહારાજ તથા બાપાશ્રી સંતોએ સહિત અદશ્ય થઈ ગયા, ને પોતે બીજે દિવસે ઈસ્પિતાલમાંથી ઘેર આવ્યા. પછી દાક્તર પાસે પાટો બંધાવતા, પણ આરામ થયો નહિ ને તેમને બાપાશ્રી પાસે જવાની તીવ્ર ઇચ્છા થઈ તેથી ઘણા ઉદાસ થઈ ગયા. તે જ દિવસે રાત્રિએ બે વાગે ઓચિંતા ત્રણ પુરુષનાં દર્શન થયાં તે બહુ પુષ્ટ ને ઊંચા ને તેજોમય હતા.

તે જોઈને લાલુભાઈએ પૂછ્યું જે, "આપ કોણ છો?" ત્યારે

તેમણે કહ્યું જે, “અક્ષરધામમાંથી મહારાજની આજ્ઞાએ તમને તેડવા આવ્યા છીએ.” તે સાંભળી લાલુભાઈ બહુ જ રાજી થયા. ત્યાં તો એ ત્રણેય મુક્તો લાલુભાઈને ઉપાડી અક્ષરધામમાં લઈ ગયા અને લાલુભાઈને એક મોટી પાટ ઉપર સુવાર્યા અને પાટા બાંધેલા હતા તે છોડી નાખ્યા અને સ્વામિનારાયણ સ્વામિનારાયણ કહી લાગેલા ભાગ ઉપર હાથ ફેરવ્યા અને તરત જ પાછા ઉપાડી તેમના ઘરમાં મૂકી ગયા. પછી સવારે દાક્તર પાટો બાંધવા આવ્યો તેણે પાટા છોડી નાખેલા જોઈને પૂછ્યું ત્યારે લાલુભાઈએ બનેલી વાત વિસ્તારીને કહી તેથી દાક્તરને તથા સૌને શ્રીજીમહારાજનો તથા બાપાશ્રીનો અલૌકિક પ્રતાપ જણાણો. પછી લાલુભાઈ સાજા થઈ ગયા ને હળવદ જઈને બાપાશ્રીનાં દર્શન કર્યા. તેમને બાપાશ્રીએ કહ્યું જે, “તમને અમારાં દર્શને આવવાની ઘણી તાણ હતી તેથી તમને મહારાજે ને અમે મટાડી દીધું.” તે સાંભળી લાલુભાઈ બહુ રાજી થયા. ॥૯૨॥

## પરચો ૯૩

એક સમયે બાપાશ્રી કરાંચી પધાર્યા હતા, અને વૃષપુરમાં રામજીભાઈ ગરાળાના દીકરા હરજીને મંદવાડ બહુ હતો, તેને બાપાશ્રીનાં દર્શનની ઝંખના બહુ થઈ. પછી વૃષપુરના મંદિરમાં ઓસરીમાં ઠાકોરજીના દીવા કરતી વખતે રામજીભાઈને દર્શન આપ્યાં ને કહ્યું જે, “હરજીને કહેજો કે તને સવારે દર્શન આપીને તેડી જઈશું.” એમ કહીને અદશ્ય થઈ ગયા. પછી બીજે દિવસે સવારે બાપાશ્રી દર્શન આપીને તેડી ગયા. ॥૯૩॥

## પરચો ૯૪

એક સમયે માથકના ભગવાનજીભાઈનાં દીકરી શાંતિબાઈને અગ્નિથી દાઝવાથી પીડા બહુ થતી હતી, તેથી મહારાજની પ્રાર્થના કરતાં હતાં. તેમનું આસન સિંહાસન પાસે હતું. તે સિંહાસનમાંથી શ્રીજીમહારાજ ને બાપાશ્રી દેખાયા ને તેના ઉપર હાથ ફેરવીને મટાડી

દીધું તેથી તે બહુ રાજી થઈને એનાં મા-બાપને વાત કરી. તે જાણી આખું ગામ આશ્ચર્ય પામ્યું. ॥૯૪॥

## પરચો ૯૫

સરાવાળા મણિલાલના દીકરાને તાવ આવતો હતો તેથી એના સંબંધી ચિંતા કરતા હતા. પછી બાપાશ્રીએ મનસુખભાઈને દર્શન દઈને કહ્યું જે, “ચિંતા કરશો નહિ; મટી જશે.” એમ કહીને અદૃશ્ય થઈ ગયા ને મટી ગયું. ॥૯૫॥

## પરચો ૯૬

બામણવામાં પુરુષોત્તમ લીલામૃત સુખસાગરની કથા વંચાતી હતી. તે વખતે હરિભક્તોને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં, તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. ॥૯૬॥

## પરચો ૯૭

સંવત ૧૯૮૪ના જેઠ માસમાં બાપાશ્રી માધાપુરના યજ્ઞમાં પધાર્યા હતા. તે ગામના કલ્યાણ ભક્તને ઘેર બાપાશ્રી પધાર્યા તે સમયે તેના ઘરમાં બાપાશ્રીની છબી જોઈને પોતે બોલ્યા જે, “ઓ છબી લાવો.” પછી તે ભક્તે આપી ત્યારે બાપાશ્રી તે છબી ઉપર ત્રણ વાર હાથ ફેરવીને બોલ્યા જે, “હવે આનાં દર્શન કરજો, પણ આ મૂર્તિનાં નહિ થાય.” એમ ત્રણ વાર બોલ્યા. એવી રીતે મર્મમાં અતિ પ્રેમી ભક્તોને કોઈ કોઈવાર પોતાનું અંતર્ધાનપણું અગાઉથી સૂચવી દેતા. ॥૯૭॥

## પરચો ૯૮

સંવત ૧૯૮૪ના અષાઢ સુદ-૪ને રોજ ગામ કણભામાં આશાભાઈને બાપાશ્રી કેરીનો રસ, પુડલા આદિ ભોજનનો થાળ લાવેલા એવાં દર્શન દઈને કહ્યું જે, “જમો.” ત્યારે આશાભાઈ કહે, “અત્યારે આ થાળ લઈ આપ ક્યાંથી પધાર્યા?” ત્યારે બાપાશ્રી કહે જે, “તમને

જમાડવા આવ્યા છીએ, તે જમો.'' પછી આશાભાઈ જમ્યા. ત્યારે બાપાશ્રી કહે જે, ''હવે અમે જઈએ છીએ.'' એમ કહી અદૃશ્ય થઈ ગયા. પછી સમાચાર થોડા દિવસ પછી જ્યારે જાણ્યા ત્યારે સર્વ વાત સત્ય થઈ. ॥૯૮॥

## પરચો ૯૯

ભુજના તાર માસ્તર ભાઈશંકરભાઈને બાપાશ્રી અંતર્ધાન થયા તે વખતે દર્શન દઈને ખભા ઉપર હાથ મેલીને કહે જે, ''હવે જય સ્વામિનારાયણ; અમો જઈએ છીએ.'' એમ દર્શન દઈને અદૃશ્ય થઈ ગયા. એટલે માસ્તર ઘણા શોકાતુર થઈ ગયા ને જાણ્યું જે બાપાશ્રીએ મંદવાડ ગ્રહણ કર્યો હતો તે નક્કી અંતર્ધાન થયા હશે. એમ ધારીને શોકમાં બેઠા હતા, ત્યાં તો લાલશંકરભાઈ વૃષપુરથી આવ્યા અને કહ્યું જે, ''બાપાશ્રી ધામમાં પધાર્યા.'' પછી આ વાત એમણે લાલશંકરભાઈને કહી. ॥૯૯॥

## પરચો ૧૦૦

વિરમગામમાં વઢવાણવાળા દેપાળા અમરશીભાઈને રાત્રિના બાર વાગે અંતર્ધાન થયા તે વખતે બાપાશ્રીએ સ્વપ્નમાં દર્શન દઈને કહ્યું જે, ''સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતો બાઈઓના મંદિરમાં ચરણારવિંદ પધરાવવા ગયા છે તે ચાલો આપણે જઈએ.'' એમ કહીને મંદિરમાં ગયા. પછી બાપાશ્રીએ ચરણારવિંદ ઉપર હાથ ફેરવ્યો, એટલામાં તો તેજ તેજ થઈ રહ્યું અને મહા ઘાટો પ્રકાશ થઈ ગયો. તે પ્રકાશમાં એક વિમાન દેખાયું. પછી તેમાં બાપાશ્રી બેસીને તેજના સમૂહમાં આકાશમાર્ગે પધાર્યા; એવાં દર્શન થયાં. ॥૧૦૦॥

## પરચો ૧૦૧

ગામ બામણવાના ગોવાભાઈએ બાપાશ્રીના અંતર્ધાન થયાની

વાત સાંભળી ત્યારે અતિશે શોકાતુર થઈ ગયા. તેમને બાપાશ્રીએ દિવ્યરૂપે દર્શન દઈને કહ્યું જે, "આમ શોકાતુર કેમ થઈ ગયા છો? અમો સદાય સત્સંગમાં છીએ." એમ કહી અદૃશ્ય થઈ ગયા. ॥૧૦૧॥

## પરચો ૧૦૨

નારાયણપુરવાળાં સાંખ્યયોગી અમરબાઈ બાપાશ્રીના વિયોગથી ઘણાં દિલગીર થતાં હતાં. તે સમયે બાપાશ્રી તથા ધનજીભાઈ બન્ને દિવ્ય તેજોમય દર્શન આપીને બોલ્યા જે, "શોક શું કરો છો? લાવો દૂધ પીએ." પછી દૂધ લાવ્યાં તે પીને સર્વને શાંતિ પમાડી અદૃશ્ય થઈ ગયા. ॥૧૦૨॥

## પરચો ૧૦૩

રાત્રિએ મૂળજી પર્વતનાં ઘરનાં બાઈ તેજાએ ખાવાનું રાંધ્યું નહિ. અને રોતાં રોતાં એમ બોલ્યાં જે, "મારી ગાયનું દૂધ બાપાશ્રી નિત્ય પીતા તે હવે કોણ પીશે?" એટલામાં તો બાપાશ્રી એના ઘરમાં આવીને ખાટલો ઢાળીને તે ઉપર બિરાજ્યા અને બોલ્યા જે, "લાવો દૂધ-સાકર ઊનાં કરો. અમે ગઈ રાત્રે અગિયાર વાગે પીધું હતું; લાવો આજ પીએ." પછી દૂધ આપ્યું તે બાપાશ્રીએ અતિ હેતે સહિત પાન કર્યું. ને પછી અદૃશ્ય થઈ ગયા. ॥૧૦૩॥

## પરચો ૧૦૪

વૃષપુરના અણદા ભક્ત કેરાઈ બાપાશ્રી અંતર્ધાન થયા તે વખતે પોતે પાસે હતા તે ઘણા ઉદાસ થઈ ગયા ને મનમાં એમ સંકલ્પ કરે જે અંત સમયે બાપાશ્રી બોલ્યા નહિ. એટલામાં બાપાશ્રી તેમને દર્શન દઈને બોલ્યા જે, "ઉદાસી થાઓ મા, લાવો જમીએ." પછી તેણે વાલબાને કહ્યું જે, "બાપાશ્રી સારું જમવાનું લાવો." પછી થાળ લાવ્યા તેમાંથી એક ગ્રાસ જમ્યા ને જય સ્વામિનારાયણ કહીને અદૃશ્ય થઈ ગયા. ॥૧૦૪॥

## પરચો ૧૦૫

એક સમયને વિષે વૃષપુરના પ્રેમજી હીરજી તથા જાદવજી કાનજી બન્ને દીવા વખતે ઉદાસ થકા રોતાં રોતાં મંદિરમાં બાપાશ્રીની ઓરડીએ આવ્યા. ત્યાં બાપાશ્રીને ઢોલિયામાં પોઢેલા દેખ્યા. પછી બાપાશ્રી બોલ્યા જે, 'પ્રેમજી બચ્ચા! ઘેર જાવું છે, લાકડી લઈ આવ.' પછી લાકડી લેવા જાદવજી ગયો અને પ્રેમજીને કહે જે 'તું અમને બેઠા કર.' પછી પ્રેમજીએ બેઠા કર્યા અને તરત જ અદશ્ય થઈ ગયા.॥૧૦૫॥

## પરચો ૧૦૬

બાપાશ્રીના કાર્ય ઉપર પારાયણ બેસારી હતી તે વખતે સોની મગનલાલ બાપાશ્રીના વિરહને લીધે શોકાતુર થઈને બેઠા હતા. તે સમયે કણભાવાળા આશાભાઈને બાપાશ્રી દર્શન દઈને બોલ્યા જે, "આ મગન ભુજથી આવ્યો છે તે ભૂખ્યો હશે માટે આપણા ઘેર જઈને જમાડી આવો." પછી આશાભાઈ ઘેર લઈ જઈ જમાડી આવ્યા. ॥૧૦૬॥

## પરચો ૧૦૭

અષાઢ વદ-૧ ને રોજ બાપાશ્રીને ઘેર વાલબા, રામપુરનાં કાનબા, પ્રેમબા, નારાયણપુરનાં અમરબા, મેઘપુરનાં અમરબા આદિ ઘણાં બાઈઓ શોકાતુર થઈ વિલાપ કરતાં હતાં. તે વખતે શ્રીજીમહારાજની તથા બાપાશ્રીની મૂર્તિ તેમને ઘેર હતી તે મૂર્તિમાંથી બાપાશ્રી જેવા પોતે હતા તેવા મનુષ્ય આકારે દર્શન આપીને બોલ્યા જે, "રુદન શું કરો છો? અમે તો સદાય છીએ જ. તમે શોકમાં ને શોકમાં તેર દિવસથી અમને જમાડવા પણ ભૂલી ગયાં છો. માટે થાળ લાવો; જમીએ." પછી પ્રેમબાએ ઊઠીને થાળ તૈયાર કરીને આપ્યો, તે જમીને બોલ્યાઃ "હવે તૃપ્ત થયા." પછી બોલ્યા જે, "કાર્ય મોટું આદર્યું છે તે કાર્ય તો અમારે નિવેડવું છે તે શા માટે ફિકર કરો છો?" એમ મૂર્તિમાંથી પ્રગટ થઈને શોક નિવૃત્ત કર્યો. ॥૧૦૭॥

## પરચો ૧૦૮

ભુજના સાધુ રામચરણદાસજી (વૃષપુરવાળા)ને ભુજની સભામાં અષાઢ વદ-૧૦ને રોજ શ્રીજીમહારાજનાં દર્શન થયાં. તે દિવ્ય તેજોમય અને ચારેકોર અનંત કોટિ મુક્તો પ્રાર્થના કરતા એવાં ઝળઝળાટ તેજમાં દર્શન થયાં અને ચરણારવિંદમાં સોળ ચિહ્ન જોયાં અને પડખે એવા જ તેજોમય બાપાશ્રીને દેખ્યા. પછી તેમણે પૂછ્યું જે, “હે બાપા! તમે તો અપાર તેજોમય છો.” તે સાંભળી બાપાશ્રી કહે, “અમે તો સદાય દિવ્ય તેજોમય છીએ.” પછી તે સંત શિખરમાં મૂર્તિઓનાં દર્શન કરવા ઊઠ્યા તે સુખસજ્જામાં શ્રીજીમહારાજની મૂર્તિ પાસે પણ બાપાશ્રીનાં દિવ્ય તેજોમય દર્શન થયાં અને સર્વે અંગોઅંગમાં દિવ્ય તેજની શેડો છૂટે અને મોતી જડ્યાં હોય તેમ ભાસ્યું; એવું અતિ અલૌકિક તેમને દર્શન થયું. ||૧૦૮||

## પરચો ૧૦૯

એક સમયે અણદા કેરાઈ બાપાશ્રીના કાર્ય વીત્યા પછી વૃષપુરના મંદિરની ઓસરીમાં ઉદાસ થકા બેઠા હતા, તેવામાં બાપાશ્રી સદાય બેસતા તે તકિયા ઉપર લૂગડું ઓઢી વિરાજમાન થયેલા એવાં દર્શન થયાં. પછી મુખારવિંદ પરથી લૂગડું કોરે કરીને અણદાભાઈને બોલાવ્યા ને કહ્યું જે, “અમે તો સદાય છીએ, છીએ ને છીએ જ; માટે જતા રહ્યા એમ ન જાણશો.” એમ કહીને અદૃશ્ય થઈ ગયા. એવી રીતે પોતાને વિષે હેતવાળા હરિભક્તને ઘણીવાર પોતાનું પ્રત્યક્ષપણું જણાવતા. ||૧૦૯||

## પરચો ૧૧૦

ગામ વૃષપુરના રામજી હીરજી ઉદાસ થયા થકા વિચારમાં બેઠા હતા જે બાપાશ્રી આપણને મૂકીને જતા રહ્યા. તેવામાં બાપાશ્રી જે ઓરડીમાં પોઢતા તે ઓરડીમાં બાપાશ્રીનાં દર્શન થયાં તે એવી રીતે કે એક બાજુ સ્વામી વૃંદાવનદાસજી અને બીજી બાજુ સ્વામી

ઈશ્વરચરણદાસજી અને તેવી જ રીતે બાપાશ્રીના દીકરા એક બાજુ કાનજીભાઈ ને બીજી બાજુ મનજીભાઈ બે પડખે બબ્બે બેઠેલા એવાં દર્શન થયાં. તે સમયે સ્વામી ઈશ્વરચરણદાસજીએ કહ્યું જે, “આ કાનજીભાઈ ને મનજીભાઈને તો મૂર્તિમાં રાખ્યા છે.” ત્યારે રામજીભાઈ અતિ દિલગીર થઈને બોલ્યા જે, “મને પણ સદાય મૂર્તિમાં રાખજો.” ત્યારે બાપાશ્રીએ કહ્યું જે, “તમને પણ મૂર્તિમાં રાખશું; કાંઈ ચિંતા રાખશો નહિ. અમે તમારા ભેગા છીએ.” એમ કહીને અદશ્ય થઈ ગયા. ॥૧૧૦॥

## પરચો ૧૧૧

એક સમયે ગામ વૃષપુરમાં રામજી હીરા રાત્રિએ વાડીએ ગાડા ઉપર સૂતા હતા. તેને ૧૨ વાગે બાપાશ્રી હાથમાં લાકડી લઈને ચાલ્યા આવે છે એવાં દર્શન થયાં. પછી પાસે આવીને બોલ્યા જે, “બચ્ચા! સૂતો છે કે?” પછી રામજીભાઈ બેઠા થઈને બાપાશ્રીને પગે લાગ્યા એટલામાં બાપાશ્રી અદશ્ય થઈ ગયા. ॥૧૧૧॥

## પરચો ૧૧૨

એક સમયે સેવક પ્રેમજી મંદિરમાં દર્શન કરી બાપાશ્રીને ઘેર ઊભો રહ્યો. તેવામાં રામપરાવાળાં કાનબા મેડા ઉપરથી ઠાકોરજીને દૂધ પાઈને હેઠળ આવ્યાં ત્યારે બાપાશ્રીએ પ્રેમજીને દર્શન દઈને કહ્યું જે, “કોરે ખસ, આ દૂધ લાવ્યાં છે તે પીએ.” પછી હાથમાં દૂધનો વાટકો લઈને દૂધ પી ગયા ને વાટકો કાનબાને પાછો આપ્યો. એવી રીતે એમનો મનોરથ પૂર્ણ કરીને અદશ્ય થઈ ગયા. ॥૧૧૨॥

## પરચો ૧૧૩

વળી એક વખતે રાત્રિએ મંદિરમાં બાપાશ્રીની ઓરડીમાં કાનજીભાઈ તથા પ્રેમજીભાઈ આદિ સૌ પોઢ્યા હતા. તેવામાં બાપાશ્રીએ સાદ કર્યો જે, “પ્રેમજી! ઓરો આવ.” પછી પ્રેમજી બેઠો

થઈને જુએ તો બાપાશ્રીને ઢોલિયા ઉપર પોઢેલા દેખ્યા. પછી ચરણસ્પર્શ કરીને પાસે બેઠો. પછી રોઈ ગયો ને દિલગીર થઈ ગયો. ત્યારે બાપાશ્રી કહે જે, “મૂંઝાય છે શા સારુ? અમે કાંઈ જતા રહ્યા નથી. આ સુધાં તને ત્રણ વખત ધીરજ રહેવા સારુ દર્શન દીધાં.” એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ॥૧૧૩॥

## પરચો ૧૧૪

સંવત ૧૯૮૪ના શ્રાવણ વદ-૬ને રોજ સવારે બે વાગે વૃષપુરમાં બાપાશ્રીની ત્રણે વાડીમાં ચંદનનો વરસાદ થયો ને ભેગો અત્તરનો સુગંધ પણ હતો તેની ખબર વદ સાતમને રોજ સાંજના સાત વાગે પડી. પછી સભામાં સદ્‌ગુરુઓ તથા સંત-પાર્ષદ તથા દેવરાજભાઈ આદિ ઘણા હરિભક્તો આશરે પચાસેક હતા. તે જાદવા આશાએ બાપાશ્રીના ઘેરથી કણજરા આદિનાં ઘણાં પાંદડાં ઉપર ચંદન વળગેલું એવાં લાવીને મૂક્યાં. તેને જોઈને સૌ ઘણું આશ્ચર્ય પામ્યા. પછી તરત વરસાદ થયો તે બધું ધોવાઈ ગયું. પછી સંત-હરિભક્તો તેવે ટાણે વાડીમાં ગયા, પણ હાથ ન આવ્યું ને અંધારું થઈ ગયું તે કોઈ કોઈને દેખે નહિ. પછી બાપાશ્રીનો પૌત્ર હરજીભાઈ કેળનાં પાંદડાં ઉપર વરસાદથી ધોવાતાં ધોવાતાં થોડું રહી ગયેલું તે લાવ્યા; તેને જોઈને સૌને ઘણો આનંદ થયો.

પછી તે દિવસે રાત્રિએ રામજી કરસન જેસાણીને બાપાશ્રીએ દર્શન દઈને કહ્યું કે, “ચંદનનો વરસાદ તો અમે છઠના બપોરે બે વાગે કર્યો હતો, પણ તમો સર્વેએ બીજે દિવસે જાણ્યું છે. અને આવતી કાલે આઠમને દિવસે કાકરવાડીમાં ચંદનનો વરસાદ કરીશું; જેને જોવું હોય તે જજો.” વળી તે દિવસે રામજીને કોઈક દ્વેષબુદ્ધિવાળાએ પાણીમાં ઝેર પાયું તે બહુ ચડ્યું ને ગળુ બંધ થઈ ગયું, પણ બાપાશ્રીએ ઊલટી કરાવી. પછી સાંજે આરતી થયા કેડે મંદિરમાં તેમને લાવ્યા અને સ્વામીશ્રી વૃંદાવનદાસજીને કહ્યું જે, “આને કાંઈક વળગાડ જેવું લાગે

છે તે પાઠ કરો.'' પછી સ્વામી બોલ્યા જે, ''તેને વળગાડ નથી; એમને કોઈકે ઝેર પાયું છે. ઘેર જઈને ખૂબ ઘી પીઓ.''

પછી ઘેર જઈને ઘી પાયું એટલે તુરત બોલવા માંડ્યો ને સાજો થઈ ગયો. પછી વદ સાતમની રાત્રે બાપાશ્રીએ દર્શન દીધાં તે સમે વરસાદની તથા આ ઝેરની વાત કરી કે, ''તુંને ઝેર બહુ આકરું દીધું હતું; થોડીક મુદ્દતમાં પ્રાણ નીકળી જાય એવું હતું, પણ અમોએ ઊલટી કરાવીને સ્વામી વૃંદાવનદાસજી દ્વારે ઘી પાવાનું કહ્યું. માટે હવે ભૂલીશ મા. જ્યાં ત્યાં પાણી પીવું નહિ ને ખાવું નહિ.'' પછી તે કહે જે, ''બાપા! એ તો મારે ન ચાલે; માટે રક્ષા કરજો, નહિ તો મને ધામમાં વહેલા લઈ જજો.'' પછી બાપાશ્રી બોલ્યા જે, ''અમે તારી રક્ષા કરતા આવીએ છીએ.'' એમ કહીને અદૃશ્ય થઈ ગયા. ॥૧૧૪॥

## પરચો ૧૧૫

એક સમયે કરાંચીમાં લાલુભાઈની દીકરી દિવસના પાંચ વાગે સિંહાસન પાસે કૂંચીઓ હતી તે લેવા જતાં પડખે બાપાશ્રીની મૂર્તિ સામું જોયું તો બાપાશ્રીની આંખો મોટી જણાવા લાગી અને નેત્રમાંથી તેજની શેડ્યો નીકળવા માંડી, તે જોઈ બહુ આનંદ પામી. એટલામાં લાલુભાઈ આવ્યા ને તેમને શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં હસતે મુખે દર્શન થયાં તેથી આનંદ પામ્યા. વળી એક સમયે ઠાકોરજી આગળ થાળ ધરેલ તેમાંથી મહારાજ તથા બાપાશ્રી જમવા લાગ્યા તે જોઈ લાલુભાઈ બહુ જ આનંદ પામ્યા. ॥૧૧૫॥

## પરચો ૧૧૬

એક સમયે કરાંચીના મિસ્ત્રી નાજુભાઈનાં બહેન સાકરબાઈને કંઠમાળના દરદની પીડા વધુ જણાતાં શ્રીજીમહારાજને તથા બાપાશ્રીને સંભાર્યા. પછી બાપાશ્રીએ દર્શન આપી કહ્યું જે, ''આજ ૧૧ વાગે મહારાજ ને અમે તમને તેડી જઈશું.'' તે વખતે લીરૂબાએ તેમને પૂછ્યું જે, ''શ્રીજીમહારાજ તથા બાપાશ્રીનાં દર્શન થાય છે?''

ત્યારે તે કહે જે, "હા, મહારાજ ને બાપા આ રહ્યા. મને ૧૧ વાગે તેડી જશે; ત્યાં સુધી મારી પાસે રહેજો." તે ૧૧ વાગ્યા એટલે જય સ્વામિનારાયણ કહી દેહ ત્યાગ કરી દીધો. તે જોઈ સૌ આશ્ચર્ય પામ્યા. ॥૧૧૬॥

## પરચો ૧૧૭

ગામ કણભાના પટેલ ભલાભાઈને મંદવાડ સખત આવ્યો ત્યારે બાપાશ્રીની પ્રાર્થના કરી. પછી બાપાશ્રીએ દિવ્ય તેજોમય દર્શન આપ્યાં અને થોડીવાર થયા પછી કહ્યું જે, "તમારો મંદવાડ મટી જશે." એમ કહીને અદશ્ય થઈ ગયા અને મંદવાડ મટી ગયો. ॥૧૧૭॥

## પરચો ૧૧૮

ગામ ધરમપુરના દેવજી વરમોળાને તાવ આવ્યો. તે ત્રીજે દિવસે ખાટલામાંથી બેઠો થઈ પગે લાગવા મંડ્યો અને તેમના મોટાભાઈ ભાવજીભાઈને કહ્યું જે, "આ મહારાજ અને બાપાશ્રી અને સ્વામી વૃંદાવનદાસજી તથા સ્વામી ઈશ્વરચરણદાસજી આદિ સંતમંડળ આવ્યાં છે તેમનાં દર્શન કરો. અને હજી સવાર છે માટે રસોઈ કરી મહારાજને થાળ જમાડો. બાપાશ્રી મને કહે છે કે, 'દશ વાગે મહારાજની મૂર્તિના સુખે સુખિયો કરવો છે માટે ઉતાવળ કરો.' તમે બધાય મહારાજ તથા બાપાશ્રીને સંભારજો અને આવા મોટા સંત સાથે હેત રાખજો." એમ કહીને ઊંડા ઊતરી ગયા. પછી જ્યારે દશ વાગ્યા ત્યારે સર્વેને જય સ્વામિનારાયણ કહી દેહ મૂકી દીધો. ॥૧૧૮॥

## પરચો ૧૧૯

માથકના અમૃતલાલના ઘરનાં મનુષ્ય કસ્તુરબાઈને અગ્નિથી બળવાથી બહુ જ વસમું લાગ્યું ત્યારે બાપાશ્રીની પ્રાર્થના કરી. પછી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીએ દર્શન આપી કહ્યું જે, "મટી જશે." પછી તરત જ મટી ગયું. ॥૧૧૯॥

## પરચો ૧૨૦

લુણસરમાં જેઠા ભક્ત માંદા હતા. તેમને તેડવા મહારાજ તથા બાપાશ્રી આવ્યા. પછી તેમણે હરિભક્તોને વાત કરી જે, "મને મહારાજ તથા બાપાશ્રી તેડવા આવ્યા છે તે હું જાઉ છું." એમ કહી દેહત્યાગ કર્યો. વળી એક સમયે લુણસરના મંદિરમાં સ્વામી શ્વેતવૈકુંઠદાસજી બાપાશ્રીની વાતો વાંચતા હતા. તે વખતે ભગવાન ભક્તને બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં. પછી તેણે વાત કરી જે, "આ કથા વાંચવા માંડી ત્યારથી વાંચી રહ્યા ત્યાં સુધી મને બાપાશ્રીનાં તેજોમય દર્શન થયાં." ॥૧૨૦॥

## પરચો ૧૨૧

સંવત ૧૯૯૨ની સાલમાં સવારના પાંચ વાગે કરાંચીમાં લાલુભાઈને ઘેર બાપાશ્રી આદિ અનંત મુક્તો ઓસરીમાં તેજોમય ફરતા હતા એવાં દર્શન થયાં. પછી તેમણે દંડવત કર્યા ને તેમના દીકરા હરિલાલને કહ્યું જે, "તું સૌ હરિભક્તોને ખબર આપ જે અમારે ઘેર બાપાશ્રી આદિક મુક્તો નવીન રૂપે દર્શન આપે છે તે જેને દર્શન કરવાં હોય તે આવો." પછી સૌ આવ્યા ને પગે લાગીને નવીન સ્વરૂપ જોઈ રહ્યા અને લાલુભાઈ તો પલાંઠી વાળીને બાપાશ્રીના સામા બેઠા. તેમને બાપાશ્રીએ દિવ્ય હાર પહેરાવ્યો તે હારમાંથી બહુ સુગંધી આવવા માંડી.

પછી બાપાશ્રી કહે જે, "લાલુભાઈ! અમને પાણી પાઓ." ત્યારે લાલુભાઈએ તેમના ઘરનાં માણસને કહ્યું જે, "પાણી લાવો." ત્યારે બાપાશ્રી કહે જે, "આ સામા લોટામાં છે તે આપો." પછી બાપાશ્રીએ જળ પીધું અને કહે જે, "ખુરશી મંગાવો તો બેસીએ." પછી વળી કહ્યું જે, "અમને ઊંઘ બહુ આવે છે તે આસન પાથરી દો; સૂવું છે." એમ કહીને જમીન ઉપર પાથર્યા વિના સૂઈ ગયા.

પછી લાલુભાઈએ કહ્યું જે, "આમ ને આમ સૌને દર્શન આપો, હું પાથરવા આસન લાવું છું." એમ કહી આસન લેવા ગયા. ત્યાં

બાપાશ્રી અદૃશ્ય થઈ ગયા. વળી એક સમયે લાલુભાઈની દીકરી મેડેથી ઊતરતાં પગથિયું ભૂલવાથી પડી ગયાં. તેને બાપાશ્રીની છબીએ લાંબો હાથ કરીને ઝાલી લીધી. તેણે લાલુભાઈને વાત કરી જે, ‘‘આ મૂર્તિએ લાંબો હાથ કરીને મને ઝાલી લીધી.’’ ॥૧૨૧॥

## પરચો ૧૨૨

ગામ પાટડીમાં મોરબીવાળા શામજીભાઈ માંદા હતા તેમને બાપાશ્રી તેડવા આવતાં ગામ જરવલામાં બાઈ શિવબાને દર્શન આપીને કહ્યું જે, ‘‘અમે શામજીને તેડવા જઈએ છીએ.’’ પછી તેને તેડી ગયા. ॥૧૨૨॥

## પરચો ૧૨૩

એક સમયને વિષે રાત્રિના ૧૨ વાગે ગામ કણભામાં આશાભાઈ તથા તેમના દીકરા ગોવિંદભાઈ સૂતા હતા. તેમને બાપાશ્રીએ દર્શન આપી જગાડ્યા ને કહ્યું જે, ‘‘તમને મારવાને માટે શત્રુ આવે છે, પણ અમે તમારી રક્ષા કરશું; તોપણ તમે સાવધાન રહેજો ને ઊંઘશો નહિ.’’ એમ કહી અદૃશ્ય થઈ ગયા. પછી શત્રુઓ આવી દાંતીઓના ઘા કરવા માંડ્યા, પણ બાપાશ્રીએ એમના ઉપર લોઢાનું પાંજરું કરી દીધું અને વાગવા દીધું નહિ અને એક-બે દાંતીઓ ભાંગી ગઈ. પછી એ લોકોને બહુ મનુષ્યો દેખાડ્યા, તેથી ભય પામી ભાગી ગયા. ॥૧૨૩॥

# સમાપ્ત

# નોંધ



બાપાશ્રીના પ્રાદુર્ભાવ પહેલાં બળદિયા ગામની કાળી તલાવડીના કાંઠા પર દેવબાને શ્રીજીમહારાજ દર્શન આપી વરદાન આપે છે કે, "અમારા અનાદિમુક્ત પણ અમારા જેવા કહેવાય, તે તમારે ત્યાં પ્રગટ થશે અને અસંખ્ય જીવનો ઉદ્ધાર કરશે"

"જ્યાં શ્રીજીમહારાજે માતુશ્રી દેવબાને અમારા પ્રાગટ્યનો વર આપ્યો તે જ ઠેકાણે અમારું જન્મસ્થાન છે, ત્યાં અમે છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવ્યા છે."

- અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



" આ છત્રી તથા આ સ્થાનમાં
જે દેવ તથા મનુષ્યો
દર્શન કરશે અને
ઉપર થઈને પક્ષી ઊડીને જશે
તે સર્વેનો અમે આત્યંતિક
મોક્ષ કરીશું."

- અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા



'અબજીબાપાની વાતો' શબ્દાર્થ સાથે વાંચો મોબાઈલ અને વેબ એપ્લિકેશનમાં

bit.ly/bapanivato  bit.ly/bapanivato_ios  bapanivato.abjibapanichhatedi.org